આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત

# સિદ્ધહેમ શબ્દાનુશાસન

## લઘુવૃત્તિ

ખંડ ૩

અધ્યાય ૮

(પ્રાકૃત વ્યાકરણ)

સંપાદક-અનુવાદક-વિવેચક

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત

# સિદ્ધહેમ શબ્દાનુશાસન

## લઘુવૃત્તિ

## ખંડ ૩

અધ્યાય ૮

(પ્રાકૃત વ્યાકરણ)

સંપાદક-અનુવાદક-વિવેચક
પંડિત બેચરદાસ જીવરાજ દોશી

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# SIDDHAHEMA ŚABDĀNUŚĀSANA

*by*

Acharya Hemachandra

Vol. III : Book 8 ( Prakrit Grammar )

*edited by*

Pandit Bechardas Jivaraj Doshi

: પ્રકાશક :

જે. બી. સેંડિલ

અધ્યક્ષ

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

અમદાવાદ-૩૮૦ ૦૦૬

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮

નકલ : ૧૦૮૦

કિંમત : રૂ. ૨૫=૦૦

Published by the University Book Production Board, Gujarat under the Centrally Sponsored Scheme of Production of and Literature in Regional Languages at the University of the Government of India in the Ministry of Education ocial Welfare (Department of Culture), New Delhi."

: મુદ્રક :

ભીખાલાલ ભાવસાર

વામીનારાયણ મુદ્રણ મંદિર

૨૧, પુરુષોત્તમનગર, નવાવાડજ

અમદાવાદ-૩૮૦૦૧૩

: મુખ્ય વિક્રેતા :

મેસર્સ બાલગોવિંદ બુકસેલર્સ

મોડલ સિનેમા પાસે

બાલાહનુમાન, ગાંધી રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકનું પુરોવચન

ઉચ્ચ કેળવણીનું માધ્યમ માતૃભાષા બને એ માટે યુનિવર્સિટી કક્ષાએ પ્રત્યેક વિદ્યાશાખા માટે વિપુલ ગ્રંથસામગ્રી તૈયાર થવી જોઈએ. એ હેતુથી કેન્દ્રીય સરકારે આર્થિક સહાય આપીને પ્રાદેશિક ભાષાઓમાં યુનિવર્સિટી કક્ષાનાં પુસ્તકો અને સાહિત્ય પ્રકાશિત કરવાની યોજના ઘડી અને તેને સાકાર કરવા માટે ૧૯૭૦માં આ બોર્ડ રચવામાં આવ્યું. કેન્દ્ર સરકાર તરફથી આ કાર્ય માટે મળતાં અનુદાન ઉપરાંત એપ્રિલ ૧, ૧૯૭૬ થી આ યોજનામાં રાજ્ય સરકારે પણ અમુક અનુદાન આપવાનું સ્વીકાર્યું છે.

આ યોજનામાં રાજ્યની યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકો અને અન્ય વિદ્વાનો દ્વારા યુનિવર્સિટી કક્ષાના અભ્યાસક્રમને આવરી લેતાં પાઠ્યપુસ્તકો અને અન્ય સંદર્ભગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે અને એ કાર્ય હજુ વણથંભ્યું ચાલુ જ છે.

આ ગ્રંથનિર્માણ યોજનાના એક ભાગ રૂપે સંસ્કૃત–પ્રાકૃત ભાષાનાં વ્યાકરણ પણ ટીકાટિપ્પણી સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે એટલે આ યોજના હેઠળ આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત '**સિદ્ધહેમ શબ્દાનુશાસન**' પ્રકાશિત કરતા આનંદ અનુભવું છું. એ આનંદમાં ઉમેરો એ વાતે થાય છે કે એનું સંપાદન–અનુવાદન–વિવેચન આ વિષયના જ્ઞાતા અને અનુભવી વિદ્વાન પંડિત બેચરદાસજીએ સ્વીકાર્યું છે.

પુસ્તકમાં પૃષ્ઠ સંખ્યા ઘણી મોટી હોવાથી પુસ્તક વાપરનારની સરળતા ખાતર તેને નીચે પ્રમાણે ત્રણ ખંડમાં પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે :

ખંડ ૧...અધ્યાય ૧ થી ૪

ખંડ ૨...અધ્યાય ૫ થી ૭ તથા ધાતુપાઠ

ખંડ ૩...અધ્યાય ૮ (પ્રાકૃત વ્યાકરણ)

તેનો આ ખંડ ૩ વાચકોને સાદર કરતાં આનંદ થાય છે.

ખંડ ૧ અને ૨ છપાઈ રહ્યા છે ને થોડા વખતમાં પ્રસિદ્ધ થશે — છતાં દરેક ગ્રંથનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગ્રંથ આ વિષયમાં રસ લેતા બધા જ વિદ્યાર્થીઓને, અભ્યાસીઓને વિદ્વાનોને પણ ખૂબ જ ઉપયોગી નીવડે એમ છે. આ બધાનો આવકાર ગ્રંથ પામશે એવી હાર્દિક અપેક્ષા છે.

ાર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,
ાત રાજ્ય, અમદાવાદ-૬.
૧૯૭૮.

જે. બી. સંડિલ
અધ્યક્ષ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે આચાર્ય શ્રીહેમચંદ્રવિરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસન લઘુવૃત્તિ નામના સંસ્કૃત વ્યાકરણ ગ્રંથનું પ્રકાશન કરવાનું સ્વીકાર્યું છે. તેનો આ આઠમો અધ્યાય એક ખંડ રૂપે જુદો પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેનો થોડોઘણો પરિચય આપવો અત્રે અસ્થાને નહિ ગણાય.

મહર્ષિ પાણિનીએ પોતાની અષ્ટાધ્યાયીમાં જેમ સંસ્કૃત ભાષાનું વિશદ વ્યાકરણ નિર્મેલ છે તેમ તે જ મહર્ષિએ પોતાના માનીતા વેદોની ભાષાનું પણ વ્યાકરણ રચેલ જ છે. વેદોની ભાષાનું નામ વૈદિક ભાષા અથવા છન્દસાં ભાષા એટલે છાંદસભાષા છે. તેમ આચાર્ય હેમચન્દ્રના સંમાન્ય જૈન આગમોની ભાષાનું નામ આર્ષપ્રાકૃત ભાષા છે અથવા અર્ધમાગધી પ્રાકૃત ભાષા છે.

જે ગ્રંથોનું નિર્માણ જૈન ઋષિઓએ મગધ–બિહારની લોકભાષામાં કરેલ છે, તે લોકભાષાનું નામ અર્ધમાગધી પ્રાકૃત ભાષા છે. આ પ્રાકૃત ભાષાના મુખ્ય બે પ્રકાર છે: લૌકિક પ્રાકૃત ભાષા અને આર્ષપ્રાકૃત ભાષા. 'ગૌડવહો' 'સેતુબંધ' અને 'કર્પૂરમંજરી' વગેરે ગ્રંથો લૌકિક પ્રાકૃત ભાષામાં છે. અને 'આચાર અંગ' વગેરે મૂળ જૈન આગમ ગ્રંથો તથા બીજા કેટલાક જૈન ગ્રંથો આર્ષપ્રાકૃત ભાષામાં છે.

પ્રસ્તુત અધ્યાયમાં આચાર્ય હેમચંદ્રે अथ प्राकृतम् તથા आर्षम् એવાં પ્રાથમિક સૂત્રોની રચના દ્વારા સમગ્ર પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રચેલ છે. આચાર્ય હેમચંદ્રે એવી જાતનો વિચાર કરેલ છે કે પંડિત લોકો, વિના પ્રયાસે પ્રાકૃત ભાષા જલદી શીખી જાય એ રીતે પોતે આઠમો અધ્યાય સર્જેલ છે, સંસ્કૃત વ્યાકરણની રચના પૂરી થતાં જ એટલે તે વ્યાકરણના સાત અધ્યાયો પૂરા થતાં જ પછી તરત જ આઠમો અધ્યાય રચેલ છે. અને એમ કરીને આચાર્યે એમ સાબિત કરેલ છે કે સંસ્કૃત ભાષા અને પ્રાકૃત ભાષા એ બન્ને વચ્ચે અસાધારણ સમાનતા હોવાથી સંસ્કૃત ભાષાનો જાણકાર ઘણા જ ઓછા પ્રયત્ને પ્રાકૃત ભાષાને શીખી શકે છે. એમ વિચારીને આચાર્યે આઠમા અધ્યાયમાં સંસ્કૃત શબ્દો અને પ્રાકૃત શબ્દો વચ્ચે ક્યાં કેવો ફેરફાર થાય છે અને એવો ફેરફાર સમજવાથી કોઈ પણ જિજ્ઞાસુ પ્રાકૃત ભાષાને સહજમાં જ સમજી શકે એ દૃષ્ટિથી સંસ્કૃતના વ્યાકરણની રચના પૂરી થતાં જ–અનતર–તરત જ–પ્રસ્તુત પ્રાકૃત વ્યાકરણની એટલે આઠમા અધ્યાયની રચના કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમકે સંસ્કૃત ઘટ, પટ, કટ વગેરે શબ્દોના ટનું ડ રૂપે પરિવર્તન કરી દઈએ એટલે એ બધા સંસ્કૃતના શબ્દો પ્રાકૃત ભાષાનું રૂપ ધારણ કરી શકે છે.

આ રીતે આચાર્યશ્રીએ સંસ્કૃતના તમામ શબ્દોને મૂળ પ્રકૃતિરૂપે રાખી તે તમામ શબ્દોમાં કયાં કેવા પ્રકારનું પરિવર્તન કરવું, એ બાબત પ્રસ્તુત આઠમા અધ્યાયરૂપ પ્રાકૃત વ્યાકરણમાં સરળ સંસ્કૃત ભાષા દ્વારા રચેલાં નાનાં નાનાં સૂત્રો અને તેની प्रकाशिका નામની વૃત્તિ દ્વારા સમજાવેલ છે.

મૂળ શબ્દો એટલે ઘટ, પટ, કટ વગેરે શબ્દો કયા ધાતુ દ્વારા અને કયા પ્રત્યય દ્વારા નીપજેલ છે એની ચર્ચા આચાર્યે સપ્તાધ્યાયીરૂપ સંસ્કૃત શબ્દાનુશાસનમાં જ સમજાવેલ છે. એટલે પ્રસ્તુત પ્રાકૃત વ્યાકરણમાં મૂળભૂત કોઈ શબ્દોને સાધવાની ચર્ચા વિશે કશું લખવાની આચાર્યને જરૂર જણાઈ નથી. આચાર્યે સંસ્કૃત ભાષાના વિદ્વાન લોકોને પ્રાકૃત ભાષાનો બોધ સરળતાથી થઈ જાય તે માટે પ્રસ્તુત પ્રાકૃત વ્યાકરણરૂપ આઠમા અધ્યાયની જે રીતે યોજના કરેલ છે તેનો સવિસ્તર પરિચય આ રીતે છે—

શરૂમાં જ આચાર્યે કહ્યું કે अथ प्राकृतम् અર્થાત્ હવે પ્રાકૃત ભાષાના બંધારણ બાબત કહેવાનું છે. અત્યાર સુધી સંસ્કૃત ભાષાના બંધારણ વિશે જે કહેવાનું હતું તે આગળના સાત અધ્યાયોમાં કહી દીધું છે. હવે આઠમો અધ્યાય પ્રાકૃત ભાષાના બંધારણને સમજાવવા શરૂ કરીએ છીએ. અહીં આચાર્યને કોઈ પંડિત એવો પ્રશ્ન પૂછે છે કે સાતમો અધ્યાય પૂરો કર્યા પછી શૌરસેની, માગધી, પૈશાચી કે અપભ્રંશ ભાષામાંની કોઈ એક ભાષાના બંધારણ વિશે ન લખતાં આરંભમાં જ પ્રાકૃત ભાષાના બંધારણ વિશે શા માટે લખો છો ?

આ પ્રશ્નનો ઉત્તર આપતાં આચાર્યશ્રીએ પ્રથમ સૂત્રમાં જ જે જણાવેલ છે તે ખાસ સમજવા જેવું છે—

આચાર્યશ્રી કહે છે કે પ્રાકૃત ભાષાના ત્રણ પ્રકાર છે. એક તો સમસંસ્કૃત, બીજો તદ્ભવ અને ત્રીજો દેશ્ય પ્રાકૃત.

સમસંસ્કૃત એટલે જે પ્રાકૃત ભાષા સંસ્કૃત ભાષાની સાથે બિલકુલ સમાન છે તે સમસંસ્કૃત જેમકે—

संसारदावानलदाहनीरम् । संमोहधूलिहरणे समीरम् ।
मायारसादारणसारसीरं । नमामि वीरं गिरिसारधीरम् ॥

તથા

સમસંસ્કૃત પ્રાકૃત ભાષાને સમજવા સારુ ભટ્ટિકાવ્યમાં પણ 'ભાષા-સંનિવેશ' નામના સર્ગમાં અનેક ઉદાહરણો આપેલાં છે તેમાંનું નમૂનારૂપે એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાહરણ આ નીચે આપેલ છે--

चारुसमीरणरमणे हरिणकलङ्ककिरणावलीसविलासा ।

आबद्धराममोहा वेलमूले विभावरी परिहीणा ।। —ભટ્ટિકાવ્ય ૧૩મો સર્ગ

આ પદ્યોમાં જે જે નામો, વિશેષણો તથા ક્રિયાપદો વપરાયેલ છે તે બધાં જ સંસ્કૃત ભાષાનાં નામો, વિશેષણો તથા ક્રિયાપદો સાથે તદ્દન મળતાં જ છે. એટલે એ બધાંની સાધના આગળના સાત અધ્યાયોમાં આવી ગયેલ છે. તેથી સમસંસ્કૃત પ્રાકૃત ભાષાના બંધારણ વિશે ખાસ કશું જુદું લખવાની જરૂર રહેતી નથી અર્થાત્ સમસંસ્કૃત પ્રાકૃત તથા સંસ્કૃત એ બન્ને એકસરખાં જ છે.

પ્રાકૃતના બીજા પ્રકારનું નામ તદ્ભવ છે. તદ્ભવ એટલે तस्मात् भवम् અથાત્ તેનાથી થયેલું અથવા तस्मिन् भवम् એટલે તેમાં થયેલ.

તદ્ભવ નામના આદિનો 'તદ્' શબ્દ આગળ કહેલી હકીકતનો પરામર્શક છે. પ્રસ્તુત આઠમા અધ્યાયની પહેલાં એટલે પૂર્વે—આગળ—સંસ્કૃત ભાષાની વાત કરેલ છે. એટલે 'તદ્ભવ'નો 'તદ્' શબ્દ અહીં સંસ્કૃત ભાષાનું સ્મરણ કરાવે છે. એથી તદ્ભવ એટલે સંસ્કૃતભવ અર્થાત્ સંસ્કૃત શબ્દોમાં થોડો ઘણો ફેરફાર કરીને જેને સમજાવાય અથવા સંસ્કૃત શબ્દોમાં સમૂળગો ફેરફાર કરીને જેને સમજાવાય તેનું નામ તદ્ભવ.

આચાર્ય હેમચંદ્રે પ્રાકૃતભાષાને સહેલાઈથી સમજાવવા માટે આ 'તદ્ભવ' જાતની સાધનાનો આધાર લીધેલ છે. સંસ્કૃત ભાષાના પંડિતો જે રીતે પ્રાકૃત ભાષાને શીઘ્ર સમજી શકે અને વિદ્યાર્થીઓ પણ પ્રાકૃત ભાષાને જે રીતે શીઘ્ર શીખી શકે એવી રીતે તેનાં તમામ રૂપોની સાધના સરળ બતાવેલ છે જેમકે; घट, पट, कट, शोभा, स्तुति चक्र, यक्ष, उष्ट्र, त्याग વગેરે--શબ્દોનું પ્રાકૃતીકરણ નીચે પ્રમાણે સમજવાનું છે :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સંસ્કૃતના | ट ને | બદલે પ્રાકૃતમાં | ड—घट નું घड, पट નું पड, कट નું कड વગેરે |
| ૨ | ,, | श ને | ,, ,, | स—शोभा નું सोहा |
| ૩ | ,, | भ ને | ,, ,, | ह—शोभा નું सोहा |
| ૪ | ,, | स्त ને | ,, ,, | थ—स्तुति નું थुति |
| ૫ | ,, | क ને | ,, ,, | क—चक्र નું चक—चक्क |
| ૬ | ,, | य ને | ,, ,, | ज—यक्ष નું जक्ख—जक्ख |
| ૭ | ,, | क्ष ને | ,, ,, | ख—यक्ष નું जक्ख ,, |
| ૮ | ,, | ष्ट्र ને | ,, ,, | ट—उष्ट्र નું उट—उट्ट |
| ૯ | ,, | त्य ને | ,, ,, | च—त्याग નું चाग કે चाय |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્થળે સંસ્કૃતમાંથી પ્રાકૃતરૂપે થયેલાં થોડાંક જ ઉદાહરણો બતાવેલાં આ સંબંધે વિશેષ જાણવાની ઈચ્છાવાળાને આઠમા અધ્યાયના શરૂઆતના પાદોનાં તમામ સૂત્રોને ધ્યાનપૂર્વક જોઈ જવા ભલામણ છે.

પ્રાકૃતના ત્રીજા પ્રકારનું નામ દેશ્યપ્રાકૃત છે.

આ પ્રાકૃત આપણા દેશમાં ઘણું જ જૂનું છે. તે એટલું બધું જૂનું છે ાચાર્ય હેમચંદ્રની દૃષ્ટિએ તો દેશ્ય શબ્દોનું વ્યાકરણ લખી શકાય તેમ .. જે શબ્દોનું પૃથક્કરણ થઈ શકે એટલે જે નામોમાં તેમની મૂળપ્રકૃતિ કેટલી ? તે પ્રકૃતિને લાગેલ પ્રત્યયભાગ કેટલો ? એવું સમજી શકાય કે બીજાને સમજાવી ય એવી જે ભાષામાં યોજના જણાય તે ભાષાનું જ વ્યાકરણ રચી શકાય. પ્રાકૃતમાં એવી યોજના જાણી શકાતી નથી એવી આચાર્યશ્રીની કલ્પના છે. જ પૂર્વસૂરિઓમાંના કોઈ સૂરિએ દેશ્ય પ્રાકૃત શબ્દોમાં મૂળભાગ કેટલો અને યભાગ કેટલો ? એવું સ્પષ્ટીકરણ કોઈ સ્થાને દર્શાવેલ નથી તેથી દેશ્ય પ્રાકૃતના જે શબ્દો તેમને મળ્યા તેમનો તેઓએ માત્ર સંચય જ કરેલ છે. એટલે તેમનો બનાવીને તેમને સાચવવાની યુક્તિ બતાવેલ છે. એથી આચાર્યશ્રી કહે છે શ્ય પ્રાકૃત ભાષા વિશે અમે પણ પૂર્વસૂરિઓના પગલે ચાલીને તે તે દેશ્ય દોનો સંગ્રહરૂપ કોશ કરી સંતોષ માનેલ છે. પણ કોઈ પ્રાચીન પુરુષે દેશ્ય તનુ વ્યાકરણ રચવાનું સાહસ કરેલ નથી. એટલે અમે પણ દેશ્ય પ્રાકૃત દોનો '**દેશી શબ્દસંગ્રહ**' નામે એક સ્વતંત્ર કોષ જ કરી રાખેલ છે અને ક્ત રીતે દેશ્ય પ્રાકૃતનું વ્યાકરણ કરવાનો અણખેડેલ માર્ગ સ્વીકારેલ નથી. અમે પ્રાકૃત ભાષાના જે જે શબ્દો એટલે જે જે નામો તથા ક્રિયાપદો, યયો, વિશેષણો વગેરે સંસ્કૃત ભાષાનાં નામો વગેરે સાથે સોળે સોળ આના બાં જણાતાં ન હોય પણ કેટલેક અંશે સરખા કળી શકાતાં હોય અને કેટલેક ો ઉચ્ચારણની અપેક્ષાએ જુદાં પડતાં હોય તેવા એક મોટા શબ્દસમૂહને નમાં રાખીને પ્રસ્તુત આઠમો અધ્યાય રચેલ છે. એટલે તેવા શબ્દસમૂહને ય રાખીને તે શબ્દોની સાધનાની પ્રક્રિયા બતાવવા આ આઠમા અધ્યાય દ્વારા ' સૂરિઓને પગલે ચાલીને ઉદ્યમ કરેલ છે, જેમકે—

कल्लाणकंदं पढमं जिणिंदं संतिं तओ नेमिजिणं मुणिंदं ।
पासं पयासं सुगुणिक्कठाणं, भत्तीइ वंदे सिरीवद्धमाणं ।

આ પદ્યમાં આવેલા બધા જ શબ્દો સંસ્કૃત ભાષાના શબ્દો સાથે કેટલેક શે મળતા આવે છે અને કેટલેક અંશે ઉચ્ચારણમાં જુદા પણ પડે છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નીચે બતાવેલ છે :

| प्राकृत शब्दो | संस्कृत शब्दो | प्राकृत शब्दो | संस्कृत शब्दो |
|---|---|---|---|
| कल्लाण | कल्याण | पासं | पार्श्वम् |
| कंदं | कन्दम् | पयासम् | प्रकाशम् |
| पढमं | प्रथमम् | सु | सु |
| जिणिंदं | जिनेन्द्रम् | गुणिक्क | गुणैक |
| संतिं | शान्तिम् | ठाणं | स्थानम् |
| तओ | ततः | भत्तीइ | भक्त्या |
| नेमि | नेमि | वंदे | वन्दे |
| जिणं | जिनम् | सिरी | श्री |
| मुणिंदं | मुनीन्द्रम् | वद्धमाणं | वर्धमानम् |

ઉપર આપેલા પ્રાકૃત શબ્દોને અને સંસ્કૃત શબ્દોને ધ્યાનપૂર્વક વાંચવાથી સ્પષ્ટ માલૂમ પડી આવે છે કે એ શબ્દો એકબીજા સાથે કેટલા બધા સરખા છે અને અમુક અપેક્ષાએ એકબીજાથી જુદા જુદા પણ છે એ બાબત જણાયા વિના રહેતી નથી.

આચાર્ય હેમચંદ્રે સંસ્કૃત શબ્દો તથા પ્રાકૃત શબ્દો એ બે વચ્ચે જ્યાં જ્યાં જુદાઈ દેખાય છે તે સમજાવવા અને સંસ્કૃત ભાષા તથા પ્રાકૃત ભાષા એ બન્ને વચ્ચે સમાનતા પણ છે એ સમજાવવા સંસ્કૃત ભાષા વિશે સાત અધ્યાયો બનાવ્યા પછી તરત જ પ્રાકૃત ભાષા વિશે આઠમો અધ્યાય લખેલો છે.

આઠમા અધ્યાયમાં શરૂઆતના બે પાદોમાં માત્ર પ્રાકૃત ભાષાના પ્રયોગોની સાધના બતાવેલ છે. પહેલા પાદની શરૂઆત કરતાં થોડુંક સંધિ વિશે લખેલું છે. પ્રાકૃતના આચાર્યના કહેવા પ્રમાણે માત્ર જુદાં જુદાં બે પદોમાં જ સંધિ થાય છે. કોઈ પણ ઠેકાણે એક પદમાં સંધિ થઈ શકતી નથી. સંધિ વિશે કહ્યા પછી શબ્દના અંત્ય વ્યંજનનો લોપ કરવા બાબત ૮।૧।૧૦થી ૮।૧।૧૪ સુધીના સૂત્રોમાં વિધાન છે. ૮।૧।૧૫થી નારીજાતિના વ્યંજનાંત શબ્દો વિશે અંત્ય વ્યંજનના ફેરફારનું વિધાન ૮।૧।૧૭ સુધી છે. અને ૧૮મા સૂત્રથી ૨૫મા સૂત્ર સુધી અમુક અમુક શબ્દોનાં અંત્ય વ્યંજનના પરિવર્તનનું વિધાન છે. આ વિધાનમાં અનુસ્વારનું વિધાન પણ આવે છે. અને ૮।૧।૨૬ મા સૂત્રમાં કેટલાક શબ્દોમાં અનુસ્વાર ઉમેરાઈ જાય છે તેવું વિધાન છે. ૮।૧।૨૭ મા સૂત્ર પછી ૮।૧।૨૯ મા સૂત્રમાં અનુસ્વારના લોપનું વિધાન છે તથા ત્રીશમા સૂત્રમાં અનુસ્વાર પછી વર્ગીય અક્ષર આવેલ હોય તો વર્ગીય અક્ષર સાથે મળતો આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો અનુસ્વારનો વર્ગીય અંત્ય વ્યંજન થાય છે તેમ જણાવેલ છે. ૮।૧।૩૧ થી ૩૬ મા સુધીનાં સૂત્રોમાં કેટલાક શબ્દોના લિંગોનું વિધાન છે જે સંસ્કૃત ભાષા કરતાં જુદી રીતે છે. તથા ઉક્ત વિધાન પછી વિસર્ગનો ફેરફાર તથા સ્વરનો લોપ અને अपि તથા इति અવ્યયોનું પ્રાકૃતીકરણ કરવાનું સૂચન છે, આ પછી ૪૩ મા સૂત્રમાં અમુક સંયુક્ત અક્ષરોનો લોપ થયા પછી પૂર્વના સ્વરને દીર્ઘ કરવાની પ્રક્રિયા બતાવેલ છે.

આ પછી ૮।૧।૪૪ મા સૂત્રથી ૮।૧।૬૬ મા સૂત્ર સુધી સંસ્કૃત શબ્દમાં આવેલ અકારનાં જુદાં જુદાં પરિવર્તન બાબત સૂચન આવે છે. હવે ૮।૧।૬૭ મા સૂત્રથી ૮।૧।૮૩ સુધીના સૂત્રોમાં સંસ્કૃત શબ્દમાં રહેલા આકારનાં પ્રાકૃતમાં જે જુદાં જુદાં પરિવર્તનો થાય છે તે સૂચવેલ છે. ત્યાર પછી ૮૪મા સૂત્રમાં સંયુક્ત અક્ષરની પૂર્વના દીર્ઘ સ્વરનો હ્રસ્વ સ્વર કરવાનું સૂચવેલ છે.

હવે ૮।૧।૮૫ મા સૂત્રથી ૮।૧।૧૦૬ મા સૂત્ર સુધી શબ્દમાં રહેલા હ્રસ્વ इकार અને દીર્ઘ ईकारનાં પ્રાકૃતમાં ભિન્ન ભિન્ન પરિવર્તન કરવાનું કહેલ છે. હવે ૮।૧।૧૦૭ થી ૮।૧।૧૨૫ મા સૂત્ર સુધી હ્રસ્વ उकारનાં અને દીર્ઘ ऊकारનાં પ્રાકૃતમાં થતાં જુદાં જુદાં પરિવર્તનો બતાવેલાં છે. હવે ૮।૧।૧૨૬ મા સૂત્રથી ૮।૧।૧૪૪ મા સૂત્ર સુધી ऋकार નું તથા ऋकार વાળા આખા વર્ણનું પરિવર્તન બતાવેલ છે ત્યાર પછી માત્ર એક ૧૪૫ મા સૂત્રમાં ऌનો ફેરફાર બતાવેલ છે. આ પછી ૮।૧।૧૪૬ તથા ૮।૧।૧૪૭ મા સૂત્રમાં एकारનો ફેરફાર બતાવેલ છે. અને પછી ૮।૧।૧૪૮ થી ૧૫૫ સુધી ऐकार ના જુદાં જુદાં પરિવર્તનનું વિધાન છે. હવે પછી ૮।૧।૧૫૬ થી ૧૫૮ સુધી ओकार ના પરિવર્તનનું વિધાન છે. તથા ૮।૧।૧૫૯ થી ૮।૧।૧૬૪ સુધી औकार ના જુદા જુદા ફેરફારનું વિધાન છે. ત્યારબાદ ૮।૧।૧૬૫ થી ૧૭૫ સુધી શબ્દમાં આવેલા સ્વરને સ્થાને પછીના સ્વર સહિત વ્યંજનના આદેશો બતાવેલ છે. આ રીતે આઠમા અધ્યાયના પહેલા પાદનાં ૧૭૫ સૂત્રો સુધી સ્વરના અનુક્રમે જે ફેરફારો થાય છે તે બધા ફેરફારો આચાર્યશ્રીએ બરાબર અનુક્રમથી બતાવેલ છે.

હવે પછી ૮।૧।૧૭૬ મું સૂત્ર આ પાદના અંત સુધી અધિકારરૂપ સૂચવેલ છે. અને ૧૭૭ મા સૂત્રથી આ પાદના અંત સુધી શબ્દમાં રહેલા અસંયુક્ત વ્યંજનના ફેરફારો નોંધેલા છે. આ ફેરફારો આચાર્યે વ્યંજનના અનુક્રમ પ્રમાણે દર્શાવેલ છે. પહેલો ફેરફાર ૧૭૭ મા સૂત્રમાં क, ग, च, ज, त, द, प, य, वના લોપનો બતાવેલ છે. ૧૭૮ મા સૂત્રમાં म નો અનુનાસિક કરવાની વાત કેટલાક શબ્દો વિશે કહી છે. પછી ૧૭૯ સૂત્રમાં अवर्ण પછી આવેલા प નો લોપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાનો નથી એમ સૂચવ્યું છે. અને ૧૭૭ મા સૂત્રથી લોપ થયા બાદ બાકી રહેલા अवर्ण નો य કરવાની વાત ૧૮૦ મા સૂત્રમાં કહેલી છે. હવે પછી ૧૮૧ થી ૧૮૬ સુધીના સૂત્રોમાં શબ્દની આદિમાં આવેલા અથવા શબ્દની અંદર આવેલા 'क'નું પરિવર્તન બતાવીને ૧૮૭મા સૂત્રમાં ख, घ, थ, ध તથા भ નું 'ह'કારરૂપે પરિવર્તન જણાવેલ છે. તથા ૧૮૮ થી ૧૯૨ સુધી ककारनो, खकारनो, गकारनो, चकारनो અને जकारनो તથા थकारनो ફેરફાર ૧૯૪મા સૂત્ર સુધી બતાવેલ છે. ૧૯૫મા સૂત્રથી ૧૯૮મા સૂત્ર સુધી દનું પરિવર્તન, પછી ૧૯૯ થી ૨૦૧ સુધી ઠનો ફેરફાર બતાવેલ છે. આ પછી ૨૦૨ સૂત્રથી ૨૪૪ સૂત્ર સુધી ड નું, ण નું, तनुं, थनुं, दनुं, धनुं, ननुं, पनुं, फनुं, बनुं, भनुं, मनुं અનુક્રમે પરિવર્તન બતાવેલ છે. ત્યારબાદ ૨૪૫મા સૂત્રથી यनुं, रनुं, लनुं, वनुं, शनुं, षनुं, सनुं, हनुं પરિવર્તન બતાવેલ છે. તથા આ પછી ૨૬૮ થી ૨૭૧ સૂત્ર સુધી શબ્દની અંદરના સ્વરસહિત વ્યંજનનો ફેરફાર બતાવેલ છે. આ રીતે આઠમા અધ્યાયનું પ્રથમ પાદ પૂરું થાય છે. આ પાદના કુલ સૂત્રો ૨૭૧ છે. અને આ પાદમાં વિશેષે કરીને અસંયુક્ત વ્યંજનના ફેરફારનુ જ વિધાન છે.

આઠમા અધ્યાયના બીજા પાદની શરૂઆતથી જે જે વિધાનો કરેલાં છે તે તમામ વિધાનો સંયુક્ત અક્ષરને લાગુ પડે છે. અને આવી પ્રક્રિયા આ બીજા પાદમાં ૨૧૫ સૂત્ર સુધી સમજવાની છે. તેથી આગળ નહીં. સંયુક્ત અક્ષરને બદલે જે જે પરિવર્તનરૂપ વ્યંજનો આવે છે તેમાં પણ આચાર્યે બરાબર ક્રમ જાળવેલો છે. સંયુક્ત અક્ષરને બદલે સૌથી પહેલું વિધાન क નું છે. બીજું વિધાન खनुं છે. પછી गनुं વિધાન છે. અને ૧૧મા સૂત્રમાં ङ्ग નું વિધાન છે. ત્યારબાદ ૧૨ મા સૂત્રથી ૧૪ મા સૂત્ર સુધી चनुं વિધાન છે. એ પછી ૧૫ મા સૂત્રથી च, छ, ज, झनां વિધાનો છે. વચ્ચે ૧૬મા સૂત્રમાં श्चिने બદલે ञ्चुनुं વિધાન પણ કરેલું છે. छनुं વિધાન ૨૩ મા સૂત્ર સુધી ચાલે છે. ૨૪મા સૂત્રથી जनुं તથા ज्ञ અને ज्ञानुं વિધાન ૨૮ મા સૂત્ર સુધી ચાલે છે. ૨૯ મા સૂત્રથી ૩૦ મા સૂત્ર સુધી टनुं વિધાન છે. ૩૧ મા સૂત્રમાં ण्टनुं વિધાન છે. પછી ૩૨ થી માંડીને ૩૪ સુધી સંયુક્ત અક્ષરને બદલે ઠનું વિધાન છે. ૩૫મા સૂત્રથી डनुं તથા ण्डनुं તથા ढनुं વિધાન છે આ ढनु વિધાન ૪૧મા સૂત્ર સુધી ચાલે છે. પછી ૪૨ મા અને ૪૩ મા સૂત્રમાં સંયુક્ત અક્ષરને બદલે णनुं વિધાન છે. ૪૪મા સૂત્રમાં न्यने બદલે न्तनुं વિધાન છે. ૪૫ મા સૂત્રથી थनुं, धनुं તથા न्धनुं વિધાન ૫૦મા સૂત્રમાં છે. ત્યાર બાદ સંયુક્ત વ્યંજનને બદલે पनुं, फनुं, म्बनुं, मनुं, म्मनुं વિધાન બરાબર ક્રમપૂર્વક ૬૦મા સૂત્ર સુધીમાં કરેલ છે. ત્યારબાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૧મા તથા ૬૨મા સૂત્રમાં સંયુક્ત અક્ષરને બદલે મનુ વિધાન છે. ૬૩મા સૂત્રથી ર્યને બદલે રનુ વિધાન છે. આ સાથે અમુક શબ્દના ર્યને બદલે રિઅ, अर, रिज्ज, रीअનાં વિધાનો પણ કરેલાં છે. આ પછી ૬૮મા સૂત્રમાં ह्लનું વિધાન છે. ૬૯મા સૂત્રમાં સનુ અને પછી ૭૦, ૭૧ અને ૭૨ મા સૂત્રમાં તથા ૭૩મા સૂત્રમાં સંયુક્ત અક્ષરને બદલે હનુ વિધાન છે. આ બધા વિધાનો અમુક અમુક શબ્દમાં રહેલા સંયુક્ત અક્ષરને બદલે સમજવાનાં છે. ઉપર કહેલું કોઈ પણ વિધાન કોઈ પણ ગમે તે સંયુક્ત અક્ષરને બદલે સમજવાનું નથી, પણ સૂત્રમાં આચાર્યશ્રીએ જે જે સંયુક્ત અક્ષર બતાવેલ છે તેને સ્થાને જ સમજવાનું છે. આ પછી ૭૪મા સૂત્રમાં म्हનું વિધાન, ૭૫મા સૂત્રમાં ण्हનુ વિધાન અને ૭૬ મા સૂત્રમાં ल्हનુ વિધાન કરેલું છે. જોકે આચાર્યે अथ प्राकृतम् એ પહેલા સૂત્રમાં જ એમ જણાવેલ છે કે પ્રાકૃત ભાષામાં 'अस्वरं व्यञ्जनम्' એટલે સ્વર વગરના વ્યંજનનો પ્રયોગ પ્રાકૃતમાં થતો નથી તોપણ ૭૪, ૭૫, ૭૬મા સૂત્રમાં अस्वर વ્યંજનના પ્રયોગનું વિધાન છે. જોકે પ્રાકૃત ભાષામાં चक्क, किच्च, वग्ग, नच्च ઇત્યાદિ શબ્દોમાં અસ્વર વ્યંજનનો પ્રયોગ થયેલો છે અને તેને સંમત ગણવામાં આવેલ છે. કારણ કે એ વ્યંજનો પરસ્પર સજાતીય છે: પણ ૭૪, ૭૫ અને ૭૬મા સૂત્રમાં તો પરસ્પર વિજાતીય વ્યંજનના સંયોગને પણ આચાર્યશ્રીએ સંમત માનેલો છે. આ ઉપરથી એમ માલૂમ પડે છે કે કેટલાક શબ્દોમાં આચાર્યે પરસ્પર વિજાતીય વ્યંજનના સંયોગને પણ સ્વીકારેલ છે અને સંગત માનેલ છે. આ પછી ૭૭ મા સૂત્રથી ૮૮ મા સૂત્ર સુધી કોઈ શબ્દમાં આગળ આવેલા સંયુક્ત વ્યંજનનો લોપ બતાવેલ છે. તથા કોઈ શબ્દમાં પાછળ આવેલા સંયુક્ત વ્યંજનનો લોપ બતાવેલ છે. કોઈ શબ્દમાં આગળ કે પાછળ આવેલા બન્ને જાતના સંયુક્ત વ્યંજનનો લોપ બતાવેલ છે. કોઈક શબ્દમાં એવો લોપ વિકલ્પે બતાવેલ છે. કોઈ શબ્દમાં આદિના અથવા અંદરના સંયુક્ત વ્યંજનનો પણ લોપ બતાવેલ છે. धात्री શબ્દને બદલે धत्ती, धाई, धारी એમ ત્રણ રૂપોને સંમત માનેલ છે. तीक्ष्ण શબ્દના तिक्ख અને तिण्ह એમ બે રૂપો બતાવેલાં છે. ભાષામાં તે બન્ને રૂપોને બદલે 'તીખું' અને 'તીણું' રૂપો પ્રચલિત છે. ज्ञ ને બદલે ज અને ण બન્ને વપરાય છે. આ પછી ૮૯મા સૂત્રમાં દ્વિર્ભાવનું વિધાન છે. દ્વિર્ભાવમાં જ્યાં બે ख હોય ત્યાં क्खનુ વિધાન છે અર્થાત્ જ્યાં વર્ગના બીજા અક્ષરનો દ્વિર્ભાવ થતો હોય ત્યાં વર્ગનો પહેલો અને બીજો અક્ષર મૂકવાનો છે. અને જ્યાં વર્ગનો ચોથો અક્ષર બેવડાયેલો હોય ત્યાં વર્ગનો ત્રીજો અને ચોથો એમ સંયુક્ત વ્યંજન મૂકવાનો છે. જેમકે—खख ને બદલે क्ख સમજવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा निम्भर ने બદલે निब्भर સમજવાનું છે. ૯૨ મા સૂત્રમાં દીર્ઘ પછી આવેલો અને અનુસ્વાર પછી આવેલો કોઈ પણ વ્યંજન બેવડાતો નથી અને કોઈ પણ શબ્દમાં આવેલાં रकार નો અને हकारનો દ્વિર્ભાવ થતો જ નથી. ઉચ્ચારણની અપેક્ષાએ એમ સ્પષ્ટ અનુભવાય છે કે દીર્ઘ પછી કે અનુસ્વાર પછી આવેલ ડબલ વ્યંજનનું ઉચ્ચારણ જ થઈ જ શકતું નથી તથા બેવડાયેલ र કારનું તથા ह કારનુ પણ ઉચ્ચારણ જ થઈ શકતું નથી એટલે વ્યાકરણનો વિધાતા હમેશાં ભાષાના બંધારણને જ અનુસરે છે એ હકીકત અહીં સ્પષ્ટ થાય છે. આ પછી ૯૩, ૯૪, ૯૫ અને ૯૬ સૂત્રમાં પ્રાપ્ત દ્વિર્ભાવનો પણ નિષેધ કરેલ છે. અને ૯૭, ૯૮, ૯૯ મા સૂત્રમાં પ્રાપ્ત દ્વિર્ભાવનાં વિકલ્પે વિધાન છે. આ પછી ૧૦૦મા સૂત્રથી માંડીને ૧૧૫મા સૂત્ર સુધી અમુક અમુક શબ્દોના સંયુક્ત વ્યંજનમાં સ્વરને ઉમેરવાના વિધાનો છે. આ પછી ૧૧૬ મા સૂત્રથી લઈને ૧૨૪ મા સૂત્ર સુધી અક્ષરોને ઊલટાસૂલટા કરવાનાં સૂચનો છે. જેમકે हरितालने બદલે हलिआर તથા हरिआल સૂત્ર ૧૨૧મું. તથા ૧૨૨મા સૂત્રથી ૧૨૪મા સૂત્ર સુધી અનુક્રમે लघुकने બદલે हलुअ તથા लहुअ તથા ललाटने બદલે णडाल અને णलाड આ પ્રકારે અનેક શબ્દોમાં વ્યંજનોની ઊલટાસૂલટી કરવાની બતાવેલી છે.

૧૨૫મા સૂત્રથી ૧૪૪ના સૂત્ર સુધી અમુક અમુક સંસ્કૃત શબ્દોનાં આદેશો કરીને તેમનું પ્રાકૃતીકરણ બતાવેલું છે.

આ પછી ૧૪૫ અને ૧૪૬ મા સૂત્રમાં કૃદન્તના પ્રત્યયની વાત છે.

આ પછી ૧૪૭ થી માંડીને ૧૭૪ સૂત્ર સુધી જુદા જુદા શબ્દોનું પ્રાકૃતીકરણ કરવા માટે જુદા જુદા આદેશો બતાવેલ છે.

આ સાથે ૧૭૪ મા સૂત્રમાં ભલામણ કરી છે કે कृष्ट, घृष्ट, वाक्य, विद्वस्, वाचस्पति, विष्टरश्रवस्, प्रचेतस्, प्रोक्त, प्रोत આ બધા શબ્દોમાં વ્યંજનોનું પરિવર્તન કરીને તેમનું પ્રાકૃતીકરણ ન કરવું તથા अग्निचित् सोमसुत् सुरल सुम्ल આ બધા શબ્દોમાં પણ પ્રાકૃત વ્યાકરણના નિયમો લગાડીને તેમનું પ્રાકૃતીકરણ ન કરવું પણ એ શબ્દોને બદલે તેમના સમાનાર્થ શબ્દો પ્રાકૃત ભાષામાં વાપરવા. કારણ કે એ શબ્દોનું પ્રાકૃતીકરણ કરવાથી બરાબર અર્થ સ્પષ્ટ થઈ શકશે નહીં. જેમકે कृष्ट ને બદલે कट्ठ કરતાં જતાં कट्ठ એટલે કષ્ટ અથવા कट्ठ એટલે કાષ્ઠ અને कट्ठ એટલે कृष्ट તેમાંથી શું સમજવું તે સમજાશે નહીં. काय શબ્દ ઉપરથી શરીરવાચક काय પણ સમજાય અને काच પણ સમજાય અને काक પણ સમજાય. આ રીતે જે એક શબ્દમાંથી સંસ્કૃતમાં અનેક શબ્દો ઉપજાવી શકાય તેવા શબ્દોનો પ્રયોગ પ્રાચીન પંડિતોએ કરેલ નથી. માટે આપણે નહિ કરવો એમ આચાર્યે સ્પષ્ટ કહેલું છે. ૧૭૪ મા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રમાં આચાર્યશ્રી જણાવે છે કે आहित्थ. लल्लक्क, विड्डिर, पच्चड्डिअ, उप्पेहड, मडप्फर, पड्डिच्छिर, अट्टमट्ट, विहडप्फड उज्जल्ल, हल्लप्फल આ બધા શબ્દોનું વ્યાકરણ થઈ શકતું નથી. તેથી આ શબ્દો મહારાષ્ટ્ર તથા વિદર્ભ વગેરે દેશોમાં પ્રસિદ્ધ છે એટલે તેમના અર્થો તે તે દેશના લોકો પાસેથી જાણી લેવા.

પ્રસ્તુત ૧૭૪ મા સૂત્રમાં બીજા આવા ઘણા વિલક્ષણ શબ્દો નોંધેલા છે. આ પછી ૧૭૫ મા સૂત્રથી આ પાદના અંત સુધી એટલે ૨૧૮ મા સૂત્ર સુધી અનેક અવ્યયોને તેમના અર્થ સાથે સૂચવેલાં છે અને આ સાથે બીજું પાદ પૂરું થાય છે.

હવે ત્રીજા પાદમાં ત્રણેય લિંગના अकारान्त, आकारान्त, ह्रस्व इकारान्त दीर्घ ईकारान्त, ह्रस्व उकारान्त, दीर्घ ऊकारांत ह्रस्व ऋकारांत, एकारांत, ओकारान्त વગેરે નામોનાં રૂપોની સાધના બતાવેલી છે. જ્યાં જ્યાં નામને લાગતા પ્રત્યયો સંસ્કૃતથી જુદા છે તે પણ બધે બતાવેલા છે. राजन् શબ્દ સિવાય અને आत्मन् શબ્દ સિવાય બીજા કોઈપણ વ્યંજનાન્ત શબ્દોનાં રૂપો આ પાદમાં બતાવેલ નથી. ત્રીજા પાદના ૫૮ મા સૂત્રથી सर्वादि શબ્દોનાં રૂપો ૮૯ મા સૂત્ર સુધી બતાવેલાં છે. ત્યાર બાદ ૯૦મા સૂત્રથી ૧૦૪ સૂત્ર સુધી युष्मद् શબ્દનાં તમામ વિભક્તિઓનાં અનેક—અનેક રૂપો બતાવેલાં છે. ૧૦૫ થી ૧૧૭ સૂત્ર સુધી अस्मद् શબ્દનાં તમામ વિભક્તિનાં અનેક અનેક રૂપો બતાવેલ છે.

ત્રીજા પાદમાં ૧૧૮ મા સૂત્રથી ૧૨૨મા સૂત્ર સુધી સંખ્યાવાચક त्रि, द्वि અને चतुर શબ્દોનાં અમુક અમુક રૂપોની સાધના કરી બતાવેલ છે અને ૧૨૩ મું સૂત્ર સામાન્ય સંખ્યાવાચક શબ્દને લાગુ પડે છે. ૧૨૪મા સૂત્રમાં એમ જણાવેલ છે કે નામોનાં રૂપો વિશે જે કાંઈ કહેવાનું બાકી રહી ગયુ હોય તે બધું ગમે તે સ્વરાંત નામો માટે અકારાન્ત નામોનાં રૂપોની સાધના પ્રમાણે સમજી લેવાનું છે. ત્રીજા પાદના ૧૨૫ મા સૂત્રથી ૧૨૯મા સૂત્ર સુધી નામોને લગતા પ્રત્યયો સંબંધી આદેશો વિશે ખાસ સૂચન કરેલું છે. આ પછી ૧૩૦મા સૂત્રમાં પ્રાકૃતમાં દ્વિવચનને બદલે બહુવચન વાપરવાનું વિધાન કર્યા પછી ૧૩૧થી માંડીને ૧૩૭મા સૂત્ર સુધી વિભક્તિઓના ફેરફારો વિશે તથા દ્વિતીયા વગેરે વિભક્તિઓને બદલે ષષ્ઠી, સપ્તમી, દ્વિતીયા વગેરે વિભક્તિઓ વપરાય છે એવું વિધાન ઉદાહરણ સાથે સમજાવેલું છે. ૧૩૭મા સૂત્ર સુધી નામનાં રૂપોને લગતાં વિધાનો પૂરાં થાય છે, અને ૧૩૮ થી ૧૮૨મા સૂત્ર સુધી પ્રાકૃતનાં વપરાતા નામધાતુ તથા પ્રાકૃતમાં વપરાતાં ક્રિયાપદને લગતા ત્રણે પુરુષના એકવચન અને બહુવચનના પ્રત્યયોની ચર્ચા કરેલી છે. તથા આ વિધાનની વચ્ચે પ્રેરક ક્રિયાપદોની તથા ભાવેપ્રયોગ અને કર્મણિપ્રયોગના ભૂતકૃદન્તની પણ ચર્ચા આવે છે. સ્વરાંત ધાતુને લાગતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂતકાળના પ્રત્યય તથા વ્યંજનાંત ધાતુને લાગતા ભૂતકાળના પ્રત્યયનું નિરૂપણ છે. આ જ પાદમાં સપ્તમી એટલે વિધ્યર્થ પ્રત્યયોની તથા આજ્ઞાર્થ પ્રત્યયોની તથા ભવિષ્યકાળના પ્રત્યયોની પણ ચર્ચા છે. તથા ક્રિયાપદના પ્રત્યયોને લીધે ધાતુમાં થતા ફેરફારોની પણ ચર્ચા છે. ૧૭૯ તથા ૧૮૦મા સૂત્રમાં ક્રિયાતિપત્તિનાં રૂપોની હકીકત આપેલ છે અને ૧૮૧ મા સૂત્રમાં સંસ્કૃતમાં વપરાતા શતૃ અને આનશ્ પ્રત્યયોના આદેશનું વિધાન છે અને છેલ્લા ૧૮૨ મા સૂત્રમાં નારીજાતિમાં વપરાતા શતૃ અને આનશ્ પ્રત્યયના ત્રણ આદેશનું વિધાન છે. આ રીતે આ ત્રીજા પાદમાં નામનાં રૂપોની તથા ધાતુનાં રૂપોની ચર્ચા કરી આચાર્યશ્રીએ આ પાદ પૂરું કરેલ છે.

હવે અહીં છેલ્લે આઠમા અધ્યાયના ચોથા પાદનો સવિસ્તર પરિચય આપવાનો છે. આગળના ત્રણ પાદો કરતાં આ પાદ મહત્તમ છે. આ પાદનાં બધાં મળીને શરૂઆતથી અંત સુધીમાં ૪૪૮ સૂત્રો છે. એમાં ૨૫૯ સૂત્રો તો કેવળ ધાતુઓના આદેશો માટે તથા ધાતુઓ સંબંધી પરિવર્તન માટે રોકાયેલાં છે.

સૂત્ર ૨૬૦ થી ૨૮૬માં શૌરસેની ભાષાનું વ્યાકરણ સમજાવેલ છે. ૨૮૭ સૂત્રથી ૩૦૨ સૂત્રોમાં માગધી ભાષાનું વ્યાકરણ, ૩૦૩ સૂત્રથી ૩૨૪ સૂત્ર સુધી પૈશાચી ભાષાનું વ્યાકરણ તથા ૩૨૫ સૂત્રથી ૩૨૮ સૂત્ર સુધી ચૂલિકાપૈશાચી ભાષાનું અને છેક છેલ્લે ૩૨૯ સૂત્રથી ૪૪૮ સૂત્ર સુધી અપભ્રંશ ભાષાના વ્યાકરણની નિરૂપણા સવિસ્તર દર્શાવેલ છે.

શૌરસેની ભાષાનું વ્યાકરણ જ્યાં પૂરું થાય છે ત્યાં છેડે જણાવેલ છે કે શૌરસેનીના નિરૂપણમાં જે કાંઈ કહેવાનું બાકી રહેલ હોય તેને પ્રાકૃત ભાષાના વ્યાકરણમાં જે નિરૂપણ કરેલ છે તેની પેઠે સમજી લેવું. આ ઉપરથી એમ સમજાય છે કે પ્રાકૃત અને શૌરસેની એ બે ભાષાઓ વચ્ચે વિશેષ સમાનતા છે. પછી માગધી ભાષાના નિરૂપણમાં છેડે એમ જણાવેલ છે કે માગધી ભાષાના વ્યાકરણમાં જે કાંઈ નિરૂપણ કરવાનું બાકી રહેલ છે તેને શૌરસેની ભાષાના વ્યાકરણની જેમ સમજી લેવું. આથી શૌરસેની ભાષા અને માગધી ભાષા વચ્ચે વિશેષ સમાનતા હોવાનું માલૂમ પડે છે. આ પછી પૈશાચી ભાષાના બાકી રહેલા વ્યાકરણના નિરૂપણને શૌરસેની ભાષાના વ્યાકરણના નિરૂપણની પેઠે સમજી લેવાની ભલામણ કરેલ છે એટલે એમ સ્પષ્ટ માલૂમ પડે છે કે પૈશાચીનું વ્યાકરણ અને શૌરસેનીનું વ્યાકરણ એ બે વચ્ચે વિશેષ સમાનતા છે. આ પછી ચૂલિકાપૈશાચી ભાષાની નિરૂપણા પૂરી થઈ ગયા બાદ બાકી રહેલા નિરૂપણને સમજવા સારુ કોઈ ભાષાના નામનો હવાલો આપેલ નથી પણ માત્ર 'शेषं प्राग्वत्' ૮।૪।૩૨૮ એટલું જ કહેલ છે, પણ આ સૂત્રનો અર્થ વૃત્તિમાં એમ સ્પષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવેલ છે કે પ્રાગ્વત્ એટલે 'પૂર્વની પેઠે' એમ મોઘમ સમજવાનું નથી પણ પ્રાગ્વત્ એટલે ઉપર હમણાં જ જે પૈશાચી વ્યાકરણ બતાવેલું છે તેની પેઠે એટલે ચૂલિકાપૈશાચી ભાષા વિશે જે કાંઈ કહેવાનું બાકી રહેલ હોય તેને પૈશાચી ભાષાના વ્યાકરણની પેઠે સમજવાનું છે, અર્થાત્ શૌરસેની ભાષા તથા માગધી ભાષા કરતાં પૈશાચી ભાષા અને ચૂલિકાપૈશાચી ભાષા એ બે વચ્ચે વિશેષ સમાનતા સમજવાની છે. એમ ગ્રંથકાર કહે છે. આ પછી એટલે ૩૨૯મા સૂત્રથી વ્યાકરણના ૪૪૫ મા સૂત્ર સુધી અપભ્રંશ ભાષાનું વિશેષ વિસ્તારથી વ્યાકરણ યોજેલ છે. અને અપભ્રંશ ભાષાને પણ બીજી કોઈ ભાષાની સાથે નહીં પણ શૌરસેની ભાષા સાથે જ સરખાવેલ છે અને કહેલ છે કે અપભ્રંશ ભાષા પ્રાયઃ શૌરસેની ભાષા સાથે વિશેષ સમાન છે. શૌરસેની ભાષા દકાર-પ્રધાન છે. इदो इदो અથવા तदो तदो વગેરે અનેક પ્રયોગો દ્વારા આ ભાષાનો ઉપયોગ નાટકોમાં વપરાયેલ ભાષામાં થયેલ છે તથા જૈન પરંપરામાં જે અચેલક પરંપરા (ચેલ–વસ્ત્ર–નહીં વાપરનારી પરંપરા) છે તેના પ્રવચનસાર, સમયસાર વગેરે ગ્રંથોમાં પણ દકારપ્રધાન શૌરસેની ભાષાનો ઉપયોગ થયેલો દેખાય છે. પ્રાચીન ઉલ્લેખોમાં શૂરસેન દેશની મુખ્ય રાજધાનીનું નામ મથુરા જણાવેલ છે એટલે આ ભાષાનો પ્રચાર મથુરા બાજુના પ્રદેશમાં હતો એમ કહી શકાય. આ બાબત વિશેષ જાણવા માટે મથુરાના તથા મથુરાની આજુબાજુના પ્રદેશની ભાષાનો અભ્યાસ જરૂરી છે.

પ્રાકૃત વ્યાકરણમાં જે માગધીનું વ્યાકરણ આપેલ છે તે પ્રમાણે માગધીનું એક રૂપ સમજવાનું છે. આ જાતનું રૂપ નાટકોમાં વપરાયેલ માગધી બોલનારાઓની ભાષામાં સચવાયેલ છે. બૌદ્ધશાસ્ત્રની ભાષાને પણ માગધી ભાષા કહેવામાં આવે છે, તે, માગધીનું બીજું રૂપ જણાય છે. કચ્ચાયનના પાલિવ્યાકરણમાં બૌદ્ધશાસ્ત્રની માગધી ભાષાનું રૂપ સમજાવેલ છે. છેલ્લે આચાર્યશ્રીએ જે અપભ્રંશ ભાષાનુ સવિસ્તર વ્યાકરણ લખેલ છે તે અપભ્રંશ ભાષા વર્તમાનમાં વપરાતી ગુજરાતી, હિન્દી, મરાઠી, પંજાબી વગેરે લોકભાષાના પૂર્વરૂપને સ્થાને કેટલેક અંશે આવી શકે એવી છે. આ માટે પૂર્વોક્ત તે તે વર્તમાન ચાલુ ભાષાઓ અને અપભ્રંશ ભાષા વચ્ચે વિશેષ સમાનતા શોધવા અધિકાધિક અભ્યાસ ખેડાય તો આ બાબત વિશેષ સ્પષ્ટ થઈ શકે, પણ એક વાત તો ચોક્કસ છે કે બીજાં અનેક પ્રાકૃત વ્યાકરણોમાં અપભ્રંશ ભાષા વિશે વિશેષ કહેવાયું નથી ત્યારે આચાર્ય હેમચંદ્રે જ અપભ્રંશ ભાષાનું સવિસ્તર વ્યાકરણ રચેલ છે અને તે ભાષાને સમજાવવા સારુ વ્યાકરણમાં ઉદાહરણ રૂપે આચાર્ય હેમચંદ્રના પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયમાં પ્રચલિત એવા અપભ્રંશ ભાષામય અનેક પદ્યો પણ આચાર્યશ્રીએ આપેલાં છે. એ જ શ્રી. હેમચંદ્રના અપભ્રંશ વ્યાકરણની વિશેષતા છે.

આ નીચે ધાતુઓના આદેશોમાંથી બે પાંચ ઉદાહરણો તુલનાત્મક દૃષ્ટિએ અહીં આપવામાં આવે છે તથા અપભ્રંશ ભાષાને વિશેષ સમજવા સારુ તેનાં થોડાંક પદ્યો પણ આ નીચે આપવામાં આવે છે :

૧. 'કથ્' ધાતુને બદલે આચાર્યશ્રીએ बोल्ल શબ્દ વાપરવાની ભલામણ કરેલ છે–
,, ,, सङ्घ ,, ,, ,, ,, ૮।૪।૨
મરાઠી સાંગણેની સાથે આ શબ્દ સરખાવી શકાય.

૨. 'પા' ધાતુને બદલે આચાર્યશ્રીએ पिज्ज તથા घोट्ट શબ્દોને વાપરવાની ભલામણ કરેલ છે ૮।૪।૧૦
ભાષામાં વપરાતા पिजीए ક્રિયાપદમાં पिज्ज ધાતુ જ સ્પષ્ટ છે.
તથા હોકાના કે નેચાના અથવા બીડીની ઘૂંટ શબ્દમાં કે 'પાણીનો ઘૂંટડો'ના 'ઘૂંટડો' શબ્દમાં घोट्ट ધાતુ રહેલો છે.

૩. नि+द्रा=निद्रा ધાતુને બદલે ૮।૪।૧૨ સૂત્ર દ્વારા उङ्घ ધાતુના પ્રયોગનું સૂચન કરેલ છે. ભાષામાં 'ઊંઘવું' ક્રિયાપદ અને ભાષામાં પ્રચલિત 'ઊંઘ' નામ સુપ્રતીત છે 'ઊંઘ'નું મૂળ એટલે પૂર્વરૂપ કયા શબ્દમાં છે તે શોધવા જેવું છે. કદાચ उत्+घ्रा માં એ હોઈ શકે. ઊંઘતા માણસનાં નસકોરાં ઘણીવાર વધારે અવાજ કરે છે એટલે ઊંઘ શબ્દનો સંબંધ उत्+घ्रा સાથે કદાચ કલ્પી શકાય ખરો.

૪. 'छदि' ધાતુને બદલે ढक्क શબ્દનો ઉપયોગ બતાવેલ છે—૮।૪।૨૧। ઢાંકવું ક્રિયાપદ ढक्क ઉપરથી આવેલ નથી ? આ ढक्क શબ્દનું મૂળરૂપ જરૂર શોધવા જેવું છે, કદાચ સંસ્કૃત ૧૦૩૦ સ્થગે સંવરણે એટલે स्थग् ધાતુ સાથે પ્રસ્તુત ढक्क ને સરખાવી શકાય. 'સંવરણ' એટલે ઢાંકવુ.

૫. 'મેળવવું–એક ચીજમાં બીજી ચીજ મેળવવી' એ અર્થ માટે આચાર્ય मेलव ધાતુ બતાવે છે અને કહે છે કે 'मिश्र'ને બદલે मेलव વાપરવું–૮।૪।૨૮। સરખામણી કરતાં એમ લાગે છે मिल ધાતુ સાથે પ્રસ્તુત मेलव ની સગાઈ વધારે શું ન બંધબેસે ? मिल ધાતુ તુદાદિગણમાં 'શ્લેષણ' અર્થનોસૂચક છે અને તેનો સળંગ નંબર ૧૪૧૧ છે.

એમ જણાય છે કે કોઈ વિશિષ્ટ અભ્યાસી આ પ્રકારે પ્રાકૃત ધાત્વાદેશોનો તુલનાત્મક અભ્યાસ કરે તો ઘણા ધાત્વાદેશોના પૂર્વરૂપ જરૂર મળી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપભ્રંશ પદ્યો—

१ गुणहिं न संपइ किंत्ति पर फल लिहिआ भुंजंति ।
केसरि न लहइ बोड्डिअ वि गय लक्खेहिं घेप्पंति ॥

અર્થ—ગુણો વડે સંપત્તિ નહીં, પણ કીર્તિ મળે. (જીવો) લખેલાં ફળ ભોગવે છે. કેસરી ન લહે બોદી, પણ ગજ લાખો વડે ખરીદાય છે–ગ્રહણ કરાય છે. બોદી એટલે એક પ્રકારનું હલકું નાણું.

२ पुत्तें जाएं कवणु गुणु, अवगुणु कवणु मुएण ।
जा बप्पीकी भुंहडी चंपिज्जइ अवरेण ॥

અર્થ—पुत्तें जाएं–પુત્ર પેદા થયે એટલે પુત્રના પેદા થવાને લીધે. –કોણ–કયો–ગુણ? મુએ અવગુણ કોણ–કયો?
જ્યાં સુધી બાપુકી ભોંહડી એટલે ભોં–જમીન–ચંપાય–અપરેણ–બીજા વડે દબાતી હોય?

वासु महारिसि एउ भणइ जइ सुइसत्थु पमाणु ।
मायहं चलण नवंताहं दिवि दिवि गंगाण्हाणु ॥

અર્થ—વ્યાસ મહાઋષિ એમ કહે છે–ભણે છે–કે જો શ્રુતિશાસ્ત્ર–વેદવચન–પ્રમાણ હોય તો માતાઓનાં ચરણોને નમનારાઓ માટે દિને દિને ગંગાસ્નાનનું ફળ છે.

તા૦ક૦–આચાર્ય હેમચંદ્રે જૈનધર્મની પ્રભાવનાની અપેક્ષાએ રાજા સિદ્ધરાજ અને તેના સોલંકી વંશ સાથે વિશેષ મિત્રતા કેળવેલી, તેના સૂચન માટે આચાર્યે સમગ્ર સિદ્ધહેમના દરેક પાદની સમાપ્તિમાં રાજા મૂળરાજથી માંડીને રાજા સિદ્ધરાજ જયસિંહ સુધીના દરેક રાજાઓની એક એક શ્લોક દ્વારા સરસ રીતે વર્ણના કરેલ છે તે શ્લોકો કે તેમનો અનુવાદ માત્ર અનુવાદકે આઠમા અધ્યાયની સમાપ્તિમાં જ માત્ર નમૂના તરીકે મૂકેલ છે પણ બીજે ક્યાંય મૂકેલ નથી.

બેચરદાસ જીવરાજ દોશી

૧૨બ, ભારતી સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ.
મે ૧૯, ૧૯૭૮
વૈશાખ સુદ ૧૩, ૨૦૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

| પાનું | પંક્તિ | અશુદ્ધિઓ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૪૦૭ | ૨૨ | खङ्ग | खङ्ग |
| ૪૦૯ | ૨૩ | समत्ते | समत्तो |
| ૪૧૦ | ૪ | द्योतनया: पश्यनया: | पश्यन्त्या: |
| ,, | ,, | समापम् | समाप्तम् |
| ,, | ૧૨ | दायेतेन | दयितेन |
| ૪૧૨ | ૨૪ | शृङ्गेभ्यप° | शृङ्गेभ्य: प° |
| ૪૧૩ | ૨૭ | अय | अथ |
| ૪૧૪ | ૭ | सुउणिह | सउणिहं |
| ,, | ,, | शकुनी नाम् | शकुनीनाम् |
| ,, | ૮ | तरुणाम् | तरूणाम् |
| ,, | ૧૩ | वांका | પાકા |
| ૪૧૫ | ૪–૬ | 'ડૂવાને' ઇત્યાદિ | પેરા ૨૬ કરો |
| ૪૧૫ | ૭ | तरू | तरु |
| ,, | ,, | तरुल्य: | तरुभ्य: |
| ૪૧૫ | ૯ | नीसावण्णु | नीसावन्नु |
| ,, | ૧૧ | तगे: फलाणिना गृह्य | तरो: फलं गृह्यते |
| ,, | ૧૨ | मुक्या | मुक्त्वा |
| ,, | ,, | तढ | तद् |
| ,, | ,, | अरुयम् | अरण्यम् |
| ,, | ૨૧ | तरुतअ: अपिवन्झाम् | तरुम्य: अपि वल्कलं |
| ,, | ,, | मुनि: | मुनय: |
| ,, | ,, | परिवानम् | परिधानम् |
| ,, | ,, | क्षशण लभते | अशनं लभन्ते |
| ,, | ૨૨ | स्वामिम्य एताग्द् | स्वामिभ्य एतावद् |
| ,, | ,, | अग्रलम् | अग्रलकम् (अधिकं) |
| ,, | ,, | मृत्या गृणेन्ते | भृत्या गृह्णन्ति |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પાનું | પંક્તિ | અશુદ્ધિઓ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૧૫ | ૨૯ | धर्मः अधु विरता | अथ विरलप्रभावः |
| | | प्रभाव अेव | एव कलौ धर्मः |
| ૪૧૬ | ૫ | दयियेतन | दयितेन |
| ,, | ૧૩ | प्रेवसता | प्रवसता |
| ,, | ૧૫ | કંડિકાને બદલે આ સૂત્રમાં 'णानुस्वारौ' (૩૪૨)ના પદવિભાગ કરતાં — णा-अनुस्वारौ એમ પણ થઈ શકે એટલે णा થાય અને અનુસ્વાર પણ થાય. | |
| ,, | ૧૮ | ऊण्हउं | उण्हउं |
| ,, | ૨૭ | तरूण | तरुणा |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી હેમચંદ્રસૂરિ રચિત

# શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન-લઘુવૃત્તિ

## અષ્ટમ અધ્યાય

## પ્રાકૃત ભાષાનું વ્યાકરણ

### ( પ્રથમ પાદ )

### अथ प्राकृतम् ॥८।१।१॥

આ સૂત્રમાં બે પદો છે—अथ અને प्राकृतम्. अथ એટલે અનંતર, અર્થાત્ તરત જ. આ પ્રાકૃતની રચના પૂર્વે સાત અધ્યાયોમાં સંસ્કૃત વ્યાકરણની રચના આચાર્યે કરેલી છે. એ સંસ્કૃત વ્યાકરણની રચના પૂરી થતાં તરત જ આચાર્ય આ પ્રાકૃતના વ્યાકરણને બનાવવાનું શરૂ કરે છે. અર્થાત્ સંસ્કૃત વ્યાકરણની રચના અને પ્રાકૃત વ્યાકરણની રચના એકબીજી સાથે સંકળાયેલી છે એવું જણાવવા આચાર્યે સંસ્કૃતના વ્યાકરણની પછી પ્રાકૃતના વ્યાકરણની રચના કરેલી છે.

અથનો બીજો અર્થ અધિકાર છે, એટલે આખા વ્યાકરણમાં માત્ર પ્રાકૃત ભાષાનું જ કામ થવાનું છે અને દરેક સૂત્રને પ્રાકૃત ભાષાના શબ્દોનું સાધક સમજવાનું છે.

હવે બીજા શબ્દ प्राकृतम्નો અર્થ—પ્રાકૃત ભાષા ઘણી જૂની છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના વખતમાં તો લોકોમાં આ ભાષા બોલાતી હતી અને બુદ્ધ પછી પણ રાજા અશોકના વખતમાં પણ આ ભાષા બોલાતી હતી માટે રાજા અશોકે પોતાની ધર્મલિપિઓ ભારતના ચારે ખૂણે આ ભાષામાં કોતરાવી છે. આવી જૂની ભાષાનો અભ્યાસ સાધારણ લોકો કરી શકતા નથી. માત્ર પંડિતલોકોમાંના જે લોકો ભાષાના રસિક છે તેઓ જ આવી ભાષાનો અભ્યાસ કરી શકે છે. પંડિતો સંસ્કૃત ભાષાને બરાબર જાણતા હતા એટલે એમને અભ્યાસ કરવામાં સરળતા થાય એ દૃષ્ટિએ ચંડ વૈયાકરણથી માંડીને આ. હેમચંદ્ર સુધીના વૈયાકરણોએ પોતપોતાનાં પ્રાકૃતવ્યાકરણોને સંસ્કૃત ભાષામાં રચેલાં છે, એ તમામ વ્યાકરણોમાં 'સંસ્કૃત શબ્દમાં ફેરફાર કરીને પ્રાકૃતને સમજવાની' પદ્ધતિ બતાવેલી છે એટલે પંડિતોને આ ભાષા શીખવામાં સરળ થાય એ વસ્તુ ધ્યાનમાં રાખીને તે તે આચાર્યોએ प्रकृतिः संस्कृतम् એમ કહેલું છે. સંસ્કૃત શબ્દના સ્થાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદેશો કરીને સમજાવેલું હોય અથવા શબ્દમાં રહેલા સ્વરોને તથા વ્યંજનોને પરિવર્તિત કરીને સમજાવેલું હોય તેનું નામ પ્રાકૃત.

હવે સંસ્કૃત પછી પ્રાકૃતની વાત શરૂ કરવામાં આવે છે. સંસ્કૃતના શબ્દો અને પ્રાકૃતના શબ્દો વચ્ચે જે પ્રાકૃતનું સામ્ય છે તેવા પ્રાકૃતનું આ વ્યાકરણ છે, પણ જે પ્રાકૃતશબ્દોનું સામ્ય સંસ્કૃતશબ્દો સાથે નથી તેવા પ્રાકૃતનું એટલે દેશ્ય પ્રાકૃતનું આ વ્યાકરણ નથી. એ હકીકત બતાવવા માટે જ સંસ્કૃત વ્યાકરણની રચના પછી તરત જ પ્રાકૃતના વ્યાકરણની રચના કરવામાં આવી છે.

સંસ્કૃતના સિદ્ધ શબ્દો ઉપરથી પ્રાકૃતના શબ્દો બનાવવાની એક પદ્ધતિ છે અને બીજી પદ્ધતિ સંસ્કૃતના સાધ્ય શબ્દો ઉપરથી પ્રાકૃતના શબ્દો બનાવવાની છે. જે પ્રાકૃત ભાષાને આ પદ્ધતિ લાગુ પડે છે તે ભાષાનું જ આ વ્યાકરણ છે, પણ જે દેશ્ય પ્રાકૃતિને આ પદ્ધતિ લાગુ પડતી નથી તેનું ખાસ કરીને આ વ્યાકરણ નથી.

પૂર્વના પંડિતોએ પ્રાકૃતના ત્રણ ભેદો બતાવેલા છે: (૧) તદ્ભવ (૨) તત્સમ અને (૩) દેશ્ય. આમાં તદ્ભવ અને તત્સમ શબ્દોનું સામ્ય સંસ્કૃત ભાષા સાથે વિશેષ છે. દેશ્ય શબ્દોનું સામ્ય ઘણું ઓછું છે. તદ્ભવ અને તત્સમ એ બે ભેદોને એક ભેદમાં પણ સમાવી શકાય છે. પ્રાકૃતના અનેક એવા શબ્દો છે જેમનું સામ્ય સંસ્કૃત શબ્દો સાથે અક્ષરશ: છે.

જેમકે—संसार, दाव, नीर, दाह, संमोह, धूली, हरण, समीर, माया, रसा, द्वारण, सार, सीर, गिरी, धीर, વગેરે વગેરે.

બીજા કેટલાક પ્રાકૃતના એવા શબ્દો છે જેનું સંસ્કૃત શબ્દો સાથે આંશિક સામ્ય છે, જેમકે— वचन-वयण, नयन-नयण, वनिता-विलया, दीप-दीव, पट-पड, पाड-पाड, वेजु वेणु,-अतसो-अतसि, हत्तिन,-हत्थि, स्त्री-इत्थि, वृन्त्त,-वेण्ट, मुष्ठि-मुठ्ठी, मृत्तिकां-मट्टिआ, मुण्ड-मोण्ड, तुच्छ-चुच्छ, पतिपद्-पडिवया, प्रतिमा-पडिमा, सप्तति-सत्तरि.

આ બંને પ્રકારના શબ્દોને સંસ્કૃતસમ નામના ભેદમાં સમાવી શકાય છે. એટલે દેશ્ય પ્રાકૃત અને સમસંસ્કૃત પ્રાકૃત એ બે ભેદથી જ કામ ચાલી શકે એમ છે.

જે સંસ્કૃત ભાષાના શબ્દો અને જે પ્રાકૃત ભાષાના શબ્દો એ બે વચ્ચે એકદમ સામ્ય છે—જરા પણ ફરક નથી. એવા શબ્દોની સાધના માટે આ વ્યાકરણની જરૂર નથી. એવા શબ્દોની સાધના સંસ્કૃત ભાષાના શબ્દોની સાધનામાં સમાઈ જાય છે, પણ જે શબ્દોમાં આંશિક સામ્ય છે અને જે શબ્દોને આદેશ દ્વારા સમજાવેલા છે તેમની સાધના માટે આ વ્યાકરણ છે.

પ્રાકૃત ભાષામાં મૂળ પ્રકૃતિ, પ્રત્યયો, લિંગ, કારક, સમાસ અને સ્વરસંજ્ઞા વગેરે સંજ્ઞાઓ એ બધું સંસ્કૃતના વ્યાકરણમાં જણાવ્યા પ્રમાણે સમજવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી સંસ્કૃત વ્યાકરણમાં लोकात् ॥૧।૧।૩॥ એવું સૂત્ર બતાવેલું છે તે સૂત્રનો સંબંધ પણ આ વ્યાકરણ સાથે છે એટલે આ પ્રાકૃત વ્યાકરણમાં જે હકીકતો કહેવામાં આવી નથી તેને લોકો પાસેથી એટલે પ્રાકૃત ભાષાના જાણકારો પાસેથી સમજી લેવાની છે, તેથી કરીને સંસ્કૃત વ્યાકરણમાં જે સ્વરો કહેલા છે તેના કરતાં પ્રાકૃત ભાષામાં ઓછા સ્વરો સમજવાના છે, અર્થાત् ऋ, ॠ, ऌ, ॡ, ऐ, औ એટલા સ્વરો પ્રાકૃત ભાષામાં વપરાતા નથી. એ હકીકત લૌકિક પંડિતોથી જાણી લેવાની છે તથા વિજાતીય વ્યંજન સાથે જોડાયેલા ङ् અને ञ् પ્રાકૃત ભાષામાં વપરાતા નથી. પણ પોતપોતાના વર્ગના વ્યંજનો સાથે જોડાયેલા હોય એવા સ્વર વગરના ङ् અને ञ् તો પ્રાકૃતમાં વપરાય છે. જેમકે—पङ्को, सङ्खो. अङ्गणन, लङ्घणम, એ જ રીતે कञ्चुओ, लञ्छणम, अञ्जियम, सञ्झो—આ બધા શબ્દોમાં સ્વર વગરનો ङ् અને ञ् પ્રાકૃત ભાષામાં વપરાય જ છે.

જોકે પ્રાકૃતમાં ऐ અને औ સ્વરો વપરાતા નથી તોપણ કેટલાક પ્રાકૃત વૈયાકરણોના મતમાં પ્રાકૃતમાં ऐ અને औ વપરાય છે; જેમકે—कैतवम्-कैअवम् सौदर्यम्-सोअरियम् कौरवाः-कौरवा.

સ્વર વગરનો વ્યંજન જે વિજાતીય વ્યંજન સાથે જોડાયેલો હોય તેનો પ્રયોગ પ્રાકૃત ભાષામાં થતો નથી; જેમકે—रक्त, मुक्त, शुष्क, क्षय, तस्कर. આવી વિજાતીય સંયુક્ત વ્યંજનવાળા શબ્દોનો પ્રયોગ પ્રાકૃત ભાષામાં વર્જ્ય છે, પણ આને બદલે સજાતીય સંયુક્ત વ્યંજનવાળા શબ્દોનો પ્રયોગ સુવિહિત છે, જેમકે—रत्त, मुत्त, सुक्क, खय, तक्कर । તેમજ श, ष અને વિસર્ગ પ્રાકૃત ભાષામાં વપરાતા નથી, તથા પ્રાકૃત ભાષામાં પ્લુત સ્વરનો પ્રયોગ પણ થતો નથી. આ જાતનો વર્ણસમામ્નાય લોક-પંડિતો-પાસેથી જાણી લેવાનો છે.

જોકે વિજાતીય સંયુક્ત વ્યંજનનો વ્યવહાર પ્રાકૃત ભાષામાં નથી એમ ગ્રંથકાર આચાર્યશ્રીએ જણાવેલ છે, તેમ છતાં તેમણે એવાં કેટલાંક સૂત્રો દ્વારા વિજાતીય સંયુક્ત વ્યંજનોનું વિધાન કરેલ છે. જે ઉપરથી તે તે સૂત્રો દ્વારા નીચે જણાવેલા વિજાતીય સંયુક્ત વ્યંજનોનો પણ વ્યવહાર પ્રાકૃત ભાષામાં પ્રચલિત છે એમ સમજવું જોઈએ.

**વિજાતીય સંયુક્ત વ્યંજન અને એનાં વિધાયક સૂત્ર**

| | |
|---|---|
| ग्म | ૮/૨/૫૨ |
| म्ह | ૮/૨/૭૪ |
| ण्ह | ૮/૨/૭૫ |
| ल्ह | ૮/૨/૭૬ |
| द्र | ૮/૨/૮૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરથી એમ સમજી લેવાનું છે કે પ્રાકૃત ભાષામાં ન્મ, ન્હ, ण्ह, ल्ह અને द्र એટલા સંયુક્ત વ્યંજનોનો વ્યવહાર તો વ્યાકરણના નિયમ પ્રમાણે જ વિહિત છે.

આ ઉપરાંત માગધી પ્રાકૃતમાં વિજાતીય વ્યંજન સાથે જોડાયેલ સના તથા ટના અને તના પ્રયોગોનું પણ ગ્રંથકારે વિધાન કરેલ છે ;

स्ख—૮/૪/૨૮૯
स्प
स्क
स्म
ष् નો स्
स्नु
स्फ
ट્ટ નો स्ट—૮/૪/૨૯૦
स्थ, स्त—૮/૪/૨૯૧
ᵔक—૮/૪/૨૯૬
श्छ—૮/૪/૨૯૮
श्च—૮/૪/૨૯૫

પૈશાચી પ્રાકૃતમાં ळ વ્યંજન પણ વપરાય છે—૮/૪/૩૦૮.

ळ વ્યંજન તો માત્ર વેદની ભાષામાં જ પ્રચલિત છે.

અપભ્રંશ પ્રાકૃતમાં ऋ સ્વર પણ વપરાય છે—૮/૪/૩૨૯ તથા વિજાતીય વ્યંજન સાથે જોડાયેલ ર વ્યંજન પણ વપરાયેલ છે.—૮/૪/૩૯૯. व्रास.

આ સિવાય प्रंगणि વગેરે શબ્દોમાં ર વપરાયેલ છે. આ રીતે માગધી વગેરે પ્રાકૃત ભાષાઓમાં વિજાતીય સંયુક્ત વ્યંજનોનો વ્યવહાર વ્યાકરણસિદ્ધ છે.

સંસ્કૃત ભાષામાં દ્વિવચન વપરાય છે તેમ પ્રાકૃતમાં નામના કે ક્રિયાપદના રૂપમાં ક્યાંય દ્વિવચન થતું નથી. દ્વિવચનને બદલે બધે બહુવચનનો પ્રયોગ થાય છે, અને ખાસ જ્યાં બે સંખ્યા સૂચવવી હોય ત્યાં બહુવચની પદ સાથે द्वि શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત પ્રાકૃત ભાષામાં ચતુર્થીના બહુવચનનો પ્રયોગ ક્યાંય થતો નથી. જોકે આચાર્યે પ્રાકૃત ભાષામાં તેનો પ્રયોગ ન હોવાની સૂચના કરેલી છે તોપણ માત્ર એક સંસ્કૃત अयि અવ્યયને બદલે પ્રાકૃતમાં ઐના પ્રયોગનું આચાર્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધાન કરેલું છે. એ અપેક્ષાએ પ્રાકૃત ભાષામાં માત્ર એક જ પ્રયોગમાં ऐ વપરાયેલો છે, જુઓ ૮/૧/૨૬૯ સૂત્ર.—ऐ बीहेमि ।

## बहुलम् ॥८।१।२॥

આ સમગ્ર પ્રાકૃત વ્યાકરણમાં જે જે વિધાનો કર્યાં છે તે તમામને બહુલ સમજવાં, અર્થાત્ આ बहुलम्નો અધિકાર આખા વ્યાકરણમાં સમજવાનો છે.

કરેલું વિધાન ક્યાંક બરાબર થાય છે, ક્યાંક થતું પણ નથી અને ક્યાંક વિકલ્પે પણ થાય છે અને ક્યાંક વળી કરેલા વિધાનથી જુદું પણ થાય છે. જેવી રીતે વેદોની ભાષાનું વ્યાકરણ વિશેષતઃ અનિયત છે માટે જ પાણિનિએ પોતાના વ્યાકરણમાં ઠેકઠેકાણે छन्दसि बहुलम् જણાવેલું છે તેમ આ પ્રાકૃત ભાષાનું બંધારણ પણ વેદોની ભાષાના બંધારણની પેઠે અનિયત જ છે. જ્યાં જ્યાં આ બહુલની પ્રવૃત્તિ થતી હશે ત્યાં ત્યાં ઉદાહરણ સાથે યથાસ્થાન બતાવીશું.

## आर्षम् ॥८।१।३॥

સંસ્કૃતના 'લૌકિક સંસ્કૃત' અને 'વૈદિક સંસ્કૃત' એમ બે પ્રકારો છે તેમ પ્રાકૃત ભાષાના બે પ્રકાર છે: (૧) લૌકિક પ્રાકૃત અને (૨) આર્ષ પ્રાકૃત. જેમ લૌકિક પ્રાકૃત બહુલતાપ્રધાન છે તેમ આર્ષ પ્રાકૃત પણ બહુલતાપ્રધાન છે. ઋષિ લોકોએ પ્રાકૃત ભાષામાં જે રચના કરી તે ભાષાનું નામ આર્ષ પ્રાકૃત. ઋષિ એટલે ભગવાન મહાવીર અને તેમના પ્રાચીન ત્યાગી અનુયાયીઓ. જો પ્રાકૃત શબ્દનો વ્યાપક અર્થ લઈએ તો તેમાં બૌદ્ધ ત્રિપિટકની પાલિ ભાષા પણ આવી શકે છે. એ અપેક્ષાએ ઋષિ એટલે 'બુદ્ધ ભગવાન' અને 'પ્રાચીન ત્યાગી ભિક્ષુઓ' પણ થઈ શકે.

જે વખતે ધર્મશાસ્ત્રની ભાષા આમજનતા સમજતી નહોતી અને ધર્મ-વિચારના સંબંધમાં ભારે ગૂંગળામણ અનુભવતી હતી તે વખતે ભગવાન મહાવીરે અને ભગવાન બુદ્ધે લોકભાષામાં તેમના વિચારો રજૂ કર્યા.

ભ. મહાવીરે જે ભાષામાં ઉપદેશ કરેલો તેને અર્ધમાગધી ભાષા કહેવામાં આવે છે. ભ. મહાવીરનો વિહાર વિશેષતઃ મગધમાં થયેલો. આથી તેઓ એવી ભાષા બોલતા કે જેથી મગધના લોકો સમજી શકે અને મગધ બહારના લોકો પણ સમજી શકે તેથી તેને 'અર્ધમાગધી' ભાષા કહેતા, બુદ્ધ ભગવાને તો માગધી ભાષામાં જ ઉપદેશ આપેલો તેથી તેમની ભાષા તો માગધી જ છે. પણ પછી ભાષાના નામ તરીકે 'પાલિ ભાષા'ના નામથી પ્રચાર થયો. 'પાલિ' શબ્દનો ખરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ 'ધર્મવચન' છે. મૂળ શબ્દ 'પલિયાય' છે. અશોકની ધર્મલિપિમાં પણ આ શબ્દ વપરાયેલો છે. 'પાલિ' શબ્દનું મૂળ આ 'પલિયાય' શબ્દમાં છે. પિટકના પાલિ ભાષામાં રચાયેલા ટીકા ગ્રંથોમાં ઠેકઠેકાણે એવું આવે છે કે उत्तं च पालिसु (उक्तं च पालिषु)—એટલે ધર્મ વચનોમાં કહ્યું છે. જો પાલિ શબ્દ ભાષાવાચક હોત તો उत्तं च पालिसु એમ લખી શકાય નહીં. ધર્મનાં વચનો જે ભાષામાં છે તે ભાષા અને તે વચનો એ બેનો અભેદ કલ્પી 'પાલિ' શબ્દ ભાષા અર્થમાં વપરાયો છે. ખરી રીતે બૌદ્ધ પિટક ગ્રંથોની ભાષા માગધી છે. એ હકીકત પાલિ ભાષાના વ્યાકરણના આરંભમાં "सा मागधी मूलभासा" એમ જણાવીને પાલિ વ્યાકરણના પ્રણેતા કચ્ચાયને—કાત્યાયને—જ જણાવેલ છે. પ્રાકૃત ભાષામાં અને પાલિ ભાષામાં ઓછું અંતર છે, કેમકે એ બંને ભાષા દ્વારા પ્રવચન કરનારા મગધદેશના જ છે. આર્ષ પ્રયોગોનાં ઉદાહરણો અમે યથાસ્થાન બતાવવાના છીએ.

## दीर्घ-हृस्वौ मिथो वृत्तौ ॥८।१।४॥

वृत्तौ—સમાસમાં—આવેલા શબ્દોમાં જે સ્વરો દીર્ઘ છે તે, બહુલં હ્રસ્વ થાય અને જે સ્વરો હ્રસ્વ છે તે, બહુલં દીર્ઘ થાય છે. આ રીતે સમાસમાં આવેલા શબ્દોના સ્વરોમાં પરસ્પર આવો ફેરફાર થાય છે. આવો ફેરફાર સંસ્કૃત ભાષામાં અને વૈદિક ભાષામાં પણ વિહિત છે. જેમકે अष्टाकपालम् । नीरुक् । मुनीवहम् । આ માટે જુઓ સિદ્ધહેમ વ્યા. ૩।૨।૮૬ થી ૩।૨।૮૯ વગેરે સૂત્રો.

હ્રસ્વનો દીર્ઘ—

अन्तवेई, अन्तावेई—अन्तर्वेदिः—વેદીની અંદર

सत्तवीसई, सत्तावीसा—सप्तविंशतिः—સત્તાવીશ

વળી બહુલં હોવાથી ક્યાંય દીર્ઘ વિકલ્પે પણ થાય છે. જેમકે—

वारिमई, वारीमई—वारिमती—પાણીવાળી (નદી કે વાવ)

भुअयन्तं, भुआयन्तं—भुजयन्त्रम्—હાથરૂપ યંત્ર

पइहरं, पईहरं—पतिगृहम्—પતિનું ઘર

वेलुवणं, वेलूवणं—वेणुवनम्—વાંસડાનું વન

આ વિધાન બહુલં છે માટે ક્યાંક દીર્ઘ થતો નથી. જેમકે—

जुवइजणो—युवतिजनः—યુવતિજન

દીર્ઘનો હ્રસ્વ—

निअम्बसिल—खलिअ—वीइ—मालस्स—नितम्बशिला—स्खलित—वीचि—मालस्य—

પહાડના મધ્યભાગની શિલા વડે સ્ખલિત થયેલી તરંગમાળાવાળાનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યાંય વિકલ્પે થાય છે. જેમકે—

દીર્ઘનો હ્રસ્વ—

जउँण-यडं, जउँणा-यडं–यमुनातटम्–યમુનાનો તટ

नइ–सोत्तं, नई–सोत्तं–नदीस्रोतस्–નદીનો પ્રવાહ

गोरि–हरं, गोरीहरं–गौरीगृहम्–ગૌરીનું ઘર

वहु–मुहं, वहू–मुहं–वधूमुखम्–વહુનું મુખ

## पदयोः सन्धिः वा ॥८।१।५॥

બે સ્વરો પાસે આવે કે બે વ્યંજનો પાસે આવે ત્યારે સંસ્કૃતમાં સંધિના નિયમો દ્વારા સંધિ થઈ જાય છે. પછી એક જ પદ હોય કે અનેક પદ હોય પણ પ્રાકૃતમાં તેમ નથી. પ્રાકૃતમાં વ્યંજનોની સંધિ થતી જ નથી. જે સંધિ થાય છે તે સ્વરોની જ થાય છે અને તે પણ બે પદોમાં જ, એક પદમાં ક્યાંય નહીં.

આચાર્ય કહે છે કે સંસ્કૃતમાં કહેલાં તમામ સંધિનાં વિધાન પ્રાકૃતમાં વ્યવસ્થિત વિભાષાપૂર્વક થાય છે. વ્યવસ્થિત વિભાષા એટલે પ્રાચીન પ્રયોગોને અનુસારે વ્યવસ્થાપૂર્વક વિકલ્પે સંધિ સમજવી. જોકે આચાર્યે અહીં સંસ્કૃતમાં કહેલાં તમામ સંધિવિધાનોનો નિર્દેશ કરેલો છે પણ આ વાક્યનો અર્થ તેના શબ્દ પ્રમાણે લેવાનો નથી પણ મોઘમ લેવાનો છે. કેમકે સંસ્કૃતમાં ऋ, ऌ, ऐ औ વગેરેની સંધિ પણ બતાવેલી છે. પ્રાકૃતમાં એ જાતની સંધિનો સંભવ નથી માટે બે પદોમાં સ્વરો પાસે પાસે આવેલા હોય ત્યાં પ્રાકૃત ભાષામાં જે સંધિ સંભવી શકે તે સંધિનું વિધાન આ સૂત્ર વિકલ્પે કરે છે.

वासेसी, वास–इसी–व्यासऋषिः–વ્યાસ નામના ઋષિ

હેમચંદ્રના સંસ્કૃત વ્યાકરણનું સંધિવિધાયક સૂત્ર ૧।૨।૬

विसमायवो. विसम–आयवो–विषमआतपः–વિષમ તાપ. હેમ. સં. સંધિવિ. સૂત્ર ૧।૨।૧

दहीसरो. दहिसरो–दधीश्वरः–દધિનો ઈશ્વર

साऊअयं, साउउअयं–स्वादुउदकम्–સ્વાદવાળું પાણી

નીચેના શબ્દો એક જ પદરૂપ છે માટે તેમાં આવેલા સ્વરોની સંધિ થતી નથી:

पा+ओ=पाओ–पादः–પગ અથવા પાયો

प+ई=पई–पतिः–પતિ

वत्था+ओ=वत्थाओ–वस्त्रात्–વસ્ત્રથી ।૮।૩।૮।

मुद्धा+इ=मुद्धाइ–मुग्धया–મુગ્ધા વડે ।૮।૩।૨૯।

मुद्धा+ए=मुद्धाए–मुग्धया–મુગ્ધા વડે ”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महु+इ=महइ–महति–પૂજા કરે છે ।८।३।१३९।
महु+ए=महए–महति–પૂજા કરે છે „
બહુલને લીધે કોઈ કોઈ પદમાં એક પદમાં પણ સંધિ થઈ જાય છે.
काहि+इ=काही–काहिइ–करिष्यति–કરશે ૧।૨।૧
बि+इओ=बिइओ, बीओ–द्वितीयः–બીજો ૧।૨।૧
અહીં બતાવેલાં આ બધાં પ્રથમ અધ્યાયનાં સંસ્કૃત સૂત્રો સિદ્ધહેમવ્યાકરણનાં સમજવાં.

## न इ–उ (यु) वर्णस्य अस्वे ॥८।१।६॥

એ પદમાં इ વર્ણ પછી અસ્વ સ્વર–વિજાતીય સ્વર–આવે તો સંધિ થાય નહીં અને એ પદમાં उ વર્ણ પછી અસ્વ સ્વર–વિજાતીય સ્વર–આવે તોપણ સંધિ થાય નહીં.

'અસ્વ' શબ્દની સમજૂતી આ પ્રમાણે છે—જે સ્વરોની स्व સંજ્ઞા ન હોય. જેમનાં ઉચ્ચારણનાં સ્થાનો અને ઉચ્ચારણના પ્રયત્નો એકસરખાં ન હોય તેને 'અસ્વ' કહેવાય. આ માટે જુઓ: ૧/૧/૧૭ સૂત્ર.

इ વર્ણ–न वेरिवग्गे वि+अवयासो– वैरि वर्गेऽप्यवकाशः–વૈરિ વર્ગમાં પણ અવકાશ નથી
वंदामि+अज्जवइरं-वन्दे आर्यवज्रम् આર્ય વજ્ર નામના આચાર્યને વંદન કરું છું
सहइ+उइन्दो-शोभते उपेन्द्रः–ઉપેંદ્ર શોભે છે
पहावलि+अरुणो–प्रभावलिअरुणः–પ્રભા વડે લાલ

उ વર્ણ–दणु+इंद- दनुजेन्द्रः–રાક્ષસોનો ઇંદ્ર
उवमासु+अपज्जत्त–उपमासु अपर्याप्त–ઉપમા માટે પૂરતું નહીં

गूढ+उअर=गूढोअर ગૂઢ ઉદર—અહીં अ વર્ણ પછી उ વર્ણ છે તેથી આ નિયમ ન લાગે.

पुहवी+ईस=पुहवीस–पृथ्वीश પૃથ્વીના ઈશ. અહીં इ વર્ણ પછી વિજાતીય સ્વર નથી પણ સજાતીય છે તેથી આ નિયમ ન લાગે.

## एद्–ओतोः ॥८।१।७॥

એ પદમાં एकार અને ओकार પછી કોઈ પણ સ્વર આવે તો સંધિ થતી નથી.
उल्लिहणे+आबंधंतीए=उल्लिहणे आबंधंतीए–उल्लिखने आबध्नन्त्याः–ઉઝરડા થયા પછી બાંધતી સ્ત્રીનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आलक्खिमो+एण्हि=आलक्खिमो एण्हि-आलक्षामहे इदानीम्–અમે હમણાં જોઈએ છીએ.

अहो+अच्छरिअं=अहो अच्छरिअं–अहो आश्चर्यम्–અહો ! આશ્ચર્ય છે.

નીચેનાં પદોમાં ए, ओ આવેલા નથી તેથી સંધિનિષેધ ન થાય :

अत्थ+आलोअण-=अत्थालोअण—अर्थालोचन–અર્થનો વિચાર.

## स्वरस्य उद्वृत्ते ॥८।१।८॥

વ્યંજન સાથે જોડાયેલા સ્વરમાંથી વ્યંજન નીકળી જતાં જે સ્વર બાકી રહે તેનું નામ उद्वृत्त સ્વર. કોઈ પણ સ્વર પછી આવો उद्वृत्त સ્વર આવ્યો હોય તો સંધિ થતી નથી.

गन्ध+उडि=गन्धउडि–गन्धपुटीम् એક કીડાનુ નામ. આ ઉદાહરણમાં प સાથે उडिनो उ મળેલો હતો, પછી નીકળી જતાં એકલો उ બાકી રહ્યો.

निसा+अरो=निसाअरो–निशाकरः–ચંદ્ર અથવા निशाचरः–રાક્ષસ

निसि+अरो=निसिअरो–निशाचरः–રાક્ષસ

रयणि+अरो=रयणिअरो–रजनीकरः–ચંદ્ર અથવા रजनीचरः–રાક્ષસ

આ ત્રણે ઉદાહરણોમાં कर કે चरનો अर થવાથી अ ઉદ્વૃત્ત સ્વર છે.

मणु+अत्तं=मणुअत्तं–मनुजत्वम् મનુષ્યપણું

કોઈ કોઈ ઉદાહરણમાં આ નિયમ વિકલ્પે લાગે છે.

कुम्भारो, कुम्भआरो–कुम्भकारः–કુંભાર

सूरिसो, सुउरिसो–सुपुरुषः–સુપુરુષ

કોઈ કોઈ ઠેકાણે સ્વર પછી ઉદ્વૃત્ત સ્વર આવે તોપણ સમાસમાં બે પદમાં સંધિ થઈ જ જાય છે.

सालाहणो, सालआहणो–सातवाहनः–સાતવાહન રાજા

चक्काओ (चक्क+आओ)–चक्रवाकः–ચક્રવાક

બે નામોનો સમાસ થયા પછી બે જુદાં જુદાં નામો નથી રહેતાં પણ બે નામોનું એક પદ જ થઈ જાય છે અને સંધિનું વિધાન પ્રાકૃત ભાષામાં બે પદોમાં જ કરેલું છે એટલે સમાસમાં સંધિ ન થવી જોઈએ. તેમ છતાં–गंधउडि, निसाअरो વગેરે શબ્દોમાં આ નિયમથી સંધિનો નિષેધ કરેલો છે. તેથી એમ સમજવું જોઈએ કે જ્યાં બે નામોનો સમાસ થઈ એક પદ થયું હોય ત્યાં પણ બે નામોમાં ભિન્નપદપણું છે. ભિન્નપદપણું સમજીએ તો જ આ નિયમ લાગુ પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## त्यादेः ॥८।१।९॥

ક્રિયાપદને લાગેલા ति વગેરે પ્રત્યયોના સ્વર પછી કોઈ પણ સ્વર આવે તો એ પદમાં પણ સંધિ થતી નથી.

होइ+इह=होइ इह–અહીં થાય છે.

भवति+इह=भवति इह–અહીં થાય છે.

## लुक् ॥८।१।१०॥

કોઈ પણ સ્વર પર આવેલો હોય તો એની પૂર્વના સ્વરનો લોપ થઈ જાય છે.

तिअस+ईस=तिअस्+ईस=तिअसीसो–त्रिदशेशः–દેવોનો ઈશ–ઇંદ્ર

नीसास+ऊसासा=नीसास्+ऊसासा=नीसासूसासा–निःश्वासोच्छवासौ–નિઃશ્વાસ અને ઉચ્છ્વાસ

## अन्त्यव्यञ्जनस्य ॥८।१।११॥

શબ્દોના અંત્ય વ્યંજનનો લોપ થઈ જાય છે.

जाव–यावत्–જ્યાં સુધી

ताव–तावत्–ત્યાં સુધી

जस, जसो–यशस्–યશ

तम, तमो–तमस्–અંધકાર

जम्म, जम्मो–जन्मन्–જન્મ

જ્યારે સમાસ હોય ત્યારે જુદાં જુદાં પદરૂપ વાક્યની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પદો છે અને સમાસ થઈને એક પદરૂપ બનેલા સમાસવાળા નામને લાગેલી વિભક્તિની અપેક્ષાએ એક પદ છે. જ્યારે વાક્યની અપેક્ષા રાખીએ ત્યારે વ્યંજન અંતે આવે છે અને વિભક્તિની અપેક્ષા રાખીએ ત્યારે વ્યંજન અંતે ન આવે. જ્યાં વ્યંજન અંતે હોય ત્યાં આ નિયમથી લોપ થાય અને જ્યાં વ્યંજન અંતે ન માનીએ ત્યાં આ નિયમથી લોપ ન થાય.

सद्+भिक्षुः–અહીં વાક્યની અપેક્ષાએ सद् ના द् નો લોપ થઈ ગયો તો सभिक्खू થયું. सभिक्खू–સારો ભિક્ષુ

एतद्+गुणा–અહીં વાક્યની અપેક્ષાએ एतद्‌ના द् નો લોપ થઈ ગયો તો एअगुणा–આના ગુણો.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

सज्जन:-सद्जन:-અહીં सज्जणने લાગેલી વિભક્તિની અપેક્ષાએ सद्‌નો द् છેડે નથી તેથી द्‌નો ज् થઈ જતાં सज्जणो-રૂપ થયું. सज्जणो-સજ્જન.

तद्+गुणा અહીં પણ વિભક્તિની અપેક્ષાએ तद्‌નો द् અંત્ય વ્યંજનરૂપ નથી તેથી આ સૂત્ર દ્વારા લોપ ન થયો તેથી तग्गुणा રૂપ થયું. तग्गुणा તેના ગુણો.

## न श्रदुदोः ॥८।१।१२॥

श्रत् અને उत् શબ્દના અંત્ય વ્યંજનનો લોપ ન થાય.

श्रद्+हितम्-श्रद्धितम्-सद्+हिअं=सद्धहिअं-કરેલી શ્રદ્ધા-અહીં द्‌નો લોપ ન થાય.

श्रद्+धा=श्रद्धा-सद्+धा=सद्धा-श्रद्धा શ્રદ્ધા

उद्+गतम्=उद्+गअं=उद्गअं, અથવા उग्गयं-ઊગેલું

उद्+नतम्=उद्+नयं=उन्नयं-ઉન્નત. આ ઉદાહરણમાં द् કાયમ છે પણ સંધિ થવાથી द्‌નો न् થયેલ છે, સંધિ ન થાય ત્યારે उद्नतं રૂપ થઈ શકે. સંધિનું સૂત્ર ૧।૩।૧ સિદ્ધહેમ વ્યા.

## निर्-दुरोः वा ॥८।१।१३॥

निर् અને दुर्‌ના અંત્ય વ્યંજનનો લોપ વિકલ્પે થાય.

निर्+सहं-निस्+सहं=निस्सहं, नीसहं-निस्सहम्-ઢીલું પડી ગયેલું

दुर्+सहो-दुस्+सहो=दुस्सहो, दूसहो-दुस्सहः-ન સહી શકાય એવો

दुर्+खिओ=दुक्खिओ, दुहिओ-दुःखितः-દુઃખિત.

## स्वरे अन्तरश्च ॥८।१।१४॥

अन्तर् શબ્દ, निर् શબ્દ, दुर् શબ્દ પછી સ્વર આવ્યો હોય તો અંત્ય વ્યંજનનો લોપ થતો નથી.

अन्तर्+अप्पा=अन्तरप्पा-अन्तरात्मा-અંતરાત્મા

निर्+अन्तरं=निरन्तरम्-નિરંતર

निर्+अवसेसं=निरवसेसं-निरवशेषम्-બાકી નહીં એવું-પૂરું

दुर्+उत्तरं=दुरुत्तरं-दुरुत्तरम्-ઊતરતાં દુઃખ પડે એવું અથવા જવાબ ન આપી શકાય એવું.

दुर्+अवगाहो=दुरवगाहो-दुरवगाहः-દુઃખે પ્રવેશ કરી શકાય એવો-ઊંડો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ કોઈ ઠેકાણે બહુલંને લીધે अन्तर् શબ્દ પછી સ્વર આવે તો લોપ થઈ જાય છે.

अन्तर्+उवरि–अंतउवरि=अंतोवरि–अन्तरुपरि–વચ્ચે–ઉપર.

## स्त्रियाम् आद् अविद्युतः ॥८।१।१५॥

સ્ત્રીલિંગી નામને છેડે આવેલા અંત્ય વ્યંજનનો લોપ થતો નથી પણ आ થઈ જાય છે, માત્ર એક विद्युत् શબ્દમાં આ નિયમ ન લાગે.

सरिआ–सरित्–નદી

पाडिवआ–प्रतिपत्–પડવો

संपआ–संपत्–સંપદા–સંપત્તિ

બહુલંને લીધે आ ને બદલે ईषत्स्पृष्टतर એવો य પણ બોલાય છે એટલે આ य સ્વર જેવો બોલાય છે. (यज्ञ, यक्ष વગેરે શબ્દોના य ની પેઠે ચોખ્ખા વ્યંજન જેવો નહીં.)

विज्जु–विद्युत्–વીજ–વીજળી. આ સૂત્રમાં આ શબ્દનો નિષેધ કરેલો છે. એથી विज्जुआ રૂપ ન થાય.

## रो रा ॥८।१।१६॥

સ્ત્રીલિંગી र કારાંત શબ્દના છેડાના रનો आ ન થાય પણ रा થાય છે.

गिरा–गिर्–વાણી

धुरा–धुर्–ધોસરું

पुरा–पुर्–પુર–નગર

## क्षुधो हा ॥८।१।१७॥

क्षुध् શબ્દના અંત્ય વ્યંજનનો घ્નો થાય છે.

छुहा–क्षुध्–ભૂખ

સંસ્કૃતમાં क्षुधा શબ્દ પણ છે તેનું પણ छुहा રૂપ થઈ શકે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शरदादेः अत् ॥८।१।१८॥

शरद् વગેરે શબ્દોના અંત્ય વ્યંજનનો अ થાય છે.

सरओ-शरद्-શરદ ઋતુ

भिसओ-भिषक्-वैद्य.

## दिक्-प्रावृषोः सः ॥८।१।१९॥

दिश् અને प्रावृष् શબ્દના અંત્ય વ્યંજનનો स થઈ જાય છે.

दिक्-दिसा-દિશા

प्रावृष्-पाउसो-ચોમાસું મરાઠીમાં-पाउस

સંસ્કૃતમાં પ્રચલિત दिशा શબ્દનું રૂપ પણ दिसा થાય છે.

## आयुः-अप्सरसोः वा ॥८।१।२०॥

आयुष् અને अप्सरस् શબ્દોનો અંત્ય વ્યંજન स् વિકલ્પે બોલાય છે.

दीहाउसो અથવા दीहाऊ-दीर्घायुः-લાંબા આયુષ્યવાળો

अच्छरसा અથવા अच्छरा-अप्सराः-અપ્સરા

## ककुभः हः ॥८।१।२१॥

ककुभ् શબ્દના भ્નો ह થાય છે.

कउह+आ=कउहा-ककुभ्-દિશા

## धनुषः वा ॥८।१।२२॥

धनुष् શબ્દના અંત્ય વ્યંજનનો ह વિકલ્પે થાય છે.

धनुष्-धणुह+अं=धणुहं અથવા धणू-धनुष्

## मः अनुस्वारः ॥८।१।२३॥

શબ્દને અંતે આવેલા म્નો અનુસ્વાર થાય છે.

जलं-जलम् । जलं अत्थि पेच्छ वा-जलम् अस्ति, प्रेक्षस्व वा-પાણી છે અથવા પાણીને જો

वच्छं-वृक्षम्-વૃક્ષ છે । वच्छं पेच्छ-वृक्षं प्रेक्षस्व-વૃક્ષને જો

गिरिं-गिरिम्-गिरि છે । गिरिं पेच्छ-गिरिं प्रेक्षस्व-ગિરિને જો.

બહુલં અધિકારને લીધે કોઈક પ્રયોગોમાં અંતમાં म् ન આવેલો હોય તો પણ અનુસ્વાર થઈ જાય છે. वणम्मि નું वणंमि-વનમાં, અહીં म् અંતમાં નથી તો પણ અનુસ્વાર થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा स्वरे मश्च ॥८।१।२४॥

અંત્ય મકાર પછી સ્વર આવે તો અનુસ્વાર વિકલ્પે થાય છે અને અનુસ્વાર ન થાય ત્યારે મ્નો મ્ કાયમ રહે છે પણ ૧૧મા સૂત્રથી મ્નો લોપ થતો નથી.

उसभं अजिअं च वंदे અથવા उसभमजिअं च वंदे-ऋषभम् अजितं च वन्दे

ઋષભદેવ અને અજિતનાથને વાંદુ છું.

બહુલંના નિયમને લીધે કેટલાક પ્રયોગોમાં છેડે આવેલા મ્ સિવાયના બીજા વ્યંજનોનો પણ અનુસ્વાર થાય છે.

सक्खं साक्षात् સાક્ષાત્ । जं यत् જે । तं तत् તે ।
वीसुं विष्वक् ચારે બાજુએ । पिहं पृथक् જુદું । सम्मं सम्यक् સારું ।
इहं ऋधक् વિયોગ, શીઘ્ર, સામીપ્ય, લાભ
इहयं ऋधकक् ,, ,, ,, ,, જુઓ, ૭।૩।૩૧ ।
આલેટ્ઠુઅં-आश्लेष्टुकम्-आश्लेष्टुम् આશ્લેષ માટે. આ ઉદાહરણમાં ष्टुम् ના म् નો લોપ થયેલો લાગે છે (?)

## ङ-ञ-ण-नो व्यञ्जने ॥८।१।२५॥

ङ, ञ, ण, न પછી કોઈ પણ વ્યંજન આવ્યો હોય તો ङ ञ ण नने સ્થાને અનુસ્વાર થાય છે.

ङ्—पंती—पङ्क्तिः—પાંતી, હાર
परंमुहो—पराङ्मुखः—પરાઙ્મુખ—સન્મુખ નહીં
ञ्—कंचुओ—कञ्चुकः—પહેરવાનો કોટ
लंछणं—लाञ्छनम्—લાંછન
ण्—छंमुहो—षण्मुखः—છ મોંવાળો
उक्कंठा—उत्कण्ठा—ઉત્કંઠા
न—संझा—सन्ध्या—સંધ્યા—સાંજ
विंझो—विन्ध्यः—વિન્ધ્યાચલ

## वक्रादौ अन्तः ॥८।१।२६॥

वक्र વગેરે અનેક શબ્દોમાં પ્રયોગાનુસારે કોઈક શબ્દમાં આવેલા પહેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર ઉપર અનુસ્વાર થઈ જાય છે. કોઈક શબ્દમાં બીજા સ્વર ઉપર અનુસ્વાર થઈ જાય છે. કોઈક શબ્દમાં ત્રીજા સ્વર ઉપર અનુસ્વાર થઈ જાય છે.

પહેલા સ્વર ઉપર—वंकं–वक्रम्–વાંકું

तंसं–त्र्यस्रम्–ત્રાંસું (त्रि+अस्रम्–ત્રણ ખૂણાવાળું)
अंसुं–अश्रु–આંસુ
मंसू–श्म- દાઢીમૂછ
पुंछं–पुच्छम्–પૂંછડું
गुंछं–गुच्छम्–ગુચ્છો
मुंढा–मूर्धा–મૂંડો–માથું
पंसु–पर्शुः–ફરશી–એક હથિયાર
बुंध ब्रुध्नम्- સાંકડું
कंकोडो–कर्कोटः–કંકોડું
कुपलं–कुड्मलम्–કુંપળ–કળી
दंसणं–दर्शनम्–દર્શન
विंछिओ –वृश्चिकः–વીંછી
गिंठी–गृष्टिः–એકવાર વિયાનાર પશુ
मंजारो–मार्जारः–મણઝર–જંગલી મોટો બિલાડો

બીજા સ્વર પર—वयंसो–वयस्यः–સમાન વયનો મિત્ર

मणंसी–मनस्वी મનવાળો–સચેતન
मणंसिणी–मनस्विनी–મનવાળી–સચેતન
मणंसिला–मनःशिला- મણશીલ નામની એક ધાતુ
पडंसुआ–प्रतिश्रुत–પડછંદો–પડઘો

ત્રીજા સ્વર પર—अवरिं–उपरि–ઉપર

अणिउंतयं, अइमुंतयं–अतिमुक्तकम्–રથ બનાવવાનું લાકડું

કોઈ ઠેકાણે છંદપૂર્તિ માટે પણ અનુસ્વાર થઈ જાય છે. જેમકે

देवं–नाग–सुवण्ण–देव–नाग–सुवर्ण–દેવ, નાગકુમાર, સુવર્ણકુમાર (જૈન આગમની સ્તુતિના 'दुक्खरवरदीवड्ढे' સૂત્રનું એક ચરણ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે શબ્દોમાં ઉપર અનુસ્વાર જણાવેલો છે તે શબ્દોમાં પણ બહુલં અધિકારથી ક્યાંય ક્યાંય અનુસ્વાર થતો નથી.

गिट्ठी–गृष्टिः–એક વાર વિયાનારી

मज्जारो–मार्जारः–મણુઝર–મોટો જંગલી બિલાડો

मणसिला, मणासिला (બાહું પ્રાકૃત), मणासिला (आर्ष)–मनःशिला–મણશિલ નામની એક ધાતુ

अइमुत्तयं–अतिमुक्तकम्–રથ બનાવવા માટેનું લાકડું.

## क्त्वा-स्यादेः ण-स्वोः वा ॥८।१।२७॥

क्त्वा પ્રત્યયને બદલે પ્રાકૃતમાં ऊण કે उआण વગેરે રૂપો વપરાય છે. એવા રૂપોના ण ઉપર અનુસ્વાર વિકલ્પે થાય છે.

क्त्वा–काऊणं, काऊण–कृत्वा–કરીને

काउआणं, काउआण–कृत्वा–કરીને

તથા

स्यादि વિભક્તિના પ્રત્યયોમાં જે ण વાળા (ण વાળા એટલે अकारांत ण વાળા જ પણ णा, इ વગેરે વાળા નહીં) પ્રત્યયો આવે છે તેના ઉપર અને જે सु વાળા પ્રત્યયો આવે છે તે પ્રત્યયોના सु ઉપર અનુસ્વાર વિકલ્પે થાય છે.

ण–वच्छेणं, वच्छेण–वृक्षेण–વૃક્ષ વડે

सु–वच्छेसुं, वच्छेसु–वृक्षेषु–વૃક્ષોમાં

करिअ–कृत्वा–કરીને—અહીં क्त्वा તો છે પણ તેનું ण વાળું રૂપ નથી.

अग्गिणो–અહીં સ્યાદિ વિભક્તિનો णो છે પણ અકારાંત ण નથી તેથી करिअ અને अग्गिणो એ બન્ને રૂપોમાં અનુસ્વાર ન થાય.

## विंशत्यादेः लुक् ॥८।१।२८॥

विंशति વગેરે શબ્દોમાં અનુસ્વારનો લોપ થઈ જાય.

वीसा–विंशतिः–વીશ

तीसा–त्रिंशत्–ત્રીશ

सक्कयं–संस्कृतम्–સંસ્કારયુક્ત

सक्कारो–संस्कारः–સંસ્કાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मांसादेः वा ॥८।१।२९॥

માંસ વગેરે શબ્દોમાં આવેલા અનુસ્વારનો લોપ વિકલ્પે થાય છે.

માસં, મંસં–માંસમ્–ભાષામાં માંસ અથવા માસ બોલાય છે.

मासलं, मंसलं–मांसलम्–પુષ્ટ
कासं, कंसं–कांस्यम्–કાંસુ
पासू, पंसू–पांसुः–ધૂળ
कह कहं–कथम्–કેવી રીતે
एव–एवम्–એમ
नूण, नूणं–नूनम्–નિશ્ચિત
इआणि, इआणिं }इदानीम्–હમણાં, આજકાલ
दाणि, दाणिं
कि करेमि. किं करेमि–किं करोमि–હું શું કરું ?
समुहं, संमुहं–संमुखम् સામે
केसुअं, किंसुअं–किंशुकम्–કિંશુક–કેસૂડો–ખાખરો
सीहो, सिंघो–सिहः–સિંહ વગેરે

## वर्गे अन्त्यो वा ॥८।१।३०॥

વર્ગના અક્ષરની પૂર્વેના અનુસ્વારના સ્થાને વર્ગનો પાંચમો અક્ષર વિકલ્પે થાય છે.

क વર્ગ

–पंको, पङ्को–पङ्कः–પંક–ગારો
संखो, सङ्खो–शङ्खः–શંખ
अंगणं, अङ्गणं–अङ्गणम्–આંગણું
लंघणं, लङ्घणं–लङ्घनम्–લાંઘણ

च વર્ગ

–कंचुओ, कञ्चुओ–कञ्चुकः–પહેરવાનો કોટ
लंछणं, लञ्छणं–लाञ्छनम्–લાંછન
अंजियं, अञ्जियं–अक्तम्–આંજેલું
संझा, सञ्झा–सन्ध्या–સંધ્યા–સાંજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ट વર્ગ

—कंटओ, कण्टओ—कण्टकः—કાંટો
उक्कंठा, उक्कण्ठा—उत्कण्ठा—ઉત્કંઠા
कंडं, कण्डं—काण्डम् કુત્સિત
संढो, सण्ढो—षण्ढः—સાંઢ

त વર્ગ

—अंतरं, अन्तरं—अन्तरम्—આંતરું
पंथो, पन्थो—पान्थः—મુસાફર—પ્રવાસી
चंदो, चन्दो—चन्द्रः—ચાંદો—ચંદ્રમા
बंधवो, बन्धवो—बान्धवः—બાંધવ—ભાઈ

प વર્ગ

—कंपइ, कम्पइ—कम्पते—કંપે છે
वंफइ, वम्फइ—वर्फति—વળે છે—જાય છે ।।૮:૪।૧૭૬।।
कलंबो, कलम्बो कदम्बः—કદંબનું ઝાડ
आरंभो, आरम्भो—आरम्भः—આરંભ—શરૂઆત

संसओ—संशयः—સાંસો—સંશય
संहरइ—संहरति—સંહાર કરે છે.

આ બે ઉદાહરણોમાં વર્ગના અક્ષરથી પહેલાં અનુસ્વાર નથી પણ स અને हની પૂર્વે છે. स અને ह વર્ગના અક્ષરો નથી તેથી આ નિયમ ન લાગે.

કેટલાક વૈયાકરણો આ નિયમને નિત્ય માને છે એટલે એમને મતે અનુસ્વારને બદલે પાંચમો અક્ષર જ વપરાય.

## શબ્દના લિંગ વિષે

### प्रावृट्‌—शरद्—तरणयः पुंसि ।।८।१।३१।।

प्रावृष्, शरद् અને तरणि શબ્દો પ્રાકૃતમાં પુંલિંગમાં વપરાય છે.

पाउसो प्रावृट्—વર્ષાઋતુ
सरओ शरद्—શરદઋતુ
एस तरणी—एषः तरणिः—આ સૂર્ય

સંસ્કૃત ભાષામાં तरणि શબ્દ પુંલિંગમાં વપરાય છે અને સ્ત્રીલિંગમાં પણ વપરાય છે. ત્યારે આ નિયમ પ્રમાણે પ્રાકૃત ભાષામાં तरणि શબ્દને પુંલિંગમાં જ વાપરવો એવા ચોક્કસ નિયમ માટે આ સૂત્રમાં तरणि શબ્દને પણ લીધો છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्-नम् अदाम-शिरः-नमः ॥८।१।३२॥

दामन्, शिरस् અને नमस् શબ્દો સિવાય બાકીના स કારાંત અને न કારાંત શબ્દોને પુંલિંગમાં વાપરવા.

સકારાંત—जसो यशस्–યશ
पओ–पयस्–દૂધ, પાણી
तमो–तमस्–અંધકાર
तेओ–तेजस्–તેજ
उरो–उरस्–છાતી
નકારાંત—जम्मो–जन्मन् જન્મ
नम्मो–नर्मन् હાસ્ય
मम्मो–मर्मन्–મર્મસ્થાન
दामं–दामन्–માળા
सिरं–शिरः–શિર, માથુ
नहं–नभः–આકાશ

આ ત્રણે શબ્દોને સૂત્રમાં વર્જેલા છે તેથી પુંલિંગમાં ન થયા.

બહુલને લીધે કેટલાક સકારાંત અને નકારાંત શબ્દો નપુંસકલિંગમાં પણ દેખાય છે.

સકારાંત—सेयं–श्रेयः–શ્રેય–કલ્યાણ
वयं–वचः–વચન
सुमणं–सुमनः–ફૂલ અથવા સારું મન
નકારાંત—सम्मं शर्मन् સુખ
चम्मं चर्मन् ચામડું

## वा अक्ष्यर्थ-वचनाद्याः ॥८।१।३३॥

अक्षि શબ્દ અને આંખના પર્યાયવાચી શબ્દો પ્રાકૃતમાં પુલિંગમાં વિકલ્પે વાપરવાના છે તથા वचन વગેરે શબ્દો પ્રાકૃતમાં પુંલિંગમાં વિકલ્પે વાપરવાના છે.

પુંલિંગ સ્ત્રીલિંગ નપુંસક

एस अच्छी। एसा अच्छी। अच्छीइं अक्षीणि મૂળ શબ્દ अक्षि આંછ અથવા આંખ अञ्जल्यादि ગણમાં अक्षि શબ્દનો પાઠ હોવાથી ૮/૧/૩૫મા સૂત્રના નિયમ પ્રમાણે अक्षि શબ્દ સ્ત્રીલિંગમાં પણ વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પુંલિંગ | નપુંસક | |
|---|---|---|
| चक्खू | चक्खूइं | चक्षूंषि મૂળ શબ્દ चक्षुस्–ચક્ષુ |
| नयणा | नयणाइं | नयनानि મૂળ શબ્દ नयन–નેન |
| लोअणा | लोअणाइं | लोचनानि મૂળ શબ્દ लोचन–લોચન |

वचनादि शब्दो—

| | | |
|---|---|---|
| वयणा | वयणाइं | वचनानि મૂળ શબ્દ वचन–વેણ |
| विज्जुणा | विज्जूए | विद्युता મૂળ શબ્દ विद्युत्–વીજળી વડે |
| कुलो | कुलं | कुलम् કુળ |
| छंदो | छंदं | छन्दः છંદ |
| माहप्पो | माहप्पं | माहात्म्यम् માહાત્મ્ય |
| दुक्खा | दुक्खाइं | दुःखानि–દુઃખ |
| भायणा | भायणाइं | भाजनानि–ભાણાં–ભાજન |

આ બધા વનચાદિ શબ્દો છે.

| | | |
|---|---|---|
| नेत्ता | नेत्ताइं | नेत्राणि–નેત્રો–વિશેષ પ્રકારનાં પહેરવાનાં કપડાં |
| कमला | कमलाइं | कमलानि–કમળ |

સંસ્કૃતના હૈમ લિંગાનુશાસનમાં (શ્લો૦ ૨૬ તથા ૨૯ પુંનપુંસક૦ પ્રકરણ) नेत्र શબ્દ અને कमल શબ્દ પુંલિંગમાં અને નપુંસકલિંગમાં બતાવેલા છે. માટે પ્રાકૃતમાં પણ એમ જ વપરાય.

## गुणाद्याः क्लीबे वा ॥८।१।३४॥

ગુણ વગેરે શબ્દો પ્રાકૃત ભાષામાં નપુંસકલિંગમાં વિકલ્પે વાપરવા.

गुणाइं, गुणा–गुणाः–ગુણો
देवाणि, देवा–देवाः–દેવો
बिंदूइं, बिंदुणो–बिन्दवः–બિંદુઓ અથવા મીંડાં
खग्गं, खग्गो–खड्गः–ખાંડું–તરવાર
मंडलग्गं, मंडलग्गो–मण्डलाग्रः–તરવાર
कररुहं, कररुहो–कररुहः–હાથમાં ઊગનારો નખ
रुक्खाइं, रुक्खा–वृक्षाः–રૂંખડાં, વૃક્ષો

આ બધા ગુણાદિ શબ્દો છે.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

## वा इमा-अञ्जल्याद्याः स्त्रियाम् ॥८।१।३५॥

૭/૧/૫૮ તથા ૫૯ના નિયમ પ્રમાણે इमन् પ્રત્યયવાળા શબ્દો તથા ૮/૨/૧૫૪ના નિયમ પ્રમાણે इमा પ્રત્યયવાળા શબ્દો તથા अञ्जलि વગેરે શબ્દો પ્રાકૃત ભાષામાં સ્ત્રીલિંગમાં વિકલ્પે વાપરવા.

इमन् —એસા गरिमा, એસ गरिमा—गरिमा—ગરવાઈ

એસા महिमा, એસ महिमा—महिमा—મહિમા

इमा —એસા निल्लजिमा, એસ निल्लज्जिमा—निर्लज्जत्वम्—નિર્લજ્જપણું

એસા धुत्तिमा, એસ धुत्तिमा—धूर्तत्वम्—ધૂર્તપણું

अञ्जलि વગેરે શબ્દો—

એસા अंजली, એસ अजली—अञ्जलिः—અંજલિ

पिट्ठी, पिट्ठं—पृष्ठिः—પીઠ

કેટલાક વૈયાકરણો એમ કહે છે કે પૃષ્ઠનો पिट्ठ થાય ત્યારે તેને સ્ત્રીલિંગમાં જ વાપરવો.

अच्छी, अच्छि—अक्षि—આંખ—આંખ

पण्हा, पण्हो—प्रश्नः—પ્રશ્ન

चोरिआ, चोरिअं—चौर्यम्—ચોરી

कुच्छी, कुच्छो—कुक्षिः—કૂખ

बली, बली-बलिः—બલિ—નિવેદ

निही, निही—निधिः—નિધિ

विही, विही—विधिः—વિધિ

रस्सी, रस्सी—रश्मिः—રાશ—બળદની રાશ

गंठी, गंठी—ग्रन्थिः—ગાંઠ, ગ્રંથિ

આ બધા अञ्जलि આદિ શબ્દો છે.

गड्डा, गड्डो—गर्ता, गर्तः—હિંદીમાં गड्डा ગુજરાતીમાં ખાડો

સંસ્કૃતમાં गर्त શબ્દના પુંલિંગ અને સ્ત્રીલિંગ એમ બે લિંગો છે. પ્રાકૃતમાં પણ એ જ પ્રમાણે વાપરવાં.

મૂળ સૂત્રમાં જે इमा શબ્દ મૂકેલો છે તે इमा પદ વડે પૃથુ વગેરે શબ્દોને पृथ्वादेः इमन् वा ॥૭।૧।૫૮॥ વગેરે સૂત્રો દ્વારા લાગતો ભાવવાચક સંસ્કૃતનો इमन् પ્રત્યય લેવો તથા ભાવવાચક त्व પ્રત્યયના સ્થાને પ્રાકૃતમાં ॥૮।૨।૧૫૪॥ વપરાતો इमा પ્રત્યય પણ લેવો અર્થાત્ તંત્ર વડે इमा પદથી इमन् અને इमा એ બન્ને પ્રત્યયો લેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક વૈયાકરણો એમ માને છે કે ભાવવાચક त्व–त्त પ્રત્યયને સ્થાને પ્રાકૃતમાં વપરાતો इमा પ્રત્યય જે નામને છેડે આવેલો હોય તે નામને નારીજાતિમાં જ વાપરવું.

## बाहोः आत् ॥८।१।३६॥

નારીજાતિના बाहु શબ્દના અંત્યસ્વરનો પ્રાકૃતમાં आ થાય છે.

बाहु+आ=बाहा+ए=बाहाए–બાંહ વડે–બાંયવડે–હાથ વડે

આ. હેમચંદ્ર પોતાના 'अभिधानचिन्तामणि' કોશમાં સંસ્કૃતમાં પણ बाहा શબ્દ भुजના પર્યાય તરીકે આપે છે.–"भुजः बाहुः प्रवेष्टः दोः बाहा"–મર્ત્યકાંડ, ૫૯૦ શ્લોક.

वामेअरो बाहू–वामेतरः बाहुः–આ વાક્યમાં बाहु શબ્દ નરજાતિ છે તેથી बाहा ન થયું.

## अतः डो विसर्गस्य ॥८।१।३७॥

अकार પછી આવેલા અને સંસ્કૃતના નિયમથી બનેલા વિસર્ગના સ્થાનમાં ओ(डो) થાય છે.

सव्वत+ओ=सव्वतो, सव्वओ–सर्वतः–સર્વ બાજુથી

पुरत+ओ=पुरतो, पुरओ–पुरतः–આગળ અથવા પુરમાંથી–નગરમાંથી

अग्गत+ओ=अग्गतो, अग्गओ–अग्रतः–આગળથી

मग्गत+ओ=मग्गतो, मग्गओ–मार्गतः–માર્ગથી અથવા પાછળથી

સંસ્કૃતના વિસર્ગવાળા સિદ્ધ રૂપોને પણ આ નિયમ લાગે છે—

भवत+ओ=भवतो, भवओ–भवतः–આપને, આપથી અથવા આપનું

પ્રથમા બહુ૦— | भवन्त+ओ=भवन्तो–भवन्तः–આપ
| सन्त+ओ=सन्तो–सन्तः–સત્પુરુષો અથવા વિદ્યમાન પુરુષો

कुत+ओ=कुतो, कुदो–कुतः–ક્યાંથી

भवत् શબ્દનાં भवतो, અથવા भवओ, भवन्तो તથા सत् શબ્દનાં सन्तो વગેરે રૂપો પ્રાકૃત ભાષાના નિયમથી સધાતાં નથી પણ સંસ્કૃતના નિયમ પ્રમાણે भवतः, भवन्तः તથા सत् શબ્દનાં सन्तः વગેરે રૂપો સિદ્ધ કરી પછી તે રૂપોને આ નિયમ લગાડવાનો છે, એટલે આચાર્ય કહે છે કે भवतो અથવા भवओ, भवन्तो, सन्तो વગેરે રૂપો સિદ્ધ અવસ્થાની અપેક્ષાએ સમજવાનાં છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## निर्-प्रती ओत्-परी माल्य-स्थोः वा ॥८।१।३८॥

निर् પછી माल्य શબ્દ આવે તો निर्ने બદલે ओ વિકલ્પે બોલવો અને प्रति પછી स्था ધાતુનું રૂપ આવે તો प्रतिनो परि વિકલ્પે બોલવો.

निर्+मल्लं=ओमालं, निम्मल्लं-निर्माल्यम्-નિર્માલ્ય

निर्+मल्लयं=ओमालयं, निम्मल्लयं वहइ-निर्माल्यकं वहति-નિર્માલ્યને વહે છે.

૮।૧।૧૭૨ સૂત્ર દ્વારા अवमाल्यम्‌નું ओमल्लं રૂપ સાધી શકાય છે એથી निर्नो ओ કરવાનું કોઈ કારણ જણાતું નથી.

प्रति+ट्ठा-परिट्ठा, पइट्ठा-प्रतिष्ठा-પ્રતિષ્ઠા

प्रति+ट्ठिअं-परिट्ठिअं, पइट्ठिअं-प्रतिष्ठितम्-પ્રતિષ્ઠિત

## आदेः ॥८।१।३९॥

આ પાદનાં નીચેના ૪૦મા સૂત્રથી માંડીને ૧૭૭મા સૂત્ર સુધીનાં સૂત્રોમાં જે કાંઈ વિધાન કહેલું છે તે 'આદિના અક્ષર'નું એટલે આદિના સ્વર કે વ્યંજનનું સમજવું અર્થાત્ બતાવેલું વિધાન આદિમાં થાય એમ સમજવું. આ સૂત્ર અધિકારસૂત્ર છે, બીજું કશું નવું વિધાન કરતું નથી.

## त्यदादि-अव्ययात् तत्स्वरस्य लुक् ॥८।१।४०॥

त्यदादि શબ્દો પછી આવેલા त्यदादि શબ્દના આદિ સ્વરનો બહુલં લોપ થાય છે તથા त्यदादि શબ્દો પછી આવેલા અવ્યયના આદિ સ્વરનો બહુલં લોપ થાય છે તથા અવ્યય પછી આવેલા અવ્યયના આદિ સ્વરનો લોપ થાય છે તથા અવ્યય પછી આવેલા त्यदादिના આદિ સ્વરનો લોપ થાય છે.

त्यदादि પછી त्यदादि-अम्हि+एसो=अम्हिसो, अम्हि एसो-अहम् एषः-હું આ

त्यदादि પછી અવ્યય-अम्हे+एत्थ=अम्हेत्थ, अम्हे एत्थ-वयम् अत्र-અમે અહીં

અવ્યય પછી અવ્યય-जइ+एत्थ=जइत्थ, जइ एत्थ-यदि अत्र-જો અહીં.

અવ્યય પછી त्यदादि-जइ+इमा=जइमा, जइ इमा-यदि इयम्-જો આ

,, ,, ,, -जइ+अहं=जइहं, जइ अहं-यदि अहम्-જો હું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पदाद् अपेः वा ॥८।१।४१॥

પદ પછી આવેલા अपि અવ્યયના આદિનો લોપ વિકલ્પે થાય છે.

तं अपि=तं पि, तमवि–तदपि–તે પણ

किं अपि=किं पि, किमवि–किमपि–શું પણ

केण अवि=केण वि, केणावि–केन अपि–કોના વડે પણ

कहं अवि=कहं पि, कहमवि–कथमपि–કેવી રીતે પણ, કોઈ રીતે પણ

## इतेः स्वरात् तश्च द्विः ॥८।१।४२॥

પદ પછી આવેલા इति ના આદિના इ નો લોપ થઈ જાય છે. લોપ થયા પછી જો इति નો તકાર સ્વર પછી આવેલો હોય તો તે ડબલ–બેવડો–થઈ જાય છે એટલે ति નું त्ति થઈ જાય છે.

किं इति–किं ति–किमिति–શું એ પ્રમાણે

जं इति–जं ति–यदिति–જે એ પ્રમાણે

दिट्ठं इति–दिट्ठं ति–दृष्टमिति–જોયું એ પ્રમાણે

न जुत्तं इति–न जुत्तं ति–न युक्तमिति–નથી યુક્ત એ પ્રમાણે

સ્વર પછી

तहा इति–तहत्ति–तथा इति–તે પ્રમાણે

झद्+इति–झ इति–झत्ति–झटिति–ઝટ

पिओ! इति=पिओ त्ति–हे प्रिय! इति–હે પ્રિય! એ પ્રમાણે

पुरिसो इति=पुरिसो त्ति–हे पुरुष! इति–હે પુરુષ! એ પ્રમાણે

इअ विन्झ–गुहा–निलयाअे इति विन्ध्य–गुहा–निलयायाः––એ પ્રમાણે જેણીનું ઘર વિંધ્યાચલની ગુફા છે એવીનું––આ વાક્યમાં इति શબ્દ પદ પછી આવેલ નથી પણ આદિમાં છે તેથી આ નિયમ ન લાગે.

## लुप्तय–र–व–श–ष–सां श–ष–सां दीर्घः ॥८।१।४३॥

श्य, श्र, र्श, श्व, श्श––એમાંનો य, र, व કે श લોપાયા પછી શબ્દના આદિ સ્વરનો દીર્ઘ થઈ જાય છે.

य––पासइ (पश्यति–प+शति)–તે જુએ છે

कासवो (कश्यपः–क+शपः)–કાશ્યપ ગોત્રવાળો કાશ્યપ–મહાવીર ભગવાન

आवासयं (आवश्यकम्–आव+शकम्)–આવશ્યક કામ અથવા જૈન પરંપરાનું આવશ્યક સૂત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

र—वीसमइ (विश्राम्यति–वि+शमति)–વિસામો લે છે
वीसामो (विश्रामः–वि+शामः)–વિસામો.
मीसं (मिश्रम्–मि+शम्)–મિશ્ર–ભેગું–મળી ગયેલું.
संफासो (संस्पर्शः– सस्प+शः)–સંસ્પર્શ
व—आसो (अश्वः–अ+शः)–અશ્વ–ઘોડો
वीससइ (विश्वसिति–वि+शसति)–વિશ્વાસ કરે છે.
वीसासो (विश्वासः–वि+शासः)–વિશ્વાસ
श—दूसासणो (दुश्शासनः–दु+शासनः)–દુઃશાસન
मणासिला (मनश्शिला–मन+शिला)–મણશિલ નામની ધાતુ

ष्य, ष्र, र्ष, ष्व અને ष्ष—એમાંના य, र, व અને ष લોપાયા પછી શબ્દના આદિ સ્વરનો દીર્ઘ થાય છે.

य—सीसो (शिष्यः–शि+षः)–શિષ્ય
पूसो (पुष्यः–पु+षः)–પુષ્ય નક્ષત્ર
मणूसो (मनुष्यः–मनु+षः)–મનુષ્ય
र—कासओ (कर्षकः–क+षकः)–ખેડૂત
वासा (वर्षा–व+षा)–વર્ષાઋતુ
वासो (वर्षः–व+षः)–વર્ષ
व—वीसाणो (विष्वाणः–वि+षाण)–જમવું–ખાવું
वीसुं (विष्वक्–वि+षक्)–ચારે બાજુએ
ष—नीसित्तो (निष्षिक्तः–नि+षिक्तः)–નિરંતર સીંચેલ

स्य, स्र, र्स, स्व અને स्स—એમાંના य, र, व અને स લોપાયા પછી આદિ સ્વરનો દીર્ઘ થાય છે.

य—सासं (सस्यम्–स+सम्)–ધાસ
कासइ (कस्यचित्–क+सचित्)–કોઈનું
र—ऊसो (उस्रः–उ+सः)–કિરણ
वीसंभो (विस्रम्भः–वि+संभो)–વિશ્વાસ
व—वीकासरो (विकस्वरः–विक+सरः–વિકસ્વર–વિકાસવાળો)
नीसो (निस्वः–नि+सः)–નિર્ધન
स—नीसहो (निस्सहः–नि+सहः)–થાકેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—કોઈ પણ સંયુક્ત વ્યંજનમાંથી એક વ્યંજન લોપાય તો આદિમાં નહીં આવેલા બાકી રહેલા વ્યજનનો ૮/૨/૮૯ સૂત્રથી દ્વિર્ભાવ થાય છે. અહીં આપેલાં ઉદાહરણોમાં આદિમાં નહીં એવો બાકી રહેલો સંયુક્ત વ્યંજન છે જ છતાં દ્વિર્ભાવ કેમ ન થયો ?

ઉત્તર—૮/૨/૮૯ સૂત્રથી દ્વિર્ભાવની પ્રાપ્તિ છે એ તો ખરું પણ ૮/૨/૯૨ સૂત્રના નિયમથી 'દીર્ઘ સ્વર અને અનુસ્વાર પછી આવેલા વ્યંજનનો દ્વિર્ભાવ થતો નથી' એવો નિષેધ કરેલો છે માટે દ્વિર્ભાવ થતો નથી.

## अतः समृद्ध्यादौ वा ॥८।१।४४॥

समृद्धि વગેરે શબ્દોમાં આવેલા આદિના અકારનો વિકલ્પે દીર્ઘ થાય છે.

सामिद्धी, समिद्धी–समृद्धिः–સમૃદ્ધિ

पासिद्धी, पसिद्धी–प्रसिद्धिः–પ્રસિદ્ધિ–ખ્યાતિ

पायडं, पयडं–प्रकटम्–પ્રગટ

पाडिवआ, पडिवआ–प्रतिपत्–પડવો

पासुत्तो, पसुत्तो–प्रसुप्तः–સૂતેલો

पाडिसिद्धी, पडिसिद्धी–प्रतिसिद्धिः–પ્રતિસિદ્ધિ

सारिच्छो, सरिच्छो–सदृक्षः–સરખો–જેવો

माणंसी, मणंसी–मनस्वी–मनस्विन्–મનસ્વી

माणंसिणी, मणसिणी–मनस्विनी–મનસ્વિની

आहिआइ, अहिआइ–अभियाति–શત્રુ–સામે થનારો

पारोहो, परोहो–प्ररोह–અંકુર

पावासू, पवासू–प्रवासी–प्रवासिन्–મુસાફર.

पाडिप्फद्धी, पडिप्फद्धी–प्रतिस्पर्धी–(મૂળ શબ્દ प्रतिस्पर्धिन्) હરીફાઈ કરનાર

આ समृद्धि વગેરે શબ્દોનો ગણ આકૃતિગણ છે તેથી તેમાં નીચેના વધારે શબ્દો જણાવેલા છે તેને પણ સમાવી લેવાના છે.

आफंसो–अस्पर्शः–સ્પર્શ ન થાય તેવો

पारकेरं, पारक्कं–परकीयम्–પારકું

पावयणं–प्रवचनम्–પ્રવચન

चाउरंतं–चतुरन्तम्–ચાર છેડાવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दक्षिणे हे ॥८।१।४५॥

दक्षिण શબ્દમાં क्ष નો ह થયા પછી द નો दा થાય છે.

दाहिणो–दक्षिणः–ડાહ્યો–ચતુર

दक्खिणो શબ્દમાં क्षનો ह ન થવાથી તેના द નો दा થયો નથી.

## इः स्वप्नादौ ॥८।१।४६॥

स्वप्न વગેરે શબ્દોમાં આદિના अनो इ થઈ જાય છે.

सिविणो, सिमिणो–स्वप्नः–સ્વપ્ન

આર્ષપ્રાકૃતમાં उकार થતાં—सुमिणो

ईसि–ईषत्–થોડું

वेडिसो–वेतसः–નેતર

विलिअं–व्यलीकम्–જૂઠું

विअण–व्यजनम्–વીંજણો

मुइङ्गो–मृदङ्गः–મૃદંગ–એક જાતનું વાદ્ય

किविणो–कृपणः–કૃપણ–કંજૂસ

उत्तिमो–उत्तमः–ઉત્તમ

मिरिअं–मरिचम्–મરી, મરચું

दिण्णं–दत्तम्–દીધેલું

दत्त શબ્દમાં જ્યારે त्तનો ण ન થાય ત્યારે બહુલં અધિકારને લીધે આ નિયમ લાગતો નથી.

दत्तं–दत्तम्–દીધેલું

देवदत्तो–देवदत्तः–વિશેષ નામ છે

## पक्व–अङ्गार–ललाटे वा ॥८।१।४७॥

पक्व, अङ्गार અને ललाट શબ્દોમાં આદિના अनो इ વિકલ્પે થાય છે.

पिक्कं, पक्कं–पक्वम्–પાકેલું —મરાઠીમાં–पिकलेला

इंगालो, अंगारो–अङ्गारः–અંગારો

णिलाडं, णडालं–ललाटम्–નિલાટ–લલાટ–કપાળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मध्यम-कतमे द्वितीयस्य ॥८।१।४८॥

मध्यम અને कतम શબ્દમાં બીજા અનો इ થાય છે.

मज्झमो-मज्झिमो-मध्यम:-મજમો, મજમું અથવા માજમ-વચલું
कतमो-कइमो-कतम:-કેટલામો.

## सप्तपर्णे वा ॥८।१।४९॥

सप्तपर्ण શબ્દમાં બીજા અનો इ વિકલ્પે થાય છે.

छत्तिवण्णो, छत्तवण्णो-सप्तपर्ण:-સાદડનું વૃક્ષ

## मयटि अइः वा ॥८।१।५०॥

मयट् (६।२।४६ થી ५३) પ્રત્યયમાં આદિના અનો अइ વિકલ્પે થાય છે.

विसमइओ, विसमओ-विषमय:-વિષમય

## ईः हरे वा ॥८।१।५१॥

हर શબ્દમાં આદિના અનો ई વિકલ્પે થાય છે.

हीरो, हरो, हर:—મહાદેવ.

આ. હેમચંદ્ર પોતાના 'अभिधानचिन्तामणि' કોશમાં 'મહાદેવ' અર્થના જ हर શબ્દનો हीर શબ્દ પર્યાય તરીકે નોંધે છે.—"कटप्रू-हीर-हल्करा:"-शेषनाममाला, देवकांड શ્લો. ४८.

## ध्वनि-विष्वचोः उः ॥८।१।५२॥

ध्वनि અને विष्वक् શબ્દમાંના અનો उ થાય છે.

धुणि-झुणी-ध्वनि:-ઝણઝણ એવો અવાજ

विसु-वीसुं-विष्वक्-ચારે બાજુ. (અનુસ્વાર માટે જુઓ સૂત્ર ८।१।२४)

'કૂતરા' અર્થમાં વપરાતા પ્રાકૃત ભાષાના सुणअ શબ્દને સંસ્કૃત शुनक ઉપરથી સાધવાનો છે. એ માટે श्वन्‌માં वना 'અ'નો 'उ' કરવાની જરૂર નથી. સંસ્કૃત श्वन् શબ્દના તો પ્રાકૃતમાં सा અને साणो એવાં રૂપો થાય છે, પણ सुणओ રૂપ થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वन्द्र-खण्डिते णा ॥८।१।५३॥

वन्द्र અને खण्डित શબ્દોમાં નકાર અને ણકાર સહિત આદિના અકારનો ઉ વિકલ્પે થાય છે.

वुन्द्रं, वन्द्रं–वन्द्रम्–સમૂહ

खुडिओ, खंडिओ–खण्डितः–ખંડિત થઈ ગયેલો–ખોડો.

આ સ્થળે चण्ड એવું પાઠાંતર પણ છે. જો चण्ड પાઠ હોય તો चुडो અને ચંડો એવાં રૂપો થાય. આમાં કયો પાઠ ખરો છે એનો નિર્ણય પ્રાકૃતના પંડિતોએ કરવાનો છે.

## गवये वः ॥८।१।५४॥

गवय શબ્દમાં व ના अ નો उ થાય છે.

गवयो–गउओ–गवयः (गउआ બહુવચન) ગાયના જેવું જંગલી પ્રાણી

## प्रथमे प-थोः वा ॥८।१।५५॥

प्रथम શબ્દના पના 'अ'નો उ વિકલ્પે થાય છે. थना अनो उ વિકલ્પે થાય છે અને प તથા थना अनो એકીસાથે उ વિકલ્પે થાય છે.

पडमं–पुढमं, पढुमं, पुढुमं–प्रथमम्–પહેલું

## ज्ञो णत्वे अभिज्ञादौ ॥८।१।५६॥

अभिज्ञ વગેરે શબ્દોમાં ज्ञनो ण થયા પછી णना अनो उ થાય છે.

अभिण्ण–अभिण्णु–अहिण्णू–अभिज्ञः જાણકાર

सव्वण्ण–सव्वण्णु–सव्वण्णू–सर्वज्ञः–સર્વજ્ઞ

कयण्ण–कयण्णु–कयण्णू–कृतज्ञः કરેલાને જાણના–ઉપકાર નહીં ભૂલનારો

आगमण्ण–आगमण्णु–आगमण्णू–आगमज्ञः–આગમોને જાણનારો

अहिज्जो (अभिज्ञः), सव्वज्जो (सर्वज्ञः) –આ શબ્દોમાં ज्ञनो ण થયો નથી એથી अनो उ થયો નથી.

पण्णो (प्राज्ञः)— આ શબ્દ अभिज्ञादि ગણમાં નથી તેથી તેનું पण्णु રૂપ ન થાય.

જે પ્રયોગોમાં ज्ञनो ण થયા પછી તે णनो ण्णु દેખાય તે પ્રયોગોને अभिज्ञादि ગણમાં સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## एत् शय्यादौ ॥८।१।५७॥

शय्यादि શબ્દોમાં આદિના अनो ए થાય છે.

सय्या–सेज्जा–शय्या-સેજ–પથારી

सद्या–सज्जा–सेज्जा सद्या, सद्म–નિવાસસ્થાન

सुंदेरं सौन्दर्यम्–સુંદરતા

गेंदुअं कन्दुकम्–ગેંદ–દડો

अत्थ अेत्थ अत्र–અહીં

આ. હેમચંદ્ર પોતાના 'अभिधानचिन्तामणि' કોશમાં (મર્ત્યકાંડ) कन्दुकना પર્યાય તરીકે गेन्दुक શબ્દને પણ આપે છે.—

समौ कन्दुकगेन्दुकौ'' ॥६८९॥

पुराकम्म શબ્દનું આર્ષ પ્રાકૃતમાં पुरेकम्म થઈ જાય છે.

## वल्ली-उत्कर-पर्यन्त-आश्चर्य वा ॥८।१।५८॥

वल्ली, उत्कर, पर्यन्त, અને आश्चर्य શબ્દોમાંના આદિના અકારનો ए વિકલ્પે થાય છે.

वेल्ली, वल्ली–वल्ली વેલડી "वल्लि–वल्लयौ च वेल्लिवत्''–શબ્દરત્નાકર. સંસ્કૃતમાં પણ वेल्लि શબ્દ છે.

उक्केरो, उक्करो उत्कर:–ઉકરડો

पेरन्तो, पज्जन्तो पर्यन्तः પર્યંત છેડો–ત્યાં સુધી

अच्छेरं, अच्छरिअं, अच्छअरं, अच्छरीअं–आश्चर्यम्–આશ્ચર્ય

## ब्रह्मचर्ये चः ॥८।१।५९॥

ब्रह्मचय શબ્દમાંના चना अनो ए ઉચ્ચાર કરવો.

बम्हचेरं–ब्रह्मचर्यम्–બ્રહ્મચર્ય

अन्तर् શબ્દમાં तना अनो अे કરવો.

## तः अन्तरि ॥८।।१।६०॥

अन्तेउरं अन्त:पुरम् અંતઃપુર–પુરની અંદરનો ભાગ–રાણીવાસ–રાજાની રાણીઓનું નિવાસસ્થાન

अन्तेआरी अन्तश्चारी–અંદર ફરનારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ કોઈ પ્રયોગમાં अन्तर્ના तના अનો ओ થતો નથી, જેમકે अन्तग्गयं—अन्तर्गतम्

अन्तो—वीसम्भ—निवेसिआणं—अन्तःविश्रम्भनिवेशितानाम् અંતરના વિશ્વાસમાં આવેલા

## ओत् अद्मे ॥८॥१।६१॥

पद्म શબ્દના આદિના अનો ओ થાય છે.

पोम्मं पद्म પદ્મ—કમળ

જ્યારે ८/२/११२ સૂત્રથી पद्म—पदम શબ્દનું पदुम થાય ત્યારે द्म ન હોવાથી पउमं રૂપ થાય એટલે આ નિયમ ન લાગે.

## नमस्कार-परस्परे द्वितीयस्य ॥८।१।६२॥

नमस्कार અને परस्पर શબ્દોમાં બીજા अનો ओ થાય છે.

नमोक्कारो नमस्कारः—નમસ્કાર

परोप्परं परस्परम्—પરસ્પર

## वा अर्पौ ॥८।१॥६३॥

अर्प् ધાતુના આદિના अનો ओ વિકલ્પે થાય છે.

अप्पेइ, ओप्पेइ अर्पयति—ઓપે છે. આપે છે.

अप्पिअं, ओप्पिअं अर्पितम्—ઓપેલું, આપેલું.

## स्वपौ उत् च ॥८॥१॥६४॥

स्वप् ધાતુના આદિના अનો ओ અને उ વારાફરતી થાય છે.

सोवइ, सुवइ स्वपिति—સુએ છે.

## नात् पुनरि आत् आइ वा ॥८।१।६५॥

नपुनः શબ્દમાંના पुनर् શબ્દના नના अનો आ વિકલ્પે થાય છે અને आइ પણ વિકલ્પે થાય છે.

आ—न उणा, आइ—न उणाइ, પક્ષે—न उण, न उणो न पुनः ફરી નહીં

બહુલં અધિકારને લીધે કોઈ પ્રયોગમાં એકલા पुनः શબ્દને પણ આ નિયમ લાગે છે

पुणाइ—पुनः—ફરીથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा अलाबु-अरण्ये लुक् ॥८।१।६६॥

अलाबु શબ્દના અને अरण्य શબ્દના આદિના अનો લોપ વિકલ્પે થાય છે.

નપુંસક–लाउं, अलाउं अलाबु–દૂધી, લોંકી

लाऊ, अलाऊ अलाबूः–દૂધી, લેંકી

रण्णं, अरण्णं अरण्यम्–રણ અથવા અરણ્ય

आरण्ण–कुंजरो व्व वेल्लंतो–आरण्य–कुञ्जर इव वेल्लमानः–જંગલી હાથીની પેઠે ડોલતો—અહીં 'અરણ્ય' શબ્દની આદિમાં अ નથી आ છે તેથી આ નિયમ ન લાગે.

### आ નો ફેરફાર

## वा अव्यय-उत्खातादौ अद् आतः ॥८।१।६७॥

અવ્યયોના આદિના आનો अ વિકલ્પે થાય છે તથા उत्खात વગેરે શબ્દોમાંના આદિના आનો अ વિકલ્પે થાય છે.

અવ્યય—

जह, जहा यथा–જેમ

तह, तहा तथा–તેમ

अहव, अहवा अथवा–અથવા

व, वा वा–અથવા, વિકલ્પે

ह, हा हा–આશ્ચર્યદર્શક અવ્યય

ઉત્ખાતાદિ શબ્દો—

उक्खयं, उक्खायं उत्खातम्–ખોદેલું

चमरो, चामरो चामरः–ચામર 'चमरः' શબ્દરત્નાકર

कलओ, कालओ कालकः–કાળો

ठविओ, ठाविओ स्थापितः–સ્થાપેલ

परिट्ठविओ, परिट्ठाविओ परिस्थापितः–ફેંકી દિધેલ

संठविओ, संठाविओ संस्थापितः–સારી રીતે સ્થાપેલ

पययं, पाययं प्राकृतम्–પ્રાકૃત

तलवेण्टं, तालवेण्टं, तलवोण्टं, तालवोण्टं तालवृन्तम्–પંખો

અહીં ॥८।१।१३९॥ સૂત્ર દ્વારા वृन्तनું वोंट થયેલ છે.

हलिओ, हालिओ हालिकः–ખેડૂત

नराओ, नाराओ नाराचः–બાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बलया, बलाया बलाका–બગલી

कुमरो, कुमारो कुमार: કુમાર "कुमर:"–શબ્દરત્નાકર

खइरं, खाइरं खादिर:–ખાદિર–'ખેર'ના વૃક્ષમાંથી વા'ખેર'ના લાકડામાંથી નીપજેલ

કેટલાક વૈયાકરણો उत्खात આદિ શબ્દોમાં ब्राह्मण અને पूर्वाण्ह શબ્દનો પણ સમાવેશ કરે છે.

बम्हणो, बाम्हणो–ब्राह्मण:–બ્રાહ્મણ

पुव्वण्हो, पुव्वाण्हो–पूर्वाह्ण:–પૂર્વાહ્ણ–દિવસનો પૂર્વ ભાગ

દાવાનળરૂપ 'અગ્નિ'નો વાચક दवग्गी અને दावग्गी એમ બે શબ્દો છે એમાં કાંઈ दावનો दव થયો નથી પણ दाव અને दव એ બે શબ્દો જુદા જ છે. "दव–दावौ वनारण्यवह्नी"–અમરકોશ. એ જ પ્રમાણે चड्डू અને चाडूમાં પણ चटु અને चाटु એ બે શબ્દો જુદા જ છે. આમાં चाडूનો चड्डू થયો નથી. સંસ્કૃત चटु: અને चाटु:— શ્લાઘા પ્રશંસા અને પ્રેમ અર્થના સૂચક છે. હેમઉણા૦ સૂત્ર ૭૨૬.

## घञ्वृद्धेः वा ॥८।१।६८॥

સંસ્કૃતમાં ધાતુને ભાવ અર્થમાં અને કર્તા સિવાય બીજા કારકના અર્થમાં ॥૫।૩।૧૮॥ વગેરે નિયમો વડે घञ् પ્રત્યય લાગે છે, તે घञ् પ્રત્યયવાળા નામના આદિના आનો अ વિકલ્પે થાય છે.

पवहो, पवाहो–प्रवाह:–પ્રવાહ

पहरो, पहारो–प्रहार:-પ્રહાર

पयरो, पयारो–प्रचार:–પ્રચાર

पयरो पयारो प्रकार: પ્રકાર

तुडी पेरे–રૂડે પ્રકારે. અહીંનો 'पेरे' શબ્દ पयर (પ્રકાર)ના पयरे (તૃતીયા વિભક્તિ) રૂપનું જ રૂપાંતર છે.

पत्थओ, पत्थाओ प्रस्ताव:–પ્રસ્તાવ

બહુલ અધિકારને લીધે 'राओ–राग:–રાગ' અહીં घञ् પ્રત્યયવાળા राग પદમાં આ નિયમ ન લાગ્યો.

## महाराष्ट्रे ॥८।१।६९॥

महाराष्ट्र શબ્દના આદિના આકારનો अ થાય છે.

मरहट्टं–महारट्टं–महाराष्ट्रम्–મહારાષ્ટ્ર

मरहट्टो–महारट्टो–महाराष्ट्र:–મહારાષ્ટ્ર–મરાઠો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मांसादिषु अनुस्वारे ॥८।१।७०॥

જ્યારે અનુસ્વાર હોય ત્યારે માંસાદિ શબ્દના આદિના આનો अ કરવો.

मंसं–मांसम्–માંસ

पंसु–पांशुः–ધૂળ

पंसणो–પાંસનઃ–હલકો માણસ

कंसं–कांस्यम्–કાંસું

कंसिओ–कांसिकः–કાંસાનો વેપારી

वंसिओ–वांशिकः–વાંસળી વગાડનાર

पंडवो–पाण्डवः–પાંડવ

संसिद्धिओ–सांसिद्धिकः–સ્વભાવસિદ્ધ

संजत्तिओ–सांयात्रिकः–વહાણમાં યાત્રા કરનારો.

જે સ્થળે માંસનું માસ રૂપ થાય, પાંસુનું પાસુ રૂપ થાય ત્યાં અનુસ્વાર ન હોવાથી આ નિયમ ન લાગે. જુઓ ૮/૧/૨૯

## श्यामाके मः ॥८।१।७१॥

श्यामाक શબ્દમાં માના આનો अ થાય છે.

सामओ–श्यामाकः–સામો–ફલાહારી ધાન્ય

સંસ્કૃત ભાષામાં श्यामाकની પેઠે તેનો પર્યાય श्यामक શબ્દ પણ છે. 'अभिधान-चिन्तामणि'માં "श्यामाक–श्यामकौ समौ ।"— કાંડ ૪, શ્લો. ૧૧૭૬.

## इः सदादौ वा ॥८।१।७२॥

सदा આદિ શબ્દમાંના આનો इ વિકલ્પે થાય છે.

सइ–सया–सदा–હમેશાં

निसिअरो–निसाअरो–निशाकरः–ચંદ્ર અથવા निशाचरः–રાક્ષસ

कुप्पिसो–कुप्पासो–कूर्पासः–સ્ત્રીઓને છાતી ઉપર પહેરવાનું સુતરાઉ કપડું–કાંચળી

## आचार्ये चो ऽच्च ॥८।१।७३॥

आचार्य શબ્દમાં ચાના આનો इ અને अ વારાફરતી થાય છે.

आचारिओ–आइरिओ–आअरिओ, आयरियो–आचार्यः–આચાર્ય

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

## ईः स्त्यान-खल्वाटे ।।८।१।७४।।

स्त्यान અને खल्वाट શબ્દોમાં આ નો ई થાય છે

ठीणं–थिण्णं, थीणं स्त्यानम्–થીણું–થીજી ગયેલું

खल्लाडो–खल्लिडो–खल्वाट:–ટાલિયો–ટાલવાળો

सम् ઉપસર્ગ પછી આવેલા स्त्या ધાતુને બદલે खा ધાતુ વપરાય છે. (સૂ. ૮/૪/૧૫) એટલે संखायं રૂપ सम् પૂર્વકના स्त्या ધાતુનું છે. આ सखायं રૂપને અને स्त्यान રૂપને શબ્દની અપેક્ષાએ કોઈ સંબંધ નથી. संखायं–સારી રીતે થીજી ગયેલું–संस्त्यानम्.

## उः सास्ना–स्तावके ।।८।१।७५।।

सास्ना અને स्तावक શબ્દના આદિના આનું उ ઉચ્ચારણ કરવું.

सुण्हा सास्ना ગાય વગેરે પશુઓનું ગળકંબલ

थुवओ–स्तावक:–સ્તુતિ કરનારો

## ऊद् वा आसारे ।८।१।७६।।

आसार શબ્દમાંના આદિના આનો ऊ વિકલ્પે થાય છે.

ऊसारो, आसारो–आसारः–વેગવાળો વરસાદ, પ્રસરવું તથા મિત્રનું બળ

## आर्यायां र्यः श्वश्र्वाम् ।।८।१।७७।।

आर्या શબ્દનો 'સાસૂ' અર્થ હોય તો र्याના આનો ऊ થાય છે.

अज्जू–आर्या–સાસૂ

જ્યાં 'સાસૂ' અર્થ ન હોય ત્યાં अज्जा પ્રયોગ થાય પણ अज्जू પ્રયોગ ન થાય.

## एद् ग्राह्ये ।।८।१।७८।।

ग्राह्य શબ્દમાંના આનો ए થાય છે.

गेज्झं–ग्राह्यम्–ગ્રહણ કરવા યોગ્ય

## द्वारे वा ।।८।१।७९।।

द्वार શબ્દમાંના આનો ए વિકલ્પે થાય છે.

देरं–द्वारम्–ડેરો, બારણું–ડેરાતંબૂ

જ્યારે ए ન થાય ત્યારે दुआरं, दारं, बारं એવાં ત્રણ રૂપ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્ષ પ્રયોગમાં पच्छेकम्मं અને असहेज्ज देवासुरा–એવા પ્રયોગોમાં પણ એ થાય છે.

पच्छेकम्मं–पश्चात्कर्म–પાછળનું કાર્ય

असहेज्ज देवासुरा–असहायाः અથવા असाहाय्याः देवासुराः–કોઈની સહાયની ઇચ્છા નહીં રાખનાર દેવ અને અસુરો.

પ્રાકૃતમાં नारइओ અને नेरइओ એવા બે પ્રયોગો મળે છે. એમાં नारकिक શબ્દ સાથે नारइओનો સંબંધ છે અને नैरयिक શબ્દ સાથે नेरइओનો સંબંધ છે આમ આ બન્ને શબ્દો જુદા જુદા છે તેથી नेरइअ રૂપ માટે 'नारकिक'ના आनो ए કરવાની જરૂર નથી.

## पारापते रो वा ॥८।१।८०॥

पारापत શબ્દના रा ના आनो ए વિકલ્પે બોલવો.

पारावओ, पारेवओ–पारापतः પારેવું

## मात्रटि वा ॥८।१।८१॥

मात्रट् (मात्रट् ॥७।१।१४५॥) પ્રત્યયમાંના आ નો ए વિકલ્પે કરવો.

एत्तिअमत्तं–एत्तिअमेत्तं–एतावन्मात्रम्–આટલું માત્ર

બહુલં અધિકારને લીધે કોઈ સ્થળે પ્રત્યયરૂપ ન હોય તેવા मात्र શબ્દના आनो પણ ए બોલાય છે.

भोअणमेत्तं भोजनमात्रम्–ભોજનમાત્ર

## उद् ओद् वा आर्द्रे ॥८।१।८२॥

आर्द्र શબ્દના આદિના आनो उ તથા ओ વિકલ્પે બોલવો.

अल्लं, उल्लं, ओल्लं, अद्दं–आर्द्रम्–આળું–ભીનું

बाहसलिलपवाहेण उल्लेइ–बाष्पसलिलप्रवाहेण आर्द्रयति–આંસુ રૂપ પાણીના પ્રવાહથી ભીનું કરે છે.

## ओद् आल्यां पङ्क्तौ ॥८।१।८३॥

જ્યારે 'પંક્તિ' અર્થવાળો आली શબ્દ હોય ત્યારે તેના आनो ओ કરવો.

ओली, आली–ઓળ–પંક્તિ

જ્યારે 'સખી' અર્થ હોય ત્યારે આ નિયમ ન લાગે. आली–સખી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષામાં 'અલી' કે 'ઓલી' વડૂ એમ 'અલી' તથા 'ઓલી' કે 'એલી' શબ્દ વપરાય છે. પુરુષ માટે 'ઓલ્યો' 'એલો' કે 'અલ્યો' શબ્દ વપરાય છે.

અહીં 'પંક્તિ' અર્થ નથી તથા 'મહેતા ઓળ'નો માઢ-એ રીતે ભાષામાં 'પંક્તિ' અર્થમાં ओल-ओळ શબ્દ વપરાય છે

'પંક્તિ' અર્થના आवलि શબ્દ દ્વારા आउलि-ओलि એમ આ શબ્દને સાધી શકાય છે તેથી 'સખી' અર્થવાળા 'आली' શબ્દ દ્વારા 'ओली' પદને સાધવાની જરૂર નથી.

## ह्रस्वः संयोगे ॥८।१।८४॥

સંયુક્ત વ્યંજનની પૂર્વના દીર્ઘસ્વરનો પ્રયોગોને અનુસારે હ્રસ્વસ્વર કરવો.

આનો अ--अंबं-आम्रम्-આંબો

तंबं-ताम्रम्-તાંબુ

बिरहग्गी-विरहाग्निः-વિરહનો અગ્નિ

अस्सं-आस्यम्-મુખ

ईनो इ-मुणिंदो-मुनीन्द्रः-મુનિઓમાં ઇન્દ્ર જેવો

तित्थं-तीर्थम्-તીર્થ

ऊनो उ-गुरुल्लावा-गुरूल्लापाः-ગુરુની વાતચીતો

चुण्णो-चूर्णः-ચૂર્ણ-ચૂનો

एनो इ-नरिंदो-नरेन्द्रः-નરેંદ્ર-પુરુષોમાં ઇંદ્ર જેવો-રાજા

मिलिच्छो-म्लेच्छः-મ્લેચ્છ-હલકો માણસ

दिट्ठिक्क-थण-वट्टं-दृष्टैकस्तनपट्टम्-જોવાયેલ એકમાત્ર સ્તનપટ્ટ

ओनो उ-अहरुट्ठं-अधरोष्ठः-નીચેનો હોઠ

नीलुप्पलं-नीलोत्पलम्-લીલું કમળ

જે શબ્દમાં દીર્ઘ સ્વર, સંયુક્ત વ્યંજનની પૂર્વે ન હોય ત્યાં આ નિયમ ન લાગે.

आकासं-आकाशम्-આકાશ

ईसरो-ईश्वरः-ઈશ્વર

ऊसवो-उत्सवः-ઉત્સવ

આ ત્રણે શબ્દોમાંના आ, ई, ऊ સંયુક્ત વ્યંજનની પૂર્વમાં આવેલા નથી તેથી હ્રસ્વ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इ वर्णना फेरफार

### इत एद् वा ॥८।१।८५॥

હ્રસ્વ इ પછી સંયુક્ત વ્યંજન આવે તો इ ને બદલે એનું ઉચ્ચારણ વિકલ્પે કરવું.

पेण्डं, पिण्डं–पिण्डम्–પિંડ–પિંડો–પેંડો
धम्मेल्लं, धम्मिल्लम्–धम्मिल्लम्–કેશપાશ–ચોટલો
सेंदूरं, सिंदूरं–सिन्दूरम्–સિંદૂર–સેંદૂર
वेण्हू, विण्हू–विष्णुः–વિષ્ણુ
पेट्ठं, पिट्ठं–पृष्ठम्–પીઠ
बेल्लं–बिल्लं–बिल्वम्–બીલું

બહુલં અધિકારને લીધે કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો નથી. તેથી चिता નું चेंता ન થાય.

### किंशुके वा ॥८।१।८६॥

किंशुक શબ્દમાં આદિના इ નો ए વિકલ્પે બોલવો.

केसुअं–किंसुअं–किंशुकम्–કિંશુક–કેસુડો (અનુસ્વાર લોપ માટે જુઓ ૮।૧।૨૯)

### मिरायाम् ॥८।१।८७॥

मिरा શબ્દમાં इ નો ए બોલવો.

मेरा–मिरा–મર્યાદા

### पथि-पृथिवी-प्रतिश्रुत्-मूषिक-हरिद्रा-बिभीतकेषु अत् ॥८।१।८८॥

पथिन्, पृथिवी, प्रतिश्रुत्, मूषिक, हरिद्रा અને बिभीतक શબ્દોમાં આદિના इ નો अ બોલવો.

पहो–पन्थाः પથ–માર્ગ.
पुहई, पुढवी–पृथिवी–પૃથ્વી
पडंसुआ, प्रतिश्रुत् પડછંદો–પડઘો
मूसओ, मूषिकः–મૂસો ઉંદર
સં. मूषक દ્વારા मूसओ સાધી શકાય છે.
हलद्दी, हलद्दा हरिद्रा–હળદર હિંદી हल्दी કે हलदी મરાઠી हलद.
बहेडओ–बिभीतकः–બહેડુ–બેડું–હરડે બહેડું આંબળું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક વૈયાકરણો हरिद्रा શબ્દમાં इ નો अ વિકલ્પે માને છે.

हलद्दी, हलिद्दी–હળદર

એક એવું વાક્ય મળે છે કે पंथं किर देसित्ता– (વિશેષાવશ્યક ભાષ્ય સળંગ ગાથા ૧૫૪૭. નિર્યુક્તિ ગાથા ૧૪૧) पन्थानं किल देशित्वा– ખરેખર રસ્તો બતાવીને—આ વાક્યમાં સ્વતંત્ર पन्थ શબ્દ જ છે પણ पथिन् નું पंथ થયું નથી. એટલે पथिन् ના 'इ' નો 'अ' થયેલ નથી. આ पन्थ શબ્દ पथिन् નો સમાન અર્થ વાળો છે.

## शिथिल–इङ्गुदे वा ॥८।१।८९॥

शिथिल અને इङ्गुद શબ્દમાંના આદિના इ નો अ વિકલ્પે થાય છે.

सढिलं, सिढिलं–शिथिलम्–શિથિલ–ઢીલું

पसढिलं, पसिढिलं–प्रशिथिलम्–વધારે ઢીલું

इंगुअं, अंगुअं-इङ्गुदम्–ઇંગોરિયું

निम्मायं, निम्मिअं એવા બે પ્રયોગો પ્રાકૃતમાં મળે છે તેમાં निर्मात શબ્દ ઉપરથી निम्मायं રૂપ બને છે અને निर्मित શબ્દ ઉપરથી निम्मिअं રૂપ બને છે. અર્થાત્ એ બંને શબ્દો સ્વતંત્ર છે તેથી निर्मित ના मि નો मा કરવાની જરૂર નથી.

## तित्तिरौ रः ॥८।१।९०॥

तित्तिरि શબ્દના रि નો र બોલવો

तित्तिरो–तित्तिरि:–તેતર

## इतौ तः वाक्यादौ ॥८।१।९१॥

જ્યારે इति શબ્દ વાક્યની આદિમાં હોય ત્યારે તેના ति નો त બોલવો, त થયા પછી त ના त् નો લોપ થઈ જતાં अ રહે છે એટલે છેલ્લે अ બોલવો.

इअ जंपिआवसाणे-इति जल्पितावसाने–એ પ્રમાણે બોલ્યા પછી

इअ विअसिअकुसुमसरो–इति विकसितकुसुमसर:અથવાविकसितकुसुमशर:–એ પ્રમાણે વિકસિત થયેલાં ફુલોવાળું સરોવર અથવા એ પ્રમાણે વિકસિત થયેલો કુસુમશર–કામદેવ

જ્યાં इति શબ્દ વાક્યની આદિમાં ન હોય ત્યાં આ નિયમ ન લાગે.

पिओ ! त्ति- हे प्रिय ! इति–'હે પ્રિય' એ પ્રમાણે—જુઓ ૮।૧।૪૨

पुरिसो ! त्ति–हे पुरुष ! इति–'હે પુરુષ' એ પ્રમાણે— ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ईः जिह्वा-सिंह-त्रिंशत्-विंशतौ त्या ॥८।१।९२॥

जिह्वा અને सिंह શબ્દમાં હ્રસ્વ इ નો દીર્ઘ ई થાય છે તથા त्रिंशत् શબ્દમ છેડાનો त् અને त्रिं નો इम् એ બે મળીને त्रि ના इનો દીર્ઘ ई થઈ જાય છે, તથા विंशति શબ્દમાં છેડાનો ति અને विं નો इम् એ બે મળીને 'त्रि'ના इનો દીર્ઘ થાય છે.

जीहा-जिह्वा-જીભ. અત્યારના ભાષામાં 'जिह्वा'નું ઊલટું ઉચ્ચારણ થાય છે એટલે 'जिह्वा' ને બદલે 'हिज्वा' શબ્દનો પ્રયોગ થાય છે. हिज्वा એટલે જીભ.

सीहो, सिंहः-સિંહ

तीसा, त्रिंशत्-ત્રીશ

वीसा, विंशतिः-વીશ

બહુલં અધિકારને લીધે કોઈ કોઈ પ્રયોગમાં सिंह શબ્દમાં હ્રસ્વ इ નો દીર્ઘ ई થતો નથી.

सिंहदत्तो-सिंहदत्तः-વિશેષ નામ

सिंहराओ-सिंहराजः- ,, ,,

## र्लुकि निरः ॥८।१।९३॥

निर् ઉપસર્ગના र् નો લોપ થયા પછી હ્રસ્વ नि ને બદલે દીર્ઘ नी વપરાય છે.

निर्+सरति-नीसरइ--निस्सरति-નીસરે છે.

निर्+श्वासः--नीसासो-निःश्वासः-નિસાસો

જ્યાં निर् ના र् નો લોપ થતો નથી ત્યાં આ નિયમ લાગતો નથી.

निण्णओ निर्णयः-નિર્ણય

निर्+सह-निस्सहाइं अंगाइं-निस्सहानि अङ्गानि-શિથિલ અંગો

ખરી રીતે તો निण्णओ અને निस्सहाइं એ બન્ને પ્રયોગોમાં र् નો લોપ તો થયેલ છે જ, તેથી ગ્રંથકારે આ ઉદાહરણોમાં એમ કહેવું જોઈએ કે અહીં बहुलम् ના અધિકારને લીધે આ નિયમ લાગતો નથી.

## द्वि-न्योः उत् ॥८।१।९४॥

द्वि શબ્દના इનો અને नि ઉપસર્ગના इ નો उ બોલવો.

द्वि-दु— दुमत्तो-द्विमात्रः-બે માત્રાવાળો

दुआई-द्विजातिः-બ્રાહ્મણ

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

दुविहो-द्विविध:-બે પ્રકારનો

दुरेहो-द्विरेफः જેના નામમાં બે રેફ આવે છે તે-भ्रमर-ભમરો

द्विरेखः-બે રેખાવાળો

दुवयणं-द्विवचनम्-દ્વિવચન

બહુલ અધિકારને લીધે કોઈ ઠેકાણે द्वि શબ્દમાં આ નિયમ વિકલ્પે લાગે છે.

दु-उणो, बि-उणो-द्विगुणः-બમણો-મારવાડી-बिमणा

दुइओ, बिइओ-द्वितीयः-બીજો

બહુલ અધિકારને લીધે કોઈ પ્રયોગમાં द्वि શબ્દમાં આ નિયમ લાગતો નથી.

दिओ-द्विज:-બ્રાહ્મણ

दिरओ-द्विरदः-હાથી

બહુલ અધિકારને લીધે કોઈ પ્રયોગમાં द्वि શબ્દના इ નો ओ પણ થાય છે.

दोवयणं-द्विवचनम्-દ્વિવચન

नि-णु— णुमज्जइ-निमज्जति-નિમજ્જન કરે છે.

णुमन्नो-निमग्नः-નિમગ્ન થયેલો

બહુલ અધિકારને લીધે કોઈ પ્રયોગમાં नि નો नु થતો નથી.

निवडइ-निपतति-નિવડે છે.

## प्रवासि-इक्षौ ॥८।१।९५॥

प्रवासिन् અને इक्षु શબ્દોમાં આદિના इ નો उ થાય છે.

पावासुओ-प्रवासिकः-પ્રવાસી

उच्छू-इक्षुः-શેરડી

## युधिष्ठिरे वा ॥८।१।९६॥

युधिष्ठिर શબ્દમાં આદિના इ નો उ વિકલ્પે બોલવો.

जहुट्ठिलो, जहिट्ठिलो-युधिष्ठिरः-યુધિષ્ઠિર-જે કોઈ યુદ્ધ વખતે સ્થિર રહે તે અથવા પાંડવોનો મોટો ભાઈ.

## ओत् च द्विधाकृगः ॥८।१।९७॥

द्विधा શબ્દની સાથે कृ ધાતુનો પ્રયોગ હોય તો द्विधा ના इ નો ओ તથા उ બોલવો.

दोहाकिज्जइ, दुहाकिज्जइ, दिहाकिज्जइ-द्विधाक्रियते-બે કકડા કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दोहाइअं, दुहाइअं, दिहाइअं–द्विधाकृतम्–બે કટકા કરેલું, બે પ્રકારે કરાયેલું. दिहागयं–द्विधागतम्–બે પ્રકારે ગયેલું—આ પ્રયોગમાં कृ ધાતુ સાથે द्विधा શબ્દનો પ્રયોગ નથી પણ गम् ધાતુ સાથે છે તેથી આ નિયમ ન લાગે.

બહુલ અધિકારને લીધે કોઈક પ્રયોગમાં એકલા द्विधा શબ્દને પણ આ નિયમ લાગે છે.

दुहा वि सो सुर-वहू-सत्थो–दिधाऽपि सः सुरवधूसार्थः–બંને પ્રકારે પણ તે દેવવધૂનો સાર્થ–સમૂહ

## वा निर्झरे ना ।।८।१।९८।।

निर्झर શબ્દમાં निर् ને જ બદલે ओकार વિકલ્પે બોલવો.

ओज्झरो, निज्झरो–निर्झरः–પાણીનું ઝરણું.

अवझर શબ્દના अव નો ओ થતાં ओज्झरो પ્રયોગ સાધી શકાય છે; એથી निर्झर દ્વારા ओज्झर સાધવાની અસાધારણ જરૂર નથી.

## हरीतक्याम् ईत अत् ।।८।१।९९।।

हरीतकी શબ્દમાં આદિના દીર્ઘ ईકારનો अ બોલવો.

हरडई- हरीतकी હરડે.

## आत् कश्मीरे ।।८।१।१००।।

कश्मीर શબ્દમાં ई નો आ બોલવો.

कम्हारा–कश्मीराः–કાશ્મીર દેશ.

## पानीयादिषु इत् ।।८।१।१०१।।

पानीय વગેરે શબ્દોમાં દીર્ઘ ई નો હ્રસ્વ इ બોલવો.

पाणिअं–पानीयम्–પાણી

अलिअं–अलीकम्- જૂઠું–અસત્ય—ऋत–સત્ય. अऋत–અસત્ય.

अरित–ઉપરથી

अरित–अलिअ–अलीक સાધી શકાય છે આ શબ્દમાં બહુલના નિયમ દ્વારા न નો अ થયો પણ अन् ન થયો.

जिअइ–जीवति–જીવે છે

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

जिअउ–जीवतु–જીવો
विलिअं–व्रीडितम्–લજ્જા અથવા લજ્જા પામેલ
करिसो–करीषः–છાણું
सिरिसो–शिरीषः–સરસડાનું ઝાડ
दुइअं–द्वितीयम्–બીજું
तइअं–तृतीयम्–ત્રીજું
गहिरं–गभीरम्–ગભીર–ગેહરું–ઘેરું
उवणिअं–उपनीतम्–પાસે લાવેલું
आणिअं–आनीतम्–આણેલું–લાવેલું
पलिविअं–प्रदीपितम्–પ્રજળેલું કે પ્રકાશિત થયેલું
ओसिअन्तं–अवसीदत्–અવસાદ પામતું
पसिअ–प्रसीद–પ્રસન્ન થા
गहिअं–गृहीतम्–ગ્રહણ કરેલું
वम्मिओ–वल्मीकः–રાફડો
तयाणिं–तदानीम्–ત્યારે

બહુલ અધિકારને લીધે કેટલાક શબ્દોમાં આ નિયમ નિત્ય લાગે છે અને ક્યાંય વિકલ્પે પણ થાય છે.

નીચેનાં નામોમાં આ નિયમ વિકલ્પે લાગેલ છે—

पाणीअं, पाणिअं–પાણી
अलीअं, अलिअं–ખોટું
जीअइ, जिअइ–જીવે છે
करीसो, करिसो–છાણું
उवणीओ, उवणिओ–પાસે લાવેલો

## उत् जीर्णे ॥८।१।१०२॥

जीर्ण શબ્દમાં દીર્ઘ ई નો उ થાય છે.

जुण्ण-सुरा–जीर्णसुरा–જૂનો દારૂ

બહુલ અધિકારને લીધે ક્યાંય આ નિયમ લાગતો નથી.

जिण्णे भोअणमत्ते–जीर्णे भोजनमात्रे–ભોજન માત્ર પચી ગયું હોય ત્યારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऊः हीन-विहीने वा ॥८।१।१०३॥

हीन શબ્દમાં અને विहीन શબ્દમાં દીર્ઘ ई નો દીર્ઘ ऊ વિકલ્પે **થાય છે.**

हीणो, हूणो-हीनः-હીણો-હીનતાને સૂચવવા સારુ પરદેશી 'हूण' જાતિ માટે પણ 'हूण' શબ્દ વપરાય **છે.**

विहीणो, विहूणो-विहीनः-વિશેષ હીણો

જે પ્રયોગમાં हीन શબ્દ સાથે वि ન હોય ત્યાં આ નિયમ ન લાગે.

पहीणजरमरणा-प्रहीणजरामरणाः-જરા અને મરણ વગરના-लोगस्स उज्जोअगरे **सूत्रनी** અથવા ચતુર્વિંશતિસ્તવની પાંચમી ગાથા

## तीर्थे हे ॥८।१।१०४॥

तीर्थ શબ્દમાં थ નો ह થયા પછી જ દીર્ઘ ई નો દીર્ઘ ऊ થાય છે.

तूहं-तीर्थम्-નદી કે તળાવનો બાંધેલો કાંઠો-ઉતરવાનો ઘાટ **અથવા** સંસાર રૂપ સમુદ્રથી ઉતરવા માટે ધર્મરુપ **तीर्थ**

तित्थं માં સંયુક્ત त्थ નો ह કરવામાં આવ્યો નથી તેથી દીર્ઘ ऊ ન થયો.

## एत् पीयूष-आपीड-बिभीतक-कीदृश-ईदृशे ॥८।१।१०५॥

पीयूष, आपीड, बिभीतक, कीदृश અને ईदृश શબ્દોમાંના દીર્ઘ ई નો ए બોલવો.

पेऊसं-पीयूषम्-તાજું દૂધ-સંસ્કૃતમાં पेयूष શબ્દ છે. જુઓ अभि. चि. कां. ३, श्लोक ४०५

आमेलो-आपीडः-માથા ઉપરની માળા-માથા ઉપરનું છોગું. "शिरसि स्रजि" अभि. चि. कां. ३, श्लोक ६५४

बहेडओ-बिभीतकः-બહેડાંનું ઝાડ, બહેડું

केरिसो-कीदृशः-કેવો, કોની જેવો

एरिसो-ईदृशः-એવો, એની જેવો કે આની જેવો

## नीड-पीठे वा ॥८।१।१०६॥

नीड અને पीठ શબ્દોમાં દીર્ઘ ई નો વિકલ્પે ए બોલવો.

नेडं-नीडं-नीडम्-માળો સરખાવો નિલય-ઘર

पेढं, पीढं-पीठम्-પીઠિકા, પીઠ-પેઢલી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उ વર્ણના ફેરફાર

## उतः मुकुलादिषु अत् ॥८।१।१०७॥

मुकुल વગેરે શબ્દોમાં આદિના उ નો अ કરવો.

**मउलं–मुकुलम्–કળી**

**मउलो–मुकुलः–મુકુલ**

मउरं–मुकुरम्–મુકુર–દર્પણ–સંસ્કૃતમાં मकुर શબ્દ છે–અભિ. ચિ.

मउरं–मउडं–मुकुटम्–મુકુટ–મોડ–મોડિયો

अगरुं–अगरु–અગર નામનું સુગંધી દ્રવ્ય–પદાર્થ–અગરબત્તી–અગરવાટ

गरुई–गुर्वी–ગુરુ–ગરવી–ભારે અથવા ગૌરવવાળી

जहुट्ठिलो, जहिट्ठिलो-युधिष्टिरः–યુધિષ્ઠિર

सोअमल्लं–सौकुमार्यम्–સુકુમારપણું–સુંવાળપ

गलोई–गुडूची–ગળો

બહુલને લીધે કોઈ કોઈ શબ્દોમાં उ નો आ પણ થઈ જાય છે.

विद्रुतः–विद्दाओ–વિદ્રુતઃ–વિશેષ દ્રવેલું–ઓગળી ગયેલું

સંસ્કૃત द्रा ધાતુનું वि સાથેનું ભૂતકૃદંત विद्रातः–विद्दाओ થાય છે તેથી विद्रुत દ્વારા विद्दाअ રૂપ સાધવાની શી જરૂર ?

'શબ્દોના અનેક અર્થો છે' એવી પ્રસિદ્ધ માન્યતા છે તેથી અર્થ માટે કોઈ અડચણ નહીં આવે.

## वा उपरौ ॥८।१।१०८॥

उपरि શબ્દમાં उ નો अ વિકલ્પે થાય છે.

अवरिं, उवरिं–उपरि–ઉપર.

## गुरौ के वा ॥८।१।१०९॥

गुरु શબ્દને જ્યારે 'સ્વાર્થ' અર્થનો સૂચક क પ્રત્યય લાગે ત્યારે આદિના उ નો अ વિકલ્પે થાય.

गरुओ, गुरुओ,–गुरुकः–ગરવો, ગૌરવવાળો.

गरुओ गुज्जरदेसो–ગરવો ગુર્જરદેશ

*જ્યાં ગુરુ શબ્દને क પ્રત્યય લગાડયો ન હોય ત્યાં उ નો अ ન થાય.*

गुरु–ભારે અથવા ગૌરવવાળું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इः भ्रुकुटौ ।८।१।११०॥

भ्रुकुटि શબ્દમાં આદિના उ નો इ થાય છે.

भिउडी भ्रुकुटिः–ભવાં–નેણ ઉપરનાં ભવાં.

## पुरुषे रोः ॥८।१।१११॥

पुरुष શબ્દમાં रु ના उ નો इ થાય છે.

पुरिसो–पुरुषः–પુરુષ

पउरिसं–पौरुषम्–પુરુષાતન.

## ईः क्षुते ॥८।१।११२॥

क्षुत શબ્દમાં उ નો ई થાય છે.

छीअं–क्षुतम्–છીંક.

## ऊत् सुभग-मुसले वा ॥८।१।११३॥

सुभग શબ્દમાં અને मुसल શબ્દમાં उ નો દીર્ઘ ऊ વિકલ્પે થાય છે.

सूहवो, सुहओ–सुभगः–સુંદર

मूसलं, मुसलं–मुसलम्–મૂસળ–સાંબેલું.

## अनुत्साह-उत्सन्ने त्स-च्छे ॥८।१।११४॥

उत्साह અને उत्सन्न શબ્દો સિવાયના બીજા શબ્દોમાં त्स અને च्छ ની પૂર્વના આદિના उ નો દીર્ઘ ऊ થાય છે.

त्स— ऊसुओ–उत्सुकः–ઉત્સુક

ऊसवो–उत्सवः–ઉત્સવ

ऊसित्तो–उत्सिक्तः–ઊંચેથી સીંચાયેલો

ऊसरइ–उत्सरति–ઊંચેથી સરકે છે.

च्छ— ऊसुओ–उच्छुकः–उद्गताः शुकाः यस्मात् सः उच्छुकः–જ્યાંથી શુકો–પોપટો–ઉદયમાં આવે તે ઉચ્છુક પ્રદેશ.

ऊससइ–उच्छ्वसति–ઊંચો શ્વાસ લે છે

उच्छाहो–उत्साहः–ઉત્સાહ

उच्छन्नो–उत्सन्नः–નાશ પામેલો

આ બંને ઉદાહરણના શબ્દો વર્જેલા હોવાથી આ નિયમથી દીર્ઘ ऊ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## र्लुकि दुरः वा ॥८।१।११५॥

दुर् ઉપસર્ગના र् નો લોપ થયા પછી તેના उ નો દીર્ઘ ऊ વિકલ્પે થાય છે.

दूसहो, दुसहो–दुस्सहः–દુઃખથી સહી શકાય એવો

दूहओ, दुहवो–दुर्भगः–અસુંદર

दुस्सहो विरहो–દુઃખથી સહી શકાય એવો વિરહ—આ રૂપમાં र् નો લોપ થયો નથી તેથી આ નિયમ ન લાગે.

વિચાર કરતાં જણાશે કે दुस्सहो રૂપમાં र् તો દેખાતો જ નથી તેથી તેનો લોપ નથી થયો એમ કેમ કહેવાય? ખરી રીતે તો બહુલમ્ અધિકારને લીધે અહીં આ નિયમ નથી લાગ્યો. અથવા र् નો स् થઈ ગયેલ છે.

## ओत् संयोगे ॥८।१।११६॥

उ પછી સંયુક્ત વ્યંજન આવ્યો હોય તો उ નો ओ થાય છે.

तोण्ड–तुण्डम्–મુખ, મરાઠી तोंड

मोण्डं–मुण्डम्–મુંડ–મુંડો–મસ્તક

पोक्खरं–पुष्करम्–સરોવર, કમળ

कोट्टिमं–कुट्टिमम्–જડતર કરેલી ઘરની ભોંય

पोत्थओ–पुस्तकम्–પુસ્તક પોથો કે પોથા

लोद्धओ–लुब्धकः લોભી, લાલચુ–લોધો–લંપટ

मोत्था–मुस्ता–મોથ નામની વનસ્પતિ–નાગરમોથ

मोग्गरो–मुद्गरः–मुद्गर–ચુરમું વગેરે ખાંડવાની મોગરી

पोग्गलं–पुद्गलम्–पुद्गल–જડપદાર્થ–ફળની અંદરનો ગર્ભ

कोण्ढो–कुण्ठः–કોંઢીયો

वोक्कन्तं–व्युत्क्रान्तम्–વિશેષ ઉત્ક્રાંત–ઊંચે ચડેલું.

## कुतूहले वा ह्रस्वश्च ॥८।१।११७॥

कुतूहल શબ્દમાં कु ના उ નો ओ વિકલ્પે કરવો અને ओ થાય ત્યારે तू ના ऊ નો પણ હ્રસ્વ વિકલ્પે કરવો.

कोउहलं, कुऊहलं, कोउहल्लं, कुऊहल्लं–कुतूहलम्–કુતૂહળ–કતૂહળ

कोउहल માં તથા कोउहल्लं માં ओ થયો અને तू નો तु પણ થયો.

कुऊहलમાં તથા कुऊहल्लं માં ओ ન થયો, તેથી तू–ऊ નો उ જ રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अद् ऊतः सूक्ष्मे वा ॥८।१।११८॥

सूक्ष्म શબ્દમાં દીર્ઘ ऊ નો अ વિકલ્પે કરવો.

सुण्हं, सण्हं—सूक्ष्मम्—સૂક્ષ્મ—સૂક્ષ્મ

આર્ષપ્રયોગમાં सूक्ष्म ને બદલે सुहुमं બોલાય છે.

## दुकूले वा लश्च द्विः ॥८।१।११९॥

दुकूल શબ્દમાં દીર્ઘ ऊ નો अ વિકલ્પે કરવો અને अ થાય ત્યારે ल ને બેવડો કરવો.

दुअल्लं, दुऊलं—दुकूलम्—ડગલો—પહેરવાનું વસ્ત્ર

આર્ષપ્રયોગમાં दुकूलम् ને બદલે दुगुल्लं બોલાય છે.

## ईः वा उद्व्यूढे ॥८।१।१२०॥

उद्व्यूढ શબ્દમાં દીર્ઘ ऊ નો દીર્ઘ ई વિકલ્પે થાય છે.

उव्वीढं, उव्वूढं—उद्व्यूढम्—ઊંચું અને પહોળું.

## उः भ्रू-हनूमत्-कण्डूय-वातूले ॥८।१।१२१॥

भ्रू, हनूमत् અને वातूल નામના તથા कण्डूय ધાતુના દીર્ઘ ऊ નો હ્રસ્વ उ કરવો.

भुमया—भ्रूः—ભવાં

हणुमंतो—हनुमान्—હનુમાન્

कण्डुअइ—कण्डूयते—ખંજવાળે છે

वाउलो—वातूलः—વાયરો—વાયરાનો સમૂહ

## मधूके या ॥८।१।१२२॥

मधूक શબ્દમાં દીર્ઘ ऊ નો હ્રસ્વ उ વિકલ્પે કરવો.

महुअं, महूअं—मधूकम्—મહુડાનું ઝાડ કે ફળ

## इद्-एतौ नूपुरे वा ॥८।१।१२३॥

नूपुर શબ્દમાં દીર્ઘ ऊ નો હ્રસ્વ इ અને ए વિકલ્પે થાય છે.

निउरं, नेउरं, नूउरं—नूपुरम्—નેઉર—પગનું ઝાંઝર—"પાયે નેઉર રણઝણે"-
શ્રીઋષભદેવનું સ્તવન—શ્રીયશોવિજયજી ઉપાધ્યાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ओत् कूष्माण्डी-तूणीर-कूर्पर-स्थूल-ताम्बूल-गुडूची-मूल्ये ॥८।१।१२४॥

कूष्माण्डी, तूणीर, कूर्पर, स्थूल, ताम्बूल, गुडूची અને मूल्य શબ્દના દીર્ઘ ऊ નો ओ કરવો.

कोहंडी, कोहली–कूष्माण्डी–કોળાની વેલ
तोणीरं–तूणीरम्–શર ભરવાનું ભાથું
कोप्परं–कूर्परम्–કોણી
थोरं–स्थूलम्–સ્થૂલ–જાડો મરાઠી–થોર
तंबोलं–ताम्बूलम्–તંબોળ
गलोई–गुडूची–ગળો અથવા ગળોની વેલ
मोल्लं–मूल्यम्–મૂલ, મોલ, મૂલ્ય

## स्थूणा-तूणे वा ॥८।१।१२५॥

स्थूणा અને तूण શબ્દના દીર્ઘ ऊ નો ओ વિકલ્પે થાય છે.

थोणा, थूणा–स्थूणा–स्तंभ–થાંભલો
तोणं, तूणं–तूणम्–ભાથું

### ऋ વર્ણના ફેરફાર

## ऋतः अत् ॥८।१।१२६॥

શબ્દમાંના આદિના ऋ નો अ થાય છે.

घयं–घृतम्–ઘી
तणं–तृणम्–તૃણ–તરણું, તણખલું–ઘાસ
कयं–कृतम्–કર્યું હિંદી–किया
वसहो–वृषभः–બળદ
मओ–मृगः–મૃગ
घट्ठो–घृष्टः–ઘસેલો

दुहाइयं–द्विधाकृतम् શબ્દમાં कृत ના ऋ નો इ થઈ ગયો છે તે માટે જુઓ ૮।૧।૧૨૮. कृत શબ્દનો कृपादि ગણમાં પાઠ છે તેથી इ થઈ ગયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आत् कृशा-मृदुक-मृदुत्वे वा ॥८।१।१२७॥

कृशा, मृदुक અને मृदुत्व એ શબ્દોના ऋ નો आ વિકલ્પે થાય છે.

कासा, किसा—कृशा—દૂબળી

माउक्कं, मऊअं—मृदुकम्—મઉ—કોમળ

माउक्कं, मउत्तण—मृदुत्वम्—કોમળપણું, મૃદુપણું.

'મઉ' થઈને પરાણે કામ કરવા ગયો હતો—અહીં 'મઉ'નો 'કોમળ' અર્થ છે.

## इत् कृपादौ ॥८।१।१२८॥

कृपा વગેરે શબ્દોમાં આદિના ऋ નો इ થઈ જાય છે.

किवा—कृपा—કૃપા

हियय—हृदयम्—હૃદય

मिट्ठं—मृष्टम्—સ્વાદુ રસના અર્થમાં જ मृष्ट નો मिट्ठ થાય—મિટ્ઠ—મીઠું—મીઠાઈ. બીજા અર્થમાં मट्ठ થાય.

दिट्ठं—दृष्टम्—દીઠું—જોયેલું

दिट्ठी—दृष्टि:—दृष्टि—નજર

सिट्ठं—सृष्टम्—સર્જેલું

सिट्ठी—सृष्टि:—સર્જન, જગત્

गंठी—गृष्टि:—એકવાર વીયાનારી ગાય વગેરે

पिच्छी—पृथ्वी—પૃથ્વી

भिऊ—भृगु:—ભૃગુ—બૃહસ્પતિ

भिंगो—भृङ्ग:—ભમરો

भिंगारो—भृङ्गार:—સોનાની ઝારી—કળશ—પાણીનું વાસણ

सिंगारो—शृङ्गार:—શણગાર

सिआलो—शृगाल:—શિયાલ

घिणा—घृणा—અરુચિ હિંદી—घिन

घुसिणं—घुसृणं—ચંદન

बिद्ध-कई—वृद्ध-कवि:—વૃદ્ધ કવિ—ઘરડો કવિ

समिद्धी—समृद्धि:—સમૃદ્ધિ—સંપત્તિ

इद्धी—ऋद्धि:—ऋद्धि—રૂપ—સંપત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गिद्धी–गृद्धिः–લોલુપતા
किसो–कृशः–કૃશ–કશ–પાતળો
किसाणू–कृशानुः–અગ્નિ
किसरा–कृसरा–ખીચડી
किच्छं–कृच्छम्–દુઃખ
तिप्पं–तृप्तम्–તૃપ્ત, સંતુષ્ટ
किसिओ–कृषितः–ખેડાયેલો, ખેડૂત
निवो–नृपः–રાજા
किच्चा–कृत्या–દેવસંબંધી પૂજન વગેરે કાર્ય
किई–कृतिः–કાર્ય
धिई–धृतिः–ધૈર્ય
किवो–कृपः–સમર્થ
किविणो–कृपणः–કૃપણ
किवाणं–कृपाणम्–કિરપાણ–તરવાર
विञ्चुओ–वृश्चिकः–વીંછી
वित्तं–वृत्तम्–છંદ, અહેવાલ, બની ગયેલું, ચરિત્ર
वित्ती–वृत्तिः–વર્તન
हिअं–हृतम्–હરેલું
वाहित्तं–व्याहृतम्–કહ્યું
बिंहिओ–बृंहितः–બહોળું–પહોળું
बिसी–बृसी–ઋષિઓને બેસવાનું આસન–વૃષ–ધર્મ
इसी–ऋषिः–ઋષિ
विइण्हो–वितृष्णः–વિશેષ તૃષ્ણાવાળો અથવા તૃષ્ણા વગરનો
छिहा–स्पृहा–સ્પૃહા
सइ–सकृत्–એક વાર
उक्किट्ठं–उत्कृष्टम्–ઉત્કૃષ્ટ
निसंसो–नृशंसः–ઘાતકી

બહુલાધિકારને લીધે કોઈ શબ્દમાં આદિના ऋનો इ થતો નથી.

रिद्धी ऋद्धिः–રવ—રદ્ધીઆળો–ઋદ્ધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पृष्ठे वा अनुत्तरपदे ॥८।१।१२९॥

पृष्ठ શબ્દ જ્યારે ઉત્તરપદમાં ન હોય ત્યારે તેના ऋ નો इ વિકલ્પે કરવો.

पिट्ठ, पट्ठी–पृष्ठम्:–પીઠ

पिट्ठिपरिट्ठविअं–पृ पृष्ठरिस्थापितम्–પીઠ ઉપર સ્થાપેલું

महिवट्ठं–महिपृष्ठम्–પૃથ્વીની પીઠમાં અહીં पृष्ठ શબ્દ ઉત્તરપદમાં છે તેથી ऋનો इ ન થયો.

## मसृण–मृगाङ्क–मृत्यु–शृङ्ग–धृष्टे वा ॥८।१।१३०॥

मसृण, मृगाङ्क, मृत्यु, शृङ्ग, અને धृष्ट શબ્દોમાં ऋનો इ વિકલ્પે થાય છે

मसिणं, मसणं,–मसृणम्–ઘણું સુંવાળું

मिअंको, मयंको–मृगाङ्कः–ચંદ્ર

मिच्चू, मच्चू–मृत्युः–મૃત્યુ હિંદી–मीच

सिंगं, संगं–शृङ्गम्–શીંગડું, શિખર

धिट्ठो, धट्ठो–धृष्टः धृष्ट–ધીઠ–નિર્લજ્જ

## उद् ऋत्वादौ ॥८।१।१३१॥

ऋतु વગેરે શબ્દોમાં આદિના ऋનો उ કરવો.

उऊ–ऋतुः–ऋतु

परामुट्ठो–परामृष्टः–જેણે પરામર્શ કરેલો છે તે

पुट्ठो–स्पृष्टः–સ્પર્શ કરેલો

पउट्ठो–प्रवृष्टः–વરસેલો, વરસ્યો

पुहई–पृथिवी–પૃથ્વી

पउत्ती–प्रवृत्तिः–प्रवृत्ति

पाउसो–प्रावृट्–વરસાદ મરાઠી–पाउस

पाउओ–प्रावृतः–ઢંકાયેલો કે ઢાંકેલો

भुई–भृतिः–ભરણ પોષણ–પગાર

पहुडि–प्रभृति–ત્યારથી લઈને, વગેરે

पाहुडं–प्राभृतम्–प्राभृत–ગ્રંથનું પ્રકરણ અથવા ભેટ કે લાંચ

परहुओ–परभृतः–બીજા વડે પોષાયેલ–કોયલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निहुअं–निभृतम्–એકાંત
विउअं–विवृतम्–ચારે કોરથી વીંટાયેલ
विउअं–विवृतम्– વિવરણ કરેલ
संवुअं–संवृतम्–સાંકડું અથવા સંયમયુક્ત
वुत्तंतो–वृत्तान्तः–વૃત્તાંત, સમાચાર
निव्वुअं–निर्वृतम्–કર્મોથી મુક્ત થયેલ
निव्वुई–निर्वृतिः–મોક્ષ
वुंदं–वृन्दम्–સમૂહ
वुंदावणो–वृन्दावनः–ગામનું નામ–મથુરાવૃંદાવન
वुड्डो–वृद्धः–વૃદ્ધ–બુઢ્ઢો હિંદી बुढा
वुड्ढी–वृद्धिः–વૃદ્ધિ–વઢ્ઢી–'વઢ્ઢી' આવી એક
उसहो–ऋषभः–બળદ
मुणालं–मृणालम्–કમલનો દંડ
उज्जू–ऋजुः–સરળ
जामाउओ–जामातृकः–જમાઈ
माउओ–मातृकः–માતાવાળો
माउआ–मातृका–સ્વર વ્યંજન વગેરે મૂળ વર્ણો
भाउओ–भ्रातृकः–જેને ભાઈ છે તે
पिउओ–पितृकः–પિતાવાળો
पुहुवी–पृथ्वी–પૃથ્વી

## निवृत्त–वृन्दारके वा ॥८।१।१३२॥

निवृत्त અને वृन्दारक શબ્દોમાં ऋनो उ વિકલ્પે કરવો.

निवुत्तं, निअत्तं–निवृत्तम्–નિવૃત્ત–પરવારેલો–કાર્યથી ઉપરત થયેલો.

वुन्दारया, वन्दारया–वृन्दारकाः–દેવો

## वृषभे वा वा ॥८।१।१३३ ॥

वृषभ શબ્દમાં ऋ સાથેના वनो એટલે આખા वृनो उ વિકલ્પે કરવો.

उसहो, वसहो–वृषभः–બળદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## गौणान्त्यस्य ॥८।१।१३४॥

ઋકારવાળો શબ્દ ગૌણ હોય–મુખ્ય ન હોય–તો તેને છેડે આવેલ ઋનો उ કરવો.

माउमंडलं–मातृमण्डलम्–માતાનું મંડળ

पिउहरं–पितृगृहम्–પિયર–પિતાનું ઘર હિંદી–પીહર

माउहरं–मातृगृहम्–માયરું, માતાનું ઘર

माउसिआ–मातृष्वसा–માસી–માતાની બહેન

पिउसिआ–पितृष्वसा–ફોઈ–પિતાની બેન–ફૂઈબા

पिउवणं–पितृवनम्–શ્મશાન–પિતૃઓનું વન

पिउवई–पितृपतिः–યમરાજ

આ બધા શબ્દોમાં ઋકારવાળો मातृ અને पितृ શબ્દ ગૌણ રીતે વપરાયેલ છે—મુખ્ય રીતે વપરાયેલ નથી.

## मातुः इत् वा ॥८।१।१३५॥

જ્યારે मातृ શબ્દ ગૌણ હોય ત્યારે તેના ऋનો इ વિકલ્પે કરવો.

माइहरं, माउहरं–मातृगृहम्–માયરું

કોઈ કોઈ પ્રયોગમાં બહુલાધિકારને લીધે मातृ શબ્દ ગૌણ ન હોય તો પણ ऋ નો इ થઈ જાય છે.

माईणं– मातॄणाम्–માતાઓનું

## उद् ऊद् ओत मृषि ॥८।१।१३६॥

मृषा શબ્દમાં ऋ નો હ્રસ્વ उ, દીર્ઘ ऊ અને ओ થઈ જાય છે.

मुसावाओ, मूसावाओ, मोसावाओ–मृषावादः– મૃષાવાદ–ખોટું બોલવું.

## इद्–उतौ वृष्ट–वृष्टि–पृथक्–मृदङ्ग–नप्तृके ॥८।१।१३७॥

वृष्ट, वृष्टि, पृथक्, मृदङ्ग, અને नप्तृक શબ્દોમાં ऋનો इકાર અને उ કાર થઈ જાય છે.

विट्ठो, वुट्ठो–वृष्टः–વૂઠો–વરસેલો

विट्ठी, वुट्ठी–वृष्टिः–વૂઠી–વરસાદ

पिहं, पुहं–पृथक्–અલગ–જૂદું

मिइंगो, मुइंगो–मृदङ्गः–મૃદંગ–હરડેના આકાર જેવું વાજું–ઢોલક વગેરે

नत्तिओ, नत्तुओ–नप्तृकः–નાતુ અથવા પૌત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बा बृहस्पतौ ॥८।१।१३८॥

बृहस्पति શબ્દમાં ऋનો इ અને उ વિકલ્પે થાય છે.

बिहप्फई, बुहप्फई–बहप्फई– बृहस्पतिः– ગુરુ, ગુરુવાર, બૃહસ્પતિ. હિંદીમાં बीफे

## इद्–एद्–ओद् वृन्ते ॥८।१।१३९॥

वृन्त શબ્દના ऋનો इ, ए અને ओ થાય છે.

विण्टं, वेण्टं, वोण्टं– वृन्तम्– બીંટ, દીંટ, જેની નીચે ફૂળ લટકે છે તે

## रिः केवलस्य ॥८।१।१४०॥

જે ऋ કેવળ સ્વરરૂપ છે—વ્યંજન સાથે જોડાયેલો નથી એવા ऋ નો रि થઈ જાય છે.

रिद्धी–ऋद्धिः–રધ, રદ્ધ, ઋદ્ધિ–સંપત્તિ
रिच्छो–ऋक्षः–રીંછ

## ऋण–ऋजु–ऋषभ–ऋतु–ऋषौ वा ॥८।१।१४१॥

ऋण, ऋजु, ऋषभ, ऋतु અને ऋषि શબ્દોમાં ऋ નો रि વિકલ્પે થાય છે.

रिणं, अणं–ऋणम्–દેવું, રણ
रिज्जू, उज्जू–ऋजुः– સરળ
रिसहो, उसहो–वृषभः બળદ
रिऊ, उऊ–ऋतुः–રત–ઋતુ. कुऋतु–કરત
रिसी, इसी–ऋषिः–ઋષિ

## दृशः क्विप्–टक्–सकः ॥८।१।१४२॥

दृश् ધાતુને क्विप्, टक् અને सक् પ્રત્યય લાગ્યા હોય ત્યારે दृश् ધાતુના ऋ નો रि થઈ જાય છે.

क्विप्—सरिवण्णो–सदृग्वर्णः–સરખા વર્ણવાળો
सरिरूवो–सदृग्रूपः–સરખા રૂપવાળો
सरिबंदीणं–सदृग्बन्दिनाम्–સરખા બંદીઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

टक्—सरिसो–सदृशः–સરખો।
सक्—सरिच्छो–सदृक्षः–સરખો।
टक्—एआरिसो–एतादृशः–એની જેવો।
भवारिसो–भवादृशः–તમારી જેવો–આપની જેવો।
जारिसो–यादृशः–જેવો, તેની જેવો।
तारिसो–तादृशः–તેવો, તેની જેવો।
केरिसो–कीदृशः–કોની જેવો।
एरिसो–ईदृशः–આની જેવો–આવો।
अन्नारिसो–अन्यादृशः–અન્યની જેવો।
अम्हारिसो–अस्मादृशः–અમારા જેવો।
तुम्हारिसो–युष्मादृशः–તમારા જેવો।

સંસ્કૃત ભાષામાં બે क्विप् પ્રત્યયો છે. એમાં જે क्विप्, टक्, सक् ની સાથે ૫/૧/૧૫૨ મા સૂત્રથી વિહિત કરેલો છે તે જ અહીં લેવાનો છે, બીજાને નહીં.

## आदृते ढिः ॥८।१।१४३॥

आदृत શબ્દના ऋ નો ढि થઈ જાય છે.
आढिओ–आदृतः–આદરેલ, આઢેલ–આઢ્યો

## अरिः दृप्ते ॥८।१।१४४॥

दृप्त શબ્દના ऋ નો अरि થઈ જાય છે.
दरिओ–दृप्तः–અભિમાની–દર્પવાળો।
दरिअसीहेण–दृप्तसिंहेन–અભિમાની સિંહ વડે

### ऌ ના ફેરફાર

## ऌत इलिः क्लृप्त-क्लृन्ने ॥८।१।१४५॥

क्लृप्त અને क्लृन्न શબ્દોમાંના ऌનો इलि થાય છે.
किलित्तकुसुमोवयारेसु–क्लृप्तकुसुमोपचारेषु–બનેલા કુસુમોપચારોમાં
किलित्तो क्लृप्तः–કલ્પેલું, રચેલું
किलिन्नो–क्लृन्नः–ભીનો।
धाराकिलिन्नवत्तं–धाराक्लृन्नवर्त्म–ધારાથી ભીનો થયેલો માર્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ए વર્ણના ફેરફાર

## एत इद् वा वेदना-चपेटा-देवर-केसरे ॥८।१।१४६॥

वेदना, चपेटा, देवर અને केसर શબ્દોના ए નો इ વિકલ્પે થાય છે.

विअणा, वेअणा-वेदना-વીણુ-વેદના, પીડા

चविडा, चवेडा-चपेटा-ચપેટા-તમાચો અથવા અડબોત

विअडचवेडाविणोआ-विकटचपेटाविनोदा:-વિકટ ચપેટાના વિનોદો

दिअरो, देवरो-देवर:-દેવર, દેર

किसरं, केसरं-केसरम्-કેસર

महमहिअदसणकिसरं-मघमघितदशनकेशरम्-સુગંધિત દાંતનાં કેસર

महिला, महेला-महिला-સ્ત્રી-આ બે શબ્દો જુદા જુદા સ્વતંત્ર છે એટલે महेला નું महिला થયેલું સમજવાનું નથી.

## ऊः स्तेने वा ॥८।१।१४७॥

स्तेन શબ્દના ए નો ऊ વિકલ્પે થાય છે.

थूणो, थेणो-स्तेन:-ચોર

## ऐ ના ફેરફાર

## ऐत् एत् ॥८।१।१४८॥

દરેક શબ્દના આદિના ऐ નો ए કરવો.

सेला-शैला:-પહાડો

तेलोक्कं-त्रैलोक्यम्-ત્રણ લોક

एरावणो-ऐरावण:-ઐરાવત હાથી

केलासो-कैलास:-કૈલાસ નામનો પર્વત

वेज्जो-वैद्य:-વૈદ્ય

केढवो-कैटभ:-કૈટભ નામનો રાક્ષસ

वेहव्वं-वैधव्यम्-વૈધવ્ય-વિધવાપણું-પતિરહિતપણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इत् सैधन्व-शनैश्चरे ॥८।१।१४९॥

सैन्धव અને शनैश्चर શબ્દોમાં ऐ નો इ થઈ જાય છે.

सिन्धवं-सैन्धवम्-સિંધાલૂણ-સિંધવ
सणिच्छरो-शनैश्चरः-શનૈશ્ચર-શનિવાર

## सैन्ये वा ॥८।१।१५०॥

सैन्य શબ્દમાં સૈના ऐ નો इ વિકલ્પે થાય છે.

सिन्नं, सेन्नं-सैन्यम्-સૈન્ય-સેના-લશ્કર

## अइः दैत्यादौ च ॥८।१।१५१॥

सैन्य શબ્દમાં અને दैत्य વગેરે શબ્દોમાં ऐ નો अइ થાય છે. ए ના અપવાદ માટેનું આ સૂત્ર છે.

सइन्नं-सैन्यम्-સૈન્ય
दइच्चो-दैत्यः-દૈત્ય
दइन्नं-दैन्यम्-દીનતા-ગરીબાઈ
अइसरिअं-ऐश्वर्यम्--ઐશ્વર્ય
भइरवो-भैरवः-ભૈરવ
वइजवणो-वैजवनः-એક ગોત્રનું નામ
दइवअं-दैवतम्-દૈવત
वइआलीअं-वैतालीयम्-વેતાલ સંબંધી અથવા વૈતાલીય નામનો છંદ
वइएसो-वैदेशः-વિદેશ સંબંધી
वइएहो-वैदेहः-વિદેહનો
वइदब्भो-वैदर्भः-વિદર્ભનો
वइस्साणरो-वैश्वानरः-અગ્નિ
कइअवं-कैतवम्-कैतव--કપટ
वइसाहो-वैशाखः--વૈશાખ માસ
सइरं-स्वैरम्-स्वैर-સ્વેચ્છા મુજબ
चइत्त-चैत्यम्-ચૈત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चैत्य શબ્દમાં જ્યારે त्य ના त् અને य ની વચ્ચે इ આવી જાય ત્યારે આ નિયમ ન લાગે, જ્યારે इ ન આવે ત્યારે લાગે.

चेइअं–चेतियं–चैत्यम्–ચૈત્ય

આર્ષ પ્રાકૃતમાં चैत्य આખા શબ્દને બદલે ची બોલાય છે.

चीवंदणं–चैत्यवन्दनम्–ચૈત્યવંદન

## वैरादौ वा ॥८।१।१५२॥

વૈર વગેરે શબ્દોમાં ऐ નો अइ આદેશ વિકલ્પે થાય છે.

वइरं, वेरं–वैरम्–વેર, દ્વેષ

कइलासो, केलासो–कैलासः–કૈલાસ પર્વત

कइरवं, केरवं–कैरवम्–કૈરવ ચંદ્રવિકાસી કમળ

वइसवणो, वेसवणो–वैश्रवणः–કુબેર

वइसंपायणो, वेसंपायणो–वैशम्पायनः–એ નામના ઋષિ

वइआलिओ, वेआलिओ–वैतालिकः–વૈતાલિક

वइसिअं, वेसिअम्–वैशिकम्–વૈશિક–કામશાસ્ત્ર

चइत्तो, चेत्तो–चैत्रः–ચૈત્ર માસ

## एच्च दैवे ॥८।१।१५३॥

દૈવ શબ્દમાં ऐ નો ए અને अइ એમ વારાફરતી થાય છે.

देव्वं, दइव्वं–दैवम्–ભાગ્ય

## उच्चैर्-नीचैसि अअः ॥८।१।१५४॥

उच्चैः અને नीचैः શબ્દના ऐ નો अअ થાય છે.

उच्चअं–उच्चैः–ઊંચું

नीचअं–नीचैः–નીચું

उच्च શબ્દને क લગાડવાથી उच्चक શબ્દ બને અને नीच શબ્દને क લગાડવાથી नीचक શબ્દ બને. આ બંને उच्चक અને नीचक રૂપ દ્વારા उच्चअं અને नीचअं પ્રયોગ બની જાય છે એટલે આ સૂત્ર બનાવવાની જરૂર નથી તોપણ उच्चैस्‌નું उच्चअं અને नीचैस्‌નું नीचअं રૂપ જ થાય પણ એ સિવાય બીજું રૂપ ન થાય એ ખાતર આ સૂત્ર બનાવેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ईर् धैर्ये ॥८।१।१५५॥

धैर्य શબ્દમાં ऐનો દીર્ઘ ई થઈ જાય છે.

धीरं–धैर्यम्–ધૈર્ય

धीरं हरइ विसाओ–धैर्यं हरति विषाद:–ખેદ ધૈર્યને હરી લે છે.

## ओतः अद् वा अन्योन्य–प्रकोष्ठ–आतोद्य–शिरोवेदना–मनोहर–सरोरुहे क्–तोश्च वः ॥८।१।१५६॥

अन्योन्य, प्रकोष्ठ, आतोद्य, शिरोवेदना, मनोहर અને सरोरुह શબ્દોમાં ओનો अ વિકલ્પે થઈ જાય છે. અને જ્યારે ओ નો अ થાય ત્યારે प्रकोष्ठ શબ્દના कનો તથા आतोद्य શબ્દના तનો व કરી દેવો.

अन्नुन्नं, अन्नन्नं–अन्योऽन्यम्–અન્યોન્ય, પરસ્પર

पवट्ठो, पउट्ठो–प्रकोष्ठः–પહોંચો–કોણીની નીચેનો ભાગ અથવા પહોળો હાથ–પોંચો

आवज्जं, आउज्जं–आतोद्यम्–વાજું, વાદ્ય

सिरोविअणा, सिरविअणा–शिरोवेदना–શિરોવેદના–મસ્તકની પીડા

मणोहरं, मणहरं–मनोहरम्–મનહર

सरोरुहं, सररुहं–सरोरुहम्–તળાવમાં ઊગનારું કમળ

## ऊत् सोच्छ्वासे ॥८।१।१५७॥

सोच्छ्वास શબ્દમા ओ નો દીર્ઘ ऊ થઈ જાય છે.

सूसासो–सोच्छ्वासः–ઉચ્છ્વાસ સાથે

## गवि अउ–आअः ॥८।१।१५८॥

गो શબ્દમાં ओ નાં अउ અને आअ એવાં બે ઉચ્ચારણો થાય છે.

अउ—गउओ–गौः–બળદ

गउआ–गावः–બળદો

गउआ–ગાય

आअ—गाओ–गौः–બળદ

આ નિયમ દ્વારા તો गोનું गउ રૂપ જ થાય પણ गउ શબ્દને क પ્રત્યય લગાડવાથી તેનું गउअ રૂપ થાય. અહીં આપેલાં गउओ, गउआ રૂપો क પ્રત્યયવાળા गउअ શબ્દનાં સમજવાં.

हरस्स एसा गाई–हरस्य एषा गौः–શંકરની આ ગાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## औत ओत् ॥८।१।१५९॥

શબ્દના આદિના औ કારનો ओकार થઈ જાય છે.

कोमुई—कौमुदी—કૌમુદી

जोव्वणं—यौवनम्—યૌવન—જુવાની

कोत्थुहो—कौस्तुभः—કૌસ્તુભ નામનો હીરો

कोसंबी—कौशाम्बी—કૌશાંબી નગરી

कोंचो—क्रौञ्चः—ક્રૌંચ નામનું પક્ષી અથવા મલય નામનો પહાડ

कोसिओ—कौशिकः—ઘુવડ

## उत् सौन्दर्यादौ ॥८।१।१६०॥

सौन्दर्य વગેરે શબ્દોમાં औ નો उ થાય છે.

सुन्देरं, सुन्दरिअं—सौन्दर्यम्—સૌંદર્ય

मुंजायणो—मौञ्जायनः—વિશેષ નામ છે

सुंडो—शौण्डः—मत्त—છકેલ—મદ્ય પીવામાં આસક્ત

सुद्धोअणी— शौद्धोदनिः—શુદ્ધોદનના પુત્ર—ભગવાન બુદ્ધ

दुवारिओ—दौवारिकः—દ્વારપાલ

सुगंधत्तणं—सौगन्ध्यम्—સુગંધીપણું

पुलोमी—पौलोमी—વિશેષ નામ

सुवण्णिओ—सौवर्णिकः—સોની

## कौक्षेयके वा ॥८।१।१६१॥

कौक्षेयक શબ્દમાં औ નો उ વિકલ્પે થાય છે.

कोच्छेअयं, कुच्छेअयं—कौक्षेयकम्— કુક્ષીમાં રહેનારી તલવાર

## अउः पौरादौ च ॥८।१।१६२॥

पौर વગેરે શબ્દોમાં અને कौक्षेयक શબ્દમાં औ નો अउ થઈ જાય છે..

कउच्छेअयं—कौक्षेयकम्—કુક્ષિમાં રહેનારી તલવાર

पउरो—पौरः—પુરમાં—નગરમાં—રહેનારો

पउरजणो—पौरजनः—પુરમાં રહેનાર માણસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कउरवो–कौरवः–કુરુનો પુત્ર, કુરુ દેશનો નિવાસી
कउसलं–कौशलम्–કુશલતા–હોંશિયારી
पउरिसं–पौरुषम्–પૌરુષ
सउहं–सौधम्–સુધા–ચુના–વડે ધોળેલ મકાન–મહેલ
गउडो–गौडः–ગૌડદેશનો વાસી
मउली–मौलिः–મસ્તક
मउणं–मौनम्–મૌન
सउरा–सौराः–નક્ષત્રો
कउला–कौलाः– તંત્રમતના ઉપાસકો– શક્તિના ઉપાસકો

## आच्च गौरवे ॥८।१।१६३॥

गौरव શબ્દમાં औનો आ થાય અને अउ પણ થાય છે.
गारवं, गउरवं–गौरवम्– ગૌરવ

## नावि आवः ॥८।१।१६४॥

नौ શબ્દમાં औનો आव થાય છે
नौ–नाव+आ=नावा नौः–નાવ–હોડી

## સસ્વર વ્યંજનનો ફેરફાર

## एत् त्रयोदशादौ स्वरस्य सस्वरव्यञ्जनेन ॥८।१।१६५॥

त्रयोदश વગેરે સંખ્યાવાચક શબ્દોમાં આદિના સ્વરનો તે સ્વર પછી આવેલ સ્વર અને વ્યંજનની સાથે એટલે त्रयो અને त्रयस् ભાગનો ते થઈ જાય છે.
तेरह–त्रयोदश–તેર
तेवीस–त्रयस्–त्रयो–विंशतिः– ત્રેવીસ

## स्थविर–विचकिल–अयस्कारे ॥८।१।१६६॥

स्थविर શબ્દમાં स्थवि અંશનો थे થાય છે. विचकिल શબ્દમાં विच અંશનો वे થાય છે અને अयस्कार શબ્દમાં अयस् અંશનો ए થાય છે.
थेरो–स्थविरः–વયોવૃદ્ધ
वेइल्लं–विचकिलः–બહેડાનું ફૂલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુલ અધિકારને લીધે કોઈ કોઈ પ્રયોગમાં विचकिल શબ્દનું विअइल्ल રૂપ પણ થાય છે. જેમકે विअइल्लपसूणपुंजा–विचकिलप्रसूनपुञ्जाः–વિચકિલ પુષ્પના ઢગલા. एक्कारो–अयस्कारः–લોઢું ઘડનારો–લુહાર.

## वा कदले ॥८।१।१६७॥

कदल શબ્દમાં कद અંશનો વિકલ્પે के થઈ જાય છે.

केलं, कयलं–कदलम्–કેળું

केली, कयली–कदली–કેળ.

## वा इतः कर्णिकारे ॥८।१।१६८॥

कर्णिकार શબ્દમાં र्णिकार અંશનો વિકલ્પે ण्णेर થઈ જાય છે.

कण्णेरो, कण्णिआरो–कर्णिकारः– કણેર

## अयौ वा ऐत् ॥८।१।१६९॥

अयि અવ્યયને બદલે ऐ વિકલ્પે વપરાય છે.

ऐ ! बीहेमि–अयि ! बीहेमि–अयि ! बिभेमि– અરે ! હું બીઉં છું

अइ ! उम्मत्तिए ! अयि उम्मत्तिए– अयि उन्मत्तिके–અરે ઉન્મત્તિકા

પ્રાકૃત ભાષામાં ऐ કારનો પ્રયોગ થતો નથી એમ કહેલું છે તોપણ अयिનો આ સૂત્રદ્વારા ऐ કરવાથી માત્ર આ પ્રયોગમાં જ ऐ વપરાય છે એમ આ સૂત્રથી સમજવું.

## ओत् पूतर-बदर-नवमालिका–नवफलिका-पूगफले ॥८।१।१७०॥

पूतरના पूतનો पो. થાય છે बदरના बदનો बो થાય છે नवमालिकाના અને नवफलिकाના नवનો नो અને पूगफलના पूगનો पो થઈ જાય છે.

पोरो–पूतरः–પાણીનો પોરો

बोरं–बदरम्– બોર નામનું ફળ (हिंदी–बेर)

बोरी–बदरी–બોરડીનું વૃક્ષ (નારીજાતિ)

नोमालिआ–नवमालिका વેલનું નામ

नोहलिआ–नवफलिका ” ”

पोप्फलं–पूगफलम्–ફોફળ–સોપારી

पोप्फली–पूगफली– ” નું વૃક્ષ (નારીજાતિ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## न वा मयूख-लवण-चतुर्गुण-चतुर्थ-चतुर्दश-चतुर्वार-सुकुमार-कुतूहल-उदूखल-उलूखले ॥८।१।१७१॥

मयूख શબ્દના मयूनो मो, लवणना लवनो लो, चतुर्गुण, चतुर्थ, चतुर्दश, चतुर्वार એ ચાર શબ્દના चतुर्नो चो, सुकुमारमा सुकुनो सो, कुतूहलना कुतूनो को અને उदूखलમાં उदूनो ओ તથા उलूखलमां उलूनो ओ વિકલ્પે થાય છે.

मोहो, मऊहो–मयूख:– કિરણ
लोणं, लवणं–लवणम्–લૂણ–લવણ–મીઠું
चोग्गुणो, चउग्गुणो–चतुर्गुणः–ચારગણો
चोत्थो, चउत्थो–चतुर्थः–ચોથો
चोत्थी, चउत्थी–चतुर्थी– ચોથી–(નારીજાતિ) ચોથ તિથિ
चोद्दह, चउद्दह–चतुर्दश–ચૌદ
चोद्दसी, चउद्दसी–चतुर्दशी–ચૌદશ (નારીજાતિ)
चोव्वारो, चउव्वारो–चतुर्वारः–ચાર વાર
सोमालो, सुकुमालो–सुकुमारः–સુંવાળો, સુકુમાર
कोहल्लं, कोउहल्लं–कुतूहलम्–કુતૂહલ
तह मन्ने कोहलिये–तथा मन्ये कुतूहलिके !–હે કુતૂહલિકા ! ! તેમ માનું છું
ओहलो, उऊहलो–उदूखलम्–ખાંણિયો
ओक्खल, उलूहल–उलूहलम्– ''

મયૂરના અર્થમાં સંસ્કૃતમાં मोर શબ્દ છે અને मयूर શબ્દ પણ છે એ શબ્દો સ્વતંત્ર– જુદા જુદા છે તેથી मयूरनो मोर થયો એમ ન સમજવું.

## अव-अप-उते ॥८।१।१७२॥

अव અને अप ઉપસર્ગને બદલે અને વિકલ્પ અર્થવાળા उत નિપાતને બદલે ओ વિકલ્પે થાય છે.

अव–ओअरइ, अवयरइ–अवतरति–અવતરે છે, ઊતરે છે.
ओआसो, अवयासो–अवकाशः–અવકાશ
अप–ओसरइ, अवसरइ–अपसरति–અપસરે છે, પાછો હઠે છે
ओसारिअं, अवसारिअं–अपसारितम्–પાછું હઠાવેલું
उत–ओ वणं, उअ वणं–उत वनम्–આ વન છે કે ?
ओ घणो, उअ घणो·उत घनः–આ વરસાદ છે કે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુલંને લીધે કોઈ કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો નથી.

अवगयं–अवगतम्–જાણેલું

अवसद्दो–अपशब्दः–અપશબ્દ

उअ रवी?–उत रविः?–આ સૂર્ય છે કે?

## ऊत् च उपे ॥८।१।१७३॥

उप શબ્દના उનો દીર્ઘ ऊ અને ओ વિકલ્પે થઈ જાય છે.

ऊहसिअं, ओहसिअं, उवहसिअं–उपहसितम्–ઉપહાસ

ऊज्झाओ, ओज्झाओ, उवज्झाओ=उपाध्यायः–ઉપાધ્યાય

ऊआसो, ओआसो, उववासो, उपवासः–ઉપવાસ

## उमः निषण्णे ॥८।१।१७४॥

निषण्ण શબ્દના निष ના इष અંશનો उम થઈ જાય છે.

निष–न्+इष–न्+उम=णुम=णुमण्णो, णिसण्णो=निषण्णः–બેઠેલો

## प्रावरणे अङ्गु-आऊ ॥८।१।१७५॥

प्रावरण શબ્દના प्रावના आव અંશનો अंगु અને आउ એવાં બે રૂપો વિકલ્પે થઈ જાય છે.

प्राव=प्र+आव=प्र+अंगु=पंगु=पंगुरणं=प्रावरणम्–પાગરણ, ઓઢવા–પાથરવાનું

प्राव=प्र+आव=प्र+आउ=पाउ=पाउरणं=प्रावरणम्– "

## स्वराद् असंयुक्तस्य अनादेः ॥८।१।१७६॥

૮।૧।૧૪૪મા સૂત્રથી લઈને ૮।૧।૧૭૫ સૂત્રો સુધીનાં સૂત્રો દ્વારા अ, आ, इ, ई, उ, ऊ, ऋ लृ, ए, ऐ, ओ, औ એ બધાના ફેરફારો અનુક્રમે બતાવેલા છે હવે ૮।૧।૧૭૭મા સૂત્રથી ઠેઠ આખા પાદ સુધી અસંયુક્ત વ્યંજનના ફેરફારો બતાવવાના છે તેની સૂચના આ ૮।૧।૧૭૬મા સૂત્ર દ્વારા આચાર્ય આપે છે. ૮।૧।૧૭૬મું સૂત્ર કોઈ ખાસ વિધાન કરતું નથી પણ એ એમ સૂચવે છે કે, ૮।૧।૧૭૭ સૂત્રથી લઈને જે કંઈ વિધાન કરવામાં આવનાર છે તે, 'સ્વર પછી આવેલા અસંયુક્ત અને આદિમાં નહીં રહેલા એવા વ્યંજનને લાગુ પડે છે' એમ સમજવાનું છે એટલે આ સૂત્ર આ પાદના છેડા સુધી પહોંચે એવું અધિકાર સૂત્ર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क-ग-च-ज-त-द-प-य-वां प्रायो लुक् ॥८।१।१७७॥

આદિમાં નહીં આવેલા અને અસંયુક્ત તથા સ્વરથી પછી આવેલા, क, ग, च. ज, त, द, प, य અને વનો પ્રાય: લોપ થઈ જાય છે.

क-तित्थयरो-तीर्थंकरः-તીર્થ કરનાર-જૈન તીર્થંકર

लोओ-लोकः-લોક

सयढं-शकटम्-છકડો, શકટ-ગાડું

ग-नओ-नगः-ન+ગ-ગતિ ન કરી શકે એવું પર્વત વગેરે

नयरं नगरम्-નેર, નગર, (ચાંપાનેર વગેરે)

मयंको-मृगाङ्कः-મૃગના નિશાનવાળો-ચંદ્ર

च— सई-शची-ઇંદ્રાણી

कयग्गहो-कचग्रहः-વાળને પકડવા

ज— रययं-रजतम्-રજત-રૂપું

पयावई-प्रजापतिः-પ્રજાપતિ-બ્રહ્મા, અથવા પ્રજાનો પતિ

गओ-गजः-ગાજનાર-હાથી

त— वियाणं वितानम्-વિસ્તાર

रसायलं-रसातलम्-રસાતળ-પૃથ્વીનું તળિયું-પાતાળ-ભાષામાં 'રસાતાળ'

जई-यतिः-જતિ, સાધુ "જોગી જતિને વેર"

द— गया-गदा-ગદા

मयणो-मदनः-મદન-કામદેવ

प—रिऊ-रिपुः-રિપુ-શત્રુ

सुउरिसो-सुपुरुषः-સારો પુરુષ

य—दयालू-दयालुः-દયાળુ-દયાવાળો

नयणं-नयनम्-નેણ-આંખ-આ શબ્દમાં યનો લોપ થયા પછી બાકી રહેલા 'અ'નો ય થયેલ છે.

विओओ-वियोगः-વિયોગ-જુદા પડવું.

व— लायण्णं-लावण्यम्-લાવણ્ય

विउहो-विबुधः- વિબુધ-દેવ અથવા પંડિત

वलयाणलो-वडवानलः-વડવાનળ અગ્નિ-સમુદ્રમાં રહેનારો અગ્નિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં वના લોપના ઉદાહરણમાં આચાર્ય विबुध શબ્દ દ્વારા बનું ઉદાહરણ આપે છે, એથી એમ સજવાનું છે કે પ્રાકૃત ભાષામાં व અને ब ને એકસરખા સમજવામાં આવે છે. સંસ્કૃતમાં પણ बवयोरैक्यम् એટલે व અને बની એકતા છે. એવો વિચાર પ્રસિદ્ધ છે.

સૂત્રમાં प्रायः શબ્દ મૂકવાથી આચાર્ય એવું જણાવે છે કે, જે શબ્દમાંના क, ग, च, ज વગેરેનો લોપ કરવાથી શબ્દનો અર્થ બરાબર સમજાય નહીં તથા અર્થ અંગે ભ્રમ ઊભો થાય એવું જ્યાં જણાય ત્યાં તથા જે શબ્દો વિશેષનામરૂપ હોય તે શબ્દોમાં क ग च વગેરેનો લોપ ન કરવો એટલે આ નિયમ ન લગાડવો. જેમકે—

(૧) सुकुसुमम्–અહીં सुउसुमं થઈ જાય તો શબ્દનો અર્થ સમજી શકાતો નથી.

(૨) प्रयागजलम्–અહીં पयायजलं થવાથી पयाय શબ્દ વડે प्रयाग નો અર્થ નીકળતો નથી.

(૩) सुगओ–सुगतः–બુદ્ધ ભગવાન. અહીં ग નો લોપ થાય તો सुअओ રૂપ થાય. એમ થવાથી सुअओ શબ્દ 'બુદ્ધ ભગવાન'નો અર્થ જણાવી શકે એમ નથી.

(૪) अगरुः શબ્દમાં ग નો લોપ થઈ જાય તો તેથી अअरु શબ્દ દ્વારા 'અગરના' કાષ્ઠનો અર્થ સમજાતો નથી.

(૫) सचावम् શબ્દમાં च નો લોપ થઈ જતાં सआवम् રૂપ થાય. અને તે सआवं રૂપ सचाप ના અર્થને જણાવી શકતું નથી.

(૬) विजणं માં ज નો લોપ થવાથી विअणं રૂપ થાય અને એ विअणं રૂપ व्यजन–'પંખો' અર્થને જણાવી શકતું નથી અથવા विजनम् એટલે 'ઊજડ સ્થાન.' विजनम् નું विअणं કરવાથી તે દ્વારા 'ઊજડ સ્થાન' રૂપ અર્થ સમજી શકાતો નથી.

(૭) सुतारम् રૂપમાં त નો લોપ થઈ જાય તો सुआरं પ્રયોગ થાય અને એ પ્રયોગ सुतार ના મૂળ અર્થને જણાવી શકતો નથી. सुतारम्–સારી તારાવાળું કે સારી આંખની કીકીવાળું.

(૮) विदुरो શબ્દમાં विउरो રૂપ થઈ જાય છે અને विउरो રૂપ विदुर નામના અર્થને જણાવી શકતું નથી. विदुर એ વિશેષ નામ છે.

(૯) सपावं માં प નો લોપ થઈ જતાં सआवं રૂપ થઈ જવાને લીધે એનો અર્થ સ્પષ્ટ જણાઈ શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦) એ જ રીતે समवायः–समवायो નું સમગ્રાઓ, देवः–देवो નું દેઓ અને दानवः નું दाणयो કે दाणओ રૂપ થતાં તે તે શબ્દો પોતાના મૂળ અર્થને જણાવી શકતા નથી, એટલે કહેવાનો આશય એ છે કે જે જે શબ્દોમાં क ग च ज વગેરેનો લોપ કરતાં બરાબર અર્થ સમજી ન શકાય ત્યાં લોપ ન થાય.

નીચેના શબ્દોમાં क ग च ज વગેરે વ્યંજનો અનુસ્વાર રૂપ વ્યંજન પછી આવેલા છે, સ્વર પછી નથી તેથી તેનો લોપ ન થાય :

संकरो–सङ्करः–ભેળસેળ અથવા संकरो–शंकरः–શંકર ભગવાન
संगमो–सङ्गमः–સંગમ
नक्कंचरो–नक्तंचरः–રાત્રે ફરનારો–રાક્ષસ–नक्तं–રાત્રિ
धणंजओ–धनञ्जयः–અગ્નિ
विसंतवो–द्विषंतपः–શત્રુને તપાવનાર
पुरंदरो–पुरन्दरः–ઇંદ્ર
संपातो–संपातः–મેળાપ
संयमो–संयमः–સંજમ
संवुडो–संवृतः–સંવરવાળો, સંયમી
संवरो–संवरः–શ્રી **અભિનંદન** નામના ચોથા તીર્થંકરના પિતાનું નામ

નીચેના શબ્દોમાં क ग વગેરે સંયુક્ત છે તેથી લોપ ન થાય :

क—अक्को–अर्कः–સૂર્ય
ग—वग्गो–वर्ग–વર્ગ
च—अच्चो–अर्च्यः–પૂજનીય
ज—वज्जं–वर्ज्यम्–વર્જનીય–ત્યાગવા લાયક
त—धुत्तो–धूर्तः–ધૂર્ત–લુચ્ચો
द—उद्दामो–उद्दामः–ઉદ્દામ–ઉગ્ર
प—विप्पो–विप्र–વિપ્ર–બ્રાહ્મણ
य—कय्यं–क्रय्यम्–વેચવા–ખરીદવાયોગ્ય
व—सव्वं–सर्वम्–સર્વ–બધું–સબ

કોઈ કોઈ પ્રયોગમાં સંયુક્ત વર્ણનો પણ લોપ થઈ જાય છે—
नक्कचरो આમાં च નો વ્યંજન રૂપ અનુસ્વાર સાથે સંયોગ હોવા છતાંય नक्कंयरो રૂપ થઈ જાય છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

નીચેના શબ્દોમાં क ग વગેરે આદિમાં આવેલા હેવાથી લોપ થતો નથી, જેમકે-

कालो–कालः–કાળ–વખત

गंधो–गन्धः–ગંધ

चोरो–चौरः–ચોર

जारो–जारः–યાર, વ્યભિચારી માણુસ.

तरू–तरुः–ઝાડ

दवो–दवः–દવ–અગ્નિ

पावं–पापम्–પાપ

वण्णो–वर्णः–વર્ણ

આ क ग च ज વગેરે આદિવાળાં ઉદાહરણોમાં यનું ઉદાહરણ આપ્યું નથી, કારણ કે પ્રાકૃત ભાષામાં આદિમાં यનું ज ઉચ્ચારણ જ થઈ જતું હોવાથી પ્રાકૃત ભાષામાં કોઈ પદ આદિમાં य વાળું મળશે જ નહીં

જે શબ્દ સમાસવાળો છે ત્યાં 'અખંડ શબ્દ' માની લેવામાં આવે તો क ग च ज અનાદિમાં મળશે અને તેથી તેનો લોપ પણ થશે. જો સમાસના બન્ને શબ્દોને વિભક્તિના કારણે જુદાં જુદાં પદો માનવામાં આવે તો क ग વગેરે પદની આદિમાં આવશે તેથી આ નિયમથી લોપ નહીં થાય. અર્થાત્ વિભક્તિની અપેક્ષાએ ભિન્ન પદ હોય છે તેથી ત્યાં પ્રયોગાનુસારે લોપ પણ કરવો. જેમકે—

क—सुहकरो, सुहयरो–सुखकरः–સુખનો કરનાર

ग—आगमिओ, आयमिओ–आगमिकः–આગમનો જાણકાર

च—जलचरो, जलयरो–जलचरः–જલચર પ્રાણી

त—बहुतरो, बहुअरो–बहुतरः–ઘણો વધારે

द—सुहदो, सुहओ–सुहृदः–સારો એવો પાણીનો ઘરો

નીચેના પ્રયોગમાં આદિમાં પણ લોપ થઈ ગયો છે:

स उण–स पुनः–તે વળી

सो अ–स च–તે અને

इन्धं–चिह्नम्–ચિહ્ન, નિશાન

કોઈ શબ્દમાં च નો ज પણ થઈ જાય છે

च નો ज—पिसाजी–पिशाची–પૈશાચી ભાષા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચેના શબ્દોમાં व्यत्ययश्च ૮।૪।૪૪૭મા સૂત્ર દ્વારા 'ક' નો 'ગ' થયેલ છે:

एगत्तं एकत्वम्–એકપણું

एगो–एकः–એક

अमुगो–अमुकः–અમુક

असुगो–असुकः– ,,

सावगो–श्रावकः–શ્રાવક

आगारो–आकारः–આકાર અથવા અપવાદ–છૂટછાટ

आगरिसो–आकर्षः–આકર્ષ–ખેંચાણ

लोगस्सुज्जोअगरा–लोकस्योद्द्योतकराः–લોકમાં ઉદ્યોત કરનારા

આ પદ 'ચતુર્વિંશતિસ્તવ' નામના જૈન સૂત્રમાં આદિમાં જ આવે છે.

આર્ષ પ્રાકૃતમાં બીજું પણ એવું થઈ જાય છે કે જેનું વિધાન કર્યું જ નથી હોતું, જેમકે—

आउण्टणं–आकुञ्चनम्–સંકોચ–આ પ્રયોગમાં च નો ट થઈ ગયો છે.

## यमुना–चामुण्डा–कामुक–अतिमुक्तके मः अनुनासिकश्च ॥८।१।१७८॥

यमुना, चामुण्डा, कामुक અને अतिमुक्तक શબ્દોમાં म નો લોપ થઈ જાય છે ને લોપ થઈ ગયા પછી म નો પૂર્વ સ્વર અનુનાસિકરૂપે બોલાય છે.

जँउणा–यमुना–યમુના નદી

चाँउडा–चामुण्डा–ચામુંડા દેવી

काँउओ–कामुकः–કામી માણસ

अणिंउतयं–अतिमुक्तकम्–જેમાંથી રથ બને તેવું લાકડાનું ઝાડ

આ બધા પ્રયોગોમાં म् અનુનાસિકરૂપે તો જળવાયેલ જ છે

કેટલેક સ્થળે अतिमुक्तक માં આ નિયમ લાગતો નથી જેમકે—अइमुंतयं અથવા अइमुत्तयं. જુઓ ।૮।૧।૨૬।

## न अवर्णात् पः ॥८।१।१७९॥

अ વર્ણ પછી प આવેલો હોય તો તેનો લોપ થતો નથી.

सवहो–शपथः–શપથ–સોગન

सावो–शापः–શાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परउट्ठो શબ્દમાં પર અને પુષ્ટ એ બે શબ્દોનો સમાસ છે તેથી જ્યારે વિભક્તિની અપેક્ષાએ એટલે જુદાં જુદાં પદની અપેક્ષાએ બન્ને પદને જુદાં માનવામાં આવે ત્યારે પુષ્ટ નો વ આદિમાં આવી જાય છે તેથી આ નિયમ દ્વારા વ ના લોપનો નિષેધ થતો નથી પણ જ્યારે વાક્યની અપેક્ષાએ એટલે થયેલ સમાસની અપેક્ષાએ परपुट्ठ શબ્દને એક જ પદ માનીએ તો पुट्ठ નો વ અનાદિમાં આવી જાય છે તેથી ૮।૧।૧૭૭ સૂત્ર દ્વારા વ નો લોપ થઈ શકે છે. અર્થાત્ परपुट्ठ શબ્દનાં परउट्ठ અને परपुट्ठ એમ બન્ને રૂપો સાધી શકાય છે.

ગ્રંથકારે આપેલ परउट्ठो પદને એક અખંડ પદ નહીં પણ જુદાં જુદાં પદ સમજીને અહીં ઘટાવવાનું છે. જુદાં જુદાં પદ સમજીએ તોજ पुट्ठ પદનો વ આદિમાં આવી શકે અને અહીં આપેલ परउट्ठो પ્રતિઉદાહરણ રૂપે ઘટી શકે.

ઊપર જણાવેલ રીતે માનીએ તોપણ એક બીજો વિવાદ ઊભો થાય તેમ છે. તે એ છે કે જો पुट्ठ પદના વને આદિમાં માનીએ તો ૮।૧।૧૭૭। સૂત્ર દ્વારા તે વનો લોપ કેવી રીતે થાય? ૮।૧।૧૭૭મું સૂત્ર પણ અનાદિમાં આવેલ 'વ' નો લોપ કરે છે. એટલે આ ઉદાહરણ વિવાદાસ્પદ લાગે છે એટલે ખરી રીતે ૮।૧।૧૭૭ સૂત્ર परपुट्ठ શબ્દને લગાડી परउट्ठ રૂપ સાધવું જ હોય તો बहुलम्નો આધાર લઈને એમ માનવું જોઈએ કે 'न पुनः' નું न उण' વગેરે ।૮।૧।૧૭૭મા સૂત્રમાં જણાવેલા પ્રયોગોની પેઠે ક્યાંય આદિમાં પણ લોપ થઈ જાય છે. એમ માનીએ તો જ परउट्ठो પ્રયોગ સાધી શકાય. અથવા એમ સમજવું જોઈએ કે ક્યાંક अवर्ण પછી આવેલા આદિના વ નો પણ બહુલંને લીધે લોપ થઈ જાય છે અને આદિમાં વ વાળા એવા પ્રયોગોમાં લોપનો નિષેધ કરનાર ૮।૧।૧૭૯ સૂત્રનો નિયમ લાગુ પડતો નથી.

## अवर्णः यश्रुतिः ॥८।१।१८०॥

જ્યારે क ग च ज વગેરે વર્ણો, अ વર્ણ પછી આવેલા હોય અને તેમનો ।।૮।૧।૧૭૭।। નિયમ દ્વારા લોપ થયા પછી જે જે શબ્દોમાં अ વર્ણ બાકી રહેતો હોય અર્થાત્ બે अ વર્ણની વચ્ચે જ્યારે क ग च ज વગેરેનો લોપ થઈ જાય ત્યારે બાકી રહેલો अ વર્ણ ઈષિતસ્પૃષ્ટપ્રયત્નતર 'ય' જેવો સંભળાય છે. અર્થાત अ વર્ણનો य થઈ જાય છે.

तित्थयरो–तीर्थंकरः–તીર્થંકર

सयढं–शकटम्–છકડો–ગાડું

नयरं–नगरम्–નગર–જ્યાં કોઈ 'કર–વેરા' લેવાતા નથી તેવું સ્થળ–
न+कर=नकर–नगर

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मयंको–मृगाङ्कः–ચંદ્ર
कयग्गहो–कचग्रहः–વાળને પકડવા
कायमणी–काचमणिः–કાચનો મણિ
रययं–रजतम्–રૂપું–ચાંદી
पयावई–प्रजापतिः–બ્રહ્મા, કુંભાર
रसायलं–रसातलम्–પૃથ્વી–જમીનનું તળ–ભાષામાં 'રસાતાળ'
पायालं–पातालम्–પાતાળ
मयणो–मदनः–મદન–કામદેવ
गया–गदा–ગદા
नयणं–नयनम्––નેણ–આંખ
दयालू–दयालुः–દયાળુ
लायण्णं–लावण्यम्–કાંતિ

નીચેના શબ્દોમાં क ग च ज વગેરે લોપાયા પછી શેષ अ વર્ણ રહેતો નથી તેથી ત્યાં य શ્રુતિ થઈ નથી.

सउणो–शकुनम्–પક્ષી અથવા શકુન
पउणो–प्रगुणः–વધારે ગુણવાળો
पउरं–प्रचुरम्–ઘણું
राईवं–राजीवम्–કમળ
निहओ–निहतः–હણાયેલો
निनओ–निनदः, निनादः–નિનાદ–અવાજ
वाऊ–वायुः–વાયુ
कई–कविः–કવિ

નીચેના શબ્દોમાં क ग च ज વગેરે अ વર્ણ પછી આવેલા નથી તેથી य શ્રુતિ ન થઈ. જેમકે—

लोअस्स–लोकस्य–લોકનું
देअरो–देवरः–દેવર–દેર–પતિનો નાનો ભાઈ

કોઈ કોઈ પ્રયોગમાં બે 'અવર્ણ'ની વચ્ચે 'अवर्ण' નથી હોતો ત્યાં પણ य શ્રુતિ થઈ જાય છે. જેમકે—पियइ–पिबति–પીએ છે—આ પ્રયોગમાં ब, अ વર્ણ પછી આવેલો નથી પણ इवर्ण પછી આવેલ છે છતાં य શ્રુતિ થઈ ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क નો ફેરફાર

## कुब्ज-कर्पर-कीले कः खः अपुष्पे ॥८।१।१८१॥

कर्पर અને कील શબ્દોમાં क નો ख કરી દેવો અને कुब्ज શબ્દ જો 'પુષ્પ' અર્થવાળો ન હોય તો તેના क નો ख કરવો.

खुज्जो–कुब्जः–કુબ્જ–ઠીંગણો–કૂબડો
खप्परं–कर्परम्–ખપ્પર અથવા ઠીબ
खीलओ–कीलकः–ખીલો

बंधेउं कुज्जय–पसूणं–बद्धवा कुब्जकप्रसूनम्–કૂબ્જાના ફૂલને બાંધીને–આ વાકયમાં कुब्ज શબ્દ પુષ્પ અર્થનો સૂચક છે તેથી ख ન થયો.

આર્ષ પ્રાકૃતમાં બીજા શબ્દોમાં પણ क નો ख થઈ જાય છે. જેમકે—

खासिअं–कासितम्–ખાંસી
खासिएणं–कासितेन આ પ્રયોગ अन्नत्थ ऊससिएणं નામના જૈન પ્રતિક્રમણના સૂત્રમાં આવે છે.
खसिअं–कसितम्–કસેલું

## मरकत-मदकले गः कन्दुके तु आदेः ॥८।१।१८२॥

मरकत અને मदकल શબ્દોમાં क નો ग કરી દેવો અને कन्दुक શબ્દમાં તો આદિના क નો ग કરવો.

मरगयं–मरकतम्–મરકત મણિ
मयगलो–मदकलः–મદનો હાથી–મદથી યુક્ત હાથી
गेंदुअं–कन्दुकम्–રમવાનો દડો–જુઓ ૮।૧।૫૭।

## किराते चः ॥८।१।१८३॥

किरात શબ્દના क નો च કરવો.

चिलाओ–किरातः–કિરાત–ભીલ

किरात શબ્દ જ્યારે મુખ્ય રીતે 'ભીલ' અર્થમાં ન હોય ત્યારે च ન થાય. જેમકે—नमिमो हर–किरायं– नमामः हर–किरातम्–હરરૂપ કિરાતને અમે નમીએ છીએ. અહીં 'કિરાત' શબ્દ મુખ્યપણે 'ભીલ' અર્થને સૂચવતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતી ભાષામાં 'કરિયાતુ' અને હિંદી ભાષામાં चिरायता શબ્દ અમુક જાતના ઔષધનો સૂચક છે. તે શબ્દનો સંબંધ किरात શબ્દ સાથે લાગે છે, જેમ કિરાત-ભીલ-લોકો જંગલમાં રહે છે તેમ આ ઔષધ પણ જંગલમાં થાય છે એ રીતે 'કરિયાતુ' चिरायना' શબ્દનો સંબંધ 'किरात' શબ્દ સાથે જોડી શકાય.

## शीकरे भ–हौ वा ॥८।१।१८४॥

शीकर ના क નો भ અને ह બન્ને વિકલ્પે થાય છે.

सीभरो, सीहरो, सीअरो–शीकरः–પાણીના છાંટા

હિંદી सीहरના 'ટાઢથી કંપવું' ક્રિયાપદનો સંબંધ પ્રસ્તુત शीकर- सीहर શબ્દ સાથે જોડી શકાય.

## चन्द्रिकायां मः ॥८।१।१८५॥

चन्द्रिका શબ્દમાં क નો म થઈ જાય છે.

चंदिमा–चन्द्रिका–ચંદ્રનો પ્રકાશ–ચંદ્રિમા.

चन्द्रमस् શબ્દ સાથે चंदिमा શબ્દને સરખાવો.

આ. હેમચંદ્ર પોતાના સંસ્કૃત કોશ અભિધાનચિંતામણિના શિલોઞ્છમાં 'ચંદ્રિકા' અર્થ માટે चन्द्रिमा શબ્દ આપે છે. ૨ કાંડ ૧૦૬ શ્લોક.

શિલોઞ્છ એટલે વીણેલા વધારાના શબ્દોનો સંગ્રહરૂપ કોશ

## निकष–स्फटिक–चिकुरे हः ८।१।१८६॥

निकष, स्फटिक અને चिकुर શબ્દના क નો ह થઈ જાય છે.

निहसो–निकषः–કસોટીનો પથ્થર

फलिहो–स्फटिकः–સ્ફટિક મણિ

चिहुरो–चिकुरः–વાળ

દુર્ગ નામનો વૈયાકરણ એમ કહે છે કે, चिहुर શબ્દ સંસ્કૃત ભાષામાં પણ છે, આ હકીકત 'અમરકોશ'ના ટીકાકાર ક્ષીરસ્વામીએ પણ પોતાની ટીકામાં નોંધી છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## ख વગેરેનો ફેરફાર

## ख–घ–थ–ध–भाम् ॥८।१।१८७॥

સ્વરથી પર આવેલા, અસંયુક્ત અને અનાદિમાં રહેલા ख, घ, थ, ध, અને भ ને બદલે પ્રાકૃતમાં પ્રાયઃ ह બોલવો.

ख— साहा–शाखा–શાખા, ડાળ અથવા ભાગ
मुहं–मुखम्–મુખ
मेहला–मेखला–કંદોરો
लिहइ–लिखति–લખે છે

घ— मेहो–मेघः–મેહ અથવા વરસાદ
जहणं–जघनम्–સાથળ
माहो–माघः–માહ કેમ હા મહિનો
लाहइ–श्लाघते–સરાહે છે–વખાણ કરે છે.

थ— नाहो–नाथः–નાથ
आवसहो–आवसथः–વસવાનું સ્થળ–રહેઠાણ
मिहुणं–मिथुनम्–જોડલું
कहइ–कथयति–કહે છે

ध— साहू–साधुः–સાધુ પુરુષ
वाहो–व्याधः–શિકારી, વ્યથા કરનારો
बहिरो–बधिरः–બહેરો
बाहइ–बाधते–બાધા–પીડા–કરે છે
इंदहणू–इन्द्रधनुः–ઇંદ્ર ધનુષ્ય

भ— सहा–सभा–સભા
सहावो–स्वभावः–સ્વભાવ
नहं–नभः–આકાશ
थणहरो–स्तनभरः–સ્તનનો ભાર
सोहइ–शोभते–શોભે છે

નીચેના શબ્દોમાં ख, घ, थ, ध, भ સ્વર પછી નથી પણ અનુસ્વાર પછી છે કે વ્યંજન પછી છે તેથી ह ન થાય:

संखो–शङ्खः–શંખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संघो–सङ्घः–સંઘ
कंथा–कन्था–ગોદડી
बंधो–बन्धः–બંધ
खंभो–स्तम्भः–થાંભલો

નીચેના શબ્દોમાં ख, घ, थ, ध, भ સંયુક્ત છે તેથી ह ન થાય.

अक्खइ–आख्याति–તે કહે છે.
अग्घइ–अर्घति–તે પૂજે છે.
कत्थइ–कत्थते–તે શ્લાઘા કરે છે.
सिद्धओ–सिद्धकः–સિદ્ધ પુરુષ
बंधइ–बध्नाति–તે બાંધે છે
लब्भइ–लभ्यते–લાભ મેળવાય છે.

નીચેના શબ્દોમાં ख, घ, थ, ध, भ વ્યંજનો આદિમાં છે તેથી ह ન થાય, गज्जन्ते खे मेहा–गर्जन्ति खे मेघाः–આકાશમાં મેઘો ગાજે છે.

गच्छइ घणो–गच्छति–घनः–વરસાદ જાય છે.

'પ્રાયઃ' કહેલું હોવાથી નીચેના શબ્દોમાં ख, घ, थ, ध, भ નો ह થતો નથી.

सरिसवखलो–सर्षपखलः–સરસવનો ખોળ
पलयघणो–प्रलयघनः–પ્રલયકાળનો વરસાદ
अथिरो–अस्थिरः–અસ્થિર
जिणधम्मो–जिनधर्मः–જિને જણાવેલો ધર્મ
पणट्ठभओ–प्रणष्टभयः–જેનો ભય નાસી ગયો છે.
नहं–नभः–આકાશ.

ઉપર જણાવેલા આ બધા શબ્દોમાં ख વગેરેનો ह કરવામાં આવે તો મૂળ શબ્દનો અર્થ બરાબર સમજી શકાય એમ નથી, માટે જ્યાં મૂળ શબ્દનો અર્થ બરાબર સમજાય ત્યાં જ આ નિયમ લગાડવો.

### थ નો ध

## पृथकि धो वा ॥૮।૧।૧૮૮॥

पृथक् શબ્દના थ નો ध વિકલ્પે કરવો.

पिधं, पुधं, पिहं, पुहं–पृथक्–જુદું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ख નો क

## शृङ्खले खः कः ॥८।१।१८९॥

शृङ्खल શબ્દમાં खનો क થાય છે.

संकलं–शृङ्खलम्–લોઢાની સાંકળ.

ग નો म

## पुन्नाग—भागिन्योर्गो मः ॥८।१।१९०॥

पुन्नाग અને भागिनी શબ્દોના गનો म થાય છે.

पुंनामो–पुन्नागः–પુન્નાગનું ઝાડ

पुन्नामाइं वसन्ते–पुन्नागानि वसन्ते–વસંત ઋતુમાં પુંનાગો ખીલે છે.

भामिणी–भागिनी–ભાગીદારણ–સ્ત્રી

કોપ કરવાના સ્વભાવવાળી સ્ત્રી માટે સંસ્કૃતમાં भामिनी શબ્દ છે.—અમર૦ તથા અભિધાન૦

ग નો ल

## छागे लः ॥८।१।१९१॥

छाग શબ્દમાં गનો ल થાય છે.

छालो–छागः–બકરો

छाली–छागी–છાળી–બકરી

ભાષામાં 'બકરાં'ને 'છાળાં' કહે છે.

ગધેડાં ઉપર નાખીને 'અનાજ' વગેરેનાં 'છાલકાં' આવે છે એ 'છાલકાં' બકરાંના વાળમાંથી બનાવવામાં આવે છે માટે જ તેને 'છાલકાં કહેવાય છે.

ग નો व

## ऊत्वे दुर्भग–सुभगे वः ॥८।१।१९२॥

दुर्भग અને सुभग શબ્દના હ્રસ્વ उ નો દીર્ઘ ऊ થયા પછી गનો व થાય છે.

दूहवो–दुर्भगः–દુર્ભગ–અસુંદર

सूहवो–सुभगः–સુભગ–સુંદર

दुहओ, सुहओ—આ પ્રયોગમાં દીર્ઘ ऊ થયો નથી તેથી આ નિયમ ન લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## च नो फेरफार

## खचित–पिशाचयोश्चः स–ल्लौ वा ॥८।१।१९३॥

खचित શબ્દમાં च નો स થાય છે અને पिशाच શબ્દમાં च નો ल्ल થાય છે.

खसिओ, खइओ–खचितः–ભરેલો

पिसल्लो, पिसाओ–पिशाचः–પિશાચ–ભૂત પિશાચ અથવા જે દેશના નામ ઉપરથી પૈશાચી ભાષાનુ નામ પ્રચલિત થયેલ છે તેવા એક દેશનું નામ.

## जटिले जो झो वा ॥८।१।१९४॥

જટિલ શબ્દમાંના જનો વિકલ્પે झ કરવો.

झडिलो, जडिलो–जटिलः–જટિલ–જટાવાળો અથવા ગૂંચવાયેલ

## ट नो ड

## टो डः ॥८।१।१९५॥

સ્વરથી પર આવેલા, અસંયુક્ત અને અનાદિમાં રહેલા ट નો ड કરવો.

नडो–नटः–નટ

भडो–भटः–ભટ–સુભટ–લડવૈયો

घडइ–घटते–ઘડે છે.

घंटा માં ट અનુસ્વાર પછી છે સ્વર પછી નથી તેથી

खट्टा खट्वा–'ખાટલો ખાટ'–આ खट्टा શબ્દમાં ट સંયુક્ત છે તેથી

टक्को टक्कः–એક દેશનું નામ છે. टक्कમાં આદિમાં છે તેથી

આ ત્રણે ઉદાહરણોમાં टનો ड ન થયો.

टक्क નામ તે દેશનું સૂચક છે, જે દેશના નામ ઉપરથી ભાષાનું નામ टाक्की પ્રચલિત થયેલ છે

બહુલ અધિકારને લીધે કોઈ સ્થળે આ નિયમ લાગતો નથી.

अटइ–अटति આ રૂપમાં टનો ड ન થયો. अटइ–આથડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ટ નો ઢ

## सटा-शकट-कैटभे ढः ॥८।१।१९६॥

સટા, શકટ અને કૈટભ માં ટનો ઢ કરવો.

सढा–सटा–યાળ–સિંહની યાળ

सयढो–शकटः–છકડો–ગાડું

केढवो–कैटभः–રાક્ષસનું નામ

### ટ નો લ

## स्फटिके लः ॥८।१।१९७॥

स्फटिक શબ્દમાંના ટનો લ કરવો.

फलिहो–स्फटिकः–સ્ફટિકમણિ એક જાતનું રત્ન

स्फटिक શબ્દમાં ૧૯૫મા સૂત્ર દ્વારા ટનો ड કર્યા પછી ૨૦૨મા સૂત્રના નિયમથી डनो ल થઈ શકે છે.

## चपेटा–पाटौ वा ॥८।१।१९८॥

चपेटा શબ્દના અને પાટ્ ધાતુના ટનો લ વિકલ્પે થાય છે.

चविला, चविडा–चपेटा–ચપેટા–પંજો, તમાચો હિંદી चप्पत

फालेइ, फाडेइ–पाटयति–ભાગ પાડે છે. ફાડે છે–ફાળવે છે

### ઠ નો ફેરફાર

## ठो ढः ॥८।१।१९९॥

સ્વર પછી આવેલા, અસંયુક્ત અને સ્પનાદિમાં રહેલા ઠ નો ઢ કરવો.

मढो–मठः–મઠ–સંન્યાસીઓને રહેવાનું સ્થાન, ઘર–માઢ

सढो–शठः–શઠ–લુચ્ચો માણસ

कमढो–कमठः–કાચબો

कुढारो–कुठारः–કુહાડો, કોદાળો

पढई–पठति–પઢે છે–ભણે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वेकुंठो–वैकुण्ठः–માં ઠ અનુસ્વાર પછી છે તેથી—

चिट्ठइ –तिष्ठति–માં સંયુક્ત ઠ છે તેથી—

हिअए ठाइ –हृदये तिष्ठति આ ठाइ પદનો અનાદિમાં નથી પણ આદિમાં છે તેથી—

આ ત્રણે ઉદાહરણોમાં આ નિયમ ન લાગ્યો.

## अङ्कोठे ल्लः ॥८।१।२००॥

अङ्कोठ શબ્દના ठ નો બેવડો ल्ल કરવો.

अंकोल्लो–अङ्कोठः–અંકોલ

अंकोल्लतेल्लतुप्पं –अङ्कोठतैलम्रक्षितम्)–અંકોલના તેલથી ચોપડેલું.

## पिढरे हो वा रश्च डः ॥८।१।२०१॥

पिठर શબ્દમાંના ठ નો ह વિકલ્પે કરવો અને ह થાય ત્યારે र નો ड કરવો. पिहडो, पिढरो–पिठरः–થાળી

### ड નો ફેરફાર

## डो लः ॥८।१।२०२॥

સ્વરથી પર રહેલા, અસંયુક્ત અને અનાદિમાં આવેલા ड નો પ્રાયઃ ल થાય છે.

वलयामुहं–वडवामुखम्–ઘોડીનું મુખ

गरुलो–गरुडः–ગરુડ

तलायं–तडागम्–તળાવ

कीलइ कीडति–ક્રીડા કરે છે

मोंडं–मुण्डम्–મુંડ અને कोदंडं कोदण्डम्–ધનુષ એ બન્ને શબ્દોમાં ड અનુસ્વાર પછી આવેલો છે તેથી આ નિયમ ન લાગે.

गड्डो–गर्तः–ખાડો–માં ड સંયુક્ત છે તેથી આ નિયમ ન લાગ્યો.

रमइ डिंभो અથવા डिम्भो रमते. डिम्भः–बालकः–બાળક રમે છે. અહીં ड આદિમાં હોવાથી આ નિયમ ન લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'લ પ્રાયઃ થાય છે' એમ કહેવાથી કોઈ કોઈ શબ્દમાં ड નો ल વિકલ્પે થાય છે.

बलिसं, बडिसं-बडिशम्-બડિશ-માછલાંને ખવડાવવાની વસ્તુ

दालिमं, दाडिमं-दाडिमम्-દાડમ

गुलो, गुडो-गुडः-ગોળ

णाली, णाडी,-नाडी-નાડી

णलं, णडं-नडम्-એક જાતનુ ઘાસ. સંસ્કૃતમાં नल શબ્દ પણ છે.

आमेलो, आवेडो-आपीडः-છોગું જુઓ ॥૮।૧।૧૦૫॥

એ જ રીતે કોઈ કોઈ પ્રયોગોમાં ड નો ल થતો નથી

निबिडं-निबिडम्-ગીચ-ઘીચ, ઘટ્ટ

गउडो-गौडः-ગૌડ દેશનો નિવાસી

पीडिअं-पीडितम्-પીડાયેલો

नीडं-नीडम्-માળો-સરખાવો निलय

उडू-उडुः-તારો

तडी-तटी-કાંઠો, તટ

## ण નો ફેરફાર

## वेणौ णो वा ॥८।१।२०३॥

વેણુ શબ્દમાં ण નો ल વિકલ્પે થાય છે.

वेलू, वेणू-वेणुः-વાંસડો. બેલગામ-વેણુગ્રામ

## त નો ફેરફાર

## तुच्छे तश्च-छौ वा ॥८।१।२०४॥

तुच्छ શબ્દમાં त નો च અને छ વિકલ્પે થાય છે.

चुच्छं, छुच्छं-तुच्छम्-તુચ્છ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तगर-त्रसर-तूवरे टः ॥८।१।२०५॥

तगर, त्रसर અને तूवर શબ્દના त નો ट કરવો.

टगरो-तगरः-તગરનું ઝાડ, તગરનું લાકડું
टसरो-तसरः-સૂતરને વીંટવાનું સાધન
टूवरो-तूवरः-તૂરો રસ

## प्रति-आदौ डः ॥८।१।२०६॥

प्रति વગેરે શબ્દોના त નો પ્રાયઃ ड થાય છે.

पडिवन्नं-प्रतिपन्नम्-સ્વીકારેલું
पडिहासो-प्रतिभासः-પ્રતિભાસ અથવા
पडिहासो प्रतिहासः-પ્રતિહાસ
पडिहारो-प्रतीहारः-પહેરેદાર, દરવાન
पाडिप्फद्धी-प्रतिस्पर्धिन्-પ્રતિસ્પર્ધી-હરીફ
पडिसारो-प्रतिसारः-પ્રતિસાર
पडिनिअत्तं-प्रतिनिवृत्तम्-પાછું ફરેલ
पडिमा-प्रतिमा-પ્રતિમા-મૂર્તિ અથવા સરખી વસ્તુ
पडिवया-प्रतिपत्-પ્રતિપદા-પડવો
पडंसुआ-प्रतिश्रुत्-પડછંદો-પ્રતિધ્વનિ
पडिकरइ-प्रतिकरोति-પ્રતીકાર કરે છે.
पहुडि-प्रभृति-વગેરે
पाहुडं-प्राभृतम्-પ્રાભૃત, ભેટ-સોગાદ
वावडो-व्यापृतः-રોકાયેલો
पडाया-पताका-પતાકા-ધજા
बहेडओ बिभीतकः-બહેડું
हरडई-हरीतकी-હરડે
मडयं-मृतकम्-મડદું

આર્ષ પ્રાકૃતમાં નીચેના શબ્દોમાં પણ ड થઈ જાય છે:

दुकडं-दुष्कृतम्-દુષ્કૃત-પાપ
सुकडं-सुकृतम्-સુકૃત-પુણ્ય

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

आहडं-आहृतम्-લાવેલું

अवहडं-अपहृतम्-હરેલું

'ड' પ્રાય: થાય છે' એમ કહેવાથી ઘણા શબ્દોમાં ड થતો નથી.

पइसमयं-प्रतिसमयम्-પ્રતિ સમય

पईवं-प्रतीपम्-પ્રતિકૂળ-વિરુદ્ધ

संपइ-संप्रति-હમણાં

पइट्ठाणं-प्रतिष्ठानम्-પ્રતિષ્ઠાન. पइट्ठाण-પૈઠણ-એ નામનું ગામ

पइण्णा-प्रतिज्ञा-પ્રતિજ્ઞા.

## इत्वे वेतसे ॥८।१।२०७॥

वेतस् શબ્દમાં જ્યારે त નો त्ति થાય ત્યારે ति નો डि કરવો.

वेडिसो-वेतिसो-वेतस-નેતર

"इ: स्वप्नादौ" ૮/૧/૪૬મું સૂત્ર वेतस् માં त्त ના अ નો इ કરે છે. એટલે માલમ પડે છે કે त ના अ નો इ હમેશ થાય છે. તેમ છતાં આ સૂત્રમાં કહ્યું છે કે જ્યારે त ના अ નો इ થાય ત્યારે त નો ड કરવો. એ ઉપરથી એમ ફલિત થાય છે કે वेतस માં त ના अ નો इ નિયત રીતે ન થતો હોવો જોઈએ. અર્થાત્ કોઈ પ્રયોગમાં त ના अ નો इ ન થતો હોવો જોઈએ. એમ માનીએ તો જ આ સૂત્રમાં 'अ નો इ થયા પછી' એમ જે કહેલું છે તે સાર્થક થઈ શકે.

## गर्भित-अतिमुक्तके णः ॥८।१।२०८॥

गर्भित શબ્દના અને अतिमुक्तक શબ્દના त નો ण કરવો.

गब्भिणो-गर्भितः-વચ્ચે આવેલો.

अणिउँतयं-अतिमुक्तकम्-રથ બનાવવાના લાકડાનું ઝાડ

બહુલ અધિકારને લીધે अतिमुक्तक શબ્દના त નો ण થતો પણ નથી. अइमुत्तयं।

ऐरावत અર્થમાં સંસ્કૃતમાં બે શબ્દો છે. એક ऐरावण અને બીજો ऐरावत એ બન્ને શબ્દો સ્વતંત્ર જુદા જુદા છે તેથી ऐरावत નો ऐरावण કરવાની જરૂર નથી અર્થાત્ ऐरावत ના त નો ण કરવાની જરૂર નથી. एरावओ, एरावणो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द નો ફેરફાર

## रुदिते दिना ण्णः ॥८।१।२०९॥

रुदित શબ્દના दित અંશનો એટલે दि સાથેના त નો બેવડો ण्ण થઈ જાય છે.

रुण्णं–रुदितम्–રોણું–રુદન

કેટલાક વૈયાકરણોએ આ સ્થળે "ऋत्वादिषु दः" એવું સૂત્ર મૂકેલું છે. એનો અર્થ એમ થાય છે કે 'ऋतु વગેરે શબ્દોમાં त નો द કરવો'.

અહીં પ્રશ્ન થાય છે કે 'આચાર્યશ્રી આ જાતનું વિધાન કેમ નથી કરતા? તેનો ઉત્તર આપવા ખુદ ગ્રંથકાર જ સૂચવે છે કે 'त ના द નું વિધાન તો શૌરસેની ભાષામાં, માગધી ભાષામાં તથા અપભ્રંશ ભાષામાં કરવાનું છે.' માટે અહીં કર્યું નથી. પ્રાકૃત ભાષામાં તો त નો લોપ જ થાય છે. જેમકે—

रिऊ, उऊ–ऋतुः–ઋતુ
रययं–रजतम्–રૂપું
एअं–एतत्–આ
गओ–गतः–ગયેલો
आगओ–आगतः–આવેલો
संपयं–सांप्रतम्–હાલમાં, હમણાં
जओ–यतः–જેથી, જે કારણથી, કારણ કે
तओ–ततः–તેથી
कयं–कृतम्–કરેલું
हयं–हतम्–હણેલું
हयासो–हताशः–હતાશ–જેની આશા હણાયેલ—નાશ પામી—છે તે
सुओ–श्रुतः–સાંભળેલો
आकिई–आकृतिः–આકૃતિ–આકાર
निव्वुओ–निर्वृतः–શાંત થયેલો
ताओ–तातः–દાદો–પિતા
कयरो–कतरः–કયો
दुइओ–द्वितीयः–બીજો

પ્રાકૃતમાં તો આવાં त ના લોપવાળાં ऋतुः रिऊ કે उऊ વગેરે રૂપો જ થાય છે પણ उदू (ऋतुः), रजदं (रजतम्) એવા પ્રયોગો થતા નથી. કદાચ કોઈ ઠેકાણે પ્રાકૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષામાં પણ આવા द વાળા પ્રયોગો મળે તો એ માટે "व्यत्ययश्च" ૮।૩।૪૪૭ એ સૂત્ર છે જ, એટલે '"ऋत्वादिषु दः" એ સૂત્રની અહીં જરૂર નથી' એમ ગ્રંથકારનો અભિપ્રાય છે.

સંસ્કૃતના ધૃતિ શબ્દને બદલે પ્રાકૃતમાં दिही રૂપ થાય છે, તે રૂપની સિદ્ધિ માટે તો "धृतेर्दिहिः" ૮।૨।૧૩૧ એવું સૂત્ર અમે કહેવાના જ છીએ, તેથી તે માટે અહીં કોઈ વિધાનની જરૂર નથી.

## त નો ફેરફાર

## सप्ततौ रः ॥८।१।२१०॥

सप्तति શબ્દના त નો र કરવો.

सत्तरी–सप्ततिः–સિત્તેર

## अतसी–सातवाहने लः ॥८।१।२११॥

अतसी અને सातवाहन શબ્દોના त નો ल કરવો.

अलसी-अतसी–અળસી.

सालाहणो, सालवाहणो–सातवाहनः–સાતવાહન કે શાલિવાહન એ રાજાનું નામ છે. જુઓ ૮–૧–૮. सालाहणी भासा–सातवाहनी भाषा–સાતવાહને બોલવામાં કે લખવામાં પ્રયોજેલી ભાષા કે લિપિ.

## पलिते वा ॥८।१।२१२॥

पलित શબ્દમાં त નો ल વિકલ્પે થાય છે.

पलिअं, पलिलं–पलितम्–ઘડપણમાં આવતાં–પળિયાં–ધોળા વાળ.

## पीते वो ले वा ॥८।१।२१३॥

पीत શબ્દને જ્યારે 'સ્વાર્થ'માં વપરાતો ल પ્રત્યય લાગે ત્યારે तनो ल વિકલ્પે થાય છે.

पीवलं, पीअलं– पीतम्–પીળું

पीअं (પીળું)માં 'સ્વાર્થ'માં વપરાતો ल લાગેલો નથી તેથી त નો व ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वितस्ति–वसति-भरत–कातर--मातुलिङ्गे हः ॥८।१।२१४॥

वितस्ति, वसति, भरत, कातर અને मातुलिङ्ग શબ્દોના त નો ह થાય છે.

विहत्थी–वितस्तिः–વેંત.

वसही–वसतिः–નિવાસ સ્થાન–રહેઠાણ.

'બહુલ' અધિકારને લીધે वसति માં त નો ह થતો પણ નથી જેમકે—

वसई

भरहो–भरतः–ભરત રાજાનું નામ

काहलो–कातरः–કાલો અથવા કાયર

माहुलिंगं–मातुलिङ्गम्–બીજોરું

मातुलिङ्गનો પર્યાયવાચી मातुलुङ्ग શબ્દ પણ છે તેને આ નિયમ ન લાગે, પ્રાકૃતમાં मातुलुङ्गનું माउलुंग થાય છે.

### थ નો ફેરફાર

## मेथि–शिथिर–शिथिल–प्रथमे थस्य ढः ॥८।१।२१५॥

मेथि, शिथिर, शिथिल અને प्रथम શબ્દના थ નો ढ થાય છે.

मेढी–मेथिः–મેડી–આધાર

सिढिरो–शिथिरः–શિથિલ–ઢીલો–નબળો

सिढिलो–शिथिलः– " " "

पढमो–प्रथमः–પ્રથમ–પહેલો

## निशीथ–पृथिव्योः वा ॥८।१।२१६॥

निशीथ અને पृथिवी શબ્દોના થનો ढ થાય છે.

निसीढो,–निसीहो–निशीथः–મધ્યરાત્રી

पुढवी, पुहवी–पृथ्वी–પૃથ્વી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द નો ફેરફાર

## दशन-दष्ट-दग्ध-दोला-दण्ड-दर-दाह-दम्भ-दर्भ-कदन-दोहदे दो वा डः ॥८।१।२१७॥

दशन, दष्ट, दग्ध, दोला, दण्ड, दर, दाह, दम्भ, दर्भ, कदन, दोहद શબ્દોના दनો ड વિકલ્પે કરવો.

डसणं, दसणं–दशनम्–ડસવું
डट्ठो, दट्ठो–दष्टः–ડસેલો
डड्ढो, दड्ढो–दग्धः–દાઢો, બળેલો
डोला, दोला–दोला–ડોલનારો હીંચકો
डंडो, दंडो–दण्डः–ડંડો, દાંડો–ડાંડો
डरो, दरो–दरः–ડર–ભય
डाहो, दाहो–दाहः–દાહ–ડાહ–દાઝ–બળતરા
डंभो, दंभो–दम्भः–દંભ–કપટ
डब्भो, दब्भो–दर्भः–ડાભ, દર્ભ
कडणं, कयणं–कदनम्–હિંસા
डोहलो, दोहलो–दोहदः–દોહદ–મનનો દોહલો–ગર્ભવતીને દોહલો થાય તે

જ્યારે दर શબ્દ 'ભય' અર્થમાં હોય ત્યારે તેને આ નિયમ લાગે પણ दर શબ્દનો અર્થ 'અડધું' હોય ત્યારે આ નિયમ ન લાગે.
–दरदलिअ અડધું વિકસિત

## दंश–दहोः ॥८।१।२१८॥

दंश અને दह ધાતુના दનો ड થાય છે

डसइ–दशति–ડસે છે.
डहइ–दहति–બળે છે.

## संख्या-गद्गदे रः ॥८।१।२१९॥

સંખ્યાવાચક શબ્દનો द સ્વરથી પર આવેલ હોય, અસંયુક્ત અને અનાદિમાં રહેલો હોય તો એવા दનો र થાય છે. અને गद्गद શબ્દના द નો र થાય છે

एआरह–एकादश–અગિયાર
बारह–द्वादश–બાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेरह–त्रयोदश–તેર

गग्गरं–गद्गदम्–ગાંગરવું અથવા ગદ્ગદ્ બોલવું.

તે दस આ વાક્યમાં दस નો द આદિમાં છે અને चउद्दह માં द સંયુક્ત છે માટે બન્ને પ્રયોગોમાં द નો र ન થયો.

## कदल्याम् अद्रुमे ॥८।१।२२०॥

कदली શબ્દ જ્યારે વૃક્ષવાચક ન હોય ત્યારે તેના द नो र કરવો.

करली–कदली–હરણની એક જાત

कयली અને केली–કેળ–શબ્દ 'દ્રુમ'–'કેળના ઝાડ'નો–વાચક હોવાથી करली ન થાય.

## प्रदीपि–दोहदे लः ॥८।१।२२१॥

प्रदीप (प्र સાથેના दीप्) ધાતુના द નો ल કરવો અને दोहद શબ્દના અનાદિના द નો ल કરવો.

पलीवेइ–प्रदीप्यते–સળગે છે, પ્રદીપ્ત થાય છે

पलित्तं–प्रदीप्तम्–પલિતો, 'પલિતો ચાંપ્યો'–સળગેલું ચાંપ્યું

दोहलो–दोहदः–ગર્ભિણીનો દોહલો

## कदम्बे वा ॥८।१।२२२॥

कदम्ब શબ્દના द નો વિકલ્પે ल કરવો

कलम्बो, कयम्बो–कदम्बः–કદંબનું ઝાડ

## दीपौ धो वा ॥८।१।२२३॥

दीप् ધાતુના द નો ध વિકલ્પે કરવો.

धिप्पइ, दिप्पइ–दीप्यते–દીપે છે

## कदर्थिते वः ॥८।१।२२४॥

कदर्थित શબ્દના द નો व થાય છે

कवट्टिओ–कदर्थितः–કદર્થના પામેલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ककुदे हः ॥८।१।२२५॥

ककुद શબ્દમાં द નો ह થાય છે.

कउहं-ककुदम्-કકુદ-બળદની ખૂંધ

### ધ નો ફેરફાર

## निषधे धो ढः ॥८।१।२२६॥

निषध શબ્દમાં ધનો ढ થાય છે

निसढो-निषधः-નિષધ એ દેશનું નામ છે.

## वा औषधे ॥८।१।२२७॥

ओषध શબ્દમાં ધનો ढ વિકલ્પે થાય છે

ओसढम्, ओसहं-औषधम्-ઔષધ, ઓસડ-દવા

### ન નો ફેરફાર

## नो णः ॥८।१।२२८॥

સ્વરથી પર આવેલા અસંયુક્ત અને અનાદિમાં રહેલા न નો ण થાય છે.

कणयं-कनकम्-કનક-સોનું-ધાતુ कन्-શોભવું

मयणो-मदनः-કામદેવ

वयणं-वचनम्-વયણ-વેણ-વચન

वयणं--વદન-મુખ

नयणं-नयनम्-નેણ, આંખ

माणइ-मानते-તે માણે છે.

આર્ષ પ્રાકૃતમાં કેટલાક પ્રયોગોમાં न નો ण થતો નથી, જેમકે—

आरनालं-કાંજી

अनिलो-પવન

अनलो-અગ્નિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा आदौ ॥८।१।२२९॥

અસંયુક્ત અને આદિમાં આવેલા न નો ण વિકલ્પે થાય છે

णरो, नरो–नरः–નર

णई, नई–नदी–નદી

णेइ, नेइ–नयति–લઈ જાય છે

न्याय શબ્દમાં સંયુક્ત न છે તેથી न નો ण ન થાય.

नाओ–न्यायः–ન્યાય

## निम्ब–नापिते ल–ण्हं वा ॥८।१।२३०॥

निम्ब શબ્દમાં न નો ल વિકલ્પે થાય છે અને नापित શબ્દમાં न નો ण्ह વિકલ્પે થાય છે.

लिंबो, निंबो–निम्बः–લીંબડો

ण्हाविओ, नाविओ–नापितः–ન્હવડાવનારો–હજામ, નાઈ

ण्हाविओ શબ્દના આદિના ण्हावि અંશને સંસ્કૃતના स्ना ધાતુના પ્રેરક રૂપ स्नापि સાથે બરાબર સરખાવી શકાય. આ સરખામણી જોતાં ण्हाविअ નામનો મૂળ અર્થ 'નવડાવનારો' થાય. આ જોતાં અમરકોશમાં તથા શ્રીહેમાચાર્યકૃત અભિધાનચિંતામણિ કોશમાં "न आप्यते इति नापितः" એવી જે વ્યુત્પત્તિ બતાવેલ છે તે વિશેષ ચિંતનીય છે અથવા નરી કલ્પિત છે. વળી વ્યવહારમાં લગ્ન વગેરેના પ્રસંગ ઉપર 'નાવી'નું પ્રધાન કાર્ય 'વરને નવરાવવાનું છે.' એ હકીકત પ્રસિદ્ધ જ છે. એ જોતાં આ. હેમચંદ્ર नापित ના આદિ 'ना'નો 'ण्हा' બનાવીને આ શબ્દનો સંબંધ स्ना ધાતુ સાથે જોડે છે એ વિશેષ ઉચિત છે.

### प નો ફેરફાર

## पो वः ॥८।१।२३१॥

સ્વરથી પર આવેલા અસંયુક્ત અને અનાદિમાં રહેલા प નો પ્રાયઃ व કરવો.

सवहो–शपथः–શપથ–પ્રતિજ્ઞા

सावो–शापः–શાપ–શ્રાપ

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

उवसग्गो–उपसर्गः–વિઘ્ન, સંકટ અથવા ધાતુના આગલા ભાગમાં જોડાનારો શબ્દ

पईवो–प्रदीपः–દીવો

दीवो–दीपः–દીવો

कासवो–काश्यपः–કાશ્યપ વિશેષ નામ છે

पावं–पापम्–પાપ

उवमा–उपमा–ઉપમા

कविलं–कपिलम्–કપિલવર્ણ

कुणवं–कुणपम्–મડદું–શબ

कलावो–कलापः–સમૂહ

कवालं-कपालम्–ખોપરી, ખોપરીનું હાડકું, કપાળ

महिवालो–महिपालः–મહીને પાળનારો રાજા

गोवई–गोपतिः–ગાયોનો પતિ–સાઢ અથવા ગાયોનો માલિક ગોવાળ

तवइ–तपति– તપે છે.

कंपइ–कम्पते–કંપે છે–કાંપે છે—અહીં प સ્વરથી પર નથી પણ અનુસ્વારથી પર છે તેથી આ નિયમ ન લાગે.

अप्पमत्तो–अप्रमत्तः–ઉદ્યમી–અહીં સંયુક્ત प છે તેથી આ નિયમ ન લાગે.

सुहेण पढइ–सुखेन पठति–સુખપૂર્વક વાંચે છે—અહીં પણ प આદિમાં છે, તેથી આ નિયમ ન લાગે.

कई–कपिः–વાંદરો

रिऊ-रिपुः–શત્રુ

આ બે ઉદાહરણોમાં પહેલા ઉદાહરણ कपि માં कम्प् ધાતુનો જ प् છે એથી તેને બદલી ન શકાય અને બીજા ઉદાહરણ रिपु માં इपु પ્રત્યયનો જ प છે તેથી તે પણ ન બદલી શકાય માટે કહે છે કે વિધાન હોવાથી प નો व થયો નથી.

પ્રાકૃત ભાષામાં प ના સંબંધમાં બે વિધાન છે. એક તો ૮।૧।૧૭૭ સૂત્રવડે प નો લોપ થાય છે અને બીજું આ સૂત્રથી पનો व થાય છે. આ બન્ને વિધાનો એક સાથે થવાનો સંભવ નથી માટે જે વિધાન કરવાથી અર્થનો ભ્રમ ન થાય અને જે વિધાન કાનને સાંભળવું સુખકર લાગે તેવું એક વિધાન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पाटि-परुष-परिघ-परिखा-पनस-पारिभद्रे फः ॥८।१।२३२॥

પ્રેરક પ્રયોગવાળા पट् ધાતુના એટલે पाटि ધાતુના प નો फ કરવો અને परुष, परिघ, परिखा, पनस અને पारिभद्र શબ્દોના प નો फ કરવો.

फाडेइ, फालेइ-पाटयति-ફાડે છે.

फरुसो-परुषः-ફરસુ, ફરસી જેવું, કઠોર

फलिहो-परिघः-એક પ્રકારનું શસ્ત્ર

फलिहा-परिखा-परि-ચારે કોર खन्-ખોદેલી ખાઈ

फणसो-पनसः-ફણસનું ઝાડ

फालिहद्दो-पारिभद्रः-મીઠો લીંબડો.

## प्रभूते वः ॥८।१।२३३॥

प्रभूत શબ્દના प નો व થાય છે.

वहुत्तं-प्रभूतम्-જુઓ: ८।२।९८। હિંદી-बहुत-બહોત-બોત-બહુ, ઘણું.

## नीप-आपीडे मो वा॥८।१।२३४॥

नीप અને आपीड શબ્દોના प નો म વિકલ્પે થાય છે.

नीमो, नीवो-नीपः-કદંબનું ઝાડ

आमेलो, आवेडो-आपीडः-મુગટ ઉપરની માળા, છોગું જુઓ ।।૮।૧।૧૦૫।।

## पापर्द्धौ रः ॥८।१।२३५॥

पापर्द्धि શબ્દમાં અંદરના प નો र થાય છે.

पारद्धी-पापर्द्धिः પારધિ, શિકારી

શિકારીની હિંસારૂપ પાપમય પ્રવૃત્તિ જોઈને તેને માટે पाप+ऋद्धि એ બે શબ્દો દ્વારા पापर्द्धि શબ્દ કલ્પાયેલ જણાય છે, ત્યારે પારધી શબ્દના મૂળમાં કોઈ જુદો શબ્દ હોય એમ ભાસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## फ નો ફેરફાર

## फो भ-हौ ॥८।१।२३६॥

સ્વરથી પર, અસંયુક્ત અને અનાદિમાં રહેલા फ નો भ અને ह થાય છે, કોઈ શબ્દમાં फ નો भ થાય છે અને ક્યાંક फ નો ह થાય છે.

ક્વચિત્ भ—रेभो–रेफः–રેફ

” सिभा–शिफा–કમળનું મૂળ, ઝાડનું મૂળ

ક્વચિત્ ह— मुत्ताहलं–मुक्ताफलम्–મોતી

ક્વચિત્ બન્ને–सभलं, सहलं–सफलम्–સફલ, સહેલું

” अहलं, अफलम्–અફલ–એળે જવું–ફોગટ જવું

” सेभालिया, सेहालिआ–शेफालिका–નિગુંડી–નગોડ

” सभरी, सहरी–शफरी–માછલી

” गुभइ, गुहइ–गुफति–ગૂંથે છે

गुंफइ–गुम्फति–ગૂંથે છે, વણે છે, બાંધે છે. અહીં સ્વરથી પર फ નથી પણ અનુસ્વારથી પર છે. તેથી આ નિયમ ન લાગ્યો.

पुप्फं–पुष्पम्–ફૂલ—અહીં સંયુક્ત फ છે તેથી આ નિયમ ન લાગ્યો.

चिट्ठइ फणी–तिष्ठति फणी–નાગ સ્થિર છે. અહીં फ આદિમાં છે તેથી આ નિયમ ન લાગ્યો.

कसणफणी–कृष्णफणी–કાળો નાગ. આ પ્રયોગમાં પ્રાયઃ કહેવાથી भ કે ह ન થયો પણ फ જ રહ્યો.

## ब નો ફેરફાર

## बो वः ॥८।१।२३७॥

સ્વરથી પર એવા અસંયુક્ત અને અનાદિમાં રહેલા बનો व થાય છે.

अलावू, अलाबू–अलाबूः–તૂંબી, હીંદી–લવકી

सवलो–शबलः–કાબરચીતરું

સંસ્કૃત ભાષામાં અને પ્રાકૃત ભાષામાં ब અને व વચ્ચે ભેદ મનાતો નથી.

'ब-वयोः ऐक्यम्' એવું સંસ્કૃત વચન પ્રસિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बिसिन्यां भः ॥८।१।२३८॥

बिसिनी ના ब નો भ થાય છે.

भिसिणी–बिसिनी–બિસવાળી કમલિની

સૂત્રમાં સ્ત્રીલિંગવાળા बिसिनी શબ્દનો નિર્દેશ કરેલ છે તેથી એકલા बिस શબ્દને આ નિયમ ન લાગે.

बिसतंतुपेलवाण–बिसतन्तुपेलवानाम् બિસના તંતુ જેવા કોમળ

## कबन्धे म–यौ ॥८।१।२३९॥

कबन्ध શબ્દમાં बनो म અને य વારાફરતી થાય છે.

कमन्धो, कयंधो–कबन्धः–ધડ

'કુ' એટલે 'માથું'. જેના ઉપર 'માથું' બંધાયેલ છે તે કુ+બન્ધ=કબન્ધ.

### भनो ફેરફાર

## कैटभे भो वः ॥८।१।२४०॥

कैटभ શબ્દના भ નો व થાય છે.

केढवो–कैटभः–એક રાક્ષસનું નામ. જુઓ સૂત્ર ૧૯૬મું.

### म નો ફેરફાર

## विषमे मो ढो वा ॥८।१।२४१॥

विषम શબ્દના मनो ढ વિકલ્પે થાય છે.

विसढो, विसमो–बिषमः–વિષમ–સરખું નહીં–વાંકુંચૂંકું, કઠણ

## मन्मथे वः ॥८।१।२४२॥

मन्मथ શબ્દના અસંયુક્ત 'મ'નો એટલે આદિના मनो व થાય છે.

वम्महो–मन्मथः–કામદેવ

## वा अभिमन्यौ ॥८।१।२४३॥

अभिमन्यु શબ્દના म નો व વિકલ્પે થાય છે.

अहिवन्नू, अहिमन्नू–अभिमन्युः–અભિમન્યુ–પ્રસિદ્ધ વિશેષ નામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भ्रमरे सो वा ॥८।१।२४४॥

भ्रमर શબ્દના म નો स વિકલ્પે થાય છે.

मसलो, भमरो-भ्रमरः-ભમરો

स અને म લખવામાં વિશેષ સરખા હોવાથી 'म' ને બદલે स કલ્પાયો લાગે છે અથવા વંચાયો લાગે છે.

### य નો ફેરફાર

## आदेः यः जः ॥८।१।२४५॥

શબ્દની આદિના य નો ज થાય છે.

जसो-यशः-જશ-યશ

जमो-यमः-યમ

जाइ-याति-જાય છે

अवयवो માં અને विणयो માં આદિમાં य નથી તેથી આ નિયમ ન લાગે. ઉપસર્ગવાળા જે શબ્દોમાં य આવેલો છે તેને બહુલ અધિકારથી અનાદિનો સમજીને ज કરી લેવો.

संजमो-संयमः-સંયમ

संजोगो-संयोगः-સંયોગ

अवजसो-अवयशः-અપયશ

ઉપસર્ગવાળા શબ્દમાં કોઈ સ્થળે य નો ज થતો નથી.

पयोओ-प्रयोगः-પ્રયોગ

આર્ષ પ્રાકૃતમાં આદિના य નો લોપ પણ થાય છે.

अहक्खायं-यथाख्यातम्-જેવું કહ્યું તેવું-ઉત્તમોત્તમ ચારિત્રનું નામ યથાખ્યાત છે

अहाजायं-यथाजातम्-જેવું જન્મ્યું તેવું—નગ્ન.

## युष्मदि अर्थपरे तः ॥८।१।२४६॥

युष्मद् શબ્દ જયારે સર્વનામરૂપ હોય એટલે તેનો અર્થ 'તું-તારું' 'તમારું' રૂપે થતો હોય ત્યારે તેના य નો त થાય છે.

तुम्हारिसो-युष्मादृशः-તમારા જેવો

तुम्हकेरो-युष्मदीयः-તમારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तुम्हदम्हपयरणं-युष्मदस्मत्प्रकरणम्-આ વાક્યમાં युष्मत्, अस्मत् શબ્દ સર્વનામ વાચક નથી. 'युष्मत् શબ્દનું અને अस्मत् શબ્દનું પ્રકરણ' એવો આ વાક્યનો અર્થ છે, તેથી અહીં य નો त ન થયો.

## यष्ट्यां लः ॥८।१।२४७॥

यष्टि શબ્દના य નો ल કરવો.

लट्ठी-यष्टिः-લાકડી

वेणुलट्ठी वेणुयष्टि-વાંસની લાકડી

उच्छुलट्ठी-इक्षुयष्टिः-શેરડીનો સાંઠો. 'સાંઠો' એટલે શેરડીની यष्टि લાકડી

महुलट्ठी-मधुयष्टिः- મધની લાકડી-જેઠીમધ

## वा उत्तरीय-अनीय-तीय-कृद्ये ज्जः ॥८।१।२४८॥

उत्तरीय શબ્દમાં य નો બેવડો ज्ज વિકલ્પે થાય છે, તથા કૃદંતના अनीय પ્રત્યયના य નો અને य પ્રત્યયનો બેવડો ज्ज વિકલ્પે થાય છે. તથા તદ્ધિતના 'तीय' પ્રત્યયના य નો બેવડો ज्ज વિકલ્પે થાય છે.

उत्तरिज्जं, उत्तरीयं-उत्तरीयम्-ઉપરણો-ખેસ

अनीय-करणिज्जं, करणीयं, करणीअं-करणीयम्-કરવાલાયક

विम्हयणिज्जं, विम्हयणीयं, विम्हयणीअं-विस्मयनीयम्-વિસ્મયકારક

जवणिज्जं, जवणीय, जवणीअं-यापनीयम्-વિતાવવા જેવું

कृद्य-पेज्जा, पेया, पेआ-पेया-પીવા યોગ્ય

तीय-बिइज्जो, बिईओ, बीओ-द्वितीयः-બીજો

## छायायां हः अकान्तौ वा ॥८।१।२४९॥

જ્યારે छाया શબ્દનો 'કાંતિ' અર્થ ન હોય ત્યારે તેના य નો ह વિકલ્પે થાય છે.

छाही, छाया-छाया-છાંયો-તડકાનો અભાવ

वच्छस्स च्छाही, वच्छस्स च्छाया-वृक्षस्य छाया-વૃક્ષની છાયા

सच्छाहं, सच्छायं-सच्छायम्-છાયા સહિત

मुह-च्छाया-मुखच्छाया-મુખની કાંતિ-અહીં 'કાંતિ' અર્થ હોવાથી આ નિયમથી य નો ह ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## डाह-वौ कतिपये ॥८।१।२५०॥

कतिपय શબ્દના य નો डाह તથા व વારાફરતી થાય છે.

कइवाहं, कइअवं–कतिपयम्–કેટલુંક

## र નો ફેરફાર

## किरि-भेरे रो डः ॥८।१।२५१॥

किरि અને भेर શબ્દોના र નો ड થાય છે.

किडी–किरिः–વરાહ

સંસ્કૃતમાં किरिના પર્યાયરૂપે किटि શબ્દ પણ છે–"दंष्ट्री किटि–आस्यलाङ्गलौ" અભિ૦ ચિ૦ કાં૦ ૪, શ્લો. ૧૨૭૭. આ किटि શબ્દનું પ્રાકૃત ઉચ્ચારણ किडी થાય છે.

भेडो–भेरः–ભેડિયો–ઘેટો

સંસ્કૃતમાં भेड શબ્દ પણ છે. "संफालः शृङ्गिणो भेडः" અભિ૦ ચિં૦ કાં૦ ૪, શ્લોક. ૧૨૭૭.

## पर्याणे डा वा ॥८।१।२५२॥

पर्याण ના र નો डा વિકલ્પે થાય છે.

पडायाणं, पल्लाणं–पर्याणम्–પલાણ

## करवीरे णः ॥८।१।२५३॥

करवीर ના પહેલા र નો ण થાય છે.

कणवीरो–करवीरः–કણેર

## हरिद्रादौ लः ॥८।१।२५४॥

हरिद्रा વગેરે શબ્દોના અસંયુક્ત र નો ल થાય છે.

हलिद्दी–हरिद्रा–હળદર

दलिद्दाइ–दरिद्राति–દરિદ્ર થાય છે–દુર્ગતિમાં રહે છે

दलिद्दो–दरिद्रः–દરિદ્ર

दालिद्दं–दारिद्र्यम्–દળદર–આળસ

हालिद्दो–हारिद्रः–કદંબનું ઝાડ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहुट्ठिलो–युधिष्ठिरः–યુદ્ધમાં સ્થિર અથવા યુધિષ્ઠિર–વિશેષ નામ છે.
सिढिलो–शिथिरः–ઢીલો, મંદ
मुहलो–मुखरः–વાચાલ–બકવાદી
चलणो–चरणः–પગ
वलुणो–वरुणः–વરુણ નામનો દેવ
कलुणो–करुणः–કરુણ નામનો રસ અથવા કરુણાપાત્ર બનાવ
इंगालो–अङ्गारः–અંગારો
सक्कालो–सत्कारः–સત્કાર
सोमालो–सुकुमारः–સુકુમાળ–સુંવાળો
चिलाओ–किरातः–ભીલ
फलिहा - परिखा–ખાઈ
फलिहो–परिघः–આગળો
फालिहद्दो–पारिभद्रः–દેવદારુનું વૃક્ષ અથવા લીમડાનું વૃક્ષ
काहलो–कातरः–કાયો–કાયર
लुक्को–रुग्णः–રોગવાળો
अवद्दालो–अपद्वारः–નાની બારી અથવા ગુપ્ત દ્વાર
भसलो–भ्रमरः–ભમરો
जढलं–जठरम्–પેટ, ઉદર
बढलो–बठरः–મૂર્ખ છાત્ર
निट्ठुलो–निष्ठुरः–નિષ્ઠુર પુરુષ, કઠોર માનવી

બહુલ અધિકારને લીધે જ્યારે चरण શબ્દ 'પગ' અર્થનો સૂચક હોય ત્યારે તેના र નો ल કરવો.—चलण. જ્યારે પગ અર્થ ન હોય ત્યારે चरण શબ્દ જ રહે. જેમકે—चरणकरणं–चरणकरणम्—આચાર–ચારિત્ર અને ક્રિયા

બહુલ અધિકારને લીધે भ्रमर શબ્દના म નો स થાય ત્યારે જ તેના र નો ल કરવો–भसलो. જ્યારે स ન થાય ત્યારે भमरो રૂપ થાય.

વળી, બહુલ અધિકારને લીધે जठर, बठर અને निट्ठुर વગેરે શબ્દોના र નો ल ન થયો હોય એવા પ્રયોગો પણ થાય છે—

जढरं–जठरम् । बढरो–बठरः । निट्ठुरो–निष्ठुरः ।

આર્ષ પ્રાકૃતમાં द નો પણ ल થઈ જાય છે—

दुवालसंगं–द्वादश+अङ्गम्–द्वादशाङ्गम्–બાર અંગ–જૈન ધર્મસંમત તેનાં મૂળ બાર શાસ્ત્ર.

આર્ષ પ્રાકૃતમાં આવા બીજા પ્રયોગો પણ સમજી લેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## લ નો ફેરફાર

## स्थूले लः रः ॥८।१।२५५॥

સ્થૂલ શબ્દના લ નો ર સમજવો

થોરં–સ્થૂલમ્–સ્થૂલ–જાડું

થૂલમદ્દો–સ્થૂલમદ્ર:–વિશેષ નામ છે.––આ પ્રયોગમાં જો આદિના શબ્દને થૂર માનવામાં આવે તો ઉપરના ૮।૧।૨૫૪મા સૂત્રથી ર નો લ કરવો.

## लाहल–लाङ्गल–लाङ्गूले वा आदेः णः ॥८।१।२५६॥

લાહલ, લાઙ્ગલ અને લાઙ્ગૂલ શબ્દોના આદિના લ નો ણ વિકલ્પે થાય છે.

ણાહલો, લાહલો–લાહલ:–મ્લેચ્છ લોકોની એક જાત

ણંગલં, લંગલં–લાઙ્ગલમ્–હળ

ણંગૂલં, લંગૂલં–લાઙ્ગૂલમ્–પૂછડું–વાંદરાની અમુક જાતને તેના પૂંછડાને લીધે 'લંગૂર' કહેવામાં આવે છે.

## ललाटे च ॥८।१।२५७॥

લલાટ શબ્દમાં આદિના લ નો ણ સમજવો.

ણિડાલં, ણડાલં-લલાટમ્–કપાળ, નિલાડ, લલાટ

પ્ર૦ લલાટ શબ્દમાં તો બે 'લ' છે તેમાં શું બન્ને 'લ'નો ણ કરવો ?

ઉ૦ લલાટ શબ્દના આદિના જ 'લ'નો 'ણ' કરવો.

પ્ર૦ એવું શી રીતે જાણવું ?

ઉ૦ એ વાત જણાવવા સારુ જ આચાર્યે સૂત્રમાં च શબ્દ મૂકેલ છે.

## વ નો ફેરફાર

## शवरे वो मः ॥८।१।२५८॥

શવર શબ્દના વ નો મ કરવો.

સમરો–શબર:–એક લડાયક જાતિ. શબર શબ્દને પણ આ નિયમ લાગે છે. પ્રસ્તુત સમર શબ્દ સાથે 'યુદ્ધભૂમિ' અર્થના સૂચક સમર શબ્દને સરખાવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वप्न-नीव्योः वा ॥८।१।२५९॥

स्वप्न અને नीवी શબ્દમાંના व નો म વિકલ્પે કરવો.

सिमिणो, सिविणो—स्वप्नः—સ્વપ્ન

नीमी, नीवी—नीवी—મૂળ મૂડી, અંગરખાની કસની ગાંઠ, નીચેના વસ્ત્રની ગાંઠ.

## श-षोः सः ॥८।१।२६०॥

તાલવ્ય श કારનો અને મૂર્ધન્ય ष કારનો પ્રાકૃતમાં દંત્ય स કાર થાય છે.

श—सद्दो शब्दः—શબ્દ—સાદ

कुसो—कुशः—કુશ—ડાભ—'ડાભડો' નામનું ઘાસ તથા શ્રીરામચંદ્રજીના પુત્રનું નામ

निसंसो नृशंसः—नृ—નર, शंस—હણનાર—ઘાતકી—માણસોનો સંહાર કરનાર—ક્રૂર

वंसो—वंशः—વંશ—મનુષ્ય વગેરેનો વંશ અથવા વાંસડો

सामा—श्यामा—સોળવરસની શ્યામા—સ્ત્રી

सुद्धं—शुद्धम्—શુદ્ધ

दस—दश—દશ

सोहइ—शोभते—શોભે છે.

विसइ—विशति—પ્રવેશ કરે છે

ष—सण्डो—षण्डः—સાંઢ, નપુંસક

निहसो—निकषः—નિકષ—સોના વગેરેનો કસ કાઢવાનો પથ્થર કે કસોટીનો પથ્થર

कसाओ—कषायः—ક્રોધ વગેરે કષાય

घोसइ—घोषति—ગોખે છે—જોરથી અવાજ કરીને ગોખે છે

श, ष—सेसो—शेषः—શેષ—બાકી અથવા શેષનાગ

विसेसो—विशेषः—વિશેષ

છેક નીચે જણાવેલા शेष અને विशेष શબ્દોના તાલવ્ય श અને મૂર્ધન્ય ष બન્નેનો દંત્ય स થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ષ નો ફેરફાર

## स्नुषायां ण्हो न वा ॥८।१।२६१॥

स्नुषा શબ્દના ષ નો ण्ह વિકલ્પે થાય છે.

सुण्हा, सुसा–स्नुषा–પુત્રવધૂ–'સ્નુષા' માટે મરાઠીમાં नुस કે न्हुस શબ્દ વપરાય છે.

## दश–पाषाणे हः ॥८।१।२६२॥

दश ના श નો ह વિકલ્પે થાય છે અને पाषाणના ष નો ह વિકલ્પે થાય છે.

दश–दहमुहो, दसमुहो–दशमुखः–દશ મોંવાળો રાવણ

दहबलो, दसबलो–दशबलः–બુદ્ધ

दहरहो, दसरहो–दशरथः–દશરથ રાજા અથવા દસ રથવાળો

दह, दस–दश–દશ

एआरह–एकादश–અગિયાર

बारह–द्वादश–બાર

तेरह–त्रयोदश–તેર

पाहाणो, पासाणो–पाषाणः–પાષાણ, પાહાણો, પહાણો કે પાણો

## स નો ફેરફાર

## दिवसे सः ॥८।१।२६३॥

दिवस શબ્દના स નો ह વિકલ્પે થાય છે.

दिवहो, दिवसो–दिवसः–દીહ, દી–દિવસ–દહાડો

## ह નો ફેરફાર

## हः घः अनुस्वारात् ॥८।१।२६४॥

અનુસ્વાર પછી આવેલા ह નો घ વિકલ્પે થાય છે.

सिंघो, सीहो–सिंहः–સિંહ, સિંઘ

ઘણા લોકોના નામની પછવાડે 'સિંઘ' શબ્દ આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષામાં 'ભાવસંગજી' એમ 'સિંઘ'ને બદલે 'સંગ' શબ્દ પણ પ્રચલિત છે.

संघारो, संहारो—संहारः—સંહાર—સંઘાર—નાશ

બહુલ અધિકારને લીધે અનુસ્વાર પછી નહીં આવેલા हનો પણ घ થાય છે.

दाघो, दाहो—दाहः—દાહ—બળતરા.

### ष, श તથા स નો ફેરફાર

## षट्–शमी–शाव–सुधा–सप्तपर्णेषु आदेः छः ॥८।१।२६५॥

षट् શબ્દના ष નો छ થાય છે. शमी અને शाव શબ્દોના श નો छ થાય છે. सुधा અને सप्तपर्ण શબ્દોના स નો छ થાય છે.

ष—षट्—छ—છ સંખ્યા

षष्ठः छट्ठो—છઠ્ઠો

छट्ठी—षष्ठी—છઠ અથવા છઠ્ઠી—વિધાતા

श—छमी—शमी—શમી નામનું વૃક્ષ. જેની અંદર અગ્નિ રહેલો છે. (હિંદી—સેમ)

छावो—शावः—છૈયો—છોકરો

स—छुहा—सुधा—ચૂનો, 'છાગોળ' શબ્દમાં सुधा+गुड—ગોળ—એમ બે શબ્દો છે, કડીઆ લોકો ચુના સાથે કે સીમેંટ સાથે ગોળ મેળવે જ છે.—ચણતરના કામમાં 'છાગોળ' વપરાય છે.

छत्तिवण्णो—सप्तपर्णः—સાદડનું ઝાડ

## शिरायां वा ॥८।१।२६६॥

शिरा શબ્દના श નો छ વિકલ્પે થાય છે.

छिरा, सिरा—शिरा—નસ, પાણીની સેર—જમીનમાં અમુક સ્થળે 'પાણીની સેર છે' એમ પાણીકળા લોકો કહી શકે છે પછી કૂવો ખોદનારા કે ખોદાવનારા ત્યાં ખોદે છે.

## लुग् भाजन–दनुज–राजकुले जः सस्वरस्य न वा ॥८।१।२६७॥

भाजन, दनुज, राजकुल શબ્દોમાં આખા ज નો એટલે સ્વરસહિત ज નો વિકલ્પે લોપ થાય છે.

भाणं, भायणं—भाअणं—भाजनम्—ભાણું, તરભાણું—ત્રણ ખાનાંવાળું ભાણું—'ગોરનું તરભાણું ભરો'

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

दणुवहो, दणुजवहो–दनुजवधः–રાક્ષસનો વધ
राउल, राजउलं–राजकुलम्–રાજકુળ–રાવળું કે રાવણું.

## व्याकरण–प्राकार–आगते क–गोः ॥८।१।२६८॥

व्याकरण અને प्राकार શબ્દોના આખા क નો લોપ વિકલ્પે થાય છે. અને आगत શબ્દના આખા ग નો લોપ વિકલ્પે થાય છે.

वारणं, वायरणं–वाअरणं–व्याकरणम्–વ્યાકરણ
पारो, पायारो–प्राकारः–પ્રાકાર–કિલ્લો–કોટ
आओ, आगओ–आगतः–આવ્યો–આવેલો.

## किसलय–कालायस–हृदये यः ॥८।१।२६९॥

किसलय, कालायस અને हृदय શબ્દના આખા य નો લોપ વિકલ્પે થાય છે.

किसलं, किसलयं–किसलयम्–કૂંપી, અંકુરો
कालासं, कालायसं–कालायसम्–કાળું લોઢું
सहिओ, सहियओ–सहृदयः–સહૃદય–હૃદયવાળો–સજ્જન
सहण्णवसमा सहिआ–महार्णवसमाः सहृदयाः–સહૃદયો–પરિપક્વ જ્ઞાનવાળા મનુષ્યો મહાર્ણવ–મોટા સાગર–સમાન ગંભીર હોય છે.
जाला ते सहिअएहिं घेप्पंति–यदा ते सहृदयैः गृह्यन्ते–જ્યારે તે સહૃદયો વડે ગ્રહણ કરાય છે.
निसमणुप्पिअहिअस्स हिअयं–निशमनार्पितहृदयस्स हृदयम्–સાંભળવા માટે જેમણે હૃદય સોંપેલું છે તેવા માણસનું હૃદય.

## दुर्गादेवी–उदुम्बर–पादपतन–पादपीठेऽन्तर्दः ॥८।१।२७०॥

*दुर्गादेवी, उदुम्बर, पादपतन અને पादपीठ શબ્દોમાં વચ્ચેના આખા द નો લોપ વિકલ્પે થાય છે.*

दुग्गा–वी, दुग्गा–एवी–दुर्गादेवी–દુર્ગા નામની દેવી–પાર્વતી દેવી
उंबरो, उउम्बरो–उदुम्बरः–ઉંબરાનું ઝાડ.
पा–वडणं, पाय–पडणं–पादपतनम्–પગેલાગણું, પગે પડવું
पा–वीढं, पाय–वीढं–पादपीठम्–પગ રાખવાનું પાવડું
વચલા આખા दના લોપનું વિધાન કરેલું હોવાથી दुर्गादेवी શબ્દના આદિના दનો લોપ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यावत्-तावत्-जीवित-आवर्तमान-अवट-प्रावारक-देवकुल-एवमेवे वः ॥८।१।२७१॥

यावत्, तावत्, जीवित, आवर्तमान, अवट, प्रावारक, देवकुल અને एवमेव—આ બધા શબ્દોના વચલા આખા વનો લોપ વિકલ્પે થાય છે.

जा, जाव—यावत् જ્યાં સુધી

ता, ताव—तावत्—ત્યાં સુધી

जीअं, जीविअं—जीवितम्—જીવિત

अत्तमाणो, आवत्तमाणो—आवर्तमानः—ફરતો—ફર્યા કરતો

अडो, अवडो—अवटः—કૂવો

पारओ, पावारओ—प्रावारकः—ઓઢવાનું

दे—उलं, देव—उलं—देवकुलम्—દેવળ

एमेव, एवमेव—एवमेव—એમ જ.

વચલા આખા વના લોપનું વિધાન હોવાથી एवमेवમાં છેડાના વનો લોપ ન જ થાય.

આચાર્ય શ્રીહેમચંદ્રે રચેલા સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ વૃત્તિના અષ્ટમ અધ્યાયના પ્રથમ પાદનો સવિવેચન અનુવાદ પૂરો થયો.

❋

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અષ્ટમ અધ્યાય

## ( દ્વિતીય પાદ )

### संयुक्तस्य ॥८।२।१॥

આ અધિકારસૂત્ર છે અર્થાત્ આ સૂત્ર કોઈ પ્રકારનું વિધાન કરતું નથી પણ એવું સૂચન કરે છે કે, આ પાદના બીજા સૂત્રથી લઈને ૧૧૫-(એકસો ને પંદર)મા સૂત્ર સુધીનાં સૂત્રોમાં જે જે વિધાન કરેલ છે તે તે સંયુક્ત વ્યંજનને લાગુ પાડવાનું છે—જે કંઈ વિધાન બતાવેલું છે તે તમામ સંયુક્ત વ્યંજનને સ્થાને સમજવાનું છે.

### शक्त-मुक्त-दष्ट-रुग्ण-मृदुत्वे को वा ॥८।२।२॥

शक्त, मुक्त, दष्ट, रुग्ण અને मृदुत्व શબ્દના સંયુક્ત વ્યંજનને સ્થાને વિકલ્પે कનું ઉચ્ચારણ કરવું.

सक्को, सत्तो-शक्तः-શક્ત. સમર્થ

मुक्को, मुत्तो-मुक्तः-સ્વતંત્ર-મુક્ત-છૂટો અથવા મૂકેલો

डक्को, दट्ठो-दष्टः-ડંખેલો-ડંખ મારેલો-ડસેલો

लुक्को, लुग्गो-रुग्णः-રોગવાળો-માંદો

माउक्कं, माउत्तणं-मृदुत्वम्-મૃદુપણું-નરમાશ.

### क्षः खः क्वचित् तु छ-झौ ॥८।२।३॥

क्षને બદલે खનું ઉચ્ચારણ કરવું અને કોઈ કોઈ પ્રયોગમાં તો क्षને બદલે छનું ઉચ્ચારણ કરવું અને झનું પણ ઉચ્ચારણ કરવું.

ख-खओ-क्षयः-ख-क्षय-ક્ષય થવો, નાશ થવું અથવા 'ખે' રોગનું નામ-ક્ષયરોગ

लक्खणं-लक्षणम्-લખણ અથવા લક્ખણ, લક્ષણ-ચિહ્ન

छ--छीणं, खीणं-क्षीणम्-ક્ષીણ. છીણવું

झ-झीणं, खीणं-ઝીણું કરવું

खिज्जइ, झिज्जइ क्षीयते—ક્ષીણ થાય છે-ઝીણું જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ष्क-स्कयोः नाम्नि ॥८।२।४॥

વિશેષ નામમાં આવેલા ष्क અને स्कને બદલે खનું ઉચ્ચારણ કરવું

ष्क—पोक्खरं–पुष्करम्–પોખર–તળાવ

पोक्खरिणी–पुष्करिणी–પોખરણી, વાવડી, જેમાં કમળો ઉગતાં હોય એવો જલાશય-કમલિની

निक्खं–निष्कम्–પ્રાચીન કાળે ચાલતો સોનાનો સિક્કો અથવા સોનું

स्क–खंधो–स्कन्धः–ખાંધ

खंधावारो–स्कन्धावारः–સેનાનો પડાવ

अवक्खंदो–अवस्कन्दः–ધાડ પાડવી

નીચેના શબ્દો વિશેષ નામરૂપ નથી તેથી તેમાં खનું ઉચ્ચારણ ન થાય.

दुक्करं–दुष्करम्–દુષ્કર

निक्कंपं–निष्कम्पम्–નિષ્કંપ

निक्कओ–निष्कयः–શ્રીમંત

नमोक्कारो–नमस्कारः–નમસ્કાર

सक्कयं–संस्कृतम्–સંસ્કૃત

सक्कारो–संस्कारः–સંસ્કાર

तक्करो–तस्करः–તસ્કર–ઠાકર, ચોર.

## शुष्क-स्कन्दे वा ॥८।२।५॥

शुष्क અને स्कन्द શબ્દના સંયુક્ત વ્યંજનનું એટલે ष्क અને स्कનું ख ઉચ્ચારણ વિકલ્પે કરવું.

सुक्खं, सुक्कं–शुष्कम्–સુખું અથવા સૂકું–કપડું સૂકવ્યું કે कपडा सूखाना

खंदो, कंदो–स्कन्दः–શંકરનો પુત્ર કાર્તિકેય.

## क्ष्वेटकादौ ॥८।२।६॥

क्ष्वेटक વગેરે શબ્દોના સંયુક્ત વ્યંજનનું ख ઉચ્ચારણ કરવું.

खेडओ–क्ष्वेटकः–વિષ–ઝેર

खोडओ–क्ष्वोटकः–નખથી ચામડીનું દબાવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खोडओ–स्फोटकः–ફોલ્લો, ફોડો
खेडओ–स्फेटकः–નાશ કર્તા, નાશક–ફેડનાર
खेडिओ–स्फेटिकः ,, ,, ,,

## स्थाणौ अहरे ॥८।२।७॥

સ્થાણુ શબ્દનો હર–મહાદેવ–અર્થ ન હોય ત્યારે તેના સંયુક્ત વ્યંજનનું ख ઉચ્ચારણ કરવું.

खाणू–स्थाणुः–ઝાડનું સ્થિર રહેલું ઠૂંઠું

નીચેના સ્થાણુ શબ્દનો 'મહાદેવ' અર્થ છે તેથી તેમાં ख ન બોલાય.

थाणुणो रेहा-स्थाणोः रेखा–મહાદેવના કપાળમાં રહેલી રેખા–ચંદ્રરેખા.

## स्तम्भे स्तः वा॥८।२।८॥

स्तम्भ નામના કે ધાતુના स्त નું ख ઉચ્ચારણ વિકલ્પે કરવું.

खंभो, थंभो-स्तम्भः લાકડા વગેરેનો ખંભો કે થંભો–થંભ–થાંભલો

## थ-ठौ अस्पन्दे ॥८।२।९॥

स्तम्भ નામનો કે ધાતુનો 'નિશ્ચલતા–બિલકુલ સ્પંદ વગરનું-હલનચલન વગરનું'–અર્થ હોય ત્યારે स्त નાં थ અને ठ એમ બે ઉચ્ચારણો વારાફરતી કરવાં.

थंभो, ठंभो–स्तम्भः–થંભી જવું બિલકુલ નિશ્ચળ થવું કે રહેવું

थंभिज्जइ, ठंभिज्जइ–स्तम्भ्यते–થંભી જાય છે–હલનચલન વગરનુ બને છે.

## रक्ते गः वा ॥८।२।१०॥

रक्त શબ્દના સંયુક્ત વ્યંજનનું ग ઉચ્ચારણ વિકલ્પે કરવું.

रग्गो–रक्तः–રંગ્યો–રંગેલો

रत्तो–रक्तः–રંગેલો –રાતો

## शुल्के ङ्गो वा ।८।२।११॥

शुल्क ના ल्क નું ङ्ग ઉચ્ચારણ વિકલ્પે કરવું.

सुंगं, सुक्कं –शुल्कम्–ચુંગી–દાણ–જકાત અથવા મૂલ્ય, કીમત, સરખાવો– ચુંગીઘરનો 'ચુંગી' શબ્દ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कृत्ति-चत्वरे चः ॥८।२।१२॥

कृत्ति तथा चत्वर शब्दना संयुक्त व्यंजननुं च उच्चारण करवुं.

किच्ची–कृत्तिः–कृत्ति–चामडुं. कृत्तिवासाः–चामडानुं वस्त्र पहेरनार–महादेव

चच्चरं–चत्वरम्–चाचर, चोक

## त्यः अचैत्ये ॥८।२।१३॥

चैत्य सिवायना बीजा शब्दना त्य ने बदले च बोलवो.

सच्चं–सत्यम्–साचुं

पच्चओ–प्रत्ययः–प्रत्यय–विश्वास

चैत्य शब्दनुं चइत्तं रूप थाय, अहीं त्य नो च न थाय. चेइअं रूप पण थाय छे.

## प्रत्यूषे षश्च हः वा ॥८।२।१४॥

प्रत्यूष शब्दना त्य ने बदले च बोलवो अने ते साथे ष ने बदले ह विकल्पे बोलवो.

पच्चूहो, पचूसो–प्रत्यूषः–प्रातःकाळ

## त्व-थ्व-द्व-ध्वां च-छ-ज-झाः क्वचित् ॥८।२।१५॥

कोई कोई प्रयोगमां त्व ने बदले च बोलाय छे, थ्व ने बदले छ बोलाय छे, द्व ने बदले ज अने ध्व ने बदले झ बोलाय छे.

त्व—भोच्चा–भुक्त्वा–भोगवीने अथवा भोजन करीने

णाच्च–ज्ञात्वा–जाणीने

सोच्चा–श्रुत्वा–सांभळीने

थ्व—पिच्छी–पृथ्वी–पृथ्वीनुं राज्य

द्व—विज्जं–विद्वान्–विद्वान

ध्व—बुज्झा–बुद्ध्वा–बूझीने–जाणीने

"भोच्चा सयलं पिच्छिं विज्जं बुज्झा अणन्नयग्गामी ।

चइऊण, तवं काउं संती पत्तो सिवं परमं" ॥

—श्रीहेमचंद्रना गुरु आ. देवचंद्रकृत शान्तिनाथचरित्र.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

[भुक्त्वा सकलां पृथ्वीं विद्वान् बुद्ध्वा अनन्यकगामी ।
त्यक्त्वा, तपः कृत्वा शान्तिः प्राप्तः शिवं परमम् ॥]

સમગ્ર પૃથ્વીના રાજ્યને ભોગવીને વિદ્વાન અને અનન્યગામી—માત્ર નિર્વાણપદે જનારા—એવા શાંતિનાથ ભગવાન બરાબર સમજી—બૂઝીને પૃથ્વીના રાજ્યને તજી દઈને,:તપ કરીને પરમપદરૂપ શિવને પામ્યા.

## वृश्चिके श्चेः ञ्चुः वा ॥८।२।१६॥

वृश्चिक શબ્દના श्चि ને બદલે વિકલ્પે ञ्चु નું ઉચ્ચારણ કરવું.

विञ्चुओ, विंचुओ, विञ्छिओ, विंछिओ—જુઓ—૮।૧।૨૫ તથા ૮।૧।૩૦—वृश्चिकः વીંછી. હિંદી बीछू કે बीछू.

## छः अक्ष्यादौ ॥८।२।१७॥

अक्षि વગેરે શબ્દોના क्ष ને બદલે छ બોલવો, ख ન બોલવો.

अच्छि—अक्षि—આંખ
उच्छू—इक्षुः—શેલડી કે શેરડી
लच्छी—लक्ष्मीः—લક્ષ્મી—લાછ
कच्छो—कक्षः—કાખ—હાથનું મૂળ
छीअं—क्षुतम्—છીંક
छीरं—क्षीरम्—દૂધ
सरिच्छो—सदृक्षः—સમાન, તેના જેવો
वच्छो—वृक्षः—વૃક્ષ—ઝાડ
मच्छिआ—मक्षिका—મક્ષિકા—માખી
छेत्तं—क्षेत्रम्—ખેતર
छुहा—क्षुध् કે क्षुधा—ભૂખ
दच्छो—दक्षः—કુશળ, હોશિયાર
कुच्छी—कुक्षिः—કુક્ષિ—કૂખ—'ત્રિશલા માતાની કૂખે મહાવીર જન્મ્યા'.
वच्छं—वक्षः—છાતી
छुण्णो—क्षुण्णः—ચૂરો કરી નાખેલો—ખુબ વાપરેલો
कच्छा—कक्षा—હાથીની ઝૂલને બાંધવાનું દોરડું અથવા કંદોરો
छारो—क्षारः—ખારો, ભસ્મ, ખાર—માત્સર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुच्छेअयं–कौक्षेयकम्–કેડે બાંધેલ તરવાર વગેરે
छुरो–क्षुरः–છરો, હજામનો અસ્ત્રો, પશુનો નખ, બાણ
उच्छा–उक्षन्–उक्षा–બળદ, સાંઢ
छयं–क्षतम्–ઘા, ક્ષત
सारिच्छं–साद्दक्ष्यम्–સરખાપણું

બહુલને લીધે કોઈ પ્રયોગમાં છ ન હોવા છતાં સંયુક્ત વ્યંજનનો છ થઈ ગયેલ છે.

छइअं–स्थगितम्–છાયેલું, ઢાંકેલું

આર્ષ પ્રાકૃતમાં इक्षु શબ્દનું इक्खू, क्षीरનું खीर અને साद्दक्ष्यનું सारिक्ख રૂપ બની જાય છે અર્થાત્ આ પ્રયોગોમાં ख પણ બોલાય છે.

## क्षमायां कौ ॥८।२।१८॥

જ્યારે क्षमा શબ્દનો 'પૃથ્વી' અર્થ હોય ત્યારે તેના क्ष નો छ બોલાય છે.

छमा–क्षमा–પૃથ્વી
छमा–क्ष्मा પૃથ્વી

क्षमा અને क्ष्मा એ બન્ને શબ્દો સરખા હોવાથી 'પૃથ્વી' અર્થવાળા क्ष्मा શબ્દને પણ આ નિયમ લાગે છે. જ્યાં क्षमा કે क्ष्माનો અર્થ 'પૃથ્વી' ન હોય ત્યાં આ નિયમ લાગતો નથી.

खमा–क्षमा–સહન કરવું, ક્ષમા રાખવી.

## ऋक्षे वा ॥८।२।१९॥

ऋक्ष શબ્દના क्ष ને બદલે छ વિકલ્પે બોલવો.

रिच्छं, रिक्खं–ऋक्षम्–नक्षत्र
रिच्छो, रिक्खो–ऋक्षः–રીંછ

क्षिप्त શબ્દને બદલે પ્રાકૃતમાં छूढ શબ્દ વપરાય છે. તેની સિદ્ધિ ॥८।२।१२७॥ સૂત્ર દ્વારા સમજી લેવી. તેથી क्षिप्त ના क्ष નો छ કરવાની જરૂર નથી.

## क्षणः उत्सवे ॥८।२।२०॥

'ઉત્સવ' અર્થવાળા क्षण શબ્દના क्ष નો छ બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छणो-क्षणः-ઉત્સવ મરાઠી-सण

'क्षण' શબ્દના क्ष માં क् અને ष એ બે વર્ણો મળેલા છે તેમાંથી ॥૮।૨.૭૭॥ યમ દ્વારા क् નો લોપ કરી દઈએ તો षण થાય અને પછી તે ઉપરથી सण મરાઠી રૂપ સાધી શકાય.

क्षण એટલે 'સમય' અર્થ હોય ત્યારે खणो પ્રયોગ કરવો પણ छणो પ્રયોગ કરવો.

## ह्रस्वात् थ्य-श्व-त्स-प्साम् अनिश्चले ॥८।२।२१॥

હ્રસ્વ સ્વર પછી તરત જ આવેલા थ्य, श्व, त्स અને प्स ને બદલે छ કરવો, માત્ર એક 'નિશ્ચલ' શબ્દમાં આ નિયમ ન લાગે.

थ्य—पच्छं-पथ्यम्-પથ્ય એટલે રસ્તો. જે વસ્તુ રસ્તામાં અથવા જીવનના રસ્તામાં હિતકારી હોય તે પથ્ય-હિતકારી

श्व—पच्छिमं-पश्चिमम्-પશ્ચિમ દિશા, પશ્ચિમ દિશાનું, પાશ્ચાત્ય

त्स—उच्छाहो-उत्साहः-ઉત્સાહ, ઉદ્યમમાં દૃઢ સામર્થ્ય

प्स—अच्छरा-अप्सराः-અપ્સરા-ઇંદ્રની સભામાં નાચનારી દેવી

निश्चल ને બદલે તો निच्चलो પ્રયોગ થાય પણ निच्छलो ન થાય.

આર્ષ પ્રાકૃતમાં थ्य ને બદલને च्च પણ વપરાય છે.

तच्चं-तथ्यम्-તથ્ય, તથાપ્રકારનું-સાચું

## सामर्थ्य-उत्सुक-उत्सवे वा ॥८।२।२२॥

सामर्थ्य, उत्सुक અને उत्सव શબ્દના સંયુક્ત વ્યંજનનું छ ઉચ્ચારણ રૂપે કરવું.

सामच्छं, सामत्थं-सामर्थ्यम्-સામર્થ્ય-શક્તિ

उच्छुओ, ऊसुओ-उत्सुकः-ઉત્સુક

उच्छवो, ऊसवो-उत्सवः-ઓચ્છવ

## स्पृहायाम् ॥८।२।२३॥

स्पृहा શબ્દના સંયુક્ત વ્યંજનનો छ બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छिहा–स्पृहा–સ્પૃહા–આકાંક્ષા

આ સૂત્રદ્વારા સ્પૃહાના સ્પ્નો 'છ' કરવાનું કહેલ હોવાથી ૮।૨।૫૩ સૂત્રના વિધાન દ્વારા સ્પૃહાના સ્પ્નો ફ ન થાય.

બહુલ અધિકારને લીધે निस्पृह[1] શબ્દનું निप्पिहो રૂપ થાય છે અર્થાત્ આ પ્રયોગમાં સ્પ્નો છ થતો નથી.

## द्य–य्य–र्यां जः ॥८।२।२४॥

द्य, य्य અને र्यને બદલે ज બોલાય છે.

द्य—मज्ज–मद्यम्–મદ–ગાંડપણ–પેદા કરનારું–મદ્ય

सज्जा–सद्या–બેસવાનું સ્થાન

अवज्जं–अवद्यम्–પાપ–નહીં બોલવા યોગ્ય

वेज्जो–वैद्यः–વૈદ્ય

जुई–द्युतिः–પ્રકાશ

जोओ–द्योतः ,

य्य—जज्जो–जय्यः–જિતવા યોગ્ય

सेज्जा–शय्या–સેજ–પથારી

र्य—भज्जा–भार्या–ભારજા–સ્ત્રી

कज्जं–कार्यम्–કાજ–કામ

वज्जं–वर्यम्–ઉત્તમ

पज्जाओ–पर्यायः–પર્યાય–વારો, પરિણામ

पज्जत्तं–पर्याप्तम्–પૂરતું

मज्जाया–मर्यादा–મર્યાદા

भार्या શબ્દનું भारिआ એવું પણ ઉચ્ચારણ થાય છે. જુઓ, ॥૮।૨।૧૦૭॥

## अभिमन्यौ ज-ञ्जौ वा ॥८।२।२५॥

अभिमन्यु શબ્દના न्यનું ज ઉચ્ચારણ વિકલ્પે થાય છે તથા ञ्ज ઉચ્ચારણ પણ વિકલ્પે થાય છે.

---

૧. निर्+स्पृहः દ્વારા निप्पिहो રૂપ આ પ્રમાણે સાધી શકાય— निर्+स्पृहः– આ શબ્દમાં र्નો લોપ કરવો, પછી स्નો લોપ કરવો, પછી पृના ऋનો इ કરવો અને पને બેવડો કરવો–निर्+स्पृहः–निपृहो–निपिहो निप्पिहो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहिमज्जू, अहिमञ्ञू, अहिमन्नू–अभिमन्युः–અભિમન્યુ–ભીમનો પુત્ર

આ વિધાન એકલા मन्यु શબ્દને ન લાગે એથી मन्युःનું मन्नू ઉચ્ચારણ જ થાય. પણ मज्जू કે मञ्ञू ઉચ્ચારણ ન થાય.

मन्नू એટલે યત્ન, ક્રોધ, દીનતા.

## साध्वस–ध्य–ह्यां ज्झः ॥८।२।२६॥

साध्वस શબ્દના ध्वનું ज्झ ઉચ્ચારણ કરવું તથા ध्य અને ह्य નું પણ ज्झ ઉચ્ચારણ કરવું.

सज्झसं–साध्वसम्–ડર–બીક

ध्य–बज्झए–बध्यते–બંધાય છે–બંધાય છે

झाणं–ध्यानम्–ધ્યાન

उवज्झाओ–उपाध्यायः–ઉપાધ્યાય–ભણાવનારો–ઓઝો

सज्झाओ–स्वाध्यायः–સ્વાધ્યાય

सज्झं–साध्यम्–સાધ્ય

विंझो–विन्ध्यः–વિંધ્યાચળ નામનો પર્વત

ह्य––सज्झो–सह्यः–સહ્ય–સહન કરી શકાય તેવો અથવા સહ્ય નામનો પર્વત–સહ્યાદ્રિ

मज्झं–मह्यम्–મારે માટે

गुज्झं–गुह्यम्–ગૂંજું–ગજવું–ખીસ્સું, ગુહ્ય–રહસ્યરૂપ–ગુપ્ત

णज्झइ–नह्यति–નાઝે છે–બાંધે છે.

## ध्वजे वा ॥८।२।२७॥

ध्वज શબ્દના ध्व નું ज्झ ઉચ્ચારણ વિકલ્પે કરવું

झओ, धओ–ध्वजः–ધ્વજ–ધજા

## इन्धौ झा ॥८।२।२८॥

इन्ध् ધાતુના न्ध ને બદલે झा ઉચ્ચારણ કરવું

सम्+इन्ध्=समिज्झाइ–समिन्धे–સારી રીતે તેજસ્વી થાય છે–ચળકે છે.

वि+इन्ध्=विज्झाइ–वीन्धे–વિશેષ તેજસ્વી થાય છે–વિશેષ ચળકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वृत्त-प्रवृत्त-मृत्तिका-पत्तन-कदर्थिते टः ॥८।२।२९॥

वृत्त, प्रवृत्त, मृत्तिका, पत्तन અને कदर्थित એ બધા શબ્દોના સંયુક્ત વ્યંજનને બદલે એટલે त्त ને બદલે તથા र्थ ને બદલે ट બોલવો.

वट्टो-वृत्तः-વાટો-ગોળાકાર

पयट्टो-प्रवृत्तः-પ્રવૃત્ત-પ્રવર્તેલો. प्रवृत्त માંના प्रને આ નિયમ ન લાગે

वृत्त શબ્દ લેવાથી प्रवृत्त શબ્દ આવી જાય છે છતાં प्रवृत्त શબ્દ મૂકીને આચાર્ય જણાવે છે કે નિવૃત્ત, સંવૃત્ત, પરાવૃત્ત વગેરે છેડે वृत्त શબ્દવાળા બીજા શબ્દોને આ નિયમ ન લાગે

मट्टिआ-मृत्तिका-માટી

पट्टणं-पत्तनम्-પાટણ-નગર

कयट्टिओ-कदर्थितः-કદર્થના પામેલો

## र्तस्य अधूर्तादौ ॥८।२।३०॥

धूर्त વગેરે શબ્દોને છોડી દઈને બાકીના શબ્દોના र्तને બદલે ट બોલવો.

केवट्टो-कैवर्तः-के-પાણીમાં વર્ત-વર્તનારો-રહેનારો-વધારે સમય પાણીમાં રહેનારો-ધીવર, માછીમાર, અથવા નાવ ખેનારો-હાંકનારો-કેવટિયો

वट्टी-वर्तिः-બત્તી, વાટ-દીવાની વાટ

जट्टो-जर्तः-, એક દેશનું નામ, તે દેશનો નિવાસી-જાટ નામની એક જાત

पवट्टइ-प्रवर्तते- પ્રવર્તે છે

वट्टुलं-वर्तुलम्-વાટલું, ગોળ, વૃત્તાકાર

रायवट्टयं-राजवार्तकम्-રાજસંબંધી વાતો તથા ઘરેણામાં વપરાતો વિશેષ પ્રકારનો પથ્થર-विराटजो राजपट्टो राजवर्तः (राजावर्तः)-हे. अभि. का. ૪ સળંગ શ્લો. ૧૦૬૬ (સ્ત્રીઓ રાજાવરતની માળા પહેરે છે.)

नट्टई-नर्तकी-નર્તકી, નૃત્ય કરનારી

संवट्टिअं-संवर्तितम्-એકત્રિત, સંવર્તયુક્ત

धूर्त વગેરે જે જે શબ્દો આ નીચે બતાવેલા છે તેમના र्तનો ट ન થાય, તે શબ્દો આ પ્રમાણે છે—

धुत्तो-धूर्तः-ધૂર્ત-ધુતારો-લુચ્ચો

कित्ती-कीर्तिः-કીર્તિ

वत्ता-वार्ता-જેમાં કોઈનું વૃત્ત-જીવનકથા-આવે તે વાર્તા, કથા

आवत्तणं-आवर्तनम्-ચક્રાકાર ભ્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निवत्तणं-निवर्तनम्-નિવૃત્તિ, જ્યાં પ્રવૃત્તિ બંધ થાય તે સ્થિતિ અથવા પાછું વળવું

पवत्तणं-प्रवर्तनम्-પ્રવર્તન-પ્રવર્તવું

संवत्तणं-संवर्तनम्-જ્યાં અનેક માર્ગ મળતા હોય તે સ્થાન

आवत्तओ-आवर्तकः-ચક્રાકાર ભ્રમણ કરનારો

निवत्तओ-निवर्तकः-પાછો આવનાર, લોટનારો

निव्वत्तओ-निर्वर्तकः-બનાવનાર

पवत्तओ-प्रवर्तकः-પ્રવૃત્તિ કરનારો

संवत्तओ-संवर्तकः-વડવાનલ તથા બળદેવનું હળ-સંવર્તક

वत्तिआ-वर्तिका-બત્તી, સળી, કલમ

वत्तिओ-वार्त्तिकः-વાર્તા કહેનાર-કથાકાર

कत्तिओ-कार्तिकः-કાર્તિક માસ

उक्कत्तिओ-उत्कर्तितः-કપાયેલો, છેદાયેલો

कत्तरी-कर्तरी-કાતર

मुत्ती-मूर्ति-મૂર્તિ

मुत्तो-मूर्तः-મૂર્ત, પ્રગટ-ગમે તે કોઈ ઇંદ્રિય દ્વારા જણાય તે

मुहुत्तो मुहूर्तः-મુહૂર્ત

वार्ता શબ્દને ઉપરના શબ્દોમાં ગણાવેલ છે એટલે તેનું वत्ता રૂપ થાય છે બહુલંના અધિકારને લીધે वट्टा રૂપ પણ થાય છે.

## वृन्ते ण्टः ॥८।२।३१॥

वृन्त શબ્દના न्तने બદલે ण्ट બોલવો.

वेण्टं-वृन्तम्-બીંટ-ડીંટિયું-જેની નીચે ફળ લટકી રહે તે બીંટ

तालवेण्टं-तालवृन्तम्-તાડના પાંદડાનો બનેલો પંખો.

वेंटना એ માટે જુઓ ॥૮।૧।૧૩૯॥

## ठः अस्थि-विसंस्थुले ॥८।२।३२॥

अस्थि શબ્દના અને विसंस्थुल શબ્દના स्थने સ્થાને ठ બોલવો.

अट्ठी-अस्थि-અસ્થિ-હાડકું પ્રાકૃત ભાષામાં अट्ठि-अस्थि-શબ્દ સ્ત્રીલિંગી પણ છે.

विसंठुलं-विसंस्थुलम्-અવ્યવસ્થિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्त्यान-चतुर्थ-अर्थे वा ॥८।२।३३॥

स्त्यान, चतुर्थ અને अर्थ શબ્દના સંયુક્ત વ્યંજનનો વિકલ્પે ઠ બોલવો.

ठीण, थीणं-स्त्यानम्-થીણું-જામી ગયેલું

चउट्ठो, चउत्थो-चतुर्थः-ચોથો

अट्ठो-अर्थः-પ્રયોજન-અર્થ 'માટે' 'વાસ્તે' અર્થનો સૂચક અહીં લેવો. તેથી 'ધન' અર્થના બોધક 'અર્થ' શબ્દને આ નિયમ ન લાગે, તેથી જ

अत्थो-अर्थः- ધન-દોલત.

## ष्टस्य अनुष्ट्र-इष्टा-संदष्टे ॥८।२।३४॥

उष्ट्र, इष्टा અને संदष्ट શબ્દોને છોડીને બીજા શબ્દોના ष्टने બદલે ठ બોલવો.

लट्ठी-यष्टिः-લાઠી-લાકડી

मुट्ठी-मुष्टिः-મૂઠી, મૂઠ

दिट्ठी-दृष्टिः-દૃષ્ટિ-નજર

सिट्ठी-सृष्टिः-સર્જન, સર્જન કરાયેલ સૃષ્ટિ-પૃથ્વી

सिट्ठी-शिष्टिः-શાસન-શીખામણ

पुट्ठो-पुष्टः-પુષ્ટ, પોઠિયો

कट्ठ-कष्टम्-કષ્ટ-કાટું, દુઃખ

सुरट्ठा-सुराष्ट्राः-દેશનું નામ છે-"સોરઠ દેશ સોહામણો"

इट्ठो-इष्टः-ઇચ્છિત-પ્રિય-"બ્રાહ્મણને ભોજન ઇષ્ટ છે"

अणिट्ठं-अनिष्टम्-અનિષ્ટ.

નીચેના શબ્દોમાં ठ બોલાતો નથી :

उट्टो-उष्ट्रः-ઊંટ　　इट्टा-इष्टा-ઈંટ.

इट्टाचुण्णं व-इष्टाचूर्णमिव- ઈંટના ચૂર્ણની-ભૂકાની-જેમ

संदट्टो-संदष्टः-સારી રીતે દંશ-ડંખ-પામેલો

આ ત્રણ શબ્દો વર્જેલા છે તેથી તેમાં આ નિયમ ન લાગે.

## गर्ते डः ॥८।२।३५॥

गर्त શબ્દના र्त નો ड બોલવો.

गड्डो-गर्तः-ખાડો, ગડો.

गड्डा-गर्ता-ખાડ, હિંદી गढा

સંસ્કૃત ભાષાની પેઠે પ્રાકૃતમાં गर्त શબ્દ સ્ત્રીલિંગી પણ છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## संमर्द-वितर्दि-विच्छर्द-च्छर्दि-कपर्द-मर्दिते र्दस्य ॥८।२।३६॥

संमर्द, वितर्दि, विच्छर्द, च्छर्दि (च्छर्दि નામ તથા छर्द ધાતુ), कपर्द અને मर्दित શબ્દોના र्द ને બદલે ड બોલવો.

संमड्डो संमर्दः–સંમર્દ, ભીંસ, સાંકડ, છાતીએ છાતી ભિંસાય એવી ભીડ
विअड्डी–वितर्दिः–જેમાં લાકડાં જડેલાં છે એવી ચાર ખૂણાવાળી જમીન અથવા ચાર ખૂણાવાળો ઓટલો

विच्छड्डो–विच्छर्दः–વમન–ઊલટી
छड्डी–छर्दिः– „ „
छड्डिओ–छर्दितः–છંડેલો–છાંડેલો
छड्डइ–छर्दयति–છાંડે છે, છંડે છે. ખાતાં ખાતાં છાંડવું–પડતું મેલવું.
આ छड्डइ રૂપ छड्ड–छर्द ધાતુનું છે.
कवड्डो–कपर्दः–કોડો
कवड्डिआ–कपर्दिका–કોડી, કવડી, કાવડિયું
मड्डिओ–मर्दितः–મર્દિત, મસળેલો અથવા મરડેલો
संमड्डिओ–संमर्दितः–મસળેલો–મર્દન કરેલો, ચોળી નાખેલ.

## गर्दभे वा ॥८।२।३७॥

गर्दभ શબ્દના र्द ને બદલે ड વિકલ્પે બોલવો.

गड्डहो, गद्दभो–गर्दभः–ગધેડો, ગદ્ધો, મરાઠી ગાઢવ.

## कन्दरिका-भिन्दिपाले ण्डः ॥८।२।३८॥

कन्दरिका અને भिन्दिपाल શબ્દના સંયુક્ત न्द ને બદલે ण्ड બોલવો.

कण्डलिआ–कन्दरिका–કંદરા, ગુફા
भिण्डिवालो–भिन्दिपालः–ગોફણ

## स्तब्धे ठ-ढौ ॥८।२।३९॥

स्तब्ध શબ્દના स्त ને બદલે ठ બોલવો તથા ब्ध ને બદલે ढ બોલવો.

ठड्ढो–स्तब्धः–નિશ્ચલ ઊભેલો, હિંદી ठाढो "सूरदास द्वारे ठाढो आंधरो भिखारी" आश्रमभजनावलि पृ. ८२ हिंदुस्तानी भजन.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दग्ध-विदग्ध-वृद्धि-वृद्धे ढः ॥८।२।४०॥

दग्ध, विदग्ध, वृद्धि અને वृद्ध શબ્દોના સંયુક્ત વ્યંજનને બદલે ढ બોલવો.

दड्ढो–दग्धः–દાઝો, બળેલો

विअड्ढो–विदग्धः–વિશેષ બળેલો–પાકેલો અથવા વિદ્યા દ્વારા પાકેલો–ચતુર

वुड्ढी–वृद्धिः–વધારો, વૃદ્ધિ, વઢ્ઢી–"બારનો બે વઢ્ઢિ આવી એક"

वुड्ढो–वृद्धः–બુઢો, ઉંમર વગેરેથી વધેલો વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ વગેરે.

બહુલંને લીધે वृद्ध શબ્દનું કોઈ પ્રયોગમાં विद्ध ઉચ્ચારણ પણ થાય છે.

विद्धकइनिरूविअं–वृद्धकविनिरूपितम्–વૃદ્ધ કવિઓએ–પ્રાચીન કવિઓએ–નિરૂપેલું.

## श्रद्धा-ऋद्धि-मूर्ध-अर्धे अन्ते वा ॥८।२।४१॥

श्रद्धा, ऋद्धि, मूर्धन् અને अर्ध શબ્દમાં અંતે રહેલા સંયુક્ત વ્યંજનરૂપ द्ध કે र्ध ને બદલે ढ નું ઉચ્ચારણ વિકલ્પે કરવું.

सड्ढा, सद्धा–श्रद्धा–શ્રદ્ધા–શરધા

इड्ढी, इद्धी–ऋद्धिः–ઐશ્વર્ય–સંપત્તિ–રિદ્ધીઆળું

रिड्ढी, रिद्धी–ऋद्धिः ”

मुंढा–मुद्धा–मूर्धा–मूर्धन्–મુંડો–માથું

अड्ढं, अद्धं–अर्धम्–અડધું હિંદી–આધા

## म्न-ज्ञोः णः ॥८।२।४२॥

म्नने અને ज्ञने બદલે ण બોલવો.

म्न—निण्णं–निम्नम्–નેનું, નાનું–નીચું

पज्जुण्णो–प्रद्युम्नः–કામદેવ, પ્રદ્યુમ્ન–શ્રીકૃષ્ણના પુત્રનું વિશેષ નામ.

ज्ञ—णाणं–ज्ञानम्–જ્ઞાન

सण्णा–संज्ञा–સાન–સંજ્ઞા–'સનાભાઈ' 'સનિયો'

पण्णा–प्रज्ञा–પ્રજ્ઞા–બુદ્ધિ–'પન્નાલાલ' 'પાનાચંદ'

विण्णाणं–विज्ञानम्–વિજ્ઞાન–વિશેષ જ્ઞાન–નવી નવી શોધખોળોનું જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पञ्चाशत्-पञ्चदश-दत्ते ॥८।२।४३॥

पञ्चाशत्, पञ्चदश અને दत्त શબ્દના સંયુક્ત વ્યંજનને બદલે ण બોલવો.

पण्णासा–पञ्चाशत्–પચાસ, પંચાસ, મરાઠી–पन्नास

पण्णरह–पञ्चदश–પન્નર–પંદર હિંદી पनरह મરાઠી पनरा

दिण्णं–दत्तम्–દીધેલું–હિંદી दीना, दीनि–"होने न दीनि उघारी"

उघारी–ઉઘાડી–નાગી, न થવા दीनि–દીધી. (આશ્રમભજનાવલી, પૃ. ૮૩. હિંદી ભ૦ ૨૫.)

## मन्यौ न्तः वा ॥८।२।४४॥

मन्यु શબ્દના સંયુક્ત વ્યંજનને બદલે न्त વિકલ્પે બોલવો.

मंतू,मन्तू, मन्नू–मन्युः–અપરાધ.

## स्तस्य थः असमस्त-स्तम्बे ॥८।२।४५॥

स्त ને બદલે थ નું ઉચ્ચારણ કરવું.

हत्थो–हस्तः–હાથ, હાથો, હથોડો, હથોડી, હથિયાર, હથોટી, હિંદી हथियाना–હાથમાં લેવું

थुई–स्तुतिः–થોય–સ્તુતિ–જૈનપરંપરામાં 'થોય' શબ્દ વિશેષ પ્રસિદ્ધ છે

थोत्तं–स्तोत्रम्–સ્તોત્ર

थोअं–स्तोकम्–સ્તોક-થોડું. 'થોક', 'થોકેથોક', થોકડો' આ શબ્દો સમૂહને પણ સૂચવે છે

पत्थरो–प्रस्तरः–પથ્થર

अत्थि–अस्ति–છે

सत्थि–स्वस्ति–કલ્યાણ. सु+अस्ति–સારું છે

આ નિયમ समस्त અને स्तम्ब શબ્દને લાગતો નથી.

समत्तो–समस्तः–સામટું–બધું

तंबो–स्तम्बः–ડાળ વગરનું વૃક્ષ અથવા ધાન્યનો ગુચ્છો–ઠુંઠાં.

## स्तवे वा ॥८।२।४६॥

स्तव શબ્દના स्त ને બદલે थ વિકલ્પે બોલવો.

थवो, तवो–स्तवः–સ્તવન, સ્તુતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पर्यस्ते थ-टौ ॥८।२।४७॥

पर्यस्त शब्दना स्त ने बदले थ बोलवो तथा ट पण बोलवो.

पल्लथो, पल्लट्टो–पर्यस्तः पलटो–पालटो–फेरफार 'पलांठी–पलोंठी' 'हवापालटो' 'पाणीपालटो'

## वा उत्साहे थो हश्च रः ॥८।२।४८॥

उत्साह शब्दना त्स नुं थ उच्चारण विकल्पे करवुं अने थ उच्चारण साथे ज उत्साह शब्दना ह नुं र उच्चारण करवुं.

उत्थारो, उच्छाहो–उत्साहः–उत्साह–उत्–ऊंची जातनी, साह–सहनशक्ति –कठण प्रवृत्ति करती वखते पण ऊंची जातनी सहनशक्ति.

## आश्लिष्टे ल-धौ ॥८।२।४९॥

आश्लिष्ट शब्दना श्ल ने बदले ल बोलवो तथा साथे ज ष्ट ने बदले ध बोलवो.

आलिद्धो–आश्लिष्टः–आश्लेष करेलो–भेटेलो–चोंटेलो

## चिह्ने न्धः वा ॥८।२।५०॥

चिह्न शब्दना ह्न ने बदले विकल्पे न्ध बोलवो.

चिन्धं, चिण्हं, इन्धं, इण्हं–चिह्नम्–चिह्न–निशान, लक्षण. चींधवुं, चेनचाळा.

## भस्म-आत्मनः पः वा ॥८।२।५१॥

भस्मन् अने आत्मन् शब्दना संयुक्त व्यंजननो प विकल्पे बोलवो.

भप्पो, भस्सो–भस्मन्–भाप, बाफ, भस्म.

अप्पा, अत्ता–आत्मा–आप, आपा, आपण, पोते, आत्मा 'आताभाई'

अप्पाणो, अत्ताणो–आत्मानः–आत्माओ, आपणे

## ड्म-क्मोः ॥८।२।५२॥

ड्म अने क्म ने बदले प बोलवो.

कुंपलं–कुड्मलम्–कुंपळ, कळी

रुप्पिणी–रुक्मिणी–रुकमणी, रुक्मणी–रुखीबाई विशेष नाम

रुप्पी–रुक्मिन्–सोनावाळुं के चांदीवाळुं

रुच्मी, रुप्पी–रुक्मी–रुक्म–सोनुं के रुपुं–रुक्मिन–सोनावाळुं के चांदीवाळुं

प्राकृतमां क्यांक रुच्मी शब्द पण वपराय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ष्प-स्पयोः फः ॥८।२।५३॥

ष्प અને स्प ને બદલે फ બોલાય છે.

ष्प—पुप्फं–पुष्पम्–પુષ્પ
सप्फं–शष्पम्–ઘાસ
निप्फेसो–निष्पेषः–પીલવું, પીસી નાખવું
निप्फावो–निष्पावः–વાલ અથવા ઝાલર નામનું ધાન્ય
स्प—फंदणं–स्पन्दनम्–થોડું થોડું હલવું ચલવું
पाडिप्फद्धी–प्रतिस्पर्धिन्-પ્રતિસ્પર્ધી–હરીફ

બહુલને લીધે કોઈ કોઈ પ્રયોગમાં આ નિયમ વિકલ્પે લાગે છે. અને કોઈ કોઈ પ્રયોગમાં તો લાગતો પણ નથી.

વિકલ્પે फ થયો—बुहप्फई, बुहप्पई–बृहस्पतिः–બૃહસ્પતિ, ગુરુ, હિંદી बीफे
फ ન થયો— निप्पहो–निस्पृहः–નિસ્પૃહ–સ્પૃહા વગરનો
निप्पुंसणं–निष्पुंसनम्–પુરુષત્વનો અભાવ
परोप्परं–परस्परम्–પરસ્પર

## भीष्मे ष्मः ॥८।२।५४॥

भीष्म શબ્દના ष्म ને બદલે फ કરવો.

भिप्फो–भीष्मः–ભીષ્મ, ભયાનક અથવા વિશેષ નામ છે–'ભીષ્મ પિતામહ'

## श्लेष्मणि वा ॥८।२।५५॥

श्लेष्मन् શબ્દના ष्म નો फ વિકલ્પે બોલવો.

सेफो, सिलिम्हो–श्लेष्मा–श्लेष्मन्––શ્લેષ્મ-શલેષમ-સળેખમ

## ताम्र-आम्रे म्बः ॥८।२।५६॥

ताम्र અને आम्र શબ્દોના म्र ને બદલે म्ब બોલવો.

तम्बं–ताम्रम्–તાંબું
अम्बं–आम्रम्–આંબો

तंबिर અને अंबिर એ બે શબ્દો તો દેશ્ય પ્રાકૃતના છે એટલે તેમાં म्र નો म्ब થયો છે એમ ન સમજવું. જુઓ, देशीशब्दसंग्रह વર્ગ ૨, ગા૦ ૫૬ તથા વર્ગ ૫, ગા૦ ૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ह्वः भः वा ।।८।२।५७।।

ह्व ને બદલે भ વિકલ્પે બોલવો.

जिब्भा, जीहा–जिह्वा–જીભ, પડજીભ

અવેસ્તાની ભાષામાં जिह्वा ને બદલે हिज्वा શબ્દ બોલાય છે, તે जिह्वा નું ઊલટું ઉચ્ચારણ છે

## वा विह्वले वौ वश्च ।।८।२।५८।।

विह्वल શબ્દના ह्व નો भ વિકલ્પે બોલવો તથા તે સાથે જ આદિના वि ના व् ને બદલે भ् વિકલ્પે બોલવો એટલે वि નો भि વિકલ્પે બોલવો.

भिब्भलो–विब्भलो, विहलो–विह्वलः–વિહ્વલ–વાંકુળ–ગભરાયેલો

## वा ऊर्ध्वे ।।८।२।५९।।

ऊर्ध्व ના र्ध्व નો भ વિકલ્પે બોલવો.

उब्भं–ऊर्ध्वम्–ઊર્ધ્વ–ઊભું

उद्धं–ऊर्ध्वम्–ઊર્ધ્વ–ઊંધું

## कश्मीरे म्भो वा ।।८।२।६०।।

कश्मीर શબ્દના श्म નો म्भ વિકલ્પે કરવો.

कम्भारा | –कश्मीराः–કાશ્મીર દેશનું નામ છે
कम्हारा |

દેશવાચી નામ એકવચનમાં નહીં પણ બહુવચનમાં વપરાય છે

श्मी ના ई નો आ થયેલ છે, જુઓ ।८।१।१००।

## न्मः मः ।।८।२।६१।।

न्म ને બદલે म બોલવો.

जम्मो–जन्मन्–જન્મ–જનમ

वम्महो–मन्मथः–મન્મથ–મનને મથનાર કામદેવ

मम्मणं–मन्मनम्–મન્મન–મમણવું–અનુકરણ શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्मः वा ॥८।२।६२॥

ग्म ને બદલે म વિકલ્પે બોલવો.

जुम्मं, जुग्गं–युग्मम्–જુગ્મો, જોડી–બેકી સંખ્યા

तिम्मं, तिग्गं–तिग्मम्–તેગ, તેજદાર, તીખું

તરવારની ધાર વિશેષ 'તેજ' હોય છે તેથી 'તરવાર'ને 'તેગ' કહેવાય છે. 'તેગબહાદુર' નામ શિખોમાં પ્રચલિત છે.

## ब्रह्मचर्य-तूर्य-सौन्दर्य-शौण्डीर्ये र्यः रः ॥८।२।६३॥

ब्रह्मचर्य, तूर्य, सौन्दर्य, शौण्डीर्य એ દરેક શબ્દના र्य ને બદલે र બોલવો.

बंभचेरं–ब्रह्मचर्यम्–બ્રહ્મચર્ય

तूरं–तूर्यम्–તૂર–વાજું

सुन्दरं–सौन्दर्यम्–સૌંદર્ય

सोंडीरं–शौण्डीर्यम्–બળ

## धैर्ये वा ॥८।२।६४॥

धैर्य શબ્દના र्य નો र વિકલ્પે બોલવો.

धीरं–धिज्जं–ધૈર્ય, ધીરજ

'સૂર્ય' અર્થના વાચક सूर અને सूर्य એમ બે સ્વતંત્ર શબ્દો જ સંસ્કૃત ભાષામાં છે એથી 'सूर्य' દ્વારા सूर શબ્દને લાવવાની જરૂર નથી એટલે सूर्य ના र्य નો र કરવાની જરૂર નથી.

सूरो–सूरः–સૂર્ય

सुज्जो–सूर्यः–સૂરજ

## एतः पर्यन्ते ॥८।२।६५॥

पर्यन्त શબ્દનો र्य જ્યારે ए કાર (જુઓ ૮।૧।૫૮) પછી આવેલો હોય ત્યારે તેનો–र्य નો–र બોલવો.

पेरंतो–पर्यन्तः–સીમા, છેડો પ્રાંત ભાગ, ત્યાં સુધી.

જ્યાં पर्यन्त નો र्य ए કાર પછી ન હોય ત્યાં આ નિયમ ન લાગે.

पज्जंतो–पर्यन्तः–પર્યંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आश्चर्ये ॥८।२।६६॥

आश्चर्य શબ્દનો र्य જ્યારે ए કાર (જુઓ ૮।૧।૫૮) પછી આવેલો હોય ત્યારે તેના र्य ને બદલે र બોલવો.

अच्छेरं–आश्चर्यम्–અચ્છેરું, આશ્ચર્ય, અચરજ

अच्छरिअं આ શબ્દમાં ए કાર પછી र्य નથી પણ अच्छ ના अ કાર પછી છે તેથી 'र्य' ને બદલે र ન થયો પણ र्य ને બદલે रिअ થઈ ગયો. જુઓ નીચેનું ૬૭મું સૂત્ર.

## अतः रिअ–अर–रिज्ज–रीअं ॥८।२।६७॥

आश्चर्य શબ્દના अ પછી આવેલા र्य ને બદલે रिअ, अर, रिज्ज અને रीअ એવાં ચાર ઉચ્ચારણો વારાફરતી કરવાં.

अच्छरिअं, अच्छअरं. अच्छरिज्जं, अच्छरीअं–आश्चर्यम्–આશ્ચર્ય

જ્યાં आश्चर्य શબ્દના श्च નો छे થયેલો હોય ત્યાં આ નિયમ ન લાગે પણ ઉપર જણાવેલો ।૮।૨।૬૬। નો નિયમ લાગે–अच्छेरं ।

આ સૂત્રમાં સૂત્રકારે ल्लः ને બદલે लः કર્યું હોત તો પણ કામ ચાલત, કેમકે ૮।૨।૮૯ મું સૂત્ર એક 'ल' નો બેવડો 'ल्ल' કરવા રચેલ જ છે. સૂત્રકારને એવો વિચાર થયો હોય કે બહુલનો આશ્રય લઈ કદાચ કોઈ પ્રયોગ કરનાર બેવડો 'ल्ल' ન પણ કરે માટે આ પ્રયોગમાં તો બહુલનો આશ્રય લઈને પણ એકવડો 'ल' ન જ થાય એમ જણાવવા બેવડો 'ल्ल' કર્યો હોય એની કલ્પના કરી શકાય.

## पर्यस्त–पर्याण–सौकुमार्ये ल्लः ॥८।२।६८॥

पर्यास्त, पर्याण અને सौकुमार्य શબ્દના र्य ને બદલે ल्ल–બેવડો ल्ल–બોલવો.

पल्लट्टं–पर्यस्तम्–પલટેલું, પલટવું, ઊલટું

(જુઓ, ૮।૨।૪૭) पल्लत्थं–पर्यस्तम्–પલટેલું

पल्लाणं–पर्याणम्–પલાણ–ઘોડા ઉપરનું પલાણ

| | |
|---|---|
| सोअमल्लं–सौकुमार्यम्<br>सोगमल्लं सौकुमर्यम् | સુંવાળાપણું–"चय सोगमल्लं" દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૨ ગાથા પાંચમી–त्यज सौकुमार्यम्–સુંવાળાપને છોડ એટલે પરિશ્રમ કર–દુઃખ સહન કર |

પ્રાકૃતમાં કુમાર અને કુમર એમ બન્ને શબ્દો પ્રચલિત છે. જુઓ ।।૮।૧।૬૭।।

'સૌકુમાર્યના' કે 'સૌકુમર્ય'ના 'કુ'ના 'ક' માટે જુઓ ।।૮।૧।૧૦૭।।

पल्यङ्क શબ્દનું પ્રાકૃત ભાષામાં पल्लंक રૂપ થાય છે તથા पलिअंक પણ થાય છે. पल्लंको, पलिअङ्को ( જુઓ, ૮।૨।૧૦૭ )–पर्यङ्कः–પલંગ, ઢોલિયો–જેમાં દોલો–ધવ–સુવે તે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## बृहस्पति-वनस्पत्योः सः वा ॥८।२।६९॥

बृहस्पति તથા वनस्पति શબ્દના स्प ને બદલે વિકલ્પે स બોલવો.

वहस्सई, बहप्फई, भयस्सई, भयप्फई (જુઓ, ८।२।१३७)—बृहस्पतिः—બ્રહસ્પતિ, બૃહસ્પતવાર અથવા દેવોનો ગુરુ.

वणस्सई, वणप्फई—वनस्पतिः—વનસ્પતિ

## बाष्पे हः अश्रुणि ॥८।२।७०॥

बाष्प શબ્દનો 'આંસુ' અર્થ હોય ત્યારે ष्प નો ह બોલવો.

बाहो—बाष्पः—આંસુ

"बाहसलिलपवहेण उल्लेइ" (જુઓ ८।१।८२)

बाष्पसलिलप्रवाहेण आर्द्रयति—આંસુરૂપ પાણીના પ્રવાહ વડે આળું કરે છે—ભીનું કરે છે.

'બાફ' અથ હોય ત્યારે बाष्प શબ્દનું बप्फ રૂપ થાય છે.

बप्फो—बाष्पः—બાફ

## कार्षापणे ॥८।२।७१॥

कार्षापण શબ્દના र्ष ને બદલે ह બોલવો.

काहावणो—कार्षापणः—સોનાનો સિક્કો

कर्षापण શબ્દનું પણ कहावण રૂપ બને છે અથવા कार्षापण શબ્દમાં પ્રથમ का નો क (જુઓ, ८।१।८४) કર્યા પછી આ નિયમ વડે र्ष નો ह કરવાથી પણ कहावण રૂપ થઈ શકે છે.

અથવા कर्षापण અને कार्षापण બન્ને શબ્દોને એકસરખા માનીને આ નિયમ દ્વારા कर्षापण નું कहावण રૂપ સાધી લેવું.

અથવા "एकदशविकृतमू अनन्यवत्" જે શબ્દ, મૂળ શબ્દની એટલે સૂત્રમાં બતાવેલ શબ્દની જેવો હોય છતાં પોતાના એક ભાગમાં બહુ થોડો ફેરફાર ધરાવતો હોય તે પણ મૂળ શબ્દ જ મનાય છે, તે ન્યાયના નિયમ વડે कार्षापण અને कर्षापण એ બન્ને શબ્દો વિશે પણ સમજવું અર્થાત્ આ ન્યાય દ્વારા આ નિયમ कर्षापण શબ્દને પણ લાગે.

## दुःख-दक्षिण-तीर्थे वा ॥८।२।७२॥

दुःख, दक्षिण અને तीर्थ શબ્દના સંયુક્ત વ્યંજનનો ह વિકલ્પે બોલવો.

दुहं, दुक्खं—दुःखम्, દુખ—દુઃખવવું—દુખવવું—દુઃખ દેવું

परदुक्खे दुक्खिआ विरला—परदुःखे दुःखिता विरलाः—બીજાના દુઃખે દુઃખી થનારા વિરલા હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दाहिणो, दक्खिणो–दक्षिण:–ડાહ્યો અથવા જમણો
तूहं, तित्थं–तीर्थम्–તીર્થ–ઓવારો.

## कूष्माण्डयां ष्मः लस्तु ण्डो वा ॥८।२।७३॥

कूष्माण्डी શબ્દના ष्म નો ह બોલવો તથા ण्ड નો તો ल વિકલ્પે બોલવો.

कोहली, कोहंडी–कूष्माण्डी–કોળી–કોળા નામના ફળની વેલ

## पक्ष्म–श्म–ष्म–स्म–ह्मां म्हः ॥८।२।७४॥

पक्ष्मन् શબ્દના क्ष्म નો म्ह બોલવો તથા કોઈ પણ શબ્દમાં આવેલા श्म, ष्म, स्म અને ह्म એ દરેકનું म्ह ઉચ્ચારણ કરવું.

पम्हं–पक्ष्मन्–પાંપણ (એ૦ વ૦);
पम्हाइं–पक्ष्माणि–પાંપણો (બ૦ વ૦)
पम्हललोअणा–पक्ष्मललोचना–પાંપણયુક્ત આંખોવાળી
श्म—कुम्हाणो–कुश्मान:– કોઈ દેશનું નામ છે
कम्हारा–कश्मीरा:–કાશ્મીર દેશ
ष्म—गिम्हो–ग्रीष्म:–ગ્રીષ્મ ઋતુ
उम्हा–ऊष्मा–ઊનું–ગરમ—મૂળ ધાતુ ऊष રુજા–પીડા–તાપ–દાહ થવો
स्म—अम्हारिसो–अस्मादृश:–અમારા સરખો
विम्हओ–विस्मय:–વિસ્મય–વિસ્મો–આશ્ચર્ય
ह्म—बम्हा–ब्रह्मन्—બ્રહ્મા
सुम्हा–सुह्मा:–કોઈ દેશનું નામ છે
बम्हणो–ब्राह्मण:–બ્રાહ્મણ
बम्हचेरं–ब्रह्मचर्यम्–બ્રહ્મચર્ય

કોઈ કોઈ પ્રયોગમાં બહુલ અધિકારને લીધે ह्म ને બદલે म्भ ઉચ્ચારણ પણ થાય છે.

म्भ—बम्भणो–ब्राह्मण:–બ્રાહ્મણ
बम्भचेरं–ब्रह्मचर्यम्–બ્રહ્મચર્ય
सिम्भो–श्लेष्मन्–શ્લેષ્મ–સળેખમ.

કોઈ કોઈ પ્રયોગમાં તો श्म તથા स्म નો म्ह થતો પણ નથી.

रस्सी–रश्मि:–બળદની કે ઘોડાની રાશ
सरो–स्मर:–કામદેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सूक्ष्म-श्न-ष्ण-स्न-ह्न-ह्ण-क्ष्णां ण्हः ॥८।२।७५॥

સૂક્ષ્મ શબ્દના क्ष्म નો ण्ह ઉચ્ચાર કરવો તથા કોઈ પણ શબ્દમાં આવેલા श्न, ष्ण, स्न, ह्न, ह्ण અને क्ष्ण ને બદલે ण्ह ઉચ્ચાર કરવો.

सण्हं–सूक्ष्मम्–સૂક્ષ્મ, 'નાનું સૂનું'એ પ્રયોગમાં આવતા 'સૂનું' શબ્દને सण्हसाथे સરખાવો.

श्न—पण्हो–प्रश्नः–પ્રશ્ન

सिण्हो–शिश्नः–લિંગ

ष्ण—विण्हू–विष्णुः–વિષ્ણુ દેવ

जिण्हू–जिष्णुः–જિતનાર, જીતવાના સ્વભાવવાળો

कण्हो–कृष्णः–કૃષ્ણ વિશેષ નામ અથવા 'કૃષ્ણ' વર્ણ

उण्हीसं–उष्णीषम्–પાઘડી

स्न—जोण्हा–ज्योत्स्ना–ચંદ્ર વગેરેનો પ્રકાશ

ण्हाओ–स्नातः–ન્હાયેલો–ન્હાયો–સ્નાન કરેલો

पण्हुओ–प्रस्नुतः–પાનો આવવો–સ્ત્રીઓને છાતીમાં 'દૂધ'નો પાનો આવે છે–ઉભરો આવે તે.

ह्न—वण्हो–वह्निः–અગ્નિ. આદિવાસીની ભાષામાં 'વહ્નિ' શબ્દ સાંભળ્યો છે

जण्हू–जह्नुः–જહ્નુ નામનો રાજા

ह्ण—पुव्वण्हो–पूर्वाह्णः–દિવસનો પૂર્વ ભાગ पूर्व+अहन् અહન્–દિવસ

अवरण्हो–अपराह्णः–દિવસનો અપર ભાગ–અપર+અહન્

क्ष्ण—सण्हं–श्लक्ष्णम्–નાનું સૂનું. મરાઠી लहानसहान શબ્દને श्लक्ष्ण સાથે સરખાવો.

तिण्हं–तीक्ष्णम्–તીક્ષ્ણ–તીણું–અણીવાળું

જ્યારે कृष्ण અને कृत्स्न શબ્દના સંયુક્ત વ્યંજનની વચ્ચે इ આવી જાય છે ત્યારે–कसिणो–कृष्णः–કાળા રંગવાળો. कसिणो–कृत्स्नः–સમગ્ર અથવા બધું–એવાં રૂપો થાય છે. कृत्स्न ના कसिण માટે જુઓ, ૮।૨।૧૦૪ અને જ્યારે વચ્ચે इ ન આવે ત્યારે એ બન્ને શબ્દોનું આ નિયમ વડે कण्ह રૂપ થાય છે.

જ્યારે कृष्ण શબ્દનો વિશેષનામરૂપ અર્થ હોય–કૃષ્ણ–વાસુદેવ–અર્થ હોય ત્યારે તેનું कण्ह રૂપ આ નિયમ દ્વારા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ह्नः ल्हः ॥८।२।७६॥

ह्न ने બદલે ल्ह એમ ઊલટું ઉચ્ચારણ કરવું.

कल्हारं–कह्लारम्–ધોળું કમળ

पल्हाओ–प्रह्लादः–પ્રહ્લાદ વિશેષ નામ છે અથવા વિશેષ આનંદ.

## क-ग-ट-ड-त-द-प-श-ष-स-≍क-≍प-म् ऊर्ध्वं लुक् ॥८।२।७७॥

શબ્દોના સંયુક્ત વ્યંજનોની પૂર્વમાં આવેલા क, ग, ट, ड, त, द, प, श, ष, स, ≍क, ≍ख, )( प તથા )( फ — આટલા વ્યંજનોનો લોપ થઈ જાય છે.

क्—भुत्तं–भुक्तम्–ભોજન કરેલું અથવા ભોગવેલું

सित्थं–सिक्थम्–મીણ

ग्—दुद्धं–दुग्धम्–દૂધ અથવા દોહેલું

मुद्धं–मुग्धम्–મુગ્ધ–મોહ પામેલું

ट्—छप्पओ–षट्पदः–છ પગવાળો ભમરો અથવા છ ચરણવાળો છપ્પો નામનો છંદ

कप्फलं–कट्फलम्–કાયફળ

ड्—खग्गो–खड्गः–ખાંડું[1]–તલવાર

सज्जो–षड्जः–સાત સ્વરોમાંનો પ્રથમ સ્વર

त्—उप्पलं–उत्पलम्–ઉપળું–કમળ

उप्पाओ–उत्पादः–ઉત્પાદ–પેદાશ–ઉત્પન્ન થવું

उप्पाओ–उत्पातः–ઉત્પતન–ઊર્ધ્વગમન–ઊંચે ઊપડવું–ઊંચે ઊડવું

---

[1] બહુલને લીધે સંયુક્ત વ્યંજનની પાછળ આવેલો એવો खड्गनो ग લોપાય ત્યારે "ખાંડુ" શબ્દ સાધી શકાય—खड्ग–खड्ड–खांडु–અત્યારે પણ ગરાસિયા વગેરે કેટીલક કોમોના લોકો 'ખાંડુ" લઈને પરણવા જાય છે. કેટલીક કથાઓમાં કન્યાઓ 'ખાંડાં' સાથે પરણ્યાની હકીકત આવે છે.

ભાષામાં ખાંગું શબ્દ 'વળી ગયેલુ" અથવા 'નમી ગયેલું" અર્થમાં પ્રચલિત છે. જેમ તરવાર સીધી નથી હોતી પણ 'વળી ગયેલ' હોય છે તેમ જે 'ઘડો' વગેરે વાસણ બરાબર ન મુકાયેલ હોય તેને 'ખાંગુ" કહેવામાં આવે છે. માણસ પણ શરીરની અપેક્ષાએ દેખાવમાં સીધો ન દેખાતો હોય પણ થોડો વળી ગયેલો દેખાતો હોય તો તેને 'ખાંગો' કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्—मग्गू-मद्गुः-જલકાક-પાણીનો કાગડો
मोग्गरो-मुद्गरः-મોગરી, ચુરમું ખાંડવાની મોગરી અથવા હથોડાના આકારનું એક પ્રકારનું શસ્ત્ર
प्—सुत्तो-सुप्तः-સૂતેલો
गुत्तो-गुप्तः-ગુપ્ત-છુપાયેલો, ગપત કરી ગયેલ-છુપાવી રાખેલ અથવા સુરક્ષિત
श्—लण्हं-श्लक्ष्णम्-નાનુસૂનું, મરાઠી-લ્હાન
णिच्चलो-निश्चलः-નિશ્ચલ, સ્થિર. चल-ચંચલતા, निर्-વગરનો-ચંચલતા વગરનો
चुअइ-श्चोतते-ઝરે છે. ચુએ છે-ચુવે છે-ટપકે છે
ष्—गोट्ठी-गोष्ठिः-જ્યાં ગાયોની સ્થિતિ હોય તે સ્થાનમાં થતી વાતચીત-ગોઠ
छट्ठो-षष्ठः-છટ્ઠો, છઠો
निट्ठुरा-निष्ठुरः-નિષ્ઠુર, દયા વિનાનો
स्—खलिओ-स्खलितः-ખલના પામેલો
नेहो-स्नेहः-સ્નેહ

१ ≍ख्—दुक्खं-दु≍खम्-દુઃખ
२)(प्—अंतप्पाओ-अन्त)(पातः-अन्तर्पात-વચ્ચે પડવું-વચ્ચે આવી જવું.

## अधः म-न-याम् ॥८।२।७८॥

શબ્દોના સંયુક્ત વ્યંજનોની પાછળ આવેલા म्, न् અને य् એટલા વ્યંજનોનું ઉચ્ચારણ થતું નથી એટલે લોપ થઈ જાય છે.

म्—जुग्गं-युग्मम्-જુગ્મો-બેકી સંખ્યા અગર બેની જોડી
रस्सी-रश्मिः-રસ્સી, દોરડું, રાશ
सरो-स्मरः-કામદેવ
सेरं-स्मेरम्-વિકસ્વર, ખીલવાના સ્વભાવવાળું

---

૧ 'ર'કારને સ્થાને આ વર્ણ થયેલ છે. એની આકૃતિ વજ્રની જેવી છે એટલે એ વચ્ચેથી સાંકડો છે. આ જિહ્વામૂલીય વર્ણ છે અને 'ક' તથા 'ખ'ની પૂર્વે જ આવે છે તથા આ વર્ણનું ઉચ્ચારણ વિસર્ગને મળતું આવે છે.

૨ 'ર'કારને સ્થાને આ વર્ણ થયેલ છે એની આકૃતિ હાથીના કુંભસ્થળ જેવી છે. આ વર્ણને ઉપધ્માનીય કહેવામાં આવે છે અને તેનું સ્થાન ઓષ્ઠ છે તથા આ વર્ણ 'પ' તથા 'ફ'ની પૂર્વે જ આવે છે તથા આ વર્ણનું ઉચ્ચારણ વિસર્ગને મળતું આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न्—नग्गो–नग्नः–નાગો–કપડાં વગરનો, લુચ્ચો

लग्गो–लग्नः–લાગેલો

य्– सामा–श्यामा–શ્યામા–સ્ત્રી

कुड्डं–कुड्यम्–ભીંત

वाहो–व्याधः–શિકારી

## सर्वत्र ल-ब-राम् अवन्द्रे ॥८।२।७९॥

સંયુક્ત વ્યંજનોમાં આગળ રહેલા કે પાછળ રહેલા લ્, બ્–વ્, તથા ર્ એ વ્યંજનોનું ઉચ્ચારણ થતું નથી. આ નિયમ એક માત્ર वन्द्र શબ્દને લાગતો નથી.

ल આગળ—उक्का–उल्का–ઉલ્કા–જ્વાળા

वक्कलं–वल्कलम्–વાગલ–ઝાડની છાલ

ब આગળ—सद्दो–शब्दः–સાદ–શબ્દ

अद्दो–अब्दः–વર્ષ–સંવત્સર, મેઘ

लोद्धओ–लुब्धकः–લોભી, શિકારી

र આગળ—अक्को–अर्कः–સૂર્ય, આકડો

वग्गो–वर्गः–વર્ગ–વિભાગ

ल પાછળ—सण्हं–श्लक्ष्णम्–સુનું–નાનું, સુનું

विक्कवो–विक्लवः–વ્યાકુળતા–બેચેની

व પાછળ—पक्कं, पिक्कं–पक्वम्–પાકેલું

धत्थो–ध्वस्तः–ધ્વંસ પામેલ–નાશ થયેલ

र પાછળ—चक्कं–चक्रम्–ચક્ર–ચાક–ચાકડો, પૈડું

गहो–ग्रहः–ગ્રહ–શની, રવિ વગેરે ગ્રહ

रत्ती–रात्रिः–રાત

કોઈ કોઈ પ્રયોગોમાં આગળનો લોપ તથા પાછળનો લોપ એમ બન્ને તરફના લોપનો પ્રસંગ આવે છે ત્યાં પ્રયોગાનુસારે આગળનો, પાછળનો કે વારાફરતી એમ બન્નેનો લોપ કરીને રૂપો સાધવાં.

उद्विग्न શબ્દમાં ઉપર જણાવેલા ૭૭ મા નિયમ દ્વારા આગળના द्‌નો લોપ પ્રાપ્ત છે અને આ નિયમ દ્વારા પાછળના व्‌નો લોપ પણ પ્રાપ્ત છે ત્યાં આગળનો લોપ કરવો—द्‌નો લોપ કરવો उव्विग्गो પણ પાછળનો લોપ કરી उद्दिग्गो રૂપ ન કરવું–એ રૂપ દ્વારા અર્થનું સ્પષ્ટીકરણ થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ રીતે कल्मष નું कम्मस બનાવવું પણ ઉપરના ૭૮ મા સૂત્ર દ્વારા म્ નો લોપ કરી कल्लस ન બનાવવું.

सर्व નું सव्व બનાવવું પણ व નો લોપ કરી सर ન બનાવવું.

જ્યાં આગલા વ્યંજનના તથા પાછલા વ્યંજનના એમ બન્ને વ્યંજનના લોપનો પ્રસંગ આવે એટલે જ્યાં બે લોપનો પ્રસંગ આવે ત્યાં આગળના વ્યંજનના લોપનાં ઉદાહરણ—

માત્ર द નો લોપ—बिउणो–द्विगुणः–બમણો

બીઓ–द्वितीयः–બીજો

માત્ર ल નો લોપ—सुब्बं–शुल्बम्–ઘાસનું દોરડું

सुव्वं– ,, – ,, ,,

અહીં वનો કે बનો લોપ ન થયો.

ઉપર જણાવ્યા પ્રમાણે બે લોપના પ્રસંગે પાછળના લોપનાં ઉદાહરણ—

માત્ર य નો લોપ—कव्वं–काव्यम्–કાવ્ય

कुल्ला–कुल्या–ધોરિયો

मल्लं–माल्यम्–માળા

માત્ર व નો લોપ—दिओ–द्विपः–द्वि+પ–દ્વિ–બેવડે, પ–પીનારો–બે વડે–મુખ વડે અને સૂંઢ વડે પીનારો હાથી

दिओ–द्विजः–બ્રાહ્મણ

दुआई–द्विजातिः–બ્રાહ્મણ

કોઈ કોઈ પ્રયોગોમાં તો વારાફરતી લોપ થાય છે એટલે કોઈ પ્રયોગમાં આગળના વ્યંજનનો લોપ થાય છે અને કોઈ પ્રયોગમાં પાછળના વ્યંજનનો લોપ થાય છે અર્થાત્ એમ વારાફરતી લોપ થઈ જાય છે—

પાછળના न નો લોપ–उव्विग्गो–उद्विग्नः–ઉદ્વિગ્ન

આગળના ग નો લોપ–उव्विण्णो– ,, ,,

આગળના द નો લોપ–बारं–द्वारम्–બારણું

આગળના द નો લોપ–बिइओ અથવા बीओ–द्वितीयः–બીજો

પાછળના व નો લોપ–दारं– ,, ,,

પાછળના व નો લોપ–दुइओ–द्वितीयः–બીજો

वन्द्र શબ્દને આ નિયમ લાગતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાકૃતમાં આ શબ્દ વિજાતીય સંયુક્ત વ્યંજનવાળો છે તેથી બિલકુલ સંસ્કૃતની જેવો જણાય છે. આ શબ્દના ર નો લોપ નીચેના ૮।૨।૮૦ સૂત્રથી પણ ન કરવો. કેમકે આ સૂત્ર દ્વારા ર ના લોપનો નિષેધ કરેલો છે. જો નીચેના નિયમ દ્વારા આ શબ્દના द्र ના ર નો લોપ વિકલ્પે કરવામાં આવે તો આ સૂત્રમાં નિષેધ કરવો તદ્દન નકામો જ થાય. એટલે આ રીતે વિચાર કરીને वन्द्रं ના ર નો લોપ કોઈ પણ નિયમ દ્વારા નિત્યે તેમજ વિકલ્પે પણ ન થઈ શકે અર્થાત્ वन्द्रंનું वंद્ર રૂપ થઈ જ ન શકે.

वन्द्रं—વૃન્દ, સમૂહ, ટોળું જુઓ હૈ૰ ઉણાદિ સૂત્ર ૩૮૭

મારવાડી ભાષામાં પરણવા જનાર વર ને विंद કહે છે અને વહૂ ને विंदणी કહે છે. પરણવા જનાર ઘણે ભાગે ટોળામાં હોય છે.

## द्रे रो न वा ॥૮।૨।૮૦॥

શબ્દના द्र ના ર નો લોપ વિકલ્પે કરવો.

चंदो, चन्द्रो—चन्द्रः—ચંદ્રમા

रुद्दो, रुद्रो—रुद्रः—શિવ, રુદ્ર—ભયંકર

भद्दं, भद्रं—भद्रम्—સુંદર, કલ્યાણકારી

समुद्दो, समुद्रो—समुद्रः—સમુદ્ર—દરિયો

પ્રાકૃત ભાષામાં વિજાતીય સંયુક્ત વ્યંજનો વપરાતા નથી એવો સામાન્ય નિયમ છે છતાં નિયમો દ્વારા વિહિત કરવામાં આવેલા એવા કેટલાક વિજાતીય સંયુક્ત વ્યંજનો પણ વપરાય છે. જેમકે—

न्ह (જુઓ, ૮।૨।૭૪)
ण्ह (જુઓ, ૮।૨।૭૫)
ल्ह (જુઓ, ૮।૨।૭૬)
द्र (જુઓ, ૮।૨।૮૦)

સંસ્કૃતનો ह्रद (પાણીનો ધરો) શબ્દ વ્યત્યય થવાને લીધે द्रह થઈ જાય છે. અને આ નિયમ દ્વારા પ્રાકૃતમાં તેનાં બે રૂપો બને છે—द्रहो, दहो.

કેટલાક વૈયાકરણો પ્રાકૃતમાં એકલું द्रहो રૂપ જ માને છે, दहो નહીં.

કોઈ વૈયાકરણ द्रह રૂપને પણ સંસ્કૃતનું રૂપ માને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'તરુણ પુરુષ' અર્થના સૂચક 'वोद्रह-જુવાન' વગેરે શબ્દો હમેશાં द्र વાળા જ છે અને તે દેશ્ય પ્રાકૃતના જ છે. જેમકે—

सिक्खंतु वोद्रहीओ वोद्रहम्मि पडिआ—शिक्षन्तां तरुण्यः तरुणह्रदे पतिताः
તરુણરૂપ—'જુવાન'રૂપ—પાણીના ધરામાં પડેલી યુવતિઓ શીખો.

## धात्र्याम् ॥८।२।८१॥

धात्री શબ્દના र નો લોપ વિકલ્પે કરવો.

धत्ती तथा धारी, धात्री—ધાત્રી—ધવરાવનારી માતા—ધાવ માતા.
धात्री શબ્દમાં ॥૮।૧।૮૪॥ નિયમ વડે હ્રસ્વ કરી દેવાથી धत्ती રૂપ પણ બનશે.
धाती, धाई—धात्री—શબ્દમાં પહેલાં રેફનો લોપ કરવાથી धाती રૂપ બનશે.
धारी—धात्री શબ્દમાં त નો લોપ કરી દેવાથી धारी રૂપ બનશે.
धाई—धात्री શબ્દના त् નો અને र नो (૮।૨।૭૭) તથા (૮।૨।૭૯) લોપ કરવાથી धाई રૂપ થશે.
धात्री એટલે ધાવ માતા અથવા તમામ જીવોને ધારણ કરનારી પૃથ્વી.

## तीक्ष्णे णः ॥८।२।८२॥

तीक्ष्ण શબ્દના ण નો લોપ વિકલ્પે કરવો.

तिण्हं, तिक्खं—तीक्ष्णम्—तीक्ष्ण—તીક્ષ્ણ—તીણું અથવા તીખું

## ज्ञः ञः ॥८।२।८३॥

ज् અને ञ એ બે વિજાતીય વ્યંજનો ભેગા થવાથી ज्ञ् વ્યંજન બનેલ છે એટલે ज्ञ् સંયુક્ત વ્યંજન જ છે.

ज्ञ (ज्ञ) માંના ञ् નો લોપ કરવો, ञ् નો લોપ કરવાથી બાકી ज રહેશે તેથી અર્થાત્ ज्ञ ને બદલે વિકલ્પે ज બોલવો.

जाणं, णाणं—ज्ञानम्—જ્ઞાન
सव्वज्जो, सव्वण्णू—सर्वज्ञः—બધી વસ્તુઓનું ત્રણે કાળનું જ્ઞાન ધરાવનાર
अप्पज्जो, अप्पण्णू—अल्पज्ञः—થોડું જાણનાર
अप्पज्जो, अप्पण्णू—आत्मज्ञः—आत्मज्ञ—આત્માને જાણનાર
दइवज्जो, दइवण्णू—दैवज्ञः—દૈવને જાણનારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इंगिअज्जो, इंगिअण्णू–इङ्गितज्ञः–ઇંગિતને જાણનારો–શરીરના અવયવો દ્વારા કરવામાં આવતા સંકેતને જાણનારો

मणोज्जं, मणोण्णं–मनोज्ञम्–મન વડે જણાય તે–સુંદર

अहिज्जो, अहिण्णू–अभिज्ञः–સારી રીતે જાણકાર

पज्जा, पण्णा–प्रज्ञा–પ્રજ્ઞા–બુદ્ધિ

अज्जा, आणा–आज्ञा–આજ્ઞા

संजा, सण्णा–संज्ञा–સંજ્ઞા–સાન

બહુલંને લીધે કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો નથી.

विण्णाणं–विज्ञानम् विज्ञान–વિશેષ જ્ઞાન અહીં, विजाणं રૂપ ન જ થાય

## मध्याह्ने ॥८।२।८४॥

मध्याह्न શબ્દના ह નો લોપ વિકલ્પે કરવો.

मज्झन्नो, मज्झण्हो–દિવસનો મધ્ય ભાગ–ખરો બપોર-

## दशार्हे ॥८।२।८५॥

दशार्ह શબ્દના ह નો લોપ કરવો.

दसारो–दशार्हः–એક વંશનું નામ–જે વંશમાં દશ વ્યક્તિઓ પૂજવા યોગ્ય થયેલ હોય તેવો વંશ.

ઉપરનું ૮।૨।૮૪ સૂત્ર અને આ ૮।૨।૮૫ સૂત્ર—આ બન્ને સૂત્રો સાથે કરી શકાય એમ છે પણ ૮।૨।૮૪ સૂત્રમાં વિકલ્પે વિધાન કરવાનું છે અને આ ૮।૨।૮૫મા સૂત્રમાં વિકલ્પે વિધાન કરવાનું નથી, એમ આ બન્ને સૂત્રોનાં જુદી જુદી જાતનાં વિધાન હોવાથી આ બન્ને સૂત્રોને જુદાં જુદાં બનાવેલાં છે.

## आदेः श्मश्रु-श्मशाने ॥८।२।८६॥

श्मश्रु અને श्मशान એ પ્રત્યેક શબ્દના આદિના શ્ નો લોપ કરવો.

मासू, मंसू, मस्सू–श्मश्रु––દાઢીમૂછ. જુઓ, ॥૮।૧।૨૬॥

मसाणं–श्मशानम्–મસાણ, મહાણ

શબોને કે શવોને એટલે—મુડદાંઓને જ્યાં બાળવામાં કે દાટવામાં આવે તે સ્થાન–જગ્યા–નું નામ 'શ્મશાન' છે 'શવ' શબ્દનું ત્વરિત ઉચ્ચારણ 'શ્વ' થયું, પછી 'શ્વ'નું 'શ્મ' થયું અને 'શયન' શબ્દનું શાન' ઉચ્ચારણ થયું, એ રીતે શવ તથા શયન એ બે શબ્દના સંયોગથી 'શ્મશાન' શબ્દ પેદા થયેલ છે એમ નિરુક્તકારની કલ્પના છે, 'શવશયન'નો અર્થ જોતાં આ કલ્પના અનુચિત જણાતી નથી.

આર્ષ પ્રાકૃતમાં श्मशान શબ્દનાં सीआणं, सुसाणं એમ બે રૂપો પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्चः हरिश्चन्द्रे ॥८।२।८७॥

हरिश्चन्द्र શબ્દના श्च નો લોપ કરવો, લોપ કર્યા પછી अ બાકી રહે છે.

हरिअंदो–हरिश्चन्द्रः–એક સત્યવાદી પ્રાચીન રાજાનું નામ

## रात्रौ वा ॥८।२।८८॥

रात्रि શબ્દના त्र નો લોપ વિકલ્પે કરવો, લોપ કર્યા પછી માત્ર इ બાકી રહે.

राई, रत्ती–रात्रिः–રાત

આ. હેમચંદ્ર જણાવે છે કે વિશ્રાંતિરૂપ સુખ આપે તે રા+ત્રિ=રાત્રિઃ। આ શબ્દમાં મૂળ 'रा–દેવું' ધાતુ અને त्रि પ્રત્યય કલ્પાયેલ છે.

## अनादौ शेषा–ऽऽदेशयोः द्वित्वम् ॥८।२।८९॥

જે વ્યંજન અનાદિમાં આવેલો હોય અને સંયુક્ત વ્યંજનમાંથી એક વ્યંજનનો લોપ થતાં શેષ–બાકી–બચેલો–રહેલો–હોય તેનું દ્વિત્વ–બેવડું ઉચ્ચારણ–થાય છે. તથા જે વ્યંજન અનાદિમાં આવેલો હોય અને આદેશરૂપ થયેલો હોય એટલે કોઈ વ્યંજનને સ્થાને આદેશરૂપ થયેલ હોય–તેનું પણ દ્વિત્વ થાય છે.

શેષ—कप्पतरू, कपतरू–कल्पतरुः–કલ્પવૃક્ષ

भुत्त–भुतं–भुक्तम्–ખાધેલું, ભોગવેલું

दुद्धं–दुधं–दुग्धम्–દૂધ, દોહેલું

नग्गो–नगो–नग्नः–નાગો–કપડાં વિનાનો–કપડાં નહીં પહેરનાર–અથવા વિચારની દૃષ્ટિએ સદ્વિચાર હીન–નાગો– લુચ્ચો

उक्का–उका–उल्का–ઉલ્કા–જવાળા

अक्को–अको–अर्कः–સૂર્ય, આકડો

मुक्खो–मुखो–मूर्खः–મૂર્ખ

આદેશ–डक्को, डका, दट्ठो–दष्टः–ડંખેલો, ડંખ મારેલો–અહીં क આદેશ છે જુઓ ૮।૨।૨।

जक्खो–यक्षः–યક્ષ–અહીં ख આદેશ છે જુઓ ૮।૨।૩।

रग्गो–रगो–रक्तः–રંગેલો–અહીં ग આદેશ છે જુઓ ૮।૨।૧૦।

किच्ची–कृत्तिः–કૃત્તિ–ચામડું–અહીં च આદેશ છે જુઓ ૮।૨।૧૨।

रुप्पी–સોનાવાળું, ચાંદીવાળું–અહીં प આદેશ છે જુઓ ૮।૨।૫૨।

બહુલને લીધે કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कसिणो–कृत्स्नः–બધું–અહીં न નો ण આદેશરૂપ છે તો પણ દ્વિત્વ ન થયો. એથી कसिण्ण-करिण्णो રૂપ ન થાય

| | |
|---|---|
| खलिअं–स्खलितम्<br>थेरो–स्थविरः<br>खंभो–स्तम्भः | આ ત્રણે પ્રયોગોમાં ख તથા थ આદેશરૂપ છે તો પણ આદિમાં આવેલા છે. તેથી દ્વિત્વ ન થયું. |

જે શબ્દોમાં શેષ અક્ષર જ, સંયુક્ત વ્યંજનરૂપ હોય તથા આદેશ જ સંયુક્ત વ્યંજનરૂપ હોય ત્યાં બે વ્યંજન છે જ તેથી સંયુક્ત વ્યંજનનું દ્વિત્વ ન થાય એટલે બે વ્યંજનના બીજા બે વ્યંજન ન થાય.

| | |
|---|---|
| विञ्चुओ–वृश्चिकः<br>भिण्डिवालो–भिण्डिपालः | આ બન્ને પ્રયોગોમાં આદેશરૂપ ञ्च અને ण्ड બન્ને સંયુક્ત વ્યંજન જ છે. તેથી તેમનું દ્વિત્વ ન થાય. |

એટલે ञ्चनुं ञ्चञ्च ન થાય તથા ण्ड નું ण्डण्ड ન થાય.

## द्वितीय-तुर्ययोः उपरि पूर्वौं ॥८।२।९०॥

જ્યાં જ્યાં વર્ગના બીજા શેષરૂપ કે આદેશરૂપ વ્યંજનનું એટલે ख छ ठ थ અને फ નું દ્વિત્વ થાય ત્યાં બધે જ ख्ख ને બદલે क्ख, छछ ને બદલે च्छ, ठठ ને બદલે ट्ठ, थ्थ ને બદલે त्थ અને फ्फ ને બદલે प्फ નું ઉચ્ચારણ કરવું.

તથા જ્યાં જ્યાં વર્ગના ચોથા શેષરૂપ કે આદેશરૂપ વ્યંજનનું એટલે घ, झ, ढ, ध, અને भ નું દ્વિત્વ થયેલું હોય ત્યાં બધે જ घ्घ ને બદલે ग्घ, झ्झने બદલે ज्झ, ढ्ढ ને બદલે ड्ढ, ध्ध ને બદલે द्ध અને भ्भ ને બદલે ब्भ નું ઉચ્ચારણ કરવું.

શેષ–वख्खाणं નું वक्खाणं-व्याख्यानम्–વ્યાખ્યાન–વખાણ

वघ्घो નું वग्घो–व्याघ्रः–વાઘ

मुछ्छा નું मुच्छा–मूर्च्छा–મૂર્છા

निझ्झरो નું निज्झरो–निर्झरः–ઝરણું

कठ्ठं નું कट्ठं–काष्ठम्–કાષ્ઠ, લાકડું

तिथ्थं નું तित्थं–तीर्थम्–તીર્થ

निध्धणो નું निद्धणो–निर्द्धनः–દરિદ્ર

गुफ्फं નું गुप्फं–गुल्फम्–પગની ઘુંટી

निभ्भरो નું निब्भरो–निर्भरः–પૂર્ણ, ભરપૂર

આદેશ–जख्खो નું जक्खो–यक्षः–યક્ષ

ध નું ઉદાહરણ નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अक्छी નું अच्छी—अक्षि—આંઠ—આંખ

मज्झं નું मज्झं—मध्यम्—મધ્ય

पट्ठी નું पट्ठी—पृष्ठी—પીઠ

वुड्ढो નું वुड्ढो—वृद्धः—વૃદ્ધ—ઘરડો

हथ्थो નું हत्थो—हस्तः—હાથ

आलिध्धो નું आलिद्धो—आश्लिष्टः—આશ્લેષ કરેલો, ભેટેલો

पुप्फं નું पुप्फं—पुष्पम्—પુષ્પ—ફૂલ

भिब्भलो નું भिब्भलो—विह्वलो—વ્યાકુળ

ओक्खलं નું ओक्खलं—उदूखलम्—ઉલૂખલ—ખાંણિયો—ખાંડણિયો.

આ શબ્દમાં ૮।૨।૧૮ સૂત્રથી દ્વિત્વ થયું છે

नख्खा નું नक्खा—नहा—नखाः—નખો—આ પ્રયોગમાં ૮।૨।૧૧ સૂત્રથી દ્વિત્વ થયું છે

સમાસ—कई—द्धओ—कपिध्वजः—વાનર દ્વીપના એક રાજાનું નામ, જેનો ધ્વજ કપિના નિશાનવાળો છે તે અર્જુન—આ શબ્દમાં ૮।૨।૯૭ સૂત્રથી દ્વિત્વ થયું છે

खाओ—खातः—ખોદેલો. આ પ્રયોગમાં કોઈ વ્યંજન સાથે જોડાએલ હોઈ તે વ્યંજનનો લોપ થતા બાકી રહેલ ख નથી પણ સ્વાભાવિક છે તેથી શેષરૂપ નથી તેમજ કોઈ વ્યંજનને બદલે ख થયેલ નથી પણ મૂળથી જ ख છે તેથી આદેશરૂપ પણ નથી એ કારણથી આ નિયમ ન લાગે.

## दीर्घे वा ॥८।२।९१॥

दीर्घ શબ્દમાં र्घ ને બદલે ग्घ થાય ત્યારે તેનું ग्घ ઉચ્ચારણ વિકલ્પે કરવું. જ્યારે ग्घ ઉચ્ચારણ ન થાય ત્યારે र्घ નો र લોપાઈ જતાં બાકી રહેલ घ નો ह થાય છે.

दीघो, दिग्घो, दीहो—दीर्घः—લાંબું.

## न दीर्घानुस्वारात् ॥८।२।९२॥

લાક્ષણિક—કોઈ નિયમથી શબ્દમાં થયેલ—દીર્ઘ સ્વર હોય અથવા શબ્દમાં અલાક્ષણિક—સ્વાભાવિક રીતે—દીર્ઘ સ્વર હોય તો તે બન્ને જાતના દીર્ઘ પછી આવેલા કોઈ વ્યંજનનું દ્વિત્વ થતું નથી. તેમ કોઈ નિયમથી શબ્દમાં અનુસ્વાર થયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય અથવા શબ્દમાં સ્વાભાવિક રીતે અનુસ્વાર હોય તો તે બન્ને જાતના અનુસ્વાર પછી આવેલા કોઈ વ્યંજનનું દ્વિત્વ થતું નથી.

લાક્ષણિક દીર્ઘ—ऋूढो—क्षिप्तः—ફેંકેલો

नीसासो—निःश्वासः—નિશ્વાસ

फासो—स्पर्शः—સ્પર્શ

અલાક્ષણિક દીર્ઘ—पास—पार्श्व—પાર્શ્વ—પડખું, જૈનતીર્થંકરનું એક વિશેષ નામ પાર્શ્વનાથ

सीसं—शीर्षम्—મસ્તક

ईसरो—ईश्वरः—ઈશ્વર

वेसो—द्वेष्यः—શત્રુ

लासं—लास्यम्—એક પ્રકારનું નૃત્ય

आसं—आस्यम्—મુખ

पेसो—प्रेष्यः—દાસ, નોકર

ओमालं—अवमाल्यम्—નકામી ચીજ

आणा—आज्ञा—આજ્ઞા

आणत्ती—आज्ञप्तिः—આજ્ઞા

आणवणं—आज्ञपनम्—જણાવવું તે

લાક્ષણિક અનુસ્વાર—तंसं—त्र्यस्रम्—ત્રાંસુ—ત્રિકોણ—ત્રણ ખુણાવાળું જુઓ ૮।૧।૨૬

અલાક્ષણિક અનુસ્વાર—संझा—सन्ध्या—સંધ્યા

विंझो—विन्ध्यः—એ નામનો પર્વત

कंसालो—कांस्यालः—કાંસામાંથી બનાવેલ કોઈ પ્રકારનું વાજું —કાંસીજોડા

## र-होः ॥૮।૨।૯૩॥

કોઈ પણ શબ્દમાં આવેલા ર તથા હ નું દ્વિત્વ થતું નથી.

सुन्दरं—सौन्दर्यम्—સુંદરતા—सुन्दरं નું सुन्देर्रं ન થાય—એ જ પ્રમાણે

बम्हचेरं—ब्रह्मचर्यम्—બ્રહ્મચર્ય—ના ર નું દ્વિત્વ ન થાય—એ જ રીતે—

पेरंतं पर्यन्तम्—ત્યાં સુધી—ના ર નું પણ દ્વિત્વ ન થાય.

શેષ—विहलो—विह्वलः—વિહ્વલ—विहलो નું विह्हलो ન થાય.

આદેશ—कहावणो—कार्षापणः—સિક્કો—कहावणो નુ कह्हावणो ન થાય.

રેફ બધે જ આદેશરૂપ મળે છે પણ કયાંય શેષરૂપ મળતો નથી તેથી આ નિયમમાં આદેશરૂપ એવા એકલા રેફનું ઉદાહરણ આપેલું છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## धृष्टद्युम्ने णः ॥८।२।९४॥

धृष्टद्युम्न શબ્દના આદેશરૂપ ण નું દ્વિત્વ ન થાય.

धट्ठज्जुणो–धृष्टद्युम्नः–એ વિશેષ નામ છે. धृष्टद्युम्नः નુ धट्ठज्जुण्णो ન થાય.

## कर्णिकारे वा ॥८।२।९५॥

कर्णिकार શબ્દના શેષરૂપ ण નું દ્વિત્વ વિકલ્પે થાય છે.

कण्णिआरो, कणिआरो–कर्णिकारः–કરેણનું ઝાડ

## दृप्ते ॥८।२।९६॥

दृप्त શબ્દના શેષરૂપ એટલે प માંથી બાચેલા त નું દ્વિત્વ ન થાય.

दरिअसीहेण–दरितसीहेण–दृप्तसिंहेन–દર્પવાળા સિંહ વડે–આ પ્રયોગમાં दृप्त નું दरित्त ન થાય પણ दरित થાય.

## समासे वा ॥८।२।९७॥

સમાસમાં આવેલા શબ્દોના શેષરૂપ તથા આદેશરૂપ વ્યંજનોનું વિકલ્પે દ્વિત્વ થાય છે.

नइग्गामो, नइगामो–नदीग्रामः–નદીકાંઠાનું ગામ
कुसुमप्पयरो, कुसुमपयरो–कुसुमप्रकरः–ફૂલોનો પગર–સમૂહ
देवत्थुई, देवथुई–देवस्तुतिः–દેવની સ્તુતિ
हरक्खंदा, हरखंदा–हर–स्कन्दौ–હર અને સ્કંદ
आणालक्खंभो, आणालखंभो–आनालस्तम्भः–હાથીને બાંધવાનો થાંભલો.

બહુલં અધિકારને લીધે શબ્દોના જે વ્યંજનો શેષરૂપ ન હોય અને આદેશરૂપ પણ ન હોય ત્યાં પણ આ નિયમ લાગે છે.

सप्पिवासो, सपिवासो–सपिपासः–પ્યાસવાળો
बद्धप्फलो, बद्धफलो:–बद्धफलः–જેમાં ફળ બાંધાયેલ છે તે વૃક્ષ.
मलयसिहरक्खंडं, मलयसिहरखंडं–मलयशिखरखण्डम्–મલય પર્વતના શિખરનો ભાગ
पम्मुक्कं, पमुक्कं–प्रमुक्तम्–સારી રીતે મુક્ત થયેલ
अद्दंसणं, अदंसणं–अदर्शनम्–ન દેખાય તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पडिक्कूलं, पडिकूलं–प्रतिकूलम्–પ્રતિકૂળ
तेल्लोक्कं, तेलोक्कं–त्रैलोक्यम्–ત્રણ લોક–સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાળલોક. આવા બીજા અનેક શબ્દો સમજી લેવા.

## तैलादौ ॥૮।૨।૯૮॥

તૈલ વગેરે શબ્દોમાં આવેલા અંત્ય વ્યંજનનું કે અનન્ત્ય–અંદરના–વ્યંજનનું દ્વિત્વ પ્રયોગાનુસારે થાય છે.

અન્ત્ય– तेल्लं–तैलम्–તેલ
मंडुक्को–मण्डूकः–મેંડક–દેડકો
वेइल्लं–विचकिलम्–એ નામની વેલનું ફૂલ
उज्जू–ऋजुः–સરળ
विड्डा–व्रीडा–લજ્જા
बहुत्तं–प्रभूतम्–બહુત–ઘણું–ખૂબ
सोत्तं–स्रोतस्–પ્રવાહ
पेम्मं–प्रेमन्–પ્રેમ

અનન્ત્ય–जुव्वणं–यौवनम्–જોબન, યૌવન

આર્ષ પ્રાકૃતમાં આ નિયમ લાગતો નથી.
पडिसोओ–प्रतिस्रोतः–સામો પ્રવાહ
विसोअसिआ–विश्रोतसिका–શંકા, વહેમ

## सेवादौ वा ॥૮।૨।૯૯॥

સેવા વગેરે શબ્દોમાં આવેલા અંત્ય વ્યંજનનું કે અનન્ત્ય વ્યંજનનું પ્રયોગાનુસારે દ્વિત્વ વિકલ્પે થાય છે.

અંત્ય–सेव्वा, सेवा–સેવા
नेड्डं, नीडं–માળો–પંખીનો માળો
नक्खा, नहा–नखाः–નખો
निहित्तो, निहिओ–निहितः–મૂકેલો
वाहित्तो, वाहिओ–व्याहृतः–બોલાવેલો
माउक्कं,–माउअं–मृदुकम्–મૃદુ–નરમ
एक्को, एओ–एकः–એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कोउहल्लं, कोउहलं—कौतूहलम् કુતૂહલ

वाउल्लो, वाउलो—व्याकुलः—વ્યગ્ર ચિત્તવાળો, ચિંતાતુર

थुल्लो, थोरो—स्थूलः—સ્થૂલ—જાડો

हुत्तं, हुअं—हूतम् હોમેલુ

दइव्वं, दइवं—दैवम्—નસીબ—ભાગ્ય

तुण्हिक्को, तुण्हिओ—तूष्णीकः—મૌન ધારણ કરનાર—ચૂપ રહેનાર

मुक्को, मूओ—मूकः—મૂક

खण्णू, खाणू—स्थाणुः—મહાદેવ, ઠુંઠું

थिण्णं, थीणं—स्त्यानम्—થીણું, થીજી ગયેલું

અનન્ત્ય—अम्हक्केरं, अम्हकेरं—अस्मदीयम्—અમારું

तं च्चेअ, तं चेअ—तद् एव—તે ખરેખર—તે જ

सो च्चिअ, सो चिअ—सः चिअ—તે પુરુષ ખરેખર—તે પુરુષ જ

## આગમનો વધારો

## शार्ङ्गे ङात् पूर्वः अत् ॥८।२।१००॥

शार्ङ्ग શબ્દમાં ङ्‌ની પૂર્વે अ ઉમેરાય છે.

सार्+अ+ङ्गं=सारङ्गं—शार्ङ्गम्—શૃંગમાંથી બનેલું—ધનુષ્

## क्ष्मा-श्लाघा-रत्ने अन्त्यव्यञ्जनात् ॥८।२।१०१॥

क्ष्मा, श्लाघा અને रत्न શબ્દોના સંયુક્ત વ્યંજનની વચ્ચે અર્થાત્ આ શબ્દોના સંયુક્ત વ્યંજનના અંત્ય વ્યંજનની પહેલાં अ ઉમેરાય છે. क्ष्मा શબ્દમાં म ની પહેલાં જ अ ઉમેરાય છે.

छ्+अ+मा=छमा=क्ष्+अ+मा=क्ष्मा—પૃથ્વી

स्+अ+लाहा=सलाहा—श्लाघा—પ્રશંસા

रत्+अ+नं=रतणं અથવા रयणं—रत्नम्—રતન

આર્ષ પ્રાકૃતમાં सूक्ष्म ના म ની પહેલાં પણ अ ઉમેરાય છે.

सुह्+अ+म=सुहमं=सूक्ष्+अ+म=सूक्षमम्—सूक्ष्मम्—બહુ નાનું

## स्नेह-अग्न्योः वा ॥८।२।१०२॥

स्नेह અને अग्नि શબ્દમાં स्न ની વચ્ચે અને ग्न ની વચ્ચે अ વિકલ્પે ઉમેરાય છે.

स्+अ+नेह=सणेहो, नेहो—स्नेहः—સ્નેહ

अग्+अ+नि=अगणी, अग्गी—अग्निः—આગ, અગ્નિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## प्लक्षे लात् ॥८।२।१०३॥

प्लक्ष शબ્દમાં લ ની પહેલાં અ ઉમેરાય છે.

प्+अ+लक्ष=पलक्खो–प्लक्ष:–પીંપળો.

## र्ह-श्री-ह्री-कृत्स्न-क्रिया-दिष्ट्यास्वित् ॥८।२।१०४॥

र्ह માં ह ની પહેલાં इ ઉમેરાય છે.

र्ह–अर्+इ+हा=अरिहा–अर्हन्–પૂજનીય દેવ

गर्+इ+हा=गरिहा–गर्हा–ગરહણ–નિંદા

बर्+इ+हो=बरिहो–बर्ह:–મોરનું પીંછું

તથા શ્રી ને બદલે सिरी, ह्री ને બદલે हिरी, ह्रीत: ને બદલે हिरीओ, कृत्स्न ને બદલે कसिणो, क्रिया ને બદલે किरिया થાય છે.

सिरी–श्री:–શોભા, લક્ષ્મી

हिरी–ह्री–લજ્જા

हिरीओ–ह्रीत:–લજ્જાશીલ–લજ્જાળુ

अहिरीओ–अह्रीक:–લજ્જા વગરનો–બેશરમ–ધૃષ્ટ

कसिणो–कृत्स्न:–સર્વ

किरिया–क्रिया–ક્રિયા–આચરણ

दिट्ठिआ–डिष्टया–હર્ષ, આનંદ, રાજીખુશી, ભાગ્યથી

શ્રી, ह्री વગેરે શબ્દો જે જે પ્રયોગમાં આવે ત્યાં બધે તેમનું અહીં જણાવેલું જ ઉચ્ચારણ પ્રાકૃત ભાષામાં થાય છે.

આર્ષ પ્રાકૃતમાં તો क्रिया ને બદલે किया ઉચ્ચારણ પણ થાય છે.

"हयं नाणं कियाहीणं"–આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૦૧ વિશેષાવ૦ ભા૦ ૧ સળંગ ગાથા ૧૧૫૬–हतं ज्ञानं क्रियाहीनम्–ક્રિયા ? આચરણ–વગરનું જ્ઞાન હણાયેલુ છે–નકામું છે.

दिट्ठिआ–दिष्ट्या–મંગલ, આનંદ, રાજીખુશી, ભાગ્યથી–આ અર્થનું સૂચક અવ્યય

## र्श-र्ष-तप्त-वज्रे वा ॥८।२।१०५॥

र्श માં અને र्ष માં र ની પહેલાં इ વિકલ્પે ઉમેરાય છે.

र्श–आदर्+इ+स=आयर्+इ+सो=आयरिसो, आयंसो–आदर्श:–આરસો–અરીસો–દર્પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुदरिसणो, सुदंसणो–सुदर्शनः–સુંદર, સારી રીતે જોવાલાયક, એક શીલ-વત ગૃહસ્થનું વિશેષ પ્રસિદ્ધ નામ છે–સુદર્શન શેઠ

दरिसणं, दंसणं–दर्शनम्–દર્શન–જોવાનું–જોણું

વૃ–वर्+इ+स=वरिसं, वास–વર્ષ–વરસ

वरिसा, वासा=वर्षा–વર્ષા–વરસાદ

वरिस–सयं, वास–सयं–वर्षशतम्–સો વર્ષ

ક્યાંય ક્યાંય इ નિત્ય પણ ઉમેરાય છે.

परामरिसो–परामर्शः–વિચાર

हरिसो–हर्षः–હર્ષ, આનંદ

अमरिसो–अमर्षः–ક્રોધ

तप्त ને બદલે तविअ તથા तत्त એવા બે પ્રયોગો થાય છે અને वज्र ને બદલે वजिर તથા वज्ज એવા બે પ્રયોગો થાય છે.

तप्+इ+त=तविअ–तविओ, तत्तो–तप्तः–તપેલો–ગરમ

वज्+इ+र=वजिर–वजिरं, वज्जं-वज्रम्–વજ્ર

## लात् ॥८।२।१०६॥

સંયુક્ત લ ની પહેલાં इ ઉમેરાય છે.

क्+इ+लिन्न–किलिन्नं-क्लिन्नम्–ભીનું હિંદીમાં–गिला

क्+इ+लिट्ठ–किलिट्ठं–क्लिष्टम्–ક્લિષ્ટ–ક્લેશવાળું

स्+इ+लिट्ठ–सिलिट्ठं–श्लिष्टम्–સુંદર. જોડેજોડે–પાસોપાસ

प्+इ+उट्ठ–पिलुट्ठं–प्लुष्टम्–બળેલું

प्+इ+लोस–पिलोसो–प्लोषः–દાહ

स+इ+लिम्ह–सिलिम्हो–श्लेष्मा–શ્લેષ્મન્–શ્લેષ્મ–સળેખમ

स+इ+लेस-सिलेसो–श्लेषः–આલિંગન

सुक्+इ+ल–सुकिलं, सुइलं–शुक्लम्–શુક્લ–શ્વેત–ધોળું–શુક્લ

स्+इ+लोअ–सिलोओ- श्लोकः–શ્લોક–યશ અથવા 'શ્લોક' નામનો છંદ

क्+इ+लेस- किलेसो–क्लेशः–ક્લેશ

अम्ब्+इ+ल–अम्बिलं–अम्बलम्–ખાટું

ग्+इ+लाइ–गिलाइ–ग्लायति–ગ્લાનિ પામે છે

ग्+इ+लाणं-गिलाणं–ग्लानम्–ગ્લાનિ–ઉદાસીનતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

म्+इ+लाणं–मिलाणं–म्लानम्–म्लानि–करमाई जवुं
क्+इ+लम्मइ–किलम्मइ–क्लाम्यति–खेद पामे छे, थाकी जाय छे-करमाय छे
क्+इ+लंतं–किलंतं–क्लान्तम्–थाकी गयेलुं
बहुल अधिकारने लीधे आ नियम कोई प्रयोगोमां लागतो पण नथी.
क्लम नुं किलम न थयुं पण कमो–क्लमः–खेद
प्लव नुं पिलव न थयुं पण पवो–प्लवः–पूर, उछळवुं–कूदको
विप्लव नुं विपिलव न थयुं पण विप्पवो–द्रोह–कजियो
'सुक्कपक्ख'ना सुक्कनुं सुक्किल न थयुं पण सुक्क–शुक्ल–श्वेत
उत्प्लावयति नुं उप्पिलावइ न थयुं पण उप्पावेइ–कुदावे छे.

## स्याद्–भव्य–चैत्य–चौर्यसमेषु यात् ॥८।२।१०७॥

स्यात्, भव्य अने चैत्य ए त्रणे शब्दोमां य नी पहेलां इ आवी जाय छे अने चौर्य शब्दमां तथा चौर्य जेवा र्य वाळा बीजा शब्दोमां र्यना य पहेलां इ उमेराय छे.

सिआ–(स्+इ+यात्=)स्यात्–थाय अथवा कोई अपेक्षाए
सिआवाओ–(स्+इ+आवाओ=) स्याद्वादः–स्याद्वाद–अनेकांतवाद अमुक एक अपेक्षाने ध्यानमां राखीने बोलवुं के विचारवुं
भवियो–(भव्+इ+यो=) भव्यः–सारो
चेतियं, चेइयं–(चेत्+इ+यम्=) चैत्यम्–चैत्य–चिता उपर चणेलुं स्मारक
चौर्यसम–चोरियं–(चोर्+इ+यम्=) चौर्यम्–चोरी
थरियं– (थेर्+इ+यं=) थरियं–स्थैर्यम्–स्थिरता
भारिआ–(=भार्+इ+आ=) जेणीनुं भरणपोषण करवुं ज पडे ते भार्या–भारजा–पत्नी
गंभीरिअं–गाम्भीर्यम्–गंभीरता
गहीरिअं–गाभीर्यम् ,,
आयरिओ–आचार्यः–आचार्य
सुंदरिअं–सौन्दर्यम्–सुंदरता
सोरिअं–शौर्यम्–शौर्य
वीरिअं–वीर्यम्–वीर्य–बळ–पराक्रम
वरिअं–वर्यम्–श्रेष्ठ
सूरिओ–सूर्यः–सूर्य
धीरिअं–धैर्यम्–धैर्य
बम्हचरिअं–ब्रह्मचर्यम्–ब्रह्मचर्य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वप्ने नात् ॥८।२।१०८॥

स्वप्न શબ્દમાં न् પહેલાં इ ઉમેરાય છે.

सिप्+इ+णो=सिविणो, सिविणो–स्वप्नः–સ્વપ્ન

આર્ષ પ્રાકૃતમાં सुविणो કે सुमिणो શબ્દ વપરાય છે.

## स्निग्धे वा अदितौ ॥८।२।१०९॥

સ્નિગ્ધ શબ્દમાં न् ની પહેલાં अ અને इ વિકલ્પે ઉમેરાય છે.

स्+अ+णिद्धं=सणिद्धं, स्+इ+णिद्धं=सिणिद्धं, કાંઈ ન ઉમેરાય ત્યારે– निद्धम्–स्निग्धम्–સ્નિગ્ધ–ચીકણું

---

गत् ।८।२।१०६। સૂત્રના અનુવાદમાં આપેલ अंबिलं શબ્દ ઉપરનું ટિપ્પણુ—

'ખાટો રસ' અર્થના સૂચક બે શબ્દો આ. હેમચંદ્રે પોતાના અભિ૦ ચિં૦ કોશના શિલોઞ્છમાં આપેલા છે.

"अम्लः अम्बलः" અર્થાત્ अम्ल અને अम्बल આ બે શબ્દો 'ખાટા' રસના વાચક છે.

'ખાટા રસ' અર્થના વાચક એવા ब् વગરના अम्ल શબ્દ દ્વારા अंबिल રૂપ ન સાધી શકાય માટે જ અહીં अम्बल શબ્દના 'ल'ની પૂર્વે इ ઉમેરવો જરૂરી છે પણ अम्ल શબ્દના लની પૂર્વે નહીં. अम्ल શબ્દના लની પૂર્વે इ ઉમેરવાથી કદી अंबिलं રૂપ નહીં સધાય પણ अमिलं રૂપ સધાશે જે બરાબર નથી. આચારઅંગ નામના પ્રથમ અંગરૂપ જૈન આગમમાં (શ્રી જંબૂવિ. સં.) પૃ. ૧૨૯ સૂત્ર ૩૬૯માં 'ખાટા' અર્થનો સૂચક अंबिल શબ્દ વપરાયેલ છે.

'આંબલી' શબ્દનો સંબંધ પણ પ્રસ્તુત अम्बल શબ્દ સાથે જ છે.

આચાર્ય હેમચંદ્રે ।।૮।૨।૫૬।। સૂત્રમાં દેશ્ય પ્રાકૃત ભાષાનો એક अम्बिर શબ્દ આપેલ છે. ર નો લ કરીને પણ એ अंबिर શબ્દ દ્વારા अंबिल શબ્દ સાધી શકાય પણ अंबिल નો 'ખાટો' અર્થ હોય તો જ એ શબ્દ अम्ल અર્થને સૂચવી શકે. આ સાધનામાં इ ઉમેરવાની જરૂર નથી.

આચાર્યે દેશીશબ્દસંગ્રહમાં પ્રથમ વર્ગ ગાથા પંદરમીમાં 'આંબા' અર્થનો સૂચક अंबिर શબ્દ આપેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कृष्णे वर्णे वा ॥८।२।११०॥

'કાળા રંગ'ના અર્થવાળા कृष्ण શબ્દમાં ण् ની પહેલાં अ અને इ વિકલ્પે ઉમેરાય છે.

कस्+अ+णो=कसणो, कस्+इ+णो=कसिणो, कण्हो–कृष्णः–કાળો।

જ્યાં कृष्ण શબ્દ વિષ્ણુનો વાચક હોય ત્યાં એકલું कण्हो રૂપ જ થાય.

कण्हो–कृष्णः–કાન–કાનજી–કાનગોપી

## उत् च अर्हति ॥८।२।१११॥

अर्हत् શબ્દમાં ह પહેલાં अ, इ અને उ ઉમેરાય છે,

अर्हत्–अर्+अ+हो=अरहो, अर्+इ+हो=अरिहो, अर्+उ+हो=अरुहो–अर्हन्–પૂજનીય

अर्+अ+हंतो=अरहंतो, अर्+इ+हंतो=अरिहंतो, अर्+उ+हंतो=अरुहंतो–अर्हन्–પૂજનીય

## पद्म–छद्म–मूर्ख–द्वारे वा ॥८।२।११२॥

पद्म, छद्म અને द्वार શબ્દમાં द् પછી उ વિકલ્પે ઉમેરાય છે અને मूर्ख શબ્દમાં र् પછી उ વિકલ્પે ઉમેરાય છે.

पद्+उ=मं–पदुमं, पोम्मं–पद्मम्–કમળ

छद्+उ+मं–छदुमं, छम्मं–छद्म–છળકપટ

मुर+उ+क्खो–मुरुक्खो–मुक्खो–मूर्खः–મૂરખ

द्+उ+वारं–दुवारं, बारं, देरं, दारं–द्वारम्–બારણું

## तन्वीतुल्येषु ॥८।२।११३॥

ગુણવાચક उ કારાંત શબ્દને નારીજાતિમાં ई (२।४।३५) પ્રત્યય લાગે છે, આથી तनु નું तन्वी, लघु નું लघ्वी અને गुरु નું गुर्वी વગેરે શબ્દો બને છે આ બધા શબ્દો तन्वी તુલ્ય કહેવાય. આ શબ્દોમાં સંયુક્ત અક્ષરની વચ્ચે उ ઉમેરાઈ જાય છે એટલે न्, घ्, र्, ह्, द् વગેરેની પહેલાં उ ઉમેરાય છે અને એ શબ્દોનાં तणुवी વગેરે રૂપો બને છે.

तन्+उ+वी=तनुवी, तणुवी–तन्वी–પાતળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लघ्+उ+वी=लघुवी, लहुवी–लघ्वी–નાની
गुर्+उ+वी=गुरुवी–गुर्वी–ગરવી, ભારે
बहु+उ+वी=बहुवी–बह्वी–ઘણી
पुह्+उ+वी=पुहुवी–पृथ्वी–પહોળી
मृद्+उ+वी=मदुवी અથવા मउवी मृद्वी–નરમ

બહુલંને લીધે જે શબ્દ तन्वी તુલ્ય નથી તેમાં પણ उ ઉમેરાઈ જાય છે.

सर्+उ+ग्घ=सुरुग्घं–स्रुघ्नम्–કોઈ પ્રદેશનું નામ છે.
આર્ષ પ્રાકૃતમાં सूक्ष्म શબ્દમાં પણ उ ઉમેરાય છે.
सुख्+उ+म=सुखुमं–सुहुमं–सूक्ष्मम्–સૂક્ષ્મ–નાનું

## एकस्वरे श्वः–स्वे ॥८।२।११४॥

એક સ્વરવાળા પદરૂપ श्वस् અને स्व શબ્દમાં व् ની પહેલાં उ ઉમેરાય છે.

श्–उ–वे–शुवे–सुवे कयं–श्वः कृतम् આવતી કાલે કરવાનું
स्–उ–वे–सुवे–स्वे–પોતાના
सुवे जणा–स्वे जनाः–પોતાના માણસો

સમાસમાં स्वजन શબ્દ ત્રણ સ્વરવાળા પદરૂપ છે એટલે અહીં स्व નો सुवे થાય. स्वजनः–सयणो.

## ज्यायाम् ईत् ॥८।२।११५॥

ज्या શબ્દમાં ज् સાથે જોડાયેલા य ની પહેલાં ई આવી જાય છે.

ज्+ई+या=जीया, जीआ–ज्या–ધનુષ્‌ની દોરી

સંસ્કૃત ભાષામાં ज्या નો પર્યાય जीवा શબ્દ છે જ અને जीवा શબ્દ દ્વારા आ કે जीया રૂપ સાધી શકાય છે.

### વ્યત્યયવિધાન

૮।૨।૧૧૬મા સૂત્રથી લઈને ૮।૨।૧૨૪મા સૂત્ર સુધી વર્ણના સ્થાનપરિવર્તનનું-નિ બદલવાનું–વિધાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## करेणू-वाराणस्योः र-णोर्व्यत्ययः ॥८।२।११६॥

करेणू અને वाराणसी શબ્દોમાં र् અને ण् નો વ્યત્યય કરવો—ઊલટો ઉચ્ચાર કરવો એટલે પહેલાં ण બોલવો અને તે પછી र બોલવો, એમ સ્થાનપરિવર્તન કરવું.

कणेरू—करेणूः—હાથણી

वाणारसी—वाराणसी—વર્તમાનમાં 'બનારસ' નામનું નગર—કાશી

સૂત્રમાં करेणू શબ્દ દીર્ઘ ઊકારાંત હોઈ અહીં સ્ત્રીલિંગી શબ્દને લેવાનું વિહિત છે માટે પુંલિંગી करेणु શબ્દને આ નિયમ ન લાગે.

एसो करेणू—આ હાથી. આ પ્રયોગમાં कणेरू ન થાય

## आलाने ल-नोः ॥८।२।११७॥

आलान શબ્દમાં ल् અને न् નાં સ્થાન બદલી નાખવાં.

आणालो—आलानः—હાથીને બાંધવાનો ખીલો—આલાન

आणालक्खंभो—आलानस्तम्भः—હાથીને બાંધવાનો થાંભલો

## अचलपुरे च-लोः ॥८।२।११८॥

अचलपुर શબ્દમાં च् અને ल् નું સ્થાન બદલી નાખવું.

अलचपुरं—अचलपुरम्—અચલપુર એ નામનું મહારાષ્ટ્રમાં આવેલ નગર

## महाराष्ट्रे ह-रोः ॥८।२।११९॥

महाराष्ट्र શબ્દમાં ह् અને र् નું સ્થાન બદલી નાખવું.

मरहट्ठं—महाराष्ट्रम्—મહારાષ્ટ્ર એ દેશનું નામ છે—મહાર જાતિનું રાષ્ટ્ર.

મૂળ પ્રાચીન શબ્દ मरहट्ठ છે, પંડિતોએ આ શબ્દને महाराष्ट्र શબ્દ સાથે સરખાવવાની કલ્પના કરેલ છે અને એ માટે र અને ह નો વ્યત્યય કરવાનું વિધાન કરેલ છે. મારા વિચાર પ્રમાણે તો मरहट्ठ શબ્દનું સામ્ય બીજા કોઈ જૂના શબ્દ સાથે હોવું જોઈએ પણ महाराष्ट्र સાથે નહીં.

'ગુજરાત' શબ્દનો આદિનો गुज्जर શબ્દ જેમ જાતિવાચક હોઈ 'ગુજ્જર' પ્રજાનો સૂચક છે તેમ मरुहरट्ठ કે मरहरट्ठ એવો શબ્દ કલ્પી શકવામાં ઐતિહાસિક વાંધો ન આવતો હોય તો मरहरट्ठ કે मरुहरट्ठ નો मर કે मरु શબ્દ કોઈ જાતિવાચક હોઈ શકે, मरहरट्ठ કે मरुहरट्ठ નું જ महरट्ठ ઉચ્ચારણ હોઈ શકે. આ અંગે પંડિતો અને ઐતિહાસિકો જરૂર વિચારે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## ह्रदे ह-दोः ॥८।२।१२०॥

ह्रद શબ્દમાં ह અને द નું સ્થાન બદલી નાખવું.

द्रहो—ह्रदः—પાણીનો ધરો

આર્ષ પ્રાકૃતમાં ह्रदને બદલે हरद થયા પછી हरअ થાય છે.

हरऐ महपुंडरीऐ—મહાપુંડરીક નામના ધરામાં

## हरिताले र-लोः न वा ॥८।२।१२१॥

हरिताल શબ્દમાં हरि ના र નો અને ताल ના लનો વિકલ્પે વ્યત્યય થાય છે. એટલે र નું સ્થાન વિકલ્પે ल લે છે અને ल નું સ્થાન વિકલ્પે र લે છે.

हलिआरो, हरिआलो—हरितालः—હરતાલ

જૂની પ્રાચીન કે અર્વાચીન હસ્તલિખિત પોથીઓમાં લખેલા અક્ષરો ખોટા જણાય તો તેને ચેકી નાખવા સારુ 'હરતાલ' નામનું દ્રવ્ય વપરાય છે, વળી જ્યારે ભવાયા ભવાઈ કરે છે ત્યારે આ પીળા અને ચકચકતા પદાર્થને વાટીને મોઢા ઉપર લગાડે છે જેથી રાત્રે મોઢું ચકચકિત દેખાય છે.

## लघुके ल-होः ॥८।२।१२२॥

लघुक શબ્દમાં घ નો ह થયા પછી ल અને ह નો વિકલ્પે વ્યત્યય થઈ જાય છે.

हलुअं, लहुअं—लघुकम्—હળવું, લઘુ—નાનું

પ્રશ્ન—लघुक શબ્દમાં સૂત્રકાર કહે છે કે, ल અને ह નો સ્થાન બદલો કરવો, પણ શબ્દમાં ह નથી તેનું શુ ? ખરી રીતે સૂત્રમાં लघोः કર્યું હોત તો ल અને घ નો સ્થાન બદલો થાત. જેમ—घलुअं—लहुअं પણ આચાર્યને તો हलुअं રૂપ ઇષ્ટ છે, घलुअं ઇષ્ટ નથી. આદિમાં घ આવવાથી ह થાય કેવી રીતે ?

ઉત્તર—કોઈ પ્રયોગમાં 'આદિમાં પણ घ નો ह થઈ જાય' એમ જણાવવા માટે સૂત્રમાં 'ल-होः' એવું વિધાન કર્યું છે. અથવા लघुक ના घ નો પહેલાં 'ह' કરીને लहुअ બનાવવું અને પછી જ આ નિયમ લગાડવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ललाटे ल-डोः ॥८।२।१२३॥

ललाट શબ્દમાં બીજા ल નો અને છેલ્લા ड નો સ્થાનબદલો વિકલ્પે કરવો.

णलाडं-ललाटं-ललाटम्-લલાટ.

૮।૧।૨૫૭ સૂત્ર દ્વારા ललाट શબ્દના આદિના ल ને સ્થાને ण નું વિધાન કરેલું છે તેથી અહીં બીજા ल् અને इ નો સ્થાન બદલો કરવાનો છે, પહેલાના ल નો નહીં.

## ह्ये ह्योः ॥८।२।१२४॥

ह्य શબ્દમાં ह કાર અને य કારનો સ્થાન બદલો વિકલ્પે કરવો.

गुय्हं, गुज्झं-गुह्यम्-ગુહ્ય, ગુંજું, ગુપ્ત

सय्हो, सज्झो-सह्यः-સહ્ય-સહન કરવા યોગ્ય અથવા દક્ષિણ પ્રદેશમાં આવેલો 'સહ્યાદ્રિ' નામનો મોટો પર્વત

### આદેશ વિધાન

## स्तोकस्य थोक्क-थोव-थेवाः ॥८।२।१२५॥

स्तोक શબ્દને બદલે थोक्क, थोव અને थेव શબ્દો વિકલ્પે વાપરવા.

थोक्कं, थोवं, थेवं, थोअं-स्तोकम्-થોડું અથવા થોક-થોકડો-સમૂહ

## दुहितृ-भगिन्योः धूआ-बहिण्यौ ॥८।२।१२६॥

दुहितृ ને બદલે વિકલ્પે धूआ વાપરવું અને भगिनी ને બદલે बहिणी વિકલ્પે વાપરવું.

धूआ, दुहिआ-दुहिता-દીકરી-પેટની છોકરી

बहिणी, भइणी-भगिनी-બહેન, બહેણી-બેની, ભેન, બેનાં, બોન, ભેણી.

भगिनीपति ને બદલે બનેવી અથવા બહનોઈ.

भगिनी શબ્દમાં આદિમાં જે भ् છે તેમાં ब् અને ह એમ બે વ્યંજનો મળેલા છે. ब् અને ह् મળીને भ નું સર્જન થયેલ છે એટલે જેમ क्ष, क् અને ष નો બનેલો છે તેમ भ પણ ब् અને ह નો બનેલો છે એટલે સંયુક્ત વ્યંજન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકલો મ જ નહીં પણ ઘ, झ, ढ, ध અને भ એ પાંચે સંયુક્ત વ્યંજનો છે. घ માં ग् અને ह, झ માં ज् અને ह, ढ માં ड् અને ह, ध માં द् અને ह તથા भ માં ब् તથા ह ભળેલા છે એટલે घ, झ, ढ, ध તથા भ એ પાંચે સંયુક્ત વ્યંજનો છે.

જે લોકો અંગ્રેજી મૂળાક્ષરો જાણે છે તેઓ घ, झ, ढ, ध તથા भ વ્યંજનો શી રીતે બનેલા છે તે બરાબર સમજી શકે છે.

આ પ્રકારે જ ख, छ, ठ, थ અને फ એ પાંચે પણ સંયુક્ત વ્યંજનો જ છે ख માં क् અને ह, छ માં च् અને ह, ठ માં ट् અને ह, थ માં त અને ह તથા फ માં प् અને ह ભળેલા છે એથી ख, छ, ठ, थ અને फ એ પાંચે અઘોષ અક્ષરો પણ સંયુક્ત વ્યંજનો જ છે.

## वृक्ष–क्षिप्तयोः रुक्ख–छूढौ ॥८।२।१२७॥

वृक्ष શબ્દને બદલે रुक्ख શબ્દ વિકલ્પે વાપરવો તથા क्षिप्त શબ્દને બદલે छूढ શબ્દ વિકલ્પે વાપરવો.

रुक्खो, वच्छो–वृक्षः–વૃક્ષ–ઝાડ

सर्वत्र ल–ब–राम् अवन्द्रे ॥८।२।७९॥ નિયમથી वृक्ष ની આદિનો 'व' લોપાયા પછી ऋक्ष–रुक्ख આપોઆપ થઈ જાય છે

छूढं, खित्तं–क्षिप्तम्–ફેંકેલું

उच्छूढं, उक्खित्तं–उत्क्षिप्तम्–ઉપર ફેંકેલું–ઉપર છોડેલું

## वनितायाः विलया ॥८।२।१२८॥

वनिता શબ્દને વિકલ્પે विलया બનાવવો.

विलया, वणिआ–वनिता–સ્ત્રી. 'वनिता' ના 'न' ના 'इ'ને 'व' સાથે જોડવાથી અને 'न'નો ल ઉચ્ચારવાથી विलया થઈ જાય છે.

કેટલાક વૈયાકરણો કહે છે કે विलया શબ્દ સંસ્કૃતમાં પણ વપરાય છે.

## गौणस्य ईषतः कूरः ॥८।२।१२९॥

જ્યાં ઈષત્ શબ્દ ગૌણ હોય ત્યાં તેનો कूर આદેશ વિકલ્પે કરવો.

ईसिपिक्का, कूरपिक्का–ईषत्पक्वा–થોડી પાકેલી

चिंच व्व कूरपिक्का–चिञ्चा इव ईषत्पक्वा–આંબલીની પેઠે થોડી પાકેલી, कूर ન થાય ત્યારે चिंच व्व ईसिपिक्का પણ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्त्रियाः इत्थी ॥८।२।१३०॥

स्त्री શબ્દને બદલે इत्थी શબ્દ વિકલ્પે વાપરવો.

इत्थी, थी–स्त्री–સ્ત્રી.

स्त्री–स्ती–थी. इ આગળ જોડવાથી इत्थी. ઘણા બોલનારા સ્વરની સહાયતા વિના સંયુક્ત અક્ષરનું ઉચ્ચારણ કરી શકતા નથી. તેથી स्त्री ને બદલે इत्थी બોલે છે. એ રીતે इस्त्री શબ્દનું इत्थी થયેલ છે.

## धृतेर्दिहिः ॥८।२।१३१॥

धृति શબ્દને બદલે दिहि વિકલ્પે વાપરવો.

धृति શબ્દમાં જે ઘ છે તેમાં द અને ह સમાયેલા જ છે.

धिई, दिही–धृतिः–ધૈર્ય

## मार्जारस्य मञ्जर–वञ्जरौ ॥८।२।१३२॥

मार्जार શબ્દને બદલે मञ्जर અને वञ्जर એવા બે શબ્દો વિકલ્પે બોલાય છે.

मंजरो, वंजरो, मंजारो ॥८।१।२६॥ मज्जारो, मार्जारः–માંજરો–બિલાડો. નારીજાતિ—

मञ्जरी, वञ्जरी, मंजारी, मज्जारी, मार्जारी–માંજરી બિલાડી

## वैडूर्यस्य वेरुलिअं ॥८।२।१३३॥

वैडूर्य શબ્દને બદલે वेरुलिअ વિકલ્પે વાપરવો.

वेरुलिअ, वेडुज्जं–वैडूर्यम्–'विदूर' નામના પર્વતમાં થનાર 'વૈડૂર્ય' રત્ન

## एण्हि एत्ताहे इदानीमः ॥८।२।१३४॥

इदानीम् શબ્દને બદલે एण्हि અને एत्ताहे એવા બે શબ્દો વિકલ્પે વાપરવા.

इआणिं, एण्हि, एत्ताहे–इदानीम्–હમણાં–ચાલુ કાળમાં

इदानीम् ના नी ના હ્રસ્વ नि માટે ॥८।१।१०१॥ સૂત્ર જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पूर्वस्य पुरिमः ॥८।२।१३५॥

पूर्व शब्दने બદલે पुरिम શબ્દ વિકલ્પે વાપરવો.

पुरिमं, पुव्वं–पूर्वम्–પૂર્વનું. पुरा भवम् पुरिमम् पुरा+इमं=पुरिमम्–પહેલાંનું

આ રીતે पुरा શબ્દ દ્વારા पुरिम શબ્દ સાધી શકાય છે.

'पुरिम–चरिमाण कप्पो' પૂર્વના તીર્થંકરના અને ચરમ–છેલ્લા તીર્થંકરના સાધુઓનો આચાર.

## त्रस्तस्य हित्थ–तट्ठौ ॥८।२।१३६॥

त्रस्त શબ્દને બદલે हित्थ અને तट्ठ શબ્દો વિકલ્પે વાપરવા.

हित्थं, तट्ठं, तत्थं–त्रस्तम्–ત્રાસ પામેલ–પીડાયેલ. तत्थं–त्राठुं

## बृहस्पतौ बहो भयः ॥८।२।१३७॥

बृहस्पति શબ્દના बृह–बह એવા બે વ્યંજનને બદલે भय એવા બે વ્યંજનોનો ઉચ્ચાર કરવો.

भयस्सई, भयप्फई, बृहस्पतिः, દેવોનો ગુરુ, બ્રસ્પતવાર, ગુરુવાર

भय ન થાય ત્યારે–बहस्सई, बहप्फई, बहप्पई, बिहस्सई, बिहप्फई, बिहप्पई, बुहस्सई, बुहप्फई, बुहप्पई–बृहस्पतिः–જુઓ ૮।૧।૧૩૮

## मलिन–उभय–शुक्ति–छुप्त–आरब्ध–पदातेः मइल–अवह–सिप्पि–छिक्क–आढत्त–पाइक्कं ॥८।२।१३८॥

मलिन ने બદલે मइल, उभय ने બદલે अवह, शुक्ति ने બદલે सिप्पि, छुप्त ને બદલે छिक्क, आरब्ध ને બદલે आढत्त અને पदाति ને બદલે पाइक्क ઉચ્ચારણ વિકલ્પે કરવું.

मइलं, मलिणं–मलिनम्–મલિન–મેલું

अवहं, उभयं–उभयम्–બન્ને–જોડી કે જોડું

अवहोआसं–उभयावकासं–उभयावकाशम्–બે બાજુ અવકાશવાળું

अवहबलं–उभयबलं–उभयबलम्–બે બાજુનું બળ કે બે બાજુના બળવાળું

सिप्पी, सुत्ती–शुक्तिः– છીપ

छिक्को, छुत्तो–छुप्तः–સ્પર્શેલો–છુએલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आढत्तो, आरद्धो—आरब्धः—આરંભેલો—શરૂ કરેલો

पाइक्कं, पयाई—पदातिः—પાયગા, પદાતિ

ખરી રીતે पदातिकम् શબ્દ દ્વારા पदाइक्कं—पाइक्कं શબ્દ સાધવો સુગમ છે. કેટલાક વૈયાકરણો उभय ને બદલે अवह ન કરતાં उवह કરે છે. આર્ષ પ્રાકૃતમાં उभयोकालं-બન્ને કાળ—એવો પ્રયોગ થાય છે.

## दंष्ट्रायाः दाढा ॥८।२।१३९॥

दंष्ट्रा શબ્દને બદલે दाढा શબ્દ વાપરવો.

दाढा—दंष्ट्रा—દાઢ

આ दाढा શબ્દ સંસ્કૃત ભાષામાં પણ છે.

"दाढिका"—अमर० क्षीर० "दाढिका दंष्ट्रिका दंष्ट्रा" अभिधा० મર્ત્ય કાંડ.

## बहिसो बाहिं—बाहिरौ ॥८।२।१४०॥

बहिस् શબ્દને બદલે बाहिं અને बाहिर એવા બે શબ્દો વારાફરતી વાપરવા.

बाहिं, बाहिरं—बहिः—બહાર

## अधसः हेट्ठं ॥८।२।१४१॥

अधस् શબ્દને બદલે हेट्ठं શબ્દ વાપરવો.

हेट्ठं—अधः—હેઠળ—નીચે

अधःस्थम् દ્વારા अहट्ठं—हेट्ठं—સાધવું સુગમ છે.

## मातृ—पितुः स्वसुः सिआ—छौ ॥ ८।२।१४२॥

मातृष्वसा ને બદલે माउसिआ અને माउच्छा શબ્દો વાપરવા તથા पितृष्वसाને બદલે पिउसिआ અને पिउच्छा શબ્દો વાપરવા.

माउसिआ, माउच्छा—मातृष्वसा—માતાની બહેન—માસી

पिउसिआ, पिउच्छा—पितृष्वसा—પિતાની બહેન—ફોઈ કે ફુઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तिर्यचः तिरिच्छिः ॥८।२।१४३॥

तिर्यक् શબ્દને બદલે तिरिच्छि શબ્દ વાપરવો.

तिरिच्छि पेच्छइ-तिर्यक् प्रेक्षते-આડું જુએ છે.

આર્ષ પ્રાકૃતમાં तिर्यक् શબ્દને બદલે तिरिआ શબ્દ વપરાય છે.

## गृहस्य घरः अपतौ ॥८।२।१४४॥

गृहपति શબ્દ સિવાય બીજે જ્યાં એકલો કે પૂર્વપદમાં કે ઉત્તરપદમાં गृह શબ્દ આવ્યો તો તે गृह શબ્દને બદલે घर શબ્દ વાપરવો.

घरो-गृहः-ગૃહ-ઘર

घरसामी-गृहस्वामी-ઘરનો સ્વામી

रायहरं-राजगृहम्-રાજવીનું ઘર-મહેલ અથવા રાજગૃહ નામનું નગર

गहवई-गृहपतिः-ઘરનો પતિ.—આ પ્રયોગમાં गृहपति શબ્દ હોવાથી गृह નું घर ન બોલાય એટલે घरवई ન બોલાય પણ गहवई બોલાય.

આર્ષ પ્રાકૃતમાં रायगिहे नगरे होत्था-રાજગૃહ નગર હતું-એમાં घर થતું નથી.

### કૃદંત-પ્રકરણ

'कर्ता' વગેરે અર્થના સૂચક જુદા જુદા પ્રત્યયો, ધાતુઓને લગાડવામાં આવે છે ત્યારે તે પ્રત્યયોવાળો શબ્દ 'નામ' રૂપ બને છે. ધાતુઓને નામ બનાવવા સારુ જે જે પ્રત્યયો લગાડવામાં આવે છે તે તે પ્રત્યયોને 'કૃત્' પ્રત્યયો કહેવામાં આવે છે. આ 'કૃત્' પ્રત્યય જેમને છેડે લાગેલો હોય છે તેવા ધાતુઓનાં રૂપને કૃત્-અંત-કૃદંત-નામે ઓળખવામાં આવે છે, તેવાં કૃદંત નામોની સાધના માટેના પ્રકરણનું નામ કૃદંત પ્રકરણ છે.

આ. હેમચંદ્રે રચેલા 'સિદ્ધહેમચંદ્ર' નામના સંસ્કૃત વ્યાકરણમાં આ કૃદંત પ્રકરણ માટે આખો પાંચમો અધ્યાય છે. આ પાંચમા અધ્યાયના બીજા પાદના સૂત્ર ૨૭ માથી ૮૩મા સૂત્ર સુધીમાં જે જે કૃદંતના પ્રત્યયો જણાવેલા છે તે તમામ પ્રત્યયોનો ઉપયોગ પ્રસ્તુત ॥૮।૨।૧૪૫॥ સૂત્રમાં કરેલો છે.

॥૮।૨।૧૪૫॥ સૂત્રમાં જણાવેલા 'શીલ', 'ધર્મ' અને 'સાધુ' એ ત્રણે અર્થોને સૂચવનાર, બધા મળીને જે સત્યાવીશ (૨૭) પ્રત્યયો છે તે બધા, ઉદાહરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે આ નીચે બતાવેલા છે :

| પ્રત્યય | ઉદાહરણ |
|---|---|
| १. तृ– | कर्तृ–કરવાના શીલવાળો |
| २. इष्णु– | चरिष्णु–ચરવાના શીલવાળો |
| ३. ष्णु– | जिष्णु–જય મેળવવાના શીલવાળો |
| ४. स्नु– | स्थास्नु–સ્થિર રહેવાના શીલવાળો |
| ५. क्नु– | क्षिप्नु–ફેંકવાના શીલવાળો |
| ६. उ– | लिप्सु- લાભ મેળવવાના શીલવાળો |
| ७ आरु– | वन्दारु–વંદન કરવાના શીલવાળો |
| ८. रु– | धारु–ધાવવાના શીલવાળો |
| ९. आलु– | श्रद्धालु–શ્રદ્ધા રાખવાના શીલવાળો |
| १०. इ– | पापति–પડવાના શીલવાળો |
| ११. उक– | भावुक–થવાના શીલવાળો |
| १२. अन– | कोपन–કોપ કરવાના શીલવાળો |
| १३. ऊक– | वावदूक–બડબડ કરવાના શીલવાળો–બડબડિયો |
| १४. इन्– | शर्मी–શાંતિના શીલવાળો |
| १५. अक– | क्षेपक–ફેંકવાના શીલવાળો |
| १६. आक– | वराक–સંસેવા કરવાના શીલવાળો |
| १७. इन्– | जयी–જીતવાના શીલવાળો |
| १८. मर– | घस्मर–ખાવાના શીલવાળો |
| १९. उर– | विदुर–જાણવાના શીલવાળો |
| २०. रु– | भीरु–બીવાના શીલવાળો |
| २१. रुक– | भीरुक– ,, ,, |
| २२. लुक– | भीलुक– ,, ,, |
| २३. त्वर– | जित्वर–જીતવાના શીલવાળો |
| २४. र– | नम्र–નમવાના શીલવાળો |
| २५. नज्– | स्वप्नक्–સૂવાના–શીલવાળો |
| २६. वर– | ईश्वर– ઐશ્વર્યના શીલવાળો |
| २७. क्विप्– | धी–ધી–બુદ્ધિ |

આ ૨૭ પ્રત્યયો 'શીલ', 'ધર્મ' અને 'સાધુ' અર્થના સૂચક છે. આ સત્તાવીશે પ્રત્યયોને બદલે પ્રાકૃત ભાષામાં इर પ્રત્યય વપરાય છે. એ હકીકત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચવવા સારુ આ. હેમચંદ્ર કહે છે કે,

## शीलाद्यर्थस्य इरः ॥८।२।१४५॥

'શીલ', 'ધર્મ', અને 'સાધુ' એ ત્રણ અર્થને સૂચવનારા ઉપર જણાવેલા સત્તાવીશ પ્રત્યયો સંસ્કૃતમાં છે. એ સત્તાવીશે પ્રત્યયોને બદલે પ્રાકૃતભાષામાં માત્ર એક इर પ્રત્યય વપરાય છે.

ધાતુ માત્રને 'શીલ' અર્થને બતાવવા इर પ્રત્યય લાગે છે.
,, 'ધર્મ' ,, ,, ,, ,,
,, 'સાધુ' ,, ,, ,, ,,

શીલ એટલે સ્વભાવ. જેમકે કોઈનો 'હસ હસ' કરવાનો સ્વભાવ હોય છે.

ધર્મ એટલે પોતાના કુળનો, પોતાના ગોત્રનો, કે પોતાની નાતજાતનો અથવા પોતાના કુટુંબનો આચાર-રિવાજ.

સાધુ એટલે સારી રીતે ક્રિયા કરવાની પ્રવૃત્તિ.

ધાતુનો પોતાનો જે અર્થ હોય તે તો કાયમ રહે છે. પણ જ્યારે ધાતુના અર્થ સાથે 'શીલ'નો અર્થ જોડાયો હોય, 'ધર્મ'નો અર્થ જોડાયો હોય અને 'સારી ક્રિયા કરવાનો' અર્થ જોડાયો હોય ત્યારે इर પ્રત્યય ધાતુ માત્રને લગાડવાનો છે. જેમકે ધાતુ—

(૧) हस्—હસ હસ કરવાના શીલવાળો—સ્વભાવવાળો—જે હોય તે हसिर—हसिरो (પ્રથમા એકવચન) કહેવાય.
हस्+इर=हसिर—हसिरो

(૨) नम—નમન કરવાના શીલવાળો જે હોય તે नम्+इर—नमिर—नमिरो (પ્રથમા એક વ૦) કહેવાય.

(૩) रु—रोव्—રોવાના સ્વભાવવાળો—વારે ઘડીએ 'રો રો' કરનારો—રોતલ હોય તે रोव्+इर=रोविर—રોવિરો (પ્રથ. એક વ.) કહેવાય.

(૪) लज्ज्—જે સ્વભાવે લજ્જાળુ હોય તે-શરમાળ હોય તે लज्ज्+इर—लज्जिर—लज्जिरो

(૫) સં૦ जल्प्—जंप्—જે સ્વભાવે બોલ બોલ કરનારો હોય તે—जम्प+इर—जंपिर—जंपिरो-બોલ બોલ કરનારો—બોલકણો

(૬) સં૦ वेप्—वेव्—જે કંપવાના—ધ્રુજવાના સ્વભાવવાળો હોય—વારે વારે કંપ્યા કરતો હોય તે—वेव्—इर—वेविर—વેવિરો—ધ્રુજ્યા કરનારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) સં૦ भ्रम्–भम्—જે ભમવાના–આથડવાના–સ્વભાવવાળો હોય તે–भम्+इर–भमिर–भमिरो–ભમનારો–રખડનારો–આથડયા કરનારો

(૮) સં૦ उत्+श्वस्–उच्छ्वस्–જેને ઉચ્છ્વાસ લેવાની ટેવ હોય–સ્વભાવ હોય–તે ऊससूइ+र—ऊससिर–ऊससिरो–ઉચ્છ્વાસ લેનારો

આ રીતે દરેક ધાતુને इर પ્રત્યય લગાડીને રૂપો સાધી લેવાં.

અહીં માત્ર 'શીલ' અર્થના ઉદાહરણો આપેલ છે, પણ તે ઉદાહરણો પ્રમાણે 'ધર્મ' તથા 'સાધુ' અર્થના પણ ઉદાહરણો સમજી લેવાં.

જેમકે

'ધર્મ'–હસવાના ધર્મવાળો–हसिरो

'સાધુ' સારું સારું બોલનારો वदिरो–(वद्+इर–वदिर)

કેટલાક વ્યાકરણકારો ઉપર જણાવેલા તમામ પ્રત્યયોને બદલે 'इर' નથી વાપરતા પણ માત્ર तृन् પ્રત્યયને બદલે 'इर' વાપરવાનું કહે છે.

તેમના મતમાં ઉપર જણાવેલા બધા પ્રત્યયોને બદલે इर ન વપરાય. માત્ર એક तृ પ્રત્યયને બદલે જ इर વપરાય અર્થાત્ તેમને મતે—

चरिष्णु નું चरिर રૂપ ન થાય.

भावुक નું भाविर ,,

भीरु નું बीहिर ,,

ईश्वर નું ईसिर ,,

नम्र નું नमिर ,,

## क्त्वः तुम्-अत्-तूण-तुआणाः ॥८।२।१४६॥

સંબંધક ભૂતકૃદંતના અર્થ સૂચક સંસ્કૃતના क्त्वा પ્રત્યયને બદલે तुम्, अ (अत्), तूण, ऊण, तुआण, उआण પ્રત્યયો વાપરવા એટલે ધાતુમાત્રને આ પ્રત્યયો લગાડવા.

तुम्—दृश्+तुम्=दट्ठुं–दृष्ट्वा–જોઈને

मोच्+तुम्=मोत्तुं–मुक्त्वा–મૂકીને–છોડીને

अ—भम्+अ=भम्+इ+अ=भमिअ–भ्रान्त्वा–ભમીને–ભ્રમણ કરીને

रम्+अ=रम्+इ+अ=रमिअ- रन्त्वा-રમીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तूण—घेत्+तूण=घेत्तूण-गृहीत्वा-ગ્રહણ કરીને

कृ+तूण=का+तूण=काऊण-कृत्वा-કરીને

આ સ્થળે तूण નો त લોપાઈ ગયો છે.

तुआण—भेद्+तुआण=भेत्तुआण-भित्त्वा-ભેદીને

सु+उआण=सोउआण-श्रुत्वा-સાંભળીને

'वंदित्तु सव्वसिद्धे' 'वंदित्ता' સૂત્રની પ્રથમ ગાથામાં वंदित्तु રૂપ આવે છે. આ આર્ષ રૂપ છે માટે તેના तुम् ના म् નો લોપ થઈ ગયો છે.

वंद+इत्तुम् वंदित्तुं. वंदित्त-वन्दित्वा-વાંદીને

वन्दित्वा એવા સિદ્ધ સંસ્કૃત રૂપ ઉપરથી પણ त्वा ના व નો લોપ કરીને પ્રાકૃતમાં वंदित्ता રૂપ બની શકે છે.

એ જ રીતે कृत्वा રૂપને બદલે આર્ષ પ્રાકૃતમાં कट्टुं રૂપ થાય છે. कट्टुं રૂપના અનુસ્વારનો લોપ કરવાથી कट्टु રૂપ પણ બને છે.

## તદ્ધિત પ્રકરણ

## इदमर्थस्य केरः ॥८।२।१४७॥

સંસ્કૃતમાં 'તેનું આ' એવા અર્થમાં આવતા પ્રત્યયને इदमर्थ કહે છે. એ इदमर्थ ને સૂચવવા ईय વગેરે પ્રત્યયોનુ વિધાન કરેલું છે. તે इदमर्थ ईय વગેરે પ્રત્યયોને બદલે પ્રાકૃતમાં केर પ્રત્યય વાપરવો.

युष्मद्+ईय-युष्म+केर-तुम्हकेरो-તમારો

अस्मद्+ईय-अस्म+केर-अम्हकेरो-અમારો

બહુલં અધિકારને લીધે આ નિયમ બધે લાગતો નથી, કેમકે मदीय ને બદલે मईय થાય છે.

એ જ પ્રમાણે पाणिनीय ને બદલે पाणिणीअ થાય છે. અર્થાત્ 'मईय' અને 'पाणिणीअ' શબ્દોમાં ईय પ્રત્યય કાયમ રહે છે.

मईअपक्खे-मदीयपक्षे-મારા પક્ષમાં

पाणिणीआ-पाणिनीया:-પાણિનિના મતને માનનારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पर-राजभ्यां क्क-डिक्कौ च ॥८।२।१४८॥

पर शब्द पछी आवता इदमर्थ प्रत्ययने बदले क्क अने केर प्रत्ययो वापरवा, तथा राजन् शब्द पछी आवता इदमर्थ प्रत्ययने बदले इक्क (डिक्क) अने केर प्रत्ययो वापरवा.

पर+कीयं–पर+क्कं–पारक्कं–पारकेरं–पारकुं– जुओ ८।१।४४

राज+कीयं–राज+इक्कं–राइक्कं, रायकेरं–राजकीयम्–राजानुं–राजाका–राज्य संबंधी

## युष्मदस्मदः अञः एच्चयः ॥८।२।१४९॥

"वा युष्मद्–अस्मदः अञ्–ईनञौ इत्यादि ॥६।३।६७॥ सूत्र द्वारा युष्मद् अने अस्मद् शब्दो पछी आवता इदमर्थना संस्कृत अञ् वगेरे प्रत्ययोने बदले प्राकृतमां एच्चय प्रत्यय वापरवो.

युष्मद्+अञ्–युष्म+एच्चय–तुम्ह+एच्चय–तुम्हेच्चयं–यौष्माकम्–तमारुं मराठी–तुमचा

अस्मद्+अञ–अस्म+एच्चय–अम्ह+एच्चय–अम्हेच्चयं-आस्माकम्–अमारुं मराठी–आमाचा

## वतेः व्वः ॥८।२।१५०॥

स्यादेः इवे ॥७।१।५२॥ तथा ॥७।१।५३॥ इत्यादि सूत्र द्वारा 'तेनी पेठे' एवा अर्थमां संस्कृतमां आवता वत् प्रत्ययने बदले प्राकृतमां व्व प्रत्यय वापरवो.

मथुरा+वत्–महुरा+व्व–महुर व्व–मथुरावत्–मथुरानी पेठे

मथुर व्व पाडलिउत्ते पासाया–मथुरावत् पाटलिपुत्रे प्रासादाः–मथुरानी पेठे पाटलिपुत्रमां प्रासादो–महेलो–छे.

## सर्वाङ्गाद् ईनस्य इकः ॥८।२।१५१॥

संस्कृत व्याकरण सिद्धहेम लघुवृत्तिना ७।१।९४ सूत्रथी सर्वाङ्ग शब्दने लागता ईन प्रत्ययने बदले प्राकृतमां इक प्रत्यय वापरवो.

सर्वाङ्ग+ईनः–सव्वंग+इक–सव्वंगिओ–सर्वाङ्गीणः–आखा अंगमां व्यापेलो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पथो णस्य इकट् ॥८।२।१५२॥

સંસ્કૃત વ્યાકરણ સિદ્ધહેમ લઘુવૃત્તિના नित्यं णः पन्थश्च ૬।૪।૮૯ સૂત્ર દ્વારા पथ શબ્દને લાગતા ण પ્રત્યયને બદલે પ્રાકૃતમાં इक(इकट्) પ્રત્યય વપરાય છે.

पन्थानं नित्यं याति इति–पथिन्+ण–पथि+इकट्–पहि+इय–पहिओ–पथिकः–
નિત્ય મુસાફરી કરનાર પ્રવાસી

## ईयस्य आत्मनः णयः ॥८।२।१५३॥

आत्मन् શબ્દને સંસ્કૃતમાં લાગતા ईय ને બદલે णय પ્રત્યય વાપરવો.

आत्मने हितम्–आत्म+णय–अप्पणयं–आत्मीयम् हितम्–આપણું હિત

## त्वस्य डिमा–त्तणौ वा ॥८।२।१५४॥

भावे त्व–तलौ ॥७।१।५५॥ ઇત્યાદિ નિયમ દ્વારા સંસ્કૃતમાં 'ભાવ' અર્થને સૂચવવા માટે આવતા त्व પ્રત્યયને બદલે અને બીજા પણ ભાવ અર્થના સૂચક પ્રત્યયોને બદલે પ્રાકૃતમાં इमा (डिमा) અને त्तण એવા બે પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

पीनस्य भावः पीन+त्व=पीण+इमा=पीणिमा, पीन+त्व=पीण+त्तण=पीणत्तणं,
पीण+त्त=पीणत्तं–पीनत्वम् -પુષ્ટપણું

पुष्पस्य भावः पुप्फ+त्व=पुप्फ+इमा=पुप्फिमा, पुप्फ+त्तण–पुप्फत्तणं–પુષ્પપણું,
पुप्फ+त्त=पुप्फत्तं–पुष्पत्वम्–પુષ્પપણું

'સંસ્કૃતમાં ૭।૧।૫૮ વગેરે સૂત્રો 'पृथु' વગેરે શબ્દોને त्व ને બદલે इमन् વગેરે પ્રત્યયો લગાડવાના' છે એમ બતાવે છે ત્યાં આ નિયમ ન લગાડવો.

पीनता શબ્દનું પ્રાકૃતમાં पीणया રૂપ પણ થાય છે અને ॥૮।૪।૨૬૦॥ સૂત્ર દ્વારા पीणदा રૂપ શૌરસેની ભાષામાં થાય છે. તેથી આ સૂત્રમાં तल् પ્રત્યયને બદલે दा વાપરવાની વાત કરી નથી.

વૈદિક–વેદોની–ભાષામાં त्व ને બદલે त्वन પ્રત્યય વપરાય છે. त्तण અને त्वन બન્ને પ્રત્યયો સરખા છે.

## अनङ्कोठात् तैलस्य डेल्लः ॥८।२।१५५॥

अङ्कोठ શબ્દ સિવાયના બીજા શબ્દોને લાગેલા तैल પ્રત્યયને બદલે પ્રાકૃતમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एल्ल (डेल्ल) પ્રત્યય વાપરવો. ॥૭।૧।૧૩૬॥ સૂત્ર દ્વારા 'तिल' વગેરે શબ્દોને 'સ્નેહ' અર્થને સૂચવવા જે तैल પ્રત્યય લાગે છે તેને અહીં લેવાનો છે.

कटुक+तैलम्=कडुअ+एल्लं=कडुएल्लं–કડવું તેલ

सुरहिजलेण कडुएल्लं–सुरभिजलेन कटुकतैलम्–સુગંધિત પાણી સાથે મિશ્રિત કડવું તેલ

अङ्कोठ+तैलम्=अंकोल्लतेल्लं–અંકોલનું તેલ

આ સૂત્રમાં વિહિત કરેલ 'એલ્લ' પ્રત્યય 'તૈલ' પ્રત્યયનું પ્રાકૃત રૂપાંતર છે.

## यत्–तद्–एतदः अतोः इत्तिअ एतद् लुक् च ॥८।२।१५६॥

પરિમાણુવાચક अतु ને બદલે પ્રાકૃતમાં પરિમાણુવાચક इत्तिअ પ્રત્યય વપરાય છે. તેથી यावत् ને બદલે ज+इत्तिअ=जित्तिअं–यावत्–જેટલું,

तावत् ने બદલે त+इत्तिअ=तित्तिअं–तावत्–તેટલું

એતાવત્ ને બદલે એત+इत्तिअ=इत्तिअं–એતાવત્–એટલું

એતાવત્ ને જ્યારે इत्तिअ પ્રત્યય લાગે ત્યારે એતાવત્ નો લોપ થઈ જાય છે તેથી તેનું इत्तिअ રૂપ બને છે.

## इदम्–किमश्च डेत्तिअ–डेत्तिल–डेद्दहाः ॥८।२।१५७॥

इयत्, कियत्, यावत्, तावत्, અને એતાવત્ એ પરિમાણુવાચક શબ્દોને લાગેલા अतु વગેરે પ્રત્યયને બદલે એત્તિઅ (डेत्तिअ), એત્તિલ (डेत्तिल) અને એદ્દહ (डेद्दह) પ્રત્યયો વપરાય છે. इयत् અને कियत्માં પરિમાણુવાચક यत् પ્રત્યય છે અને એતાવત્, यावत् તથા तावत्માં आवत् પ્રત્યય છે.

इदम्+यत्–एत्तिअ=एत्तिअं, एत्तिलं, एद्दहं–એટલું

किम्+यत्–क+एत्तिअं, क+एत्तिल=केत्तिलं, क+एद्दह–केद्दहं–કેટલું

यत्+आवत्–य+एत्तिअ–ज+एत्तिअ–जेत्तिअं, ज+एत्तिल–जेत्तिलं, ज+एद्दह–जेद्दहं–જેટલું

तत्+आवत्–त+एत्तिअ–तेत्तिअं, तेत्तिलं, तेद्दहं–તેટલું

एतत्+आवत्–एत्तिअं, एत्तिलं, एद्दहं–એટલું

## कृत्वसः हुत्तं ॥८।२।१५८॥

૭।૨।૧૦૯ સૂત્ર દ્વારા 'વાર' અર્થમાં વિહિત કરેલા कृत्वस् પ્રત્યયને બદલે પ્રાકૃતમાં हुत्तं એવો પ્રત્યય વાપરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सयहुत्तं—शतकृत्वः—સો વાર

सहस्सहुत्तं—सहस्रकृत्वः—હજારવાર

આર્ષ પ્રાકૃતમાં 'तिखुत्तो आयाहिणंपयाहिणं' વગેરે વાક્યોમાં हुत्तं ને બદલે खुत्तो પ્રત્યય વપરાયેલો છે.

આ खुत्तो પ્રત્યય कृत्वस् પ્રત્યયનું પ્રાકૃત ઉચ્ચારણ માત્ર છે.

प्रियाभिमुखम्—પ્રિયની કે પ્રિયાની સામે—पियहुत्तं આ શબ્દ, પ્રાકૃતમાં વપરાય છે. તેનો જે हुत्तं અંશ છે તે हुत्तं અંશ अभिमुख શબ્દના પર્યાયરૂપ છે.

'अभिमुख' અર્થવાળા એ हुत्तं પદ અને આ हुत्तं પ્રત્યય વચ્ચે કોઈ સંબંધ નથી, માત્ર તે બે વચ્ચે અક્ષરોની સમાનતા છે. અર્થાત् पियहुत्तं નો हुत्तं અંશ પ્રત્યયરૂપ નથી.

## आलु—इल्ल—उल्ल—आल—वन्त—मन्त—इत्त—इर—मणाः मतोः ॥८।२।१५९॥

આ. હેમચંદ્રે ૭।૨।૧ ઇત્યાદિ સૂત્રો દ્વારા સંસ્કૃતમાં 'વાળા' અર્થમાં વિહિત કરેલા मतु પ્રત્યયને બદલે પ્રાકૃતમાં आलु, इल्ल, उल्ल, आल, वंत, मंत, इत्त, इर અને मण એવા નવ પ્રત્યયો વપરાય છે.

आलु—स्नेह+आलु=नेहालू—स्नेहवान्—સ્નેહાળ

दया+आलु=दयालू—दयावान्—દયાળુ

ईर्ष्या+आलु=ईसालू—ईर्ष्यावान्—ઈર્ષ્યાળુ

लज्जा+आलु+का=लज्जालुआ—लज्जावती—લાજવાળી—લાજાળ—શરમાળ

इल्ल—सोहा+इल्ल=सोहिल्लो—शोभावान्—શોભાવાળો

छाया+इल्ल=छाइल्लो—छायावान्—છાયાવાળો—કાંતિવાળો

जाम+इल्ल=जामिल्लो—यामवान्—પહોરવાળો—પહેરેદાર

उल्ल—विआर+उल्ल=विआरुल्लो—विचारवान्—વિચારવાળો કે विकारवान्—વિકારવાળો

मांस+उल्ल=मंसुल्लो—मांसवान्—માંસલ—માંસવાળો—પુષ્ટ

दप्प+उल्ल=दप्पुल्लो—दर्पवान्—દર્પવાળો, ગર્વિષ્ઠ—મગરૂર અથવા दप्पुल्ल—ડફોળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आल—सद्द+आल=सद्दालो–शब्दवान्–શબ્દવાળો
जटा+आल=जडालो–जटावान्–જટાવાળો
फटा+आल=फडालो–स्फटावान्–ફણાવાળો સર્પ
रस+आल=रसालो–रसवान्–રસાળ, રસવાળો
जोण्हा+आल=जोण्हालो–ज्योत्स्नावान्–જ્યોત્સ્નાવાળો–દેદીપ્યમાન
वंत—धण+वंत=धणवंतो–धनवान्–ધનવંત–ધનવાળો
भत्ति+वंत=भत्तिवंतो–भक्तिमान्–ભક્તિવાળો અથવા ભાતવાળો–ભાતીગળ
मंत—हनु+मंत=हणुमंतो–हनुमान्–હનુમાન
सिरि+मंत=सिरिमंतो–श्रीमान्–શ્રીમાન–લક્ષ્મીવાળો–ધનવાન
पुण्ण+मंत=पुण्णमंतो–पुण्यवान्–પુણ્યવાળો–પુણ્યશાળી
इत्त—कव्व+इत्त=कव्वइत्तो–काव्यवान्–કાવ્યવાળો–કવિ
मान+इत्त=माणइत्तो–मानवान्–માનવાળો
इर—गव्व+इर=गव्विरो–गर्ववान्–ગર્વવાળો
रेहा+इर=रेहिरो–रेखावान्–રેખાવાળો
मण—धण+मण=धणमणो–धनवान्–ધનવાળો
सोहा+मण–सोहामणो–સોહામણો–શોભાવાળો

કેટલાક વૈયાકરણો मतु ને બદલે मा પ્રત્યય વાપરે છે. हणु+मा=हणुमा–હનુમાન

સંસ્કૃતમાં જેમ मतु વપરાય છે તેમ એ જ અર્થમાં इन् તથા इक વગેરે પ્રત્યયો વપરાય છે.

જેમકે—इन्–धनिन्=धनी–ધનવાળો–ધની–ધણી

इक–अर्थ+इक=आर्थिक:–અર્થવાળો વગેરે રૂપો સમજવાં.

આ નિયમ તો માત્ર मतु માટે જ છે, બીજા इन्, इक વગેરે પ્રત્યયો માટે નથી. બીજા પ્રત્યયો સંસ્કૃતની માફક સમજી લેવાના છે અને તે બીજા પ્રત્યયોને પ્રાકૃતમાં વાપરતાં તે તે પ્રત્યયોમાં પ્રાકૃતના નિયમ પ્રમાણે ફેરફાર કરી લેવાનો છે.

મત્વર્થ પ્રત્યયોનું પ્રકરણ આ. હેમચંદ્રે પોતે કરેલ સિદ્ધહેમ શબ્દાનુશાસન નામના વ્યાકરણમાં ૭।૧।૧ થી ૭।૨।૭૪ સુધી છે.

સંસ્કૃતમાં मतु ઉપરાંત—

इल–शालिल:–શાળાવાળો, प्रज्ञिल:–પ્રજ્ઞાવાળો

ल–जटाल:–જટાવાળો, वाचाल:–વાચાળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आलु—कृपालुः—કૃપાવાળો।

મતુના અર્થના સૂચક આવા અનેક પ્રત્યયો છે.

આ પ્રત્યયો, પ્રાકૃતમાં વિહિત કરેલા इल, आल, आलु વગેરે પ્રત્યયોની સાથે બરાબર મળતા આવે છે.

## त्तो दो तसः वा ॥८।२।१६०॥

પંચમી વિભક્તિના અર્થને સૂચવવા માટે વિહિત કરેલા तस् પ્રત્યયને બદલે પ્રાકૃતમાં त्तो અને दो પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

सव्व+त्तो=सव्वत्तो—सर्वतः—ચારે બાજુથી
सव्व+दो=सव्वदो—सर्वतः ,,
एक+त्तो=एकत्तो—एकतः—એક તરફથી
एक+दो=एकदो—एकतः ,,
अन्न+त्तो=अन्नत्तो—अन्यतः અન્યથી
अन्न+दो=अन्नदो—अन्यः— ,,
क+त्तो=कत्तो, कुतः—ક્યાંથી
क+दो=कदो—कुतः— ,,
ज+त्तो=जत्तो—यतः—જ્યાંથી
ज+दो=जदो—यतः— ,,
त+त्तो=तत्तो, ततः—ત્યાંથી
त+दो=तदो—ततः— ,,
इ+त्तो=इत्तो—આથી કે આ તરફથી
इ+दो=इदो—इतः—અહીંથી—આ બાજુથી

જ્યારે આ બે પ્રત્યયો ન થાય ત્યારે तस् પ્રત્યયને બદલે બધે ओ વપરાય છે. જેમકે—सव्वओ, एक्कओ, अन्नओ, कओ, जओ, तओ, इओ ।

## त्रपो हि-ह-त्थाः ॥८।२।१६१॥

'આધાર' અર્થને સૂચવવા માટે વિહિત કરેલા त्रप् પ્રત્યયને બદલે પ્રાકૃતમાં हि, ह અને त्थ પ્રત્યય વપરાય છે.

ज+हि=जहि—यत्र—જ્યાં, જહીં
त+हि=तहि—तत्र—ત્યાં, તહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क+हि=कहि–कुत्र–ક્યાં, કહીં
अन्न+हि=अन्यत्र–બીજે સ્થળે
ज+ह=जह–यत्र–જ્યાં, જહીં
त+ह=तहि–तत्र–ત્યાં, તહીં
क+ह=कह–कुत्र–ક્યાં, કહીં
अन्न+ह=अन्नह–अन्यत्र–બીજે સ્થળે
ज+त्थ=जत्थ–यत्र–જ્યાં, જહીં
त+त्थ=तत्थ–तत्र–ત્યાં, તહીં
क+त्थ=कत्थ–कुत्र–ક્યાં, કહીં
अन्न+त्थ=अन्नत्थ–अन्यत्र–બીજે સ્થળે

## वा एकाद् दः सि सिअं इआ ॥८।२।१६२॥

૭।૨।૯૫ સિદ્ધ૦ લઘુ૦ ના સૂત્ર દ્વારા एक શબ્દના બનેલા एकदा રૂપના दा પ્રત્યયને સ્થાને પ્રાકૃતમાં सि, सिअं, इआ કે इया એવા ત્રણ પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

एक्क+सि=एक्कसि–एकदा, एगया–એકવાર, सि ન લાગે ત્યારે एगया
एक्क+सिअं=एक्कसिअं–,, ,, ,, सिअं ,, ,, ,,
एक्क+इआ=ऐक्कइआ ,, ,, ,, इआ ,, ,, ,,

## डिल्ल–डुल्लौ भवे ॥८।२।१६३॥

'ભવ' અર્થને એટલે–'તેમાં થએલા' એવા અર્થને સૂચવવા માટે પ્રાકૃત ભાષામાં इल्ल (डिल्ल), उल्ल (डुल्ल) એવા પ્રત્યયો વપરાય છે.

ग्रामे भवा=गाम+इल्ल=गामिल्ल+इ+आ=गामिल्लिआ–ग्रामीणा–ગામમાં થયેલી–ગામડિયણ

पुरे भवम्=पुर+इल्ल=पुरिल्लं–पौरम्–શહેરમાં થયેલું
पुरा भवम्=पुरा+इल्लं–पुरातनम्–પહેલાં થયેલું–જૂનું–પુરાણું
हेट्ठ+इल्लं=हेट्ठिल्लं–अधस्तनम्–હેઠલું–હેઠળનું–નીચે થયેલું
उवरि+इल्लं=उवरिल्लं–उपरितनम्–ઉપલું–ઉપરનું–ઉપર થયેલ
आत्मनि भवम्–अप्प+उल्लं=अप्पुल्लं–आत्मिकम्–આત્મામાં થયેલું–પોતામાં થયેલું

કેટલાક વૈયાકરણો પ્રાકૃતમાં 'ભવ' અર્થને સૂચવવા સારુ आलु પ્રત્યયનો અને आल પ્રત્યયનો પણ ઉપયોગ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वार्थे कश्च वा ॥८।२।१६४॥

કોઈ પણ નામને સ્વાર્થમાં क-अ-અથવા य પ્રત્યય વિકલ્પે લાવે છે, ઉપરાંત इल्ल (डिल्ल) અને उल्ल (डुल्ल) પ્રત્યયો પણ વિકલ્પે લાગે છે.

पिञ्जरमेव पिञ्जरयं=पिञ्जर+य=पिंजरयं-પીળું-पिञ्जरकम्

कुंकुमपिंजरयं-कुङ्कुमपिञ्जरकम्-કેસર વડે પીળું કે કેસર જેવું પીળું

चन्द्र एव चन्द्रक-चन्द्र+ओ=चंद्रओ-ચાંદો-ચંદ્ર

गयण+य+म्मि=गयणयम्मि-गगनके-આકાશમાં

पक्खुब्भंत+यं=पक्खुब्भंतयं-प्रक्षुभ्यत्कम्-ક્ષોભ પામતું

धरणीहर-पक्खुभंतयं-धरणीधरप्रक्षुभ्यत्कम्-પહાડ વડે ક્ષોભ પામતું

दुहिअ+य=दुहियय+ए=दुहियए=दुःखितके-દુઃખિત

दुहियए रामहिअयए-दुःखितके रामहृदयके-દુઃખી એવા રામના હૃદયમાં

इह+यं=इहयं-इहकम्-અહીં-પાસે

आलेद्दुं+यं=आलेद्दुअं-आश्लेष्टुकम्-આશ્લેષ માટે

અહીં બહુલં અધિકારના નિયમ વડે आलेद्दुं ના અનુસ્વારનો લોપ થયેલ છે આ પ્રત્યયો બે વાર એટલે ઉપરાઉપર પણ લાગે છે.

वहु+क+क=वहुअयं-बहुकक्कम्-ઘણું

પ્રાકૃતમાં क પ્રત્યયને બદલે વિશેષે કરીને अ અથવા य વાપરવાનો છે, ક્યાંય क વપરાયો નથી છતાં ગ્રંથકારે જે क પ્રત્યયનું વિધાન કરેલું છે તે પૈશાચી ભાષાના વિધાન માટે છે. પૈશાચી ભાષામાં क નો લોપ થતો નથી.

वतन+कं=वतनकं-वदनकम्-વદન, મોં, वतनके--મોંમાં

वतनके वतनकं समप्पेतून-वदनके वदनकं समर्प्य-મોંમાં મોં નાખીને

इल्ल—पल्लव+इल्ल=पल्लविल्ल-पल्लविल्लेण-पल्लवकेन-પાંદડા વડે

निज्जिआसोअपल्लविल्लेण-निर्जिताशोकपल्लवकेन-અશોકના પાંદડાથી ચડિયાતા વડે

| | | | |
|---|---|---|---|
| ,, | पुरस्+इल्ल | पुरिल्लं-पुरस्कम् | આગળ થયેલું |
| | पुरा+इल्ल | पुरिल्लं-पुराकम् | |

उल्ल—पिय+उल्ल+क=पिउल्लओ-प्रियकः-પ્રિય

मह पिउल्लओ-मम प्रियकः-મારો પ્રિય

,, मुह+उल्ल=मुहुल्लं-મુખડું-મોં

हस्तक+उल्ल=हत्थुल्ल-हत्थुल्ला-હાથો-ઘણા હાથો, હાથલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે આ પ્રત્યયો ન લાગે ત્યારે મૂળ શબ્દો એમનેએમ વપરાય છે. જેમકે—

चंदो, गयणं, इह, आलेट्ठुं, बहुं, बहुअं, मुहं, हत्था.

કુત્સિત, અજ્ઞાત અને અલ્પ અર્થમાં તો સંસ્કૃત પ્રમાણે ૭।૩।૩૩ સૂત્ર મુજબ कप् પ્રત્યયનો ઉપયોગ કરવો.

સંસ્કૃતમાં ૭।૩।૧૫ સૂત્ર વડે क પ્રત્યયનું વિધાન તો છે પણ તે વિધાન અમુક શબ્દો માટે છે. અહીં પ્રાકૃતમાં વિહિત કરેલો क પ્રત્યય વ્યાપક રીતે તમામ શબ્દોને લાગે છે માટે સંસ્કૃતના વિધાનથી કામ ન ચાલત, તેથી क પ્રત્યયનું જુદું વિધાન કરેલું છે.

## ल्लः नव-एकाद् वा॥८।२।१६५॥

नव અને एक શબ્દથી સ્વાર્થમાં ल्ल વિકલ્પે થાય છે.

नव+ल्ल=नवल्लो–नवीनः–નવલો–નવો

एक+ल्ल=एकल्लो–एककः–એકલો

एक શબ્દના क નો ॥૮।૨।૯૯॥ સૂત્રથી દ્વિર્ભાવ કરતાં एक्क શબ્દ બને છે. જ્યારે આ ल्ल ન થાય ત્યારે—नवो, एक्को, एगो કે एओ વપરાય છે.

## उपरेः संव्याने ॥८।२।१६६॥

'ઉપર ઓઢેલું' એવા અર્થમાં उपरि શબ્દને સ્વાર્થમાં ल्ल પ્રત્યય થાય છે.

उपरि+ल्ल=अवरिल्ल, अवरिल्लो–उपरितनः–ઉપરણો–ઉપર ઓઢેલું વસ્ત્ર

જ્યાં 'ઉપર ઓઢેલું' એવો અર્થ ન હોય ત્યાં अवरिं પ્રયોગ થાય–

अवरिं–उपरि–ઉપર

उपरि ના 'उ' ના 'अ' માટે જુઓ ॥૮।૧।૧૦૮॥

ભાષામાં જે ઉપરણો શબ્દ પ્રચલિત છે તેની સાધના આ પ્રમાણે છે—

उपरितन–उपरिअण–उपरण–उपरणो

વિવાહમાં જેને ખેસ તરીકે વર રાખે છે તેને 'ઉપરણો' કહે છે.

## भ्रुवः मया डमया ॥८।२।१६७॥

भ्रू શબ્દને સ્વાર્થમાં मया અને अमया (डमया) પ્રત્યયો લાગે છે.

भ्रू+मया=भुमया–भ्रूः–ભવાં

भ्रू+अमया–भमया–भ्रूः–ભવાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शनैसः डिअम् ॥८।२।१६८॥

शनैस् શબ્દને સ્વાર્થમાં इअं (डिअं) પ્રત્યય લાગે છે.

शनैस्+इअं=सणिअं–शनैः–ધીરે

सणिअं अवगूढो–शनैः अवगूढः–ધીરે કરીને આલિંગેલો.

## मनाकः न वा डयं च ॥८।२।१६९॥

मनाक् અવ્યયને સ્વાર્થમાં डयं અને डिअं કે डियं પ્રત્યયો વિકલ્પે લાગે છે.

मनाक्+अयं+मणअं, मणा–मनाक्–અલ્પતા–કમી–ખામી

मनाक्+इयं=मणिअं, ,, ,, ,, ,, ,,

તમારામાં કશી 'મણા' નથી એટલે તમારામાં કશી ઓછાશ–ખામી–કમી–મણા––નથી.

## मिश्रात् डालिअः ॥८।२।१७०॥

મિશ્ર શબ્દને સ્વાર્થ સૂચવવા માટે आलिअ (डालिअ) પ્રત્યય વિકલ્પે લાગે છે.

मिश्र+आलिअं=मिसालिअं, मिसं–मिश्रकम्–મસાલો–મિશ્ર–ભેગું થયેલું.

ભાષામાં જે 'મસાલો' શબ્દ ચાલુ છે તે, મિશ્ર શબ્દ સાથે સંબંધિત છે.

## रः दीर्घात् ॥८।२।१७१॥

દીર્ઘ શબ્દને 'સ્વાર્થ' સૂચક र વિકલ્પે થાય છે.

दीर्घ+र=दीहरं, दीहं–दीर्घकम्–લાંબું–દીર્ઘ–દીરઘ.

## त्वादे सः ॥८।२।१७२॥

સિદ્ધ૦ લઘુ૦ના ૭।૧।૫૫ સૂત્રથી વિહિત કરેલા ભાવવાચક त्व વગેરે પ્રત્યયો નામને એક વાર લાગ્યા પછી પ્રાકૃતમાં ફરી વાર પણ એના એ જ પ્રત્યયો–'त्व' વગેરે પ્રત્યયો–'સ્વાર્થ'નો અર્થ સૂચવવા સારુ વિકલ્પે થાય છે.

मृदुक+त्व+ता=मदुअत्तता–मदुअत्तया, मदुअत्तयाइ–मृदुकत्वेन–કોમળપણે, નરમાશથી.

સંસ્કૃત ભાષામાં 'અતિશય' અર્થમાં इष्ठ વગેરે પ્રત્યયો થાય છે. એ 'અતિશય' અર્થવાળા પ્રત્યયો પછી બીજા 'અતિશય' અર્થવાળા પ્રત્યયો લાગે છે. પ્રાકૃતમાં પણ એ જ પ્રમાણે કરવાનું છે. જેમકે—

ज्य+इष्ठ+तर=ज्येष्ठतरः–પ્રાકૃત जेट्ठयरो–વધારે મોટો

कन्+इष्ठ+तर=कणिट्ठयरो–कनिष्ठतरः–વધારે નાનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે બીજા પણ પ્રયોગો સાધી લેવાના છે.

ઉપરના પ્રયોગોમાં એક इष्ठ પ્રત્યય લાગેલ છે અને તે પછી બીજો तर પ્રત્યય લાગેલ છે.

## विद्युत्-पत्र-पीत-अन्धात् लः ॥८।२।१७३॥

विद्युत्, पत्र, पीत અને अन्ध-આ ચાર શબ્દોને સ્વાર્થમાં ल પ્રત્યય વિકલ્પે લાગે છે.

विद्युत्+ल=विज्जुला, विज्जू-विद्युत्का-વીજળી

पत्र+ल=पत्तलं, पत्तं-पत्रकम्-પત્રલ-પાતળું

સંસ્કૃતમાં પણ पत्रल શબ્દ આ જ અર્થમાં છે.

पीत+ल=पीवलं, पीअलं, पीअं-पीतकम्-પીળું

अन्ध+ल=अन्धलो, अंधो-अन्धकः-આંધળો.

જ્યારે ल ન થાય ત્યારે विज्जू, पत्तं, पीअं અને अंधो એવાં રૂપો થાય છે, જે સાથોસાથ ઉપર બતાવ્યાં છે.

'યુગલ' અર્થમાં સંસ્કૃતમાં यमल શબ્દ પ્રસિદ્ધ છે. એ यमल શબ્દનું પ્રાકૃતમાં जमलं રૂપ સાધવાનું છે. जमलंમાં સ્વાર્થમાં ल પ્રત્યય આવ્યો છે એવી કલ્પના કરવાની જરૂર નથી.

जमलं સં. यम् ધાતુને ઉણાદિ પૃ૦ ૩૯ સૂત્ર ૪૬૫ દ્વારા अल પ્રત્યય લગાડવાથી यमल શબ્દ સધાય છે શબ્દની સાધના આ પ્રમાણે છે—यम्+अल-जमल-શબ્દ બનેલ છે અને 'યુગલ' અર્થનો સૂચક છે. એટલે 'યુગલ' અર્થવાળા यम શબ્દને ल પ્રત્યય લાગેલ છે એમ સમજવાનું નથી.

## 'गोण' आदयः ॥८।२।१७४॥

गोण વગેરે શબ્દો બહુલંની રીતે નિપાતરૂપ સમજવાના છે. જે શબ્દમાં 'મૂળ પ્રકૃતિ' કેટલી છે અને 'પ્રત્યય'નો અંશ કેટલો છે તથા જે શબ્દની રચના કઈ રીત થઈ છે? એટલે કે કોઈ વર્ણનો લોપ કરીને, કોઈ વર્ણરૂપ આગમ ઉમેરીને કે કોઈ વર્ણમાં વિકાર કરીને એટલે કઈ જાતનો ફેરફાર કરીને શબ્દ બનેલો છે? તેવું જ્ઞાન જે શબ્દો વિશે ન થાય અથવા એવું જ્ઞાન જે શબ્દો વિશે મળી શકતું ન હોય તે શબ્દોને 'નિપાત'રૂપ સમજવાના છે જેમકે 'राम' શબ્દ છે તેની વ્યુત્પત્તિ-रमते इति रामः એમ થાય છે એટલે એ શબ્દમાં 'रम्' પ્રકૃતિ છે અને अ પ્રત્યય છે એવી ખબર પડે છે તેથી તે શબ્દ નિપાતરૂપ નથી પણ ઘણા શબ્દો એવા છે જેમાં આવી ખબર પડતી નથી તેથી એ શબ્દ અવ્યુત્પન્ન ગણાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા નિપાતરૂપ ગણાય. આવા શબ્દો પાર વગરના છે. એ બધા શબ્દો ભાષામાં તો ચાલુ હોય જ છે પણ તેની વ્યુત્પત્તિ જાણી શકાતી નથી તેથી તેને નિપાત રૂપ સમજવાના છે. આવા નિપાતરૂપ પ્રાકૃત શબ્દોને 'દેશ્ય પ્રાકૃત' કહેવામાં આવે છે. દેશ્ય પ્રાકૃત એટલે ઘણા જૂના શબ્દો. સંભવ છે કે એની કોઈ કાળે વ્યુત્પત્તિ કરી શકાતી હોય કે મળતી હોય અને પાછળથી એ ભુલાઈ જવાથી એ શબ્દોને નિપાતરૂપ ગણવાની પદ્ધતિ જૂના કાળથી ચાલી આવે છે.

આ સૂત્રમાં આવા કેટલાક નિપાતરૂપ શબ્દોની ગણના કરેલી છે અને સાથે તેના અર્થો આપેલા છે—

| મૂળ શબ્દ— | અર્થ— | મળતું સંસ્કૃત— | નિપાતને મળતા આવતા શબ્દો અથવા તેના અર્થસૂચક શબ્દો તથા એ શબ્દો વિશે નોંધ— |
|---|---|---|---|
| गोण— | ગાય— | गौः— | गोणो — ગાવી અને ગોણી શબ્દોની નોંધ મહાભાષ્યકાર પતંજલિ મહર્ષિએ મહાભાષ્યના આરંભમાં જ લીધેલ છે. |
| गावी | ,, | ,, | गावी |
| | | गावः— | गावीओ—ગાયો |
| बइल्ल— | બળદ— | बलीवर्दः— | बइल्लो |
| आउ | પાણી | आपः | |
| पंचावण्णा / पणपण्णा | પંચાવન | पञ्चपञ्चाशत् | પચાસમાં પાંચ વધારે |
| तेवण्णा | ત્રેપન | त्रिपञ्चाशत् | પચાસમાં ત્રણ વધારે |
| तेआलीसा | તેંતાલીસ | त्रिचत्वारिंशत् | ચાલીસમાં ત્રણ વધારે |
| विउसग्ग | વિસર્જન —ફેંકી દેવું | व्युत्सर्गः | विउसग्गो |
| वोसिरण | ફેંકી દેવું | व्युत्सर्जनम् | वोसिरणं |
| बहिद्धा | નીતિવિરુદ્ધ મૈથુન | बहिर्धा | बहि એટલે સદાચારમાં જેન આવે એવું. સદાચારથી બહારનું—જે પ્રવર્તન તેને धा—ધારણ કરવું—बहिद्धा |
| णामुक्कसिअ | કાર્ય—કામ | | |
| कत्थइ | કોઈ ઠેકાણે | कुत्रचित् અથવા क्वचित् | |

मुव्वहइ ઉદ્વહન કરે છે उद्वहति—આ શબ્દમાં શરૂઆતમાં म् ઉમેરાયેલ છે

वम्हलो ઓલટો નામનો રોગ—વાય—મૃગી—જેવો વ્યાધિ—अपस्मारः—वम्हलो

कन्दुट्ट નીલું કમળ उत्पलम्, कन्दोत्थम्—कंदुट्ट—કંદમાંથી ઉત્પન્ન—ઊભું થયેલ—જન્મ પામેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| छिछि, धिद्धि—ધિક્કાર | | धिक् धिक् | ભાષામાં 'ધિક્કાર'ને સૂચવવા 'છી છી' શબ્દ પ્રચલિત છે |
| धिरत्थु | ધિક્કાર થાઓ—धिगस्तु—આ શબ્દમાં धिग्ના 'ग'ને બદલે 'र' થયેલ છે | | |
| पडिसिद्धी / पाडिसिद्धी | પ્રતિસ્પર્ધા | प्रतिस्पर्धिः | प्रति સાથેના स्पर्ध ધાતુને इ પ્રત્યય લગાડવાથી આ શબ્દ બની શકે છે |
| चच्चिक्क | | चच्चिक्कं—चर्चैक्यम्—चर्चा એટલે લેપ લગાડવો | |
| निहेलण | ઘર | निलयनम् | निहेलणं |
| मघोण | ઇંદ્ર | मघवन् | मघोणो, मघोणो શબ્દ તો मघवन्ના પ્રથમા વિભક્તિના રૂપનું જુદું ઉચ્ચારણ છે |
| सक्खिण | સાક્ષી | साक्षी | सक्खिणो |
| जम्मण | જન્મ, જન્મવું | जन्म | जम्मणं |
| महन्त | મોટો | महान् | महंतो |
| भवन्त | આપ, તમે | भवान् | भवंतो |
| आसीसा | આશીર્વાદ | आशीः | आसीसा |

કોઈ ઠેકાણે ह ને સ્થાને इ અને भ વપરાય છે.

वड्डयर—વડેરું　　　　　　बृहत्तरं—वड्डयरं અથવા वृद्धतरम्

भिमोर—હિમનો મધ્યભાગ—हिमस्य उरः—हिमोरः—भिमोरो

ક્યાંય ल ને इ થાય છે—

खुड्डअ—ક્ષુલ્લક—નાનો—क्षुल्लकः, क्षुद्रकः—खुड्डओ

घायण—મોટો અવાજ—ગાનારાઓમાં આગળ તરી આવતો—गायनः—घायणो

वढ—મૂર્ખ—वठति इति वठः　　'वठ स्थौल्ये' वठः—वढो

ककुध—બળદની ખુંધ　　　　　ककुदम्—ककुधम्

अत्थक्क—અકાળે　　　　　　अकाण्डम्—अत्थक्कं

लज्जालुइणी—લજામણીની વેલ　लज्जावती—लज्जालुइणी

कुड्ड—કુતૂહલ　　　　　　　कुतूहलम्—कुड्ड—કોડ

मायंद આંબો　　　　　　　माकन्दः, चूतः मायंदो

ઘણા વૈયાકરણો આ माकन्द શબ્દને સંસ્કૃત પણ માને છે. અમરકોશકારે તથા ખુદ હેમચંદ્રસૂરિએ अभिधानचिंतामणिकोशના શિલોઞ્છમાં ' माकन्दः रसालः એમ નોંધીને माकन्द શબ્દને સંસ્કૃત ઠરાવેલ છે.

मड्डिअ—વિષ્ણુ विष्णुः—સંસારનું ભરણપોષણ કરનારો. भर्तृकः—भट्टिओ

करसी—સ્મશાન　　　　　　श्मशानम्—करसी

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

| | |
|---|---|
| अगय–અસુર | असुराः–अगया |
| खेड्ड–ખેલ–ક્રીડા | खेटम्–खेड्डं |
| तिङ्गिच्छि–ફૂલની રજ | पौष्पं रजः–तिङ्गिच्छि |
| अल्ल–દિવસ | दिनम्–अल्लं |
| पक्कल–સમર્થ | समर्थः पक्वलः–पक्कलो–પાકો |
| णेलच्छ–નપુંસક | पण्डकः, निर्लाञ्छः–णेलच्छो लाञ्छ ધાતુ દ્વારા આ શબ્દ સુસાધ્ય છે. |
| पलही–કપાસ | कर्पासः–पलही |
| उज्जल–બળવાન્ | बली, उज्ज्वलः–उज्जलो |
| झसुर–તંબોલ | ताम्बूलम्–झसुरं |
| छिछई–વ્યભિચારિણી સ્ત્રી | पुंश्चली–छिछई |
| साहुली–શાખા | शाखा–साहुली |

वाનો અધિકાર હોવાથી આ નિપાત કરેલા શબ્દોને બદલે તે તે અર્થના સૂચક પ્રાકૃત શબ્દો પણ વપરાય છે—

गोणो ને બદલે गोओ

बइल्लोને બદલે उसहो

आऊ ને બદલે जलं–વગેરે

गोला અને गोदावरी એ બન્ને જુદા જુદા સંસ્કૃત શબ્દો છે. એને મળતા પ્રાકૃત શબ્દો गोला અને गोदावरी સાધવાના છે આ બન્ને શબ્દોને નિપાત સમજવાના નથી. આવા નિપાતરૂપ કેટલાક શબ્દો મહારાષ્ટ્ર અને વિદર્ભ વગેરે દેશોમાં પ્રસિદ્ધ છે તેથી તે શબ્દોને અને તેના અર્થોને તે તે દેશના લોકો પાસેથી જાણી લેવા જોઈએ. તેમાંના કેટલાક શબ્દો અહીં આપેલા છે.

आहित्थ વગેરે નામોના અને ક્રિયાપદોના અર્થો ગ્રંથકારે આપેલા નથી, તેમને લોકો પાસેથી જાણી લેવાની ભલામણ કરી છે. અમે અહીં આ શબ્દોને કોશમાંથી અને દેશી શબ્દસંગ્રહમાંથી આ નીચે આપેલા છે.

आहित्थ–ચલિત, કુપિત, વ્યાકુળ

लल्लक्क–ભયંકર, લલકાર

विड्डिर–વિસ્તાર, આટોપ, આડંબર

पच्चड्डिअ–ગયેલો (गम्નો આદેશ)—૮।૪।૧૬૨

उप्पेहड–ઉદ્ભટ, આડંબરવાળો

मडप्फर–मदप्फर–અભિમાન–ગર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पड्डिच्छिर–प्रति+ईक्ष्+अक=प्रतीक्षक–પ્રતીક્ષા કરનારો
अट्टमट्ट–આલવાલ–ક્યારો, અવ્યવસ્થિત
विहडप्फड–विघटस्फट–વ્યાકુલ
उज्जल्ल–उत्+ज्वल–उज्जल–બળવાન

हल्लप्फल्ल–શીઘ્રતા, ત્વરા– હીંચકો બરાબર ન ચાલતો હોય અને બેસનારની જમણી અને ડાબી બાજુ ચલાવવામાં આવતો હોય તેને ભાષામાં 'હલ્લોફલ્લો' કહે છે.

કેટલાક ક્રિયાશબ્દો પણ મહારાષ્ટ્ર વગેરે દેશોમાં પ્રસિદ્ધ છે—

अवयासइ–अवपश्यति–જુએ છે
फुम्फुल्लइ–पम्फुल्यते–ફૂંફાળે છે
उप्फालेइ–उत्पाटयति–ફાડે છે.

સંસ્કૃત શબ્દો દ્વારા વ્યાકરણના નિયમો વડે પ્રાકૃત શબ્દો બનાવતાં કેટલાક શબ્દો એવા બને છે જેના અર્થો સમજવા દુર્ગમ બને છે માટે એવા કેટલાક દુર્ગમ સંસ્કૃત શબ્દો ઉપરથી વ્યાકરણના નિયમો લગાડીને પ્રાકૃત શબ્દો ન બનાવવા પણ તેમને બદલે બીજા સરળ સંસ્કૃત કે પ્રાકૃત શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. આમ છે માટે कृष्ट, घृष्ट, वाक्य, विद्वस्, वाचस्पति, विष्टरश्रवस्, प्रचेतस्, प्रोक्त અને प्रोत વગેરે શબ્દોને પ્રાકૃત વ્યાકરણના નિયમો લગાડીને પ્રાકૃત ન બનાવવા તથા क्विप् વગેરે પ્રત્યયોવાળા अग्निचित्, सोमसुत्, सुग्ल, सुम्ल વગેરે શબ્દોને પ્રાકૃતના નિયમો લગાડીને પ્રાકૃત ન બનાવવા. એ રીતે શબ્દો બનાવીને પૂર્વના કવિઓએ પ્રયોગ કર્યો નથી આપણે પણ ભ્રાંતિ થાય એવા અથવા અર્થની વિષમતા ઉપજાવે એવા કોઈ શબ્દોનો પ્રયોગ ન કરવો પણ આવા ઉપર જણાવેલા कृष्ट વગેરે શબ્દોને બદલે તેના પર્યાયરૂપ कुष्ट–કુશળ–ચતુર વગેરે શબ્દોને વાપરવા અને अग्निचित् વગેરે શબ્દોને બદલે તે શબ્દોના અર્થને સરળતાથી સૂચવે એવા બીજા સરલ સંસ્કૃત શબ્દો ઉપરથી પ્રાકૃત શબ્દોને બનાવીને વાપરવા.

कृष्टः નો कट्ठे કે किट्ठे બનાવીને વાપરવાને બદલે कुशलः શબ્દ વાપરવો અને પ્રાકૃતમાં कुसल નો પ્રયોગ કરવો.

वाचस्पतिःનો वायापई के वायप्फई વાપરવાને બદલે પ્રાકૃતમાં 'વાચસ્પતિ' અર્થનો સૂચક गुरु શબ્દ જ વાપરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विष्टरश्रवा:નો विट्ठरस्सवो એમ પ્રાકૃત શબ્દ બનાવીને વાપરવાને બદલે તે શબ્દનો સમાન અર્થવાળો हरि: શબ્દ જ વાપરવો.

घृष्ट વગેરે શબ્દોનું પ્રાકૃત રૂપાંતર કરીને તેમનો પ્રયોગ કરવાનો પ્રાકૃતમાં નિષેધ કરેલો છે તોપણ परिघृष्ट વગેરે ઉપસર્ગવાળા તેવા શબ્દોનો પ્રયોગ તો પ્રાકૃતમાં થઈ શકે છે—

मन्दरयडपरिघट्टं—આ વાક્યમાં परि ઉપસર્ગ સાથે घृष्ट શબ્દ વપરાયેલો છે. मन्दरतटपरिघृष्टम्—મંદર પર્વતના તટ સાથે ચારે બાજુએ ઘસાયેલું.

तद्दिअसनिहट्ठाणङ्ग—આ વાક્યમાં नि સાથે घृष्ट શબ્દ વપરાયેલો છે.

तद्दिवसनिघृष्टानङ्ग—પ્રતિદિન ઘસાયેલો કામદેવ. આ અધૂરું પદ જણાય છે.

આર્ષ પ્રાકૃતમાં તો પ્રાચીન પ્રયોગોને લક્ષ્યમાં લઈને તદનુસાર તમામ પ્રયોગો અવિરુદ્ધ છે. એટલે બધા પ્રયોગો કરવાની છૂટ છે. જેમકે—

घट्ठा—घृष्टा—ઘસાયેલી
मट्ठा—मृष्टा—માંજેલી, શુદ્ધ કરેલી
विउसा सुअलक्खणाणुसारेण—विदुषा श्रुतलक्षणानुसारेण—શ્રુતના લક્ષણને અનુસરીને વિદ્વાને.
वक्कंतरेसु अ पुणो—वाक्यान्तरेषु च पुनः—અને વળી બીજાં વાક્યોમાં.

આ બધા આર્ષ પ્રયોગોમાં घृष्ट, मृष्ट, विद्वस् અને वाक्य શબ્દોનું પ્રાકૃતના નિયમ પ્રમાણે પરિવર્તન કરીને પ્રયોગ થયેલો છે.[1]

---

[1] પ્રશ્ન—આ. હેમચંદ્રે અભિધાન ચિંતામણિ–કોશમાં કહ્યું છે કે 'व्युत्पत्तिरहिताः शब्दा: रूढा: आखण्डलादयः'—आखण्डल, मण्डप વગેરે શબ્દો વ્યુત્પત્તિ વગરના છે એટલે એ શબ્દોમાં 'મૂળ પ્રકૃતિ કેટલી છે અને પ્રત્યયનો ભાગ કેટલો છે' તેની ખબર પડતી નથી, માટે એ શબ્દો વ્યુત્પત્તિરહિત છે તેમ છતાં उणादिप्रकरण માં आखण्डयति इति आखण्डलः તથા मण्डयते इति मण्डपः એમ વ્યુત્પત્તિ બતાવી છે. એટલે આ શબ્દોને વ્યુત્પત્તિરહિત કેમ માની શકાય?

ઉ૦—આ. હેમચંદ્ર કહે છે કે જે શબ્દની જે વ્યુત્પત્તિ બતાવી હોય તે પ્રમાણે લોકોમાં અર્થની દૃષ્ટિએ તે શબ્દોનો વ્યવહાર થવો જોઈએ. જે શબ્દો આવી વ્યુત્પત્તિવાળા હોય તે જ શબ્દો વ્યુત્પત્તિસહિત કહેવાય. પણ જે શબ્દો આવા ન હોય એટલે જેવી રીતે વ્યુત્પત્તિ બતાવી છે તેવી રીતે જે શબ્દોનો લોકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહાર થતો ન હોય તો બતાવેલ વ્યુત્પત્તિ અન્વર્થક–સાર્થક–ન ગણાય, એટલે આવી નિરર્થક વ્યુત્પત્તિવાળા શબ્દો વ્યુત્પત્તિરહિત જ ગણાય, તેથી તેમને નિપાતરૂપ જ સમજવાના હોય.

પ્ર૦––જો આમ છે તો વ્યુત્પત્તિ શું કામ બતાવી ? ધાતુ જુદો બતાવ્યો, પ્રત્યય જુદો બતાવ્યો એમ શા માટે કર્યું ?

ઉ૦—આ. હેમચંદ્ર કહે છે કે એ વ્યુત્પત્તિ કરવાનો હેતુ શબ્દમાં માત્ર વર્ણાનુપૂર્વીનો ક્રમ કેવો છે, એ બતાવવાનો છે પણ એ વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ સમજીને લોકમાં વ્યવહારની પ્રવૃત્તિ કરવાની નથી. જેમકે आखण्डयति–જે તોડી નાખે છે તે आखण्डल કહેવાય––એવો અર્થ વ્યુત્પત્તિ પ્રમાણે નીકળે છે ત્યારે आखण्डल શબ્દનો ઉપયોગ માત્ર 'ઇંદ્ર' અર્થમાં જ થાય છે, બીજે ક્યાંય થતો નથી.

એ જ રીતે જેને સુશોભિત કરી શકાય તે मण्डप કહેવાય છે. જ્યારે લોક–વ્યવહારમાં मण्डप નો અર્થ અમુક જાતની જગ્યા જ છે. એટલે આ બતાવેલી વ્યુત્પત્તિઓ કાલ્પનિક છે, અર્થ સમજવા માટે બહુ ઓછી મદદ કરે છે. તેથી उणादि प्रकरण માં જે જે શબ્દોની વ્યુત્પત્તિ બતાવી છે તેમાંના ૯૫ ०/० ( પંચાણું ટકા ) શબ્દોને અર્થની દૃષ્ટિએ વ્યુત્પત્તિરહિત જ સમજવાના છે.

શાકટાયન નામનો વૈયાકરણ એમ માને છે કે "નામ માત્ર ધાતુમાંથી નીપજેલું છે." એ મતને અનુસારે વૈયાકરણોએ આવી કાલ્પનિક વ્યુત્પત્તિઓને બતાવી છે. આવી કલ્પિત વ્યુત્પત્તિઓ લોકવ્યવહારમાં અર્થની પ્રવૃત્તિને અંગે કારગત ગણાતી નથી માટે આવા બધા શબ્દોને રૂઢ–અવ્યુત્પન્ન કે નિપાતરૂપ સમજવાના છે.

ખરી રીતે તો નામો ધાતુમાંથી થયાં નથી. પણ લોકોમાં પ્રચાર પામેલા તમામ જાતના શબ્દોમાંથી વિચક્ષણ વૈયાકરણોએ ધાતુઓને શોધી કાઢ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અવ્યયોનું પ્રકરણ

## अव्ययम् ॥८।२।१७५॥

આ ૮।૨।૧૭૫ સૂત્રથી લઈને આ પાદના અંત સુધી અવ્યયનો અધિકાર છે એટલે અહીંથી લઈને આખા પાદ સુધી જે શબ્દો બતાવવાના છે તે બધાની અવ્યય સંજ્ઞા જાણવી.

## तं वाक्योपन्यासे ॥८।२।१७६॥

तं અવ્યયનો 'વાક્યનો ઉપન્યાસ' અર્થમાં એટલે વાક્યની શરૂઆત બતાવવા પ્રયોગ કરવો.

तं तिअसबंदिमोक्खं–तं त्रिदशबन्दिमोक्षम्–દેવતાના બંદીના તે મોક્ષને

## आम अभ्युपगमे ॥८।२।१७७॥

अभ्युपगम એટલે 'સ્વીકાર'ના અર્થમાં आम અવ્યયનો પ્રયોગ કરવો.

आम बहला वणोली–आम बहला वनावली–ખરેખર, વનાવલી ઘટ્ટ છે. એમ માનું છું.

## णवि वैपरीत्ये ॥८।२।१७८॥

'વિપરીત' અર્થમાં णवि અવ્યયનો પ્રયોગ કરવો.

णवि हा ! वणे–णवि हा ! वने–હા ! વનમાં નથી.

આ વાક્ય બોલનાર 'જેની હયાતી વનમાં માનતો હતો પણ તે વનમાં નથી' એથી આ વાક્ય બોલે છે

## पुणरुत्तं कृतकरणे ॥८।२।१७९॥

पुणरुत्तं અવ્યયનો 'કરેલું કરવું' એટલે 'એનું એ કરવું' એવા અર્થમાં પ્રયોગ કરવો.

अइ ! सुप्पइ पंसुली णीसहेहिं अंगेहिं पुणरुत्तं–अयि ! स्वपिति पांसुली निस्सहैः अङ्गैः पुणरुत्तं–અરે, અસદાચારિણી સ્ત્રી કરેલી ચેષ્ટાને જ વારંવાર કરીને થાકેલાં અંગો વડે સૂએ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## हन्दि विषाद-विकल्प-पश्चात्ताप-निश्चय-सत्ये ॥८।२।१८०॥

વિષાદ અર્થમાં, વિકલ્પ અર્થમાં, પશ્ચાત્તાપ અર્થમાં, નિશ્ચય અર્થમાં અને સત્ય અર્થમાં हन्दि અવ્યયનો પ્રયોગ કરવો.

हन्दि चलणे णओ सो, ण माणिओ हन्दि हुज्ज एत्ताहे ।
हन्दि न होही भणिरी, सा सिज्जइ हन्दि तुह कज्जे ॥
हन्दि चरणे नतः सः न मानितः हन्दि भवेत् इदानीम् ।
हन्दि न भविष्यति भणिका सा स्विद्यति हन्दि तव कार्ये ॥

વિષાદ—ખેદ છે કે તે પગમાં નમી પડ્યો.
વિકલ્પ—હમણાં તે માન્યો નહીં કે શું ?
પશ્ચાત્તાપ—પસ્તાવાને લઈને તે બોલનારી નથી
નિશ્ચય—તેણી નક્કી તારે માટે દુઃખી થાય છે.
સત્ય—हन्दि सत्यम्—ખરેખર સત્ય છે.

## हन्द च गृहाणार्थे ॥८।२।१८१॥

हन्द અને हन्दि એ બે અવ્યયોનો 'ગ્રહણ કર' એ અર્થમાં પ્રયોગ કરવો.

हन्द पलोएसु इमं—हन्द प्रलोकस्व इमाम्—તૂં જો, આને—સ્ત્રીને—ગ્રહણ કર
हन्दि—गृहाण—ગ્રહણ કર

સંસ્કૃતમાં हन्त અવ્યય આને મળતું આવે છે.

## मिव पिव विव व्व व विअ इवार्थे वा ॥८।२।१८२॥

'इव'ના—'પેઠે'ના અર્થમાં मिव, पिव, विव, व्व, व અને विअ અવ્યયોને વિકલ્પે વાપરવા.

कुमुअं मिव—कुमुदम् इव—કુમુદની પેઠે
चंदणं पिव—चन्दनम् इव—ચંદનની જેમ
हंसो व्विव—हंसः इव—હંસની પેઠે
साअरो व्व—सागरः इव—સાગરની જેમ
खीरोओ सेसस्स व निम्मोओ—क्षीरोदः शेषस्य इव निर्मोकः—જાણે ક્ષીરોદ—ક્ષીર સમુદ્ર—શેષ નાગની કાંચળીની પેઠે છે.
नीलुप्पलमाला इव—नीलोत्पलमाला इव—નીલકમળની માળાની પેઠે.

જ્યારે मिव વગેરે ન વપરાય ત્યારે इव વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जेण तेण लक्षणे ॥८।२।१८३॥

'નિશાન સૂચવવાના અર્થમાં જેણ અને તેણ એ બે અવ્યયો વાપરવાં.

भमररुअं जेण कमलवणं–भ्रमररुतं येन कमलवनम्–જે બાજુ ભમરાનો અવાજ–ગુંજારવ—છે તે બાજુએ કમલવન છે.

भमररुअं तेण कमलवणं–भ्रमररुतं तेन कमलवनम्–જે બાજુએ ભમરાનો અવાજ–ગુંજારવ—છે તે બાજુએ કમલવન છે.

સંસ્કૃતમાં આ અવ્યયોને મળતા येन અને तेन અવ્યયોનો પ્રયોગ થાય છે. આચાર્યશ્રીએ જ ॥૨।૨।૩૩॥ સૂત્રમાં येन तेन અવ્યયોનો પ્રયોગ ઉદાહરણ સાથે આપેલ છે.

## णइ चेअ चिअ च्च अवधारणे ॥८।२।१८४॥

णइ, चेअ, चिअ, च्च–એ ચાર અવ્યયો અવધારણ–નિશ્ચય–અર્થને સૂચવનારાં છે.

गईए णइ–गत्या णइ–एव–ગતિ વડે જ

जं चेअ मउलणं लोअणाणं–यद् चेअ–चैव मुकुलनं लोचनानाम्–આંખનું જ જે સંકોચાઈ જવું

अणुबद्धं तं चिअ कामिणीणं–अनुबद्धं तदेव कामिनीनाम्–તે જ સ્ત્રીઓની સાથે અનુબદ્ધ છે–સ્ત્રીઓને વળગેલું છે– લાગેલું છે.

चेअ અને चिअ એ બે અવ્યયોના चનો सेवादौ वा ८।२।९९ સૂત્રથી દ્વિર્ભાવ થઈ જાય છે એટલે चेअ ને બદલે च्चेअ પણ વપરાય છે તથા चिअ ને બદલે च्चिअ પણ વપરાય છે.

ते च्चिअ धन्ना–ते चिअ–ते एव–ते चैव धन्याः–તે જ ધન્ય છે.

ते च्चेअ सुपुरिसा–ते च्चेअ–ते चैव सुपुरुषाः–તે જ સારા માણસો છે–સારા પુરુષો છે.

स च्च य रूवेण–सः च्च–एव-च रूपेण–અને તે જ પુરુષ રૂપ વડે

स च्च सीलेण–सः च्च–एव–शीलेन–તે જ પુરુષ શીલ વડે

## बले निर्धारण–निश्चययोः ॥८।२।१८५॥

'નિર્ધારણ' અને 'નિશ્ચય' અર્થને સૂચવવા સારુ बले અવ્યયનો પ્રયોગ કરવો.

निर्धारण—बले पुरिसो धणंजओ खत्तिआणं–बले पुरुषः धनञ्जयः क्षत्रियाणाम्–ક્ષત્રિયોમાં બલની અપેક્ષાએ ધનંજય પુરુષ છે.

निश्चय—बले सीहो–सिंहः बले–सिंह एव–બલની અપેક્ષાએ સિંહ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## किर इर हिर किलार्थे वा ॥८।२।१८६॥

किर, इर, हिर એ ત્રણે અવ્યયોને किल–નિશ્ચય–અર્થને સૂચવવા વિકલ્પે વાપરવા:
कल्लं किर खरहिअओ–कल्यं किर–किल–खरहृदय:–ખરેખર, કાલે નિષ્ઠુર હૃદયવાળો.
तस्स इर–तस्य इर–किल–તેનું જ
पिअवयंसो हिर–प्रियवयस्य: हिर–किल–પ્રિય મિત્ર જ. किर, इर કે हिर ન વપરાય ત્યારે किल વપરાય.
एवं किल तेण सिविणए भणिआ–एवं किल तेन स्वप्नके भणिता–તેણે એ પ્રમાણે જ તેણીને સ્વપ્નમાં કહ્યું.

## णवर केवले ॥८।२।१८७॥

णवर અવ્યયનો કેવલ–માત્ર–અર્થમાં પ્રયોગ કરવો.
णवर पिआइं चिअ णिव्वडंति–णवर प्रियाणि किल निष्पतन्ति–કેવળ પ્રિય–ગમે તેવાં–કામો જ નિવડે છે.

## आनन्तर्ये णवरि ॥८।२।१८८॥

णवरि અવ્યયને આનન્તર્ય—તે પછી તરત જ–એવા અર્થમાં વાપરવું.
णवरि अ से रहुवइणा–णवरि च तस्य रघुपतिना–અને પછી તરત જ તેને રઘુપતિએ.

કેટલાક વૈયાકરણો 'केवल–आनन्तर्यार्थयोर्णवर–णवरि" એવું એક જ સૂત્ર કરે છે. એટલે તેમના મત પ્રમાણે णवर અને णवरि બન્ને અવ્યયના બન્ને અર્થો સમજવા.

## अलाहि निवारणे ॥८।२।१८९॥

'નિવારવું' એટલે 'અટકાવી દેવું' એવા અર્થમાં अलाहि અવ્યયનો પ્રયોગ કરવો.

अलाहि किं वाइएण लेहेण–अलाहि किं वाचितेन लेखेन–લેખ વાંચવાથી શું?
अलाहि ને મળતું આવતું अलंहि અવ્યય સંસ્કૃતમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अण णाइं नञर्थे ॥८।२।१९०॥

अण અને णाइं એ બે અવ્યયોને 'નિષેધ' અર્થમાં વાપરવા.

अणचिन्तिअममुणंती–अचिन्तितम् अजानती–અચિંતિતને નહીં જાણતી.
સંસ્કૃતમાં अण ને મળતો अन् શબ્દ સ્વરાદિ શબ્દોની આદિમાં આવે છે પણ તે નકારાંત છે. જેમકે––

अनिभः–अन्+इभः હાથી નહીં. अनगारः–अन्+अगारः–ઘર વગરનો.
णाइं करेमि रोसं–णाइं करोमि रोषम्–હું રોષ નહીં કરું.

## माइं मार्थे ॥८।२।१९१॥

'મા' અર્થને બતાવવા એટલે 'નહિ' અર્થમાં माइं અવ્યયનો પ્રયોગ કરવો.
माइं काहीअ रोसं–मा कार्षीत् रोषम्–રોષ ન કરે.

## हद्धी निर्वेदे ॥८।२।१९२॥

'हाधिक्' શબ્દને બદલે हद्धी અવ્યય નિર્વેદ–ગ્લાનિ–અર્થમાં વપરાય છે, हद्धी हद्धी, हा ! धाह धाह–हद्धी हद्धी, हा धावत धावत–हा धिक्, हा धिक्, હાય હાય, ધિક્કાર છે ધિક્કાર છે, હાય ! દોડો દોડો.

## वेव्वे भय–वारण–विषादे ॥८।२।१९३॥

'ભય', 'વારણ–વારવું–અટકાવવું' અને 'વિષાદ'–'ખેદ'–આ ત્રણ અર્થમાં वेव्वे અવ્યયનો પ્રયોગ કરવો.

वेव्वे त्ति भये, वेव्वे त्ति वारणे, जूरणे अ वेव्वे त्ति ।
उल्लाविरीइ वि तुहं वेव्वे त्ति मयच्छि ! किं णेअं ॥
वेव्वे इति भये, वेव्वे इति वारणे, जूरणे च वेव्वे इति ।
उल्लापयन्त्या अपि तव वेव्वे इति मृगाक्षि ! किं (ज्ञेयम्) नेयम् ॥

વારણ––હે મૃગાક્ષી ! બોલતી એવી તારે શું જાણવાનું છે ? અથવા લઈ જવાનું છે ?

किं उल्लावेन्तीए उअ जुरंतीएँ किं तु भीआए ।
उव्वाडिरीए वेव्वे त्ति तीए भणिअं न विम्हरिमो ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किम् उल्लापयन्त्या उत जूर्यमाणया किं तु भीतया ।
उव्वाडिरीए वेव्वे इति तया भणितं न विस्मरामः ॥

બોલતી, વા બોલાવતી, ખેદ કરતી અને ભય પામતી એવી તારે શું ? કિંતુ દુઃખ વિનાની અથવા વિશેષ રતિક્રીડાને કે વિપરીત રતિક્રીડાને કરનારી, એવી તેણીએ ત્યારે કહેલું અમે ભૂલતા નથી.

## वेव्व च आमन्त्रणे ॥८।२।१९४॥

वेव्व અને वेव्वे એ બે અવ્યયોને આમંત્રણ અર્થમાં વાપરવા.

वेव्व गोले—वेव्व हे गोले !—હે દાસી !

वेव्वे मुरुन्दले ! वहसि पाणिअं—वेव्वे हे मुरुन्दले ! वहसि पानीयम्—હે મુરુંદલે ! તું પાણી વહે છે ?

## मामि हला हले सख्या वा ॥८।२।१९५॥

'સખીના આમંત્રણ' અર્થમાં मामि, हला અને हले એ ત્રણ અવ્યયો વિકલ્પે વાપરવા.

मामि सरिसक्खराण वि—सखि ! सदृशाक्षराणामपि—હે સખિ ! સરખા અક્ષરવાળાઓનું પણ.

पणवह माणस्स हला—प्रणमत मानस्य सखि !—હે સખી ! માનને પગે લાગો.

हले हयासस्स—हे सखी ! हताशस्य—હે સખી ! હતાશની

આ અવ્યય ન વપરાય ત્યારે તેને બદલે 'સખી' શબ્દ પણ વપરાય છે પક્ષે—सहि ! एरिसि च्चिअ गई—हे सखि ! ईदृशी एव गतिः—હે સખી ! આવી જ ગતિ

## दे संमुखीकरणे च ॥८।२।१९६॥

'संमुखीकरण—सम्मुख करवुं—સામે જુઓ' તથા 'સખીનું આમંત્રણ' એ બે અર્થમાં दे અવ્યય વાપરવું.

दे पसिअ ताव सुन्दरि—हे सुन्दरि ! प्रसीद तावत्—હે સુંદરી ! તું પ્રસન્ન તો થા.

दे आपसिअ निअत्तसु—हे सखि ! आप्रसद्य निवर्तस्व—હે સખી ! મર્યાદા પ્રમાણે પ્રસન્ન થઈને પાછી વળ—પાછી જા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## हुं दान-पृच्छा-निवारणे ॥८।२।१९७॥

'દાન', 'પૃચ્છા'–પૂછવા–અર્થમાં અને 'નિવારણ'–'અટકાવવું' એ ત્રણ અર્થોમાં हुं અવ્યયનો પ્રયોગ કરવો.

દાન––हुं गेण्ह अप्पणो च्चिअ–हुं गृहाण आत्मन एव–તું પોતાનું જ–આપણું જ–ગ્રહણ કર.

પૃચ્છા––हुं साहसु सब्भावं––हुं कथय सद्भावम्––તું સદ્ભાવને––ખરી હકીકતને કહે

નિવારણ––हुं निर्लज्ज ! समोसर–हुं निर्लज्ज ! समपसर–નિર્લજ્જ ! તું ચાલ્યો જા.

## हु खु निश्चय-वितर्क-संभावन-विस्मये ॥८।२।१९८॥

हु અને खु એ બે અવ્યયો નિશ્ચય, વિતર્ક, સંભાવના અને વિસ્મય એ ચાર અર્થોમાં વપરાય છે

નિશ્ચય––तं पि हु अच्छिन्नसिरी–तदपि અથવા त्वमपि हु अच्छिन्नश्रीः–તો પણ (અથવા) તું પણ ખરેખર અચ્છિન્ન શ્રી છે.

तं खु सिरीएँ रहस्सं–तत् खु श्रियाः रहस्यम्–તે જ લક્ષ્મીનું કે શોભાનું રહસ્ય છે

વિતર્ક––સંશય અથવા તર્ક

તર્ક––न हु णवरं संगहिआ–न हु नवरं संगृहीता––શું વિશેષ સંગ્રહ નથી કરતો ?

एअं खु हसइ–एतां खु हसति–તે તેણીને હસે છે ?

સંશય––जलहरो खु धूमवडलो खु––जलधरः खु धूमपटलः खु– શું વરસાદ છે કે ધૂમપટલ–ધુમાડાનો સમૂહ છે ?

સંભાવના–तरीउं ण हु णवर इमं–तरीतुं न हु णवर इमम्–આને તરવાની સંભાવના નથી.

एअं खु हसइ–एतां खु हसति–સંભવ છે એને હસે છે.

વિસ્મય–– को खु एसो सहस्ससिरो–कः खलु एषः सहस्रशिराः–આ હજાર માથાવાળો કોણ છે ?

જે શબ્દને છેડે અનુસ્વાર હોય તેની પછી हु અવ્યયનો પ્રયોગ ન કરવો, એ હકીકત બહુલ અધિકારને લીધે સમજી લેવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऊ गर्हा-आक्षेप-विस्मय-सूचने ॥८।२।१९९॥

ગર્હા, આક્ષેપ, વિસ્મય અને સૂચન એ ચાર અર્થોમાં ऊ અવ્યયનો પ્રયોગ કરવો.

ગર્હા—ऊ णिल्लज्ज—ऊ निर्लज्ज—ઓ બેશરમ !

આક્ષેપ—રજૂ કરેલા વાક્યનો વિપર્યાસ થશે એવી શંકાથી એ વાક્યને પાછું ખેંચી લેવું—એનું નામ આક્ષેપ–'મેં આમ ક્યાં કહ્યું છે' એમ કહેવું એ

આક્ષેપ—ऊ किं मए भणिअं—ऊ किं मया भणितम् ?—ઓ ! શું મેં કહ્યું છે—અથવા ઓ ! મેં શું કહ્યું છે ?

વિસ્મય—ऊ कह मुणिआ—ऊ कथं ज्ञाता—ઓ ! મને શી રીતે જાણી લીધી ?

સૂચન — ऊ केण न विण्णायं—ऊ केन न विज्ञातम्—ઓ ! કોણે જાણ્યું નથી ?

## थू कुत्सायाम् ॥८।२।२००॥

'કુત્સા—નિંદા'—અર્થમાં थू અવ્યયનો પ્રયોગ કરવો.

थू निल्लज्जो लोओ—थू निर्लज्जः लोकः थू ! નિર્લજ્જ લોક છે.

## रे अरे संभाषण-रतिकलहे वा ॥८।२।२०१॥

'સંભાષણ' અર્થમાં रे અને 'રતિકલહ' અર્થમાં अरे અવ્યયોને વાપરવાં.

સંભાષણ—रे ! हिअय ! मडहसरिआ—रे हृदय ! मडहसरिआ रे હૃદય ! નાની માળા અથવા रे हियअ ! म डह, सरिआ—रे हृदय ! मा दह, स्मृता— રે હૃદય તું બાળ મા, યાદ આવી ગઈ.

રતિકલહ—अरे मए समं मा करेसु उवहासं—अरे मया समं मा कुरु उपहासम्—અરે ! મારી સાથે ઉપહાસ ન કર—મારી સાથે મશ્કરી ન કર.

## हरे क्षेपे च ॥८।२।२०२॥

'ક્ષેપ' અર્થમાં, 'સંભાષણ' અને 'રતિકલહ' અર્થમાં हरे અવ્યયનો પ્રયોગ કરવો.

ક્ષેપ—हरे णिल्लज्ज !—हरे निर्लज्ज—અરે ! નિર્લજ્જ—બેશરમ !

સંભાષણ—हरे ! पुरिसा—हरे ! पुरुषाः !—રે ! પુરુષો

રતિકલહ—हरे बहुवल्लह—हरे बहुवल्लभ !—રે ઘણા વહાલા !. હ અને રે એ બે અવ્યયોનું આ 'હરે' અવ્યય બનેલ હોઈ શકે. અથવા अरेનું જ હકારવાળું ઉચ્ચારણ હોઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ओ सूचना-पश्चात्तापे ॥८।२।२०३॥

'સૂચના' અને 'પશ્ચાત્તાપ' અર્થમાં ओ અવ્યયનો પ્રયોગ કરવો.

સૂચના--ओ अविणयतत्तिल्ले--ओ अविनयपरायणे !—હે અવિનયમાં તત્પર-વિનય વગરની !

પશ્ચાત્તાપ—ओ न मए छायाइत्तिआए-ओ न मम छायावत्याः-છાયાવાળી--કાંતિવાળી-એવી મારા વડે નહીં.

પ્રશ્ન--એક ओ અવ્યય 'વિકલ્પ' અર્થમાં વપરાય છે તો આ સૂત્રમાં એ ओ નો 'વિકલ્પ' અર્થ કેમ બતાવ્યો નથી ?

ઉત્તર--ગ્રંથકાર આચાર્ય કહે છે એ ओ અવ્યય તો અમે ૮।૧।૧૭૨ મા સૂત્રમાં બતાવેલ છે એટલે આ સૂત્રમાં ओનો વિકલ્પ અર્થ બતાવવાની જરૂર નથી—ओ ! विरएमि नहयले-ओ ! विरचयामि नमस्तले—ઓ ! હું આકાશમાં બનાવું છું-રચું છું.

અથવા ओ ! विरए मि नहयले ओ विरतः અથવા विरजाः अस्मि नमस्तले-ઓ આકાશમાં વિરામ પામેલ છું અથવા આકાશમાં રજવગરનો નિર્મળ છું.

## अव्वो सूचना-दुःख-संभाषण-अपराध-विस्मय-आनन्द-आदर-भय-खेद-विषाद-पश्चात्तापे ॥८।२।२०४॥

સૂચના, દુઃખ, સંભાષણ, અપરાધ, વિસ્મય, આનંદ, આદર, ભય, ખેદ, વિષાદ, અને પશ્ચાત્તાપ એ અગિયાર અર્થોમાં अव्वो અવ્યયનો પ્રયોગ કરવો.

સૂચના—अव्वो दुक्करयारय—अव्वो दुष्करकारक !—હે દુષ્કરકારક !

દુઃખ--अव्वो दलंति हिययं—अव्वो दलन्ति हृदयम्—તેઓ હૃદયને દળે છે—દુઃખ આપે છે

સંભાષણ—अव्वो किमिणं किमिणं—अव्वो किमिदं किमिदम्—અરે ? આ શું, આ શું ?

અપરાધ—अव्वो हरंति हिअयं तह वि न वेसा हवंति जुवईण ।
अव्वो हरन्ति हृदयं तथापि न द्वेष्या भवन्ति युवतीनाम्—ઓહ તેઓ યુવતીઓના હૃદયને હરી લે છે છતાં દ્વેષપાત્ર થતા નથી.

વિસ્મય—अव्वो किं पि रहस्सं मुणंति धुत्ता जणब्भहिआ ।
अव्वो किमपि रहस्यं जानन्ति धूर्ताः जनाभ्यधिकाः—ઓહો માણસોમાં અધિક હોશિયાર એવા ધૂર્ત માણસો કંઈપણ રહસ્ય જાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદ—अव्वो सुपहायमिणं—अव्वो सुप्रभातमिदम्—ઓહો ! આ સુપ્રભાત છે.

આદર- अव्वो अज्जऽम्ह सप्फलं जीअं—अव्वो अद्य अस्माकं सत्फलं जीवितम् અહો ! આજે અમારું જીવિત સાફળવાળું.

ભય—अव्वो अइअम्मि तुमे नवरं जइ सा न जूरिहिइ ।

अव्वो अतीते त्वयि नवरं यदि सा न जूरिष्यते—ઓ ! તારા ગયા પછી જો તેણી ખેદ ન કરે તો.

ખેદ—अव्वो न जामि छेत्तं—अव्वो न यामि क्षेत्रम्—ખેદ છે કે હું ખેતરમાં નહીં જાઉં.

વિષાદ—अव्वो नासेंति दिहिं, पुलयं वड्ढेन्ति, देन्ति रणरणयं ।
एण्हि तस्सेअ गुणा ते च्चिअ अव्वो कह णु एअं ॥
अव्वो नाशयन्ति धृतिं, पुलकं वर्धन्ते, ददति रणरणकम् ।
इदानीं तस्येति गुणाः ते एव अव्वो कथं नु एतत् ? ॥

અહો ! ધૈર્યનો નાશ કરે છે, રોમાંચ વધારે છે અને ઉત્કંઠાને વેગ આપે છે—હમણાં તેના એ પ્રમાણે તે જ ગુણો છે—આ કેમ થાય છે ?

પસ્તાવો—अव्वो तह तेण कया अहयं जह कस्स साहेमि ।
अव्वो तथा तेन कृता अहं यथा कस्य कथयामि—તેણે મને તેવા પ્રકારની કરી નાખી કે હું કોની પાસે જઈને કહું ?

## अइ संभावने ॥८।२।२०५॥

સંભાવના અર્થમાં अइ અવ્યયનો પ્રયોગ કરવો.

अइ दिअर ! किं न पेच्छसि !—अयि देवर ! किं न प्रेक्षसे—અરે દિયર ! શું તું જોતો નથી ? અથાવા તું કેમ જોતો નથી ?

## वणे निश्चय—विकल्प—अनुकम्प्ये च ॥८॥२॥२०६॥

નિશ્ચય, વિકલ્પ, અનુકંપનીય અને સંભાવના એ ચાર અર્થોમાં वणे અવ્યયનો પ્રયોગ કરવો.

નિશ્ચય—वणे देमि-वणे ददामि—ભણે, ચોક્કસ આપું છું.

વિકલ્પ—होइ वणे न होइ—भवति वा न भवति—તે થાય કે ન થાય.

અનુકંપ્ય—दासो वणे न मुच्चइ—दासः वणे न मुच्यते—ભણે, દાસ અનુકંપનીય છે. માટે તેને છોડી દેવો ન જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભાવના—नत्थि वणे जं न देइ विहिपरिणामो—नास्ति वणे यत् न ददाति विधिपरिणामः—संभाव्यते एतद् इत्यर्थः—ભણે, વિધિનું પરિણામ જે ન આપે એવું કંઈ નથી, બધું આપે એ સંભવિત છે.

## मणे विमर्शे ॥८।२।२०७॥

विमर्श—વિચાર—અર્થમાં मणे અવ્યયનો પ્રયોગ કરવો.

मणे सूरे—मणे सूर्यः—શું સૂર્ય છે? —અથવા मणे शूरः શું શૂરો છે?

બીજા વૈયાકરણો આ અવ્યયનો 'मन्ये—હું માનું છું' એવો અર્થ પણ ઇચ્છે છે.

## अम्मो आश्चर्ये ॥८।२।२०८॥

આશ્ચર્ય અર્થમાં अम्मो અવ્યયનો પ્રયોગ કરવો.

अम्मो कह पारिज्जइ—अम्मो कथं पार्यते—આશ્ચર્ય છે કે કેવી રીતે પાર પામી શકાય? અથવા તે કેવી રીતે પૂરું કરી શકાય?

## स्वयमः अर्थे अप्पणो न वा ॥८॥२।२०९॥

अप्पणो અવ્યયને 'સ્વયં' અર્થમાં વિકલ્પે વાપરવું.

वि सयं विअसंति अप्पणो कमलसरा—अपि स्वयं विकसन्ति अप्पणो कमलसरांसि—કમળવાળાં સરોવરો પોતાની મેળે વિશદ રીતે વિકાસ પામે છે. અથવા विशदं विकसन्ति બહુ સ્પષ્ટ રીતે વિકાસ પામે છે.

अप्पणो ને બદલે स्वयम् અવ્યય પણ વપરાય છે—

सयं चेव मुणसि करणिज्जं—स्वयमेव जानासि करणीयम्—તારી મેળે જ તું તારું કર્તવ્ય જાણે છે.

## प्रत्येकमः पाडिक्कं पाडिएक्कं ॥८।२।२१०॥

પ્રત્યેક અર્થમાં पाडिक्कं અને पाडिएक्कं એ બે અવ્યયોનો પ્રયોગ વિકલ્પે થાય છે અને पत्तेअं શબ્દ પણ વપરાય છે.

पाडिक्कं, पाडिएक्कं, पत्तेअं—પ્રત્યેક—એકેક—એકેએક—દરેક

## उअ पश्य ॥८।२।२११॥

पश्य અર્થમાં उअ અવ્યય વિકલ્પે વાપરવુ અને उअ ન વપરાય ત્યારે उअ ને બદલે पास(पश्य) અને पुलअ (प्रलोकस्व) એવા શબ્દો પણ વપરાય છે.

उअ निच्चल—निप्फंदा भिसिणी—पत्तम्मि रेहइ बलाया ।
निम्मल—मरगय—भायण—परिट्ठिआ सङ्ख—सुत्ति व्व ॥ [ કાવ્યપ્રકાશ બીજો ઉલ્લાસ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत–पश्य, निश्चल–निष्पन्दा बिसिनी–पत्रे राजते बलाका ।
निर्मल–मरकत–भाजन–प्रतिष्ठिता शङ्खशुक्तिरिव ॥

—જુઓ, કમલિનીના પત્ર ઉપર, ગતિ વગરની તથા કંપ વિનાની સ્થિર બલાકા–બગલી–શોભે છે, જાણે કે, ચોખ્ખા મરકતના પાત્રમાં મૂકેલી શંખની છીપ ન હોય.

## इहरा इतरथा ॥ ८।२।२१२॥

इतरथा–अन्यथा–તે વગર–અર્થમાં इहरा અવ્યય વિકલ્પે વાપરવું; એટલે કે જ્યારે इहरा ન વપરાય ત્યારે इअरहा પણ વપરાય છે.

इहरा नीसामन्नेहिं–इतरथा निःसामान्यैः–નહિ તો નિરંતર સામાન્ય લોકો વડે અથવા વિશેષો વડે.

इअरहा–इतरथा–अन्यथा–નહીં તો

## एक्कसरिअं झगिति संप्रति ॥८।२।२१३॥

'શીઘ્ર–ઝટ' અને 'સંપ્રતિ–વર્તમાનકાળે' અર્થમાં एक्कसरिअं અવ્યય વપરાય છે,

एक्कसरिअं–એકસપાટે=એકસાથે–ઝટ અથવા વર્તમાન સમયમાં–હમણાં

## मोरउल्ला मुधा ॥८।२।२१४॥

મુધા–ફોગટ–અર્થમાં मोरउल्ला અવ્યય વપરાય છે.

मोरउल्ला–મુધા–ફોગટ.

## दर अर्ध-अल्पे ॥८।२।२१५॥

'અર્ધ–અડધું'–અર્થમાં અને 'ईषत्–અલ્પ' અર્થમાં दर અવ્યયનો પ્રયોગ કરવો.

दर-विअसिअं–अर्धोन, ईषद् वा बिकसितम्–અર્ધ વિકસિત અથવા ઓછું વિકસિત

## किणो प्रश्ने ॥८।२।२१६॥

'પ્રશ્ન' અર્થમાં किणो અવ્યય વપરાય છે.

किणो धुवसि–किणो धुनोषि–કેમ કંપે છે–ધૂણે છે ?

किम् શબ્દનું પંચમીનું એકવચન પણ किणो થાય છે. ।८।३।६८। किणो–શાથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इ–जे–राः पादपूरणे ॥८।२।२१७॥

પાદપૂર્તિ કરવી હોય ત્યાં इ, जे અને र એ ત્રણ અવ્યયોમાંથી ગમે તે એક અવ્યય વપરાય છે.

न उणा इ अच्छीइं–न पुनः इ अक्षीणि–**નહીં. આંખો વળી**
अणुकूलं वोत्तुं जे–अनुकूलम् उक्त्वा जे–**અનુકૂળ કહીને**
गेण्हइ र कलमगोवी–गृह्णाति र कलमगोपी–**કલમી ચોખાની ગોપી–રખેવાળી–ગ્રહણ કરે છે.**

अहो, हंहो, हेहो, हा, नाम, अहह, हीसि, अयि, अहाह, अरि, रि, અથવા अरिरिहो—આ બધા અવ્યયો તો સંસ્કૃતસમ–સંસ્કૃતના અવ્યયોની જેવાં જ–છે. એટલે આ વિશે લખવાની જરૂર નથી.

## प्यादयः ॥८।२।२१८॥

જે જે અર્થમાં નિયત હોય તે તે અર્થમાં पि વગેરે અવ્યયો પ્રાકૃતમાં વાપરવાં. पि અને वि આ બન્ને અવ્યયો अपि–પણ–ના અર્થમાં નિયત છે.

**આચાર્ય હેમચંદ્રે રચેલા સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની**
**સ્વોપજ્ઞ વૃત્તિવાળા આઠમા અધ્યાયના**
**બીજા પાદનો સવિવેચન અનુવાદ પૂરો થયો.**

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અષ્ટમ અધ્યાય

## ( તૃતીય પાદ )

## નામોનાં રૂપોની પ્રક્રિયા

## वीप्स्यात् स्यादेः वीप्स्ये स्वरे मो वा ॥८।३।१॥

वीप्सा ના અર્થ સાથે જે પદ સંબંધ રાખે તે પદ 'વીપ્સ્ય' કહેવાય' એવા વીપ્સ્ય એટલે વીપ્સા સાથે સંબધ રાખનારા પૂર્વ પદ પછી स्यादि વિભક્તિ આવેલ હોય અને તે પછી વીપ્સા ના અર્થ સાથે સંબંધ રાખનારું બીજું પદ આવેલ હોય તો પૂર્વપદને લાગેલી स्यादि વિભક્તિને સ્થાને म् વિકલ્પે બોલવો.

'વાક્યમાં બતાવેલી ક્રિયા દરેક પદાર્થને લાગુ થાય' એવો અર્થ જ્યાં જણાતો હોય તેનું નામ વીપ્સા. અને વીપ્સા સાથે સંબંધ રાખનારું જે પદ હોય તે વીપ્સ્ય.

एक+एकम्=एक+एकं=एकम्-एकं=एक्कमेक्कं અથવા एक्केक्कं-એકયે એકને-દરેકને અર્થાત્ કોઈ બાકી ન રહે એ રીતે.

एकेन+एकेन=एक्केण+एक्कण=एक्कम्+एक्केण=एक्कमेक्केण અથવા एक्केक्केण-એકયે એક વડે-દરેક વડે -કોઈ બાકી ન રહે એ રીતે દરેક વડે

अङ्गे+अङ्गे-अंगे+अंगे=अंगम्-अगम्मि=अगमंगम्मि અથવા अंगांगे-દરેક અંગમાં

## अतः सेः डोः ॥८।३।२॥

નામના છેવટના अ કાર પછી આવેલા પ્રથમાના स् (सि) પ્રત્યયને બદલે ओ (डो) બોલવો.

वच्छ+स्-वच्छ+ओ=वच्छो-वृक्षः-ઝાડ

## वा एतत्-तदः ॥८।३।३॥

एतत् અને तत् શબ્દના अ કાર પછી આવેલા પ્રથમાના એકવચનના स् (सि)-નો ओ (डो) વિકલ્પે કરવો.

एस+स्=एस+ओ=एसो અથવા એસ-આ-એષઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स+सू=स+ओ=सो અથવા स–ते–स:
सो नरो અથવા स नरो–તે પુરુષ–स: नर:

## जस्–शसोः लुक् ॥८।३।४॥

અકારાંત નામને લાગેલા પ્રથમાના તથા દ્વિતીયાના બહુવચનનો લોપ કરવો.
પ્ર૦બ૦—वच्छ+अस्=वच्छा એએ–આ વૃક્ષો–वृक्षाः એતે
દ્વિ૦બ૦—वच्छ+अस्=वच्छे पेच्छ–વૃક્ષોને જો–वृक्षान् प्रेक्षस्व

## अमः अस्य ॥८।३।५॥

અકારાંત નામને છેડે આવેલા બીજના એકવચન अम्ना अनो લોપ કરવો.
वच्छ +अम्–वच्छ+म्=वच्छं पेच्छ–वृक्षं प्रेक्षस्व ઝાડને જો.

## टा–आमोः णः ॥८।३।६॥

અકારાંત નામને લાગેલા તૃતીયાના એકવચન आ (टा)નો અને ષષ્ઠીના બહુવચન आम्नो ण કરવો.
वच्छ+आ=वच्छ+ण=वच्छेण–ઝાડ વડે–वृक्षेण.
वच्छ+आम्=वच्छ+ण=वच्छाण–ઝાડોનું–वृक्षाणाम्.

## भिसो हि हिं हिँ ॥८।३।७॥

અકારાંત નામને લાગેલા તૃતીયાના બહુવચન भिस् પ્રત્યય ને બદલે हि, हिं, તથા हिँ એવા ત્રણ પ્રત્યયો વાપરવા.
वच्छ+भिस्=वच्छ+हि=वच्छेहि–વૃક્ષો વડે–वृक्षैः, वृक्षेभिः.
,, ,, वच्छ+हिं=वच्छेहिं — ,, ,, ,,
,, ,, वच्छ+हिँ=वच्छेहिँ— ,, ,, ,,
वच्छेहिँ कया छाही–વૃક્ષોએ કરેલી છાયા–वृक्षैः कृता छाया।
વેદની ભાષામાં તૃતીયાના બહુવચનમાં वृक्षेभिः રૂપ વપરાય છે

પ્રાકૃતમાં વપરાતો અકારાંત નામને લાગતો તૃતીયાના બહુવચનનો एहि પ્રત્યય અને વેદોની ભાષામાં તૃતીયાના બહુવચનમાં વપરાતો एभिः પ્રત્યય એ બન્ને ઘણા જ સરખા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङसेः त्तो-दो-दु-हि-हिन्तो-लुकः ॥८।३।८॥

અ કારાંત નામને લાગેલા પંચમીના એકવચન अस् (ङसि)ને બદલે પ્રાકૃતમાં त्तो, दो, दु, हि, हिंतो એવા પાંચ પ્રત્યયો વપરાય છે અને ङसिનો લોપ પણ થઈ જાય છે.

वच्छ+अस्–वच्छ+त्तो+वच्छत्तो–ઝાડથી–वृक्षात्
,, ,, –वच्छ+दो=वच्छादो– ,, ,,
,, ,, –वच्छ+दु=वच्छादु– ,, ,,
,, ,, –वच्छ+हि=वच्छाहि– ,, ,,
,, ,, –वच्छ+हिंतो=वच्छाहिंतो– ,, ,,
,, ,, वच्छ–वच्छा– ,, અહીં ङसि નો લોપ થયો છે.

પ્ર૦—वच्छाओ, वच्छाउ વગેરે રૂપોમાં दो અને दु વપરાયેલ નથી પણ ओ અને उ વપરાયેલ છે તો સૂત્રમાં ओ અને उ જ કરવાની જરૂર હતી, दो અને दु શા માટે કર્યા ?

ઉ૦—શૌરસેની વગેરે ભાષાઓમાં પણ આ दो અને दु વપરાય માટે અહીં द કારવાળા ओ અને उ નું વિધાન કરેલું છે. અર્થાત્ શૌરસેની વગેરે ભાષાઓમાં दो અને दु નું વિધાન ફરીવાર ન કરવું પડે માટે અહીં જ તે બન્ને પ્રત્યયોને જણાવેલા છે.

## भ्यसः त्तो दो दु हि हिंतो सुंतो ॥८।३।९॥

अ કારાંત નામને લાગેલા ચતુર્થી વિભક્તિના અને પંચમી વિભક્તિના બહુવચનના भ्यस् પ્રત્યય ને બદલે પ્રાકૃતમાં त्तो, दो, दु, हि, हिंतो અને सुंतो પ્રત્યયો વપરાય છે.

वच्छ+भ्यस्–वच्छ+त्तो–वच्छत्तो–ઝાડો માટે, ઝાડોથી वृक्षेभ्यः
,, ,, –वच्छ+दो–वच्छाओ– ,, ,, ,,
,, ,, –वच्छ+दु–वच्छाउ ,, ,, ,,
,, ,, –वच्छ+हि–वच्छाहि– ,, ,, ,,
वच्छेहि– ,, ,, ,,
,, ,, –वच्छ+हिंतो–वच्छाहिंतो ,, ,, ,,
वच्छेहिंतो ,, ,, ,,
,, ,, –वच्छ+सुंतो–वच्छासुंतो ,, ,, ,,
वच्छेसुंतो ,, ,, ,,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङसः स्सः ॥८।३।१०॥

અકારાંત નામને લાગેલા ષષ્ઠીના એકવચન ङस्‌ને સ્થાને પ્રાકૃતમાં स्स વપરાય છે.

प्रिय+ङस्=पिय+स्स=पियस्स–પ્રિયનું–प्रियस्य
प्रेमन्+ङस्=पेम्म+स्स=पेम्मस्स–પ્રેમનું–प्रेम्णः
उपकुम्भ+अम्=उपकुंभ+स्स=उपकुंभस्स–કુંભની પાસેનું–उपकुम्भम्
उपकुंभस्स सीअलत्तणं–કુંભ પાસેની શીતલતા–उपकुम्भं शैत्यम् ।

## डे म्मि ङेः ॥८।३।११॥

અકારાંત નામને લાગેલા સપ્તમીના એકવચનના ङि પ્રત્યયને બદલે પ્રાકૃતમાં ए કાર (डे) અને म्मि પ્રત્યય એમ બે પ્રત્યય વાપરવા.

वृक्ष+इ–वच्छ+ए–वच्छे–ઝાડ ઉપર કે ઝાડમાં–वृक्षे
,, ,, –वच्छ+म्मि–वच्छम्मि–,, ,, ,, ,,

૮।૩।૧૩૫ સૂત્રના વિધાનથી બીજી વિભક્તિને બદલે તથા ત્રીજી વિભક્તિને બદલે સપ્તમી વિભક્તિ પણ વપરાય છે. આ નીચે એ બીજી વિભક્તિને બદલે થયેલ સપ્તમી વિભક્તિના રૂપનું ઉદાહરણ છે તથા ત્રીજી વિભક્તિને બદલે થયેલ સપ્તમી વિભક્તિના રૂપનું ઉદાહરણ છે:

બીજીને બદલે સપ્તમી

देव+अम्–देव+म्मि–देवम्मि–દેવને
त+अम्–त+म्मि––तम्मि–તેને

ત્રીજીને બદલે સપ્તમી

देव+आ–देव+इन–देव+म्मि–દેવ વડે
त+आ–त+इन–त+म्मि–तम्मि–તે વડે

અહીં देवम्मि અને तम्मि રૂપો બીજી વિભક્તિના અર્થને તથા ત્રીજી વિભક્તિના અર્થને સૂચવે છે.

આ રૂપો દેખાવમાં તો સપ્તમીનાં રૂપો જેવાં જ જણાય છે પણ ૮।૩।૧૩૫ સૂત્ર દ્વારા અહીં देव શબ્દને તથા त શબ્દને લાગેલ દ્વિતીયાના તથા તૃતીયાના સ્થાનમાં સપ્તમી વિભક્તિ વપરાયેલ છે એટલે દેખાવમાં ભલે આ રૂપો સપ્તમીનાં રૂપો જેવાં જણાતાં હોય પણ તેનો અર્થ તો દ્વિતીયાની જેવો તથા તૃતીયાની જેવો સમજવાનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जस्-शस्-ङसि-त्तो-दो-दु-आमि दीर्घः ॥८।३।१२॥

અકારાંત નામને લાગેલ પ્રથમાના બહુવચનનો जस्, દ્વિતીયાના બહુવચનનો शस् અને પંચમીના એકવચનનો ङसि એ બધા પ્રત્યયોની પહેલાંના अ નો દીર્ઘ થાય છે, તથા त्तो, दो, दु અને છઠ્ઠી વિભક્તિના બહુવચનનો आम् પ્રત્યય-એ બધા પ્રત્યયોની પહેલાંના अ નો દીર્ઘ થાય છે.

પ્ર૦ બહુ૦-वृक्ष+जस्=वच्छ+अस्-वच्छा--ઝાડો-वृक्षाः

દ્વિ૦ બહુ૦-वृक्ष+शस्=वच्छ+अस्- ,,-ઝાડોને-वृक्षान्

પં૦ એક૦-वृक्ष-ङसि=वच्छ+अस्-वच्छत्तो, वच्छाओ, वच्छाउ, वच्छाहि, वच्छाहिंतो, वच्छा -ઝાડથી-वृक्षात्

પં૦ બહુ૦-वृक्ष+भ्यस्-वच्छ+त्तो-वच्छत्तो, वच्छात्तो-ઝાડોથી-વગેરે-वृक्षेभ्यः ૮।૧।૮૪ સૂત્રથી હ્રસ્વ થાય છે તેથી वच्छात्तोને બદલે वच्छत्तो રૂપ પણ થયેલ છે.

वृक्ष+भ्यस्=वच्छ+ओ=वच्छाओ-વૃક્ષોથી-वृक्षेभ्यः

,, ,, वच्छ+उ=वच्छाउ ,, ,,

ष. બહુ૦-वृक्ष+आम्=वच्छ+ण=वच्छाण=વૃક્ષોનું-वृक्षाणाम्

પ્ર૦-સૂત્રમાં ङसि મૂકવાથી તેના આદેશરૂપ त्तो, दो, दु આવી જવાના જ છે તો તેમને સૂત્રકારે અલગ શા કારણે નોંધ્યા ?

ઉ૦-ङसि પંચમીનું એકવચન છે અને આ સૂત્રમાં પંચમીના બહુવચનના પ્રત્યયોને પણ લેવાના છે તેથી જુદા ન જણાવ્યા હોય તો 'ङसि' કહેવાથી પંચમીના બહુવચનના પ્રત્યયો ન જ આવી શકે.

કદાચ 'તંત્ર'ના ન્યાય વડે પંચમીના એકવચનના તથા પંચમીના બહુવચનના પ્રત્યયો અક્ષરોની સમાનતાની અપેક્ષાએ સરખા હોવાથી ङसि ના નિર્દેશ દ્વારા પંચમીના બહુવચનના त्तो, दो, दु અહીં લઈ શકાય ખરા, પણ અહીં त्तो दो અને दु નો જુદો નિર્દેશ કરીને સૂત્રકારને એવું સૂચવવું છે કે પંચમીના બહુવચન भ्यस् ને બદલે જે त्तो, दो, दु વપરાય છે તે જ્યારે અકારાંત નામને લાગે ત્યારે અકારાંત નામના અંત્ય अ નો દીર્ઘ જ થાય. પણ ए ન થાય.

સૂત્રમાં બતાવેલ ङसिના નિર્દેશથી त्तो दो दु આ સૂત્રમાં આવી જાય એમ ભલે કદાચ માની શકાય પણ ખાસ ઉપર જણાવેલ હકીકતને સૂચવવા આ સૂત્રમાં त्तो दो दु એ ત્રણ પ્રત્યયોનો જુદો નિર્દેશ કરવામાં આવેલ છે એમ આચાર્યનો અભિપ્રાય લાગે છે, તાત્પર્ય એ છે કે કોઈ પણ અકારાંત નામના પંચમીના બહુવચનમાં भ्यस् પ્રત્યય લાગતાં वच्छत्तो, वच्छाओ, वच्छाउ એવાં જ રૂપો થાય. પણ वच्छेत्तो, वच्छेओ અને वच्छेउ એવા રૂપો ન જ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भ्यसि वा ॥८।३।१३॥

भ्यस् પ્રત્યયના આદેશરૂપ हिंतो, सुंतो, हि પ્રત્યયો જે અકારાંત નામને લાગેલા હોય તે નામના અંતના અકારનો વિકલ્પે દીર્ઘ થાય છે.

वृक्ष+भ्यस्=वच्छ+हिंतो=वच्छाहिंतो, वच्छेहिंतो—વૃક્ષોથી—वृक्षेभ्यः
　　वच्छ+सुंतो=वच्छासुंतो, वच्छेसुंतो—　,,　,,
　　वच्छ+हि=वच्छाहि, वच्छेहि—　,,　,,

## टाण-शसि एत् ॥८।३।१४॥

અકારાંત નામને टाનો આદેશ ण અને शस् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે નામના છેડાના अનો ए થાય છે.

वृक्ष+टा=वच्छ+ण=वच्छेण—વૃક્ષ વડે—वृक्षेण

वृक्ष+शस्=वच्छ+अस्=वच्छे—વૃક્ષોને—वृक्षान्. આ वच्छे રૂપમાં ८।३।४ સૂત્રથી शस्નો લોપ થયો છે.

　　वच्छे पेच्छ—વૃક્ષોને જો—वृक्षान् प्रेक्षस्व

अप्पणा, अप्पणिआ, अप्पणइआ—આ રૂપોમાં टा નો ण નથી પણ टा નો णा, णिआ અને णइआ છે તેથી આ નિયમ ન લાગે.

## भिस्-भ्यस्-सुपि ॥८।३।१५॥

ત્રીજી વિભક્તિનું બહુવચન भिस्, ચતુર્થીનું તથા પંચમીનું બહુવચન भ्यस् અને સપ્તમીનું બહુવચન सुप्—એ પ્રત્યયો લાગ્યા હોય તો નામના છેડાના अ નો ए થઈ જાય છે.

તૃ૦ બ૦—वृक्ष+भिस्—वच्छ+हि—वच्छेहि—વૃક્ષો વડે—वृक्षेभिः, वृक्षैः
　　वृक्ष+भिस्+वच्छ+हिँ=वच्छेहिँ—　,,　,,
　　वृक्ष+भिस्=वच्छ+हिं-वच्छेहिं—　,,　,,
ચ૦ બ૦—वृक्ष+भ्यस्=वच्छ+हिंतो=वच्छेहिंतो—વૃક્ષો—માટે,—वृक्षेभ्यः
　　वृक्ष+भ्यस्=वच्छ+सुंतो=वच्छेसुंतो+　,,　,,　,,
પં૦ બ૦—वृक्ष+भ्यस्=वच्छ+हि=वच्छेहि—વૃક્ષોથી—　,,　,,
　　वृक्ष+भ्यस्=वच्छ+हिंतो=वच्छेहिंतो—　,,　,,　,,
　　वृक्ष+भ्यस्=वच्छ+सुंतो=वच्छेसुंतो—　,,　,,　,,
સ૦ બ૦—वृक्ष+सु=वच्छ+सु=वच्छेसु—વૃક્ષોમાં—वृक्षेषु

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## इदुतः दीर्घः ॥८।३।१६॥

તૃતીયા બહુવચન भिस्, પંચમી બહુવચન भ्यस् અને સપ્તમી બહુવચન सु,-આ પ્રત્યયો લાગ્યા હોય તો તેમની પૂર્વના-પહેલાંના-નામના છેડાના इ અને उ દીર્ઘ થાય છે.

### इ નો દીર્ઘ

भिस्—गिरि+भिस्-गिरि+हिं-गिरीहिं-પર્વતો વડે-गिरिभिः-નર૦
बुद्धि+भिस्-बुद्धि+हिं-बुद्धीहिं.-બુદ્ધિઓ વડે-बुद्धिभिः-નારી૦
दधि+भिस्-दहि+हिं-दहीहिं-જુદા જુદા પ્રકારનાં દહીં વડે-दधिभिः-નપું૦

### उ નો દીર્ઘ

भिस्—तरु+भिस्-तरु+हिं-तरूहिं-ઝાડો વડે-तरुभिः-નર૦
धेनु+भिस्-धेणु+हिं-धेणूहिं-ગાયો વડે-धेनुभिः-નારી૦
मधु+भिस्-महु+हिं-महूहिं-જુદી જુદી જાતનાં મધ વડે-मधुभिः-નપું૦

### इ નો દીર્ઘ

भ्यस्— गिरि+भ्यस्-गिरि+ओ-गिरीओ-પર્વતોથી-गिरिभ्यः-નર૦
गिरि+भ्यस्-गिरि+हिंतो-गिरीहिंतो- ,, ,, ,,
गिरि+सुंतो-गिरीसुंतो- ,, ,, ,,
बुद्धि+भ्यस्-बुद्धि+ओ-बुद्धीओ-બુદ્ધિઓથી-बुद्धिभ्यः-નારી૦
दधि+भ्यस्-दहि+ओ-दहीओ-દહીંઓથી-दधिभ्यः-નપું૦

### उ નો દીર્ઘ

भ्यस्—तरु+भ्यस्-तरु+ओ-तरूओ-તરુઓથી-तरुभ्यः- નર૦
धेनु+भ्यस्=धेणु+ओ-धेणूओ-ગાયોથી-धेनुभ्यः-નારી૦
मधु+भ्यस्=महु+ओ=महूओ- મહુડાંથી-मधुभ्यः-નપું૦

### इ નો દીર્ઘ

सु—गिरि+सु-गिरीसु-પર્વતોમાં-गिरिषु-નર૦
बुद्धि+सु-बुद्धीसु-બુદ્ધિઓમાં-बुद्धिषु-નારી૦
दधि+सु-दहीसु-દહીંઓમાં-दधिषु-નપું૦

### उ નો દીર્ઘ

सु—तरु+सु=तरूसु-વૃક્ષોમાં-तरुषु-નર૦
धेनु+सु=धेणूसु-ગાયોમાં-धेनुषु-નારી૦
मधु+सु=महूसु-મહુડાંમાં-मधुषु-નપું૦

બહુલં અધિકારને લીધે આ નિયમ ક્યાંય લાગતો પણ નથી, જેમકે—दिअभूमिसु दाणजलोल्लिआइं-દ્વિજની ભૂમિઓમાં દાનરૂપ જલથી ભીનાં થયેલાં-द्विजभूमिषु दानजलार्द्रितानि.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાક્યમાં મૂમીસુ રૂપ થયું નથી પણ મૂમિસુ જ રહેલ છે.

वच्छेहिं, वच्छेसुंतो, बच्छेसु—આ રૂપોમાં પ્રત્યયની પહેલાં इ કાર કે उ કાર નથી તેથી દીર્ઘ ન થયો.

गिरिं, तरुं पेच्छ—આ રૂપોમાં બીજી વિભક્તિનું એકવચન છે, भिस्, भ्यस् કે सुप् પ્રત્યયો જ નથી. તેથી આ નિયમ ન લાગે.

## चतुरो वा ॥८।३।१७॥

भिस्, भ्यस्, सुप् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે चतुर् શબ્દના उ નો દીર્ઘ વિકલ્પે થાય છે.

चतुर्+भिस्—चउ+हि—चऊहि, चउहि—ચાર વડે—चतुर्भिः

चतुर्+भ्यस्—चउ+ओ—चऊओ, चउओ—ચારથી—चतुर्भ्यः

चतुर्+सु—चउ+सु—चऊसु, चउसु—ચારમાં—चतुर्षु

તૃતીયાના બહુવચન भिस्‌ના અને ચતુર્થીના બહુવચન તથા પંચમીના બહુવચન भ्यस्‌ના જે આદેશો બતાવેલા છે તે તમામ આદેશોમાં પણ આ નિયમ લાગે છે, ઉદાહરણ તો માત્ર એક જ આદેશનું બતાવેલ છે.

## लुप्ते शसि ॥८।३।१८॥

બીજીના બહુવચન शस् નો લોપ થઈ ગયા પછી તેની પહેલાંના इ અને उ નો દીર્ઘ થાય છે.

નર૦ गिरि+शस्=गिरी—પર્વતોને જો गिरीन् प्रेक्षस्व

નારી૦—बुद्धि+शस्=बुद्धी—બુદ્ધિઓને જો=बुद्धीः ,,

નર૦—तरु+शस्+तरू—ઝાડોને જો—तरून्— ,,

નારી૦—धेनु+शस्—धेणू पेच्छ— ગાયોને જો—धेनूः प्रेक्षस्व

गिरिणो, तरुणो पेच्छ આ પ્રયોગમાં शस् નો લોપ થયો નથી પણ शस् નો णो થયો છે એટલે રૂપાન્તરની અપેક્ષાએ આ રૂપમાં शस् વિદ્યમાન જ છે એટલે આ નિયમ ન લાગે.

वच्छे पेच्छ—वृक्षान् प्रेक्षस्व—આ રૂપમાં શસ્‌ની પહેલાં इ કાર તથા उકાર નથી પણ अ કાર છે.

પ્ર૦—गिरि, बुद्धि વગેરેમાં शेषे अदन्तवत् ૮।૩।૧૨૪ ના નિયમથી ૮।૩।૧૨ સૂત્ર વડે દીર્ઘ થઈ જશે તો આ સૂત્ર શા માટે બનાવ્યું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—આ સૂત્ર બનાવીને આચાર્ય એમ જણાવે છે કે ૮।૩।૧૨ મું સૂત્ર ખાસ કરીને છેડે અવાળા નામને જ લાગે છે પણ સાર્વત્રિક નથી એ સૂચવવા તથા ૮।૩।૧૨ મું સૂત્ર પ્રયોગાનુસારે લાગે છે એ સૂચવવા અને इ કાર, उ કારનો દીર્ઘ નિયમિત થાય જ એ સૂચવવા આ સૂત્ર જુદું રચેલું છે.

પ્ર૦—આ સૂત્રમાં 'शसि' એટલું જ પૂરતું છે, लुप्त નું શું કામ છે ?

ઉ૦—लुप्त ન મૂકે તો જે પ્રયોગોમાં शस् નો णो થયેલો છે તે પ્રયોગોમાં પણ આ નિયમ લાગી જશે અર્થાત् शस् નો णो થયો હોય ત્યાં પણ આ નિયમ ન લાગે અર્થાત् જે રૂપોમાં शस् કોઈ પણ રીતે હયાત ન હોય પણ शस् નો લોપ જ થયો હોય એટલે કોઈ પણ રીતે રૂપાંતર વડે પણ शस् હયાત હોય જ નહીં ત્યાં જ આ નિયમ લાગે—એ સમજમાં આવે તે માટે लुप्त શબ્દ મૂકવો પડ્યો છે.

## अक्लीबे सौ ॥८।३।१९॥

નપુંસકલિંગ સિવાય બીજા લિંગવાળાં, અને અંતમાં इ કારવાળાં તથા उ કારવાળાં નામના અંતના इ અને उ નો પ્રથમાના એકવચનમાં દીર્ઘ થઈ જાય છે.

गिरि+स्=गिरी–પર્વત–गिरिः
बुद्धि+स्=बुद्धी–બુદ્ધિ–बुद्धिः
तरु+स्=तरू–ઝાડ–तरुः
धेनु+स्=धेणू–ગાય–धेनुः

दहिं, महुं—આ પ્રયોગમાં નપુંસકલિંગી નામ છે તેથી દીર્ઘ ન થાય.

गिरिं, बुद्धिं, तरुं, धेणुं—આ બધાં રૂપોમાં પહેલી વિભક્તિ જ નથી તેથી દીર્ઘ ન થાય—

કેટલાક વૈયાકરણો अग्गि, निहिं, वाउं, विहुं—એ રૂપોને પ્રથમાના એકવચનનાં માને છે અને તેની સાધના આ પ્રમાણે બતાવે છે.

નપુંસકલિંગ સિવાયના બીજા લિંગમાં પણ इकारांत તથા उ કારાંત નામોને પહેલીના એકવચનનો सि પ્રત્યય લાગ્યો હોય ત્યારે અંતના इ અને उ નો દીર્ઘ વિકલ્પે કરવો અને દીર્ઘ ન થાય ત્યારે सि ને બદલે म् નું ઉચ્ચારણ કરવું.

अग्गि–अग्निः । निहिं–निधिः । वाउं–वायुः । विहुं–विधुः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पुंसि जसो डउ डओ वा ॥८।३।२०॥

નરજાતિમાં હ્રસ્વ इ કારાંત અને હ્રસ્વ उ કારાંત નામથી લાગેલા પ્રથમાના બહુવચન जस्‌ને બદલે अउ (डउ) અને अओ (डओ) પ્રત્યયો વિકલ્પે લગાડવા.

अग्नि+जस्=अग्गि+अस्=अग्गि+अउ=अग्गउ, अग्नयः–અગ્નિઓ

अग्गि+अस्=अग्गि+अओ=अग्गओ— ,, ,, ,,

वायु+जस्=वायु+अउ=वायउ –વાયુઓ–वायवः ,, ,, ,,

वायु+अओ=वायओ–વાયુઓ– ,, ,, ,, ,,

જ્યારે આ આદેશો ન થાય ત્યારે अग्गिणो અને वाउणो રૂપ થાય, જુઓ, ૮।૩।૨૨ અને शेषेऽदन्तवत् ૮।૩।૧૨૪ના નિયમ વડે अग्गि+जस्–अग्गी, वायु+जस्=वाऊ એવાં રૂપો પણ થાય, જુઓ, ૮।૩।૪.

જે જે નિયમો अ કારાંત નામને માટે કહ્યા છે તે બધા इ કારાંત અને उકારાંત નામને પણ લગાડવાના છે એવો અર્થ शेषेऽदन्तवत्‌નો છે એ બાબતમાં વિસ્તારથી ઉદાહરણો ૮।૩।૧૨૪ સૂત્રમાં આવનારાં છે.

बुद्धीओ, धेणूओ—આ રૂપો સ્ત્રીલિંગી છે. તથા दहीइं, महूइं—આ રૂપો નપુંસકલિંગી છે. તેથી આ નિયમ ન લાગે.

अग्गी, वाऊ—આ પ્રયોગમાં પહેલી વિભક્તિનું એકવચન છે તેથી આ નિયમ ન લાગે.

अग्गी, अग्गीणो, वाऊ, वाऊणो पेच्छइ–આ પ્રયોગોમાં બીજી વિભક્તિનું બહુવચન છે તેથી આ નિયમ ન લાગે. अग्गीणो–અગ્નિઓને જુએ છે અને वाऊणो વાયુઓને જુએ છે.

वच्छा રૂપમાં મૂળ શબ્દ वच्छ એવો अ કારાંત છે તેથી તેમાં અંતે इ કાર જ નથી એટલે આ નિયમ ન લાગે.

## वा उतो डवो ॥८।३।२१॥

પુંલિંગવાળા હ્રસ્વ उ કારાંત નામને લાગેલા પ્રથમાના બહુવચનના जस्‌ને બદલે अवो પ્રત્યય વિકલ્પે વાપરવો.

साधु+जस्=साहु+अवो=साह+अवो=साहवो-સાધુઓ–साधवः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે અવો ન થાય ત્યારે-साहओ, साहउ-માં ૮।૩।૨૦ સૂત્ર લાગે. साहू રૂપ ૮।૩।૪ સૂત્રથી થાય તથા साहुणो ૮।૩।૨૨ સૂત્રથી થાય.

वच्छा રૂપમાં મૂળ નામમાં उ કાર જ નથી.

घेणू, महूइं પ્રયોગોનાં નામો પુંલિંગી જ નથી.

साहू, साहुणो पेच्छ-साधून् प्रेक्षस्व-સાધુઓને જો-આ પ્રયોગમાં પહેલી વિભક્તિનું બહુવચન નથી પણ બીજીનું બહુવચન છે.

## जस्-शसोः णो वा ॥८।३।२२॥

પુંલિંગવાળા હ્રસ્વ इ કારાંત નામને લાગેલા जस् તથા शस् પ્રત્યયને બદલે णो પ્રત્યય વિકલ્પે વાપરવો અને પુંલિંગવાળા હ્રસ્વ उ કારાંત નામને લાગેલા जस् અને शस् ને બદલે णो પ્રત્યય વિકલ્પે વાપરવો.

गिरि+जस्-गिरि+णो-गिरिणो रेहंति-પહાડો શોભે છે. गिरयः राजन्ते
तरु+जस्-तरु+णो-तरुणो रेहंति-ઝાડો શોભે છે-तरवः राजन्ते
गिरि+शस्-गिरि+णो-गिरिणो पेच्छ-પહાડોને જો-गिरीन् प्रेक्षस्व
तरु+शस्-तरु+णो=तरुणो पेच्छ-ઝાડોને જો-तरून् प्रेक्षस्व

જ્યારે णो ન થાય ત્યારે गिरी અને तरू રૂપો થાય છે.

दहीइं, महूइं—આ રૂપો પુંલિંગી નથી.

गिरिं, तरुं—આ પ્રયોગમાં जस्, शस् પ્રત્યય નથી.

वच्छा, वच्छे—આ રૂપોમાં મૂળ શબ્દ इ કારાંત કે उ કારાંત નથી.

ઇકારાંત નામને લાગેલા जस्ने णो થાય અને ઉકારાંત નામને લાગેલા शस्ने णो થાય એવો અનુક્રમવાળો અર્થ ન થાય માટે સૂત્રમાં जस-शसोः એમ દ્વિવચન મુકેલ છે અર્થાત્ ઈકારાંતને લાગેલા जस् તથા शस् નો णो થાય તથા उ કારાંતને લાગેલા जस् તથા शस् નો णो થાય એમ જ સ્પષ્ટ અર્થ સમજવાનો છે.

## ङसि-ङसोः पुं-क्लीबे वा ॥८।३।२३॥

પુંલિંગી અને નપુંસકલિંગી હ્રસ્વ इ કારાંત અને હ્રસ્વ उ કારાંત નામને લાગેલા પંચમી વિભક્તિના એકવચનને બદલે અને ષષ્ઠીના એકવચનને બદલે णो વિકલ્પે વાપરવો.

પુંલિંગી-इ—गिरि+ङसि-गिरि+णो=गिरिणो आगओ-પહાડથી આવ્યો-गिरेः आगतः
गिरि+ङस्-गिरि+णो=गिरिणो विआरो-પહાડનો વિકાર-गिरेः विकारः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ—तरु+ङसि–तरु+णो=तरुणो आगओ–ઝાડ પાસેથી આવ્યો–तरोः आगतः
तरु+ङस्–तरु+णो=तरुणो विआरो–ઝાડનો વિકાર–तरोः विकारः

નપુંસક–इ—दधि+ङसि–दहि+णो–दहिणो आगओ–દહીં પાસેથી આવ્યો–दध्नः आगतः
दधि+ङस्–दहि+णो–दहिणो विआरो—દહીંનો વિકાર– दध्नः विकारः
मधु+ङसि–महु+णो–महुणो आगओ–મધુથી આવ્યો–मधुनः आगतः
मधु+ङस्–महु+णो–महुणो विआरो–મધુનો વિકાર–मधुनः विकारः

જ્યારે આ णो પ્રત્યય ન લાગે ત્યારે इ કારાંત નામના પંચમીના એકવચનમાં गिरीओ, गिरीउ, गिरीहिंतो રૂપો થાય છે અને उ કારાંત નામમાં तरूओ, तरूउ, तरूहिंतो રૂપ થાય છે.

णो ન થાય ત્યારે ષષ્ઠીના એકવચનમાં गिरिस्स, तरुस्स રૂપો થાય છે.

गिरिणा, तरुणा कयं–गिरिणा तरुणा कृतम्–આ વાક્યમાં ङसि તથા ङस् પ્રત્યય જ નથી પણ તૃતીયાનું એકવચન છે. તેથી આ નિયમ ન લાગે.

बुद्धीअ, धेणूअ लद्धं समिद्धी वा–બુદ્ધિથી અને ગાયથી પ્રાપ્ત કર્યું અને બુદ્ધિની તથા ગાયની સમૃદ્ધિ–આ વાક્યમાં પુંલિંગ કે નપુંસકલિંગ નથી પણ સ્ત્રીલિંગ છે. તેથી આ નિયમ ન લાગે.

कमलाओ, कमलस्स–કમળથી, કમળનું—આ રૂપોમાં મૂળ શબ્દ कमल છે અને તે નપુંસકલિંગી પણ છે છતાં મૂળ શબ્દને છેડે इ કાર કે उ કાર નથી તેથી આ નિયમ ન લાગે.

## टो णा ॥८।३।२४॥

પુંલિંગી અને નપુંસકલિંગી इ કારાંત અને उ કારાંત નામને લાગેલા टा ને બદલે णा વાપરવો.

પુંલિંગ—गिरि+टा–गिरि+णा–ગિરિ વડે–गिरिणा
गामणि+टा–गामणि+णा ગામના મુખિયા વડે–ग्रामण्या
खलपु+टा–खलवु+णा–ખળાને સાફ કરનાર વડે–खलप्वा
तरु+टा–तरु+णा—ઝાડ વડે–तरुणा

નપુંસક—दहि+टा–दहि+णा–દહીં વડે–दध्ना
महु+टा–महु+णा–મધુ વડે–मधुना

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गिरी, तरू, दहिं, महुं—આ રૂપોમાં ટા વિભક્તિ જ નથી, પણ પ્રથમા વિભક્તિ છે તેથી આ નિયમ ન લાગે.

बुद्धीअ, घेणूअ—આ રૂપોમાં પુંલિંગી કે નપુંસકલિંગી નામ નથી પણ સ્ત્રી-લિંગી છે તેથી આ નિયમ ન લાગે.

कमलेण—રૂપમાં મૂળ શબ્દ ઇકારાંત નથી, પણ અકારાંત છે તેથી આ નિયમ ન લાગે.

## क्लीबे स्वरात् म् सेः ॥८।३।२५॥

નપુંસકલિંગી સ્વરાંત નામને લાગેલા પ્રથમાના એકવચન સિને બદલે મ્ વાપરવો.

वन+स्=वण+म्=वणं—वन—वनम्

प्रेम+स्=पेम्म+म्=पेम्मं—प्रेम—प्रेम

दधि+स्=दहि+म्=दहिं—દહીં—दधि

मधु+स्=महु+म्=महुं—મધુ—मधु

સંસ્કૃતમાં પ્રથમાના એકવચનમાં दधि અને मधु રૂપો થાય છે. એ રૂપો ઉપરથી વર્ણપરિવર્તનના નિયમ દ્વારા પ્રાકૃતમાં પણ दहि, महु રૂપો સાધી શકાય છે જુઓ ૮।૧।૧૮૭.

કેટલાક વૈયાકરણો મ્‌ને બદલે અનુનાસિક વાપરવાની પણ ભલામણ કરે છે, એમના મતમાં-दहिँ, महुँ એવાં રૂપો પણ પ્રથમાના એકવચનમાં થાય છે.

बालो પુંલિંગ છે, बाला સ્ત્રીલિંગ છે તેથી આ બન્ને રૂપો નપુંસકલિંગી નથી તેથી આ નિયમ ન લાગે.

સૂત્રમાં स्वरात् જણાવ્યાથી અહીં તમામ સ્વરાંત નામો સમજવાં પણ ઉપરના સૂત્રની જેમ માત્ર ઇકારાંત કે ઉકારાંત જ ન સમજવાં.

## जस्-शसः इँ-इं-णयः सप्रागदीर्घाः ॥८।३।२६॥

નપુંસકલિંગી નામને લાગેલા પ્રથમાના બહુવચનને અને દ્વિતીયાના બહુ-વચનને બદલે અનુનાસિક इँ, અનુસ્વારવાળો इं અને णि પ્રત્યયો વપરાય છે. તેમજ આ ત્રણે પ્રત્યયોની પૂર્વે આવેલા સ્વરનો દીર્ઘ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अ નો आ—

इँ—ज+जस्=ज+इँ=जाइँ—જેઓ—यानि

त+जस्=त+इँ=ताइँ—તેઓ—तानि

वचन+जस्=वयण+इँ=वयणाइँ—વચનો—वचनानि

जाइं वयणाइँ अम्हे—જે વચનો અમારાં—यानि वचनानि अस्माकम्

इं—पङ्कज+जस्=पंकयइं=पंकयाइं—કમળો—पङ्कजानि

पङ्कज+शस्=पंकय+इं=पंकयाइं—કમળોને— ,,

उम्मीलंति पंकयाइं चिट्ठंति पेच्छ वा—ખીલતાં કમળો છે અથવા ખીલતાં કમળોને જુઓ.

उन्मीलन्ति पङ्कजानि तिष्ठन्ति, प्रेक्षस्व वा

इ નો ई—

दधि+जस्=दहि+इं=दहीइं—દહીંઓ—दधीनि

दधि+शस=दहि+इं=दहीइं—દહીંઓને— ,,

उ નો ऊ—

मधु+जस्=महु+इं=महूइं—મહુડાં—मधूनि

मधु+शस्=महु+इं=महूइं—મહુડાંને—मधूनि

णि—पङ्कज+जस् | पङ्कज+शस् =पंकय+णि=पंकयाणि—કમળો, કમળોને—पङ्कजानि

दधि+जस् | शस् दहि+णि=दहीणि—જુદી જુદી જાતનાં દહીંઓ તથા જુદી જુદી જાતનાં દહીંઓને—दधीनि

मधु+जस् | शस् =महु+णि=महूणि—જુદી જુદી જાતનાં મધ તથા જુદી જુદી જાતનાં મધોને—मधूनि

वच्छा, वच्छे—આ રૂપોમાં મૂળ નામ નપુંસકલિંગી નથી તેથી આ નિયમ ન લાગે.

सुहं રૂપમાં जस् કે शस् પ્રત્યય જ નથી પણ પ્રથમાના એકવચનનો પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે.

## स्त्रियाम् उद्–ओतौ वा ॥८।३।२७॥

નારીજાતિના નામને લાગેલા પ્રથમાના બહુવચન जस् ના સ્થાનમાં उ અને ओ વપરાય છે તથા દ્વિતીયાના બહુવચન शस्ના સ્થાનમાં પણ उ અને ओ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વપરાય છે. આ उ અને ओ પ્રત્યયની પહેલાંનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ કરવો.

| | | |
|---|---|---|
| माला+जस् | -माला+उ=मालाउ, मालाओ | માળાઓ माला: |
| शस् | -माला+ओ=मालाउ, मालाओ | માળાઓને ,, |
| बुद्धि+जस् | -बुद्धि+उ=बुद्धीउ, बुद्धीओ | -વિવિધ પ્રકારની બુદ્ધિઓ-बुद्धय: |
| शस् | -बुद्धि+ओ=बुद्धीउ, बुद्धीओ | -વિવિધ પ્રકારની બુદ્ધિઓને-बुद्धी: |
| सखि+जस्=सही+उ=सहीउ-सही+ओ-सहीओ | | સખીઓ-सखाय: |
| शस्=सही+उ सहीउ-सही+ओ-सहीओ | | સખીઓને-सखी: |
| धेणु+जस्=धेणु+उ=धेणूउ, धेणु+ओ | | ધેણૂઓ-ગાયો-धेनव: |
| धेणु+शस्=धेणू+उ, धेणूउ=धेणू+ओ-धेणूओ | | ગાયોને-धेनू: |
| वधू+जस्=वहु+उ-वहूउ वहु+ओ-वहूओ | | વહૂઓ वध्व:, |
| वहू+शस्=वहूउ, वहूओ | | વહૂઓને-वधू: |

જ્યારે उ અને ओ પ્રત્યયો ન વપરાય ત્યારે माला, बुद्धी, सही, धेणू, वहू રૂપો થાય છે.

वच्छा-આ રૂપમાં મૂળ वच्छ શબ્દ નારીજાતિનો શબ્દ નથી, માટે આ નિયમ ન લાગે-वृक्षा:

मालाए कयं-પ્રયોગમાં પ્રથમા તથા દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય નથી, પણ તૃતીયાના એકવચનનો પ્રત્યય છે, તેથી આ નિયમ ન લાગે-मालया कृतम् ।

## ईत: से: च आ वा ॥८।३।२८॥

સ્ત્રીલિંગી એવા દીર્ઘ ઈકારાંત નામને લાગેલ પહેલી વિભક્તિના એકવચનના સ્ને બદલે, પહેલી વિભક્તિના બહુવચનના अस्( जस् )ને બદલે અને બીજી વિભક્તિના બહુવચનના अस्(शस्)ને બદલે आ વિકલ્પે વપરાય છે.

પ્ર૦ એ૦ વ૦—एसा हसंतीआ, हसंती-આ હસતી-एषा हसन्ती

પ્ર૦ બ૦ વ૦-गोरीआ, गोरीओ-ગોરીઓ-गौर्य:

દ્વિ૦ બ૦ વ૦-गोरीआ, गोरीओ-ગોરીઓને-गौरी:

## टा-ङस्-ङे: अद्-आद्-इद्--एद्, वा तु ङसे: ॥८।३।२९॥

સ્ત્રીલિંગી નામને લાગેલા ત્રીજી વિભક્તિના એક વચન टाने બદલે अ, आ, इ અને ए ચાર પ્રત્યયો વપરાય છે અને એમની પહેલાંનો સ્વર દીર્ઘ થઈ જાય છે. એ જ રીતે ષષ્ઠી વિભક્તિના એકવચન ङस् ને બદલે અને સપ્તમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભક્તિના એકવચન ङि० ને બદલે अ, आ, इ અને ए આ ચાર પ્રત્યયો વપરાય છે તથા તેમની પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે.

પંચમી વિભક્તિના એકવચન ङसि ના સ્થાને તો अ, आ, इ અને ए પ્રત્યયો વિકલ્પે વપરાય છે અને એની પહેલાંનો સ્વર દીર્ઘ થઈ જાય છે.

૮।૩।૩૦ સૂત્રમાં નિષેધ કરેલો હોવાથી मुद्धा વગેરે આકારાંત શબ્દોનાં मुद्धाआ વગેરે રૂપો ન થાય માટે તેમને ઉદાહરણમાં જણાવેલ નથી.

આકારાંત નામનાં તૃતીયાનાં, ષષ્ઠીનાં તથા સપ્તમીનાં એકવચનનાં રૂપો–

मुद्धा+टा–मुद्धा+अ=मुद्धाअ–મુગ્ધા વડે–मुग्धया

मुद्धा+इ=मुद्धाइ– ,, ,, ,,

मुद्धा+ए=युद्धाए– ,, ,, ,,

એ જ પ્રમાણે मुद्धिआનાં રૂપો સમજવાં

मुद्धाનું क પ્રત્યયવાળું રૂપ–मुद्धिआ

मुद्धिआ+टा=मुद्धिआअ–મુગ્ધિકા વડે–मुग्धिकया

मुद्धिआ+इ=मुद्धिआइ– ,, ,,

मुद्धिआ+ए=मुद्धिआए– ,, ,,

એ જ રીતે कमलिआનાં રૂપો—

कमलाનું क પ્રત્યયવાળું રૂપ कमलिआ

कमलिआ+टा=कमलिआ+अ=कमलिआअ—કમલિકા વડે— કમલિકયા

कमलिआ+इ=कमलिआइ– ,, ,,

कमलिआए+=कमलिआए ,, ,,

એ જ રીતે હ્રસ્વ इકારાંતના રૂપો સમજવાં

इકારાંત—बुद्धि+टा=बुद्धि+अ=बुद्धीअ–બુદ્ધિ વડે-बुद्धया

बुद्धि+आ=बुद्धीआ– ,, ,, ,,

बुद्धि+इ=बुद्धीइ– ,, ,, ,,

बुद्धि+ए=बुद्धीए= ,, ,, ,,

એ જ પ્રકારે દીર્ઘ ઈકારાંતનાં એકવચનનાં રૂપો—

ઈકારાંત—सखी+टा=सही+अ=सहीअ–સખી વડે–सख्या

सही+आ=सहीआ– ,, ,,

सही+इ=सहीइ ,, ,,

सही+ए=सहीए– ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ પ્રકારે હ્રસ્વ ઉકારાંત સ્ત્રીલિંગી નામનાં રૂપો—

उकारांत—धेणु+टा=धेणु+अ=धेणूअ—ગાય વડે—धेन्वा

धेणु+आ=धेणूआ— ,, ,, ,,

धेणु+इ=धेणूइ— ,, ,, ,,

धेणु+ए=धेणूए— ,, ,, ,,

એ જ રીતે દીર્ઘ ઊકારાંત સ્ત્રીલિંગી નામનાં રૂપો નીચે જણાવ્યા પ્રમાણે સમજવાં :

ऊकारांत—वहू+टा=वहू+अ=वहूअ—વહૂ વડે—वध्वा

वहू+आ=वहूआ— ,, ,, ,,

वहू+इ=वहूइ— ,, ,, ,,

वहू+ए=वहूए— ,, ,, ,,

ઉપર જે ઉદાહરણો આપેલ છે તે બધાં નમૂના રૂપે ફક્ત એક टा પ્રત્યયને લગતાં જ આપેલાં છે પણ બીજાં બાકીનાં છઠ્ઠી વગેરે વિભક્તિઓનાં ઉદાહરણો આપેલ નથી, કારણ કે જે ઉદાહરણો આપેલ નથી તે બધાં જ टा વિભક્તિવાળાં રૂપોની જેમ જ થાય છે, તો એ નહીં આપેલાં બધાં જ ઉદાહરણો પણ ઉપર આપેલ ઉદાહરણ જેવાં સમજી લેવાં.

પંચમી વિભક્તિના ङस् પ્રત્યયને બદલે તો अ, आ, इ, ए એ ચારે આદેશો વિકલ્પે થાય છે.

આકારાંત—मुद्धा+टा—मुद्धाअ, मुद्धाइ मुद्धाए

ષષ્ઠીનાં તથા સપ્તમીનાં એકવચનમાં રૂપ પણ આવાં જ છે.

વિશેષ સ્પષ્ટતા માટે આકારાંત વગેરે નામોનાં પંચમીનાં રૂપો નીચે પ્રમાણે છે :

આકારાંત—मुद्धा+ङसि=मुद्धाअ, मुद्धाइ, मुद्धाए

અથવા मुद्धाओ, मुद्धाउ, मुद्धाहिंतो—મુગ્ધાથી—मुग्धायाः

ઇકારાંત—बुद्धि+ङसि=बुद्धीअ, बुद्धीआ, बुद्धीइ, बुद्धीए

અથવા बुद्धीओ, बुद्धीउ, बुद्धीहिंतो

ઈકારાંત—सखी+ङसि=सहीअ, सहीआ, सहीइ, सहीए

અથવા सहीओ, सहीउ, सहीहिंतो

ઉકારાંત—धेणु+ङसि=धेणूअ, धेणूआ, धेणूइ, धेणूए

અથવા धेणूओ, धेणूउ, धेणूहिंतो

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊકારાંત—वहू+ङसि=वहूअ, वहूआ, वहूइ, वहूए
અથવા वहूओ, वहूउ, वहूहिंतो

આ આદેશો વિકલ્પે થાય છે તેથી જ્યારે આ આદેશો ન થાય ત્યારે જે રૂપો થાય છે તે આ પ્રમાણે છે—

मुद्धाओ, मुद्धाउ, मुद्धाहिंतो ।
रईओ, रईउ, रईहिंतो ।
सहीओ, सहीउ, सहीहिंतो ।
घेणूओ, घेणूउ, घेणूहिंतो ।
वहूओ, वहूउ, वहूहिंतो ।

"शेषे अदन्तवत्" ૮।૩।૧૨૪ સૂત્રથી આકારાંત, ઇકારાંત, ઈકારાંત, ઉકારાંત અને ઊકારાંત શબ્દોને પણ અકારાંતની જેમ પ્રત્યયો લાગે છે તેથી અહીં આકારાંત વગેરે શબ્દોને ૮।૩।૮મું સૂત્ર તથા ૮।૩।૧૨મું સૂત્ર પણ લાગે છે તેથી मुद्धा વગેરે શબ્દોને અકારાંતને લાગતા ओ, उ, हिंतो વગેરે પ્રત્યયો પણ લાગે છે અને અહીં જણાવેલા પંચમીના એકવચનમાં પ્રત્યયો લાગતાં बुद्धि, घेणु, रइ (રતિ)) શબ્દોના અંત્ય સ્વરનો દીર્ઘ પણ થાય છે.

## न आतः आत् ॥८।३।३०॥

ઉપરના નિયમમાં જે ચાર—अ, आ, इ, ए—પ્રત્યયો કહ્યા છે તેમાંનો आ પ્રત્યય આકારાંત નામને લાગતો નથી. તેથી એનાં ત્રીજી, ષષ્ઠી અને સપ્તમી વિભક્તિના એકવચનમાં ત્રણ રૂપો જ થાય, ચાર ન થાય.

माला શબ્દનું मालाआ અને नणन्दा (સં૰ ननान्द) શબ્દનું नणन्दाआ રૂપ ન થાય.

मालाअ, मालाइ, मालाए—માળા વડે—मालया—આ ત્રણ રૂપો જ થાય. અને આ જ રૂપો પંચમી, ષષ્ઠી અને સપ્તમી વિભક્તિમાં પણ થાય છે.

## प्रत्यये ङीः न वा ॥८।३।३१॥

સંસ્કૃત વ્યાકરણમાં "अण्॰" ઇત્યાદિ ૨।૪।૨૦ સૂત્રથી અમુક અમુક પ્રત્યયોને લીધે નામને ई (ङी) લાગે છે એમ કહ્યું છે તે ई (ङी) પ્રત્યય પ્રાકૃત ભાષામાં પણ સ્ત્રીલિંગી નામને વિકલ્પે લાગે છે, જ્યારે ई (ङी) ન લાગે ત્યારે आ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साहण+ई(ङी)=साहणी–साधना–સાધના
साहण+आ= साहणा– „ „
कुरुचर+ई=कुरुचरी, જ્યારે ङी ન થાય ત્યારે कुरुचरा–કુરુદેશની સ્ત્રી

साहण શબ્દને સંસ્કૃતના ૨।૪।૨૦ મા સૂત્રથી ङी થાય છે અને साहणा વગેરેમાં સંસ્કૃતના ૨।૪।૧૮ મા સૂત્રથી आ થાય છે.

## अजातेः पुंसः ॥८।३।३२॥

જે પુંલિંગી નામ જાતિવાચક નથી એવા પુંલિંગી નામમાંથી સ્ત્રીલિંગી બનેલા નામને ई (ङी) પ્રત્યય વિકલ્પે લાગે છે.

नीली, नीला–લીલા રંગવાળી
काली, काला–કાળા રંગવાળી
हसमाणी, हसमाणा–હસતી
सुप्पणही, सुप्पणहा-शूर्पणखा વિશેષ નામ છે

इमा—इमी+ए=इमीए, इमाए–આ સ્ત્રી વડે–अनया
इमी+णं=इमीण, इमाणं–આ સ્ત્રીઓનું–आसाम्
एई—एई+ए=एईए, एआए–એ સ્ત્રી વડે–एतया
एई+णं=एईणं, एआणं–એ સ્ત્રીઓનું—एतासाम्

करिणी–હાથણી, अया–अजा–બકરી, एलया—एडका—ઘેટી, આ ત્રણે નામો જાતિવાચક છે તેથી તેને ङी વિકલ્પે ન થાય.

જે શબ્દોને ङी પ્રત્યય લગાડવાનું વિધાન નથી એવા શબ્દોને આ વિધાન લાગે છે. જે નામો માટે નિત્ય ङी નું વિધાન છે તેને આ નિયમ ન લાગે, તેથી गोरी, कुमारी એ બધામાં નિત્ય ङी લાગે છે તેથી गोरी, गोरा; कुमारी, कुमारा એવાં રૂપો ન થાય.

## किम्–यत्–तदः अस्–अम्–आमि ॥८।३।३३॥

પહેલી વિભક્તિનું એકવચન, બીજી વિભક્તિનું એકવચન અને ષષ્ઠીનું બહુવચન—એ ત્રણ વિભક્તિનાં પ્રત્યયો સિવાય બીજી કોઈ પણ વિભક્તિના પ્રત્યયો લાગે ત્યારે किम्, यत्, तत् એ ત્રણ શબ્દોને ङी વિકલ્પે લગાડવો.

किम्+जस्–की+ओ+कीओ, काओ–કઈ કઈ સ્ત્રીઓ—काः
किम्+टा–की+ए=कीए, काए–કઈ સ્ત્રી વડે—कया
किम्+सु-की+सु=कीसु, कासु–કઈ સ્ત્રીઓમાં – कासु



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ પ્રકારે जीओ, जाओ–જે સ્ત્રીઓ—याः
तीओ, ताओ–તે સ્ત્રીઓ–વગેરે રૂપો સમજવાં.

का, जा, सा–એ ત્રણમાં પહેલી વિભક્તિના એકવચનનો પ્રત્યય છે.

कं, जं, तं–માં બીજી વિભક્તિનું એકવચન છે.

काण, जाण, ताण–માં कासाम्, यासाम्, तासाम् એમ ષષ્ઠીનું બહુવચન છે એટલે આ રૂપોમાં આ નિયમ ન લાગે– ङी પ્રત્યય વિકલ્પે ન થાય—कीण, जीण, तीण એવાં જ રૂપો થાય.

## छाया–हरिद्रयोः ॥८।३।३४॥

નારીજાતિવાળાં छाया અને हरिद्रा નામને ङी વિકલ્પે લાગે છે, જ્યારે ङी ન થાય ત્યારે आ લાગે છે.

छाही, छाया–છાંયો–छाया
हलद्दी, हलद्दा–હળદર–हरिद्रा

## 'स्वसृ'आदेः डा ॥८।३।३५॥

સ્ત્રીલિંગી स्वसृ વગેરે શબ્દોને आ (डा) પ્રત્યય થાય છે.

स्वसृ+डा=ससृ+आ=ससा–બહેન–स्वसा
ननान्दृ+डा=नणंदृ+आ=नणंदा–નણંદ–ननान्दा
दुहितृ+डा=दुहितृ+आ=दुहिआ–દીકરી–दुहिता
गो+क=गोक+डा=गउअ+आ=गउआ–ગાય–गौः (અહીં गो ના गउ માટે જુઓ ८।१।१५८
दुहिआहिं–દીકરીઓ વડે–दुहितृभिः
दुहिआसु–દીકરીઓમાં–दुहितृषु
दुहिआसुओ–દીકરીનો પુત્ર–दुहितृसुतः

## ह्रस्वः अमि ॥८।३।३६॥

બીજી વિભક્તિનું એકવચન– अम् પ્રત્યય લાગ્યો હોય ત્યારે કોઈ પણ સ્ત્રીલિંગી નામના અંત્ય સ્વરનો હ્રસ્વ કરવો.

माला+अम्=मालं–માળાને–मालाम्
हसमाणा+अम्=हसमाणं–હસતીને–हसमानाम्
नई+अम्=नइं–નદીને–नदीम्

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

हसमाणी+अम्=हसमाणिं-હસતીને-हसमानाम्

वहू+अम्=वहुं-વહુને-वधूम्

माला, सही, वहू-આ ત્રણે ઉદાહરણોમાં બીજી વિભક્તિનો अम् પ્રત્યય નથી. પણ પ્રથમાના એકવચનનો स् પ્રત્યય છે. તેથી હ્રસ્વ ન થયો.

## न आमन्त्र्यात् सौ मः ॥૮।૩।૩૭॥

'૮।૩।૨૫ સૂત્રના નિયમ દ્વારા પહેલી વિભક્તિના એકવચન-सू નો નપુંસકલિંગમાં म् થાય' એમ જે વિધાન કરેલ છે તે સંબોધનસૂચક નપુંસકલિંગી નામને ન લાગે.

तृण+सू=हे तण-હે તૃણ-ઘાસ-हे तृण !

दधि+सू=हे दहि-હે દહીં-हे दधि !

महु+सू=हे महु-હે મધુ-हे मधु !

## डो दीर्घः वा ॥૮।૩।૩૮॥

૮।૩।૨ ના નિયમ વડે પહેલી વિભક્તિના એકવચનને બદલે डो જ્યાં જ્યાં થવાનો સંભવ છે તે અને ૮।૩।૧૯ સૂત્ર દ્વારા अ કારાંત, इ કારાંત અને उ કારાંત નામના અંત્ય સ્વરને દીર્ઘ થવાનો જ્યાં જ્યાં સંભવ છે તે—આ બન્ને વિધાનો સંબોધનના એકવચનમાં વિકલ્પે લાગુ કરવાં. જોકે ૮।૩।૧૯ મું સૂત્ર સીધી રીતે इ કારાંત તથા उ કારાંતને જ લાગે છે તો પણ શેષં अदन्तवत् ૮।૩।૧૨૪। ના નિયમથી ૮।૩।૧૯ મું સૂત્ર अ કારાંત નામને પણ લાગુ પડે છે એમ સમજવું, એથી આચાર્યે ૮।૩।૧૯ મું સૂત્ર अ કારાંતને પણ લાગુ પાડેલ છે.

अ કારાંત—हे देव ! हे देवो !

हे खमासमण ! हे खमासमणो !

हे अज्ज ! हे अज्जो !

इ કારાંત—हे हरी ! हे हरि !

उ કારાંત—हे गुरू ! हे गुरु !

हे पहू ! हे पहु !

जाइविसुद्धेण पहू ! અથવા जाइविसुद्धेण पहु ! હે પ્રભો ! જાતિ દ્વારા વિશુદ્ધ વડે—जातिविशुद्धेन प्रभो !

दोण्णि पहू ! અથવા पहु ! जिवलोए-હે પ્રભો ! જીવલોકમાં બે પદાર્થ-द्वौ प्रभो! અથવા પ્રભો !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન—અકારાંત નામને તો ડો જ થાય છે અને તેને દીર્ઘ થવાનો તો સંભવ જ નથી છતાં અહીં અકારાંત નામને પણ દીર્ઘનું વિકલ્પે વિધાન શી રીતે થઈ શકે?

ઉત્તર—પ્રશ્ન બરોબર છે. જો કે ઇકારાંત અને ઉકારાંત નામને જ દીર્ઘ થવાની શક્યતા ૮।૩।૧૯ સૂત્ર પ્રમાણે છે તો પણ આ સૂત્રની વૃત્તિમાં જણાવેલ છે કે ઇકારાંત, ઉકારાંત અને અકારાંતને જે દીર્ઘ પ્રાપ્ત છે તે વિકલ્પે થાય. એ ઉપરથી સમજવાનું છે કે ૮।૩।૧૯ મું સૂત્ર અકારાંત નામને પણ લાગે છે એટલે ઇકારાંત વગેરેને જે દીર્ઘ નિત્ય પ્રાપ્ત છે તે વિકલ્પે થાય અને અકારાંત નામને તો દીર્ઘ પ્રાપ્ત જ નથી છતાં આ સૂત્રમાં કરેલા સૂચનથી તે અપ્રાપ્ત દીર્ઘ પણ અકારાંત નામને વિકલ્પે થાય અર્થાત્ આ નિયમ અકારાંત, ઇકારાંત અને ઉકારાંત નામોના અંત્ય સ્વરને વિકલ્પે દીર્ઘ કરવાનું પણ કહે છે અને જ્યાં દીર્ઘ અપ્રાપ્ત છે ત્યાં પણ દીર્ઘ વિકલ્પે કરવાનું કહે છે.

નીચે જણાવેલા પ્રયોગમાં દીર્ઘ પ્રાપ્ત નહોતો તે આ નિયમથી દીર્ઘનું વિધાન વિકલ્પે કર્યું છે એટલે અકારાંત નામને ડો વિકલ્પે લાગે તથા દીર્ઘ પણ વિકલ્પે થાય એથી આ નામોના સંબોધનમાં ત્રણ ત્રણ રૂપો થાય છે—

हे देव !, हे देवो !, हे देवा !

हे गोयम !, हे गोयमो !, हे गोयमा !

हे कासव !, हे कासवो !, हे कासवा !

रे रे चप्फलया !, रे रे चप्फलय !—હે ચપળ—रे रे चपलक !

रे ! रे ! निग्घिणय ! रे ! रे ! निग्घिणया !—હે નિર્દય—रे रे निर्घृणक !

ઇકારાંત, ઉકારાંત નામોને તો દીર્ઘ પ્રાપ્ત જ છે પણ આ નિયમથી સંબોધનમાં દીર્ઘ વિકલ્પે થાય છે તેથી તે નામોનાં માત્ર બે બે રૂપો થાય—

हे हरी !, हे हरि !

हे गुरू !, हे गुरु !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋ કારાંત શબ્દોનાં રૂપોની સાધના વિશે :

### ऋतः अद् वा ॥८।३।३९॥

સંબોધનના એકવચનમાં स् પ્રત્યય લાગ્યો હોય ત્યારે ऋ કારાંત નામને વિકલ્પે અકારાંત કરવાનું છે—વિકલ્પે અકારાંત સમજવાનું છે—ऋ કારાંત નામના અંત્ય ऋ નો अ વિકલ્પે કરવાનો છે.

पितृ+स्=हे पिअ ! અથવા પિઅરં–હે પિતા !–हे पितः !

दातृ+स्=हे दाअ ! અથવા हे दायार !–હે દાતાર–हे दातः !

### नाम्नि अरं वा ॥८।३।४०॥

સંબોધનના એકવચનમાં स् પ્રત્યય લાગ્યો હોય ત્યારે पितृ, भ्रातृ, मातृ વગેરે વિશેષ સંબંધસૂચક એટલે વિશેષ સંજ્ઞાસૂચક સંબંધસૂચક નામોના ऋ ને બદલે अरं વિકલ્પે વાપરવો.

हे पिअरं !, हे पिअ !–હે પિતા !–हे पितः !

हे कत्तार !–હે કર્તા–हे कर्तः !–આ શબ્દ વિશેષ સંબંધવાચક નથી તેથી સંબોધનના એકવચનમાં कत्तारं રૂપ ન થયું.

### वा आपः ए ॥८।३।४१॥

સંબોધનના એકવચનમાં स् પ્રત્યય લાગ્યો હોય ત્યારે જે નામને છેડે आप् પ્રત્યય લાગેલો હોય તે નામના અંત્ય आ નો વિકલ્પે ए કરવો.

हे माले !, हे माला !–હે માલા ?–हे माले !

हे महिले !, हे महिला !–હે મહિલા !–हे महिले !

हे अज्जिए !,–हे अज्जिआ !–હે આર્યા !–हे आर्यिके !

हे पज्जिके !, हे पज्जिआ ! હે ઘરડી સ્ત્રી ?– हे प्रार्यिके !

हे पिउच्छा !–હે ફોઈ !–हे पितृष्वसः !–આ રૂપમાં અંતે જે आ છે તે आप् નો નથી તેથી ए ન થયો.

हे माउच्छा !–હે માસી !–हे मातृष्वसः !– ,, ,, ,, ,, ,,

બહુલં અધિકારને લીધે કોઈ કોઈ નામમાં आप् નો ओ થઈ જાય છે—

हे अम्मो ! હે અમ્મા !–हे अम्बे ! અહીં अम्बा શબ્દ છેડે आप् વાળો છે.

अम्मो ! भणामि भणिए-હે માતા ! તારા કહ્યા પછી કહું છું हे अम्बे ! भणामि भणिते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાકૃત શબ્દોમાં આકારાંત સ્ત્રીલિંગી શબ્દો બે જાતના છે. એક તો છેડે આપ્ પ્રત્યયના 'આ'વાળા અને બીજા માત્ર સાધારણ આ વાળા–

माला વગેરે શબ્દો આપ્ પ્રત્યયના આ વાળા છે અને पिउच्छा, सरिया, पाडिवया, गिरा, छुहा, ससा, नणंदा વગેરે શબ્દો સાધારણ 'આ'વાળા છે એટલે જ્યાં આપ્ ના આ ને લગતું કોઈ વિધાન હોય ત્યાં ઉપર જણાવેલા पिउच्छा વગેરે સાધારણ આ વાળા શબ્દો નહીં જ લેવા.

## ईद्–ऊतोः ह्रस्वः ॥८।३।४२॥

સંબોધનના એકવચનમાં सू લાગ્યો હોય ત્યારે દીર્ઘ ई કારાંત અને દીર્ઘ ऊ કારાંત નામના અંત્ય સ્વરનો હ્રસ્વ કરવો.

हे नदी+सू=हे नइ !–हे नदि !

हे गामणी+सू=हे गामणि–હે ગામના મુખી !–हे ग्रामणि !

हे समणी+सू=हे समणि–હે શ્રમણી !–हे श्रमणि !

हे वधू+सू=हे वहु–હે વહુ–हे वधु !

हे खलपू+सू=हे खलपु–હે ખલપુ–ખળાને સાફ કરનાર–हे खलपु !

## क्विपः ॥८।३।४३॥

જેને છેડે क्विप् પ્રત્યય લાગ્યો છે એવા દીર્ઘ ई કારાંત અને દીર્ઘ ऊકારાંત નામના અંત્ય સ્વરનો હ્રસ્વ કરવો. એટલે क्विप् પ્રત્યયવાળાં તમામ ई કારાંત અને ऊ કારાંત નામો હ્રસ્વ इ કારાંત અને હ્રસ્વ उ કારાંત જ સમજવાં.

ग्रामणी+टा=गामणी+णा=गामणिणा–ગામના અગ્રેસર વડે–ग्रामण्या

खलपू+टा=खलपू+णा=खलपुणा–ખળું સાફ કરનાર વડે–खलप्वा

गामणी+ङस्=गामणी+णो=गामणिणो–ગામના નેતાનું–ग्रामण्यः

खलपू+ङस्=खलवु+णो=खलवुणो–ખળું સાફ કરનારનું–खलप्वः

## ऋतां उद् असि–अम्–औषु वा ॥८।३।४४॥

પહેલી વિભક્તિનું એકવચન सि. બીજી વિભક્તિનું એકવચન अम् અને પહેલી તથા બીજી વિભક્તિના દ્વિવચન औने છોડીને બીજી ગમે તે સ્યાદિ વિભક્તિ લાગી હોય ત્યારે ऋકારાંત નામોને વિકલ્પે उकारांत સમજવાં એટલે ऋ કારાંત નામનો અંત્ય ऋ નો વિકલ્પે उ થઈ જાય છે.

भर्तृ+जस्=भत्तु+णो=भत्तुणो, भत्तू, भत्तउ, भत्तओ, પક્ષે–भत्तारा–भर्तारः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भर्तृ+शस्=भत्तु+णो=भत्तुणो, भत्तू पक्षे भत्तारे–भर्तॄन्

भर्तृ+टा=भत्तु+णा=भत्तुणा ,, –भत्तारेण–भर्त्रा

भर्तृ+भिस्=भत्तु+हिं=भत्तूहिं ,, –भत्तारेहिं–भर्तृभिः

भर्तृ+ङसि=भत्तु+णो=भत्तुणो, भत्तूओ, भत्तूउ, भत्तूहि, भत्तूहिंतो– पक्षे–
भत्ताराउ, भत्ताराहि, भत्ताराहिंतो, भत्तारा–भर्तुः

भर्तृ+ङस्=भत्तु+णो=भत्तुणो, भत्तुस्स पक्षे–भत्तारस्स–भर्तुः

भर्तृ+सुप्=भत्तु+सु=भत्तूसु ,, –भत्तारेसु–भर्तृषु

સૂત્રમાં જણાવેલ ऋताम् બહુવચન વ્યાપક અર્થનું સૂચક હોવાથી સંબંધવાચક पितृ, भ्रातृ વગેરે નામોમાં પણ જ્યાં જ્યાં जस्, शस्, टा, भिस्, ङसि, ङस् અને सुप् પ્રત્યયો લાગે ત્યાં ऋ નો વિકલ્પે उ થાય છે.

पितृ+जस्=पिउ+णो=पिउणो–પક્ષે–पिअरा–પિતાઓ–पितरः

पितृ+शस्=पिउ+णो=पिउणो ,, –पिअरे–પિતાઓને–पितॄन्

जामातृ+जस्=जामाउ+णो–जामाउणो ,, –जामायरा–જમાઈઓ–जामातरः

जामातृ+शस्=जामाउ+णो=जामाउणो ,, –जामायरे–જમાઈઓને–जामातॄन्

भ्रातृ+जस्=भाउ+णो=भाउणो ,, –भायरा–ભાઈઓ–भ्रातरः

भ्रातृ+शस्=भाउ+णो=भाउणो ,, –भायरे–ભાઈઓને–भ्रातॄन्

पितृ+टा=पिउ+णा=पिउणा ,, –पिअरेण–પિતા વડે–पित्रा

पितृ+भिस्=पिउ+हिं=पिऊहिं ,, –पिअरेहिं–પિતાઓ વડે–पितृभिः

पितृ+सु=पिउ+सु=पिऊसु ,, –पिअरेसु–પિતાઓમાં–पितृषु

पिआ, पिअरं, पिअरा–આ ત્રણે રૂપોમાં પહેલામાં सि વિભક્તિ છે. બીજામાં अम् વિભક્તિ છે અને ત્રીજામાં પ્રથમા તથા દ્વિતીયા વિભક્તિનો औ પ્રત્યય છે–તેથી આ નિયમ ન લાગે.

## आरः स्यादौ ॥८।३।४५॥

કોઈ પણ स्यादि વિભક્તિ લાગી હોય ત્યારે સામાન્ય ऋકારાંત નામના છેડાના ऋ નો आर થઈ જાય છે.

भर्तृ+सि=भत्तार+ओ=भत्तारो–ભર્તા–પોષણ કરનારો–ભરતાર–भर्ता

भर्तृ+जस्=भत्तार+अस्+भत्तारा–પોષણ કરનારાઓ–भर्तारः

भर्तृ+अम्=भत्तार+अम्=भत्तारं–પોષણ કરનારને–भर्तारम्

भर्तृ+शस्=भत्तार+अस्=भत्तारे–પોષણ કરનારાઓને–भर्तॄन्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भर्तृ+टा=भत्तार+इन=भत्तारेण–પોષણ કરનાર વડે–भर्त्रा

भर्तृ+भिस्=भत्तार+हिं=भत्तारेहिं–પોષણ કરનારાઓ વડે–भर्तृभिः

આ પ્રમાણે જ પંચમી વગેરે બધી વિભક્તિઓ અને વચનોમાં ઉદાહરણો સમજી લેવાં.

સમાસમાં જ્યાં વિભક્તિ લોપાઈ ગઈ હોય ત્યાં પણ વિભક્તિને વિદ્યમાન માનીને આ નિયમ લાગે છે.

भत्तारविहिअं–પોષકે કરેલું–भर्तृविहितम्

આ પ્રયોગમાં 'भत्तारेण विहियं भत्तारविहियं' એવો સમાસ છે, સમાસમાં વિભક્તિનો લોપ થઈ જાય છે છતાં વિભક્તિ પહેલાં આવેલી હતી અને પછી તેનો લોપ થયેલ છે છતાં તેવી લોપ પામેલી વિભક્તિઓને પણ હયાત માનીને આ નિયમ લાગુ પડ્યો છે.

## आ अरा मातुः ॥८।३।४६॥

તમામ स्यादि વિભક્તિઓ લાગી હોય ત્યારે मातृ શબ્દના ऋ નો आ થાય છે અને अरा થાય છે. એટલે मातृ શબ્દને माआ કે माया અને मायरा કે माअरा રૂપે आ કારાંત સમજવાનો છે. આ माया કે माअरा શબ્દ છેડે आप् પ્રત્યયવાળો નથી જ એમ સ્મૃતિમાં રાખવાનું છે.

मातृ+सि=माआ, माअरा–માતા, माता

मातृ+जस्=माआ+उ=माआउ, माआओ, माअराउ, माअराओ–માતાઓ–मातरः

मातृ+अम्=माअं, माअरं–માતાને–मातरम्

આ રીતે તમામ વિભક્તિઓમાં રૂપો સમજી લેવાં.

બહુલ અધિકારને લીધે એમ સમજવાનું છે કે 'માતા' અથવા 'મા' અર્થવાળા मातृ શબ્દના ऋ નો આ નિયમમાં બતાવેલો 'आ' કરવાનો છે અને દેવી કે દેવતા અર્થના સૂચક मातृ શબ્દના ऋ નો अरा આદેશ કરવાનો છે. જેમ કે—

माआए कुच्छीए–માતાની કુક્ષિમાં–मातुः कुक्ष्याम्

नमो माअराणं–દેવતારૂપ–મહાકાલી વગેરે દેવીરૂપ—માતાઓને નમસ્કાર થાઓ–नमः मातृभ्यः

અગાઉ આવી ગયેલું ૮।૧।૧૩૫ મું સૂત્ર–मातुरिद् वा—જ્યારે ગૌણ એવા मातृ શબ્દને લાગે ત્યારે ષષ્ઠીના બહુવચનમાં मातृ+आम् માં मातृ ના ऋ નો इ થઈ જાય છે તેથી माईण રૂપ બને છે. ૮।૩।૪૪ નિયમ વડે मातृ ના ऋ નો उ કરીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે माउ એવું રૂપ થાય છે અને એ રૂપ વડે माऊणं પ્રયોગ થાય છે. "माऊए समन्निअ वंदे"—આ ગાથા જૈન મુનિ આર્ય શ્રી વજ્રસ્વામીના સંબંધમાં કલ્પસૂત્ર-સ્થવિરાવલિમાં છે.

मात्रा समन्वितं वन्दे–માતાની સાથે યુક્ત એવા આર્ય શ્રી વજ્રસ્વામી આચાર્યને વાંદું છું.

माइदेवो, माइगणो વગેરે રૂપોમાં माइ શબ્દ સાથે स्यादि વિભક્તિ સાક્ષાત્ વિદ્યમાન નથી તેથી આ નિયમ ન લાગે.

## नाम्नि अरः ॥८।३।४७॥

તમામ स्यादि વિભક્તિઓ લાગી હોય ત્યારે સંબંધવાચક-સગાઈવાચક ऋ કારાંત નામના અંત્ય ऋ નો अर થઈ જાય છે.

पितृ—पितृ+जस्=पिअर+अस्=पिअरा–પિતાઓ–पितरः

पितृ+अम्=पिअर+अम्=પિતાને–पितरम्

पितृ+शस्=पिअर+अस्=पिअरे–પિતાઓને–पितॄन्

पितृ+टा=पिअर+इन=पिअरेण–પિતા વડે–पित्रा

पितृ+भिस्=पिअर+हिं=पिअरेहिं–પિતાઓ વડે–पितृभिः

जामातृ—जामातृ+जस्=जामायर+अस्=जामायरा–જમાઈઓ–जामातरः

जामातृ+अम्=जामायर+अम्=जामायरं–જમાઈને–जामातरम्

जामातृ+शस्=जामायर+अर=जामायरे–જમાઈઓને–जामातॄन्

जामातृ+टा=जामायर+इन=जामायरेण–જમાઈ વડે–जामात्रा

जामातृ+भिस्=जामायर+हिं=जामायरेहिं–જમાઈઓ વડે जामातृभिः

भ्रातृ—भातृ+जस्=भायर+अस्=भायरा–ભાઈઓ–भ्रातरः

भातृ+अम्=भायर+अम्=भायरं–ભાઈને–भ्रातरम्

भातृ+शस्=भायर+अस्=भायरे–ભાઈઓને–भ्रातॄन्

भातृ+टा=भायर+इन=भायरं+इन=भायरेण–ભાઈ વડે–भ्रात्रा

भातृ+भिस्=भायर+हिं=भायरेहिं–ભાઈઓ વડે–भ्रातृभिः

## आ सौ नवा ॥८।३।४८॥

પહેલી વિભક્તિના એકવચનનો स् (सि) લાગ્યો હોય ત્યારે ગમે તે ऋકારાંત નામના અંત્ય ऋ નો आ વિકલ્પે કરવો.

पितृ+स्=पिआ, आ ન થાય ત્યારે पिअरो–પિતા–पिता

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जामातृ+सू=जामाया, जामायरो–જમાઈ–जामाता
भातृ+सू=भाया, भायरो–ભ્રાતા–ભાઈ–भ्राता
कर्तृ+सू=कत्ता, कत्तारो–કર્તા–कर्ता

## નકારાંત રાજન્ શબ્દનાં રૂપોની સાધના વિશે :

### राज्ञः ॥८।३।४९॥

राजन् શબ્દને પહેલી વિભક્તિના એકવચનનો सू (सि) લાગ્યો હોય અને राजन् શબ્દના न् નો લોપ થયો હોય ત્યારે राज શબ્દના અંત્ય સ્વરનો વિકલ્પે आ થઈ જાય છે.

राजन्+सि=राज+सि=राय्+अ–य्+आ=राया–રાજા–राजा
हे राजन्+सि=हे राय्+अ–य्+आ=हे राया, પક્ષમાં–એટલે જ્યારે આ न થાય ત્યારે–हे रायाणो–હે રાજા–हे राजन् !
हे रायं ! એવું જે રૂપ થાય છે તે તો શૌરસેની ભાષામાં થાય છે.
એ રીતે જ आत्मन्+सि=अप्प+आ=अप्पा–આત્મા–आत्मा
हे आत्मन्+सि=हे अप्प–હે આત્મા–हे आत्मन !
आत्मन् નું अप्पं ! એવું જે રૂપ થાય છે તે रायं ! એવા શૌરસેની ભાષાના રૂપની જેમ સમજવું. જુઓ ૮।૪।૨૬૪

### जस्–शस्–ङसि–ङसां णो ॥८।३।५०॥

राजन् શબ્દને લાગેલા પ્રથમા વિભક્તિના બહુવચન जस् ને બદલે, દ્વિતીયા વિભક્તિના બહુવચન शस् ને બદલે, પંચમી વિભક્તિના એકવચન ङसि ને બદલે અને ષષ્ઠી વિભક્તિના એકવચન ङस् ને બદલે णो વિકલ્પે વપરાય છે.

राजन्+जस्=राय+णो=रायाणो, राया–રાજાઓ–राजानः
राजन्+शस्=राय+णो=रायाणो, राया. राए–રાજાઓને જો–राज्ञः प्रेक्षस्व
राजन्+ङसि=राय+णो=राइणो, रण्णो, रायाओ, रायाउ, रायाहि, रायाहिंतो, राया–રાજા પાસેથી–राज्ञः
राजन्+ङस्=राय+णो=राइणो, रण्णो, रायस्स–રાજાનું–राज्ञः

### टः णा ॥८।३।५१॥

राजन् શબ્દને લાગેલા તૃતીયા વિભક્તિના એકવચન टा ને બદલે णा વિકલ્પે વાપરવો.

राजन्+टा=राय+णा=राइणा, रण्णा, राएण–રાજા વડે–राज्ञा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इः जस्य णो-णा-ङौ ॥८।३।५२॥

णो, णा અને સાતમી વિભક્તિના એકવચનનો ङि પ્રત્યય લાગ્યો હોય ત્યારે राजन् શબ્દના ज ના 'अ'નો इ વિકલ્પે કરવો.

राजन+जस्=राज+णो=राइणो–રાજાઓ–राजानः
राजन्+शस्=राज+णो=राइणो, रायाणो–રાજાઓને–राज्ञः
राजन्+ङसि=राज+णो=राइणो, रण्णो, रायाओ, रायाउ, रायाहि, रायाहिंतो, राया–રાજાઓ પાસેથી–राज्ञः
राजन+ङस्=राज+णो=राइणो, रण्णो–રાજાનું–राज्ञः
राजन्+टा=राज+णा=रायणा, राइणा, रण्णा, राएण–રાજા વડે–राज्ञा
राजन+ङि=राज+म्मि=राइम्मि, रायम्मि–રાજામાં–राज्ञि, राजनि

## इणम् अम्-आमा ॥८।३।५३॥

દ્વિતીયા વિભક્તિના એકવચન अम्ની સાથે અને ષષ્ઠી વિભક્તિના બહુવચન आम्ની સાથે राजन् શબ્દના ज ને સ્થાને इणम् આદેશ વિકલ્પે થાય છે.

राजन्+अम्–राज+अम्=राइणं, रायं–રાજાને–राजानम्
राजन्+आम्–राज+आम्=राइणं, राईणं–રાજાઓનું–राज्ञाम्

## ईद् भिस्-भ्यस्-आम्-सुपि ॥८।३।५४॥

તૃતીયા વિભક્તિના બહુવચનનો भिस्, પંચમી વિભક્તિના બહુવચનનો भ्यस्, ષષ્ઠી વિભક્તિના બહુવચનનો आम् અને સપ્તમી વિભક્તિના બહુવચનનો सुप्–એ બધા પ્રત્યયોની સાથે राजन् શબ્દના ज કારનો ई કાર વિકલ્પે થાય છે.

राजन+भिस्=राज+हि=राईहि, रायाणेहि, रायेहि–રાજાઓ વડે–राजभिः
राजन+भ्यस्–राज+हि=राईहि, राईहिंतो, राईसुंतो, रायाणेहि, रायाणेहिंतो –રાજાઓથી–राजभ्यः
राजन्+आम्=राज+णं=राईणं, रायाणाणं–વગેરે–રાજાઓનું–राज्ञाम्
राजन+सुप्=राज+सु=राईसु, रायाणेसु–રાજાઓમાં–राजसु

## आजस्य टा-ङसि-ङस्सु सणा-णोषु अण् ॥८।३।५५॥

જ્યાં टा નું णा રૂપાંતર થયેલું છે એવો णा લાગ્યો હોય ત્યારે અને જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङसि, ङस् નું णो રૂપાંતર થયેલું છે એવો णो લાગ્યો હોય ત્યારે राजन् શબ્દના आज અંશનો अण् વિકલ્પે થાય છે.

राजन्+टा–राज+णा=अण्–र्+आण+रण्+णा=रण्णा, राइणा, राएण–રાજા વડે–राज्ञा

राजन्+ङसि=राज+णो=र्+आज–अण्–रण्+णो=रण्णो, राइणो, रायाओ–રાજાથી–राज्ञः

राजन्+ङस्=राज+णो=र्+आज–अण्–रण्+णो–रण्णो, राइणो, रायस्स–રાજાનું–राज्ञः

रायाणो चिट्ठंति, पेच्छ वा–આ રૂપમાં णो તો છે પણ તે ङसि, ङस् નો નથી પણ પ્રથમા અને દ્વિતીયાના બહુવચનનો णो છે. તેથી આ નિયમ ન લાગ્યો.

राएण–આ રૂપમાં टा નો णा નથી પણ टा નો ण છે તેથી આ નિયમ ન લાગ્યો.

## पुंसि अनः आणः राजवच्च ॥८।३।५६॥

જે નામને છેડે अन् હોય એવા પુંલિંગી નામના છેડાના अन् ને બદલે आण એવું વિકલ્પે રૂપાંતર કરવું. જ્યારે आण ન થાય ત્યારે એ अन् વાળા નામને राजन् નામ માટે જે જે વિધાનો કર્યાં છે તે તે પ્રયોગાનુસાર લગાડી દેવાં. જ્યારે आण આદેશ થાય ત્યારે શબ્દ अ કારાંત થઈ જશે. એ પછી જે વિધાનો अ કારાંત નામને માટે બતાવેલ છે તે પ્રમાણે, अतः सेः डोः વગેરે સૂત્રો લગાડીને કાર્ય કરવું. જ્યારે राजन् ની જેવાં રૂપો કરવાં હોય ત્યારે राज्ञः ८।३।४९, जस्–शस्० ८।३।५०, टो णा ८।३।५१ અને इणममामा ८।३।५३ વગેરે નિયમો લગાડીને રૂપો સાધવાં.

आत्मन्+सि–अप्पाण+ओ=अप्पाणो–આત્મા–आत्मा

,, +जस्–अप्पाण+अस्=अप्पाणा–આત્માઓ–आत्मानः

,, +अम–अप्पाण+अम्=अप्पाणं–આત્માને–आत्मानम्

,, +शस्–अप्पाण+अस्=अप्पाणे–આત્માઓને–आत्मनः

,, +टा–अप्पाण+इन=अप्पाणेण–આત્મા વડે–आत्मना

,, +भिस्–अप्पाण+हि=अप्पाणेहि–આત્માઓ વડે–आत्मभिः

,, +ङसि–अप्पाण+ओ=अप्पाणाओ–આત્માથી–आत्मनः

,, +भ्यस्–अप्पाण+सुंतो=अप्पाणासुंतो–આત્માઓથી–आत्मभ्य

,, +ङस्–अप्पाण+स्स–अप्पाणस्स–આત્માનું–आत्मनः

,, +आम्–अप्पाण+ण=अप्पाणाण–આત્માઓનું–आत्मनाम्

,, +ङि–अप्पाण+म्मि=अप्पाणम्मि–આત્મામાં–आत्मनि

,, +सुप्–अप्पाण=सु=अप्पाणेसु–આત્માઓમાં–आत्मसु

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पाण-कयं-આત્મા વડે કરેલું-आत्मकृतम् ।

બાકીનાં બીજાં રાજનના જેવાં બધાં રૂપો આ પ્રકારે છે :

आत्मन्+सि=अप्पा, अप्पो आत्मा-આત્મા
हे आत्मन्+सि=हे अप्पा, हे अप्प हे आत्मन् ! હે આત્મા
आत्मन्+जस्=अप्पाणो-आत्मानः-આત્માઓ
आत्मन+अम्=अप्पाणं-आत्मानं-આત્માને
आत्मन्+शस्=अप्पाणे=आत्मनः-આત્માઓને
आत्मन्+टा=अप्पणा-आत्मना-આત્મા વડે
आत्मन्+भिस्=अप्पेहिं-आत्मभिः-આત્માઓ વડે
,, +ङसि=अप्पाणो, अप्पाओ, अप्पाउ, अप्पाहि, अप्पाहिंतो, अप्पासुंतो, अप्पा-आत्मनः-આત્માથી
,, +भ्यस्=अप्पिहि, अप्पिहिंतो, अप्पिसुंतो, अप्पाओ, अप्पाउ, अप्पाहि, अप्पेहि, अप्पाहिंतो, अप्पेहिंतो, अप्पासुंतो, अप्पेसुंतो-આત્માઓથી
आत्मन्+ङसि=अप्पणो-आत्मनः-આત્માનું
,, +आम्=अप्पाणं, अप्पिणं, अप्पीणं-आत्मनाम्-આત્માઓનું
आत्मन्+ङि=अप्पे, अप्पिम्मि-આત્મામાં
आत्मन+सुप्=अप्पेसु, अप्पीसु-आत्मसु-આત્માઓમાં
राजन्+सु=रायाण+ओ=रायाणो-રાજા-राजा
राजन्+जस्=रायाण+अस्=रायाणा-રાજાઓ-राजानः
,, +अम्=रायाण+अम्=रायाणं-રાજાને-राजानम्
,, +शस्=रायाण+अस्=रायाणे-રાજાઓને-राज्ञः
,, +टा=रायाण+इन=रायाणेण-રાજા વડે-राज्ञा
,, +भिस्=रायाण+हिं=रायाणेहिं-રાજાએ વડે-राजभिः
,, +ङसि=रायाण+हिंतो=रायाणाहिंतो-રાજાથી-राज्ञः
,, +भ्यस्=रायाण+हिंतो=रायाणाहिंतो-રાજાઓથી-राजभ्यः
,, +ङस्=रायाण+स्स=रायाणस्स-રાજાનું-राज्ञः
,, +आम्=रायाण+णं=रायाणाणं-રાજાઓનું-राज्ञाम्
,, +ङि=रायाण+म्मि=रायाणम्मि-રાજામાં-राज्ञि, राजनि
,, +सुप्=रायाण+सु=रायाणेसु-રાજાઓમાં-राजसु

જ્યારે आण ન થાય ત્યારે-राया, रायाणो-પ્રથમા; रायं, राइणं-દ્વિતીયા; रण्णा, राइणा, राईहिं-તૃતીયા; रण्णो, राइणो; राइहिंतो, राइसुंतो-ચતુર્થી તથા પંચમી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राइणं, राईणं–ષષ્ઠી; राइम्मि, राए, राईसु, राएसु–સપ્તમી—વગેરે આગળ સાધી બતાવેલાં બધાં રૂપો સમજી લેવાં.

આ પ્રમાણે જ जुव (युवन्) શબ્દનાં जुवाणो, जुवा, जुआ તથા जुवाण जणो રૂપ સમજી લેવાં. આ પ્રમાણે જ—

बम्ह (ब्रह्मन्)–बम्हाणो, बम्हा–બ્રહ્મા

अद्ध (अध्वन्)–अद्धाणो, अद्धा–માર્ગ

उच्छ (उक्षन्)–उच्छाणो, उच्छा–બળદ

गाव (ग्रावन्)–गावाणो, गावा–પત્થર

पुस (पुषन्)–पुसाणो, पुसा–સૂર્ય

तक्ख (तक्षन्)–तक्खाणो तक्खा–સુતાર

मुद्धा (मूर्धन्)–मुद्धाणो, मुद्धा–માથું

सा (श्वन्)–सा, साणो–કૂતરો

सुकम्म (सुकर्मन्)–सुकम्मा, सुकम्माणो–સારાં કર્મવાળો

—બધાં પ્રથમાનાં એકવચનનાં રૂપો

सुकम्मं, सुकम्माणं– દ્વિ૦ એ૦વ૦

सुकम्मे, सुकम्माणे–દ્વિ૦ બ૦વ૦

सुकम्माणे पेच्छ–સુકર્માને–સારાં કર્મવાળાને–જો–सुकर्मणः प्रेक्षस्व

निएइ कह सो सुकम्माणे–તે સુકર્મવાળાઓને કેવી રીતે જુએ છે—

पश्यति कथं सः सुकर्मणः।

આ નિયમ પુંલિંગી નામને જ લાગે છે તેથી शर्मन् નું सम्मं રૂપ થાય પણ सम्माणं ન થાય. અર્થાત્ જે નામો પુંલિંગી ન હોય એવાં નામોમાં आण ન થાય.

## आत्मनः टः णिआ णइआ ॥८।३।५७॥

आत्मन् શબ્દને લાગેલા टा પ્રત્યયને બદલે णिआ અને णइआ એ બે પ્રત્યયો વિકલ્પે વાપરવા.

आत्मन्+टा= | अप्प+णिआ=अप्पणिआ–आत्मना–આત્મા વડે–આપણ વડે
| अप्प+णइआ=अप्पणइआ– ,, ,, ,,

पक्षे–अप्पाणेण–आत्मना– ,, ,, ,,

अप्पणिआ पाउसे उवगयम्मि–પોતે ચોમાસું આવતાં–आत्मना प्रावृषि उपगते

"अप्पणिआ य विअड्डि खाणिआ" [ પ્રથમ ભાગ વસુદેવહિંડી ધમ્મિલ્લહિંડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃ. ૩૦] અને પોતે વેદીને ખોદેલી—ખોદાવેલી[1] आत्मना च वितर्दिः खानिता। अप्पणइआ, पक्षे—अप्पाणेण.

### सव्व વગેરે સર્વનામરૂપ શબ્દોનાં રૂપો :

## अतः सर्वादेः डेः जसः ॥८।३।५८॥

અકારાંત सर्वादि—સર્વ વગેરે શબ્દો—ને લાગેલા પ્રથમા વિભક્તિના બહુવચનના जस् ને બદલે ए (डे) કરવો.

सर्व+जस्=सव्व+ए=सव्वे=સર્વ—બધા—सर्वे
अन्य+जस्=अन्न+ए=अन्ने—અન્ય—બીજા—अन्ये
यत्+जस्=ज+ए=जे—જેઓ—ये
तत्+जस्=त+ए=ते—તેઓ—ते
किम्+जस्=क+ए=के—કયા—કોણ—के
एक+जस्=एक्क+ए=एक्के—એક—કોઈ એક—एके
कतर+जस्=कयर+ए=कयरे—કેટલા—कतरे
इतर+जस्=इयर+ए=इयरे—બીજા—इतरे

सव्वाओ रिद्धीओ—બધી ઋદ્ધિઓ—सर्वाः ऋद्धयः—આ પ્રયોગમાં सव्व શબ્દ નારીજાતિમાં આકારાંત છે પણ અકારાંત નથી તેથી આ નિયમ ન લાગે.

सव्वस्स—આ રૂપમાં પ્રથમા બહુવચનનો પ્રત્યય નથી પણ ષષ્ઠી એકવચનનો પ્રત્યય છે, તેથી આ નિયમથી स्स નો ए ન થાય.

## ङेः स्सिं-म्मि-त्थाः ॥८।३।५९॥

અકારાંત सर्व આદિ નામોને લાગેલા સપ્તમી વિભક્તિના એકવચન ङि ને બદલે स्सिं, म्मि અને त्थ પ્રત્યયો લગાડવા.

सर्व+स्मिन्= सव्व+स्सिं=सव्वस्सिं—સર્વમાં—सर्वस्मिन्
सव्व+म्मि=सव्वम्मि— ,, ,,
सव्व+त्थ=सव्वत्थ— ,, ,,

---

૧ આ આખી ગાથા આ પ્રમાણે છે:
"सयमेव रुक्ख रोविए, अप्पणिया ए वियड्डि कारिया।
उवाइयलद्धया य से, किं छगला! बे बि त्ति वाससे ॥"
—આ ગાથામાં खणिया ને બદલે कारिया કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्य+स्मिन् = | अन्न+स्सि–अन्नस्सि–અન્યમાં–બીજામાં
अन्न+म्मि=अन्नम्मि– ,, ,,
अन्न+त्थ=अनत्थ– ,, ,,

આ પ્રકારે તમામ સર્વાદિનાં રૂપો સમજી લેવાં.

अमुम्मि–આ રૂપમાં મૂળ अदस् શબ્દ છે. अमुष्मिन्–આ શબ્દ સર્વાદિ તો છે, પણ उ કારાંત હોવાથી આ નિયમ ન લાગે.

## नवा अन् इदम्–एतदः हिं ॥८।३।६०॥

इदम् અને एतत् શબ્દો સિવાય બીજા अ કારાંત સર્વાદિ શબ્દને લાગેલા ङि ને બદલે हिं આદેશ વિકલ્પે થાય છે.

सर्व+स्मिन्–सव्व+हिं=सव्वहिं, सव्वस्सि, सव्वम्मि. यव्वत्थ–સર્વમાં–सर्वस्मिन्

अन्य+स्मिन्–अन्न+हिं=अन्नहिं, अन्नस्सि, अन्नम्मि, अनत्थ–અન્યમાં–अन्यस्मिन्

किम्+स्मिन्–क+हिं=कहिं, कस्सि, कम्मि, कत्थ–કોનામાં–અથવા કેનામાં–कस्मिन्

यत्+स्मिन्=ज+हिं=जहिं, जस्सि, जम्मि, जत्थ–જેમાં–यस्मिन्

तत्+स्मिन्=त+हिं=तहिं, तस्सि, तम्मि, तत्थ–તેમાં–तस्मिन्

બહુલંનો અધિકાર હોવાને લીધે આ નિયમ किम्, यत् અને तत् શબ્દોને નારીજાતિમાં પણ લાગે છે. એટલે એ શબ્દો अ કારાંત નથી તો પણ આ નિયમ વિકલ્પે લાગે.

का+स्याम्–का+हिं=काहिं આ નિયમ ન લાગે ત્યારે काए, कीए–કઈ સ્ત્રીમાં–कस्याम्

या+स्याम्–जा+हिं=जाहिं ,, जाए, जीए–જે સ્ત્રીમાં–यस्याम्

ता+स्याम्–ता+हिं=ताहिं ,, ताए, तीए–તે સ્ત્રીમાં–तस्याम्

આ ત્રણ રૂપોમાં બહુલંના અધિકારથી "किं–यत्–तत्॰" ८।३।३३ આ સૂત્ર વડે નારીજાતિમાં ङी થયો નથી कीहिं जीहिं तीहिं એવાં રૂપો થાય નહીં.

इदम् નું इमस्सि–अस्मिन्–આ રૂપમાં અને एतद् નું एअस्सि–एतस्मिन्–આ રૂપમાં.

સૂત્રમાં इदम् અને एतद् નો નિષેધ કરેલ હોવાથી આ બે પ્રયોગોમાં हिं પ્રત્યય વપરાતો નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आमो डेसिं ॥८।३।६१॥

અકારાંત સર્વાદિ નામોને લાગેલા ષષ્ઠીના બહુવચન आम्-साम्-ને બદલે एसिं પ્રત્યય વિકલ્પે વાપરવો.

सर्व+साम्=सव्व+एसिं=सव्वेसिं, सव्वाण-બધાનું-सर्वेषाम्
अन्न+साम्=अन्न+एसिं=अन्नेसिं, अन्नाण-બીજાઓનું-अन्येषाम्
अवर+साम्=अवर+एसिं=अवरेसिं, अवराण-બીજાઓનું-अवरेषाम्
इदम्+साम्=इम+एसिं=इमेसिं, इमाण-આમનું-एषाम्
एतद्+साम्=एअ+एसिं=एएसिं, एआण-એઓનું-एतेषाम्
यत्+साम्=ज+एसिं=जेसिं, जाण-જેઓનું-येषाम्
तत्+साम=त+एसिं=तेसिं, ताण-તેઓનું-तेषाम्
किम्+साम्=क+एसिं=केसिं, काण-કોનું-केषाम्

બહુલં અધિકારને લીધે આ નિયમ સ્ત્રીલિંગમાં આકારાંત સર્વાદિને પણ લાગે.

सर्वा+साम्=सव्वा+एसिं-सव्वेसिं, सव्वाण-બધીઓનું
अन्या+साम्=अन्ना+एसिं-अन्नेसिं, अन्नाण-બીજીઓનું
तत्+साम्=ता+एसिं-तेसिं, ताण-તેણીઓનું-વગેરે રૂપો સમજી લેવાં.

## किम्-तद्भ्यां डासः ॥८।३।६२॥

किम् અને तत् શબ્દોને લાગેલા आम-साम्-ને બદલે आस (डास) પ્રત્યય વિકલ્પે વાપરવો.

किम्+आम्=क+डास=कास, केसिं-કોનું-केषाम्
तद्+आम्=त+डास=तास, तेसिं-તેઓનું-तेषाम्

## किम्-यत्-तद्भ्यो ङसः ॥८।३।६३॥

किम, यत् અને तत् શબ્દોને લાગેલા ङस् ને સ્થાને आस (डास) વિકલ્પે વાપરવો.

किम्+ङस्=क+डास=कास, कस्स-કોનું-कस्य
यत्+ङस्=ज+डास=जास, जस्स-જેનું-यस्य
तत्+ङस्=त+डास=तास, तस्स-તેનું-तस्य



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીલિંગમાં આ કારાંત બનેલા किम् અને तत् શબ્દને પણ બહુલાધિકારને લીધે આ નિયમ વિકલ્પે લાગે છે.

कास काए-धणं-કેણીનું ધન-कस्या धनम्
तास, ताए धणं-તેણીનું ધન-तस्या धनम्

## ईद्भ्यः स्सा से ॥८।३।६४॥

નારીજાતિમાં દીર્ઘ ई કારાંત બનેલા किम् વગેરે શબ્દોને લાગેલા ષષ્ઠીના એકવચનના ङस् ને સ્થાને स्सा અને से એવા બે આદેશો વિકલ્પે વાપરવા.

किम्+ङस्=की+स्सा=किस्सा; की+से=कीसे, कीअ, कीआ, कीइ, कीए-
કેણીનું-कस्याः

यत्+ङस्=जी+स्सा=जिस्सा; जी+से=जीसे; जीअ, जीआ-जीइ, जीए-
જેણીનું-यस्याः

तत्+ङस्=ती+स्सा=तिस्सा: ती+से=तीसे; तीअ, तीआ, तीइ, तीए-
તેણીનું-तस्याः

## ङेः डाहे डाला इआ काले ॥८।३।६५॥

किम्, यत्, तत् શબ્દો દ્વારા જ્યારે કાળનું સૂચન થતું હોય ત્યારે સપ્તમી એકવચનના ङि ના સ્થાને आहे, (डाहे), आला(डाला) અને इआ એવા ત્રણ પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

किम्+स्मिन्-क+आहे=काहे, कहिं, कस्सिं, कम्मि, कत्थ-ક્યારે-कस्मिन् काले
क+आला=काला, ,, ,, ,, ,, ,, ,,
क+इआ=कइआ, ,, ,, ,, ,, कदा ક્યારે
यत्+स्मिन्=ज+आहे, जाहे; जहिं, जस्सि, जम्मि, जत्थ-જ્યારે-यस्मिन् काले
ज+आला=जाला; ,, ,, ,, ,, ,, यदा
ज+इआ=जइआ; ,, ,, ,, ,, ,, ,,
तत्+स्मिन्=त+आहे=ताहे; तहिं, तस्सि, तम्मि, तत्थ-ત્યારે-तस्मिन् काले
त+आला=ताला; ,, ,, ,, ,, ,, ,,
त+इआ=तइआ; ,, ,, ,, ,, ,, तदा

"ताला जाअंति गुणा जाला ते सहिअएहि घेप्पंति- तदा जायन्ते गुणाः यदा ते सहृदयैः गृह्यन्ते-જ્યારે સહૃદય માણસો ગ્રહણ કરે ત્યારે તે ગુણ બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङसेः म्हा ॥८।३।६६॥

किम्, यत् અને तत् શબ્દોને લાગેલા પંચમી એકવચનના ङसि ને બદલે म्हा એવા પ્રત્યય વિકલ્પે બોલાય છે.

किम्+स्मात्=क+म्हा=कम्हा, काओ—ક્યાંથી, કોનાથી—कस्मात्
यत्+स्मात्=ज+म्हा=जम्हा, काओ—જેથી, જેનાથી—यस्मात्
तत्+स्मात्=त+म्हा=तम्हा, ताओ—તેથી, તેનાથી—तस्मात्

## तदः डोः ॥८।३।६७॥

तत् શબ્દને લાગેલા પંચમી એકવચનના ङसि ને સ્થાને डो વિકલ્પે વપરાય છે.

तत+स्मात्=त+डो=तो, तम्हा—તેથી, તેનાથી—तस्मात्

## किमः डिणो-डीसौ ॥८।३।६८॥

किम् શબ્દને લાગેલા પંચમી એકવચનના ङसि ને સ્થાને डिणो અને डीस પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

किम्+स्मात्=क+इणो=किणो; कम्हा—ક્યાંથી કોનાથી—कस्मात्
क+ईस=कीस; कम्हा— ,, ,, ,,

## इदम्-एतत्-कि-यत्-तद्भ्यः टः डिणा ॥८।३।६९॥

अ કારાંત એવા અને सर्वादि ગણમાં આવેલા इदम्, एतद्, किम्, यत्, तत् શબ્દોને લાગેલા ત્રીજી વિભક્તિના એકવચનના टा ને સ્થાને इणा વિકલ્પે વપરાય છે.

इदम्+टा=इम+इणा=इमिणा, इमेण—આ વડે—अनेन
एतद्+टा=एत+इणा=एदिणा, एदेण—એ વડે—एतेन
किम्+टा=क+इणा=किणा, केण—કોણે, કોના વડે—केन
यत्+टा=ज+इणा=जिणा, जेण—જેણે, જે વડે—येन
तत्+टा=त+इणा=तिणा, तेण—તેણે, તે વડે—तेन

## तदः णः स्यादौ क्वचित् ॥८।३।७०॥

તમામ स्यादि વિભક્તિ લાગી હોય ત્યારે કોઈ કોઈ પ્રયોગમાં तद् શબ્દને બદલે ण શબ્દ વપરાય છે.

णं पेच्छ—તેને જો—तं प्रेक्षस्व

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सोअइ अ णं रहुवई–રઘુપતિ તેનો શોક કરે છે–शोचति च तं रघुपतिः

નારીજાતિમાં પણ આ નિયમ લાગે છે.–ताम् ને બદલે णम्।

हत्थुन्नामिअ–मुही णं तिअडा–હથેલી ઉપર જેણીએ મોં રાખેલું છે એવી ત્રિજટા તેને–हस्तोन्नामितमुखी तां त्रिजटा।

णेण भणिअं–તેણે ભણ્યું–કહ્યું–तेन भणितम्

तो णेण करयलट्ठिआ–તેથી તેણે હથેલી ઉપર રહેલી–ततः तेन करतलस्थिता

भणिअं च णाए–અને તેણીએ ભણ્યું–કહ્યું–भणितं च तया

णेहिं कयं–તેઓએ કર્યું–तैः कृतम्

णाहिं कयं–તેણીઓએ કર્યું–ताभिः कृतम्

## किमः कः त्र–तसोः च ॥८।३।७१॥

स्यादि વિભક્તિ લાગી હોય ત્યારે અને त्र તેમજ तस् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે किम् ને બદલે क વાપરવો.

किम्+सि=क+ओ=को–કોણ–कः

किम्+जस्=क+ए=के–કોણ અથવા–के

किम्+अम्=क+अम्=कं–કોને–कम्

किम्+शस्=क+ए=के–કોને–कान्

किम्+टा=क+इन=केण–કેણે–કોના વડે–केन

किम्+त्र=क+त्थ=कत्थ–ક્યાં–कुत्र

किम्+तस्=क+ओ=कओ–ક્યાંથી–कुतः

किम्+तस्=क+त्तो=कत्तो– ,, ,,

क+दो=कदो– ,, ,,

## इदमः इमः ॥८।३।७२॥

स्यादि વિભક્તિ લાગી હોય ત્યારે इदम् શબ્દને બદલે इम વાપરવો.

इदम्+सि=इम+ओ=इमो–આ–अयम्

इदम्+जस्=इम+ए=इमे–આ–इमे

इदम्+अम्=इम+अम्=इमं–આને–इमम्

इदम्+शस्=इम+ए=इमे–આઓને–इमान्

इदम्+टा=इम+इन=इमेण–આના વડે–अनेन

નારીજાતિમાં પણ આ નિયમ લાગે છે. इयम् ને બદલે इमा–આ સ્ત્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पुं-स्त्रियोः न वा अयम् इमिआ सौ ॥८।३।७३॥

પ્રથમાનું એકવચન सि વિભક્તિ લાગી હોય ત્યારે પુંલિંગમાં इदम् ને બદલે વિકલ્પે अयम् થાય છે અને સ્ત્રીલિંગમાં વિકલ્પે इमिआ રૂપ થાય છે.

પુંલિંગ—इदम्+सि=अयं, इमो—આ—अयम्

સ્ત્રીલિંગ—इदम्+सि=इमिआ, इमा—આ સ્ત્રી—इयम्

अहवा अयं कयकज्जो—અથવા આ કૃતકાર્ય—अथवा अयं कृतकार्यः

इमिआ वाणिअ-धूआ—આ વાણિયાની પુત્રી—इयं वाणिजदुहिता

## स्सि-स्सयोः अत् ॥८।३।७४॥

स्सि અને स्स પ્રત્યયો લાગ્યા હોય ત્યારે इदम् શબ્દને બદલે अ વિકલ્પે વાપરવો.

इदम्+स्सि=अस्सि, इमस्सि—આમાં—अस्मिन्

इदम्+स्स=अस्स, इमस्स—આનું—अस्य

બહુલં અધિકારને લીધે આ નિયમ બીજા પ્રત્યયોમાં પણ લાગે છે.

પુંલિંગ—इदम्+भिस्=अ+हि+एहि, इमेहि—આઓ વડે—एभिः

इदम्+सुप्=अ+सु=एसु, इमेसु—આઓમાં—एषु

સ્ત્રીલિંગ—इदम्+भिस्=आ+हि=आहि, इमाहि—આ સ્ત્રીઓ વડે—आभिः

## ङेः मेन हः ॥८।३।७५॥

સપ્તમી વિભક્તિના એકવચનનો ङि પ્રત્યય લાગ્યો હોય ત્યારે અને इदम् શબ્દનો इम આદેશ થયો હોય ત્યારે इम ના म ની સાથે ङि નો ह આદેશ થાય છે. એટલે ङि ને બદલે म અને ङि બંને મળીને ह વિકલ્પે થાય છે.

इदम्+ङि=इम+ङि=इह; इमम्मि—આમાં—अस्मिन्

## न त्थः ॥८।३।७६॥

इदम् શબ્દને લાગેલા સપ્તમીના એકવચનના ङि ના સ્થાને त्थ ન થાય ૮।૩।૫૯ સૂત્રથી इदम्ने ङि પ્રત્યયને બદલે त्थ પ્રાપ્ત હતો તેનો નિષેધ કર્યો છે. તેથી સપ્તમીના એકવચનમાં इह, इमस्सि અને इमम्मि એમ ત્રણ રૂપો થાય પણ इत्थ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## णः अम्-शस्-टा-भिसि ॥८।३।७७॥

દ્વિતીયા વિભક્તિના એકવચન अम् તથા બહુવચન शस् અને તૃતીયા વિભક્તિના એકવચન टा અને બહુવચન भिस् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે इदम् ને બદલે ण શબ્દ વિકલ્પે વાપરવો.

इमं, णं पेच्छ–આને જો–इमं प्रेक्षस्व

इमे, णे पेच्छ–આઓને જો–इमान् प्रेक्षस्व

इमेण, णेण कयं–એણે કર્યું–अनेन कृतम्

इमेहिं, णेहि कयं–આઓ વડે કરાયું–एभिः कृतम्

## अमा इणम् ॥८।३।७८॥

દ્વિતીયાના अम् સહિત इदम् ને બદલે इणम् રૂપ વિકલ્પે વાપરવું. इदम् અને अम् એ બન્ને મળીને इणं રૂપ વિકલ્પે વપરાય છે.

इमं पेच्छ, इणं पेच्छ–આને જો–इमं प्रेक्षस्व

## क्लीबे सि-अमा इदम्-इणमो च ॥८।३।७९॥

નપુંસકલિંગમાં વર્તતો इदम् શબ્દ અને તેને લાગેલા પ્રથમા એકવચન અને દ્વિતીયા એકવચન એટલે सि અને अम् એ બન્ને મળીને इदम्, इणमो અને इणं એમ ત્રણ રૂપો થાય છે.

इदम्+सि=इदं, इणमो, इणं चिट्ठइ આ ઊભું છે–इदं तिष्ठति

इदम्+अम्=इदं, इणमो, इणं धणं पेच्छ–આ ધનને જો-इदं धनं प्रेक्षस्व

## किमः किं ॥८।३।८०॥

પ્રથમા વિભક્તિનું એકવચન, દ્વિતીયા વિભક્તિનુ એકવચન અને નપુંસકલિંગમાં વર્તતો किम् શબ્દ–એ બન્ને મળીને किं આદેશ થઈ જાય છે.

किम्+सि=किं कुलं तुह–તારું કયું કુળ છે?–किं कुलं तव?

किम्+अम्=किं किं ते पडिहाइ–તને શું શું ગમે છે?–किं किं ते (तव) प्रतिभाति?

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## वा इदं-तद्-एतदः ङस्-आम्भ्यां से-सिमौ ॥८।३।८१॥

इदम् શબ્દ અને ષષ્ઠી એકવચન ङस् એ બન્ને મળીને से વિકલ્પે થઈ જાય છે.

तत् શબ્દ અને ષષ્ઠી એકવચન ङस् એ બન્ને મળીને से વિકલ્પે થઈ જાય છે.

एतत् શબ્દ અને ષષ્ઠી એકવચન ङस् એ બન્ને મળીને सि વિકલ્પે થઈ જાય છે.

इदम् શબ્દ અને ષષ્ઠીના બહુવચનનો आम् એ બન્ને મળીને सिं વિકલ્પે થઈ જાય છે.

तत् અને आम् એ બન્ને મળીને सिं વિકલ્પે થઈ જાય છે.

एतत् અને आम् એ બન્ને મળીને सिं વિકલ્પે થઈ જાય છે.

इदम् એ૦વ૦-से, इमस्स शीलं-આનું શીલ-अस्य शीलम्
से, ईमीए गुणा-એણીના ગુણો-अस्याः गुणाः

तत् (એ૦વ૦)-से, तस्स सीलं-તેનું શીલ-तस्य शीलम्
से, तिस्सा गुणा-તેણીના ગુણો-तस्याः गुणाः

एतत् (એ૦વ૦)-से, एअस्स अहियं-આનું અહિત-एतस्य अहितम्
से, एतीए अहियं-એણીનું અહિત-एतस्याः अहितम्

इदम्+आम्=सिं, इमेसिं, इमाण उच्छाहो-(આમનો ઉત્સાહ-एषाम् उत्साहः / આ સ્ત્રીઓનો ઉત્સાહ-आसाम् उत्साहः)

तत्+आम्=सिं, तेसिं, ताण गुणा-(તેઓના ગુણો-तेषां गुणाः / તેણીઓના ગુણો-तासां गुणाः)

एतत्+आम्=सिं, एएसिं, एआण गुणा-એમના ગુણો-एतेषां गुणाः
सिं सीलं-આ સ્ત્રીઓનું શીલ-एतासां शीलम्

કોઈ વૈયાકરણ आम् પ્રત્યય સાથે इदम् અને तत् નો से આદેશ પણ ઇચ્છે છે. એટલે એના મતે ષષ્ઠી બહુવચનના आम् સાથે પણ इदम् અને तत् શબ્દોનાં से રૂપ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा एतदः ङसेः त्तो त्ताहे ॥८।३।८२॥

एतत् શબ્દને લાગેલા પંચમી વિભક્તિના એકવચન ङसि પ્રત્યયને બદલે त्तो અને त्ताहे રૂપો વિકલ્પે વાપરવાં.

एतत्+ङसि = (एत्तो; एआओ, एआउ, एआहि, एआहिंतो–આનાથી–एतस्मात्
(एत्ताहे; ,, ,, ,, ,, ,, ,,

## त्थे च तस्य लुक् ॥८।३।८३॥

त्थ, त्तो અને त्ताहे પ્રત્યયો લાગ્યા હોય ત્યારે एतत्‌નો સ્વર સહિત त બોલાતો નથી

एतत्+त्थ=एत्+त्थ–एत्थ–એમાં–अत्र

एतत्+त्तो=एत्+त्तो=एत्तो–એથી–एतस्मात्

एतत्+त्ताहे=एत्+त्ताहे–एत्ताहे ,, ,,

(આ રૂપોમાં છેડાના વ્યંજનરૂપ त्‌નો લોપ કરી નાખ્યા પછી આ રૂપો સાધવાં.

## एः अदीतौ म्मौ वा ॥८।३।८४॥

સપ્તમી એકવચનના ङिनो म्मि થયા પછી एतत् શબ્દના एकारनो अ વિકલ્પે થાય છે અને ई વિકલ્પે થાય છે.

एतत्+ङि=एतत्+म्मि=(अत+म्मि=अयम्मि, एयम्मि- એમાં–एतस्मिन्
(ईत+म्मि=ईयम्मि, एयम्मि– ,, ,,

અહીં પણ છેવટના त્‌નો—અંત્ય વ્યંજનરૂપ त્‌નો—લોપ કરી નાખવો.

## वा एस इणम् इणमो सिना ॥८।३।८५॥

सि વિભક્તિ અને एतत् શબ્દ બન્ને મળીને एस, इणं અને इणमो એવાં ત્રણ રૂપો વિકલ્પે થાય છે.

एतत्+सि=एस, इणं, इणमो; પક્ષે–एयं, एसा, एसो

सव्वस वि एस गई–બધાની પણ આ ગતિ–सर्वस्य अपि एषा गतिः

सव्वाण वि पत्थिवाण एस मही–બધાયે રાજાઓની આ પૃથ્વી–सर्वेषाम् अपि पार्थिवानाम् एषा मही

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एस सहाओ च्चिअ ससहरस्स-આ સ્વભાવ ખરેખર, ચંદ્રમાનો છે-
एषः स्वभावः चैव शशधरस्य

एस सिरं-આ માથું-એતત્ શિરઃ

## तदः च तः सः अक्लीबे ॥८।३।८६॥

सि વિભક્તિ લાગી હોય ત્યારે અને એતત્ તથા તત્ શબ્દ નપુંસકલિંગમાં ન હોય ત્યારે બન્ને શબ્દોના त નો स કરવો.

तत्+सि=सो पुरिसो-તે પુરુષ-सः पुरुषः

सा महिला-તે મહિલા-સ્ત્રી-सा महिला

एतत्+सि=एसो पिओ-આ પ્રિય-एषः प्रियः

एसा मुद्धा-આ મુગ્ધા-एषा मुग्धा

ते एए धन्ना-તે આ ધન્ય પુરુષો-ते एते धन्याः-આ પ્રયોગમાં પહેલી વિભક્તિનું એકવચન નથી પણ બહુવચન છે.

ताओ एआओ महिलाओ-તે આ મહિલાઓ-ताः एताः महिलाः-આ પ્રયોગમાં પણ પહેલી વિભક્તિનું બહુવચન છે, એકવચન નથી,

તેથી આ બન્ને પ્રયોગોમાં આ નિયમ ન લાગે.

तं एअं वणं-તે આ વન-तद् एतद् वनम्--આ રૂપોમાં તત્ તથા એતત્ શબ્દ નપુંસકલિંગમાં છે તેથી આ નિયમ ન લાગે.

## वा अदसः दस्य हः न ओत्-आ-म् ॥८।३।८७॥

अदस् શબ્દને सि વિભક્તિ લાગી હોય ત્યારે अदस् ના द નો ह વિકલ્પે કરવો અને એ ह આદેશ થયા પછી अदस् શબ્દને ૮।૩।૩ એ નિયમથી ओ ન થાય અને ૨.૪.૧૮ સૂત્રથી નારીજાતિમાં आप् ન થાય. તથા નપુંસકલિંગમાં "क्लीबे स्वरान्म सेः" ૮।૩।૨૫ સૂત્રથી सि નો म् ન થાય અર્થાત્ પુંલિંગ, સ્ત્રીલિંગ તથા નપુંસકલિંગમાં ત્રણે લિંગમાં अह એવું એક જ રૂપ થાય. अह એટલે असौ

अदस्+सि=अह, अमू पुरिसो-આ પુરુષ-असौ पुरुषः

अह, अमू महिला-આ સ્ત્રી-असौ महिला

अह, अमुं वणं-આ વન-अदः वनम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह मोहो परगुणलहुअयाइ–असौ मोहः परगुणलघुतायै–બીજાના ગુણની લઘુતા કરવા માટેની આ પ્રવૃત્તિ મોહરૂપ છે

अह णे हिअएण हसइ मारुय-तणओ–આ હનુમાન્ હૃદયથી અમને હસે છે અથવા તેઓને હસે છે–असौ नः (अस्मान्) અથવા तान् हसति मारुततनयः

अह कमलमुही આ કમલ જેવા મુખવાળી—असौ कमलमुखी

## मुः स्यादौ ॥८।३।८८॥

स्यादि વિભક્તિ લાગી હોય ત્યારે अदस्ના द નો मु આદેશ કરવો.

પું૦–अदस्+सि=अमू पुरिसो–આ પુરુષ છે–असौ पुरुषः

अदस्+जस्=अमुणो पुरिसा–આ પુરુષો છે–अमी पुरुषाः

ન૦–अदस्+अम्=अमुं वणं–આ વન–अदः वनम्

अदस्+जस्=अमूइं वणाइं–આ વનો–अमूनि वनानि

સ્ત્રી૦–अदस्+सि=अमू माला–આ માલા–असौ माला

अदस्+जस्=अमूउ, अमूओ मालाओ–આ માલાઓ–अमूः मालाः

अदस्+टा=अमुणा–આ વડે–अमुना

अदस्+भिस्=अमूहिं–આ વડે–પું૦ अमीभिः અથવા સ્ત્રી૦ अमूभिः

अदस्+ङसि=अमूओ, अमूउ, अमूहिंतो–આનાથી–પું૦ अमुष्मात्, અથવા સ્ત્રી૦ अमुष्याः

अदस्+भ्यस्=अमूहिंतो, अमूसुंतो–આમનાથી––પું૦ अमीभ्यः અથવા સ્ત્રી૦ अमूभ्यः

अदस्+ङस्=अमुणो, अमुस्स–આનુ પું૦ अमुष्य, અથવા સ્ત્રી૦ अमुष्याः

अदस्+आम्=अमूण–આમનું–પું૦ अमीषाम् અથવા સ્ત્રી૦ अमूषाम्

अदस्+ङि=अमुम्मि–આમાં–પુ૦– अमुष्मिन् અથવા સ્ત્રી૦ अमूष्याम्

अदस्+सु=अमूसु–આમનામાં––પું૦ अमीषु અથવા સ્ત્રી૦ अमूषु

## म्मौ अय-इऔ वा ॥८।३।८९॥

સપ્તમી વિભક્તિના એકવચનનો म्मि આદેશ થયો હોય ત્યારે अदने બદલે अय અને इअ આદેશો વિકલ્પે કરવા.

अद+म्मि=अयम्मि, इअम्मि, अमुम्मि–આમાં-अमुष्मिन्

अदस्ना स्नो લોપ કર્યા પછી अदस्नो अद બનાવીને આ નિયમ લગાડવાનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

युष्मद् નાં રૂપો—

## युष्मदः तं तुं तुवं तुह तुमं सिना ॥८।३।९०॥

પ્રથમા એકવચન सि સહિત युष्मत् શબ્દનાં પાંચ રૂપો થાય છે :

युष्मत्+सि=तं, तुं, तुवं, तुहं, तुमं दिट्ठो–તું દીઠો–જોવાયો–त्वं दृष्टः

## भे तुब्भे तुज्झ तुम्ह तुय्हे उय्हे जसा ॥८।३।९१॥

પ્રથમા બહુવચન जस् સહિત युष्मत् નાં ૭ રૂપો થાય છે.

युष्मत्+जस्=भे, तुब्भे, तुज्झ, तुम्ह, तुय्हे, उय्हे चिट्ठह–તમે ઊભા છો–यूयं तिष्ठथ

આમાં જે तुब्भे રૂપ બતાવ્યું છે તેમાં ૮।૩।૧૦૪ નિયમથી ब्भ ને બદલે म्ह તથા ज्झ પણ વિકલ્પે બોલાય છે તેથી तुम्हे, तुज्झे એવાં રૂપો થાય.—એ રીતે આઠ રૂપો થાય.

## तं तुं तुमं तुवं तुह तुमे तुए अमा ॥८।३।९२॥

બીજી વિભક્તિના એકવચનના अम् પ્રત્યય સાથે युष्मत् શબ્દનાં तं, तुं, तुमं, तुवं, तुह, तुमे, तुए એવાં સાત રૂપો થાય છે.

युष्मत्+अम्=तं, तुं, तुमं, तुवं, तुह, तुमे, तुए वंदामि–તને હું વાંદું છું–त्वां वन्दे

## वो तुज्झ तुब्भे तुय्हे उय्हे भे शसा ॥८।३।९३॥

દ્વિતીયા વિભક્તિના બહુવચન शस् ની સાથે युष्मत् નાં वो, तुज्झ, तुब्भे, य्हे, उय्हे અને भे એવાં ૭ રૂપો થાય છે.

युष्मत्+शस्=वो, तुज्झ, तुब्भे–૮।૩।૧૦૪ નિયમથી तुम्हे, तुज्झे થાય, અને तुय्हे, उय्हे, भे पेच्छामि=તમને જોઉં છું–युष्मान् पश्यामि

## भे दि दे ते तइ तए तुमं तुमइ तुमए तुमे तुमाइ टा॥८।३।९४॥

તૃતીયા વિભક્તિના એકવચન टा સાથે युष्मत् નાં भे, दि, दे, ते, तइ, तए, मं, तुमइ, तुमए, तुमे, तुमाइ એવાં અગિયાર રૂપો થાય છે.

युष्मत्+टा=भे, दि, दे, ते, तइ, तए, तुमं तुमइ, तुमए, तुमे, तुमाइ जम्पिअं–તારા વડે બોલાયું–त्वया जल्पितम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भे तुब्भेहिं उज्झेहिं उम्हेहिं तुय्हेहिं उय्हेहिं भिसा ॥८।३।९५॥

तृतीया विभक्तिना बहुवचनना भिस् प्रत्यय साथे युष्मत् नां भे, तुब्भेहिं, उज्झेहिं, उम्हेहिं, तुय्हेहिं उय्हेहिं भुत्त–એવાં ७ રૂપો થાય છે.

युष्मत्+भिस्=भे, तुब्भेहिं–८।३।१०४ ના નિયમથી तुम्हेहिं, तुज्झेहिं– અને उज्झेहिं, उम्हेहिं, उय्हेहिं भुत्तम्–તમે ખાધું–તમારા વડે ખવાયું– युष्माभिः भुक्तम्

## तइ–तुव–तुम–तुह–तुब्भा ङसौ ॥८।३।९६॥

પંચમી વિભક્તિના એકવચનનો ङसि પ્રત્યય લાગ્યો હોય ત્યારે युष्मत् શબ્દનાં तइ, तुव, तुम, तुह અને तुब्भ એવાં પાંચ રૂપો થાય છે. તથા જ્યાં અકારાંત રૂપ છે. ત્યાં ङसि ને બદલે त्तो, दो, दु, हि, हिंतो અને લોપ એવા આદેશો યથાપ્રાપ્ત કરવા. તેથી तुव, तुम, तुह, तइ અને तुब्भने દરેકને त्तो, दो, दु વગેરે લગાડીને પણ રૂપો થાય છે.

युष्मत्+ङसि=तइत्तो, तुवत्तो, तुमत्तो, तुब्भत्तो–"८।३।१०४"ના નિયમથી तुम्हत्तो, तुज्झत्तो—આ રીતે સાત રૂપો થાય. તથા––એ જ પ્રમાણે दो, दु, हि हिंतो અને लोप વગેરેનાં પ્રત્યયો સાથેનાં ઉદાહરણો સમજી લેવાં.

युष्मत् શબ્દનાં પંચમી એકવચનમાં જે तत्तो રૂપ થાય છે તે त्वत्तः એવા સંસ્કૃત રૂપ ઉપરથી સમજી લેવું.

त्वत्तः રૂપના व् નો લોપ કરી વિસર્ગનો ओ કરીને એ રૂપને સાધવું.

## तुय्ह तुब्भ तहिन्तो ङसिना ॥८।३।९७॥

ङसि પ્રત્યય સહિત युष्मत् શબ્દનાં तुय्ह, तुब्भ અને तहिन्तोએ ત્રણ રૂપો સમજી લેવાં.

युष्मत्+ङसि=तुय्ह, तुब्भ, तहिन्तो आगओ–त्वत् आगतः–તારી પાસેથી આવ્યો. અને ८।३।१०४ નિયમથી तुम्हत्तो, तुज्झत्तो રૂપો થાય તે સાથે પાંચ રૂપો ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तुब्भ-तुय्ह-उय्ह-उम्हा भ्यसि ॥८।३।९८॥

જ્યારે પંચમી વિભક્તિના બહુવચનનો भ्यस् પ્રત્યય લાગ્યો હોય ત્યારે युष्मत् શબ્દનાં तुब्भ, तुय्ह, उय्ह અને उम्ह એ ચાર રૂપો થાય છે.

युष्मत्+भ्यस्=तुब्भत्तो, तुय्हत्तो, उय्हत्तो રૂપો થાય અને ૮।૩।૧૦૪ના નિયમથી तुम्हत्तो. तुज्झत्तो રૂપો થતાં ૭ રૂપો થાય છે.—એ રીતે ओ, उ, हि, हिंतो, सुंतो વગેરે પ્રત્યયો સાથેનાં तुय्ह, અને उम्ह વગેરેનાં ઉદાહરણો સમજી લેવાં.

## तइ-तु-ते-तुम्हं-तुह-तुहं-तुव-तुम-तुमे-तुमो-तुमाइ-दि-दे-इ-ए-तुब्भ-उब्भ-उय्हा ङसा ॥८।३।९९॥

ષષ્ઠી વિભક્તિના એકવચનના ङस् પ્રત્યય સાથે युष्मत् શબ્દનાં અઢાર રૂપો થાય છે

युष्मत्+ङस्=तइ, तु, ते, तुम्हं, तुह, तुहं, तुव, तुम, तुमे तुमो, तुमाइ, दि, दे, इ, ए, तुब्भ, उब्भ, उय्ह એ અઢાર રૂપો થાય અને ૮।૩।૧૦૪ના નિયમથી એ અઢારમાં બીજાં આ तुम्ह, तुज्झ, उम्ह, उज्झ ચાર રૂપો ઉમેરાવાથી બધાં મળીને બાવીસ રૂપો થાય છે.

## तु वो भे तुब्भ तुब्भं तुब्भाण तुवाण तुमाण तुहाण उम्हाण आमा ॥८।३।१००॥

ષષ્ઠી વિભક્તિના બહુવચનના आम् પ્રત્યય સાથે युष्मत् શબ્દનાં દશ રૂપો થાય છે અને તેમાં म्ह અને ज्झ વાળાં તથા ण ઉપર અનુસ્વારવાળાં રૂપો ઉમેરાવાથી કુલ ત્રેવીશ રૂપો થાય છે.

युष्मत्+आम्=तु, वो, भे, तुब्भ, तुब्भं, तुब्भाण, तुवाण, तुमाण, तुहाण, उम्हाण અને ૮।૩।૧૦૪ના નિયમથી तुम्ह અને तुज्झ, तुम्हं, तुज्झं तुब्भाण तुवाण तुम्हाण, तुज्झाण, तुम्हाणं, तुज्झाणं, उम्हाण उम्हाणं—તથા ૮।૧।૨૭ના નિયમથી અનુસ્વાર થતાં तुब्भाणं तुवाणं, तुमाणं, तुहाणं, उम्हाणं धणं—તમારું ધન—युष्माकं धनम्— આ રીતે ત્રેવીશ રૂપો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तुमे तुमए तुमाइ तइ तए ङिना ॥८।३।१०१॥

સપ્તમી વિભક્તિના ङि પ્રત્યયની સાથે युष्मत् શબ્દનાં तुमे, तुमए, तुमाइ, तइ, तए એવાં પાંચ રૂપો થાય છે.

युष्मत्+ङि=तुमे, तुमए, तुमाइ, तइ, तए ठिअं–તારામાં રહેલું છે. त्वयि स्थितम्

## तु–तुव–तुम–तुह–तुब्भा ङौ ॥८।३।१०२॥

સાતમી વિભક્તિના એકવચનનો ङि પ્રત્યય લાગ્યો હોય ત્યારે युष्मत् શબ્દનાં तु, तुव, तुम, तुह, तुब्भ એવાં પાંચ રૂપો થાય છે.

युष्मत्+ङि=तुम्मि, तुवम्मि, तुमम्मि, तुहम्मि तुब्भम्मि–તથા ૮।૩।૧૦૪ના નિયમથી तुम्हम्मि, तुज्झम्मि એવાં સાત રૂપો થાય છે તથા ૮।૩।૫૯ના નિયમ વડે तुवस्सिं, तुवम्मि, तुवत्थ એ ત્રણે રૂપો तुव નાં થાય અને એ પ્રમાણે तुम तुह અને तुब्भનાં પણ ત્રણ ત્રણ રૂપો સમજી લેવાં.

## सुपि ॥८।३।१०३॥

સાતમી વિભક્તિના બહુવચનનો सुप् પ્રત્યય લાગ્યો હોય ત્યારે युष्मत् શબ્દનાં ૧૦૨ના સૂત્રમાં જણાવેલાં સાત રૂપો થાય છે.

युष्मत्+सु=तुसु, तुवेसु, तुमेसु, तुहेसु, तुब्भेसु–તથા ૮।૩।૧૦૪ના નિયમથી तुम्हेसु, तुज्झेसु એમ સાત રૂપો થાય અને બધાં રૂપોને અનુસ્વાર થાય ત્યારે–तुसुं, तुवेसुं, तुमेसुं, तुहेसुं, तुब्भेसुं, तुम्हेसुं, तुज्झेसुं એવાં ચૌદ રૂપો થાય છે.

કેટલાક વૈયાકરણો સાતમી વિભક્તિના બહુવચનમાં एकार વિકલ્પે કરે છે તેમના મતમાં तुवसु, तुमसु, तुहसु, तुब्भसु, तुम्हसु, तुज्झसु એમ એકાર વિનાનાં અને અનુસ્વારવાળાં તથા અનુસ્વારવગરનાં બબ્બે રૂપો થાય છે. तुवसुं, तुमसुं, तुहसुं, तुब्भसुं, तुम्हसुं, तुज्झसुं.

બીજો કોઈ વૈયાકરણ સપ્તમીના બહુવચનમાં तुब्भ ના સ્થાનમાં तुब्भा એવો એક વધારે આદેશ કરે છે. તેના મતમાં तुब्भासु, तुम्हासु, तुज्झासु એમ ત્રણ રૂપો અનુસ્વાર વિનાના તથા બીજાં ત્રણ રૂપો અનુસ્વારવાળાં વધારે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ष्मः म्ह-ज्झौ वा ॥८।३।१०४॥

युष्मत्‌નાં જણાવેલાં રૂપોમાં જ્યાં જ્યાં ष्म અક્ષર છે તેને બદલે म्ह અને ज्झ પણ વિકલ્પે વાપરવા. આનાં ઉદાહરણો જ્યાં જ્યાં સંભવ છે ત્યાં ત્યાં આગળ બધે જ આપ્યાં છે.

अस्मद्‌નાં રૂપો --

## अस्मदः म्मि अम्मि अम्हि हं अहं अहयं सिना ॥८।३।१०५॥

પ્રથમા વિભક્તિના એકવચન सि પ્રત્યય સાથે अस्मत् શબ્દનાં म्मि, अम्मि, अम्हि, हं, अहं, अहयं એવાં ૭ રૂપો થાય છે.

अस्मत्+सि=म्मि, अम्मि, अम्हि, हं. अहं, अहयं–હું–अहम्

अज्ज म्मि हासिआ मामि ! तेण–હે સખે ! આજે તેણે મારી હાંસી કરી–अद्य अहं हासिता हे सखे ! तेन

उन्नम, न अम्मि कुविआ--તું નમ, હું કુપિત થઈ નથી–उन्नम, न अहं कुपिता

अम्हि करेमि–હું કરું છું–अहं करोमि

जेण हं विद्धा–જેના વડે હું વીંધાઈ ગઈ–येन अहं विद्धा

किं पम्हुट्ठ म्मि अहं–શું હું ભુલાઈ ગઈ છું–किं प्रस्मृता–विस्मृता–ऽस्मि अहम्

अहयं कयप्पणामो–જેણે પ્રણામ કરેલા છે એવો હું એટલે નમેલો એવો હું–अहं कृतप्रणामः ।

## अम्ह अम्हे अम्हो मो वयं भे जसा ॥८।३।१०६॥

પ્રથમા વિભક્તિના બહુવચન जस् સાથે अस्मत् શબ્દનાં अम्ह, अम्हे, अम्हो मो, वयं અને भे એવાં ૭ રૂપો થાય છે.

अस्मत्+जस्=अम्ह, अम्हे, अम्हो, मो, वयं, भे भणामो–અમે કહીએ છીએ–वयं भणामः

## णे णं मि अम्मि अम्ह मम्ह मं ममं मिमं अहं अमा ॥८।३।१०७।

દ્વિતીયા વિભક્તિના એકવચન अम्‌ની સાથે अस्मत् શબ્દનાં णे, णं, मि, अम्मि, अम्ह, मम्ह, मं, ममं, मिमं અને अहं એવાં દશ રૂપો થાય છે.

अस्मत्+अम्=णे, णं, मि, अम्मि, अम्ह, मम्ह, मं, ममं, मिमं, अहं पेच्छ–મને જો. मां प्रेक्षस्व

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अम्हे अम्हो अम्ह णे शसा ॥८।३।१०८॥

દ્વિતીયા વિભક્તિના બહુવચન शस् ની સાથે अस्मत् શબ્દનાં अम्हे, अम्हो, अम्ह, णे એવાં ચાર રૂપો થાય છે.

अस्मत्+शस्=अम्हे, अम्हो, अम्ह, णे पेच्छ–અમને જો–अस्मान् प्रेक्षस्व

## मि मे ममं ममए ममाइ मइ मए मयाइ णे टा ॥८।३।१०९॥

તૃતીયા વિભક્તિના એકવચન टा ની સાથે अस्मत् નાં मि, मे, ममं, ममए, ममाइ, मइ, मए, मयाइ, णे એવાં નવ રૂપો થાય છે.

अस्मत्+टा=मि, मे, ममं, ममए, ममाइ, मइ, मए, मयाइ, णे कयं–
मैं કર્યું–मया कृतम्

## अम्हेहि अम्हाहि अम्ह अम्हे णे भिसा ॥८।३।११०॥

તૃતીયા વિભક્તિના બહુવચન भिस् સાથે अस्मत् શબ્દનાં अम्हेहि, अम्हाहि, अम्ह, अम्हे, णे એવાં પાંચ રૂપો થાય છે.

अस्मत्+भिस्=अम्हेहि, अम्हाहि, अम्ह, अम्हे, णे–અમે કર્યું–अस्माभिः कृतम्

## मइ–मम–मह–मज्झा ङसौ ॥८।३।१११॥

પંચમી વિભક્તિના એકવચનનો ङसि પ્રત્યય લાગ્યો હોય ત્યારે अस्मत् શબ્દનાં मइ, मम, मह અને मज्झ એવાં ચાર રૂપો થાય છે.

अस्मत्+ङसि=मइत्तो, ममत्तो, महत्तो, मज्झत्तो आगओ–મારી પાસેથી આવ્યો–मत् आगतः

આ ચારે રૂપોને જેમ त्तो લગાડેલો છે તેમ અગાઉ જણાવેલા પંચમીના પ્રત્યયો दो, दु, हि, हिंतो અને લુક્ લગાડીને રૂપો કરી લેવાં. अस्मत् નું પંચમી વિભક્તિમાં मत्तो એવું જે રૂપ થાય છે તે સંસ્કૃતના मत्तः રૂપ ઉપરથી સાધી લેવાનું છે–मत्तो–मत्तः–મારાથી

## मम–अम्हौ भ्यसि ॥८।३।११२॥

પંચમી વિભક્તિના બહુવચનનો भ्यस् પ્રત્યય લાગે ત્યારે अस्मत् શબ્દનાં मम અને अम्ह એવાં બે રૂપો થાય છે. પછી આ બે રૂપોને અગાઉ જણાવેલા भ्यस् ને બદલે વપરાતા त्तो, दो, दु, हिंतो, सुंतो પ્રત્યયો લગાડીને બાકીનાં બધાં રૂપો સમજી લેવાં.

अस्मत्+भ्यस्=ममत्तो, ममाओ, ममाउ, ममाहिंतो, ममेहिंतो, ममासुंतो, ममेसुंतो, अम्हत्तो, अम्हाओ, अम्हाउ, अम्हेहिंतो, अम्हेसुंतो, अम्हासुंतो

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मे मइ मम मह महं मज्झ मज्झं अम्ह अम्हं ङसा ॥८।३।११३॥

ષષ્ઠી વિભક્તિના એકવચનના ङस् પ્રત્યય સાથે अस्मद् શબ્દનાં मे, मइ, मम, मह, महं, मज्झ, मज्झं, अम्ह, अम्हं એવાં નવ રૂપો થાય છે.

अस्मद्+ङस्–मे, मइ, मम, मह, महं, मज्झ, मज्झं, अम्ह, अम्हं धणं–મારું ધન–मम धनम्

## णे णो मज्झ अम्ह अम्हं अम्हे अम्हो अम्हाण ममाण महाण मज्झाण आमा ॥८।३।११४॥

ષષ્ઠી વિભક્તિના બહુવચન आम् પ્રત્યય સાથે अस्मद् શબ્દનાં णे, णो, मज्झ, अम्ह, अम्हं, अम्हे, अम्हो, अम्हाण, ममाण, महाण, मज्झाण એવાં અગિયાર રૂપો થાય છે.

अस्मद्+आम्=णे, णो, मज्झ, अम्ह, अम्हं, अम्हे, अम्हो, अम्हाण, ममाण, महाण, मज्झाण धणं–અમારું ધન–अस्माकं धनम् એ જ રીતે ૮।૧।૨૭ના નિયમથી અનુસ્વાર થતાં अम्हाणं, ममाणं, महाणं, मज्झाणं એ રીતે પંદર રૂપો થાય છે.

## मि मइ ममाइ मए मे ङिना ॥८।३।११५॥

સપ્તમી વિભક્તિના એકવચન ङि પ્રત્યયની સાથે अस्मद् શબ્દનાં मि, मइ, ममाइ, मए અને मे એવાં પાંચ રૂપો થાય છે.

अस्मद्+ङि=मि, मइ, ममाइ, मए, मे ठिअं–મારામાં રહેલું–मयि स्थितम्

## अम्ह–मम–मह–मज्झा ङौ ॥८।३।११६॥

સપ્તમી વિભક્તિના એકવચનનો ङि પ્રત્યય લાગ્યો હોય તો अस्मद् શબ્દનાં अम्ह, मम, मह, मज्झ એવાં ચાર રૂપો થાય છે.

अस्मद्+ङि=अम्हम्मि, ममम्मि, महम्मि मज्झम्मि ठिअम्–મારામાં રહેલું–मयि स्थितम् । આ સ્થળે ૮।૩।૫૯ નિયમ પ્રમાણે अम्हस्सिं, अम्हम्मि વગેરે રૂપો પણ સાધી લેવાં.

## सुपि ॥८।३।११७॥

સપ્તમી વિભક્તિના બહુવચનનો सुप् પ્રત્યય લાગતાં अस्मद् શબ્દનાં ઉપરના સૂત્રમાં જણાવ્યા પ્રમાણે अम्हेसु, ममेसु, महेसु, मज्झेसु એવાં ચાર રૂપો થાય છે.

अस्मद्+सु=अम्हेसु, ममेसु, महेसु, मज्झेसु–અમારામાં–अस्मासु



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે વૈયાકરણ સુપ્ પ્રત્યય લાગતાં અ નો ए વિકલ્પે માને છે તેના મતમાં एकार વિનાનાં આ ચાર રૂપો વધારે થાય છે. જેમ—अम्हसु, ममसु, महसु, मज्झसु

બીજો વૈયાકરણ સુપ્ પ્રત્યય લાગતાં अम्ह ને સ્થાને अम्हा માને છે તેમના મતમાં अम्हासु રૂપ વધારે થાય છે.

अम्हेसु વગેરે રૂપોમાં सु ઉપર અનુસ્વાર કરીને પણ अम्हेसुं વગેરે રૂપો સાધવાના છે.

સંખ્યાવાચક શબ્દોનાં રૂપો-

## त्रेः ती तृतीयादौ ॥८।३।११८॥

તૃતીયા વિભક્તિના બહુવચનથી લઈને સપ્તમીના બહુવચન સુધીના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે त्रि શબ્દનો ती એવો આદેશ કરવો.

તૃ૦બ૦વ૦—तीहिं कयं ત્રણ જણોએ કર્યું—त्रिभिः कृतम्

પં૦બ૦વ૦—तीहिंतो आगओ–ત્રણ જણો પાસેથી આવ્યો—त्रिभ्यः आगतः

ષ૦બ૦વ૦—तिण्हं धणं–ત્રણ જણાનું ધન—त्रयाणां धनम्

સ૦બ૦વ૦—तीसु ठिअं–ત્રણ જણામાં રહેલું—त्रिषु स्थितम्

## द्वेः दो वे ॥८।३।११९॥

તૃતીયા વિભક્તિથી લઈને સપ્તમી સુધીના બહુવચનના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે द्वि શબ્દના दो અને वे એવાં બે રૂપો થાય છે. તથા वे ને બદલે बे પદ પણ વપરાય છે.

તૃ૦બ૦વ૦—दोहि, वेहि कयं–બે જણે કર્યું—द्वाभ्यां कृतम्

પં૦બ૦વ૦—दोहिंतो, वेहिंतो आगओ–બે જણ પાસેથી આવ્યો—द्वाभ्याम् आगतः

ષ૦બ૦વ૦—दोण्हं, वेण्हं धणं–બે જણનું ધન—द्वयोः धनम्

સ૦બ૦વ૦—दोसु, वेसु ठिअं–બે જણામાં રહેલું—द्वयोः स्थितम्

અહીં वे ને બદલે बे પણ વપરાય છે. એથી बेहिं, बेहिंतो વગેરે રૂપો સમજી લેવાં.

## दुवे दोण्णि वेण्णि च जस्-शसा ॥८।३।१२०॥

પ્રથમા વિભક્તિના બહુવચન जस् પ્રત્યયની સાથે અને દ્વિતીયા વિભક્તિના બહુવચન शस् પ્રત્યયની સાથે द्वि શબ્દના दुवे, दोण्णि, वेण्णि, दो અને वे એવાં પાંચ રૂપો થાય છે.

द्वि+जस्=दुवे, दोण्णि, वेण्णि, दो, वे ठिआ–બે જણા ઊભા છે–द्वौ स्थितौ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्वि+शस्=दुवे, दोण्णि, वेण्णि, दो, वे पेच्छ–બે જણાને જો–द्वौ प्रेक्षस्व અહીં પણ वेण्णि ને બદલે बेण्णि વપરાય છે.

दोण्णि અને वेण्णि પ્રયોગોમાં ૮।૧।૮૪ નિયમથી दुण्णि, विण्णि એવાં રૂપો પણ થાય છે.

## त्रेः तिण्णिः ॥८।३।१२१॥

પ્રથમા વિભક્તિના બહુવચન जस् પ્રત્યયની સાથે અને દ્વિતીયા વિભક્તિના બહુવચન शस् પ્રત્યયની સાથે त्रि શબ્દને સ્થાને तिण्णि રૂપ થાય છે.

त्रि+जस्=तिण्णि ठिआ–ત્રણ જણા ઊભા છે–त्रयः स्थिताः

त्रि+शस्=तिण्णि पेच्छ–ત્રણ જણાને જો–त्रीन् प्रेक्षस्व

## चतुरः चत्तारो चउरो चत्तारि ॥८।३।१२२॥

પ્રથમા વિભક્તિના બહુવચન जस् પ્રત્યય સાથે અને દ્વિતીયા વિભક્તિના બહુવચન शस् પ્રત્યય સાથે चतुर् શબ્દને સ્થાને चत्तारो, चउरो, चत्तारि એવાં ત્રણ રૂપો થાય છે.

चतुर्+जस्–चत्तारो, चउरो, चत्तारि चिट्ठन्ति–ચાર જણ ઊભા છે–चत्वारः तिष्ठन्ति

चतुर्+शस्–चत्तारो, चउरो, चत्तारि पेच्छ–ચાર જણને જો–चतुरः प्रेक्षस्व

## संख्यायाः आमः ण्ह ण्हं ॥८।३।१२३॥

સંખ્યાવાચક નામને લાગેલા ષષ્ઠી બહુવચન आम् પ્રત્યયને બદલે ण्ह અને ण्हं એવા બે પ્રત્યયો વપરાય છે.

द्वि+आम्=दोण्ह, दोण्हं–બેનું–द्वयोः

त्रि+आम्=तिण्ह, तिण्हं–ત્રણનું–त्रयाणाम्

चतुर्+आम्=चउण्ह, चउण्हं–ચારનું–चतुर्णाम्

पञ्च+आम्=पञ्चण्ह, पञ्चण्हं–પાંચનું–पञ्चानाम्

षट्+आम्=छण्ह, छण्हं–છનું–षण्णाम्

सप्त+आम्=सत्तण्ह, सत्तण्हं–સાતનું–सप्तानाम्

अष्ट+आम्=अट्ठण्ह, अट्ठण्हं–આઠનું–अष्टानाम्

नव+आम्=नवण्ह, नवण्हं–નવનું–नवानाम्

दश+आम्=दसण्ह, दसण्हं–દશનું–दशानाम्

पञ्चदश+आम्=पण्णरसण्ह, पण्णरसण्हं दिवसाणं–પંદર દિવસોનું–पञ्चदशानां दिवसानाम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अष्टादश+आम्=अट्ठारसण्ह, अट्ठारसण्हं–અઢારનું–अष्टादशानाम्
अट्ठारसण्हं समणसाहस्सीणं–અઢાર હજાર શ્રમણોનું–अष्टादशानाम् श्रमण–
कति+आम्=कइण्ह, कइण्हं–કેટલાકનું–कतीनाम् [ सहस्राणाम्

બહુલ અધિકારને લીધે આ નિયમ विंशति વગેરે શબ્દોને લાગતો નથી, તેથી वीसण्ह, वीसण्हं વગેરે રૂપો ન થાય પણ वीसाणं એવું રૂપ થાય છે.

## शेषे अदन्तवत् ॥८।३।१२४॥

બાકીના વિશે अ કારાંત નામની પેઠે સમજવું.

આ સૂત્રનો આશય એ છે કે अ કારાંત સિવાયનાં બાકીનાં आ કારાંત, હ્રસ્વ इकारांत, દીર્ઘ ई કારાંત, હ્રસ્વ उ કારાંત, દીર્ઘ ऊ કારાંત તથા હ્રસ્વ ऋ કારાંત એ બધા શબ્દોનાં રૂપોની સાધના, अ કારાંત શબ્દનાં રૂપોની સાધના પેઠે સમજવી.

જેમકે १—८।३।४ સૂત્ર "जस्–शसोः लुक्" છે. એ अકારાંત નામને લાગેલા जस्–शस्ના લોપનું વિધાન કરે છે તે आ કારાંત વગેરે નામોને પણ લાગુ પાડી દેવું.

माला+जस्=माला रेहंति–માલાઓ શોભે છે–मालाः राजन्ते
गिरि+जस्=गिरी रेहंति–ગિરિઓ શોભે છે–गिरयः राजन्ते
गुरु+जस्=गुरू रेहंति–ગુરુઓ શોભે છે–गुरवः राजन्ते
सही+जस्=सही रेहंति–સખીઓ શોભે છે–सख्यः राजन्ते
वहू+जस्=वहू रेहंति–વહૂઓ શોભે છે–वध्वः राजन्ते
माला+शस्=माला पेच्छ–માલાઓને જો–मालाः प्रेक्षस्व
गिरि+शस्=गिरी पेच्छ–પર્વતોને જો–गिरीन् प्रेक्षस्व
गुरु+शस्=गुरू पेच्छ–ગુરુઓને જો–गुरून् प्रेक्षस्व
सखी+शस्=सही पेच्छ–સખીઓને જો–सखीः प्रेक्षस्व
वहू+शस्=वहू पेच्छ–વહૂઓને જો–वधूः प्रेक्षस्व

२—"अमोऽस्य" ८।३।५ સૂત્ર अકારાંત નામને લાગેલા अम्ના अકારનો લોપ કરે છે તે વિધાન તમામ સ્વરાંત નામોને લાગુ પાડી દેવું.

माला+अम्=मालं–માળાને–मालाम्
गिरि+अम्=गिरिं पेच्छ–પર્વતને જો–गिरिं प्रेक्षस्व
गुरु+अम्=गुरुं पेच्छ–ગુરુને જો–गुरुं प्रेक्षस्व
सही+अम्=सहिं पेच्छ–સખીને જો–सखीं प्रेक्षस्व
गामणी+अम्=गामणिं पेच्छ–ગામના નેતાને જો–ग्रामण्यं प्रेक्षस्व
खलपू+अम्=खलपुं पेच्छ=ખળું સાફ કરનારને જો–खलप्वं प्रेक्षस्व

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩—"टा–आमोर्णः" ૮।૩।૬ સૂત્ર જે अ કારાંત નામને લાગેલા टा પ્રત્યયને અને आम् પ્રત્યયને ण કરે છે તે आ કારાંત આદિ નામોને પણ લાગુ કરવું.

हाहा+टा=हाहाण कयं–ગંધર્વ વિશેષે કરેલું–हाहा कृतम्
हाहा+आम्=हाहाण धणं–ગંધર્વોનું ધન–हाहानां धनम्
माला=आम्=मालाण धणं–માળાઓનું ધન–मालानां धनम्
गिरि+आम्=गिरीण धणं–પર્વતોનું ધન–गिरीणां धनम्
गुरु+आम्=गुरूण धणं–ગુરુઓનું ધન–गुरूणां धनम्
सही+आम्=सहीण धणं–સખીઓનું ધન–सखीनां धनम्
वहू+आम्=वहूण धणं–વહૂઓનું ધન–वधूनां धनम्

પુંલિંગવાળા હ્રસ્વ इ કારાંત અને હ્રસ્વ उ કારાંત નામને લાગેલા टा પ્રત્યયનો વિધિ ૮।૩।૨૪ સૂત્રમાં કહેલો છે તે સ્ત્રીલિંગી आबन्त કે आ કારાંત શબ્દો, તથા હ્રસ્વ इ કારાંત, દીર્ઘ ई કારાંત, હ્રસ્વ उ કારાંત, દીર્ઘ ऊ કારાંત અને હ્રસ્વ ऋ કારાંત શબ્દોને માટે પણ સમજી લેવો.

૪—माला+भिस्=माला+हि=मालाहि–માળાઓ વડે–मालाभिः
गिरि+भिस्=गिरी+हि=गिरीहि–પર્વતો વડે–गिरिभिः
गुरु+भिस्=गुरू+हि=गुरूहि–ગુરુઓ વડે–गुरुभिः
बुद्धि+भिस्=बुद्धी+हि=बुद्धीहि–બુદ્ધિઓ વડે बुद्धिभिः
धेनु+भिस्=धेणू+हि=धेणूहि–ગાયો વડે–धेनुभिः
सही+भिस्=सही+हि=सहीहि–સખીઓ વડે–सखीभिः
वधू+भिस्=वहू+हि=वहूहि–વહૂઓ વડે–वधूभिः

જેમ અહીં हि નાં રૂપો આપ્યાં છે તેમ हिँ અને हिं નાં રૂપો પણ સમજી લેવાં. આ બધા પ્રયોગોમાં ૮।૩।૭ મું સૂત્ર લગાડવું.

૫—माला+ङसि=मालाओ, मालाउ, मालाहिंतो
बुद्धि+ङसि=बुद्धीओ, बुद्धीउ, बुद्धीहिंतो
धेनु+ङसि=धेणूओ, धेणूउ, धेणूहिंतो
सखी+ङसि=सहीओ, सहीउ, सहीहिंतो
वधू+ङसि=वहूओ, वहूउ, वहूहिंतो

આ રૂપોમાં ૮।૩।૮ નો નિયમ લાગે છે.

हि અને लुक નાં રૂપો અહીં આપ્યાં નથી, કેમકે ૮।૩।૧૨૬, ૮।૩।૧૨૭ સૂત્રો દ્વારા તેના વિધાનનો નિષેધ કરવાના છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬—माला+भ्यस्=मालाहिंतो, मालासुंतो–માળાઓથી–मालाभ्यः
गिरि+भ्यस्=गिरीहिंतो, गिरीसुंतो–પર્વતોથી–गिरिभ्यः
गुरु+भ्यस्=गुरूहिंतो, गुरूसुंतो–ગુરુઓથી–गुरुभ्यः
बुद्धि+भ्यस्=बुद्धीहिंतो, बुद्धीसुंतो–બુદ્ધિઓથી–बुद्धिभ्यः
धेनु+भ्यस्=धेणूहिंतो, धेणूसुंतो–ગાયોથી–धेनुभ्यः
सही+भ्यस्=सहीहिंतो, सहीसुंतो–સખીઓથી– सखीभ्यः
वधू+भ्यस्=वहूहिंतो, वहूसुंतो–વહૂઓથી–वधूभ्यः

૭—गिरि+ङस्=गिरिस्स–ગિરિનું–गिरेः
गुरु+ङस्=गुरुस्स–ગુરુનું–गुरोः
दधि+ङस्=दहिस्स–દહીંનું–दध्नः
मधु+ङस्=महुस्स–મધુનું–मधुनः

સ્રીલિંગમાં તો ૮।૩।૨૯ સૂત્રમાં વિધાન કરેલું જ છે તેથી અહીં તેનાં રૂપો આપ્યાં નથી.

૮—गिरि+ङि=गिरिम्मि–પર્વતમાં–गिरौ
गुरु+ङि=गुरुम्मि–ગુરુમાં– गुरौ
दधि+ङि=दहिम्मि–દહીંમાં–दध्नि
मधु+ङि=महुम्मि–મધુમાં–मधौ

ङि ને બદલે તેના ए વિધાનનું ૮।૩।૧૨૮ સૂત્ર દ્વારા અમે નિષેધ કરવાના છીએ માટે અહીં તેનાં રૂપો આપ્યાં નથી. સ્રીલિંગમાં તો ૮।૩।૨૯ સૂત્ર દ્વારા વિધાન કરેલું જ છે તેથી તેનાં રૂપો આપ્યાં નથી.

૯—गिरि+जस्=गिरो–પર્વતો–गिरयः
गिरि+शस्=गिरो–પર્વતોને–गिरीन्
गुरु+जस्=गुरू–ગુરુઓ–गुरवः
गुरु+शस्=गुरू–ગુરુઓને–गुरून्
गिरि+ङसि=गिरीओ–પર્વતથી गिरेः
गुरु+ङसि=गुरूओ–ગુરુથી–गुरोः
गिरि+आम्=गिरीण–પર્વતોનું–गिरीणाम्
गुरु+आम्=गुरूण–ગુરુઓનું–गुरूणाम्

भ्यस् પ્રત્યયમાં ૮।૩।૧૬ સૂત્રથી દીર્ઘનું નિત્ય વિધાન કરેલું છે માટે ૮।૩।૧૩ મા "भ्यसि वा" સૂત્રથી इ કારાંતના અંતના इનો તથા उ કારાંતના અંતના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉનો વિકલ્પે દીર્ઘ ન થાય.. બીજી વિભક્તિનું બહુવચન, ત્રીજી વિભક્તિનું એકવચન અને બહુવચન, પંચમીનું બહુવચન, ષષ્ઠીનું બહુવચન અને સપ્તમીનું બહુવચન— તેમાં ૮।૩।૧૪ અને ૮।૩।૧૫ સૂત્ર દ્વારા જે ए કારનું વિધાન કરેલું છે તેનો ૮।૩।૧૨૯ મા સૂત્ર દ્વારા નિષેધ કરવાનો છે તેથી તેનું વિધાન અહીં કર્યું નથી.

## न दीर्घः णो ॥८।३।१२५॥

जस्, शस् અને ङसि નો णो આદેશ થયા પછી णो ને લીધે હ્રસ્વ इ કારાંત અને હ્રસ્વ उ કારાંતને "शेषं अदन्तवत्" ૮।૩।૧૨૪ ના નિયમથી પ્રાપ્ત થતો અને ૮।૩।૧૨ ના નિયમથી થનારો દીર્ઘ થતો નથી.

પ્ર૦બ૦વ૦—अग्गि+जस्=अग्गिणो
वाउ+जस्=वाउणो
દ્વિ૦બ૦વ૦—अग्गि+शस्=अग्गिणो
वाउ+शस्=वाउणो
પં૦એ૦વ૦—अग्गि+ङसि=अग्गिणो
वाउ+ङसि=वाउणो

પંચમીના એકવચન अग्गी અને अग्गीओ—આ બન્ને રૂપોમાં णो આદેશ નથી તેથી ૮।૩।૧૨૪મા નિયમને આધારે ૮।૩।૧૨મા નિયમથી દીર્ઘ થઈ ગયો છે.

## ङसेः लुक् ॥८।३।१२६॥

આકારાંત તથા इકારાંત નામોને લાગેલા ङसिનો લોપ ૮।૩।૮ સૂત્રથી ૮।૩।૧૨૪મા નિયમને આધારે પ્રાપ્ત છે તે અકારાંત સિવાયનાં નામોને થતો નથી તેથી પંચમીના એકવચનમાં—माला, अग्गी, वाऊ એવાં રૂપો ન થાય.

ङसिમાં માત્ર આટલાં રૂપો થાય—मालत्तो, मालाओ, मालाउ—એ રીતે मालाहिंतो વગેરે થાય. એ રીતે પંચમી એકવચનમાં—अग्गीओ, वाऊओ રૂપો થાય.

## भ्यसः च हिः ॥८।३।१२७॥

આકારાંત, इકારાંત વગેરે નામોને ૮।૩।૧૨૪મા નિયમને અનુસરીને પ્રાપ્ત થતું ૮।૩।૮, ૮।૩।૯ એ બે સૂત્રો વડે ङसि અને भ्यस् નું જે हि વિધાન છે તે અકારાંત સિવાય કોઈ નામને લાગતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

माला+ङसि=मालाहिंतो, मालाओ, मालाउ–માલાથી–मालाया:
माला+भ्यस्=मालाहिंतो, मालासुंतो, मालाओ, मालाउ–માલાઓથી–मालाभ्य:
अग्गि+ङसि=अग्गीहिंतो, अग्गीओ, अग्गीउ–અગ્નિથી–अग्ने:
अग्गि+भ्यस्=अग्गीहिंतो, अग्गीसुंतो, अग्गीओ, अग्गीउ–અગ્નિઓથી–अग्निभ्य:
અર્થાત્ આ નિયમને લીધે मालाहि તથા अग्गीहि વગેરે રૂપો ન થાય.

## ङे: डे: ॥८।३।१२८॥

આકારાંત, ઇકારાંત વગેરે નામોને ૮।૩।૧૨૪ મા નિયમથી પ્રાપ્ત થતું ૮।૩।૧૧ના નિયમ દ્વારા સપ્તમી વિભક્તિના એકવચનનું જે ए વિધાન કરેલું છે તે અકારાંત સિવાય કોઈ નામને લાગતું નથી.

अग्गि+ङि=अग्गिम्मि–અગ્નિમાં–अग्नौ
वाउ+ङि=वाउम्मि–વાયુમાં–वायौ
दहि+ङि–दहिम्मि–દહીંમાં–दध्नि
महु+ङि=महुम्मि–મધુમાં–मधौ

અર્થાત્ સપ્તમીના એકવચનમાં अग्गि શબ્દનું अग्गे, वाउ શબ્દનું वाए दहिनुं दहे તથા महुनुं महे એવાં રૂપો ન થાય.

## एत् ॥८।३।१२९॥

આકારાંત, ઈકારાંત વગેરે નામોને ૮।૩।૧૨૪ના નિયમથી પ્રાપ્ત ૮।૩।૧૪ તથા ૧૫ નિયમ દ્વારા દ્વિતીયા વિભક્તિના બહુવચનમાં, તૃતીયા વિભક્તિના એકવચનમાં તથા બહુવચનમાં, પંચમી વિભક્તિના બહુવચનમાં અને સપ્તમી વિભક્તિના બહુવચનમાં જે एનું વિધાન કરેલું છે તે અકારાંત સિવાય કોઈ નામને ન લાગે.

माला+शस्=मालाओ पेच्छ–માલાઓને જો–माला: प्रेक्षस्व
हाहा+टा=हाहाण कयं–ગંધર્વે કર્યું–हाहा कृतम्
माला+भिस्=मालाहि कयं–માલાઓએ કર્યું–मालाभि कृतम्
माला+भ्यस्=मालाहिंतो, मालासुंतो आगओ–માળાઓ પાસેથી આવ્યો–मालाभ्य: आगत:
माला+सु=मालासु ठिअं=માળાઓમાં રહેલું–मालासु स्थितम्

એ જ રીતે शस्–अग्गिणो वाउणो, टा–अग्गिणा वाउणा, भिस्–अग्गीहि वाऊहि, भ्यस्–अग्गीहंतो वाऊहिंतो, सु–अग्गीसु वाऊसु વગેરે રૂપોમાં સમજી લેવું.

**शेषे अदन्तवत् ॥८।३।१२४॥ના અપવાદો સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्विवचनस्य बहुवचनम् ॥८।३।१३०॥

પ્રાકૃત ભાષામાં નામમાં અને ક્રિયાપદમાં બધે દ્વિવચનના સ્થાને બહુવચન વાપરવું. આ ભાષામાં ક્યાંય દ્વિવચનનો પ્રયોગ મળતો નથી. જ્યાં બે સંખ્યાનો સ્પષ્ટ અર્થ બતાવવો હોય ત્યાં વિશેષણરૂપે દ્વિ શબ્દનો પ્રયોગ કરવો.

दोण्णि कुणंति-બે કરે છે-द्वौ कुरुतः
दुवे कुणंति- ,, ,,
दोहिं ,, -બે વડે કરે છે-द्वाभ्यां करोति
दोहिंतो ,, ] - ,, ,,
दोसुंतो ,, ]
दोण्हं ,, -બેનું કરે છે-द्वयोः करोति
दोसु ,, -બેમાં કરે છે- ,, ,,
दोण्णि हत्था, पाया, थणया, नयणा-બે હાથ, બે પગ, બે સ્તન, બે નયન-द्वौ हस्तौ, द्वौ पादौ, द्वौ स्तनौ, द्वे नयने
दुवे ,, ,, ,, ,, -વગેરે રૂપો સમજી લેવાં.
दो ,, ,, ,, ,,
वे ,, ,, ,, ,,
बे ,, ,, ,, ,,

## चतुर्थ्याः षष्ठी ॥८।३।१३१॥

પ્રાકૃત ભાષામાં ચતુર્થી વિભક્તિને બદલે ષષ્ઠી વિભક્તિ વપરાય છે.

मुणिस्स देइ-મુનિને આપે છે-मुनये ददाति
मुणीण देइ-મુનિઓને આપે છે-मुनिभ्यः ददाति
नमो देवस्स-દેવને નમસ્કાર થાઓ-नमो देवाय
नमो देवाण-દેવોને નમસ્કાર થાઓ-नमो देवेभ्यः

## तादर्थ्यङेः वा ॥८।३।१३२॥

તાદર્થ્ય-'તેને માટે'-અર્થમાં વપરાયેલા ચતુર્થી એકવચન ङे-ને સ્થાને ષષ્ઠી વિભક્તિનું એકવચન વિકલ્પે વપરાય છે.

देवस्स, देवाय-देवार्थम्-દેવને માટે
देवाण—અહીં ષષ્ઠીબહુવચન છે તેથી આ નિયમ ન લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वधाद् डाइः च वा ॥८।३।१३३॥

વધ શબ્દને લાગેલા તાદર્થ્ય અર્થના સૂચક ચતુર્થી એકવચન એને સ્થાને आइ પ્રત્યય અને ષષ્ઠી વિભક્તિના એકવચનનો પ્રત્યય વિકલ્પે વપરાય છે.

वध+डे॰=वह+आइ=वहाइ, वहस्स, वहाय–વધને માટે–वधार्थम्

## જુદી જુદી વિભક્તિઓને સ્થાને જુદી જુદી વિભક્તિઓનો વ્યવહાર

## क्वचिद् द्वितीयादेः ॥८।३।१३४॥

કોઈ કોઈ પ્રયોગોમાં દ્વિતીયા વગેરે વિભક્તિઓને બદલે ષષ્ઠી વપરાય છે. જેમકે—

દ્વિ૦એ૦વ૦–सीमाधरं वंदे ને બદલે सीमाधरस्स वंदे–મર્યાદા પુરુષને અથવા સીમાધર નામના પુરુષને હું વંદન કરું છું.

सीमाधरं वन्दे । [ पुक्खरवरदीवड्ढ श्रुतस्तव गा. २ ]

,, तिस्सा मुहं भरिमो ने બદલે तिस्सा मुहस्स भरिमो–તેણીના મુખને યાદ કરીએ છીએ–तस्याः मुखं स्मरामः ।

તૃ૦એ૦વ૦–धणेण लद्धो ને બદલે धणस्स लद्धो–ધનથી પ્રાપ્ત થયો. धनेन लब्धः

,, चिरेण मुक्का ને બદલે चिरस्स मुक्का–ચિરકાળથી મુક્ત થયેલી–चिरेण मुक्ता

તૃ૦બ૦વ૦ –तेहिं एअं अणाइण्णं ને બદલે तेसिं एअं अणाइण्णं – તેઓએ આ નહિ આચરેલું–तैः एतद् अनाचीर्णम्

[ दशवैकालिक सूत्र अध्ययन ३, गा. १ ]

પં૦એ૦વ૦–चोराओ बीहइ ને બદલે चोरस्स बीहइ–ચોરથી બીએ છે–चौराद् बिभेति।

इअराइं जाण लहुअक्खराइं पायन्तिमिल्लसहिआउ ને બદલે इअराइं जाण लहुअक्खराइं पायन्तिमिल्लसहिआण–પાદાન્તના અંતિમની સાથેના અક્ષરોથી બીજા લઘુ અક્ષરોને જાણ–इतराणि जानीहि लघ्वक्षराणि पादान्तिम–सहितेभ्यः ।

સ૦એ૦વ૦–पिट्ठिम्मि केसभारो ને બદલે पिट्ठीए केसभारो–પીઠ ઉપરનો કેશભાર–કેશકલાપ–पृष्ठयां केशभारः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्वितीया-तृतीययोः सप्तमी ॥८।३।१३५॥

કોઈ કોઈ પ્રયોગોમાં દ્વિતીયાને સ્થાને અને તૃતીયાને સ્થાને સપ્તમી થાય છે.

દ્વિ૦—गामं वसामि, नयरं न जामि-ग्रामं वसामि, नगरं न यामि ને બદલે गामे वसामि, नयरे न जामि-ગામમાં વસું છું, નગરમાં જતો નથી-ग्रामे वसामि, नगरे न यामि.

તૃ૦—मइ वेविरीए मलिआइं-કંપતી એવી મારા વડે મર્દિત કરાયાં-मया वेपमानया-कम्पमानया-मर्दितानि ને બદલે वेपमानायाम्-कम्पमानायाम् मयि मर्दितानि-કંપતી એવી મારામાં મર્દિત કર્યાં.—અહીં પણ અર્થ બદલાયો છે. तीहि तेहि अलंकिया पुहवी-તે ત્રણ વડે પૃથ્વી અલંકૃત છે-तैः त्रिभिः अलंकृता पृथ्वी ને બદલે तीसु तेसु अलंकिया पुहवी-તે ત્રણમાં પૃથ્વી અલંકૃત છે.

## पञ्चम्याः तृतीया च ॥८।३।१३६॥

કોઈ કોઈ પ્રયોગમાં પંચમી વિભક્તિને બદલે તૃતીયા વપરાય છે અને સપ્તમી પણ વપરાય છે. चोरासुंतो बीहइ-ચોરોથી બીએ છે-चौरेभ्यः बिभेति ને બદલે चोरेहि बीहइ-ચોરો વડે બીએ છે-चोरैः बिभेति

अंतेउराओ रमिउमागओ राया-અંતઃપુરથી રમીને રાજા આવ્યો-अन्तःपुरात् रन्त्वा आगतः राजा ને બદલે अंतेउरे रमिउमागओ राया-અંતઃપુરમાં રમીને રાજા આવ્યો-अन्तःपुरे रन्त्वा आगतः राजा.

અહીં रंतुं એટલે रन्तुम्-રમવા માટે એવો પ્રયોગ પણ ઘટી શકે છે અર્થાત્ 'અંતઃપુરમાં રમવા માટે આવ્યો.' એ અર્થ પણ સંગત થઈ શકે છે.

## सप्तम्याः द्वितीया ॥८।३।१३७॥

કોઈ કોઈ પ્રયોગમાં સપ્તમી વિભક્તિને બદલે દ્વિતીયા વિભક્તિ થાય છે.

विज्जुज्जोयं भरइ रत्तीए-રાતમાં વીજળીના પ્રકાશને યાદ કરે છે-विदुदुद्द्योतं स्मरति रात्रौ ને બદલે विज्जुज्जोयं भरइ रत्ति-વીજળીના પ્રકાશને રાતે યાદ કરે છે-विद्युदुद्द्योतं स्मरति रात्र्याम्

तम्मि कालम्मि, तम्मि समयम्मि-તે કાળે, તે સમયે-तस्मिन् काले, तस्मिन् समये ને બદલે तेणं कालेणं, तेणं समएणं-તે કાળે તે સમયે-(कल्पसूत्र-પ્રારંભ) तेन कालेन तेन समयेन.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते णं काले णं ते णं समए णं આમ પદવિભાગ કરાય તો તે काले તથા ते समए એ ચારે પદો સપ્તમી જ છે અને णं ને વાક્યાલંકારસૂચક અવ્યય સમજવું. તથા आर्ष નો આશ્રય લઈને તે પદને સપ્તમીનું સમજવું.

કોઈ ઠેકાણે પ્રથમાને બદલે દ્વિતીયા વપરાય છે—

चउवीसा वि जिणवरा–ચોવીશે પણ જિનવરો–ઉત્તમ જિનો – चतुर्विंशतिरपि जिनवराः ને બદલે चउवीसं पि जिणवरा–ચોવીશે જિનેશ્વરો–चतुर्विंशतिम् अपि जिनवराः.

અહીં चउवीसं પદ દ્વિતીયાંત છે. પણ ખરી રીતે चउवीसं પદ जिनवरा નું વિશેષણ છે માટે તેને પ્રથમાંત જ સમજવું. (लोगस्स उज्जोअगरे चतुर्विंशतिस्तव— ગાથા ૫)

**ક્રિયાપદોની સાધના**

## क्यङः यलुक् ॥८।३।१३८॥

સંસ્કૃત ભાષામાં વપરાતા क्यङ्—૩।૪।૨૬, ૩।૪।૨૯ અને क्यङ्ष् ૩।૪।૩૦ પ્રત્યયના यનો પ્રાકૃતમાં લોપ થઈ જાય છે.

क्यङ्—गरुआइ, गरुआअइ– ગુરુની જેમ આચરણ કરે છે અથવા અગુરુ ગુરુ થાય છે–गुरुरिव आचरति–गुरूयते અથવા अगुरुः गुरुः भवति–गुरूयते

क्यङ्ष्—दमदमाइ, दमदमाअइ – દમદમ નહોતું ને દમદમ થાય છે– दमदमायते ।

लोहिआइ, लोहिआअइ–અલોહિત લોહિત થાય છે–लोहितायते ।

અહીં दमदमाइ તથા लोहिआइ એ બન્ને પ્રયોગોમાં अ નો લોપ થયેલ છે.

## त्यादीनाम् आद्यत्रयस्य आद्यस्य इच्–एचौ ॥८।३।१३९॥

त्यादि વિભક્તિઓમાં પરસ્મૈપદ કે આત્મનેપદના આદ્ય ત્રિકનું જે પહેલું तिव्, तस्, अन्ति અને ते, आते, अन्ते નું તૃતીય પુરુષનું સૂચક જે ઝૂમખું છે તેમાં આદિમાં ति અને ते છે તેને બદલે इ (इच्) અને ए (एच्) વાપરવા.

हसइ, हसए અથવા हसति, हसते–તે હસે છે–हसति
वेवइ, वेवए અથવા वेपति, वेपते–તે કંપે છે–वेपते

જૂના પ્રયોગોમાં इच् ને બદલે ति તથા एच् ને બદલે ते વપરાય છે.

इच् અને एच् માં જે च् મૂકેલો છે તે નિશાન માટે છે, તેનો ઉપયોગ ૮।૪।૩૧૮ માં થવાનો છે. તાત્પર્ય એ છે કે જ્યાં इच् અને एच् નો ઉપયોગ કર્યો હોય ત્યાં આ જ इच् અને एच् લેવા. એવી સમજણ માટે અહીં इच् તથા एच् માં च् ની નિશાની કરેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्वितीयस्य सि से ॥८।३।१४०॥

त्यादि વિભક્તિના પરસ્મૈપદના અને આત્મનેપદના બીજા ત્રિકના-ઝુમખામાં બીજા પુરુષના સૂચક પ્રત્યયો-सिव्, थस्, थ અને से, आथे, ध्वे માંના પહેલા વચન सिव्‌ને બદલે પ્રાકૃતમાં सि અને से વાપરવા તથા से ને બદલે પણ सि અને से વાપરવા.

हससि-તું હસે છે ] हससि
हससे- ,, ,, ,,

वेवसि-તું કંપે છે ] = वेपसे
वेवसे- ,, ,, ,,

## तृतीयस्य मिः ॥८।३।१४१॥

त्यादि વિભક્તિના પરસ્મૈપદ અને આત્માનેપદના ત્રીજા ત્રિકના ઝુમખામાં પહેલા પુરુષના मिव्, वस्, मस् અને ए, वहे, महे માંના પહેલા પહેલા વચન मि અને ए ને બદલે પ્રાકૃતમાં मि વાપરવો.

हसामि-હું હસું છું-हसामि

वेवामि-હું ધ્રુજું છું-वेपे

બહુલ અધિકારને લીધે કોઈ કોઈ પ્રયોગમાં मिव् ને સ્થાને આવેલા मि ને બદલે એકલો म् વપરાય છે અર્થાત् मि ના इ કારનો લોપ થઈ જાય છે.

शक्नोमि ને બદલે सक्कं થયું-હું શક્તિમાન થાઉં છું.

न मरामि ને બદલે न मरं થયું-હું નથી મરતો.

वहुजाणय ! रूसिउं सक्कं-हे बहुज्ञानक ! અથવા हे बहुज्ञायक ! रोषितुं शक्नोमि-હે બહુ જાણનારા ! રોષ કરવા માટે હું શક્તિમાન્ છું.

## बहुषु आद्यस्य न्ति न्ते इरे ॥८।३।१४२॥

त्यादिના પરસ્મૈપદના અને આત્મનેપદના પહેલા ત્રિકમાં આવેલા ઝૂમખાના તૃતીય પુરુષ બહુવચનના न्ति, न्ते એવા જે પ્રત્યયો છે તેના સ્થાને न्ति, न्ते, इरे આ ત્રણ પ્રત્યયો પ્રાકૃતમાં વપરાય છે. અહીં જે ક્રિયાપદના પ્રાકૃતના પ્રત્યયો જણાવેલા છે તે પ્રત્યયોની પરસ્મૈપદ કે આત્મનેપદ એવી કોઈ સંજ્ઞા નથી, ધાતુ માત્રને આ પ્રત્યયો લાગે છે.

हसंति-તેઓ હસે છે-हसन्ति

वेवंति-તેઓ ધ્રુજે છે-वेपन्ते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हसिज्जंति–તેઓ હસે છે–हसन्ति

रमिज्जंति–તેઓ રમે છે–रमन्ते

गज्जन्ते खे मेहा–આકાશમાં મેઘો ગર્જે છે–गर्जन्ति खे मेघाः

बीहन्ते रक्खसाणं च–અને રાક્ષસોથી બીએ છે–बिभ्यति राक्षसेभ्यः च

उप्पज्जन्ते कइहिअय–सायरे कव्वरयणाई–કવિના હૃદયરૂપ સાગરમાં કાવ્યરત્નો ઉત્પન્ન થાય છે–उत्पद्यन्ते कविहृदयसागरे काव्यरत्नानि

विच्छुहिरे–વિક્ષોભ પામે છે–विक्षुभ्यन्ति

दोण्णि वि न पहुप्पिरे बाहू–બે હાથો પણ શક્તિમાન નથી.

પ્રાકૃતભાષામાં દ્વિવચન તો વપરાતું જ નથી. માટે જ અહીં દ્વિવચનને બદલે બહુવચનના પ્રત્યયો વપરાયેલ છે–द्वौ अपि न प्रभवतः बाहू ।

બહુલ અધિકારને લીધે બહુવચનનો इरे પ્રત્યય કોઈક પ્રયોગમાં એકવચનમાં પણ વપરાય છે. જેમ—

सूसइरे गामचिक्खल्लो–ગામનો કાદવ સુકાય છે–शुष्यति ग्राम–कर्दमः ।

## मध्यमस्य इत्था–हचौ ॥८।३।१४३॥

त्यादि ના પરસ્મૈપદ અને આત્મનેપદના મધ્યમ–બીજા–પુરુષના ઝુમખાના બહુવચનના બન્ને પ્રત્યયોને બદલે એટલે थ તથા ध्वे પ્રત્યયોને બદલે इत्था અને ह(हच्) એવા બે પ્રત્યયો વપરાય છે.

हसित्था–તમે હસો છો–हसथ

हसह– ,, – ,,

वेवित्था– ,, – वेपध्वे

"इह–हचोर्हस्य" ८।४।२६८ એ સૂત્રમાં જે हच् પદનો નિર્દેશ કરેલ છે તે દ્વારા પ્રસ્તુત સૂત્રમાં જણાવેલો જ हच् લેવો, એ બતાવવા માટે हच्માં च् કરેલો છે.

બહુલ અધિકારને લીધે કોઈ કોઈ સ્થળે ત્રીજા પુરુષના એકવચનમાં પણ આ इत्था પ્રત્યય વપરાય છે, જેમકે—रोचते ને બદલે रोइत्था થાય.

जं जं ते रोइत्था–જે જે તને રુચે–यद् यद् तव रोचते

## तृतीयस्य मो–मु–माः ॥८।३।१४४॥

त्यादि ના પરસ્મૈપદ અને આત્મનેપદના પ્રથમ પુરુષના ત્રીજા ત્રિકના બહુવચનના मस् પ્રત્યયને બદલે मो, मु અને म પ્રત્યયો વપરાય છે.

हसामो, हसामु, हसाम–અમે હસીએ છીએ–हसामः

तुवरामो, तुवरामु, तुवराम–અમે ત્વરા કરીએ છીએ–त्वरामहे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अत एव एच् से ॥८।३।१४५॥

પ્રાકૃત ભાષામાં ૮।૩।૧૩૯ અને ૮।૩।૧૪૦ મા સૂત્રોમાં જે एच् અને से પ્રત્યયનું વિધાન કરેલું છે તે પ્રત્યયો જે ધાતુ अ કારાંત હોય તેને જ લાગે છે. બીજાને ન લાગે.

अ વિકરણ પ્રત્યય લાગવાથી ધાતુઓ અકારાંત બને છે અને કેટલાક ધાતુઓ પોતે જ અકારાંત હોય છે.

हस्=अ+ए=हसए–તે હસે છે–हसति
हस्=अ+से=हससे–તું હસે છે–हससि
तुवर्+अ+ए=तुवरए–તે ત્વરા કરે છે–त्वरते
तुवर्+अ+से=तुवरसे–તૂં ત્વરા કરે છે–त्वरसे
कर्+अ+से=करसे–તૂં કરે છે–करोषि

જે ધાતુઓ વિકરણ પ્રત્યય લાગીને અકારાંત થયેલા છે તેમનાં આ બધાં ઉદાહરણો છે. નીચેનાં ઉદાહરણો જે ધાતુઓ સ્વયં અકારાંત છે, તેનાં સમજવાનાં છે:

पिवासए–પીવાની ઇચ્છા કરે છે.–पिपासति
जुगुच्छए–નિંદા કરે છે–जुगुप्सते
सद्दायसे–તું સાદ કરે છે–शब्दायसे
जुगुच्छसे–તું નિંદા કરે છે–जुगुप्ससे

ठाइ, ठासि; वसुआइ, वसुआसि–આ પ્રયોગોમાં ધાતુ आ કારાંત હોવાથી આ નિયમ ન લાગે એટલે ठाए કે वसुआसे પ્રયોગ ન થાય.

होइ અને होसि એ પ્રયોગોમાં ધાતુ, ओ કારાંત હોવાથી આ નિયમ ન લાગે.

अ કારાંત ધાતુને જ एच् અને से લાગે એવું અવધારણ બતાવવા માટે જ સૂત્રમાં एव શબ્દ મૂકેલો છે. જો સૂત્રમાં एव ન મૂકે તોપણ જુદું સૂત્ર બનાવવાથી જ એવું અવધારણ થઈ જવાનું છે છતાં एव મૂકેલો છે તેનું કારણ વિપરીત અવધારણ ન થાય એ માટે છે. 'अ કારાંત ધાતુને ए અને से પ્રત્યય જ થાય, બીજા પ્રત્યયો ન થાય.' આવું ઊલટું અવધારણ થવાનો સંભવ છે. તે સંભવને દૂર કરવા સૂત્રમાં एव નો નિર્દેશ કરેલો છે. જો ઉપર જણાવેલ ઊલટું અવધારણ થાય તો हसइ, हससि वेवइ, वेवसि એવાં રૂપો ન થાય.

## सिना अस्तेः सिः ॥८।३।१४६॥

બીજા પુરુષના એકવચનનો सि પ્રત્યય અને अस् ધાતુ એ બન્ને મળીને તેમને બદલે सि રૂપ થાય છે. અહીં से ન લેવો પણ सि જ લેવો.

सि–તુ છે–असि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस् धातुने ज्यारे से प्रत्यय लागे त्यारे अस् धातुनुं अत्थि રૂપ થાય છે પણ अस्+अ=से=अससे એવું રૂપ ન થાય માટે જ આ નિયમમાં सि પ્રત્યયનો નિર્દેશ કરેલો છે.

निद्दुरो जं सि–જે તું નિષ્ઠુર છે–निष्ठुरः यद् असि ।

अत्थि तुमं–આ રૂપ से પ્રત્યયવાળું છે.–તું છે–असि त्वम्.

## मि–मो–मैः म्हि–म्हो–म्हा वा ॥८।३।१४७॥

પહેલા પુરુષના એકવચન अस्मि રૂપને બદલે म्हि રૂપ વિકલ્પે વપરાય છે તથા अस् ધાતુના પહેલા પુરુષ બહુવચન स्मः ને બદલે म्हो અને म्ह રૂપ પણ વિકલ્પે વપરાય છે.

एस म्हि, एस अत्थि–આ હું છું–एषः अस्मि

गय म्हो, गय म्ह. गया अत्थि–અમે ગયા.–गताः स्मः

આ સૂત્રમાં मु પ્રત્યયનો નિર્દેશ નથી કર્યો તેથી એમ માલમ પડે છે કે मु સાથે अस् ધાતુના म्हु રૂપનો પ્રયોગ પ્રચલિત નથી.

પહેલા પુરુષ એકવચનમાં अत्थि अहं ( अस्मि अहम् ) અને બહુવચનમાં अत्थि अम्हे અથવા अत्थि अम्हो (स्मः वयम्) એવાં રૂપો જ થાય છે. પણ अत्थि अम्हु એવું રૂપ થતું નથી.

**પ્ર૦**––સંસ્કૃતમાં પ્રથમ પુરુષના બહુવચનમાં स्मः રૂપ થાય છે, તે स्मः રૂપ ઉપરથી ૮।૨।૭૪ ના નિયમ વડે स्मનો म्ह કરીએ અને ૮।૧।૩૭ના નિયમથી વિસર્ગનો ओ(म्हो) કરીએ તો म्हो રૂપ સિદ્ધ થઈ જાય છે. એ જ રીતે स्मः રૂપનો म्ह કરીએ અને ૮।૧।૧૧ સૂત્રથી વિસર્ગનો લોપ કરીએ તો म्ह રૂપ સિદ્ધ થાય છે. આ રીતે म्हो અને म्ह રૂપો સિદ્ધ થઈ શકે છે તો પછી આ સૂત્રમાં म्हो અને म्ह નું વિધાન શા માટે કર્યું ?

**ઉ૦**––પ્રશ્ન બરાબર છે પણ વિભક્તિને લગતી વિધિઓમાં સંસ્કૃત શુદ્ધરૂપ ઉપરથી પ્રાકૃત રૂપો તૈયાર કરી શકાતાં નથી. એવી પ્રાચીન પરંપરા છે. જો એમ ન હોત તો वृक्षेण ઉપરથી वच्छेण, वृक्षेषु ઉપરથી वच्छेसु, सर्वे ઉપરથી सव्वे, ये ઉપરથી जे, ते ઉપરથી ते અને के ઉપરથી के વગેરે અનેક રૂપો સાધી શકાય છે તેમ છતાં વ્યાકરણમાં એ રૂપો માટે જુદા નિયમો કરેલા છે. એ ઉપરથી માલમ પડે છે કે વિભક્તિની વિધિઓમાં સિદ્ધ રૂપો કામ નથી લાગતાં અને એ પ્રાચીન પ્રથાને અનુસરીને આચાર્યે અહીં म्हो અને म्ह રૂપો સાધવા માટે તથા वच्छेण વગેરે રૂપો સાધવા માટે જુદાં જુદાં સૂત્રો બનાવેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अत्थिः त्यादिना ॥८।३।१४८॥

અત્થિ ક્રિયાપદ એકવચનમાં, અને બહુવચનમાં તથા પહેલા પુરુષમાં, બીજા પુરુષમાં અને ત્રીજા પુરુષમાં ક્રિયાપદોની તમામ વિભક્તિઓ સાથે બધે વપરાય છે.

अत्थि सो–તે છે–अस्ति सः
अत्थि ते–તેઓ છે–सन्ति ते
अत्थि तुमं–તું છે–असि त्वम्
अत्थि तुम्हे–તમે છો–स्थ यूयम्
अत्थि अहं–હું છું–अस्मि अहम्
अत्थि अम्हे–અમે છીએ–स्मः वयम्
अत्थि–હતું તથા હશે.

## णेः अद् एद् आव आवे ॥८।३।१४९॥

णि પ્રત્યયને બદલે अ, ए, आव અને आवे એવા ચાર પ્રત્યયો વપરાય છે.

अ–दृश्+णि+ति=दरिस्+अ+इ=दरिसइ–દર્શાવે છે–दर्शयति
ए–कृ+णि+ति=कार्+ए+इ=कारेइ–કરાવે છે–कारयति
आव– ,, कर्+आव+इ=करावइ–કરાવે છે– ,,
आवे– ,, कर+आवे+इ=करावेइ–કરાવે છે– ,,
हस्+णि+ति=हास्+ए+इ=हासेइ–હસાવે છે–हासयति
,, हस्+आव+इ=हसावइ– ,, ,, ,,
,, हस्+आवे+इ=हसावेइ– ,, ,, ,,
उपसम्+णि+ति=उपसाम्+ए+इ=उवसामेइ–ઉપશમ કરાવે છે–उपशमयति
,, उवसम्+आव+इ=उवसमावइ– ,, ,, ,,
,, उवसम्+आवे+इ=उवसमावेइ– ,, ,, ,,

बहुलम् અધિકારને લીધે ક્યાંય ए નથી થતો તેથી जाण नुं जाणेइ न थाय પણ जाणावइ રૂપ થાય છે. કોઈ સ્થળે आवे પ્રત્યય નથી થતો તેથી पावेइ न થાય પણ पाएइ થાય. भू ધાતુનું भावावेइ ન થાય પણ भावेइ થાય.

## गुर्वादेः अविः वा ॥८।३।१५०॥

જે ધાતુમાં આદિ અક્ષર ગુરુ હોય એવા ધાતુને લાગેલા णि ને બદલે अवि વિકલ્પે વાપરવો.

सोष्+इ+तम्=सोस्+अवि+अं=सोसविअं, सोसिअं–શોષિત કર્યું–સૂકવાવ્યું–शोषितम



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तोष्+इ+तम्+तोस्+अवि+अं=तोसविअं, तोसिअं–સંતુષ્ટ કર્યું–तोषितम्
આ બન્ને ઉદાહરણોમાં ભૂતકૃદંતનો त પ્રત્યય લાગેલ છે.
આ બન્ને પ્રયોગો ભૂતકૃદંતના છે.

## भ्रमेः आडः वा ॥८।३।१५१॥

भ्रम ધાતુને લાગેલા णि પ્રત્યયને બદલે आड આદેશ વિકલ્પે થાય છે.

भ्रम्+अय+ति=भम+आड+इ=भमाडइ, भमाडेइ–भ्रमयति
भमावइ, भमावेइ– ,, –ભમાવે છે.

## लुग्–आवी क्त–भाव–कर्मसु ॥८।३।१५२॥

જ્યારે ધાતુને क्त પ્રત્યય લાગેલો હોય તથા ભાવ અર્થમાં અને કર્મ અર્થમાં આવનારા પ્રત્યયો લાગેલા હોય ત્યારે ધાતુને લાગેલા णि નો લોપ થાય છે અને णि ને બદલે आवि પ્રત્યય પણ વપરાય છે.

ણિનો લોપ–क्त—कृ+णि+इतम्=कारि+इयं=कारियं–કરાવ્યું–कारितम्
हस्+णि+इतम्=हासि+इयं=हासियं–હસાવ્યું–हासितम्
क्षम्+णि+इतम्=खामि+इयं=खामियं–ખામ્યું–ખમાવ્યું–ક્ષમા કરાવી–क्षमितम्

ણિનો આવિ–क्त– कृ+णि+तम्=कर्+णि+अं=कर्+आवि+अं=कराविअं–કરાવ્યું
हस्+णि+तम्=हस्+णि+अं=हस्+आवि+अं=हसाविअं–હસાવ્યું
खम्+णि+तम्=खम्+णि+अं+खम्+आवि+अं=खमाविअं–ખમાવ્યું.

ણિનો લોપ—भाव તથા कर्म–कृ+णि+य+ते=कारि+ईअइ=कार्+ईअइ=कारीअइ–કરાવાય છે–कार्यते
कारि+इज्जइ=कार्+इज्जइ=कारिज्जइ–કરાવાય છે–कार्यते
हस्+णि+य+ते=हासि+ईअइ=हास्+ईअइ=हासीअइ–હસાવાય છે–हास्यते
हासि+इज्जइ=हास्+इज्जइ=हासिज्जइ– ,, ,, ,,

ણિનો आवि– ,, कर्+णि+ईअइ=कर्+आवि+ईअइ=करावीअइ– કરાવાય છે.
कर्+णि+इज्जइ=कर्+आवि+इज्जइ=कराविज्जइ– ,, ,,
हस्+णि+ईअइ=हस्+आवि+ईअइ=हसावीअइ– હસાવાય છે.
हस्+णि+इज्जइ=हस्+आवि+इज्जइ=हसाविज्जइ– ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अद्-एद्-लुकि आदेः अतः आः ॥८।३।१५३॥

ધાતુને લાગેલા णि નો જ્યારે अ, ए તથા લોપ થાય ત્યારે ધાતુના આદિના अ કારનો आ થાય છે.

अ—पड्+णि+इ=पाड+इ=पाडइ—પાડે છે—पातयति

मर्+णि+इ=मार+इ=मारइ—મારે છે—मारयति

ए—कर्+णि+इ=कार्+ए+इ=कारेइ—કરાવે છે-कारयति

खम्+णि+इ=खाम्+ए+इ=खामेइ—ખમાવે છે—क्षमयति

લોપ—कर्+णि+इअं=कार्+इअं=कारिअं—કરાવ્યું—कारितम्

खम्+णि+इअं=खाम्+इअं=खामिअं—ખમાવ્યું—क्षमितम्

कर्+णि+ईअइ=कार्+ईअइ=कारीअइ—કરાવાય છે—कार्यते

खम्+णि+ईअइ=खाम्+ईअइ=खामीअइ—ખમાવાય છે—क्षम्यते

कर्+णि+इज्जइ=कार्+इज्जइ=कारिज्जइ—કરાવાય છે—कार्यते

खम्+णि+इज्जइ=खाम्+इज्जइ=खामिज्जइ—ખમાવાય છે—क्षम्यते

कराविअं, करावीअइ, कराविज्जइ માં आवि પ્રત્યય છે તેથી क નો का થયો નથી.

संगामेइ (संग्रामयते)—આ પ્રયોગમાં सम् અને णि ની વચ્ચે गा નું વ્યવધાન છે, તેથી सम् ના આદિ अ નો आ ન થયો. અહીં ધાતુ संगाम् (संग्राम्) છે એટલે सं અંશ ધાતુરૂપ જ છે પણ ઉપસર્ગ રૂપ નથી એ હકીકત ધ્યાનમાં રાખવાની છે.

कारिअं—આ રૂપમાં છેડે अ છે તેનો आ ન થાય પણ આદિના अ નો તો आ થયેલ જ છે.

दूसेइ—આ રૂપમાં આદિમાં ऊ કાર છે अ કાર નથી તેથી ऊ નો आ ન થાય.

કેટલાક વૈયાકરણો णि ને બદલે आवे અને आवि પ્રત્યયો લાગ્યા હોય તોપણ अ નો आ કરે છે. જેમકે—कारावेइ અને हासाविओ પ્રયોગોમાં अ નો आ થઈ ગયો.

हासाविओ जणो सामलीए-શ્યામળી સ્ત્રીએ માણસોને હસાવ્યા—हासितः जनः श्यामल्या.

## मौ वा ॥८।३।१५४॥

પહેલા પુરુષ એકવચનનો मि પ્રત્યય લાગ્યો હોય ત્યારે अ કારાંત ધાતુના છેડાના अ નો વિકલ્પે आ કરવો.

हस्+अ+मि=हसमि, हसामि—હું હસું છું—हसामि

जाण्+अ+मि=जाणमि, जाणामि—હું જાણું છું—जानामि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लिह्+अ+मि=लिहमि, लिहामि—હું લખું છું અથવા ચાટું છું–
લિखामि અથવા लेह्मि

होमि માં છેડે अ જ નથી તેથી આ ન થાય.

## इच् च मो-मु-मे वा ॥८।३।१५५॥

પહેલા પુરુષના બહુવચનના मो, मु અને म પ્રત્યયો લાગ્યા હોય ત્યારે अ કારાંત ધાતુના છેડાના अ નો आ વિકલ્પે થાય છે અને इ પણ વિકલ્પે થાય છે.

भण्+अ+मो=भणमो, भणामो, भणिमो—અમે ભણીએ છીએ—भणामः
भण्+अ+मु=भणमु, भणामु, भणिमु— ,, ,, ,, ,,
भण्+अ+म=भणम, भणाम, भणिम— ,, ,, ,, ,,

૮।૩।૧૫૮ ના નિયમ વડે જ્યારે ધાતુના છેડાના अ નો ए થાય ત્યારે भणेमो, भणेमु, भणेम એવાં રૂપો થાય છે.

ठामो, होमो—એ બન્ને રૂપોમાં ધાતુને છેડે अ નથી તેથી આ નિયમ ન લાગ્યો.

## क्ते ॥८।३।१५६॥

જ્યારે क्त પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેની પૂર્વના अ નો इ કરી દેવો.

हस्+अ+त=हस्+इ+अ=हसिअं—હસાયું—हसितम्
पढ्+अ+त=पढ्+इ+अ=पढिअं—ભણાયું—पठितम्
हस्+अ+त=हास्+इ+अ=हासिअं—હસાવાયું—हासितम्
पढ्+अ+त=पाढ्+इ+अ=पाढिअं—ભણાવાયું—पाठितम्

गतं ઉપરથી गयं અને नतं ઉપરથી नयं રૂપો સિદ્ધ કરવાનાં છે. તેમાં આ નિયમ લાગતો નથી.

झायं, लुअं, हूअं માં क्त ની પહેલાં अ નથી તેથી આ નિયમ ન લાગે.

झायं ધ્યાન કર્યું—ध्यातम् लुअं એટલે रुतम् અવાજ. हूअं भूतम्—થયું—હિંદી हूआ અથવા भया.

## एत् च क्त्वा-तुम्-तव्य-भविष्यत्सु ॥८।३।१५७॥

સંબંધક ભૂતકૃદંતનો क्त्वा, હેત્વર્થ કૃદંતનો तुम् અને વિધ્યર્થ કૃદંતનો तव्य તથા ભવિષ્યત્કાળના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના अ નો इ થાય છે અને ए પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृत्वा—हस+ऊण=हसि+ऊण=हसिऊण–હસીને–हसित्वा
हस+ऊण=हसे+ऊण–हसेऊण– ,, ,,
तुम्—हस+तुम्=हसि+तुम्–हसितुं અથવા हसिउं-હસવા માટે–हसितुम्
हस+तुम्=हसे+तुम्–हसेतुं અથવા हसेउं–હસવા માટે– ,,
तव्य—हस+तव्व=हसि+तव्व–हसेतव्वं અથવા हसिअव्वं–હસવા યોગ્ય–हसितव्यम्
,, हसितव्वं અથવા हसे+अव्वं=हसेअव्वं– ,, ,,
ભવિષ્યકાળ—हस+हिइ=हसि+हिइ=हसिहिइ–હસશે–हसिष्यति
हस+हिइ–हसे+हिइ=हसेहिइ– ,, ,,

काऊण રૂપમાં कृत्वा ની પહેલાં अ નથી પણ का નો आ છે એટલે આ નિયમ ન લાગ્યો.

## वर्तमाना-पञ्चमी-शतृषु वा ॥८।३।१५८॥

વર્તમાના વિભક્તિના પ્રત્યયો અને ક્રિયાપદને લગતી પંચમીના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે અને शतृ પ્રત્યય લાગ્યો હોય ત્યારે ધાતુના अકારનો एकार વિકલ્પે થાય છે.

વર્તમાના—हस्+अ+इ–हसइ તથા हस्+ए+इ=हसेइ–તે હસે છે–हसति
हस्+अ+म=हसम તથા हस्+ए+म=हसेम–અમે હસીએ છીએ–हसामः
પંચમી—हस्+अ+उ=हसउ, हसेउ–તે હસે–हसतु
सुण्+अ+उ=सुणउ, सुणेउ–તે સાંભળે–शृणोतु
शतृ—हस्+अ+न्त=हसंतो, हसेन्तो–તે હસતો–हसन्

ક્યાંય આ નિયમ લાગતો નથી. જેમકે–जयइ માં આ નિયમ લાગેલ નથી, તથા ક્યાંય अકારનો आ પણ થાય છે. જેમકે–सुणउ ને બદલે सुणाउ.

## ज्जा-ज्जे ॥८।३।१५९॥

ज्जा અને ज्ज પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના अ કારનો एकार થાય છે.

हस्+अ+ज्जा=हसेज्जा–હસે કે હસો–हसेत् અથવા हसतु
हस्+अ+ज्ज=हसेज्ज– ,, ,, ,, ,, ,,

होज्जा અને होज्ज માં ધાતુને છેડે ओ છે પણ अ નથી તેથી આ નિયમ ન લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ईअ-इज्जौ क्यस्य ॥८।३।१६०॥

चि અને जि વગેરે ધાતુઓના ભાવે તથા કર્મણિ પ્રયોગોમાં જે જુદાં જુદાં રૂપો થાય છે તે માટે અમે આગળ કહેવાના છીએ પણ જે ધાતુઓ વિશે ભાવે તથા કર્મણિ પ્રયોગ અંગે કાંઈ સૂચન કર્યું નથી તે ધાતુને લાગેલા ભાવ-સૂચક અને કર્મસૂચક क्य પ્રત્યયને બદલે ईअ અને इज्ज એમ બે પ્રત્યયો વાપરવા.

हस्+क्य+इ-हस्+ईअ+इ=हसीअइ-હસાય છે-हस्यते
,, हस्+इज्ज+इ=हसिज्जइ- ,, ,, ,,
हस्+क्य+न्तो-हस्+ईअ+न्तो=हसीअन्तो-હસાતો-हस्यमान:
हस्+क्य+न्तो-हस्+इज्ज+न्तो=हसिज्जन्तो- ,, ,,
हस्+क्य+माणो-हस्+ईअ+माणो=हसीअमाणो-હસાતો-हस्यमान:
,, हस्+इज्ज+माणो=हसिज्जमाणो- ,, ,,
पढ्+क्य+इ=पढ्+ईअ+इ=पढीअइ-ભણાય છે-पठ्यते
,, पढ्+इज्ज+इ=पढिज्जइ- ,, ,, ,,
हो+क्य+इ-हो+ईअ+इ=होईअइ-થવાય છે-भूयते
,, हो+इज्ज+इ=होइज्जइ- ,, ,,

બહુલં અધિકારને લીધે કેટલાક પ્રયોગોમાં क्य પણ વિકલ્પે વપરાય છે.

मए नवेज्ज-(नम्+अ+इज्ज) नव+इज्ज=नवेज्ज-નમાય છે-क्य નથી-नम्यते
मए नविज्जेज्ज-(नम्+क्य+इज्ज)नव्+इज्ज+ज्जनविज्जेज्ज-નમાય છે-नम्यते
तेण लहेज्ज (लभ्+अ+इज्ज) लह+इज्ज=लहेज्ज-મેળવાય છે-क्य નથી-लभ्यते
तेण लहिज्जेज्ज (लभ्+क्य+इज्ज) लह्+इज्ज+इज्ज=लहिज्जेज्ज-મેળવાય છે-लभ्यते
तेण अच्छेज्ज (अच्छ्+अ+इज्ज)-अच्छ+इज्ज-अच्छेज्ज आस्यते क्य નથી
तेण अच्छिज्जेज्ज (अच्छ्+क्य+इज्जे) अच्छ्+इज्ज+इज्ज=अच्छिज्जेज्ज-બેસાય છે-आस्यते

અહીં જે नवेज्ज, लहेज्ज અને अच्छेज्ज પ્રયોગો બતાવ્યા છે તેમાં ક્રિયાપદને લાગેલો इज्ज પ્રત્યય જ છે અને તે ધાતુને લાગેલ પુરુષબોધક પ્રત્યયને સ્થાને સીધો જ ભાવકર્મમાં વપરાયેલ છે. આ ત્રણે રૂપોમાં क्य નથી લાગ્યો, પણ બીજાં ત્રણ રૂપોમાં क्य લાગેલ છે તે હકીકત ઉદાહરણોમાંથી જ સ્પષ્ટ જણાય તેમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दृशि-वचेः डीस-डुच्चं ॥८।३।१६१॥

दृश् ધાતુને क्य પ્રત્યય લાગે ત્યારે क्य સહિત दृश् નો दीस કરી દેવો એટલે दृश् ના ऋश् અંશનો ईस કરી દેવો અને वच् ધાતુને क्य લાગે ત્યારે क्य સહિત वच् નો वुच्च કરી દેવો એટલે वच् ના अच् અંશનો उच्च કરી દેવો.

दृश्+क्य+इ–दीस+इ=दीसइ–દેખાય છે–दृश्यते

वच्+क्य+इ–वुच्च+इ=वुच्चइ–બોલાય છે–उच्यते

दीसમાં અને वुच्चમાં क्य આવી ગયેલ છે તેથી આ दीस તથા वुच्च ને क्य ને બદલે વપરાતા ईअ તથા इज्ज લાગે જ નહીં.

## सी ही हीअ भूतार्थस्य ॥८।३।१६२॥

अद्यतनी વગેરે ભૂતકાળના બતાવેલા સંસ્કૃત પ્રત્યયોને બદલે ત્રણે પુરુષના બન્ને વચનમાં સ્વરાંત ધાતુને सी, ही અને हीअ પ્રત્યયો લગાડવા.

| | | હ્યસ્તનભૂત | અદ્યતનભૂત | પરોક્ષભૂત— |
|---|---|---|---|---|
| कृ+त् | कासी–કર્યું | –अकरोत् | अकार्षीत् | चकार |
| कृ+त् | काही– ,, | ,, | ,, | ,, |
| कृ+णव् | काहीअ–,, | ,, | ,, | ,, |
| स्था+त् | ठासी–રહ્યો– | अतिष्ठत् | अस्थात् | तस्थौ |
| ,, | ठाही– ,, | ,, | ,, | ,, |
| स्था+णव् ,, | ठाहीअ– | ,, | ,, | ,, |

આર્ષ પ્રાકૃતમાં ભૂતકાળમાં अब्बवी રૂપ વપરાયેલ છે તે રૂપ સંસ્કૃતમાં હ્યસ્તન ભૂતકાળના અન્ય પુરુષ એકવચનમાં થતા अब्रवीत् રૂપ ઉપરથી સિદ્ધ કરી લેવું.

देविंदो इणमब्बवी–देवेन्द्रः इदम् अब्रवीत् દેવેન્દ્રે આમ કહ્યું.—આ પ્રયોગ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના नमिपवज्जा નામના નવમા અધ્યયનમાં વારંવાર આવે છે.

જો કે આ સૂત્રમાં સ્વરાંત ધાતુ એવો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી તો પણ નીચેનું ૮।૩।૧૬૩ મું સૂત્ર વ્યંજનાંત ધાતુને માટે ભૂતકાળના પ્રત્યયોનું વિધાન કરે છે માટે આ સૂત્ર સ્વરાંત ધાતુ માટે સમજવું.

## व्यञ्जनाद् ईअः ॥८।३।१६३॥

વ્યંજનાંત ધાતુઓને લાગેલા अद्यतनी વગેરે ભૂતકાળના તમામ પ્રત્યયોને બદલે ईअ પ્રત્યય સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हुव+त्, त्, णव्=हुवीअ–તે હતો–अभवत्, अभूत्, बभूव
आस्+त, त, ए=अच्छ+ईअ=अच्छीअ–તે બેઠો–आस्त, आसिष्ट, आसांचक्रे
गेण्ह्+त्, त्, णव्=गेण्ह+ईअ=गेण्हीअ–તેણે ગ્રહણ કર્યું–अगृह्णात्, अग्रहीत्, जग्राह

कासी, काही, काहीअ। ठासी, ठाही, ठाहीअ। अच्छीअ, गेण्हीअ વગેરે રૂપોમાં त्, त, णव् અને ए––એવા જે પ્રત્યયો બતાવ્યા છે તે સંસ્કૃતના ધોરણે બતાવેલા છે અને હ્યસ્તની, અદ્યતની તથા પરોક્ષાના ત્રીજા પુરુષના એકવચનના પરસ્મૈપદના તથા આત્મનેપદના પણ છે.

## तेन अस्तेः आसि–अहेसी ॥८।३।१६४॥

ત્રણે ભૂતકાળના ત્રણે પુરુષના પ્રત્યયો અને બન્ને વચનોના તમામ પ્રત્યયો સાથે अस् ધાતુના आसि અને अहेसि એવાં બે રૂપો થાય છે.

आसि सो–તે હતો, તે હતા–आसीत् सः, ते आसन्
,, तुमं–તું હતો, તમે હતા–आसीः त्वम्, यूयम् आस्त
,, अहं–હું હતો–અમે હતા–आसम्, वयम् आस्म
जे आसि–જે હતો, જેઓ હતા–यः आसीत्, ये आसन्
अहेसि सो–તે હતો, તે હતા–आसीत् सः, ते आसन्
,, तुमं–તું હતો, તમે હતા–आसीः त्वम्, यूयम् आस्त
,, अहं–હું હતો, અમે હતા–आसम् अहम्, वयम् आस्म
जे अहेसि–જે હતો, જે હતા–यः आसीत्, ये आसन्

## ज्जात् सप्तम्याः इः वा ॥८।३।१६५॥

સપ્તમીના સ્થાને પ્રાકૃતમાં જ્યારે ज्ज પ્રત્યય આવ્યો હોય ત્યારે એ ज्ज પછી इ વિકલ્પે વાપરવો એટલે કે ज्जइ અને ज्ज એમ બે પ્રત્યયો વાપરવા.

भवेत् ને બદલે भव+इत्=होज्जइ અને होज्ज એવાં બે રૂપો થાય છે.

## भविष्यति हिः आदिः ॥८।३।१६६॥

ધાતુને જ્યારે ભવિષ્યકાળના સૂચક स्यति, स्यसि, स्यामि વગેરે અદ્યતન ભવિષ્યના તથા શ્વસ્તન ભવિષ્યના તમામ પ્રત્યયો લાગેલા હોય ત્યારે તે પ્રત્યયોની પહેલાં हि ઉમેરી દેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हो+इ-हो+हि+इ=होहिइ-તે થશે-भविष्यति, भविता
हो+न्ति-हो+हि+न्ति=होहिंति-તેઓ થશે-भविष्यन्ति, भवितार:
हो+सि-हो+हि+सि=होहिसि-તું થશે-भविष्यसि. भवितासि
हो+त्था-हो+हि+त्था=होहित्था-તમે થશો-भविष्यथ, भवितास्थ
हस्+इ-हस्+इ+हि+इ=हसिहिइ-તે હસશે-हसिष्यति, हसिता
कृ+इ-का+हि+इ=काहिइ-તે કરશે-करिष्यति, कर्ता

## मि-मो-मु-मे स्सा हा न वा ॥८।३।१६७॥

ધાતુને જ્યારે ભવિષ્યકાળના પહેલા પુરુષના એકવચનનો मि પ્રત્યય અને પહેલા પુરુષના બહુવચનના मो, मु અને म પ્રત્યયો લાગ્યા હોય ત્યારે मि ને બદલે स्सामि અથવા हामि એવા પ્રત્યય વિકલ્પે વાપરવા. તથા मो ને બદલે स्सामो અને हामो તથા मु ને બદલે स्सामु અને हामु તથા म ને બદલે स्साम અને हाम એવા પ્રત્યયો વિકલ્પે સમજવા.

हो+मि-हो+स्सा+मि=होस्सामि-હું થઈશ-भविष्यामि
हो+मि-हो+हा+मि=होहामि- ,, ,, ,,
हो+मो-हो+स्सा+मो=होस्सामो-અમે થઈશું-भविष्याम:
हो+मो-हो+हा+मो=होहामो- ,, ,, ,,
हो+मु=हो+स्सा+मु=होस्सामु- ,, ,, ,,
हो+मु=हो+हामु=होहामु- ,, ,, ,,
हो+म-हो+स्सा+म-होस्साम
हो+म=हो+हा+म=होहाम- ,, ,, ,,

જ્યારે स्सामि, हामि, सामो, हामो વગેરે ન વપરાય ત્યારે ઉપરના નિયમ પ્રમાણે રૂપો સમજી લેવાં. होहिमि (એકવચન), होहिमो, होहिमु, होहिम (બહુવચન)

કોઈ કોઈ પ્રયોગમાં બહુલં અધિકારને લીધે हामो પ્રત્યય વપરાતો નથી. તેથી हसिहामो રૂપ ન થાય પણ हसिहिमो અને हसिस्सामो એ બે રૂપ થાય.

## मो-मु-मानां हिस्सा हित्था ॥८।३।१६८॥

પહેલા પુરુષના બહુવચનના मो, मु અને म એ ત્રણેને બદલે हिस्सा અને हित्था એ બે પ્રત્યયો વિકલ્પે વાપરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

होहिमो તથા होस्सामो ને બદલે होहिस्सा અને होहित्था
हसिहिमो તથા हसिस्सामो ને બદલે हसिहिस्सा અને हसिहित्था

हिस्सा અને हित्था વિકલ્પે થાય છે તેથી होहिमो, होस्सामो, होहामो તથા हसिहिमो, हसिस्सामो વગેરે રૂપ કરી લેવાં.

मो નાં રૂપોની જ પેઠે होहिमु, होस्सामु ને બદલે होहिस्सा, તથા होहित्था તથા होहिम, होस्साम ને બદલે होहिस्सा, होहित्था રૂપો સમજી લેવાં.

## मेः स्सं ॥८।३।१६९॥

ભવિષ્યકાળમાં વપરાતા પહેલા પુરુષ એકવચન मि ને બદલે स्सं વિકલ્પે વાપરવો.

होमि=होस्सं–હું હોઈશ–भविष्यामि
हस्+मि=हसिस्सं–હું હસીશ–हसिष्यामि
कित्त+मि=कित्तइस्सं–કીર્તન કરીશ–कीर्तयिष्यामि

स्सं વિકલ્પે થાય છે તેથી होहिमि, होस्सामि, होहामि, हसिस्सामि અને कित्तिइहिमि વગેરે રૂપો પણ કરી લેવાં.

## कृ–दः हं ॥८।३।१७०॥

कृ ધાતુને લાગેલા ભવિષ્યકાળના मि પ્રત્યયને બદલે हं વિકલ્પે વાપરવો તથા दा ધાતુને લાગેલા ભવિષ્યકાળના मि પ્રત્યયને બદલે हं વિકલ્પે વાપરવો.

कृ+मि=काहं–હું કરીશ–करिष्यामि
दा+मि=दाहं–હું આપીશ–दास्यामि

## श्रु–गमि-रुदि-विदि-दृशि-मुचि-वचि-छिदि-भिदि–भुजां सोच्छं गच्छं रोच्छं वेच्छं दच्छं मोच्छं वोच्छं छेच्छं भेच्छं भोच्छं ॥८।३।१७१॥

श्रु, गमि, रुदि, विदि, दृशि, मुचि, वचि, छिदि, भिदि અને भुज् ધાતુઓને જ્યારે પ્રથમ પુરુષના એકવચનનો मि પ્રત્યય લાગ્યો હોય ત્યારે ધાતુ અને मि પ્રત્યય સહિત એમના અનુક્રમે सोच्छं, गच्छं, रोच्छं, वेच्छं, दच्छं, मोच्छं, वोच्छं, छेच्छं, भेच्छं અને भोच्छं એવા રૂપો થાય છે.

ભવિષ્યકાળના પહેલા પુરૂષના એકવચનના मि પ્રત્યયની સાથે श्रु ધાતુનું सोच्छं થાય. એ જ પ્રમાણે गम् ધાતુનું मि પ્રત્યયની સાથે गच्छं અને रुद् ધાતુનું मि સાથે रोच्छं વગેરે રૂપો સમજી લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सोच्छं-હું સાંભળીશ-श्रोष्यामि
गच्छं-હું જઈશ-गमिष्यामि । संगच्छं-હું સાથે જઈશ-संगस्ये
रोच्छं-હું રડીશ-रोदिष्यामि
वेच्छं-હું જાણીશ-वेदिष्यामि
दच्छं-હું જોઈશ-द्रक्ष्यामि
मोच्छं-હું મુક્ત થઈશ-मोक्ष्यामि
वोच्छं-હું બોલીશ-वक्ष्यामि
छेच्छं-હું છેદીશ-छेत्स्यामि
भेच्छं-હું ભેદીશ-भेत्स्यामि
भोच्छं-હું ખાઈશ અથવા ભોગવીશ-भोक्ष्ये

## सोच्छादय इजादिषु हिलुक् च वा ।।८।३।१७२।।

ભવિષ્યકાળમાં આવનારા અને આગળ આવેલા ૮।૩।૧૩૯ મા સૂત્રમાં જણાવેલા એવા इच् તથા एच् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ઉપર જણાવેલા श्रु વગેરે ૧૦ ધાતુઓના सोच्छ વગેરે અનુસ્વાર વગરનાં દશ રૂપો વપરાય છે અને જ્યારે એ इच् વગેરે પ્રત્યયો લાગ્યા હોય ત્યારે તેની પહેલાં इ ઉમેરવો તથા ।।૮।૩।૧૬૬।। સૂત્ર દ્વારા જે हि પ્રત્યય લાગેલ હોય તેનો લોપ વિકલ્પે કરવો. એટલે हि પ્રત્યય વાપરવો તથા ન વાપરવો.

ત્રીજો પુ० એ० વ०—श्रु—सोच्छ+इ=सोच्छिइ-તે સાંભળશે-श्रोष्यति
,,—सोच्छ+इ+हि+इ=सोच्छिहिइ- ,, ,,
,,—सोच्छ+ए=सोच्छिए- ,, -श्रोष्यते
,,—सोच्छ+इ+हि+ए=सोच्छिहिए- ,, ,,

ત્રીજો પુ० બ०વ०—,,—सोच्छ+इन्ति=सोच्छिंति-તેઓ સાંભળશે-श्रोष्यन्ति
,,—सोच्छ+इहि+न्ति=सोच्छिहिंति- ,, ,,

બીજો પુ० એ० વ०—,,—सोच्छ+सि=सोच्छिसि-તું સાંભળીશ-श्रोष्यसि
,,—सोच्छ+इहिसि=सोच्छिहिसि- ,, ,,

બીજો પુ०બ०વ०-श्र-सोच्छ+त्था=सोच्छित्था-તમે સાંભળશો-श्रोष्यथ
,,-सोच्छ+इहि+त्था=सोच्छिहित्था- ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પુ૦એ૦વ૦ श्र–सोच्छिमि– હું સાંભળીશ.–श्रोष्यामि
,,–सोच्छ+इहि+मि=सोच्छिहिमि– ,, ,,
,,–सोच्छिस्सामि, सोच्छिहामि, सोच्छिस्सं, सोच्छं ,, ,,

પ્રથમ પુ૦બ૦વ૦ ,,–सोच्छ+मो=सोच्छिमो, અમે સાંભળીશું–श्रोष्यामः
सोच्छ+इहि+मो=सोच्छिहिमो, सोच्छिस्सामो ,, ,,
सोच्छिहामो, सोच्छिहिस्सा, सोच्छिहत्था

જે રીતે અહીં માત્ર એક પ્રથમ પુરુષના બહુવચનના मो પ્રત્યયનાં રૂપો બતાવ્યાં છે તે રીતે मु અને म નાં રૂપો પણ સમજી લેવાં.

એ જ રીતે गम् ધાતુનાં રૂપો આ સમજવાં––

ત્રીજો પુ૦એક૦વ૦–गम्–गच्छिइ, गच्छिहिइ–તે જશે–गमिष्यति
,, ,, બ૦વ૦– ,,–गच्छिंति, गच्छिहिंति–તેઓ જશે–गमिष्यन्ति
બીજો પુ૦એ૦વ૦– ,,–गच्छिसि, गच्छिहिसि–તું જઈશ–गमिष्यसि
,, બ૦ વ૦– ,,–गच्छित्था, गच्छिहित्था–તમે જશો–गमिष्यथ

પ્રથમ પુ૦એ૦વ૦– ,,–गच्छिमि, गच्छिहिमि, गच्छिस्सामि, गच्छिहामि, गच्छं, गच्छिस्सं ]–હું જઈશ–गमिष्यामि

પ્રથમ પુ૦બ૦વ૦– ,,–गच्छिमो, गच्छिहिमो, गच्छिस्सामो, गच्छिहामो, गच्छिहिस्सा, गच्छिहित्था ]અમે જઈશું–गमिष्यामः

એ જ પ્રકારે मु અને म પ્રત્યયો લગાડીને પણ રૂપો સમજી લેવાં. જે રીતે श्रु અને गम् ધાતુનાં રૂપો બતાવેલાં છે તે રીતે रुद् ધાતુથી લઈને मुज् ધાતુ સુધીનાં તમામ ધાતુઓનાં ભવિષ્યકાળનાં રૂપો સમજવાનાં છે.

(અહીં श्रु અને गच्छ નાં બધાં રૂપો બતાવ્યાં નથી, થોડાં જ રૂપો બતાવ્યાં છે. તેથી બાકીનાં રૂપો નિયમાનુસાર સમજીને સાધી લેવાનાં છે.)

## दु सु मु विध्यादिषु एकस्मिन् त्रयाणाम् ॥८।३।१७३॥

વિધિ, નિમંત્રણ, આમંત્રણ વગેરે અર્થોમાં વપરાતા ત્રીજા પુરુષના એકવચનના સંસ્કૃત तु અને ताम् પ્રત્યયોને બદલે दु પ્રત્યય વપરાય છે અને બીજા પુરુષના એકવચનના સંસ્કૃત हि અને स्व પ્રત્યયોને બદલે सु પ્રત્યય વપરાય છે તથા પહેલા પુરુષના એકવચનના સંસ્કૃત आनि અને ऐ પ્રત્યયોને બદલે मु પ્રત્યય વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हस्+अ+उ+हसउ सा=તેણી હસો–हसतु सा
हस्+अ+सु=हससु तुमं=તું હસ–हस त्वम्
हस्+अ+मु=हसमु अहं=હું હસું–हसानि अहम्
पेच्छउ–તે જુઓ–प्रेक्षताम्
पेच्छसु–તું જો–प्रेक्षस्व
पेच्छामु–હું જોઉં–प्रेक्षे

સૂત્રમાં दु પ્રત્યયનું વિધાન તો કરેલું છે પણ પ્રાકૃત ભાષામાં दु ને બદલે उ નો વિશેષ ઉપયોગ છે તેમ છતાં આચાર્યે उ ને બદલે दु પ્રત્યયનું વિધાન જ કરેલું છે તેનું કારણ એ છે કે दु પ્રત્યય શૌરસેની, માગધી વગેરે ભાષામાં કામમાં આવે. અર્થાત્ પ્રાકૃતમાં द નો લોપ કરીને उ પ્રત્યય વાપરવો અને શૌરસેનીમાં તથા માગધીમાં दु પ્રત્યય વાપરવો. આ દૃષ્ટિએ વિચારતાં दु પ્રત્યય કરવાથી પ્રાકૃતનું કામ સરી જાય છે અને શૌરસેની તથા માગધીનું કામ પણ સરી જાય છે.

## सोः हिः वा ॥८।३।१७४॥

૮।૩।૧૭૩ મા સૂત્રમાં જણાવેલા બીજા પુરુષ એકવચનના सु પ્રત્યયને બદલે हि પ્રત્યય વિકલ્પે વપરાય છે.

दा+सु=दा+अ+सु=दाएसु, दाएहि, देहि–તું આપ–देहि
दा+सु=दा+अ+सु=दाएसु, देसु–તું આપ–देहि

## अतः इज्जसु-इज्जहि-इज्जे-लुकः वा ॥८।३।१७५॥

અકારાંત ધાતુને લાગેલા તે જ सु પ્રત્યયને બદલે इज्जसु, इज्जहि, इज्जे પ્રત્યયો વિકલ્પે વપરાય છે તથા એક રૂપ सु પ્રત્યય વગરનું પણ થાય છે એટલે सु પ્રત્યયનો લોપ પણ થઈ જાય છે.

हस्+अ+इज्जसु=हसेज्जसु તું હસ–હસ
हस्+अ+इज्जहि=हसेज्जहि ,, ,,
हस्+अ+इज्जे=हसेज्ज ,, ,,

તથા हस, हसहि, हससु એવાં રૂપો પણ થાય છે.
होसु અને ठाहि માં ધાતુ અકારાંત નથી તેથી આ નિયમ ન લાગે.

## बहुषु न्तु ह मो ॥८।३।१७६॥

વિધિ, નિમંત્રણ આમંત્રણ વગેરે અર્થોમાં વપરાતા ત્રીજા પુરુષના બહુવચનના સંસ્કૃત अन्तु અને अन्ताम् પ્રત્યયોને સ્થાને न्तु પ્રત્યય વપરાય છે તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા પુરુષના બહુવચનના સંસ્કૃત त અને ध्वम् પ્રત્યયોને બદલે ह પ્રત્યય વપરાય છે તથા પહેલા પુરુષ બહુવચનના સંસ્કૃત आम અને आमहै પ્રત્યયોને બદલે मो પ્રત્યય વપરાય છે.

न्तु–हसन्तु–તેઓ હસો–हसेयुः અથવા हसन्तु

ह–हसह–તમે હસો–हसेत અથવા हसत

मो–हसामो–અમે હસીએ–हसेम અથવા हसाम

એ જ રીતે तुवरंतु ( त्वरन्ताम् ) અને तुवरह ( त्वरध्वम् ) તથા तुवरामो (त्वरामहै) રૂપો સમજી લેવાં. અહીં त्वर ધાતુ ભ્વાદિગણનો આત્મનેપદી છે

૮।૩।૧૭૩ મા સૂત્રમાં અને ૮।૩।૧૭૬ મા સૂત્રમાં જે વિધિ, નિમંત્રણ, વગેરે અર્થો બનાવેલા છે તે અર્થોમાં સંસ્કૃતમાં પંચમી– ક્રિયાપદ વિભક્તિ વપરાય છે તથા સપ્તમી–ક્રિયાપદ વિભક્તિ વપરાય છે એટલે જેમ અહીં ૧૮૫મા સૂત્રમાં તથા આ સૂત્રમાં પંચમીના એકવચનના અને બહુવચનના પરસ્મૈપદના તથા આત્મનેપદના પ્રત્યયો બતાવ્યા છે તેમ સપ્તમીના એકવચનના તથા બહુવચનના પરસ્મૈપદના તથા આત્મનેપદના પ્રત્યયો પણ સમજી લેવાના છે. અને તે પ્રત્યયોને ૮।૩।૧૭૩ મું સૂત્ર તથા આ ૮।૩।૧૭૬ મું સૂત્ર લગાડવાનું છે.

વિશેષ સ્પષ્ટીકરણ માટે અહીં વિધ્યર્થક સપ્તમીના પ્રત્યયો જણાવીએ છીએ.

સં૰ એકવચન પ્રા૰ પ્રત્યયો

| પરસ્મૈ૰ | આત્મને૰ | | |
|---|---|---|---|
| यात् | ईत | – | दु |
| याः | ईथाः | – | सु |
| याम् | ईय | – | मु |

સં૰ બહુવચન—

| | | | |
|---|---|---|---|
| युस् | ईरन् | – = | न्तु |
| यात | ईध्वम् | – = | ह |
| याम | इमहि | – = | मो |

આ રીતે પ્રત્યયો લગાડીને રૂપો બનાવવાનાં છે.

| પ્રા૰ | | સં૰ વિધ્યર્થક સપ્તમી |
|---|---|---|
| हसन्तु | – | हसेयुः |
| हसह | – | हसेत |
| हसामो | – | हसेम |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પ્રા૦ | સં૦ વિધ્યર્થ સપ્તમી |
|---|---|
| तुवरंतु – | त्वरेरन् |
| तुवरत – | त्वरेध्वम् |
| तुवरामो – | त्वरेमहि |

આ રીતે બધાં રૂપો સમજી લેવાં.

## वर्तमाना-भविष्यन्त्योश्च ज्ज ज्जा वा ॥८।३।१७७॥

વર્તમાનકાળના પ્રત્યયો, ભવિષ્યકાળના પ્રત્યયો અને વિધ્યાદિ અર્થમાં વપરાતા પ્રત્યયોને બદલે પ્રાકૃતમાં ज्ज અને ज्जा પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

हसेज्ज, हसेज्जा, हसइ–તે હસે છે–हसति

,, ,, हसिहिइ–તે હસશે–हसिष्यति, हसिता

,, ,, हसउ –તે હસો–हसतु, हसेत्

पढेज्ज, पढज्जा, पढइ–તે ભણે છે–पठति

,, ,, पढिहिइ–તે ભણશે–पठिष्यति, पठिता

,, ,, पढउ –તે ભણો –पठतु, पठेत्

सुणेज्ज, सुणेज्जा, सुणइ –તે સાંભળે છે–शृणोति

,, ,, सुणिहिइ–તે સાંભળશે–श्रोष्यति, श्रोता

,, ,, सुणउ–તે સાંભળો–शृणोतु, शृणुयात्

આ રીતે બધાં રૂપો સમજવાનાં છે.

अइवाएज्ज, अइवाएज्जा—अतिपातयति, अतिपातयन्ति–હિંસા કરે છે

अइवायावेज्ज, अइवायावेज्जा —अतिपातयिष्यति, अतिपातयिष्यन्ति; હિંસા કરાવશે

अतिपातयिता, अतिपातयितारः; अतिपातयेत्, अतिपातयेयुः–હિંસા કરે

अतिपातयतु, अतिपातयन्तु

એ પ્રમાણે પ્રાકૃતમાં न समणुजाणामि, न समणुजाणेज्ज, न समणुजाणेज्जा રૂપો સમજવાં. समणुजाणामि–સંમતિ આપે છે.

જેમ આ अइवाएज्ज વગેરે રૂપો બતાવ્યાં છે તેમ બીજા પુરુષનાં અને પહેલા પુરુષનાં વર્તમાના, ભવિષ્યન્તી, સપ્તમીનાં રૂપો પણ સમજી લેવાં.

બીજા કેટલાક વૈયાકરણો તો વર્તમાના, સપ્તમી, પંચમી, હ્યસ્તની, અદ્યતની, પરોક્ષા, આશીઃ, શ્વસ્તની, ભવિષ્યન્તી અને ક્રિયાતિપત્તિ એ તમામના પ્રત્યયોને બદલે ज्ज અને ज्जा પ્રત્યયો વાપરવાનું વિધાન કરે છે. તેમના મત પ્રમાણે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवति, भवेत्, भवतु, अभवत्, अभूत बभूव, भूयात्. भविता, भविष्यति. અને अभविष्यत् એ તમામ રૂપોને બદલે होज्ज, होज्जा એવાં બે જ રૂપો થાય છે.

## मध्ये च स्वरान्ताद् वा ॥८।३।१७८॥

ધાતુને લાગેલા વર્તમાનાના, ભવિષ્યંતીના, સપ્તમીના અને પંચમીના તમામ પ્રત્યયોને બદલે ज्ज અને ज्जा વિકલ્પે વપરાય છે તથા સ્વરાંત ધાતુને લાગેલા વર્તમાનાના, ભવિષ્યંતીના, સપ્તમીના, પંચમીના પ્રત્યયોની પહેલાં ज्ज અને ज्जा વિકલ્પે ઉમેરાય છે એટલે કે ધાતુ અને જણાવેલા પ્રત્યયોની વચ્ચે ज्ज અને ज्जा વિકલ્પે આવી જાય છે.

વર્તમાનાના પ્રત્યયને સ્થાને ज्ज તથા ज्जा–होज्ज, होज्जा, होइ—તે થાય છે–भवति

ધાતુ તથા વર્તમાનના પ્રત્યયની વચ્ચે ज्ज તથા ज्जा–होज्जइ તથા होज्जाइ–તે થાય છે–भवति

ધાતુ અને પ્રત્યયને સ્થાને हो+सि— होज्ज, होज्जा, होसि–તું થાય છે–भवसि
ધાતુ અને પ્રત્યયની વચ્ચે— होज्जसि, होज्जासि ,, ,, ,, ,,

ભવિષ્યંતીને સ્થાને— हो+हि— होज्ज, होज्जा, होहिइ–તે થશે–भविष्यति
होज्जहिइ, होज्जाहिइ ,, ,, ,,

ધાતુ અને ભવિષ્યન્તીના હો+सि— होज्ज, होज्जा, होहिसि–તું થશે–भविष्यसि
પ્રત્યયની વચ્ચે— होज्जहिसि, होज्जाहिसि– ,, ,, ,,

हो+हि+मि= होज्ज, होज्जा, होहिमि, होज्जहामि, होज्जस्सं होज्जहिमि, होज्जस्सामि —હું થઈશ–भविष्यामि

પંચમી, સપ્તમી સ્થાને–हो+उ=होज्ज, होज्जा, होउ

પંચમી, સપ્તમીની વચ્ચે-होज्जउ, होज्जाउ–भवेतु, भवेत्

આ પ્રમાણે બધાં રૂપો સમજી લેવાનાં છે.

પરસ્મૈપદ—हसेज्ज, हसेज्जा માં અને આત્મનેપદ—तुवरेज्ज, तुवरेज्जा માં ધાતુ વ્યંજનાંત છે તેથી આ નિયમ ન લાગે.

## क्रियातिपत्तेः ॥८।३।१७९॥

ક્રિયાતિપત્તિના પ્રત્યયોને બદલે ज्ज અને ज्जा પ્રત્યયો વપરાય છે.

होज्ज, होज्जा–अभविष्यत्, अभविष्यन् अभविष्यन्त तथा अलविष्यन्त

આ રીતે જ ક્રિયાતિપત્તિના પરસ્મૈપદના તથા આત્મનેપદના બીજા પુરુષના અને પહેલા પુરુષના પ્રત્યયોમાં પણ સમજવાનું છે.

जइ होज्ज वण्णणिज्जो–यदि अभविष्यद् वर्णनीयः—જો વર્ણન કરવા યોગ્ય હોત

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

## न्त-माणौ ॥८।३।१८०॥

ક્રિયાતિપત્તિના તમામ પ્રત્યયોને બદલે न्त અને माण પ્રત્યયો વાપરવામાં આવે છે.

होन्तो, होमाणो–अभविष्यत्, અભવિષ્યત

"हरिण–ट्ठाणे हरिणङ्क ! जइ सि हरिणाहिवं निवेसन्तो ।
न सहन्तो च्चिअ तो राहु–परिहवं से जिअंतस्स" ॥

હે ચંદ્ર ! હરણને સ્થાને તેં સિંહને બેસાડયો હોત તો તારે તે સિંહના જીવતાં સુધી રાહુનો પરાભવ સહન કરવો ન પડત.

"हरिणस्थाने हरिणाङ्क ! यदि असि हरिणाधिपं न्यवेशयिष्यः (निवेसंतो सि) ।
न असहिष्यथा एव तदा राहुपरिभवं अस्य जीवतः" ॥

निवेसंतो–નિવેશ કર્યો હોત–न्यवेक्ष्यत

सहंतो–સહન કરવું પડત–असहिष्यत

ક્રિયાતિપત્તિમાં લાગેલા न्त તથા माण પ્રત્યયોવાળાં રૂપો ઘણું કરીને પ્રથમા વિભક્તિમાં જ વપરાય છે.

## शतृ–आनशः ॥८।३।१८१॥

સંસ્કૃતમાં વપરાતા પરસ્મૈપદી शतृ પ્રત્યયને બદલે પ્રાકૃતમાં न्त અને माण વપરાય છે, તેમ જ સંસ્કૃતમાં વપરાતા આત્મનેપદી आनश् પ્રત્યયને બદલે પણ પ્રાકૃતમાં न्त અને माण વપરાય છે.

પરસ્મૈપદ— हस्+शतृ––हस्+अ+न्त–हसंतो અથવા हसन्तो ] હસતો–हसन्
हस्+शतृ–हस्+अ+माण–हसमाणो

આત્મનેપદ— वेप्–आन–वेप्+अ–न्त–वेवन्तो । ] કંપતો–वेपमानः
वेप्+आन–वेप्+अ+माण–वेवमाणो ।

## ई च स्त्रियाम् ॥८।३।१८२॥

शतृ અને आनश् પ્રત્યયને બદલે સ્ત્રીલિંગમાં પ્રાકૃતમાં ई વપરાય છે તથા न्त અને माण પ્રત્યયો વાપરવાના હોય ત્યારે न्ता તથા न्ती અને माणा તથા माणी પ્રત્યયો વાપરવાના છે.

हस्+शतृ–हस्+अ+ई=हसई–હસતી–हसन्ती

हस्+शतृ–हस्+अ+न्ता=हसंता– ,, ,,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हस्+शतृ–हस्+अ+न्ती हसन्ती

हस्+शतृ–हस्+अ+माणा=हसमाणा–हसती–हसन्ती

हस्+शतृ–हस्+अ+माणी=हसमाणी– ,, ,,

એ જ રીતે वेबई, वेवन्ती वेवन्ता, वेवमाणी वेवमाणा । વગેરે રૂપો માટે જુઓ ૮।૩।૩૨ સૂત્ર.

આચાર્ય હેમચંદ્રે રચેલા સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની
વૃત્તિના આઠમા અધ્યાયના ત્રીજા પાદનો
સવિવેચન અનુવાદ પૂરો થયો.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અષ્ટમ અધ્યાય

## (ચતુર્થ પાદ)

### इदितः वा ॥८।४।१॥

આ એક અધિકાર સૂત્ર છે અને વિધિસૂત્ર-વિધાયક સૂત્ર-પણ છે. હવે પછીનાં સૂત્રોમાં જે ધાતુઓને, છેડે इ નિશાનવાળા બનાવીને મૂકેલા છે તે ધાતુઓને તે તે સૂત્રમાં જણાવેલું વિધાન વિકલ્પે લાગુ કરવાનું છે એવું આ સૂત્રનું વિધાન છે માટે આ સૂત્ર વિધિસૂત્ર છે અને આ વિધાનને જ્યાં સુધી ધાતુઓના આદેશનું પ્રકરણ છે ત્યાં સુધી બધે પહોંચાડવાનું છે એવી ભલામણ કરતું હોવાથી આ સૂત્ર અધિકાર સૂત્ર છે.

### कथेः वज्जर-पज्जर-उप्पाल-पिसुण-संघ-बोल्ल-चव-जम्प-सीस-साहाः ॥८।४।२॥

कथ ધાતુને બદલે वज्जर, पज्जर, उप्पाल, पिसुण, संघ, बोल्ल, चव, जम्प, सीस અને साह એ દશ ધાતુઓને વિકલ્પે વાપરવાના છે.

कथ–कहइ–કહે છે–कथयति–वज्जर–वज्जरइ–કહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ,, | ,, | ,, | ,, | पज्जर–पज्जरइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | उप्पाल–उप्पालइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | पिसुण–पिसुणइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | संघ–संघइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | बोल्ल–बोल्लइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | चव–चवइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | जम्प–जम्पइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | सीस–सीसइ– | ,, |
| ,, | ,, | ,, | ,, | साह–साहइ– | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આદેશોમાંના અમુક ધાતુઓને સંસ્કૃત ધાતુઓ સાથે આ પ્રકારે સરખાવી શકાય.

वि+उत्+चर=व्युच्चर–व्युच्चरति–वज्जरइ

प्र+उत्+चर–प्रोच्चर–प्रोच्चरति–पज्जरइ

उत्+पालयति–उत्पालयति ]–उप्पालइ
उत्+पारयति–उत्पारयति ]

पिशुन–पिशुनयति–पिसुणइ

सं+ख्या–संख्याति–संघइ

ब्रू–ब्रूते–बोल्लइ

वच–वक्ति–प्रा० वचति–चवइ

जल्प्–जल्पति–जंपइ

शास्–शास्ते–सीसइ

साध्–साधयति–साहइ

પ્રાકૃતમાં उब्बुक्कइ ક્રિયાપદ વપરાય છે તેને बुक्क भाषणे કે भषणे (ભસવું) ભ્વાદિગણના ૫૪મા ધાતુને उत् ઉપસર્ગ લગાડીને તેના પરથી સાધવાનું છે.

उत्+बुक्क=उब्बुक्कइ–ઊંચેથી બોલે છે અથવા ઊંચેથી ભસે છે–જોરથી ભસે છે.

આ બધા ધાતુઓને બીજા વૈયાકરણોએ '**દેશી શબ્દ સંગ્રહ**'માં મૂકીને ગણાવેલા છે ત્યારે અમે–ગ્રંથકાર આચાર્યે–તો ધાતુના આદેશરૂપે અહીં બતાવેલા છે. દેશીમાં ગણવાથી ધાતુને બીજા કોઈ પ્રત્યયો લાગી શકતા નથી. અમારા વિચાર પ્રમાણે આ બધા ધાતુઓને, ધાતુને લાગતા તમામ પ્રત્યયો તથા સંબંધક ભૂતકૃદંતનો क्त्वा, હેત્વર્થ કૃદંતનો तुम्, પાંચેય कृत्य પ્રત્યયો અને अनट्, अक વગેરે બીજા અનેક પ્રત્યયો લગાડીને બનેલાં રૂપો સાહિત્યમાં વપરાય છે. તે માટે અમે તેમને દેશીમાં નોંધ્યા નથી. જેમકે—

અર્થ—

कथितः ને બદલે वज्जरिओ–કહેલો—અહીં क्त પ્રત્યય લાગેલો છે.

कथयित्वा ને બદલે वज्जरिऊण–કહીને–અહીં क्त्वा પ્રત્યય લાગેલો છે.

कथयन् ને બદલે वज्जरंतो–કહેતો–અહીં शतृ પ્રત્યય લાગેલો છે.

कथयितव्यम् ને બદલે वज्जरिअव्वं–કહેવાનું–કહેવા યોગ્ય–અહીં तव्य પ્રત્યય લાગેલો છે.

कथनम् ને બદલે–वज्जरणं–કહેણ–અહીં अनट् પ્રત્યય લાગેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે વિવિધ પ્રત્યયો લાગીને ધાતુનાં હજારો રૂપો થાય છે અને સંસ્કૃત ધાતુની પ્રક્રિયા પ્રમાણે પ્રત્યયનો લોપ, આગમ વગેરે વિધિ આ ધાતુઓ અંગે થાય છે.

૧૮૮૦ कथ वाक्यप्रबन्धे ।

આ ધાતુ પાણિનીય ધાતુપાઠમાં પણ છે અને ધાતુ સાથે અહીં જણાવેલા સંખ્યાનંબર તો હૈમ ધાતુપાઠના જ છે તથા આ कथ ધાતુ अ કારાંત છે.

## दुःखे णिव्वरः ॥८।४।३॥

'દુઃખ કહેવું' એવા અર્થમાં कथ ને બદલે णिव्वर ધાતુ વિકલ્પે વાપરવો.

दुःखं कथयति ને બદલે णिव्वरइ–દુઃખને કહે છે.

## जुगुप्सेः झुण-दुगुच्छ-दुगुञ्छाः ॥८।४।४॥

जुगुप्स् (૩।૪।૫) ધાતુને બદલે झुण, दुगुच्छ અને दुगुञ्छ એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વાપરવા.

जुगुप्स्–जुगुप्सति–जुउच्छइ–झुण–झुणइ ઘૃણા કરે છે.

दुगुच्छ–दुउच्छ–दुगुच्छइ–दुउच्छइ

दुगुञ्छ–दुउञ्छ–दुगुञ्छइ–दुउञ्छइ કે दुगुंछइ વગેરે.

घृणा શબ્દનું નામધાતુનું રૂપ घृणयति થાય છે. એ घृणयति સાથે આ झुणइ રૂપને સરખાવી શકાય.

दुउञ्छ અને दुगुञ्छ ને બદલે અનુસ્વારવાળો दुउंछ તથા दुगुंछ પણ વપરાય છે. જ્યારે અનુસ્વાર હોય ત્યારે 'च्छ' ન વપરાય પણ માત્ર 'छ' વપરાય.

૭૬૩ गुप्–जुगुप्स् गर्हायाम् ।

૭૬૩ गुप् गोपन–कुत्सनयोः ।

## बुभुक्षि–वीज्योः णीरव–वोज्जौ ॥८।४।५॥

बुभुक्षि ને બદલે णीरव ધાતુ વિકલ્પે વપરાય છે અને वीजि ને બદલે वोज्ज ધાતુ પણ વિકલ્પે વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुभुक्ष्–बुभुक्षते–बुहुक्खइ–णीरवइ–ભોજન કરવાને ઈચ્છે છે–નીરે છે.

वीज्–वीजयति–वोज्जइ

ભાષાનું 'નીરવું' ક્રિયાપદ णीरव સાથે સરખાવાય.

वीजइ–वोज्जइ–વીંજે છે, વીંજણો ઢોળે છે–પંખો નાખે છે.

સૂત્રમાં જે वीज् ધાતુ બતાવેલો છે [1]वीज् वीजने–सौत्र–ધાતુ છે. એ ધાતુને અહીં જણાવીને તેને બદલે वोज्ज ધાતુ વાપરવાની સૂચના કરેલી છે. અમારી કલ્પના પ્રમાણે કદાચ वोज्ज ને બદલે वीज्ज એવો પાઠ સુસંગત લાગે છે પણ આવો પાઠ ક્યાંય મળતો નથી.

૧૪૮૭ भुज्–बुभुक्ष् आहारेच्छायाम् ।
૧૪૮૭ पालन–अभ्यवहारयोः ।
૨૦૪૭ वीजण् वीजने[2] ।

## ध्या–गोः झा–गौ ॥८।४।६॥

ध्या ધાતુને બદલે પ્રાકૃતમાં झा વપરાય છે અને गै ધાતુ દ્વારા તૈયાર થયેલા गा ને બદલે गा વપરાય છે.

ध्या–ध्यायति–झायइ, झाइ–ધ્યાન કરે છે. णिज्झाइ, णिज्झाअइ–જુએ છે.

ध्या ધાતુનું झा રૂપ ૮।૨।૨૬ સૂત્રથી સાધી શકાય તેમ છે જ, તે છતાં પરંપરાનુસારી સૂત્રકારે તેને અહીં જણાવીને તેનું झा રૂપ બનાવવાની સૂચના કરેલ છે.

नि (णि) ઉપસર્ગ સાથેના ध्या ધાતુનો 'જોવું' અર્થ છે.

गा–गायति–गायइ, गाइ–ગાય છે.

ध्यानम्–झाणं–ધ્યાન

गानम्–गाणं–ગાણું–ગીત

૩૦ ध्या चिन्तायाम् ।
૩૭ गै शब्दे ।

---

૧. "वीजण् वीजने" ધાતુને 'ક્રિયારત્નસમુચ્ચય' નામના ગ્રંથમાં પૃ. ૨૮૬ ઉપર અકારાંત સૌત્ર ધાતુરૂપે નોંધેલો છે.

૨. व्यजन અને वीजन એ બન્ને નામો 'પંખા' અર્થના સૂચક છે. वीजन શબ્દ 'પંખો નાંખવો' એવા અર્થને પણ સૂચવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ज्ञः जाण-मुणौ ॥८।४।७॥

ज्ञा ધાતુને બદલે जाण અને मुण ધાતુઓ વપરાય છે.

ज्ञा—जानाति–जाण, जाणइ–જાણે છે

मुण, मुणइ– ,, ,,

બહુલંના અધિકારને લીધે ज्ञा ધાતુને બદલે जाण ધાતુ વિકલ્પે વપરાય છે તેથી તેના, નીચે જણાવેલાં બબ્બે રૂપો બની શકે છે—

ज्ञातम्–जाणिअं, णायं–જાણ્યું

ज्ञात्वा–जाणिऊण, णाऊण–જાણીને

ज्ञानं–जाणणं, णाणं–જ્ઞાન–જાણકારી

"मुणत् प्रतिज्ञाने" ધાતુ, હેમધાતુપાઠ પ્રમાણે તુદાદિ ગણમાં ૧૩૬૫મો છે. પ્રતિજ્ઞાન એટલે પ્રતિજ્ઞા કરવી. જાણવું અર્થ 'प्रतिज्ञान' અર્થમાં સમાઈ જાય છે જ.

સં० मुणति, પ્રા०– मुणइ–જાણે છે

ઉપર જે णायं વગેરે રૂપો બતાવેલાં છે તે 'ज्ञा' ધાતુનો णा (૮।૨।૪૨) કરીને સાધવાનાં છે.

मणइ–જાણે છે–એવું જે રૂપ થાય છે તેને નીચે જણાવેલા मन् ધાતુ દ્વારા સાધવાનું છે. તેને मुण સાથે કોઈ સંબંધ નથી.

સંસ્કૃતમાં ૬ म्ना अभ्यासे (પહેલો ગણ) ધાતુનું मनति અને ૧૨૬૩ मन् ज्ञाने (ચોથો ગણ) ધાતુનું मन्यते અને ૧૫૦૭ मन् बोधने (આઠમો ગણ) ધાતુનું मनुते તથા ૨૬૬ मण् शब्दे (પહેલો ગણ) ધાતુનું मणति રૂપ થાય છે. આ બધાં રૂપો સાથે मुणति કે मुणइ ને સરખાવી શકાય તથા ૧૩૬૫ मुण प्रतिज्ञाने (છઠ્ઠો ગણ) ધાતુના मुणति રૂપ સાથે પણ પ્રસ્તુત मुण् ને સરખાવી શકાય. આ સરખામણીમાં અર્થની દૃષ્ટિએ ખાસ ફેર પડતો નથી. માત્ર પહેલા ગણનો मण् ધાતુ 'બોલવાના' અર્થનો છે એ ધ્યાનમાં રહે, પણ "धातूनाम् अनेकः अर्थः" એ ન્યાયની અપેક્ષાએ 'બોલવા' અર્થના ધાતુને પણ 'જાણવા' અર્થનો માની શકાય.

## उदः ध्मः धुमा ॥८।४।८॥

उत् ઉપસર્ગ સાથેના ध्मा ધાતુને બદલે धुमा રૂપ વાપરવું.

उत्+धम्–उद्धमति=उत्+धुमा–उद्धुमाइ–બોલ બોલ કરીને ઉધમ કરે છે અથવા ધમે છે.

४ ध्मा शब्द–अग्निसंयोगयोः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ધ્મા' ધાતુ 'શબ્દ' અર્થનો છે એટલે 'ધમ્ ધમ્' એવા અવાજ અર્થનો સૂચક છે અને 'અગ્નિ સાથેનો સંયોગ' અર્થનો પણ છે. 'ધમણ ધમવા'ની પ્રવૃત્તિમાં અગ્નિ સાથેનો સંયોગ સ્પષ્ટ જ છે.

અહીં એ યાદ રાખવું જરૂરી છે કે ' હું બોલું છું ' એમ સૂચવવા સારુ धमामि કે પ્રાકૃત धुमामि પ્રયોગ ન જ વપરાય.

## श्रदः धः दहः ॥८।४।९॥

श्रद् અવ્યય સાથે આવેલા धा ધાતુને બદલે दह ધાતુ વપરાય છે.

श्रद्+धा–श्रद्दधाति–सद्+दहइ–सद्दहइ–શ્રદ્ધા કરે છે

श्रद्दधत्–सद्दहमाणो जीवो–શ્રદ્ધા કરતો જીવ

श्रद्धा નામ કોઈ અખંડ નામ નથી પણ તેમાં श्रद् અવ્યય અને धा ધાતુ એ બેનો સંયોગ છે અને એ બે દ્વારા श्रद्धा શબ્દ બનેલ છે

११३९ धा धारणे दाने च ।

## पिबेः पिज्ज–डल्ल–पट्ट–घोट्टाः ॥८।४।१०॥

'પીવા' અર્થના पा ધાતુને બદલે पिज्ज, डल्ल, पट्ट, घोट्ट એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

पा–पिबति=पिअइ–પીએ છે

पिज्ज–पिज्जइ– ,,

डल्ल–डल्लइ– ,,

पट्ट–पट्टइ– ,,

घोट्ट–घोट्टइ– ,, –ઘૂંટડો ભરે છે

२ पा पाने ।

દિવાદિ ગણના સં૦ पी ધાતુ ઉપરથી બનેલા कर्तरि રૂપ पीयते સાથે पिज्जइ કે पिज्जए રૂપને સરખાવી શકાય અને આ રૂપ દ્વારા पिज्ज ધાતુને કેમ ન નિપજાવી શકાય ?

ભાષામાં પ્રચલિત 'ઘૂંટડો' તથા 'ઘૂંટ'એ બન્ને શબ્દોનો સંબંધ પ્રસ્તુત घोट्ट સાથે સ્પષ્ટ જણાય તેમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उद्वातेः ओरुम्मा वसुआ ॥८।४।११॥

उत् ઉપસર્ગ સાથેના वा ધાતુને બદલે એટલે उद्वा ને બદલે ओरुम्मा અને वसुआ એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

उत्+वा=उव्वाइ–સુકાય છે

ओरुम्मा=ओरुम्माइ–સુકાય છે

वसुआ=वसुआइ– ,, ,, –વસુકી જાય છે

સં. विसुत શબ્દ છે, તેનો અર્થ 'પુત્ર વગરનું' થાય છે. આ विसुत દ્વારા પ્રાકૃત विसुअ રૂપ થાય, એટલે પ્રસ્તુત वसुआ ધાતુને विसुअ નામ સાથે ન સરખાવી શકાય ?
૧૦૬૩ वा गति–गन्धनयोः ।

## निद्रातेः ओहीर–उङ्घौ ॥८।४।१२॥

नि ઉપસર્ગ પછી આવેલા द्रा ધાતુને બદલે એટલે निद्रा ને બદલે ओहीर અને ઉંઘ કે उङ्घ એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

नि+द्रा=निद्राति–निद्दाइ–નિદ્રા લે છે

ओहीर–ओहीरइ–ઊંઘે છે

उङ्घ–उङ्घइ– ,, ,,

૧૦૬૬ द्रा कुत्सितगतो । આ ધાતુ બીજા अदादि ગણનો છે.

## आघ्रेः आइग्घः ॥८।४।१३॥

आ ઉપસર્ગ પછી આવેલા घ्रा ધાતુને બદલે એટલે आघ्राને બદલે आइग्घ ધાતુ વિકલ્પે વપરાય છે.

आ+घ्रा–आ+जिघ्र=आजिघ्रति–સૂંઘે છે.

आइग्घ–आइग्घइ–સૂંઘે છે. आइग्घ ન થાય ત્યારે अग्घाइ અથવા आघाइ રૂપ થાય.

સંસ્કૃત રૂપ आजिघ्रतिની સાથે आइग्घइને બરાબર સરખાવી શકાય છે.

ખરી રીતે તો आजिघ्र દ્વારા જ आइग्घ સાધી શકાય છે, પણ આચાર્યે પૂર્વપરંપરાને અનુસરીને આમ રચના કરેલ લાગે છે.

૩ घ्रा गन्धोपादाने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्नातेः अब्भुत्तः ॥८।४।१४॥

સ્ના ધાતુને બદલે अब्भुत्त ધાતુ વિકલ્પે વપરાય છે.

स्ना–स्नाति–ण्हाइ–સ્નાન કરે છે

अब्भुत्त–अब्भुत्तइ–  ,,  ,,

સંસ્કૃતમાં अवभृथ શબ્દ છે. યજ્ઞ પૂરો થયા પછી જે સ્નાન કરવામાં આવે છે તે માટે अवभृथ શબ્દ વપરાય છે. અહીં બતાવેલો अब्भुत्त અને अवभृथ એ બન્ને પદો એક બીજા સાથે સરખાવી શકાય એમ છે. ૧૦૬૪ स्ना शौचे । શૌચ એટલે શુચિ થવું અથવા નિર્મળ થવું–ચોખ્ખા થવું.

## समः स्त्यः खाः ॥८।४।१५॥

सम् પછી આવેલા स्त्या ધાતુને બદલે खा રૂપ વપરાય છે.

सम्+स्त्या–संस्त्यायति–संखा–संखाइ–જામી જાય છે–થીજી જાય છે.

स्त्यानम्–संखायं–જામી ગયેલું–થીજી ગયેલું

૪૦ स्त्या संघाते शब्दे च ।

## स्थः ठा-थक्क-चिट्ठ-निरप्पाः ॥८।४।१६॥

સ્થા ધાતુને બદલે ठा, थक्क, चिट्ठ અને निरप्प એ ચાર ધાતુઓ વપરાય છે..

स्था–तिष्ठति–ઊભો રહે છે.

ठा–ठाइ, ठाअइ કે ठाइ ,,

स्थानम्–ठाणं–સ્થાન

प्रस्थितः–पट्ठिओ–પ્રસ્થાન કરેલો

उत्थितः–उट्ठिओ–ઊઠ્યો–ઊઠેલો

प्रस्थापितः–पट्ठाविओ–પઠાવેલો–મોકલાવેલો

उत्थापितः–उट्ठाविओ–ઉઠાવ્યો–ઉઠાડેલો

थक्क–थक्कइ–ઊભો રહે છે–થાકે છે

चिट्ठ–चिट्ठइ–ઊભો રહે છે

चिट्ठिऊण–ઊભો રહીને

निरप्प–निरप्पइ–ઊભો રહે છે

અહીં જે चिट्ठ રૂપ બતાવેલું છે તેની સરખામણી સંસ્કૃતના तिष्ठति સાથે થઈ શકે છે.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

બહુલં અધિકારથી કોઈ ઠેકાણે આ આદેશો થતા નથી.

स्थितम्—थिअं

स्थानम्—थाणं

प्रस्थितः—पत्थिओ

उत्थितः—उत्थिओ

स्थित्वा—ठाऊण

૫ स्था गतिनिवृत्तौ

## उदः ठ-कुक्कुरौ ॥८।४।१७॥

उत् ઉપસર્ગ પછી આવેલા स्था ધાતુને બદલે ठ અને कुक्कुर ધાતુઓ વપરાય છે.

उत्+स्था+उत्तिष्ठति=उत्+ठ=उट्ठइ—ઊઠે છે

,, उत्+कुक्कुर=उक्कुक्कुरइ—ઊઠે છે

## म्लेः वा-पव्वायौ ॥८।४।१८॥

म्ला ધાતુને બદલે वा અને पव्वाय એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

म्लै—म्लायति—मिलाइ—કરમાઈ જાય છે—મ્લાન થાય છે

वा—वाइ— ,, ,,

पव्वाय—पव्वायइ ,, ,,

અહીં બતાવેલા वा ધાતુની આગળ प्र—प જોડવાથી पव्वाय ધાતુ મેળવી શકાય છે, છતાં આચાર્યે પૂર્વપરંપરાને અનુસારે पव्वाय માટે જુદું વિધાન કરેલ લાગે છે.

૩૨ म्ला गात्रविनामे ।

## निर्मो निम्माण-निम्मवौ ॥८।४।१९॥

निर् પછી આવેલા मा ધાતુને બદલે એટલે निर्माને બદલે निम्माण અને निम्मव એવા બે ધાતુઓ વપરાય છે. જે मा ધાતુનું मिमीते રૂપ થાય છે તે જ मा ધાતુ અહીં લેવાનો છે.

निर्+मा—निर्मिमीते—નિર્માણ કરે છે

निर्+मा—निम्माणइ— ,, ,,

,, —निम्मवइ— ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરખાવો—निर्माणयति–णिम्माणइ–निर्माणं करोति इति निर्माणयति.

આ રીતે 'निर्माण' નામ દ્વારા આ રૂપ સાધી શકાય છે.

निर्मापयति–णिम्मव–णिम्मवइ

निम्मव ધાતુ પણ निर्मापयति ક્રિયાપદના निर्माप् અંશ દ્વારા સાધી શકાય છે.

११३७ मा मान–शब्दयोः ।

## क्षेः णिज्जरः वा ॥८।४।२०॥

क्षि ધાતુને બદલે णिज्जर ધાતુ વિકલ્પે વપરાય છે.

क्षि–क्षयति–ક્ષય પામે છે.

णिज्जर=णिज्जरई, झिज्जइ–ક્ષય પામે છે. ૮।૨।૩।

સરખાવો—'રોગ' અર્થવાળા પહેલા ગણના ૧૦૫૪ મા ज्वर ધાતુ ઉપરથી બનતા ક્રિયાપદ निर्ज्वरति–निज्जरइ–જીર્ણ થાય છે–રોગવાળો થાય છે.

१० क्षि क्षये ।

## छदेः णेः णुम-नूम-सन्नुम-ढक्क-ओम्वाल-पव्वालाः ॥८।४।२१॥

ण्यन्त એટલે જેને છેડે णि પ્રત્યય લાગેલ છે એવા छद् ધાતુને બદલે એટલે छादने બદલે णुम, नूम, सन्नुम, ढक्क, ओम्वाल અને पव्वाल એવા ૭ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

छद्–छादयति=छायइ–છાયે છે–ઢાંકે છે

णुम–णुमइ– ,,

नूम–नूमइ ,,

सन्नुमइ–

ढक्क–ढक्कइ– ,,

ओम्वाल–ओम्वालइ– ,,

पव्वाल–पव्वालइ– ,,

સરખાવો—स्थगति–ढक्कइ–,,

સંવરણ–ઢાંકવું–અર્થનો स्थग ધાતુ ભ્વાદિ ગણનો ૧૦૩૦ મો છે.

१६५५ छद संवरणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## निव्रि-पत्योः णिहोडः ॥८।४।२२॥

नि ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા वृ ધાતુને બદલે એટલે निवार ને બદલે णिहोड ધાતુ વિકલ્પે વપરાય છે તથા नि પછી આવેલા ण्यन्त એવા पत ધાતુને બદલે વિકલ્પે णिहोड વપરાય છે.

निर् +वृ–निवारयति–निवारइ–નિવારે છે
णिहोड–णिहोडइ– ,, ,,
पत+णि–पातयति–पाडेइ–પાડે છે
णिहोड–णिहोडइ– ,,

૧૨૯૪ वृ वरणे ।

૯૬૨ पतॢ ૯૬૩ पथे गतौ इति धातुद्वयम्–હેમચંદ્રીય ધાતુપાઠ

## दूङः दूमः ॥८।४।२३॥

ચોથા ગણના ण्यन्त એવા दू ધાતુને બદલે दूम ધાતુ વપરાય છે.

दू दूयते–दूम–दूमेइ–દુઃખી કરે છે–દૂમે છે

दूमेइ मज्झ हिययं–મારા હૃદયને દુઃખી કરે છે–दावयति मम हृदयम् ।

૧૨૪૩ दू परितापे ।

## धवलेः दुमः ॥८।४।२४॥

નામધાતુરૂપ धवल ધાતુને બદલે दुम ધાતુ વિકલ્પે વપરાય છે.

धवल–धवलयति–दुम–दुमइ, धवलइ–ધોળું કરે છે.

બહુલં અધિકારને લીધે ૮।૪।૨૩૮ સૂત્રથી दुमને બદલે दूम પણ વપરાય છે.

धवलं करोति इति धवलयति । धवलय धवलीकरणे । धवल નામ દ્વારા धवलय ધાતુ નિપજાવેલ છે.

## तुलेः ओहामः ॥८।४।२५॥

ण्यन्त એવા तोतुल् ધાતુને બદલે ओहाम ધાતુ વિકલ્પે વપરાય છે.

तुल्–तोलयति=तोलइ–તોલે છે–તોળે છે.
ओहाम–ओहामइ– ,,

૧૬૯૨ तुल् उन्माने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विरिचेः ओलुण्ड–उल्लुण्ड–पल्हत्थाः ॥८।४।२६॥

वि ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા रिच ધાતુને બદલે એટલે विरिचने બદલે ओलुण्ड उल्लुण्ड અને पल्हत्थ એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

સૂત્રમાં ओलुंड તથા उल्लुंड એ બે ધાતુઓને જણાવવાની જરૂર નથી લાગતી. એ બન્ને ધાતુની અક્ષરયોજનામાં ખાસ કોઈ ફરક નથી.

वि+रिच्=विरेच्=विरेचयति–विरेअइ–બહાર કાઢે છે, રેચ લે છે
ओलुण्ड=ओलुण्डइ– ,, ,, ,, ,,
उल्लुण्ड=उल्लुण्डइ – ,, ,, ,, ,,
पल्हत्थ=पल्हत्थइ– ,, ,, ,, ,,
अवलुण्ठति–સરખાવો ओलुण्डइ ।
उल्लुण्ठति–સરખાવો उल्लुण्डइ ।
१९५२ रिच् वियोजने संपर्चने च ।

## तडेः आहोड–विहोडौ ॥८।४।२७॥

ण्यन्त એવા तड ધાતુને બદલે आहोड અને विहोड ધાતુઓ વિકલ્પે વપરાય છે.

तड्+णि–ताडयति=ताडेइ–મારે છે
आहोड–आहोडइ– ,, ,,
विहोड=विहोडइ– ,, ,,
સં० आहोडति, પ્રા० आहोडइ
२४७ हुड्ड गतौ ।
સં० विहोडति, પ્રા० विहोडइ
१६२६ तड आघाते ।
અથવા સં० आघोटते પ્રા० आहोडइ
સં० विघोटते પ્રા० विहोडइ
९३९ घुट् परिवर्तने ધાતુ દ્વારા आघोटते–आहोडइ વગેરે રૂપો સધાય છે

## मिश्रेः वीसाल–मेलवौ ॥८।४।२८॥

ण्यन्त એવા मिश्र ધાતુને બદલે वीसाल અને मेलव એ બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मिश्र+णि-मिश्रयति=मिस्सइ-मिश्र करे छे-मेळवे छे-भेळवे छे
वीसाल-वीसालइ- ,, ,,
मेलव-मेलवइ- ,, ,,

१९०७ मिश्र संपर्चने ।
१४११ मिल श्लेषणे ।
सं० मेलयति प्रा० मेलवइ ।

## उद्धूलेः गुण्ठः ॥८।४।२९॥

उत् ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા धूलि ધાતુને બદલે એટલે उध्धूलि ને બદલે गुण्ठ ધાતુ વિકલ્પે વપરાય છે.

उद्+धूलि+णि-उद्धूलयति-उद्धूलेइ- ધૂળવાળું કરે છે-ધૂળ ઊંચે છે-ધૂળ ઉડાડે છે
गुण्ठ-गुण्ठइ- ,, ,, ,,

'उद्धूल' એવો કોઈ સ્વતંત્ર ધાતુ નથી પણ उत् સાથે धूलि શબ્દને જોડીને उद्धूलि નામ બનાવી તે ઉપરથી નામધાતુ બનાવવાનો છે—धूलिम् उत्क्षिपति इति उद्धूलयति ।
उद्धूल् धूलिक्षेपे ।

## भ्रमेः तालिअण्ट-तमाडौ ॥८।४।३०॥

ण्यन्त એવા भ्रम् ધાતુને બદલે तालिअण्ट અને तमाड એવા ધાતુઓ વિકલ્પે વપરાય છે.

भ्रम्+णि=भ्रमयति=भामेइ, भमावेइ-ભમાવે છે
तालिअण्ट-तालिअण्टइ-ભમાવે છે
तमाड-तमडाइ- ,,

સંભવ છે કે भमाड ને બદલે લિપિના ભ્રમથી तमाड ન લખાયું હોય !
१२३४ भ्रम् अनवस्थाने ।

## नशेः विउड-नासव-हारव-विप्पगाल-पलावाः ॥८।४।३१॥

ण्यन्त એવા नश् ધાતુને બદલે विउड, नासव, हारव, विप्पगाल અને पलाव એવા પાંચ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

नश्+णि-नाशयति=नासइ-નસાડે છે
विउड-विउडइ ,,

नासव=नासवइ ,, ,,
हारव=हारवइ ,, ,,
विप्पगाल=विप्पगालइ ,, ,,
पलाव=पलावइ ,, ,,

१२०२ नशू अदर्शने ।
सं० विकुटति प्रा० विउडइ ।
सं० हारयति प्रा० हारवइ ।
सं० विप्रगालयति प्रा० विप्पगालइ ।
सं० पलायते प्रा० पलावइ ।

## दृशेः दाव-दंस-दक्खवाः ॥८।४।३२॥

ण्यन्त એવા दृश धातुने બદલે दाव, दंस અને दक्खव એમ ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

दृश्+णि=दर्शयति=दरिसइ-દેખાડે છે
दाव-दावइ ,, ,,
दंस-दंसइ ,, ,,
दक्खव-दक्खवइ ,, ,,

सं० द्रक्षयति प्रा० दक्खवइ-द्रक्षयति નો द्रक्ष् ધાતુ કલ્પેલો છે અથવા सं० दक्षयति प्रा० दक्खवइ ।

४९५ दृश् प्रेक्षणे ।

## उद्घटेः उग्गः ॥८।४।३३॥

उत् ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા घट् ધાતુને બદલે એટલે उद्घट ને બદલે उग्ग એવો ધાતુ વિકલ્પે વપરાય છે.

उत्+घट+णि-उद्घटयति=उग्घाडइ-ઉઘાડે છે
उग्ग=उग्गइ- ,,

१००० घट चेष्टायाम्

## स्पृहः सिहः ॥८।४।३४॥

ण्यंत એવા स्पृह धातुने બદલે सिह ધાતુ વપરાય છે.

स्पृह+णि-स्पृहयति-सिह-सिहइ-સ્પૃહા કરે-છે-મેળવવાને ઇચ્છે છે

१९२८ स्पृह ईप्सायाम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## संभावेः आसंघः ॥८।४।३५॥

सम् ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા भू ધાતુને બદલે એટલે संभाव ને બદલે आसंघ ધાતુ વિકલ્પે વપરાય છે.

सम्+भू+णि=संभाव=संभावयति–आसंघ=आ+संघइ–સંભાવના કરે છે.
સં० आशङ्कते પ્રા० आसंघइ ।

१ भू सत्तायाम् ।

## उन्नमेः उत्थङ्घ-उल्लाल-गुलुगुञ्छ-उप्पेलाः ॥८।४।३६॥

उत् ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા नम् ધાતુને બદલે એટલે उन्नम् ને બદલે उत्थंघ, उल्लाल, गुलुगुञ्छ અને उप्पेल એવા ધાતુઓ વિકલ્પે વપરાય છે.

उत्+नम्+णि=उन्नाम–उन्नामइ–ઊંચું કરે છે, ઊંચે નમાવે છે
उत्थंघ–उत्थंघइ– ,, ,, ,,
उल्लाल–उल्लालइ– ,, ,, ઉલાવે છે.
गुलगुञ्छ–गुलुगुंछइ ,, ,, ,,
उप्पेल–उप्पेलइ ,, ,, ,,

३८८ नम् प्रह्वत्वे ।

સં० उल्लालयति પ્રા० उल्लालइ ઉલાળે છે ।
સં० उत्प्रेरयति પ્રા० उप्पेलइ ।

## प्रस्थापेः पट्ठव-पेण्डवौ ॥८।४।३७॥

प्र ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા स्था ધાતુને બદલે એટલે प्रस्थाप् ને બદલે पट्ठव અને पेण्डव એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

प्र+स्था+णि+ति–प्रस्थापयति–पट्ठ–पट्ठावइ, पट्ठवइ–પાઠવે છે–પ્રસ્થાન કરાવે છે.
पेण्डव=पेण्डवइ– ,, ,, ,,

ભાષામાં પેંડને બદલે સોંડ ધાતુ વપરાય છે–સોંડાડવું–સોંડાડે છે.

५ स्था गतिनिवृत्तौ ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विज्ञपेः वोक्क-अवुक्कौ ॥८।४।३८॥

वि ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા ज्ञा ધાતુને બદલે એટલે विज्ञप् ને સ્થાને वोक्क અને अवुक्क એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

वि+ज्ञा+णि–विज्ञापयवि–विण्णवइ–વિનંતિ કરે છે–વિજ્ઞાપન કરે છે
वोक्क–वोक्कइ– ,, ,, ,, ,,
अवुक्क–अवुक्कइ– ,, ,, ,, ,,

१५४० ज्ञा अवबोधने ।

## अर्पेः अल्लिव-चच्चुप्प-पणामाः ॥८।४।३९॥

ण्यंत એવા अर्प ધાતુને બદલે अल्लिव, चच्चुप्प અને पणाम એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

अल्लिवइ–અલ્લાવે છે, चच्चुप्पइ, पणामइ, अप्पेइ–अर्पयति–આપે છે

## यापेः जवः ॥८।४।४०॥

ण्यन्त એટલે જેને છેડે णि પ્રત્યય છે એવા या ધાતુને એટલે याप् ધાતુને બદલે जव ધાતુ વિકલ્પે વાપરવો.

या+णि–यापयति–जावेइ–યાપન કરે છે–વિતાવે છે.
जव–जवइ ,, ,,

१०६२ या प्रापणे ।

## प्लावेः ओम्वाल-पव्वालौ ॥८।४।४१॥

ण्यन्त એવા प्लु ધાતુને એટલે प्लाव ને બદલે ओम्बाल અને पव्वाल ધાતુઓ વિકલ્પે વપરાય છે.

प्लु+णि–प्लावयति–पावेइ–કુદાવે છે

ओम्वाल–ओम्वालइ–

पव्वाल–पव्वालइ–

સરખાવો–उत्प्लावयति–ओम्वालइ

प्रप्लावयति–पव्वालइ

प्लाव માં અક્ષરોની ઉલટા-સૂલટી થવાને લીધે ओम्वाल તથા पव्वाल ધાતુને નિપજાવી કશાય. पव्वालમાંના पने प्र ઉપસર્ગ રૂપે પણ સમજી શકાય.

५९८ प्लु गतो ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विक्रोशेः पक्खोडः ॥८।४।४२॥

विकोश એવા ણ્યંત નામધાતુને બદલે पक्खोड ધાતુ વિકલ્પે વપરાય છે.
वि+कोश+णि–विकोशयति–विकोसेइ–ખુલ્લું કરે છે–મ્યાન વગરતું કરે છે.
पक्खोड=पक्खोडइ– ,,

## रोमन्थेः ओग्गाल-वग्गोलौ ॥८।४।४३॥

ણ્યંત रोमन्थ નામધાતુને બદલે ओग्गाल અને वग्गोल એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

रोमस्य–रोमन्थ+णि–रोमस्थयति–रोमन्थइ–રોમસ્થ કરે છે–ચાવી ચાવીને રુંવાં સુધી અસર પહોંચાડે છે.

ओग्गाल–ओग्गालइ–ઓગાળે છે– ,, ,,

वग्गोल–वग्गोलइ––વાગોળે છે ,, ,,

સરખાવો–रोमस्थयति–रोमंथइ

उद्गालयति–ओग्गालइ

व्युद्गालयति–बग्गोलइ

## कमेः णिहुवः ॥८।४।४४॥

સ્વાર્થિક ण्यन्त એવા कम् ધાતુને બદલે णिहुव ધાતુ વિકલ્પે વપરાય છે.
कम्+णिङ् (३।४।२)–कामयते–कामेइ–ઇચ્છા કરે છે–કામના કરે છે.

णिहुव–णिहुवइ– ,, ,,

नि સાથેના ધૂ ધાતુ દ્વારા બનતા સં० निधुवति ક્રિયાપદ સાથે પ્રસ્તુત णिहुवइने સરખાવી શકાય.

૭૮૯ कम् कान्तौ । कान्ति–ઇચ્છા–ખાંત–હોંશ અથવા કામના

## प्रकाशेः णुव्वः ॥८।४।४५॥

प्र ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા काश् ધાતુને બદલે એટલે प्रकाश् ને બદલે णुव्व ધાતુ વિકલ્પે વપરાય છે.

प्र+काश्+णि–प्रकाशयति–पयासेइ–પ્રકાશે છે.

णुव्व=णुव्वइ– ,, ,,

સં. नुवति ક્રિયાપદ સાથે પ્રસ્તુત णुव्वइ ને સરખાવો.

૮૩૦ काश् दीप्तौ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कम्पेः विच्छोलः ॥८।४।४६॥

ण्यन्त એવા कम्प् ધાતુને બદલે विच्छोल ધાતુ વિકલ્પે વપરાય છે.

कम्प्+णि=कम्पयति–कंपेइ–કંપે છે–ધ્રૂજે છે–કંપાવે છે–હલાવે છે.
विच्छोल–विच्छोलइ– ,, ,, ,, ,,
७५७ कम्प् चलने ।

## आरोपेः वलः ॥८।४।४७॥

आ ઉપસર્ગ પછી આવેલા ण्यन्त એવા रुह ધાતુને બદલે એટલે आरोप् ધાતુને બદલે वल ધાતુ વિકલ્પે વપરાય છે.

आ+रुह्+णि–आरोपयति–आरोवेइ–ચડાવે છે–વાળે છે.
वल–वलइ– ,, ,,
९८८ रुह् जन्मनि ।

## दोलेः रङ्खोलः ॥८।४।४८॥

સ્વાર્થિક ण्यन्त એવા दुल् અર્થાત્ दोल ધાતુને બદલે रङ्खोल વિકલ્પે વપરાય છે.
दुल्+णि=दोलयति=दोलइ–દોલે છે–હીંચે છે. ભાષામાં 'વપરાતું' 'ડોલવું' ક્રિયાપદ પ્રસ્તુત दोल સાથે સરખાવો.
रङ्खोल=रङ्खोलइ– ,, ,,
१६९३ दुल् उत्क्षेपे ।

## रञ्जेः रावः ॥८।४।४९॥

ण्यन्त એવા रञ्ज ધાતુને બદલે राव् ધાતુ વિકલ્પે વપરાય છે.

रञ्ज+णि–रञ्जयति–रञ्जइ–રંગે છે, રાગ કરે છે.
राव–रावेइ– ,, ,,

रञ्ज ધાતુ દ્વારા राग શબ્દ બનેલ છે અને राग નામ ઉપરથી रागं करोति इति रागयति એવું ક્રિયાપદ બને છે. પ્રસ્તુત राव સાથે સં० रागयति ને સરખાવો.
८९६ रञ्ज रागे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## घटेः परिवाडः ॥८।४।५०॥

ण्यन्त એવા घट्ट ધાતુને બદલે परिवाड ધાતુ વિકલ્પે વપરાય છે.

घट्ट+णि–घट्टयति–घडेइ–ઘડે છે

परिवाड–परिवाडेइ–,,

૧૦૦૦ घट्ट चेष्टायाम् ।

परिवाडेइ સાથે સં૦ परिवाटयति ક્રિયાપદને સરખાવી શકાય.

## वेष्टेः परिआलः ॥८।४।५१॥

ण्यन्त એવા वेष्ट ધાતુ બદલે परिआल ધાતુ વિકલ્પે વપરાય છે.

वेष्ट+णि–वेष्टयति–वेढेइ–વીંટે છે.

परिआल–परिआलेइ– ,,

સં૦ परिचालयति કે परिवारयति પ્રા૦ परिआलेइ

સં૦ परिचालयति રૂપ સાથે અથવા वल ધાતુના परि ઉપસર્ગ સાથેના परिवालयति રૂપ સાથે परिआलेइ ક્રિયાપદને સરખાવી શકાય.

## क्रियः किणः वेः तु क्के च ॥८।४।५२॥

क्री ધાતુના क्रीणा બનેલા રૂપને બદલે किण ધાતુ વપરાય છે અને वि ઉપસર્ગ પછી જો એ क्रीणा રૂપ આવ્યું હોય તો તેને બદલે क्के અને क्किण એવા બે ધાતુઓ વપરાય છે.

આ સૂત્ર અને આની પછી આવનારાં બીજાં સૂત્રોમાં હવે કોઈ ધાતુને ખાસ વિશેષ નિર્દેશ વિના ण्यन्त લેવાનો નથી.

क्रीणाति–किणइ–બંગાળી–किनना

वि+क्के–वि+क्किण–विक्किणइ–વેચે છે. હિંદી–बीकना. ૧૫૦૮ क्री द्रव्यविनिमये ।

द्रव्यविनिमय–કોઈ એક વસ્તુની બીજી વસ્તુ સાથે અદલાબદલી કરવી.

ગુજરાતીમાં 'ખરીદ' શબ્દ પ્રચલિત છે તેને क्रीत સાથે સરખાવાય.

દ્રવ્યવિનિમય શબ્દનો અર્થ ક્રિયારત્નસમુચ્ચય પાના ૨૫૧માં द्रव्यपरिवर्त શબ્દ વડે બતાવેલ છે. દ્રવ્યપરિવર્ત એટલે દ્રવ્યોનું પરિવર્તન–દ્રવ્યોની અદલાબદલી–પૈસા વડે ઘી કાપડ વગેરે ખરીદવું તેનું નામ દ્રવ્યપરિવર્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भियो भा–बीहौ ॥८।४।५३॥

भी ધાતુને બદલે भा અને बीह એવા બે ધાતુઓ વપરાય છે.

बिभेति–भाइ, बीहइ–ભય પામે છે–બીએ છે.

भी ધાતુમાં ब्+ह+ई એમ અક્ષર યોજના છે. આ યોજના बीहને મળતી આવે છે.

भीतम्–भाइअं–ભય પામેલું.

बीह्–बीहिअं– ,, ,,

બહુલં અધિકારને લીધે સંસ્કૃત भीतः ઉપરથી भीओ રૂપ પણ થાય છે–

भीत:–भीओ ।

११३२ भी भये ।

## आलीङः अल्ली ॥८।४।५४॥

आ ઉપસર્ગ પછી આવેલા ली ધાતુને બદલે એટલે आलीને બદલે अल्ली વપરાય છે.

आ+ली–आलीयते–अल्ली–अल्लीयइ–આશ્રિત થાય છે.

आलीन:–अल्लीणो–આશ્રિત થયેલો.

સં. आ+ली અને પ્રસ્તુત अल्ली બન્ને એકબીજા સરખા જેવા છે.

१२४८ ली श्लेषणे ।

## निलीङः णिलीअ–णिलुक्क–णिरिग्घ–लुक्क-लिक्क-ल्हिक्काः॥८।४।५५॥

नि ઉપસર્ગ પછી આવેલા ली ધાતુને બદલે એટલે निलीને બદલે णिलीअ, णिलुक्क, णिरिग्घ, लुक्क, लिक्क અને ल्हिक्क એવા છ ધાતુઓ વપરાય છે.

नि+ली–निलीयते–निलिज्जइ–લીન થાય છે –ચોંટી જાય છે.

णिलीअ–णिलीअइ– ,, ,,

સરખાવો–निलीयते–णिलीअइ ,, ,,

णिलुक्क–णिलुक्कइ ,, ,,

णिरिग्घ–णिरिग्घइ– ,, ,,

लुक्क–लुक्कइ– ,, ,,

लिक्क–लिक्कइ– ,, ,,

ल्हिक्क–ल्हिक्कइ– ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લુક્કને નિ ઉપસર્ગ લગાડીએ તો ણિલુક્ક સાધી શકાય છે. છતાં આચાર્યે પરંપરા પ્રમાણે ણિલુક્ક આદેશ જુદો બતાવેલ છે. એમ કલ્પના કરવી રહી
૧૨૪૮ લી શ્લેષણે ।

## विलीङे: विरा ॥ ८।४।५६॥

વિ ઉપસર્ગ પછી આવેલા લી ધાતુને બદલે એટલે વિલી ને સ્થાને વિરા ધાતુ વિકલ્પે વાપરવો.

વિ+લી–વિલીયતે–વિલીઅઇ–વિશેષ વિલીન થાય છે–વિલય પામે છે.
विरा–विराइ– ,, ,, ,,
૧૨૪૮ લી શ્લેષણે ।

## रौतेः रुञ्ज–रुण्टौ ॥८।४।५७॥

રુ ધાતુને બદલે રુઞ્જ અને રુણ્ટ એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

रौति–रवइ– તે અવાજ કરે છે–તે રડે છે.
रुञ्ज–रुञ्जइ– ,, ,,
रुण्ट–रुण्टइ– ,, ,,
૧૦૮૫ रु शब्दे ।

## श्रुटेः हणः ॥८।४।५८॥

श्रु ધાતુના શૃણુને બદલે हण ધાતુ વિકલ્પે વપરાય છે

शृणोति-सुणइ તે સાંભળે છે
हण–हणइ– ,, ,,
સુરતી ગુજરાતીમાં હુણવું–સાંભળવું–પ્રચલિત હોય એમ જણાય છે.

## धूगेः धुवः ॥८।४।५९॥

धूग् ધાતુના ધુનુ ને બદલે ધુવ ધાતુ વિકલ્પે વપરાય છે

धू–धूनोति–धुणइ–તે કંપે છે–ધૂણે છે
धुव–धुवइ ,, ,,
૧૨૦૧ धू कम्पने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भुवे: हो-हुव-हवा: ॥८।४।६०॥

भू ધાતુને બદલે हो, हुव, અને हव એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

भू–भवति–भवइ– થાય છે (તૃતીય પુરૂષનું એ.વ.)
हो–होइ ,, ,,
हुव–हुवइ ,, ,,
हव–हवइ ,, ,,
भवन्ति–भवंति–होंति ,, (બ૦વ૦)
,, हुवंति= ,, ,,
,, हवंति ,, ,,
भूत्वा–भविउं, हविउं– થઈને
परिहीणविहवो भविउं—ક્ષીણ વિભવવાળો થઈને–परिहीणविभवः भूत्वा ।
આદેશો ન થાય ત્યારે पभवइ, परिभवइ, संभवइ.

બહુલં અધિકારને લીધે કોઈ પ્રયોગમાં બીજું પણ રૂપ થાય છે. જેમ કે–
उद्भवति=उब्भुअइ—ઉદ્ભવ પામે છે
भूतम्–भुत्तं । મુદ્રિત વ્યાકરણમાં મૂળ પાઠમાં भूतं ને બદલે मत्तं છપાયેલ છે અને भुत्तं પાઠાંતર છે. અમારી કલ્પનામાં भुत्तं ઠીક જણાય છે અને मत्तं પાઠાંતર હોય.
१ भू सत्तायाम् ।

## अविति हुः ॥८।४।६१॥

સંસ્કૃત વ્યાકરણમાં જણાવેલા ક્રિયાપદના પ્રત્યયોમાં व् નું નિશાન ન હોય એવા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે भू ધાતુને બદલે हु ધાતુ વિકલ્પે વપરાય છે.

भवन्ति–हु–हुंति–થાય છે. (બ૦વ૦)
भवन्–हु+न्तो=હુંતો–हुंतो–હુતો–થતો આ વર્તમાનકૃદંતનું રૂપ છે.
होइ રૂપમાં तिव् પ્રત્યય છે તેથી તે व् નિશાનવાળો છે તેથી આ નિયમ ન લાગે અર્થાત્ होइ ને બદલે हुइ રૂપ ન થાય.

## पृथक्–स्पष्टे णिव्वडः ॥८।४।६२॥

કર્તા 'જુદો થયેલો' જણાતો હોય ત્યાં તથા કર્તા 'સ્પષ્ટ થયેલો' જણાતો હોય ત્યાં भू ધાતુને બદલે णिव्वड ધાતુ વાપરવો.

पृथग् भवति–णिव्वडइ–णिव्वड–નિવડે છે–જુદો થાય છે.
स्पष्टो भवति–णिव्वड–णिव्वडइ–નિવડે છે સ્પષ્ટ ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## प्रभौ हुप्पो वा ॥८।४।६३॥

'સમર્થ' કર્તા જણાતો હોય તો प्र પછી આવેલા भू ધાતુને બદલે એટલે प्रभू ને બદલે પ્રાકૃતમાં पहुप्प ધાતુ વિકલ્પે વપરાય છે. प्र પછી આવેલા भू ધાતુનો 'સમર્થ થવું' એવો જ અર્થ થાય છે.

प्रभवति–पहुप्प–पहुप्पइ, पभवेइ–સમર્થ થાય છે.

अंगे च्चिअ न पहुप्पइ–તે અંગમાં જ સમર્થ થતો કે થતી નથી, अङ्गे चैव–किल–न प्रभवति.

## क्ते हूः ॥८।४।६४॥

भू ધાતુને क्त પ્રત્યય લાગ્યો હોય ત્યારે भू ધાતુને બદલે हू ધાતુ વપરાય છે.

भूतम्–हू–हूअं–થયેલું. હિંદી हूआ

अनुभूतम्–अनु+हू+अणुहूअं–અનુભવ કરેલું

प्रभूतम्–प्र+हू–पहूतं–पहूअं–સમર્થ થયેલું હિંદી बहुत પ્રા૦ पहूत.

## कृगेः कुणः ॥८।४।६५॥

कृग् ધાતુના कृण રૂપને બદલે कुण રૂપ વિકલ્પે વપરાય છે.

कृणोति–कुण–कुणइ–કરે છે.

करति–करइ– ,,

૮૮૮ कृ करणे ।

१२९३ कृ हिंसायाम् ।

## काणेक्षिते णिआरः ॥८।४।६६॥

काणेक्षित કરવું–કાણી આંખ કરીને જોવું એટલે 'કટાક્ષ કરવો–કટાક્ષ કરવાના વિચારથી જોવું' એવા અર્થમાં कृ ધાતુને બદલે णिआर ધાતુ વિકલ્પે વપરાય છે.

णिआर–णिआरइ–નિહાળે છે–કટાક્ષ કરે છે–કાણી આંખ કરીને–અડધી આંખ મીંચીને–જુએ છે–काणेक्षितं करोति

સરખાવો–સં૦ निभालयति પ્રા૦ णिआरइ ।

ભાષામાં 'નિહાળવું' ક્રિયાપદ પ્રસિદ્ધ છે. કેટલાક લોકો 'ન્યારવું' બોલે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક બીજો 'હિંસા' અર્થનો સૂચક कृ ધાતુ સ્વાદિ ગણનો એટલે પાંચમા ગણનો પણ છે તેને અહીં ન લેવા માટે આચાર્યે કાંઈ સૂચન કરેલ જણાતું નથી તો પણ નીચેનાં ૬૬મા સૂત્રથી તાંતેરમા સૂત્ર સુધીનાં વિધાન જોતાં 'હિંસા અર્થવાળો कृ ધાતુ અહીં ન લેવાય' એમ લાગે છે.

## निष्टम्भ–अवष्टम्भे णिट्ठुह–संदाणं ॥८।४।६७॥

'निष्टम्भ'–'નિશ્ચેષ્ટ થવું' એવા અર્થમાં વપરાતા कृ ધાતુને બદલે णिट्ठुह ધાતુ વિકલ્પે વાપરવો છે અને अवष्टम्भ કરવો એટલે 'આધાર આપવો' એવા અર્થમાં વપરાતા कृ ધાતુને બદલે संदाण ધાતુ વિકલ્પે વાપરવો.

निष्टम्भं करोति–णिट्ठुह–णिट्ठुहइ–ચેષ્ટા રહિત થાય છે–થંભી જાય છે.
अवष्टम्भं करोति–संदाण–संदाणइ–આધાર આપે છે.

## श्रमे वावम्फ ॥८।४।६८॥

'શ્રમ કરવો' અર્થમાં વપરાતા कृ ધાતુને બદલે वावम्फ ધાતુ વિકલ્પે વપરાય છે.

श्रमं करोति–वावम्फइ–મહેનત કરે છે.

ભ્વાદિ ગણનો ગતિ અર્થનો સૂચક वर्फ ધાતુ वावम्फ ધાતુ સાથે સરખાવી શકાય. वर्फ ધાતુને यङ् પ્રત્યય લાગે ત્યારે वावर्फ–वावष्फ–वाबंफ એમ થઈ શકે છે.

## मन्युना ओष्ठमालिन्ये णिव्वोलः ।८।४।६९॥

'ક્રોધ વડે ઓષ્ઠને મલિન કરવો–કરડવો કે મરડવો' એવા અર્થવાળા कृ ધાતુને બદલે णिव्वोल ધાતુ વિકલ્પે વપરાય છે.

मन्युना ओष्ठं मलिनं करोति–णिव्वोल–णिव्वोलइ–ક્રોધથી ઓઠને કરડે છે કે મરડે છે.

## शैथिल्य–लम्बने पयल्लः ॥८।४।७०॥

'શિથિલ થવું' અને 'લટકી પડવું' એવા અર્થ સાથે સબંધ રાખતા कृग् ધાતુને બદલે पयल्ल ધાતુ વિકલ્પે વપરાય છે.

शिथिलीभवति–, लम्बते– ]–पयल्ल+पयल्लइ–શિથિલ થાય છે, લટકી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## निष्पात-आच्छोटे णीलुञ्छः ॥८।४।७१॥

'निष्पतन-નીચે પડવું' અને 'आच्छोटन—પટકવું' અર્થમાં વપરાતા कृ ધાતુને બદલે णीलुंछ કે णीलुञ्छ ધાતુ વિકલ્પે વાપરવો.

निष्पतति / आच्छोटयति ] णीलुंछ=णीलुंछइ-નીચે પડે છે, પટકે છે.

## क्षुरे कम्मः ॥८।४।७२॥

क्षुर એટલે અસ્ત્રો 'અસ્ત્રા' સાથે સંબંધ રાખનાર એટલે 'હજામત કરવી' અર્થ સાથે સંબંધ રાખનાર कृ ધાતુને બદલે कम्म ધાતુ વિકલ્પે વપરાય છે.

क्षुरं करोति-कम्म-कम्मवइ-ક્ષૌર કર્મ-હજામત-કરે છે.

## चाटौ गुलल: ॥८।४।७३॥

'चाटु-ખુશામત કરવા' અર્થ સાથે સંબંધ ધરાવનાર कृ ધાતુને બદલે गुलल ધાતુ વિકલ્પે વપરાય છે.

चाटु करोति-चाडुं करइ-'ચાટુ' કરે છે-ગોળ જેવું ગળ્યું બોલે છે-ખુશામત કરે છે.

गुलल=गुललइ- " " " "

गुलल પદને 'ગોળ' અર્થના સૂચક 'गुड' પદ સાથે સરખાવી શકાય.

## स्मरेः झर-झुर-भर-भल-लढ-विम्हर-सुमर-पयर-पम्हुहाः ॥८।३।७४॥

स्मर् ધાતુને બદલે झर, झुर, भर, भल, लढ, विम्हर, सुमर, पयर અને पम्हुह એવા નવ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

स्मृ-स्मरति=सरइ-સ્મરણ કરે છે.
झर झरइ- "
झुर झुरइ- "
भर भर "
भल भलइ- "
लढ लढइ-લઢણ કરે છે
विम्हर विम्हर- "
सुमर सुमरइ- "
पयरप यरइ- "
पम्हुह पम्हुहइ- "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરખાવો —मरति–मरइ–मलइ–ભરભલામણુ–યાદ આપવી.
સરખાવો लढ ધાતુ સાથે लढण

१८ स्मृ चिन्तायाम् ।

## विस्मुः पम्हुस–विम्हर–वीसराः ॥८।४।७५॥

वि ઉપસર્ગ સાથેના स्मृ ધાતુને બદલે पम्हुस, विम्हर અને वीसर એવા ત્રણ ધાતુઓ વપરાય છે.

विस्मरति–पम्हुस–पम्हुसइ–વિસ્મરણ કરે છે, ભૂલી જાય છે
,, विम्हर–विम्हरइ– ,, ,,
,, वीसर–वीसरइ– ,, વીસરી જાય છે.

સરખાવો–विस्मरति–विम्हरइ તથા वीसरइ ।
स्मृ चिन्तायाम् ।

## व्याहृगेः कोक्क-पोक्कौ ॥८।४।७६॥

व्या (वि અને आङ् એવા સંયુક્ત) ઉપસર્ગ સાથેના हृ ધાતુને એટલે व्याहृ ધાતુને બદલે कोक्क અને पोक्क એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

व्याहरति–वाहरइ–બોલે છે.
कोक्क–कोक्कइ, कुक्कइ–ફૂંકે છે.
पोक्क–पोक्कइ, पुक्कइ– ,, –પોકાર કરે છે–જોરજોરથી બોલે છે.

સં० कोकते પ્રા० कोक्कइ, कुक्कइ ।
સં० पूत्करोति પ્રા० पोक्कइ, पुक्कइ ।

८८५ हृ हरणे ।

## प्रसरेः पयल्ल–उव्वेल्लौ ॥८।४।७७॥

प्र ઉપસર્ગ સાથેના सृ ધાતુને બદલે पयल्ल અને उव्वेल्ल એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

प्र+सृ=प्रसरति–पसरइ–ફેલાય છે.
पयल्ल–पयल्लइ– ,, ,,
उवेल्ल–उवेल्लइ– ,, ,,

સં० प्रचलति પ્રા० पयल्लइ ।
સં० उद्वेलति પ્રા० उवेल्लइ ।
ગુજરાતી 'ફેલાવું' ધાતુને पयल्ल સાથે ન સરખાવાય?

२५ सृ गतौ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## महमहो गन्धे ॥८।४।७८॥

प्र ઉપસર્ગ સાથેના તથા 'ગંધનો ફેલાવો' અર્થના સૂચક सृ ધાતુને બદલે महमह ધાતુ વિકલ્પે વપરાય છે.

'महमह' એ 'ઝગમગ'ની પેઠે અનુકરણ શબ્દ છે. અનુકરણ શબ્દ ઉપરથી 'महमह' ધાતુ કલ્પાયેલ છે. महमह એટલે મઘમઘ

प्र+सृ-प्रसरति-महमह-महमहइ-મઘમઘે છે.-ગંધ પ્રસરે છે-ગંધ ફેલાય છે.

मालईगंधो पसरइ-માલતીની ગંધ ફેલાય છે-मालतीगन्धः प्रसरति । ગંધ સિવાયનું ફેલાવવું અર્થ હોય તો पसरइ રૂપ થાય પણ महमहइ રૂપ ન થાય.

## निस्सरेः णीहर-नील-धाड-वरहाडाः ॥८।४।७९॥

नि ઉપસર્ગ સાથે सृ ધાતુને બદલે णीहर, नील, धाड અને वरहाड એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

निस्सरति-नीसरइ=णीहर-णीहरइ-બહાર નીકળે છે.
नील-नीलइ- ,, ,,
धाड-धाडइ- ,, ,,
वरहाड-वरहाडइ-,, ,,

સં० निस्सरति પ્રા० णीहरइ
સં० नीलति પ્રા० नीलइ
સં० बहिरटति પ્રા० वरहाडइ
) આ ક્રિયાપદો સરખામણી માટે જણાવેલાં છે.

२५ सृ गतौ ।

## जाग्रेः जग्गः ॥८।४।८०॥

जागृ ધાતુને બદલે जग्ग ધાતુ વિકલ્પે વપરાય છે.

जागृ=जागर्ति=जागरइ-જાગે છે.
जग्ग=जग्गइ- ,,

जग्ग ધાતુ जागृ ધાતુનું જ એક બીજું ઉચ્ચારણ છે.

१०९३ जागृ निद्राक्षये

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## व्याप्रेः आअड्डः ॥८।४।८१॥

'व्या' (वि અને આ એવા સંયુક્ત ઉપસર્ગ) સાથેના पृ (છઠ્ઠા ગણના) ધાતુને અર્થાત્ व्यापृने બદલે आअड्ड ધાતુ વિકલ્પે વપરાય છે.

वि+आ+पृ=व्याप्रियते=वावरेइ–વાપરે છે–ઉદ્યમ કરે છે.

आअड्ड=आअड्डइ–વાવરે છે–ઉદ્યમ કરેછે.

૧૪૬૫ पृ व्यायामे ।

## संवृगेः साहर–साहट्टौ ॥८।४।८२॥

सम् ઉપસર્ગ પછી આવેલા वृ ધાતુને બદલે साहर અને साहट्ट એવા બે ધાતુઓ વિકલ્પે વપાય છે.

सम्+वृ=संवृणोति=संवरइ–ઢાંકે છે.

साहर=साहरइ– ,,

साहट्ट=साहट्टइ– ,,

१२९४ वृ वरणे ।

## आदृङेः सन्नामः ॥८।४।८३॥

आ ઉપસર્ગ સાથેના दृ ધાતુને બદલે सन्नाम् ધાતુ વિકલ્પે વપરાય છે.

आ+दृ–आद्रियते=आदरइ–આદર કરે છે.

सन्नाम=सन्नामइ– ,,

સરખાવો संनमयति અથવા संमानयति અથવા संनामयति–સારી રીતે નમે છે અથવા સંમાન કરે છે.

१४६६ दृ:आदरे ।

## प्रहृगेः सारः ॥८।४।८४॥

प्र ઉપસર્ગ સાથેના हृ ધાતુને બદલે सार ધાતુ વિકલ્પે વપરાય છે.

प्र+हृ–प्रहरति–पहरइ–પ્રહાર કરે છે

सार–सारइ– ,, ,,

સંભવે છે કે स અને म લખવામાં સરખા હોવાથી मार (मारइ) ને બદલે सार (सारइ) લખાઈ ગયું હોય અથવા ઘણા લોકો 'स'નું 'હ' જેવું ઉચ્ચારણ કરે છે. એટલે पहार ને બદલે सार લખાયું હોય.

८८५ हृ हरणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अवतरे ओह-ओरसौ ॥८।४।८५॥

अव ઉપસર્ગ પછી આવેલા तॄ ધાતુને બદલે ओह અને ओरस એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

अव+तॄ=अवतरति=ओअरइ=અવતરે છે.

ओह-ओहइ- ,, ,,
ओरस-ओरसइ ,, ,,

૨૭ तॄ प्लवन-तरणयो: પ્લવન એટલે કૂદવું અને તરણ એટલે તરવું

## शकेः चय-तर-तीर-पाराः ॥८।४।८६॥

शक् ધાતુને બદલે चय, तर, तीर અને पार એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે. શકે છે, સમર્થ થાય છે, શકિતમાન થાય છે.

शक्=शक्नोति=सक्कइ- શકે છે, કાર્ય પૂરું કરે છે, સમર્થ થાય છે-શક્તિમાન થાય છે

चय-चयइ- ,, ,,
तर-तरइ- ,, ,,
तीर-तीरइ- ,, ,,
पार-पारइ—પાર કરે છે.

સરખાવો-तरति=तरइ ।
तीरयति-तीरइ ।
पारयति-पारइ ।

જે અર્થ शक् ધાતુનો છે તેને મળતો જ અર્થ तीर ધાતુ તથા पार ધાતુનો છે.

૧૯૦૧ तीर એટલે કામ પૂરું કરવું. ૧૯૦૨ पार એટલે કામ પૂરું કરવું.

આ બન્ને ધાતુ દસમા चुरादि ગણના છે.

ઘણા ગ્રામીણ લોકો श ને બદલે च બોલે છે એથી शक પદનું चक-चय ઉચ્ચારણ થઈ ગયું ન હોય?

૧૩૦૦ शक् शक्तौ ।

## फक्कः थक्कः ॥८।४।८७॥

फक्क ધાતુને બદલે थक्क ધાતુ વપરાય છે.

फक्क-फक्कति-थक्क=थक्कइ-નીચે જાય છે છે-હલકું પડે છે.

૫૦ फक्क् नीचैर्गतौ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्लाघः सलहः ॥८।४।८८।

શ્લાઘ્ ધાતુને બદલે सलह ધાતુ વપરાય છે

श्लाघ्–श्लाघते–सलह–सलहइ–વખાણ કરે છે.

श्लाघ्–सलाघ–सलाह–सलह એ રીતે શ્લાઘ્ અને सलह વચ્ચે ઘણી સમાનતા છે.
૩૪૫ શ્લાઘ્ कत्थने

## खचेः वेअडः ॥८।४।८९॥

खच् ધાતુને બદલે वेअड એવો ધાતુ વિકલ્પે વપરાય છે

खच् खचति–खचइ–જડે છે

वेअड–वेअडइ– ”

જો કે ધાતુપાઠમાં 'खच्' ધાતુ નથી પણ આચાર્યશ્રી 'અભિધાન ચિંતામણિ કોશ'માં "संपृक्तः खचितः" (सामान्यकाण्ड) એમ બે પર્યાય શબ્દો આપે છે અને "खच्यते इति खचितः" એમ 'खचित' શબ્દની વ્યુત્પત્તિ પણ બતાવે છે એટલે 'खच्' ધાતુની હયાતી સાબિત થાય છે. 'खच संघाते' ધાતુ હોવો જોઈએ

સં० विजटति પ્રા० विअडइ–वेअडइ ।
૧૮૧ जट्ट संघाते ।

## पचेः सोल्ल–पउलौ ॥८।४।९०॥

पच् ધાતુને બદલે सोल्ल અને पउल એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

पच–पचति–पयइ–પાક કરે છે–રસોઈ કરે છે–રાંધે છે.

सोल्ल–सोल्लइ– ” ”

पउल–पउलइ– ” ”

સરખાવો–शूल्ययति–सोल्लइ । शूल्य એટલે માંસનાં સોળાં. લોઢાના શૂળા જેવા અંકોડામાં ભરાવીને જે માંસ પકવવામાં આવે છે તેને शूल्य શબ્દ સૂચવે છે.
૮૯ पच पाके ।

ભાષામાં પોળી શબ્દ પાકેલી રોટલી કે પૂરણપોળી અર્થનો સૂચક છે તે પ્રસિદ્ધ છે એટલે પોળી શબ્દનો સંબંધ पउल ધાતુ સાથે જોડી શકાય ખરો.

शूल्य શબ્દનો સંબંધ 'પકવવા'ની પ્રવૃત્તિ સાથે છે. આ જોતાં પ્રસ્તુત सोल्ल ધાતુને शूल्य શબ્દ સાથે સરખાવી શકાય ખરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मुचेः छड्ड-अवहेड-मेल्ल-उस्सिक्क-रेअव-णिल्लुञ्छ-धंसाडाः ॥८।४।९१॥

मुच् ધાતુને બદલે छड्ड, अवहेड, मेल्ल, उस्सिक्क, रेअव, णिलुञ्छ અને धंसाड એવા સાત ધાતુઓ વિકલ્પે વપરાય છે.

मुच्–मुञ्चति–मुअइ–મૂકે છે–છોડે છે.

छड्ड–छड्डइ–છાંડે છે– „

છાંડવું–વમન કરવું–અર્થનો સૂચક छर्द ધાતુ ચુરાદિ ગણમાં ૧૬૫૯ મો છે

अवहेड–अवहेडइ–મૂકે છે, ત્યજે છે.

मेल्ल–मेल्लइ–મેલે છે, મૂકે છે.

उस्सिक्क=उस्सिक्कइ– „ „

रेअव–रेअवइ– „ „

णिल्लुञ्छ–णिल्लुञ्छइ „ „

धंसाड–धंसाडइ– „ „

१३२० मुच् मोक्षणे ।

## दुःखे णिव्वलः ॥८।४।९२॥

'દુ:ખ મૂકવું' અર્થમાં વપરાતા मुच् ધાતુને બદલે णिव्वल ધાતુ વિકલ્પે વપરાય છે.

दुःखं मुञ्चति–दुहं मुअइ–દુ:ખ મૂકે છે.

णिव्वल–णिव्वलेइ– „ „

## वञ्चेः वेहव–वेलव–जूरव–उमच्छाः ॥८।४।९३॥

वञ्च ધાતુને બદલે वेहव, वेलव, जूरव અને उमच्छ એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

वञ्च–वञ्चति–वंचइ–ઠગે છે અથવા જાય છે.

वेहव–वेहवइ– „ „

वेलव–वेलवइ– „ „

जूरव–जूरवइ– „ „

उमच्छ–उमच्छइ– „ „

१०६ वञ्चू गतौ ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## रचेः उग्गह-अवह-विडविड्डाः ॥८।४।९४॥

रच ધાતુને બદલે उग्गह, अवह અને विडविड्ड એ ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

रच-रचयति-रयइ-રચે છે.
उग्गह-उग्गहइ- ,,
अवह-अवहइ- ,,
विडविड्ड-विड्डविड्डइ-,,

૧૮૫૩ रच प्रतियत्ने ।

## समारचेः उवहत्थ-सारव-समार-केलायाः ॥८।४।९५॥

सम् અને आ ઉપસર્ગો સાથે रच એટલે समारच ધાતુને બદલે उवहत्थ, सारव, समार અને केलाय એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

सम्+आ+रच-समारचयति-समारयइ-સમારે છે, સારી રીતે રચના કરે છે ગુજરાતી ભાષામાં 'સમારવું' તથા 'સમરાવવું' ક્રિયાપદ પ્રસિદ્ધ છે.

उवहत्थ-उवहत्थइ- ,, ,, સરખાવો उपहस्तयति
सारव-सारवइ- ,, ,, सारापयति
समार-समारइ ,, ,, समारचयति
केलाय-केलायइ ,, ,,

સં૦ उपहस्तयति પ્રા૦ उवहत्थइ।
સં૦ केलायति પ્રા૦ केलायइ ।

केला ધાતુને 'વિલાસ' અર્થ સાથે સંબંધ છે અને તે હૈમધાતુપાઠમાં ૨૦૨૦ મો છે એમ સ્વ૦ પૂજ્ય વિજયલાવણ્યસૂરિશિષ્ય પં૦ શ્રી દક્ષવિજયજી સંપાદિત લઘુવૃત્તિમાં નોંધેલ છે.

## सिचेः सिञ्च-सिम्पौ ॥८।४।९६॥

सिच् ધાતુને બદલે सिञ्च અને सिम्प એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

सिञ्च-सिञ्चति-सेअइ-સીંચે છે.
सिंच-सिंचइ- ,,
सिंप-सिंपइ -- ,,

૧૩૨૧ सिञ्च क्षरणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## प्रच्छः पुच्छः ॥८।४।९७॥

પૃચ્છ્ ધાતુને બદલે पुच्छ ધાતુ વપરાય છે.

पृच्छ–पृच्छति–पुच्छ–पुच्छइ–પૂછે છે.

१३४७ प्रच्छ ज्ञीप्सायाम् ।

## गर्जेः बुक्कः ॥८।४।९८॥

गर्ज ધાતુને બદલે बुक्क ધાતુ વિકલ્પે વપરાય છે.

गर्ज–गर्जति–गज्जइ–ગર્જે છે–ગાજે છે.

बुक्क=बुक्कइ–ગાજે છે.

સરખાવો—बुक्कति–बुक्कइ । बुक्क ધાતુ હૈમ ધાતુપાઠમાં ૫૪ મો છે.

ગુજરાતી ભાષામાં 'ભૂંકવું' ક્રિયાપદ પ્રચલિત છે તેને પ્રસ્તુત बुक्क સાથે સરખાવી શકાય ?

१६३ गर्ज शब्दे ।

## वृषे ढिक्कः ॥८।४।९९॥

વૃષ–'સાંઢ-બળદ,-ગર્જતો હોય' એવા અર્થના गर्ज ધાતુને બદલે ढिक्क ધાતુ વિકલ્પે વપરાય છે.

वृषभः गर्जति–गज्जइ–બળદ ગર્જે છે–બરાડા પાડે છે.

ढिक्क–ढिक्कइ– ,, ,,

'બળદ'ના સંબંધમાં 'ઢીક' શબ્દ ભાષામાં પ્રચલિત છે.

## राजेः अग्घ-छज्ज-सह-रीर-रेहाः ॥८।४।१००॥

राज ધાતુને બદલે अग्घ, छज्ज, सह, रीर અને रेह એવા પાંચ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

राज–राजते–रायइ–રાજે છે–વિરાજે છે—શોભે છે.

अग्घ अग्घइ– ,, અરધે છે

छज्ज छज्जइ ,, છાજે છે

सह सहइ– ,, સોહે છે

रीर रीरइ– ,, ,,

रेह रेहइ– ,, રેખે છે

સરખાવો–अर्घति अग्घइ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सज्जति छज्जइ ।

शोभते सोहइ, सहइ

रेखयति रेहइ

८९३ राज दीप्तौ ।

## मस्जेः आउड्ड-णिउड्ड-बुड्ड-खुप्पाः ॥८।४।१०१॥

मस्ज ધાતુને બદલે आउड्ड, णिउड्ड, बुड्ड અને खुप्प એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

मस्ज–मज्जति मज्जइ બૂડે છે.

आउड्ड आउड्डइ ,,

णिउड्ड णिउड्डइ ,,

बुड्ड बुड्डइ બૂડે છે

खुप्प खुप्पइ ખૂંપે છે

સરખાવો–आब्रुडति आउड्डइ ।

निब्रुडति णिउड्डइ ।

बुडति बुड्डइ ।

क्षुभ्यति खुप्पइ–ખૂંપી જાય છે.

१३५२ मस्ज शुद्धौ ।

## पुञ्जेः आरोल-वमालौ ॥८।४।१०२॥

पुञ्ज ધાતુને બદલે आरोल અને वमाल એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે

पुञ्ज–पुञ्जयति पुंजइ–ભેગું કરે છે–પુંજ કરે છે–ઢગલો કરે છે.

आरोल आरोलइ ,, ,,

वमाल वमालइ— ,, ,,

पुञ्ज સમૂહ, पुञ्जं करोति–पुञ्जयति–એ રીતે આ पुञ्ज, નામધાતુ છે પણ સ્વતંત્ર ધાતુરૂપે તો તે અમને મળ્યો નથી.

## लस्जेः जीहः ॥८।४।१०३॥

लस्ज ધાતુને બદલે जीह ધાતુ વિકલ્પે વપરાય છે.

लस्ज लज्जति लज्जइ લાજે છે.

जीह जीहइ ,,

**સરખાવો** जिह्रेति, ધાતુ ह्री, તે ઉપરથી जीह जीहइ ।

**१४७० लस्ज व्रीडे ।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तिजेः ओसुक्कः ॥८।४।१०४॥

तिज धातुने બદલે ओसुक्क એવો ધાતુ વિકલ્પે વપરાય છે.

तिज-तेजयति तेअइ-તેજસ્વી કરે છે.

ओसुक्क ओसुक्कइ ,, ,,

तेअणं तेजनम् તેજ કરવું.

६६७ तिज क्षमायां निशाने च । નિશાન એટલે તેજ કરવું-તીક્ષ્ણ કરવું

## मृजेः उग्घुस-लुञ्छ-पुञ्छ-पुंस-फुस-पुस-लुह-हुल-रोसाणाः ॥८।४।१०५॥

मृज ધાતુને બદલે उग्घुस, लुंछ, पुंछ, पुंस, फुस, पुस, लुह, हुल અને रोसाण એવા નવ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

मृज मार्ष्टि-मज्जइ-માંજે છે-સાફ કરે છે-શુદ્ધ કરે છે.

उग्घुस उग्घुसइ-ઘસે છે- ,,
लुंछ लुंछइ-લૂંછે છે- ,,
पुंछ पुंछइ-પોંછે છે- ,,
पुंस पुंसइ-ભૂંસી નાખે છે ,,
फुस फुसइ- ,, ,,
पुस पुसइ- ,, ,,
लुह लुहइ-લૂએ છે-

लुह नुं ઊલટું हुल બનેલ છે—

हुल हुलइ- ,, ,,
रोसाण रोसाणइ-રોશન કરે છે-સાફ કરે છે.

१०९४ मृज शुद्धौ ।

## भञ्जेः वेमय-मुसुमूर-मूर-सूर-सूड-विर-पविरञ्ज-करञ्ज-नीरञ्जाः ॥८।४।१०६॥

भञ्ज ધાતુને બદલે वेमय, मुसुमूर, मूर, सूर, सूड, विर, पविरञ्ज, करञ्ज અને नीरञ्ज એવા નવ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

भञ्ज् भनक्ति भंजइ-ભાંજે છે-ભાંગે છે-નાશ કરે છે.

वेमय वेमयइ ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुसुगूर मुसुमुरइ—ભાંગે છે—નાશ કરે છે.

मूर मूरइ—મોરે છે-દીવાની આગ—શિખા—મોરે છે

सूर सूरइ—સોરે છે—

सूड सूडइ—સૂડે છે

विर—विरइ ,,

पविरञ्ज पविरञ्जइ ,,

करञ्ज करञ्जइ ,,

नीरञ्ज नीरञ्जइ ,,

સં० मुरति પ્રા० मुरइ ।

સં० मृडति પ્રા० मुरइ ।

સં० सूदते પ્રા० सूडइ । सूडइ— સાંઠિયો સૂડે છે.

१४८६ भञ्ज आमर्दने ।

## अनुव्रजेः पडिअग्गः ॥८।४।१०७॥

अनु ઉપસર્ગ પછી આવેલા व्रज् ધાતુને બદલે એટલે अनुव्रज्ને બદલે पडिअग्ग ધાતુ વિકલ્પે વપરાય છે.

अनु+व्रज—अनुव्रजति—अणुवच्चइ—પાછળ જાય છે.

पडिअग्ग—पडिअग्गइ— ,, ,,

સં० प्रतिअङ्गति પ્રા० पडिअग्गइ. अङ्ग ધાતુ 'ગતિ' અર્થનો છે.

१३७ व्रज गतौ ।

## अर्जेः विढवः ॥८।४।१०८॥

अर्ज ધાતુ ને બદલે विढव ધાતુ વિકલ્પે વપરાય છે.

अर्ज—अर्जति—अज्ज—વેપારમાં પેદા કરે છે—અર્જન કરે છે—ઉપાર્જન કરે છે—કમાય છે.

विढव—विढवइ— ,, ,, ,, ,,

१४२—अर्ज् अर्जने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## युजः जुञ्ज-जुज्ज-जुप्पाः ॥८।४।१०९॥

युज धातुने बदले जुञ्ज, जुज्ज अने जुप्प એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

युज–युङ्क्ते–जुञ्ज–जुञ्जइ–યોજે છે–જોડે છે.

जुज्ज–जुज्जइ– ,, ,,

जुप्प–जुप्पइ– ,, ,,

સં० युनक्ति પ્રા० जुञ्जइ ।

સં० युज्यते પ્રા० जुज्जइ ।

૧૬૭૬ युज योगे ।

## भुजः–भुञ्ज–जिम–जेम–कम्म–अण्ह–समाण–चमढ–चड्डाः ॥८।४।११०॥

भुज ધાતુને બદલે भुंज, जिम, जेम, कम्म, अण्ह, समाण, चमढ અને चड्ड એવા આઠ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

भुङ्क्ते–भुज–भुंज–भुंजइ–ભોજન કરે છે–ખાય છે–જમે છે.

जिम–जिमइ–જમે છે–ખાય છે.

जेम–जेमइ– જમે છે. ,,

कम्म–कम्मइ– ,, ,,

अण्ह–अण्हइ– ,, ,,

समाण–समाणइ– ,, ,,

चमढ–चमढइ– ,, ,,

चड्ड–चड्डइ– ,, ,

સરખાવો–जेमति जिमइ ।

जेमति जेमइ ।

अश्नाति अण्हइ ।

समश्नाति समाणइ ।

એક મિત્ર બીજા મિત્રને પૂછે છે કે આજે કેટલી પૂરણપોળી ચડાવી ? આ 'ચડાવી' ક્રિયાપદના चड्धातुनो સંબંધ અહીં જણાવેલા चड्ड ધાતુ સાથે દેખાતો નથી.

૧૪૮૭ भुज पालन–अभ्यवहारयो: ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा उपेन कम्मवः ॥८।४।१११॥

उप ઉપસર્ગ પછી આવેલા भुज ધાતુને બદલે એટલે उपभुज આખાને બદલે कम्मव એવો ધાતુ વિકલ્પે વપરાય છે.

उपभुङ्क्ते–उवहुञ्जइ–ઉપભોગ કરે છે.
कम्मव–कम्मवइ– ,, ,,

સં० कर्मयति અથવા कर्मापयति પ્રા० कम्मवइ ।

१४८७ भुज પાલન–अभ्यवहारयो: ।

## घटेः गढः ॥८।४।११२॥

घट ધાતુને બદલે गढ ધાતુ વિકલ્પે વપરાય છે

घट–घडते–घडइ–ઘડે છે. ઘટ–ઘડ–ગઢ (હિંદી गढना)
गढ–गडइ– ,, ,, ,,

१००० घट चेष्टायाम् ।

## समः गलः ॥८।४।११३॥

सम् ઉપસર્ગ પછી આવેલા घट्ट ધાતુને બદલે गल ધાતુ વિકલ્પે વપરાય છે.

सम्+घट्ट–संघटते–संघडइ–સારું ઘડે છે.
सम्+गल–संगल–संगलइ– ,, ,,
घट–घड–गड–गल ।

સં. संकलयति । પ્રા. संगलइ ।

## हासेन स्फुटेः मुरः ॥८।४।११४॥

स्फुट्ट ધાતુનો સંબંધ 'હસવા' સાથે હોય તો તેને બદલે मुर ધાતુ વિકલ્પે વપરાય છે.

हासेन स्फुटति–मुर–मुरइ–હસવાને લીધે ખીલે છે–મૂડમાં છે

સં० मुरति પ્રા० मुरइ–આંબો મોરે છે.

१४४० स्फुट्ट विकसने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मण्डेः चिञ्च-चिञ्चअ-चिञ्चिल्ल-रीड-टिविडिक्काः ॥८।४।११५॥

मण्ड् ધાતુને બદલે चिञ्च, चिञ्चअ, चिञ्चिल्ल, रीड અને टिविडिक्क એવા પાંચ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

मण्ड्—मण्डयति—मण्डइ—માંડે છે—શોભે છે.

चिञ्च—चिञ्चइ— ,, ,,

चिञ्चअ—चिञ्चअइ— ,, ,,

चिञ्चिल्ल—चिञ्चिल्लइ—,, ,,

रीड—रीडइ— ,, ,,

टिविडिक्क—टिविडिक्कइ— ,, ,,

સં૦ चञ्चति પ્રા૦ चिञ्चइ, चिञ्चअइ ।

સં૦ चर्चयति પ્રા૦ चच्चइ—चिञ्चइ, चिञ्चअइ ।

१६३६ मण्ड् भूषायाम् ।

## तुडेः तोड-तुट्ट-खुट्ट-खुड-उक्खुड-उल्लुक्क-णिलुक्क-लुक्क-उल्लूराः ॥८।४।११६॥

तुड् ધાતુને બદલે तोड, तुट्ट, खुट्ट, खुड, उक्खुड, उल्लुक्क, णिलुक्क, लुक्क અને उल्लूर એમ નવ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

तुड्—तोडति—तोडइ—તોડે છે.

तोड—तोडइ— ,,

तुट्ट—तुट्टइ— ,,

खुट्ट—खुट्टइ— ,, ખૂટે છે.

उक्खुड—उक्खुडइ-,, ઊખડે છે.

उल्लुक्क—उल्लुक्कइ—તોડે છે.

णिलुक्क-णिलुक्कइ— ,,

लुक्क—लुक्कइ— ,,

उल्लूर—उल्लूरइ—વલૂરે છે—શરીરને વલૂરે છે.

સં૦ तोडति, तुडति પ્રા૦ तोडइ

સં૦ त्रुटयति પ્રા૦ तुट्टइ

સં૦ त्रुटति ,,

સં૦ खट्टति પ્રા૦ खुट्टइ

સં૦ खटति પ્રા૦ खुडइ

સં૦ उत्खुट्टति પ્રા૦ उक्खुडइ

२४६ तोड् तोडने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## घूर्णः घुल-घोल-घुम्म-पहल्लाः ॥८।४।११७॥

घूर्ण ધાતુને બદલે घुल, घोल, घुम्म અને पहल्ल એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

घूर्ण–घूर्णते–घुल–घुलइ–ઘોળે છે–ઘોળ્યો ગયો.

घोल–घोलइ– ,, ,,

આચાર્ય હેમચંદ્રે 'રવાયા' વડે મથીને–વલોવીને–બનાવેલ ઘોળવાને–દહીંના ઘોળવાને–માટે घोल શબ્દ પોતાના 'અભિધાનચિંતામણિ કોશ'માં મર્ત્યકાંડમાં નોંધેલ છે. તે 'घोल' શબ્દનો સંબંધ પ્રસ્તુત 'घोल' ધાતુ સાથે હોઈ શકે? જો કે શ્રીહેમચંદ્રાચાર્યે તો घोल શબ્દને उणादि० (૪૯૫)માં हन् ધાતુ દ્વારા સાધેલ છે.

घुम्म–घुम्मइ–ઘૂમે છે.

पहल्ल–पहल्लइ–ઘૂમે છે–પહલે છે–(ચહલપહલ) ચાલે છે.

સં० प्रहलति પ્રા० पहल्लइ ।

૭૦૯ घूर्ण भ्रमणे ।

## विवृतेः ढंसः ॥८।४।११८॥

वि ઉપસર્ગ સાથે આવેલા वृत् ધાતુને બદલે ढंस ધાતુ વિકલ્પે વપરાય છે.

वि+वृत्–विवर्तते–विवट्टइ–ફેરફાર પામે છે.

ढंस–ढंसइ– ,, ,,

સં० ध्वंसते પ્રા० ढंसइ– — મૂળ સ્થિતિથી–મૂળ રૂપથી–ધ્વંસ પામે છે. વિ સાથે वृत्નો અર્થ બદલાઈ ગયેલો છે

૯૫૫ वृत् वर्तते ।

## क्वथेः अट्टः ॥८।४।११९॥

क्वथ् ધાતુને બદલે अट्ट ધાતુ વિકલ્પે વપરાય છે.

क्वथ्–क्वथते–कढइ–કઢે છે–ઉકાળે છે.

अट्ट–अट्टति– ,, ,, ઓટે છે

સં० अट्टते પ્રા० अट्टइ ।

૯૬૪ क्वथ् निष्पाके ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्रन्थेः गण्ठः ॥८।४।१२०॥

ग्रन्थ् ધાતુને બદલે गण्ठ કે गंठ ધાતુ વિકલ્પે વપરાય છે.

ग्रन्थ–ग्रन्थते–गण्ठ–गण्ठइ–ગૂંથે છે. ગંઠે છે,

ग्रन्थिः–गण्ठी–ગાંઠ

૭૧૮ ग्रन्थ् कौटिल्ये। કૌટિલ્ય એટલે વાંકુંચૂંકું કરવું

## मन्थेः घुसल–विरोलौ ॥८।४।१२१॥

मन्थ् ધાતુને બદલે घुसल અને विरोल ધાતુઓ વિકલ્પે વપરાય છે.

मन्थ–मन्थति–मन्थइ–મથે છે

घुसल–घुसलइ– ,,

विरोल–विरोलइ–વલોવે છે.

સં० विलोलति પ્રા० विरोलइ।

૨૯૨ मन्थ् हिंसा–संक्लेशयोः।

## ह्लादेः अवअच्छः ॥८।४।१२२॥

णि વાળા કે णि વગરના ह्लाद ધાતુને બદલે अवअच्छ ધાતુ વિકલ્પે વપરાય છે.

ह्लादेः એ ह्लादिનું ષષ્ઠીનું એકવચન છે. 'ह्लादि એવો નિર્દેશ કર્યો છે તેથી ह्लादि અહીં ણિવાળો પણ લેવો' એમ સૂચવવા સૂત્રમાં ह्लादेः એમ જણાવેલ છે.

ह्लाद्–ह्लादते–ह्लादयते–ल्हादइ, ल्हादेइ–સુખી થાય છે.

अवअच्छ=अवअच्छइ– ,, ,,

૭૩૮ ह्लाद् सुखे च।

## नेः सदः मज्जः ॥८।४।१२३॥

नि ઉપસર્ગ પછી આવેલા सद् ધાતુને બદલે मज्ज ધાતુ વપરાય છે.

नि+सद्–निषीदति–णु+मज्ज–णुमज्जइ–બેસે છે.

णि ના णु માટે જુઓ, ૮–૧–૯૪।

अत्ता एत्थ णुमज्जइ–આત્મા અહીં નિમગ્ન થાય છે–બેસે છે.–आत्मा अत्र निमज्जति–निषीदति।

સરખાવો—निमज्जति–णुमज्जइ ।

૯૬૬ षद् विशरण–गति–अवसादनेषु।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## छिदेः दुहाव-णिच्छल्ल-णिज्झोड-णिव्वर-णिल्लूर-लूराः ॥८।४।१२४॥

छिद् ધાતુને બદલે दुहाव, णिच्छल्ल, णिज्झोड, णिव्वर, णिल्लूर અને लूर એવા છ ધાતુએ વિકલ્પે વપરાય છે.

छिद्–छिनत्ति–छिन्दइ–છેદે છે.

दुहाव–दुहावइ– ,, બે કટકા કરે છે.
णिच्छल्ल–णिच्छल्लइ– ,, ,,
णिज्झोड–णिज्झोडइ– ,, ,,
णिव्वर–णिव्वर– ,, ,,
णिल्लूर णिल्लूरइ– ,, ,,
लूर–लूरइ– ,, ,,

સરખાવો—द्विधापयति–दुहावइ–દ્વિધા કરે છે–બે પ્રકારે કરે છે.–બે કટકા કરે છે ૧૪૭૮ छिद् द्वैधीकरणे।

## आङा ओअन्द–उद्दालौ ॥८।४।१२५॥

आङ् સાથેના छिद् ધાતુને બદલે ओअन्द અને उद्दाल એવા બે ધાતુએ વિકલ્પે વપરાય છે.

आ+छिद्–आच्छिनत्ति–आच्छिन्दइ / आच्छिदइ ] છેદે છે.

ओअन्द–ओअन्दइ ,,
उद्दाल–उद्दालइ ,,

સરખાવો—उद्दारयति–उद्दालइ।

## मृदः मल–मढ–परिहट्ट–खड्ड–चड्ड–मड्ड–पन्नाडाः ॥८।४।१२६॥

मृद् ધાતુને બદલે मल, मढ, परिहट्ट, खड्ड, चड्ड, मड्ड અને पन्नाड એમ સાત ધાતુએ વપરાય છે.

मृद्–मृद्नाति–मल–मलइ–મસળે છે–મર્દન કરે છે.

मढ–मढइ– ,, ,,
परिहट्ट–परिहट्टइ ,, ,,
खड्ड–खड्डइ ,, ,,
चड्ड–चड्डइ ,, ,,
मड्ड–मड्डइ– ,, ,,
पन्नाड–पन्नाडइ– ,, ,,

मृद् क्षोदे।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्पन्देः चुलुचुलः ॥८।४।१२७॥

स्पन्द ધાતુને બદલે चुलुचुल ધાતુ વિકલ્પે વપરાય છે.

स्पन्दते—फन्दइ
चुलुचुल—चुलुचुलइ

७२४ स्पन्दू किञ्चिच्चलने ।

## निरः पदेर्वलः ॥८।४।१२८॥

निर् ઉપસર્ગ સાથેના पद ધાતુને બદલે वल ધાતુ વિકલ્પે વપરાય છે.

निर्+पद्—निष्पद्यते—निप्पज्जइ—નીપજે છે—ઉત્પન્ન થાય છે.
निर्+वल—निव्वलइ—નીપજે છે—ઉત્પન્ન થાય છે—નીવડે છે.

१२५७ पद् गतौ ।

## विसंवदेः विअट्ट—विलोट्ट—फंसाः ॥८।४।१२९॥

वि અને सम् ઉપસર્ગ પછી આવેલા वद् ધાતુને બદલે विअट्ट, विलोट्ट અને फंस એમ ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

वि+सम्+वद्-विसंवदति—विसंवयइ—વિસંવાદ કરે છે.
विअट्ट—विअट्टइ— ,, ,,
विलोट्ट—विलोट्ट— ,, ,,
फंस—फंसइ ,, ,,

९९८ वद व्यक्तायां वाचि ।
સં० विवर्तते પ્રા० विअट्टइ ।
સં० विलुट्यति પ્રા० विलोट्टइ ।
સં० पाशयति પ્રા० फंसइ ।

## शदः झड—पक्खोडौ ॥८।४।१३०॥

शद् ધાતુને બદલે झड અને पक्खोड ધાતુઓ વપરાય છે

शीयते—शद्—झडइ—છોલે છે—પાતળું કરે છે.

સરખાવો—झटति—झडइ
प्रखोटति—पक्खोडइ

६७ शद् शातने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आक्रन्देः णीहरः ॥८।४।१३१॥

आक्रन्द् –ધાતુને બદલે णीहर ધાતુ વિકલ્પે વપરાય છે.

आक्रन्दति–अक्कन्दइ–આક્રંદ કરે છે, રૂએ છે કે બોલાવે છે
णीहर–णीहरइ– ,, ,, ,,

સરખાવો–निह्लादते–णीहरइ–

३१६ क्रन्द् रोदन–आह्वानयोः ।

## खिदेः जूर–विसूरौ ॥८।४।१३२॥

खिद् ધાતુને બદલે जूर અને विसूर એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

खिद्–खिद्यते–खिज्जइ–ખેદ પામે છે.
जूर–जूरइ–ઝૂરે છે.
विसूर–विसूरइ–ખેદ પામે છે.

१२५९ खिद् दैन्ये ।
સં० जुर्यते પ્રા० जुरइ ।
સં० विषूदते પ્રા० विसूरइ ।

## रुधेः उत्थङ्घः ॥८।४।१३३॥

रुध् ધાતુને બદલે उत्थङ्घ ધાતુ વિકલ્પે વપરાય છે.

रुध् रुणद्धि–रुन्धइ–રૂંધે છે.
उत्थङ्घ–उत्थङ्घइ–,,

સં० उत्तङ्घति–उत्थंघइ ।

१४७३ रुध आवरणे ।

## निषेधेः हक्कः ॥८।८।१३४॥

नि ઉપસર્ગ પછી આવેલા षेध ધાતુને બદલે हक्क ધાતુ વિકલ્પે વપરાય છે.

निषेधति–निसेहइ–નિષેધ કરે છે.
हक्क=हक्कइ– ,,

३२० षिध् गत्याम् ।

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

## क्रुधेः जूरः ॥८।४।१३५॥

क्रुध् ધાતુને બદલે जूर ધાતુ વિકલ્પે વપરાય છે.

क्रुध्-कुध्यति-कुज्झइ-ક્રોધ કરે છે.

जूर=जूरइ- ,,

११८४ क्रुध् क्रोधे ।

सं. जूर्यते प्रा. जूरइ ।

## जनः जा-जम्मौ ॥८।४।१३६॥

जन् ધાતુને બદલે जा અને जम्म એવા બે ધાતુઓ વપરાય છે,

जन्-जा-जायते-जाअइ-ઉત્પન્ન થાય છે.

जम्म-जम्मइ-જન્મે છે.

સરખાવો--जन्मयति-जम्मइ ।

१२६५ जन् પ્રાદુર્ભાવે.

## तनेः तड-तड्ड-तड्डव-विरल्लाः ॥८।४।१३७॥

तन ધાતુને બદલે तड, तड्ड, तड्डव અને विरल्ल એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

तन्-तनोति-तणइ-તાણે છે, ફેલાવે છે

तड-तडइ ,, ,,

तड्ड-तड्डइ ,, ,,

तड्डव-तड्डवइ-,, ,,

विरल्ल-विरल्लइ-,, ,,

४९९ तन् વિસ્તારે.

## तृपः थिप्पः ॥८।४।१३८॥

तृप् ધાતુને બદલે थिप्प ધાતુ વપરાય છે.

तृप्-तृप्यते-थिप्प-थिप्पइ-તૃપ્ત થાય છે

१८९ तृप प्रीतौ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उपसर्पेः अल्लिअः ॥८।४।१३९॥

उप ઉપસર્ગ પછી આવેલા सर्प ધાતુને બદલે अल्लिअ વિકલ્પે વપરાય છે.

उप+सर्प–उपसर्पति–उवसप्पइ–પાસે જાય છે.

अल्लिअ–अल्लिअइ– ,,

સં૦ आलीयते પ્રા૦ अल्लिअइ ।

सूप् गतौ ।

## संतपेः झङ्खः ॥८।४।१४०॥

सम् ઉપસર્ગ પછી આવેલા तप् ધાતુને બદલે झङ्ख ધાતુ વિકલ્પે વપરાય છે.

सम्+तप्–संतपति–संतवइ કે संतप्पइ–સંતાપ પામે છે.

झङ्‌ख्–झंखइ–ઝંખે છે.

३३३ तप् संतापे ।

સં૦ झषति પ્રા૦ झंखइ ।

## व्यापेः ओअग्गः ॥८।४।१४१॥

वि ઉપસર્ગ સાથેના आप् ધાતુને બદલે ओअग्ग ધાતુ વિકલ્પે વપરાય છે.

वि+आप्–याप्नोति–वावेइ–વ્યાપે છે.

ओअग्ग–ओअग्गइ ,,

१३०७ आप् व्याप्तौ ।

સં૦ अववल्गति પ્રા૦ ओअग्गइ ।

## समापेः समाणः ॥८।४।१४२॥

सम् ઉપસર્ગ સાથેના आप् ધાતુને બદલે समाण ધાતુ વિકલ્પે વપરાય છે.

सम्+आप्–समाप्नोति–समावेइ–સમાવે છે, સમાપ્ત કરે છે.

समाण–समाणइ– ,, ,,

१३०७ आप् व्याप्तौ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क्षिपेः गलत्थ-अड्डक्ख-सोल्ल-पेल्ल-णोल्ल-छुह-हुल-परी-घत्ता. ॥८।४।१४३॥

क्षिप् ધાતુને બદલે गलत्थ, अड्डक्ख, सोल्ल, पेल्ल, णोल्ल અથવા णुल्ल, छुह, हुल, परी અને घत्त એવા નવ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

क्षिप्–क्षिपति–खिवइ–ફેંકી દે છે, કાઢી મૂકે છે.

गलत्थ–गलत्थइ– ,, ,,

अड्डक्ख–अड्डक्खइ– ,, ,,

सोल्ल–सोल्लइ– ,, ,,

पेल्ल–पेल्लइ– ,, ,,

[णोल्ल–णोल्लइ ,, ,,

णुल्ल णुल्लइ ,, ,,

छुह–छुहइ– ,, ,,

हुल–हुलइ– ,, ,,

परी–परीइ– ,, ,,

घत्त–घत्तइ– ,, ,,

સરખાવો—गलहस्तयति–गलत्थइ–ગળે હાથ દઈને ધક્કો મારે છે.

प्रेरयति–पेल्लइ

नुदति–णोल्लइ, णुल्लइ

१३१७ क्षिप् प्रेरणे।

## उत्क्षिपेः गुलगुञ्छ-उत्थङ्घ-उल्लत्थ-उब्भुत्त-उस्सिक्क-हक्खुवाः ॥८।४।१४४॥

उत् ઉપસર્ગ સાથેના क्षिप् ધાતુને બદલે गुलगुञ्छ, उत्थङ्घ, उल्लत्थ, उब्भुत्त, उस्सिक्क અને हक्खुव એવા ૭ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

उत्+क्षिप्–उत्क्षिपति–उक्खिवइ–ઊંચે ફેંકે છે–ઉછાળે છે.

गुलगुञ्छ–गुलगुंछइ– ,, ,,

उत्थङ्घ–उत्थङ्घइ– ,, ,,

उल्लत्थ–उल्लत्थइ– ,, ,,

उब्भुत्त–उब्भुत्तइ– ,, ,,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उस्सिक्क–उस्सिक्कइ–ઊંચે ફેંકે છે–ઉછાળે છે.

हक्खुव–हक्खुवइ– ,, ,,

સં० उत्तङ्गति प्रा० उत्थंघइ ।

६३५ मेकृ गतौ–उत्सेकते प्रा० उस्सिक्कइ ।

क्षिप् प्रेरणे ।

## आक्षिपेः णीरवः ॥८।४।१४५॥

आङ् ઉપસર્ગ સાથેના क्षिप् ધાતુને બદલે णीरव ધાતુ વિકલ્પે વપરાય છે.

आ+क्षिप्–आक्षिपति–अक्खिवइ–ફેંકે છે—આક્ષેપ કરે છે

णीरव–णीरवइ– ,, ,,

## स्वपेः कमवस–लिस–लोट्टाः ॥८।४।१४६॥

स्वप् ધાતુને બદલે कमवस, लिस અને लोट्ट એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

स्वप्–स्वपिति–सुवइ– સૂએ છે.

कमवस–कमवसइ– ,,

लिस–लिसइ– ,,

लोट्ट–लोट्टइ– ,, ,,

સરખાવો—९४१ लुट्ट प्रतीघाते. लोटते–लोट्टइ–લોટે છે.

१४१७ लिश–लिशति–लिसति–लिसइ– ,,

१०८८ स्वप् शये ।

## वेपेः आयम्ब–आयज्झौ ॥८।४।१४७॥

वेप् ધાતુને બદલે आयम्ब અને आयज्झ એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

वेप्–वेपते–वेवइ–કંપે છે–ધ્રુજે છે.

आयम्ब–आयम्बइ– ,, ,,

आयज्झ–आयज्झइ– ,, ,,

સરખાવો—आकम्पते–आयम्बइ

७५४ वेपृ चलने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विलपेः झङ्ख-वडवडौ ॥८।४।१४८॥

वि ઉપસર્ગ સાથેના लप् ધાતુને બદલે झङ्ख અને वडवड એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

वि+लप्–विलवति–विलवइ–વિલાપ કરે છે.

झङ्खइ+ઝંખે છે.

वडवड–वडवडइ–બડબડે છે. સં૦ वद्बद् શબ્દ ઉપરથી वडवड થયું લાગે છે.

झष हिंसायाम् સં૦ झषति પ્રા૦ झखइ ।

३३६ लप् व्यक्ते वचने ।

## लिपः लिम्पः ॥८।४।१४९॥

लिम्प ધાતુને બદલે लिम्प ધાતુ વપરાય છે.

लिप्–लिम्पति–लिम्पइ–લીંપે છે.

१३२४ लिप् उपदेहे ।

## गुप्येः विर–णडौ ॥८।४।१५०॥

गुप् ધાતુને બદલે विर અને णड એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

गुप्–गुप्यति–गुप्पइ–વ્યાકુળ થાય છે.

विर–विरइ– ,, ,,

णड–णडइ– ,, ,,

११९२ गुप् व्याकुलत्वे ।

## क्रपः अवहः णिः ॥८।४।१५१॥

क्रप् ધાતુને બદલે 'ણિ'વાળો अवह ધાતુ વપરાય છે.

कृपां करोति–अवह-अवहावेइ–કૃપા કરે છે.

१००९ क्रप कृपायाम् ।

સં૦ अवभावयति–अवहावेइ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## प्रदीपेः तेअव-सन्दुम-संधुक्क-अब्भुत्ताः ॥८।४।१५२॥

प्र ઉપસર્ગ સાથેના दीप् ધાતુને બદલે तेअव, सन्दुम, सन्धुक्क અને अब्भुत्त એવા ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

प्र+दीप्-प्रदीप्यते-पलीवइ-ખૂબ પ્રકાશે છે.
तेअव-तेअवइ- ,,
सन्दुम-सन्दुमइ- ,,
सन्धुक्क-सन्धुक्कइ-સંધોકે છે. ,,
अब्भुत्त-अब्भुत्तइ- ,,

સરખાવો—तेजयति-तेअवइ-તેજ કરે છે.

८७६ धुक्ष् संदीपनादिषु-संधुक्षते-संधुक्कइ

ભાષામાં ચૂલો 'સંધોકવો' કે 'સંધુકવો' પ્રયોગ પ્રચલિત છે

१२६६ दीप् दीप्तौ ।

## लुभेः संभावः ॥८।४।१५३॥

लुभ् ધાતુને બદલે संभाव ધાતુ વિકલ્પે વપરાય છે.

लुभ्-लुभ्यति-लुब्भइ-લોભ કરે છે-લુબ્ધ થાય છે.
संभाव-संभावइ- ,, ,,

સરખાવો—संभावयति-संभावइ

लुभ गार्ध्ये ।

## क्षुभेः खउर-पड्डुहौ ॥८।४।१५४॥

क्षुभ् ધાતુને બદલે खउर અને पड्डुह એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે,

क्षुभ्-क्षुभ्यति-खुब्भइ-ખળભળે છે—ક્ષુબ્ધ થાય છે.
खउर-खउरइ- ,, ,,
पड्डुह-पड्डुहइ- ,, ,,

११९९ क्षुभ् संचलने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आङः रभेः रम्भ-ढवौ ॥८।४।१५५॥

आङ् ઉપસર્ગ સાથેના रम् ધાતુને બદલે रम्भ અને ढव એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

आ+रभ्-आरभते-आरभइ-આરંભ કરે છે.
आरम्भ-आरम्भइ- ,,
ढव-ढवइ- ,,

૭૮૫ रभ् राभस्ये ।

## उपालम्भेः झङ्ख-पच्चार-वेलवाः ॥८।४।१५६॥

उप અને आ ઉપસર્ગ સાથેના लम्भ ધાતુને બદલે झङ्ख, पच्चार અને वेलव એવા ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

उप+आ+लभ-उपालभते उवालम्भइ-ઠપકો આપે છે.
झङ्ख-झङ्खइ- ,,
पच्चार-पच्चारइ- ,,
वेलव-वेलवइ- ,,

સં० प्रचारयति પ્રા० पच्चारइ ।
સં० वेलायति અથવા वेलति । પ્રા० वेलवइ ।

૨૦૧૧ वेला विलासे આ ધાતુ ધાતુપાઠમાં નથી પણ कण्डू આદિ ગણમાં છે એથી સૂત્રોક્ત હોવાથી સૌત્ર ધાતુ છે અથવા ૪૪૩ वेल् चलने પણ ધાતુ છે.
૭૮૬ लभ् प्राप्तौ ।

## अवेः जृम्भो जम्भा ॥८।४।१५७॥

जृम्भ ધાતુને બદલે जम्भा ધાતુ વિકલ્પે વપરાય છે પણ वि ઉપસર્ગ સાથે जृम्भ ધાતુ હોય તો जम्भा ન વપરાય.

जृम्भ्-जृम्भते-जम्भा-जम्भाइ, जम्भाअइ-બગાસું ખાય છે.
वि+जृम्भ+विजृम्भते+विजम्भइ-

केलिपसरो विअम्भइ+ક્રીડાનો પ્રસાર ઉલ્લસે છે.

केलिप्रसरः विजृम्भते—અહીં वि સાથે जृम्भ ધાતુ હોવાથી जम्भा આદેશ ન થયો.
૭૮૪ जृम्भ् गात्रविनामे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भाराक्रान्ते नमेः णिसुढः ॥८।४।१५८॥

ભારથી નમી ગયેલો કર્તા હોય ત્યારે જ नम् ધાતુને બદલે णिसुढ ધાતુ વિકલ્પે વપરાય છે.

नम् नमति-णवइ

णिसुढ–णिसुढइ–ભારના દબાણને લીધે નમે છે.

३८८ नम् प्रह्वत्वे ।

## विश्रमेः णिव्वा ॥८।४।१५९॥

वि ઉપસર્ગ સાથેના श्रम् ધાતુને બદલે णिव्वा ધાતુ વિકલ્પે વપરાય છે.

वि+श्रम्–विश्राम्यति–वीसमइ–વિસામો લે છે.

णिव्वा–णिव्वाइ– ,, ,,

સં० निर्वाति પ્રા० णिव्वाइ ।

१२३३ श्रम् खेद–तपसोः ।

## आक्रमेः ओहाव-उत्थार-च्छुन्दाः ॥८।४।१६०॥

आ ઉપસર્ગ સાથેના क्रम् ધાતુને બદલે ओहाव, उत्थार અને छुन्द ધાતુઓ વિકલ્પે વપરાય છે.

आ+क्रम्–आक्रमति–अक्कमइ–આક્રમણ થાય કે કરે છે.

ओहाव–ओहावइ– ,, ,,

उत्थार–उत्थारइ– ,, ,,

छुन्द–छुन्दइ– ,, ,,

३८५ क्रम् पादविक्षेपे ।

સં० अवभावयति પ્રા० ओहावइ ।

સં० उत्सारयति પ્રા० उत्थारइ ।

સં० क्षुणत्ति પ્રા० छुंदइ ।

ધાતુ ૧૪૭૯ क्षुद्, क्षुद् ધાતુ દ્વારા छुंद् પરિવર્તન સંભવિત છે. કોઈ માણસ ભીંસમાં આવી ગયેલ હોય તો 'છૂંદાઈ ગયો' એવો ભાષાપ્રયોગ પ્રસિદ્ધ છે. એક વ્યંજનરૂપ ખાદ્ય માટે 'છુંદો' શબ્દ ભાષામાં ચાલુ છે 'કેરીનો છૂંદો'

જ્યારે કેરી ઉપર છરી કે ચપ્પાનું આક્રમણ થાય છે. ત્યારે જ 'છૂંદો' બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भ्रमेः टिरिटिल्ल-ढुण्ढुल्ल-ढण्ढल्ल-चक्कम्म-भम्मड-भमड-भमाड-तलअण्ट-झण्ट-झम्प-भुम-गुम-फुम-फुस-ढुम-ढुस-परी-पराः ॥८।४।१६१॥

भ्रम् ધાતુને બદલે टिरिटिल्ल, ढुण्ढुल्ल, ढण्ढल्ल, चक्कम्म, भम्मड, भमड, भमाड, तलअण्ट, झण्ट, झम्प, भुम, गुम, फुम, फुस, ढुम, ढुस, परी અને पर એવા અઢાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

भ्रम्—भ्रमति—भमइ,
टिरिटिल्ल—टिरिटिल्लइ—ભમે છે.
ढुण्ढुल्ल—ढुण्ढुल्लइ ,,
ढण्ढल्ल—ढण्ढल्लइ ,,
चक्कम्म—चक्कम्मइ ,,
भम्मड—भम्मडइ ,,
भमड—भमडइ ,,
भमाड—भमाडइ ,,
तलअण्ट—तलअण्टइ ,,
झण्ट—झण्टइ ,,
झम्प—झम्पइ ,,
भुम—भुमइ ,,
गुम—गुमइ ,,
फुम—फुमइ ,,
फुस—फुसइ ,,
ढुम—ढुमइ ,,
ढुस—ढुसइ ,,
परी—परीइ ,,
पर—परइ ,,

સરખાવો—चङ्कमति—चक्कम्मइ—ચંક્રમણ કરે છે
परा+एति—परैति—परीइ—ભમે છે.
,, તથા प्रैति—परइ ,,

१२३४ भ्रम् अनवस्थाने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## गमेः अई-अइच्छ-अणुवज्ज-अवज्जस-उक्कुस-अक्कुस-पच्चड्ड-पच्छन्द-णिम्मह-णी-णीण-णीलुक्क-पदअ-रम्भ-परिअल्ल-वोल-परिअल-णिरिणास-णिवह-अवसेह-अवहराः ॥८।४।१६२॥

गम् धातुने બદલે अई, अइच्छ, अणुवज्ज, अवज्जस, उक्कुस, अक्कुस, पच्चड्ड, पच्छन्द, णिम्मह, णी, णीण, णीलुक्क, पदअ, रम्भ, परिअल्ल, वोल, परिअल, णिरिणास, णिवह, अवसेह અને अवहर એમ એકવીશ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

गम्—गच्छति—गच्छइ જાય છે.
अई—अईइ — ,,
अइच्छ्—अइच्छइ ,,
अणुवज्ज—अणुवज्जइ ,,
अवज्जस्—अवज्जसइ ,,
उक्कुस्—उक्कुसइ ,,
अक्कुस्—अक्कुसइ ,,
पच्चड्ड—पच्चड्डइ ,,
पच्छन्द्—पच्छन्दइ ,,
णिम्मह्—णिम्महइ ,,
णी—णीइ ,,
णीण्—णीणइ ,,
णीलुक्क्—णीलुक्कइ ,,
पदअ—पदअइ ,,
रम्भ—रम्भइ ,,
परिअल्ल—परिअल्लइ ,,
[1]वोल्—वोलइ ,,
परिअल्—परिअलइ ,,
णिरिणास्—णिरिणासइ ,,
णिवह्—णिवहइ ,,
अवसेह्—अवसेहइ ,,
अवहर्—अवहरइ ,,

સરખાવો—अतिगच्छति—अइच्छइ
अनुव्रजति—अणुवज्जइ।

---

૧ જૈન પરંપરાના 'वंदित्तु' સૂત્રની ૪૬ મી ગાથામાં वोल ધાતુનો ઉપયોગ નીચેના પદ્યમાં થયેલ છે—"वोलंतु मे दिअहा" અર્થાત્ "શ્રીતીર્થંકર જિનેશ્વર ભગવંતોએ કહેલી કથાઓને યાદ કરતાં કરતાં મારા દિવસો वोलंतु એટલે વ્યતીત થતા રહો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्कोशति—उक्कुसइ
आक्रोशति—अक्कुसइ
प्रत्यटति—पच्चड्डइ
प्रच्छन्दति—पच्छंदइ
निर्मथति - णिम्महइ

नयति—णीइ

निनयति—णीणइ

निलीयते- णीलुक्कइ
पदयति—पदअइ

रमते—रंभइ

परिअटति
परिचलति —परिअल्लइ, परिअलइ
परिअलति

व्यवचलति—वोल्इ

निर्णश्यति—णिरिणासइ

निवहति णिवहइ

अवसेधति—अवसेहइ

अपहरति, अवहरति अवहरइ

સંસ્કૃતના ધાતુપાઠમાં 'ગતિ' અર્થનો સૂચક ૩૯૪ हम्म ધાતુ છે. તે ઉપરથી—

हम्मति—हम्मइ
नि+हम्मति—णिहम्मइ
निर्+हम्मति—णीहम्मइ
आ+हम्मति—आहम्मइ

प्र+हम्मति—पहम्मइ—આ બધાં રૂપો સાધવાનાં છે. એ हम्म ધાતુ સ્વતંત્ર છે, તેને અને गम् ધાતુને શબ્દયોજનાની અપેક્ષાએ કશો સંબંધ નથી.
૩૯૬ गम् गतौ

## आङा अहिपच्चुअः ॥८।४।१६३॥

आङ् ઉપસર્ગ સાથેના गम् ધાતુને બદલે अहिपच्चुअ ધાતુ વિકલ્પે વપરાય છે.

आ+गम्—आगच्छति—आगच्छइ આવે છે.

अहिपच्चुअ—अहिपच्चुअइ—,,

સં૰ अभिप्रत्ययति પ્રા૰ अहिपच्चुअइ ।

'ગતિ' અર્થવાળા अय् ધાતુનું તથા इ ધાતુનું अयति રૂપ બની શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## समा अब्भिडः ॥८।४।१६४॥

सम् ઉપસર્ગ સાથેના गम् ધાતુને બદલે अब्भिड ધાતુ વિકલ્પે વપરાય છે.

सम्+गम्—संगच्छते—संगच्छइ

अब्भिड—अब्भिडइ—સમાગમ થાય છે.

૧૯૨ विट् ધાતુ ઉપરથી સં० आवेटति પ્રા० अब्भिडइ ।

## अभि-आङा उम्मत्थः ॥८।४।१६५॥

अभि અને आङ् ઉપસર્ગ સાથેના गम् ધાતુને બદલે उम्मत्थ ધાતુ વિકલ્પે વપરાય છે.

अभि+आ+गम्—अभ्यागच्छति, अब्भागच्छइ—સામે આવે છે.

उम्मत्थ—उम्मत्थइ— ,,

સં० उन्मन्थति પ્રા० उम्मत्थइ ।

સં० उन्मथ्यते પ્રા० उम्मत्थइ ।

## प्रति-आङा पलोट्टः ॥८।४।१६६॥

प्रति અને आङ् ઉપસર્ગ સાથેના गम् ધાતુને બદલે पलोट्ट ધાતુ વિકલ્પે વપરાય છે.

प्रति+आ+गम्—प्रत्यागच्छति, पच्चागच्छइ—પાછો આવે છે.

पलोट्ट—पलोट्टइ— ,,

સરખાવો—प्रलोटति—पलोटइ ।

प्रलुट्यति—पलोट्टइ ।

## शमेः पडिसा-परिसामौ ॥८।४।१६७॥

शम् ધાતુને બદલે पडिसा અને परिसाम એ બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

शम्—शाम्यति—समइ—શાંત થાય છે.

पडिसा -पडिसाइ— ,,

परिसाम—परिसामइ— ,,

સરખાવો—परिशाम्यति—परिसम्मइ

૧૨૩૦ शमु उपशमे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## रमेः संखुड्ड-खेड्ड-उब्भाव-किलिकिञ्च-कोट्टुम-मोट्टाय-णीसर-वेल्लाः ॥८।४।१६८॥

रम् ધાતુને બદલે संखुड्ड, खेड्ड, उब्भाव, किलिकिञ्च, कोट्टुम, मोट्टाय, णीसर, અને वेल्ल એવા આઠ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

रम्+रमते–रमइ–રમે છે.
संखुड्ड–संखुड्डइ– ,,
खेड्ड–खेड्डइ– ,,
उब्भाव–उब्भावइ–,,
किलिकिञ्च-किलिकिंचइ–રમે છે.
कोट्टुम्–कोट्टुमइ ,,
मोट्टाय्–मोट्टायइ ,,
णीसर्–णीसरइ ,,
वेल्ल–वेल्लइ ,,

સરખાવો—खेटति–खेड्डइ
उद्भावयति–उब्भावइ ।
निस्सरति–नीसरति ।
वल्लति-वेल्लइ ।

९८९ रम क्रीडायाम् ।

## पूरेः अग्घाड-अग्घव-उद्धुमा-अङ्गुम-अहिरेमा ॥८।४।१६९॥

पूर् ધાતુને બદલે अग्घाव, अग्घव, उद्धुमा, अङ्गुम અને अहिरेम એવા પાંચ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

पूर्–पूर्यते–पूरइ–પૂરે છે–ભરે છે.
अग्घाड्–अग्घाडइ– ,,
अग्घव्–अग्घवइ ,,
उद्धुमा–उद्धुमाइ ,,
अङ्गुम्–अङ्गुमइ ,,
अहिरेम्-अहिरेमइ ,,

स० अर्घयति प्रा० अग्घवइ ।
सं० अभिरेपते–अहिरेमइ ।

१२६८ पूर् आप्यायने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## त्वरः तुवर-जअडौ ॥८।४।१७०॥

त्वर् ધાતુને બદલે तुवर અને जअड એ બે ધાતુઓ વપરાય છે.

त्वर्–त्वरते–ત્વરા કરે છે

तुवरइ–ત્વરા કરે છે; તરત કરે છે

जअड–जअडइ ઝટ કરે છે.

त्वरमाण–तुवरंतो–ત્વરા કરતો.

,, जअडंतो–ઝટ કરતો.

सं० जट संघाते ધાતુ દ્વારા जटति प्रा० जअडइ ।

१०१० त्वर् संभ्रमे

## त्यादि-शत्रोः तूरः ॥८।४।१७१॥

ક્રિયાપદને લગતા त्यादि પ્રત્યયો લાગેલા હોય તથા शतृ પ્રત્યય લાગેલો હોય તો त्वर् ધાતુને બદલે तूर ધાતુ વપરાય છે.

त्वर्–

त्वरते–तूर–तूरइ ત્વરા કરે છે.

शतृ–त्वरमाणः–तूर–तूरंतो ત્વરા કરતો.

## तुरः अत्यादौ ॥८।४।१७२॥

त्यादि પ્રત્યયો સિવાયના એટલે કૃદંતના પ્રત્યયો લાગેલા હોય તો त्वर् ધાતુને બદલે तुर ધાતુ વપરાય છે.

त्वर्–त्वरितः–तुर–तुरिओ–ત્વરાવાળો થયેલો–ઉતાવળો

त्वरमाणः–तुर–तुरंतो–ઝટ કરતો–ત્વરા કરતો–ઉતાવળ કરતો.

## क्षरः खिर-झर-पज्झर-पच्चड-णिच्चल-णिट्टुआः ॥८।४।१७३॥

क्षर् ધાતુને બદલે खिर, झर, पज्झर, पच्चड, णिच्चल અને णिट्टुअ એવા ૭ ધાતુઓ વપરાય છે.

क्षर्–क्षरति–ખરી પડે છે.

खिर–खिरइ– ,,

झर–झरइ ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पज्झर–पज्झरइ–ખરી પડે છે.
पच्चड–पच्चडइ ,,
णिच्चल–णिच्चलइ ,,
णिट्टुअ–णिट्टुअइ ,,

સં० क्षरति પ્રા० झरइ । झ માટે જુઓ—॥८।२।३॥
સં.० प्रक्षरति પ્રા० पज्झरइ
९७१ क्षर संचलने

## उच्छलः उत्थल्लः ॥८।४।१७४॥

उत् ઉપસર્ગ સાથેના छल ધાતુને બદલે उत्थल्ल એવો ધાતુ વપરાય છે.
उत्+छल–उच्छलति–
उत्थल्ल–उत्थल्लति–ઊથલી પડે છે–ઊછળે છે

उत्थलः પાઠ ખરો માનીએ તોપણ બાધ નથી. માત્ર उत्थल–उत्थलति એમ ઉદાહરણ સમજવું.

उत्+चल–उच्चलति–સાથે उच्छलનો સંબંધ જોડી શકાય. उच्छल्–ઊછળવું.

४१०
२७४८ ] चर्–उच्चर
८०९ शल्–उच्छल
१४०६
१७०१ ] चल्–उच्चल

આ બધા ધાતુઓ સાથે उच्छलનો સંબંધ થઈ શકે. જૂની પ્રતોમાં च्छ તથા त्थ લખવામાં સરખા હોય છે એથી उच्छल પણ વંચાય અને उत्थल પણ વંચાય—
९७६ स्थल् स्थाने ।

## विगलेः थिप्प-णिट्टुहौ ॥८।४।१७५॥

वि ઉપસર્ગ સાથેના गल् ધાતુને બદલે थिप्प અને णिट्टुह એવા બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

वि+गल्–विगलति–विगलइ–વિશેષ ગળે છે
थिप्प–थिप्पइ–તૃપ્ત થાય છે
णिट्टुह–णिट्टुहइ ,,

સરખાવો—સં० तृप्यति પ્રા० थिप्पइ
४५२ गल अदने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दलि-वल्योः विसट्ट-वम्फौ ॥८।४।१७६॥

दलि धातुने બદલે विसट्ट અને वलि ધાતુને બદલે वम्फ ધાતુ વિકલ્પે વપરાય છે.

दल्-दलयति-दलइ-દળે છે.
विसट्ट-विसट्टइ ,,
वल्-वलते-वलइ-વળે છે
वम्फ्-वम्फइ ,,

४९३ दल विशरणे ।
८०७ वल संवरणे ।

## भ्रंशेः फिड फिट्ट-फुड-फुट्ट-चुक्क-भुल्लाः ॥८।४।१७७॥

भ्रंश् ધાતુને બદલે फिड, फिट्ट, फुड, फुट्ट, चुक्क અને भुल्ल એવા ૭ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

भ्रंश्-भ्रश्यति-भंसइ ભ્રંશ પામે છે.
फिड-फिडइ-ફીટે છે,
फिट्ट-फिट्टई ,, ફીટે છે
फुड-फुडइ-ફૂટે છે, નાશ થાય છે-ઘડો ફૂટી ગયો.
फुट्ट-फुट्टइ ,, ,,
चुक्क-चुक्कइ-ચૂકે છે, ,,
भुल्ल-भुल्लइ-ભૂલે છે, ,,

सं० स्फिट्टयति प्रा० फिट्टइ ।
१२०५ भ्रंशू अधःपतने ।

## नशेः णिरणास-णिवह-अवसेह-पडिसा-सेह-अवहराः ॥८।४।१७८॥

नश् ધાતુને બદલે णिरणास, णिवह, अवसेह, पडिसा, सेह અને अवहर એવા ૭ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

नश्-नश्यति-नस्सइ-નાશ પામે છે
णिरणास-णिरणासइ ,,
णिवह-णिवहइ ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवसेह–अवसेहइ–નાશ પામે છે
पडिसा–पडिसाइ ,,
सेह–सेहइ ,,
अवहर्–अवहरइ ,,

સરખાવો—निर्णश्यति–णिरणासइ
अवसेधति–अवसेहइ
प्रतिशातयति–पडिसाइ
सेधति–सेहइ
अपहरति–अवहरइ

१२०२ नशू अदर्शने ।

## अवात् काशः वासः ॥८।४।१७९॥

अव ઉપસર્ગ સાથેના काश् ધાતુને બદલે वास ધાતુ વપરાય છે.

अव+काशू–अवकाशते–ओकासइ અવકાશ પામે છે
ओ+वास–ओवासइ–અવકાશ પામે છે.

८३० काश दीप्तौ ।

## संदिशेः अप्पाहः ॥८॥४।१८०॥

सम् ઉપસર્ગ સાથેના दिश् ધાતુને બદલે अप्पाह ધાતુ વિકલ્પે વપરાય છે.

सम्+दिश्–संदिशति–सदिसइ–સંદેશ આપે છે
अप्पाहू+अप्पाहइ– ,,

१३१८ दिशू अतिसर्जने ।

## दृशः निअच्छ-पेच्छ-अवयच्छ-अवयज्झ-वज्ज-सव्वव-देक्ख-ओअक्ख-अवक्ख-अवअक्ख-पुलोअ-पुलअ-निअ-अवआस-पासाः ॥८।४।१८१॥

दृश् ધાતુને બદલે निअच्छ, पेच्छ, अवयच्छ, अवयज्झ, वज्ज, सव्वव, देक्ख, ओअक्ख, अवक्ख, अवअक्ख, पुलोअ, पुलअ, निअ, अवआस અને पास એવા પંદર ધાતુઓ વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दृश्—पश्यति—દેખે છે—નજરે જુએ છે
निअच्छ्—निअच्छइ—જુએ છે—દેખે છે—જોવે છે
पेच्छ्—पेच्छइ ,,
अवयच्छ—अवयच्छइ ,,
अवयज्झ—अवयज्झइ ,,
वज्ज—वज्जइ ,,
सव्वव—सव्ववइ ,,
देक्ख—देक्खइ ,,
ओअक्ख—ओअक्खइ ,,
अवक्ख—अवक्खइ ,,
अवअक्ख—अवअक्खइ ,,
पुलोअ—पुलोएइ ,,
पुलअ—पुलएइ ,,
निअ—निअइ ,,
अवआस—अवआसइ ,,
पास—पासइ ,,

સરખાવો—नियच्छति—णिअच्छइ ।
प्रेक्षते—पेच्छइ ।
अवगच्छति—अवयच्छइ ।
अवेक्षते—अवक्खइ ।
प्रलोकते—पलोएइ ।
प्रलोकते—पुलएइ ।
नयति—निअइ ।
अवपश्यति—अवयासइ ।
पश्यति—पासइ ।

૪૧૫ दृश प्रेक्षणे ।

नि ઉપસર્ગ પછી આવેલા ध्या ધાતુને વિકરણનો अ લગાડ્યા પછી निज्झाअइ—જુએ છે—પ્રયોગ થાય છે. સરખાવો—निध्यायति. આ ધાતુ સ્વરાંત હોવાથી ૮।૪।૨૪૦ સૂત્રથી છેડે अ કારનો આગમ વિકલ્પે આવે છે. એટલે झाइ અને झाअइ અથવા नि સાથે निज्झाइ, निज्झाअइ એમ બે રૂપો થાય છે. આ રૂપોને दृश् ધાતુ સાથે કોઈ સંબંધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्पृशः फास-फंस-फरिस-छिव-छिह-आलुङ्ख-आलिहाः ॥८।४।१८२॥

स्पृश् ધાતુને બદલે फास, फंस, फरिस, छिव, छिह, आलुङ्ख અને आलिह એમ સાત ધાતુઓ વપરાય છે.

स्पृश्+स्पृशति–સ્પર્શ કરે છે
फास–फासइ સ્પર્શ કરે છે–અડકે છે–અડે છે
फंस–फंसइ ,,
फरिस–फरिसइ ,,
छिव–छिवइ ,, છબે છે–છુએ છે.
छिह–छिहइ ,,
आलुङ्ख–आलुङ्खइ ,,
आलिह–आलिहइ ,,

સરખાવો–छुपति–छिवइ । १३७१ छुप स्पर्शे ।
आलिखति–आलिहइ ।

૧૪૧૨ स्पृश् संस्पर्शे ।

## प्रविशेः रिअः ॥८।४।१८३॥

प्र ઉપસર્ગ સાથેના विश ધાતુને બદલે रिअ ધાતુ વિકલ્પે વપરાય છે.

प्र+विश–प्रविशति पविसइ–પ્રવેશ કરે છે.
रिअ–रिअइ ,,

સરખાવો—रीयते–रिअइ । १२४७ री એટલે ટપકવું–ઝરવું–ચૂવું, આ री દ્વારા रिअइ સાધી શકાય છે.

१४१५ विश प्रवेशने ।

## प्राद् मृश-मुषोः म्हुसः ॥८।४।१८४॥

प्र ઉપસર્ગ સાથેના मृश् અને मुष् ધાતુને બદલે म्हुस् ધાતુ વપરાય છે.

प्र+मृश–प्रमृशति–पम्हुस्–पम्हुसइ–સ્પર્શ કરે છે.
प्र+मुष–प्रमुष्णाति–पम्हुस्–पम्हुसइ–ચોરી કરે છે

૧૪૧૬ मृश आमर्शने । आमर्शन–સ્પર્શ કરવો.

૧૫૬૩ मुष स्तेये । स्तेय–ચોરી કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पिषेः णिवह-णिरिणास-णिरिणज्ज-रोञ्च-चड्डाः ॥८।४।१८५॥

पिष् ધાતુને બદલે णिवह, णिरिणास, णिरिणज्ज, रोञ्च અને चड्ड એમ પાંચ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

पिष्-पिनष्टि-पीसइ-પીસે છે-ચૂરેચૂરા કરી નાંખે છે.

णिवह-णिवहइ- ,,

णिरिणास-णिरिणासइ- ,,

णिरिणज्ज-णिरिणज्जइ- ,,

रोञ्च-रोञ्चइ- ,,

चड्ड-चड्डइ ,,

સં૰ निवधति અથવા निबाधते પ્રા૰ णिवहइ।

સં૰ निर्णश्यति પ્રા૰ णिरिणासइ।

સં૰ निर्णह्यते પ્રા૰ णिरिणज्झइ।

સં૰ लुञ्चति પ્રા૰ रोञ्चइ

૧૪૯૩ पिष् संचूर्णने।

## भषेः भुक्कः ॥८।४।१८६॥

भष् ધાતુને બદલે भुक्क ધાતુ વિકલ્પે વપરાય છે

भष्-भषति-भसइ-ભસે છે, ભૂંકે છે-કૂતરાના અવાજને 'ભસવું' કહેવાય છે અને ગધેડાના અવાજને 'ભૂંકવું' કહેવાય છે.

भुक्क-भुक्कइ-ભૂંકે છે, ભસે છે.

सं. बुक्कति પ્રા૰ भुक्कति। ૫૪ बुक्क भषणे। કોઈ સ્થળે भाषणे પણ પાઠ છે ૫૨૧ भष् भर्त्सने।

## कृषेः कड्ढ-साअड्ढ-अञ्च-आणञ्छ-आयञ्छ-आइञ्छाः ॥८।४।१८७॥

कृष् ધાતુને બદલે कड्ढ, साअड्ढ, अञ्च, आणञ्छ, आयञ्छ અને आइञ्छ એમ છ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

कृष्-कर्षति અથવા कृषति-करिसइ-ખેડે છે, ખેંચે છે

कड्ढ-कड्ढइ- કાઢે છે ,, ,,

साअड्ढ-साअड्ढइ-,, ,, ,, ,,

अञ्च-अञ्चइ- ,, ,, ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आणञ्छ=आणञ्छइ-ખેંચે છે, ખેંચે છે.

आयञ्छ=आयञ्छइ- ,, ,,

आइञ्छ=आइञ्छइ- ,, ,,

સં૦ कृष्टयति प्रा० कड्डइ ।

સં૦ संकृष्टयति प्रा० साअड्डइ ।

સં૦ अञ्चति प्रा० अञ्चइ ।

સં૦ अन्वाञ्छति प्रा० अणञ्छइ ।

સં૦ आञ्छति प्रा० आइञ्छइ ।

૫૦૬ તથા ૧૩૧૯ कृष् विलेखने ।

## असौ अक्खोडः ॥८।४।१८८॥

कृष् ધાતુનો સંબંધ 'તરવાર' સાથે હોય તો कृषने બદલે अक्खोड ધાતુ વપરાય છે.

कृष्-कर्षति અથવા कृषति-अक्खोड-अक्खोडइ-તરવારને મ્યાનમાંથી ખેંચે છે-કાઢે છે

સં૦ आखोडयति अक्खोडइ ।

આ સાથે ૧૮૬૩ खोट, ૨૫૧ खोड, ૧૫૧૮ कुट्ट, અથવા ૧૬૦૧ खुट्ट કે चुट्ट તથા ૧૮૦૬ कुट.

૫૦૬ તથા ૧૩૧૯ कृष् विलेखने ।

## गवेषेः ढुण्ढुल्ल-ढण्ढोल-गमेस-घत्ताः ॥८।४।१८९॥

गवेष् ધાતુને બદલે ढुण्ढुल्ल, ढण्ढोल, गमेस અને घत्त એમ ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

गवेष-गवेषयति-गवेसइ

ढुण्ढुल्ल-ढुण्ढुल्लइ-ગવેષે છે-ઢંઢોળે છે-ઢૂંઢે છે-શોધે છે.

ढंढोल-ढंढोलइ- ,, ,, ,,

गमेस्-गमेसइ- ,, ,, ,,

घत्त-घत्तइ-ગોતે છે. ,, ,, ,,

'ગાયને શોધવી' એ ક્રિયાપદ દ્વારા गो+एष्-गवेष् ધાતુની કલ્પના થયેલી લાગે છે.

સરખાવો—गवेषयति-गमेसइ

૧૬૧૬ गवेष् मार्गणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्लिषेः सामग्ग–अवयास–परिअन्ताः ॥८।४।१९०॥

श्लिष् ધાતુને બદલે सामग्ग, अवयास અને परिअन्त એમ ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

श्लिष्–श्लिष्यति–सिलेसइ–ચોંટી જાય છે.

सामग्ग–सामग्गइ– ,, ,,

अवयास–अवयासइ ,, ,,

परिअन्त–परिअन्तइ– ,, ,,

सं० अवकाशते प्रा० अवयासइ।

अवपाशयति प्रा० अवयासइ।

पर्यन्तयति प्रा० परिअंतइ

१२१० श्लिष् आलिङ्गने।

## म्रक्षेः चोप्पडः ॥८।४।१९१॥

म्रक्ष् ધાતુને બદલે चोप्पड ધાતુ વિકલ્પે વપરાય છે

म्रक्ष्–म्रक्षति–मक्खइ–ચોપડે છે

चोप्पड–चोप्पडइ– ,,

५६८ मक्ष संघाते। સંઘાત–ભેગું થવું–ચોંટી જવું.

'માખણ' શબ્દ म्रक्ष ધાતુ દ્વારા પેદા થયેલ છે.

ભાષામાં'માખવું'–ચોપડવું'–ક્રિયાપદ પ્રચલિત છે.

## काङ्क्षेः आह–अहिलङ्घ–अहिलङ्ख–वच्च–वम्फ–मह–सिह–विलुम्पाः ॥८।४।१९२॥

काङ्क्ष् ધાતુને બદલે आह, अहिलङ्घ, अहिलङ्ख, वच्च, वम्फ, मह, सिह, અને विलुम्प એમ આઠ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

काङ्क्ष्–काङ्क्षति–कंखइ–કાંક્ષા કરે છે–ઇચ્છે છે.

आह–आहइ–ઇચ્છે છે

अहिलङ्घ्–अहिलङ्घइ– ,,

अहिलङ्ख्–अहिलङ्खइ અભિલાષ કરે છે

वच्च्–वच्चइ– વાંચે છે–વાંછે છે

वम्फ्–वम्फइ– ,,

मह्–महइ– ,,

सिह्–सिहइ સ્પૃહા કરે છે

विलुम्प्–विलुम्पइ– ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરખાવો—अभिलषति–अहिलङ्घइ, अहिलङ्खइ ।
वाञ्छति–वच्चइ ।
स्पृहयति–सिहइ

'તમારું બૂરું વાંચતો નથી' એ વાક્યમાં 'વાંચતો' એટલે 'ઇચ્છતો' અર્થ છે અને એનો સંબંધ वच्च કે वंछ ધાતુ સાથે ન જોડી શકાય ?

९२७ लष् कान्तौ ।

## प्रतीक्षेः सामय-विहीर-विरमालाः ॥८।४।१९३॥

प्रति ઉપસર્ગ સાથેના ईक्ष् ધાતુને બદલે सामय, विहीर અને विरमाल એમ ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

प्रतीक्ष्–प्रतीक्षते–पडिक्खइ
सामय्–सामयइ–વાટ જુએ છે.
विहीर–विहीरइ– ,,
विरमाल–विरमालइ– ,,

સરખાવો—विधीरयति–विहीरइ–વિશેષ ધીરજ રાખે છે

સં० समयति પ્રા० सामयइ–સમયની પ્રતીક્ષા કરે છે

८८२ ईक्ष् दर्शने ।

## तक्षेः तच्छ-चच्छ-रम्प-रम्फाः ॥८।४।१९४॥

तक्ष् ધાતુને બદલે तच्छ, चच्छ, रम्प અને रम्फ એમ ચાર ધાતુઓ વિકલ્પે વપરાય છે.

तक्ष्–तक्षति–तक्खइ,
तच्छ्–तच्छइ–તાસે છે–છોલે છે–પાતળું કરે છે.
चच्छ्–चच्छइ– ,, ,,
रम्प्–रम्पइ– ,, ,,
रम्फ्–रम्फइ– ,, ,,

સં० रम्पति પ્રા० रम्पइ । ભાષામાં 'રાંપ'.
સં० रम्फति પ્રા० रम्फति ।

५७१ तक्ष तनूकरणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विकसेः कोआस-वोसट्टौ ॥८।४।१९५॥

वि ઉપસર્ગ સાથેના कस् ધાતુને બદલે कोआस અને वोसट्ट ધાતુઓ વિકલ્પે વપરાય છે.

विकस्—विकसति—विकसइ,
कोआस्—कोआसइ—વિકસે છે
वोसट्ट—वोसट्टइ— ,,

९८७ कस गतौ ।

## हसेः गुञ्जः ॥८।४।१९६॥

हस् ધાતુને બદલે गुञ्ज ધાતુ વિકલ્પે વપરાય છે.

हस्—हसति—हसइ,
गुञ्ज—गुञ्जइ—ગુંજે છે—હસે છે.

સરખાવો—गुञ्जति—गुञ्जइ

५४५ हस हसने ।

## स्रंसेः ल्हस-डिम्भौ ॥८।४।१९७॥

स्रंस् ધાતુને બદલે ल्हस અને डिम्भ એમ બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

स्रंस्—स्रंसते—संसइ—ઢીલું પડી જાય છે—સરી જાય છે.
ल्हस्—ल्हसइ ,, ,, ,,
परिल्हसइ सलिलवसणं—પહેરેલું પાણીવાળું—પાણીથી ભીનું થયેલું—વસ્ત્ર સરી પડે છે—स्रंसते सलिलवसनम् ।
डिम्भ्—डिम्भइ—ઢીલું પડી જાય છે, સરી જાય છે.

સરખાવો—डिप्यति—डिम्भइ—डिप् ધાતુ ११९६મો છે

સં० ह्लसति પ્રા० ल्हसति—ह्लना ल्ह માટે જુઓ ८।२।७६।

९५३ स्रंस् अवस्रंसने ।

## त्रसेः डर-वोज्ज-वज्जाः ॥८।४।१९८॥

त्रस् ધાતુને બદલે डर वोज्ज અને वज्ज એમ ત્રણ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

त्रस्—त्रस्यति—तसइ, तासति—ત્રાસે છે—ડરે છે
डर्—डरइ— ડરે છે.
वोज्ज्—बोज्जइ ,,
वज्ज्—बज्जइ— ,,

१०१५ दृ भये ધાતુ દ્વારા સં० दरति પ્રા० डरइ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## न्यसः णिम-णुमौ ॥८।४।१९९॥

नि સાથેના अस् ધાતુને બદલે णिम અને णुम એવા બે ધાતુઓ વપરાય છે.

न्यस्-न्यस्यति—ન્યાસ કરે છે

णिम-णिमइ-નીમે છે-સ્થાપિત કરે છે

णुम-णुम-णुमइ- ,, ,,

૧૨૨૧ नि સાથે अस क्षेपणे ।

## पर्यसः पलोट्ट-पल्लट्ट-पल्हत्थाः ॥८।४।२००॥

परि સાથેના अस् ધાતુને બદલે પલોટ્ટ, पल्लट्ट અને पल्हत्थ એમ ત્રણ ધાતુઓ વપરાય છે.

पर्यस्-पर्यस्यति-બદલાઈ જાય છે.

पलोट्ट-पलोट्टइ- ,,

पल्लट्ट-पल्लट्ट -પલટો ખાય છે

पल्हत्थ-पल्हत्थइ- ,,

સં० पर्यस्तयति પ્રા० पल्हत्थइ । ८।२।६८। तथा ८।४।२५८ ।

ભાષામાં પલાંઠી કે પલોંઠી શબ્દ પ્રચલિત છે. આ માટે ગુજરાતી એક મોટા સાક્ષરે पदयष्टि શબ્દને મૂળરૂપે કલ્પેલો જણાય છે પણ મૂળરૂપે पर्यस्तिका શબ્દ જ બરાબર છે पर्यस्तिका-पल्हत्थिआ-पल्लत्थिआ-પલોંઠી કે-પલાંઠી કે પલથી.

૧૨૨૧ अस क्षेपणे ।

## निःश्वसेः झङ्खः ॥८।४।२०१॥

निर् સાથેના श्वस् ધાતુને બદલે झङ्ख ધાતુ વિકલ્પે વપરાય છે.

निःश्वस्-निःश्वसिति-नीससइ-નીસાસા નાખે છે.

झङ्ख-झङ्खइ-ઝંખે છે, ,,

૧૦૬૦ श्वस प्राणने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उल्लसेः ऊसल-ऊसुम्भ-णिल्लस-पुलआअ-गुञ्जोल्ल-आरोआः ॥८।४।२०२॥

उत् સાથેના लस् ધાતુને બદલે ऊसल, ऊसुम्भ અથવા ऊसुंभ, णिल्लस, पुलआअ, गुञ्जोल्ल અને आरोअ એમ છ ધાતુઓ વિકલ્પે વપરાય છે.

उल्लस्–उल्लसति–उल्लसइ–ઉલ્લાસ પામે છે

ऊसल्–ऊसलइ ,,
ऊसुम्भ–ऊसुम्भइ ,,
णिल्लस–णिल्लसइ ,,
णेल्लस ]–णेल्लसइ ,,
पुलआअ ]–पुलआअइ ,,
गुञ्जोल्ल ]–गुञ्जोल्लइ ,,
गुञ्जुल्ल ]–गुञ्जुल्लइ ,,
आरोअ–आरोअइ ,,

સરખાવો—उल्लसति–ऊसलइ ।

ऊसलइ આ પ્રયોગમાં ल्स નું ઊલટું सल થઈ ગયેલ છે.

उत्सुम्भति–ऊसुम्भइ ।
पुलकायते–पुलआअइ ।
निर्लसति–णिल्लसइ
आरोअइ–आरोचते–

૫૪૩ लस श्लेषण–क्रीडनयोः ।

## भासेः भिसः ॥८।४।२०३॥

भास् ધાતુને બદલે भिस ધાતુ વિકલ્પે વપરાય છે.

भास्–भासते–भासइ,
भिस्–भिसइ–ભાસે છે–દીપે છે.

૮૪૬ भास दीप्तौ ।

## ग्रसेः घिसः ॥८।४।२०४॥

ग्रस् ધાતુને બદલે घिस ધાતુ વિકલ્પે વપરાય છે.

ग्रस्–ग्रसते–गसइ–ગળચે છે–ગ્રાસ લે છે–કોળિયો ભરે છે.
घिस–घिसइ–ખાય છે.

સં० घसति પ્રા० घिसइ ।

૮૫૪ ग्रस अदने ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अवाद् गाहे: वाहः ॥८।४।२०५॥

अव સાથેના गाह् ધાતુને બદલે अव સાથે वाह ધાતુ વિકલ્પે વપરાય છે.

अवगाह्–अवगाहते–अवगाहइ, ओगाहइ–ઊંડું ઉતરે છે–અવગાહન કરે છે
अव+वाह–ओवाहइ–ઊંડું ઉતરે છે– અવગાહન કરે છે.

૮૭૧ गाहू विलोडने ।

## आरुहे: चड–वलग्गौ ॥८।४।२०६॥

આ સાથેના रुह् ધાતુને બદલે चड અને वलग्ग એમ બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

आरुह्–आरोहति–आरुहइ આરોહણ કરે છે.
चड्–चडइ–ચડે છે–
वलग्ग्–वलग्गइ–વળગે છે–,, ,,

સરખાવો—विलगते–विलग्गइ

१७३४ चट—चटति–चडइ

## मुहेः गुम्म-गुम्मडौ ॥८।४।२०७॥

मुह् ધાતુને બદલે गुम्म અને गुम्मड એમ બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

मुह्–मुह्यति–मुज्झइ–મુંઝાય છે–વિચાર ગુમ થઈ જાય છે–વિચારી શકતો નથી
गुम्म–गुम्मइ ,, ,, ,,
गुम्मड्–गुम्मडइ ,, ,, ,,

१२३८ मुह् वैचित्त्ये ।

## दहेः अहिऊल-आलुङ्खौ ॥८।४।२०८॥

दह् ધાતુને બદલે अहिऊल અને आलुङ्ख એમ બે ધાતુઓ વિકલ્પે વપરાય છે.

दह-दहति–डहइ–દહે છે.
अहिऊल–अहिऊलइ ,,
आलुंखति ,,

सं० अभिपूलति प्रा० अहिऊलइ ।
सं० आलङ्खति प्रा० आलुङ्खइ ।

५५२ दह भस्मीकरणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्रहः वल-गेण्ह-हर-पङ्ग-निरुवार-अहिपच्चुआः ॥८।४।२०९॥

ग्रह धातुने બદલે वल, गेण्ह, हर, पङ्ग, निरुवार અને अहिपच्चुअ એમ છ ધાતુઓ વપરાય છે.

ग्रह्–गृह्णाति–गिण्हइ–ગ્રહણ કરે છે
वल–वलइ– વળે છે ,,
गेण्ह–गेण्हइ– ,, ,,
हर–हरइ– ,, ,,
पङ्ग–पङ्गइ– ,, ,,
निरुवार–निरुवारइ ,,
अहिपच्चुअ–अहिपच्चुअइ ,,

સરખાવો —गृह्णाति–गेण्हइ ।
हरति–हरइ ।
प्राङ्गति–पंगइ ।

१५१७ ग्रह् उपादाने ।

## त्त्वा-तुम्-तव्येषु घेत् ॥८।४।२१०॥

क्त्वा, तुम् અને तव्य પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ग्रह् ધાતુને બદલે घेत् ધાતુ વાપરવો.

क्त्वा–ग्रह्+क्त्वा–गृहीत्वा–घेत्+तूण=घेत्तूण, घेत्+तुआण–घेत्तुआण–ગ્રહણ કરીને.

બહુલં અધિકારને લીધે કોઈ કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો નથી.

त्वा–ग्रह्+त्वा–गृहीत्वा–गेण्हिअ ।
तुम्–ग्रह्+तुम्–ग्रहीतुम्–घेत्+तुम्–घेत्तुं–ગ્રહણ કરવા માટે
तव्य–ग्रह्+तव्य–ग्रहीतव्यम् , घेत्+तव्यम्–घेत्तव्वं–ગ્રહણ કરવા યોગ્ય.

## वचो वोत् ॥८।४।२११॥

क्त्वा, तुम्, तव्य પ્રત્યયો લાગ્યા હોય તો वच् ધાતુને બદલે वोत् ધાતુ વાપરવો.

वच्+त्वा–उक्त्वा–બોલીને
वच्+क्त्वा–वोत्+तूण=वोत्तूण–બોલીને
वच्+तुम्–वक्तुम्–वोत्+तुं–वोत्तुं–બોલવા માટે
वच्+तव्यम्–वक्तव्यम्–वो+त्तव्वं–वोत्तव्वं–બોલવાનું.

१०९६ वच् भाषणे ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## रुद्-भुज-मुचां तः अन्त्यस्य ॥८।४।२१२॥

क्त्वा, तुम् અને तव्य પ્રત્યયો લાગ્યા હોય તો रुद् ને બદલે रोत् થઈ જાય છે. भुज् નું भोत् અને मुच् નું मोत् થઈ જાય છે.

रुद्+त्वा-रोदित्वा-रोत्तूण-રોઈને-રડીને
रुद्+तुम्=रोदितुम्-रोत्तुं-રોવા-રડવા-માટે
रुद+तव्य-रोदितव्यम्-रोत्तव्वं-રોવાનું-રડવાનું
भुज्++त्वा-भुक्त्वा-मोत्तूण-ખાઈને
भुज+तुम्-भोक्तुम्-भोत्तुं-ખાવા માટે
भुज+तव्य-भोक्तव्यम्-भोत्तव्वं-ખાવાનું
मुच्+त्वा-मुक्त्वा-मोत्तूण-મૂકીને
मुच्+तुम्-मोक्तुम्-मोत्तुं-મૂકવા માટે
मुच्+तव्य-मोक्तव्यम्-मोत्तव्वं-મૂકવાનું

१०८७ रुद् अश्रुविमोचने ।
१४८७ भुज् पालन-अभ्यवहारयोः ।
१३२० मुच् मोक्षणे ।

## दृशः तेन ट्ठः ॥८।४।२१३॥

दृश् ધાતુને क्त्वा, तुम् અને तव्य વગેરે આદિમાં त કારવાળા પ્રત્યયો લાગ્યા હોય તો, તે તે પ્રત્યયોના त કાર સાથે दृश् ના અંત્ય श् નો ट्ठ થાય છે.

दृष्ट्वा ને બદલે दट्ठूण-જોઈને
द्रष्टुम् ,, दट्ठुं-જોવા માટે
द्रष्टव्यम् ,, दट्ठव्वं-જોવાનું

## आ कृगः भूत-भविष्यतोश्च ॥८।४।२१४॥

ભૂતકાળના અને ભવિષ્યકાળના પ્રત્યયો તથા क्त्वा, तुम् અને तव्य પ્રત્યયો લાગ્યા હોય ત્યારે कृ ને બદલે का વપરાય છે.

ભૂત૦-कृ+हीअ=का+हीअ+काहीअ-अकार्षीत्, अकरोत्, चकार-કર્યું
ભવિ૦-कृ+हिइ-काहिइ-करिष्यति-આજે કરશે, कर्ता-આવતી કાલે કરશે.
क्त्वा-कृ+ऊण=काऊण-कृत्वा-કરીને.
तुम्-कृ+तुम्-काउं-कर्तुम्-કરવા માટે.
तव्य-कृ+तव्व=कातव्वं-અથવા कायव्वं-कर्तव्यम्-કરવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## गम्-इष्-यम्-आसां छः ॥८।४।२१५॥

गम्, इष्, यम् અને आस् ધાતુના છેડાના વ્યંજનનો छ કરી દેવો.

गम्+अइ-गच्छ्+अइ-गच्छइ-જાય છે.
इष्+अइ-इच्छ्+अइ-इच्छइ-ઇચ્છે છે
यम्+अइ-जच्छ्+अइ-जच्छइ-નિયમ કરે છે
आस्+अइ-अच्छ्+अइ-अच्छइ-બેસે છે.

३९६ गम् गतौ।
१४९९ इष् इच्छायाम्।
३८६ यम् उपरमे।
१११९ आस् उपवेशने।

## छिदि-भिदः न्दः ॥८।४।२१६॥

छिद् ને બદલે छिन्द् અને भिद् ને બદલે भिन्द् રૂપો વાપરવાં.

छिद्-छिनत्ति-छिंद्+अ+इ-छिंदइ-છેદે છે.
भिद्-भिनत्ति-भिंद्+अ+इ-भिंदइ-ભેદે છે.

१४७८ छिद् द्वैधीकरणे।
१४७७ भिद् विदारणे।

## युध-बुध-गृध-क्रुध-सिध-मुहां ज्झः ॥८।४।२१७॥

युध् નો जुज्झ, बुध् નો बुज्झ, गृध् નો गिज्झ, क्रुध् નો कुज्झ, सिध् નો सिज्झ અને मुह् નો मुज्झ થાય છે:

युध्-जुज्झ-जुज्झइ-ઝૂઝે છે-યુદ્ધ કરે છે-युध्यते।
बुध्-बुज्झ-बुज्झइ-બૂઝે છે-સમજે છે-बुध्यते।
गृध्-गिज्झ-गिज्झइ-લાલચ રાખે છે-गृध्यति।
क्रुध्-कुज्झ-कुज्झइ-ક્રોધ કરે છે-क्रुध्यति।
सिध्-सिज्झ-सिज्झइ-સિદ્ધ કરે છે-सिध्यति।
मुह्-मुज्झ-मुज्झइ-મુંઝાય છે-मुह्यति।

१२६० युध् संप्रहारे।
१२६२ बुध् ज्ञाने।
११८७ गृध् अभिकाङ्क्षायाम्।
११८४ क्रुध् कोपे
११८५ सिध् संराद्धौ
१२३८ मुह् वैचित्त्ये।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## रुधः न्ध-म्भौ च ॥८।४।२१८॥

रुध् ને બદલે रुन्ध અને रुम्भ એવાં રૂપો વાપરવાં તથા रुध् ને બદલે रुज्झ એવું રૂપ પણ વાપરવું.

रुध्–रुन्ध–रुन्धइ–રુંધે છે–રોકે છે–रुणद्धि ।
रुध्–रुम्भ–रुम्भइ ,, ,,
रुध्–रुज्झ–रुज्झइ ,, ,,

૧૪૭૩ रुध् आवरणे ।

## सद–पतोः डः ॥८।४।२१९॥

सद् ધાતુનું सड અને पत् ધાતુનું पड એવાં રૂપો થાય છે.

सद्–सड–सडइ–સડે છે–सीदति
पत्–पड–पडइ–પડે છે–पतति

## क्वथ–वर्धां ढः ॥८।४।२२०॥

क्वथ ધાતુને બદલે कढ અને वर्ध ને બદલે वड्ढ તથા वृध् ધાતુના બનેલા वर्ध ને બદલે પણ वड्ढ–વપરાય છે.

क्वथ्–कढ–कढइ–કઢે છે–ઉકાળે છે–કઢી, કાઢો–क्वथते ।
वर्ध, वृध् ]–वड्ढ–वड्ढइ–વધે છે–वर्धयति, वर्धते ।

वड्ढइ पवयकलयलो–દેડકાંનો કે વાંદરાંનો કકળાટ વધે છે–वर्धते प्लवग–कलकलः ।
परिवड्ढइ लायण्णं–લાવણ્ય વધે છે–परिवर्धयति लावण्यम् ।

પ્ર૦—મૂળ સૂત્રમાં બે જ ધાતુઓનો નિર્દેશ છે તો 'क्वथ–वर्धोः' એમ દ્વિવચન જ હોવું જોઈએ પણ મૂળમાં 'वर्धाम्' એમ બહુવચન છે તેનું શું કારણ ?

ઉ૦—वर्ध ધાતુ બે છે. એક તો वर्ध ધાતુ સ્વતંત્ર છે અને બીજો वर्ध ધાતુ वृध् નો વર્ધ બને છે તે છે. એ બન્ને વર્ધને અહીં સમજવાના છે. એવું સૂચવવા મૂળ સૂત્રમાં 'वर्धाम्' એમ બહુવચન મૂક્યું છે. અર્થાત્ એક क्वथ ધાતુ, બીજો वर्ध ધાતુ અને ત્રીજો वृध નો બનેલો વર્ધ ધાતુ એમ કુલ ત્રણ ધાતુઓ અહીં લેવાના છે એથી બહુવચન જ હોય એ ઉચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वेष्टः ॥८।४।२२१॥

वेष्ट ના ष्ट નો ८।२।३४ સૂત્ર દ્વારા ठ કર્યા પછી ८।१।१९९ નિયમ દ્વારા ठ નો ढ થઈ જાય તેમ છે છતાં સૂત્રકાર આ સૂત્ર બનાવીને वेष्ट ના ष्ट નો ढ કરવાનું સૂચવે છે.

वेष्ट–वेष्टते–वेढ–वेढइ–વીંટે છે વેઢ.

वेष्ट्यते– „ वेढिज्जइ–વીંટાય છે.

३७३ वेष्ट् वेष्टने ।

## समः ल्लः ॥८।४।२२२॥

सम् ઉપસર્ગ સાથેના वेष्ट् ધાતુનું वेल्ल રૂપ થાય છે.

सम्+वेष्ट्–संवेष्टते–संवेड्ढइ–સારી રીતે વીંટે છે–સારી રીતે બાંધે છે.

सम्+वेल्ल–संवेल्लइ „

## वा उदः ॥८।४।२२३॥

उत् ઉપસર્ગ સાથેના वेष्ट् ધાતુનું वेल्ल રૂપ વિકલ્પે થાય છે.

उत्+वेष्ट–उद्वेष्टते–उव्वेड्ढइ–ઉકેલે છે–છૂટું કરે છે.

उद्वेल्ल–उव्वेल्लइ „ „ ઊભળે છે ઊભળે છે.

## स्विदां ज्जः ॥८।४।२२४॥

स्विद् વગેરે ધાતુઓના द्य ને બદલે ज्ज થાય છે.

स्विद्–स्विद्यति–सिज्ज–सिज्जइ–સ્વેદ–પરસેવો–થાય છે–શરીર પરસેવે ટપકે છે.

सव्वंग–सिज्जिरीए–આખા અંગમાં–પરસેવે રેબઝેબ થયેલી–પરસેવાવાળી–सर्वाङ्गस्वेदनशीलायाः

सम्+पद्–संपद्यते–संपज्ज–संपज्जइ–સંપાદન કરે છે–પ્રાપ્ત કરે છે.–સંપે સંપતિ સંપજે

खिद्–खिद्यते–खिज्ज–खिज्जइ–ખેધે છે–ખીજે છે–દીન બને છે–ખેદ કરે છે.

સૂત્રમાં 'स्विदाम्' એમ બહુવચન મૂકીને આચાર્ય એમ જણાવે છે કે स्विद् ધાતુ અને તેની જેવા બીજા ધાતુઓ કે જેમાં 'ज्ज' થયેલો જણાતો હોય તે બધા ધાતુઓને અહીં લેવાના છે અને પ્રયોગ અનુસાર તેમનાં રૂપો સાધવાનાં છે.

११७८ स्विद् गात्रप्रक्षरणे ।

१२५७ पद् गतौ ।

१२५९ खिद् दैन्ये ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## व्रज्-नृत्-मदां च्चः ॥८।४।२२५

व्रज् નું वच्च, नृत्य નું नच्च અને मद्य નું मच्च રૂપ થાય છે.

व्रज्–व्रजति–वच्च–वच्चइ–જાય છે.

नृत्–नृत्यति–नच्च–नच्चइ–નાચે છે.

मद्–माद्यति–मच्च–मच्चइ–માચે છે–હર્ષ કરે છે–"રંગે રાચ્યા ને વળી માચ્યા રે" શ્રીયશોવિજયજી ઉપાધ્યાય

१३७ व्रज् गतौ ।

११५२ नृत् नर्तने ।

१२३६ मद् हर्षे ।

## रुद्–नमो वः ॥८।४।२२६॥

रुद् નું रुव અને नम् નું नव રૂપ થાય છે.

रुद्–रुदति–रुवइ, रोवइ–રુએ છે.

नम्–नमति–नवइ–નમે છે–નમન કરે છે.

## उद्विजः ॥८।४।२२७॥

उत् ઉપસર્ગ સાથેના विज् ધાતુનું उव्विव રૂપ થાય છે.

उद्+विज्–उद्विजते–उव्विवइ–ઉદ્વેગ પામે છે.

उद्वेगः–उव्वेवो–ઉદ્વેગ.

१४६८ विज् भय–चलनयोः ।

## खाद्–धावोः लुक् ॥८।४।२२८॥

खाद् ધાતુને બદલે खा અને धाव् ધાતુને બદલે धा રૂપ વપરાય છે.

खाद्–खादति–खा+इ–खाइ, खाअइ ખાય છે.

खादिष्यति–खा+हिइ–खाहिइ–ખાહે–ખાશે.

खादतु–खा+उ–खाउ–ખાઓ. અથવા ખાવું જોઈએ

धाव्–धावति–धा–इ–धाइ–ધાય છે–દોડે છે.

धाविष्यति–धा+हिइ–धाहिइ–દોડશે.

धावतु–धा+उ–धाउ=દોડવું જોઈએ અથવા દોડો.

"धा નાખવી' એટલે 'धांह' 'તમે દોડો' એમ કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુલંના અધિકારને લીધે આ નિયમ વર્તમાના, ભવિષ્યંતી અને વિધિ આદિના એકવચનમાં જ લાગે છે તેથી બહુવચનમાં આ નિયમ ન લાગે, જેમ કે—

સૃજ ધાતુના 'ज' નો 'र' થાય છે એટલે खादन्ति અને धावन्ति ।

કોઈ કોઈ પ્રયોગમાં એકવચનમાં પણ धा થતા નથી. જેમકે—

धावइ पुरओ–આગળ દોડે છે–धावति पुरतः ।

२९४ खाद् भक्षणे ।

९२० धाव् गति-शुद्धयोः । ગતિ–દોડવું, શુદ્ધિ–ધોવું.

## सृजः रः ॥८।४।२२९॥

सृज् ધાતુના 'ज'નો 'र' થાય છે, એટલે सृज् ધાતુનું सिर રૂપ થાય છે.

नि+सृज–निसृजति–नि+सिर+इ–निसिरइ–દાન દે છે.

वि+उत्+सृज–व्युत्सृजति–वो+सिर+इ–वोसिरइ–ત્યાગ કરે છે–છોડી દે છે.

वि+उत्+सृजामि–व्युत्सृजामि–वो+सिर+मि–वोसिरामि–હું છોડી દઉં છું–હું તજી દઉં છું.

१३४९ सृज विसर्गे ।

## शकादीनां द्वित्वम् ॥८।४।२३०॥

शक् વગેરે ધાતુઓના અંત્ય વ્યંજન બેવડા–ડબલ–થાય છે.

शक्–सक्क–सक्कइ–કરી શકે છે–शक्नोति ।

जिम्–जिम्म–जिम्मइ–જમે છે–जेमति ।

लग्–लग्ग–लग्गइ–લાગે છે–लगते ।

मग्–मग्ग–मग्गइ–માગે છે–मार्गयति ।

कुप्–कुप्प–कुप्पइ–કોપે છે–कुप्यति ।

नश्–नस्स–नस्सइ–નાસે છે–ભાગે છે–નાશ પામે છે–नश्यति ।

अट्–अट्ट–अट्टइ–આથડે છે–આંટા મારે છે, ફરે–છે–अटति ।

परि+अट्–परिअट्ट–परिअट्टइ–परिअट्टइ – પ્રવાસ કરે છે – દેશાટન કરે છે. પરિ–ચારે બાજુ, अटति–અટે છે ફરે છે પર્યટન કરે છે–पर्यटति.

प्र+लुट्–पलुट्ट–पलुट्टइ–પલોટે છે–નવી ટેવ પાડે છે–प्रलोटते ।

तुट्–तुट्ट–तूटे છે–કલહ કરે છે. तुटति ।

नट्–नट्ट–नट्टइ–નાચે છે. नटति ।

सिव्–सिव्व–सिव्वइ–સીવે છે–सीव्यति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇત્યાદિ એટલે આ પ્રમાણે જે પ્રયોગોમાં અંત્ય વ્યંજન બેવડો થયેલો દેખાય ત્યાં બધેજ અંત્ય વ્યંજન બેવડો કરી દેવો તથા આવા બીજા પણ અનેક પ્રયોગો સાધી લેવા.

૩૮૪ जिम् अदने ।
१०२४ लग् सङ्गे ।
१९५० मार्ग अन्वेषणे ।
११९१ कुप् क्रोधे ।
१९४ अट्ट गतौ ।
९४१ लुट् प्रतीघाते ।
१४३८ तुट् कलहकर्मणि ।
१८७ नट् नृत्तौ ।
११६४ सिव् उतौ ।

## स्फुटि-चलेः ॥८।४।२३१॥

स्फुट्‌નું फुट्ट અને चल્‌નું चल्ल રૂપ વિકલ્પે વપરાય છે.

स्फुट्-फुट्ट-फुट्टइ-ખીલે છે-स्फुटति
चल्-चल्ल-चल्लइ-ચાલે છે-चलति

१४४० स्फुट् विकसने ।
९७२ चल् कम्पने ।

## प्रादेः मीलेः ॥८।४।२३२॥

प्र વગેરે ઉપસર્ગ પછી આવેલા मील्‌ને બદલે मिल्ल ધાતુ વિકલ્પે વપરાય છે.

प्र+मीलति-पमीलइ, पमिल्लइ-મળે છે.
नि+मीलति-निमीलइ, निमिल्लइ-આંખ મીંચી જાય છે.
सम्+मीलति-संमीलइ, संमिल्लइ-ભેગો થાય છે-મળે છે.
उद्+मीलति-उम्मीलइ, उम्मिल्लइ—ઉઘડે છે-વિકાસ પામે છે.

मीलइ-આ રૂપમાં प्र વગેરે કોઈ ઉપસર્ગ નથી તેથી આ નિયમ ન લાગે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उवर्णस्य अवः ॥८।४।२३३॥

ધાતુના છેવટના उवर्णनो अव થાય છે

इनुङ्–न्हव्–निण्हवइ–અપલાપ કરે છે–निह्नुते ।

हु–हव्–निहवइ–હોમ કરે છે–निजुहुते ।

च्युङ्–चव्–चवइ–સ્થાન પરથી ખસી જાય છે–च्यवते ।

रु–रव्–रवइ–રુએ છે. रौति ।

कु–कव्–कवइ–કુ કુ કરે છે–કુકવા કરે છે–અવાજ કરે છે. कौति ।

सू–सव्–सवइ–પ્રસવ–થાય છે. प्रसूते ।

प्र+सू–प+सव्–पसवइ–જન્મ આપે છે. प्रसूते ।

૧૧૦૬ ह्नु अपनयने દૂર કરવું અને नि સાથે હોય તો અપલાપ કરવો–ઓળવવું
૧૧૩૦ हु दान-अदनयोः દાન દેવું અને જમવું
૫૯૪ च्यु गतौ ચૂવું–ટપકવું, ગતિ કરવી
૧૦૮૫ रु शब्दे રોવું–અવાજ કરવો
૧૦૮૬ कु शब्दे કૂકવું–અવાજ–કરવો
૧૧૦૭ षू प्राणिगर्भविमोचने પ્રાણીના ગર્ભમાંથી છૂટું થવું—અવતાર ધારણ કરવો–જનમ લેવો

## ऋवर्णस्य अरः ॥८।४।२३४॥

ધાતુના છેડાના ऋ વર્ણનો अर થઈ જાય છે.

कृ–कर–करइ–કરે છે–करोति ।

धृ–धर–धरइ–ધારણ કરે છે–धरति

मृ–मर–मरइ–મરે છે–म्रियते ।

वृ–वर–वरइ–વરે છે–સ્વીકારે છે–वृणोति ।

सृ–सरइ–સરકે છે–सरति ।

हृ–हर–हरइ–હરે છે–हरति ।

तॄ–तर–तरइ–તરે છે–तरति ।

जॄ–जर–जरइ–જીર્ણ થાય છે–जीर्यति ।

૮૮૮ कृ–કરવું
૮૮૭ धृ धरणे–ધરવું
૧૩૩૩ मृ प्राणत्यागे મરવું
૧૨૯૪ वृ वरणे
૨૫ सृ गतौ ।
૮૮૧ हृ हरणे ।
तॄ પ્લવન–તરણયોઃ ।
૧૧૪ जॄ जरसि જીર્ણ થવું–ઘરડા થવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वृष्आदीनाम् अरिः ॥८।४।२३५॥

वृष् વગેરે ધાતુઓના ऋ નો अरि કરવો.

वृष्-वरिस-वरिसइ-વરસે છે-वर्षति।

कृष्-करिस-करिसइ-ખેંચે છે कर्षति અથવા कृषति।

मृष्-मरिस-मरिसइ-સહન કરે છે-मर्षति કે मृषति।

हृष्-हरिस-हरिसइ-ખોટું બોલે છે કે ખોટું કરે છે તથા હર્ષ પામે છે-हर्षति અથવા हृष्यति ।

૫૨૦ वृष संघाते हिंसायां च।
૫૨૭ वृष सेचने।
૧૮૧૩ वृष शक्तिबंधे।
૫૦૬ कृष विलेखने।
૫૨૮ मृष सहने सेचने च।
૫૩૫ हृष अलीके।
૧૨૧૪ हृष तुष्टौ।

જે ધાતુના પ્રયોગમાં 'ऋ' નો 'अरि' થયેલો જણાય તે ધાતુઓને वृषादि ગણમાં સમજવા.

## रुष्आदीनां दीर्घः ॥८।४।२३६॥

રુષ વગેરે ધાતુઓના વ્યંજનમાં રહેલ આદ્ય સ્વરનો દીર્ઘ થઈ જાય છે.

रुष-रूस-रूसइ-રોષ કરે છે-रुष्यति॥

तुष-तूस-तूसइ-સંતોષ પામે છે-तुष्यति।

शुष-सूस-सूसइ-સુકાય છે-शुष्यति।

दुष-दूस-दूसइ-દુષિત થાય છે-दुष्यति।

पुष-पूस-पूसइ-પુષ્ટ થાય છે-पुष्यति।

शास-सीस-सीसइ-અનુશાસન કરે છે-शास्ति।

૧૨૧૫ रुष रोषे।
૧૨૧૬ तुष तुष्टौ।
૧૨૦૮ शुष शोषणे।
૧૨૦૯ दुष वैकृत्ये
૧૧૭૫ पुष पुष्टौ।
૧૦૯૫ शास् अनुशिष्टौ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## युवर्णस्य गुणः ॥८।४।२३७॥

इ વર્ણાંત કે उ વર્ણાંત ધાતુઓના इ વર્ણનો અને उ વર્ણનો ગુણ થઈ જાય છે એટલે इवर्णनो ए તથા उवर्णनो ओ થાય છે.

जि+त्वा–जि+ऊण–जेऊण–જિતીને
नी+त्वा–नी+ऊण–नेऊण–લઈ જઈને
नी+ति–ने+इ–नेइ–લઈ જાય છે. (એ० વ०)
नी+न्ति–नेंति કે नेन्ति ,, (બ० વ०)–
उद्+डी+ति–उद्+डे+इ–उड्डेइ–ઊડે છે.,, (એ० વ०)
उद्+डी+न्ति–उद्–डेन्ति–उड्डेंति ', ,, (બ०વ०)
मुच्+त्वा–मुच्+ऊण–मोत्तूण–મૂકીને
श्रु+त्वा -सो+ऊण–सोऊण -સાંભળીને

કોઈ કોઈ પ્રયોગમાં આ નિયમ નથી લાગતો—

नीओ–नीतः–લઈ ગયેલ
उड्डीणो–उड्डीनः–ઊડેલ.

## स्वराणां स्वराः ॥८।४।२३८॥

ધાતુમાં રહેલા સ્વરોને બદલે બીજા સ્વરો બહુલં બોલાય છે.

भू–हवइ, हिवइ–થાય છે–भवति भू[1]ના ऊનો अ તથા इ ।
चि–चिणइ, चुणइ–ચુણે છે. એકઠું કરે છે, ચણે છે–चिनोति चिना इनो उ।
श्रत्+धा–सद्दहणं તથા सद्दहाणं–શ્રદ્ધા રાખવી–શ્રદ્ધાન–श्रद्धानम् ।
धाव्–धावइ, धुवइ–દોડે છે–धावति ।
धुवति–ધોવે છે धाव ના आ નો उ પણ થયો
रु–रुवइ, रोवइ–અવાજ કરે છે, રુએ છે–रौति ।

ક્યાંય આ નિયમ નિત્ય લાગે છે જેમકે—

देइ–ददाति–આપે છે.
लेइ–लाति–લે છે.
विधेइ–विहेइ–विदधाति કે विभाति–ધારણ કરે છે કે શોભે છે.

આ ત્રણ પ્રયોગમાં दा નો दे, ला નો ले તથા धा નો धे થયેલ છે.

नासइ–नश्यति–નાશ પામે છે.

આર્ષ પ્રયોગમાં ब्रू–ब्रूनुं बेमि રૂપ થાય છે. એટલે ब्रू ના ऊ નો ए થાય છે.

[1] भू હોવું કે થવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨૯૦ चि चयने ।
૧૧૩૯ घा ધારણ કરવું, દેવું
૯૨૦ धाव् ગતિ અને શુદ્ધિ
૧૦૮૫ रु અવાજ કરવો

| | |
|---|---|
| ૭<br>૬૦૪<br>૧૧૩૮ | दा દેવું |

૧૦૬૮ ला લેવું ગ્રહણ કરવું
૧૧૩૯ घा ધારણ કરવું, દેવું
૧૨૦૨ नशू નાસવું
૧૧૨૫ ब्रू સ્પષ્ટ બોલવું.
૧૦૭૩ भा શોભવું

## व्यञ्जनाद् अद् अन्ते ॥८।४।२३९॥

તમામ વ્યંજનાંત ધાતુઓને છેડે अ ઉમેરાય છે.

भ्रम्–भमइ–ભમે છે–भ्रमति ।
हस्–हसइ–હસે છે–हसति
कुण्–कुणइ–કરે છે–कुणति ।
चुम्च्–चुंबइ–ચુંબન કરે છે–चुम्बति ।
भण्–भणइ–ભણે છે–भणति ।
उप+शम्–उवसमइ–શાંત થાય છે–उपशाम्यति ।
प+आप्–पाव–पावइ–પામે છે–प्राप्नोति
सिञ्च्–सिंचइ સીંચે છે–सिञ्चति ।
रुन्ध्–रुंधइ–રૂંધે છે–રોકે છે–रुणद्धि ।
मुष्–मुसइ–હિંસા કરે છે–मोषति ।
हृ–हरइ–હરી જાય છે–હરણ કરે છે–हरति ।
कृ–करइ–કરે છે–करति અથવા करोति ।

સંસ્કૃત ભાષામાં જે शव्, श्य, श्नु, श, श्न, उ, श्ना વગેરે વિકરણ પ્રત્યયો વપરાય છે તે બધાને બદલે પ્રાકૃત ભાષામાં માત્ર 'अ' વપરાય છે અને જણાવેલા કેટલાક સંસ્કૃત વિકરણો પણ અહીં પ્રાકૃતમાં પ્રાયઃ વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वराद् अनतः वा ॥८।४।२४०॥

અકારાંત સિવાયના તમામ સ્વરાંત ધાતુઓને વિકરણ अ વિકલ્પે લાગે છે.

पा–पाइ, पाअइ–પીએ છે, રક્ષણ કરે છે–पिबति, पाति ।

धा–धाइ, धाअइ દોડે છે–धावति ।

बि+धा–विधाइ, विधाअइ–કરે છે વિધાન કરે છે–विदधाति ।

या–जाइ, जाअइ–જાય છે–याति ।

ध्या–झाइ, झाअइ–ધ્યાન કરે છે–ध्यायति ।

जृम्भ–जम्भाअइ–બગાસું ખાય છે–जृम्भते ।

उद्+वा–उव्वाइ, उव्वाअइ–વાય છે–उद्वाति ।

म्ला–मिलाइ, मिलाअइ–કરમાય છે–म्लायति ।

बि+क्री–विकेइ, विक्काअइ–વેચે છે કે ખરીદે છે–विक्रीणाति ।

अ/ भू+त्वा–होऊण, होअऊण–થઈને–भूत्वा

चिकित्सति–चिइच्छ–चिइच्छइ–ચિકિત્સા કરે છે.

जुगुप्सते–दुगुच्छ–दुगुच्छइ–નિંદા કરે છે.

આ બન્ને ઉદાહરણોમાં ધાતુ અકારાંત હોવાથી अ ન થાય.

[२ पा पाने ।
१०६७ पा रक्षणे ।
९२० धावू गति–शुद्धयो:
११३९ धा धारणे दाने च ।
१०६२ या प्रापणे ।
३० ध्या चिन्तायाम् ।
७८२ जृम्भ गात्रविनामे ।
वा गतौ गन्धे च
म्ला हर्षक्षये
क्री द्रव्यविनिमये
भू सत्तायाम्
२८६ कित निवासे
७६३ गुप् गोपन–कुत्सनयो:

## चि–जि–श्रु–हु–स्तु–लू–पू–धूगां णः ह्रस्वश्च ॥८।४।२४१॥

चि, जि, श्रु, हु, स्तु, लू, पू અને धू ધાતુઓને છેડે ण ઉમેરાય છે અને દીર્ઘ સ્વરનો હ્રસ્વ થાય છે.

चि+ण–चिणइ–ચણે છે–चिनोति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जि—जिणइ—જિતે છે—जिनाति કે जयति ।

श्रु—सुणइ—સાંભળે છે—शृणोति ।

हु—हुणइ—હવન કરે છે—जुहोति ।

स्तु—थुणइ—સ્તુતિ કરે છે—स्तौति કે स्तुनोति "स्तुन्वन्ति"

लू—लुणइ—લણે છે—लुनाति ।

पू—पुणइ—પૂણે છે—पुनाति ।

धू—धुणइ—ધૂણે છે—धुनोति ।

'બહુલં' અધિકારને લીધે કયાંય આ નિયમ વિકલ્પે લાગે છે.

उच्चिणइ—उच्चेइ—ભેગું કરે છે કે ઢગલો કરે છે.

जेऊण—जिणिऊण—જીતીને

जयइ—जिणइ જય મેળવે છે

सोऊण—सुणिऊण—સાંભળીને

૧૨૧૦ चि चयने

૮ जि अभिभवे

૧૨૯૬ श्रु श्रवणे

૧૧૩૦ हु दान—अदनयो:

૧૧૨૪ स्तु स्तुतौ ।

૧૫૧૯ लू छेदने ।

૧૫૧૮ पू पवने ।

૧૫૨૦ धू कम्पने ।

## न वा कर्म-भावे व्वः क्यस्य च लुक् ॥८।४।२४२॥

જ્યારે ભાવમાં અને કર્મમાં સંસ્કૃતના નિયમ પ્રમાણે क्य પ્રત્યય આવ્યો હોય ત્યારે ૮।૪।૨૪૧ મા સૂત્રમાં જણાવેલા चि વગેરે ધાતુઓને व्व (ડબલ व) વિકલ્પે લાગે છે અને જ્યારે व्व ઉમેરાય ત્યારે क्य નો લોપ થઈ જાય છે.

चि—चिव्वइ, चिणिज्जइ—ભેગું કરાય છે, ઢગલો કરાય છે-चीयते ।

जि—जिव्वइ, जिणिज्जइ—જય મેળવાય છે—जीयते ।

श्रु—सुव्वइ,सुणिज्जइ—સંભળાય છે—श्रूयते ।

हु—हुव्वइ, हुणिज्जइ—હોમ થાય છે—हूयते ।

थु—थुव्वइ, थुणिज्जइ—સ્તુતિ કરાય છે—स्तूयते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लु–लुव्वइ, लुणिज्जइ–કપાય છે–ખેતરમાં ડુંડાંની લાણી–લણણી–કરાય છે–लूयते ।

पू–पुव्वइ, पुणिज्जइ–પવિત્ર કરાય છે–पूयते ।

धू–धुव्वइ, धुणिज्जइ–કંપાય છે–ધુણાય છે–धूयते ।

આ પ્રમાણે જ चिव्विहिइ અને चिणिहिइ–चेष्यते એમ ભવિષ્યકાળનાં રૂપો સમજી લેવાં.

## म्मः चेः ॥८।४।२४३॥

ભાવનો અને કર્મનો क्य લાગ્યો હોય ત્યારે એકલા चि ધાતુને છેડે ડબલ म्म વિકલ્પે ઉમેરાય છે અને म्म ઉમેરાય ત્યારે क्यनो લોપ થઈ જાય છે.

चि–चिम्मइ, चिव्वइ, चिणिज्जइ–સંગ્રહ કરવામાં આવે છે–चीयते ।

ભવિષ્યકાળ–चि–चिम्मिहिइ, चिव्विहिइ, चिणिहिइ–સંગ્રહ કરવામાં આવશે–चेष्यते ।

## हन्–खनोः अन्त्यस्य ॥८।४।२४४॥

हन् તથા खन् ધાતુને સંસ્કૃત નિયમ અનુસાર જ્યારે क्य પ્રત્યય લાગે ત્યારે हन्नुं हन्य અને खन्नुं खन्य વિકલ્પે થાય છે. તે हन्य અને खन्यના અંત્ય 'न्य' અંશનો म्म (ડબલ म) વિકલ્પે થાય છે અને જ્યારે म्म થાય ત્યારે क्य પ્રત્યયનો લોપ થઈ જાય છે.

हन्+क्य+ते हम्मइ, हणिज्जइ–હણવામાં આવે છે–हन्यते ।

खन्+क्य+ते–खम्मइ, खणिज्जइ–ખોદવામાં કે ખણવામાં આવે છે–खन्यते ।

ભવિષ્યકાળ–हन्-हम्मिहिइ, हणिहिइ હણવામાં આવશે–हनिष्यते ।

खन्–खम्मिहिइ, खणिहिइ ખોદવામાં કે ખણવામાં આવશે–खनिष्यते ।

'બહુલ' અધિકારને લીધે ધાતુના કર્તરિ રૂપમાં પણ हन्नो हम्म થઈ જાય છે.

हम्मइ–હણે છે–हन्ति ।

કોઈ કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો પણ નથી.

हन्तव्वं–હણવા યોગ્ય–हन्तव्यम् ।

हन्तूण–હણીને– हत्वा ।

हओ હણેલો–हतः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ब्भः दुह-लिह-वह-रुधाम् उत् च अतः ॥८।४।२४५॥

ભાવનો અને કર્મનો क्य લાગ્યો હોય ત્યારે दुह, लिह् ના અંત્ય અક્ષરનો એટલે-ह्यનો તથા रुध् ધાતુના અંત્ય અક્ષરનો એટલે ध्यનો ब्भ (ડબલ ભ) વિકલ્પે થઈ જાય છે અને वह ના व ના अ નો उ થાય છે એટલે वुब्भ् પણ વિકલ્પે થઈ જાય છે.

दुह+क्य+ते-दुब्भइ, दुहिज्जइ-દોવાયછે-दुह्यते ।

लिह+क्य+ते-लिब्भइ, लिहिज्जइ-ચટાય છે-लिह्यते ।

रुध्+क्य+ते-रुब्भइ, रुंधिज्जइ-રોકવામાં આવે છે-રુંધાય છે-रुध्यते ।

वह्+क्य+ते-वुब्भइ, वहिज्जइ-વેહેવાય છે-વહન કરાય છે-उह्यते ।

ભવિષ્યકાળ-दुब्भिहिइ, दुहिहिइ-દોહવાશે-धोक्ष्यते ।-વગેરે રૂપો જાણી લેવાં.

लिह् નાં તથા रुध् નાં તથા वह् નાં પણ ભવિષ્યકાળનાં તથા ભાવનાં અને કર્મનાં રૂપો જાણી લેવાં.

## दहः ज्झः ॥८।४।२४६॥

ભાવનો અને કર્મનો क्य લાગ્યો હોય ત્યારે दह् ના અંત્ય અક્ષર ह्य નો ज्झ વિકલ્પે થાય છે અને ज्झ થાય ત્યારે क्य નો લોપ થાય છે.

दह्+क्य+ते-डज्झइ, डहिज्जइ-બળાય છે-દહન કરાય છે-दह्यते ।

ભવિષ્યકાળ-दह्-डज्झिहिइ, डहिहिइ-બળાશે-દહન કરાશે-धक्ष्यते ।

## बन्धः न्धः ॥८।४।२४७॥

ભાવનો અને કર્મનો क्य લાગ્યો હોય ત્યારે बन्ध ના અંત્ય અક્ષર ध्य નો ज्झ વિકલ્પે થાય છે અને જ્યારે ज्झ થાય ત્યારે क्य નો લોપ થાય છે.

बन्धू+क्य+ते-बज्झइ, वन्धिज्जइ-બંધાય છે-बध्यते ।

ભવિ૦કા૦-बन्ध्-बज्झिहिइ. बन्धिहिइ-બંધાશે-भन्त्स्यते ।

## सम्-अनु-उपाद् रुधेः ॥८।४।२४८॥

ભાવનો અને કર્મનો क्य લાગ્યો હોય सम्, अनु અને उप પછી આવેલા रुधू ધાતુના ध्य નો ज्झ વિકલ્પે થઈ જાય છે.

सम्+रुध्+क्य+ते-संरुज्झइ, संरुन्धिज्जइ-સારી રીતે રોકી શકાય છે-संरुध्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनु+रुध्+क्य+ते–अणुरुज्झइ, अणुरुंधिज्जइ–અનુરોધ કરી શકાય છે–अनुरुध्यते ।
उप+रुध्+क्य+ते–उवरुज्झइ, उवरुंधिज्जइ–આગ્રહ કરી શકાય છે–उपरुध्यते ।
ભવિ૰ કા૰–संरुज्झिहिइ, संरुंधिहिइ–સારી રીતે રોકી શકાશે–संरोत्स्यते ।

संरुज्झ् નાં રૂપોની પેઠે अनुरुज्झ તથા उवरुज्झ નાં ભવિષ્યકાળનાં ભાવનાં અને કર્મનાં રૂપો સમજવાં.

## गमादीनां द्वित्वम् ॥८।४।२४९॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે गम् વગેરે ધાતુઓનો છેલ્લો વ્યંજન બેવડાય છે અને જ્યારે અંત્ય વ્યંજન બેવડાય ત્યારે 'क्य' પ્રત્યયનો લોપ થાય છે.

गम्+क्य+ते–गम्मइ, गमिज्जइ–જવાય છે–गम्यते ।
हस्+क्य+ते–हस्सइ, हसिज्जइ–હસાય છે–हस्यते ।
भण्+क्य+ते–भण्णइ, भणिज्जइ–ભણાય છે–भण्यते ।
छुप्+क्य+ते–छुप्पइ, छुविज्जइ–છુવાય છે–અડકાય છે–छुप्यते ।
रुद्+क्य+ते–रुव्वइ, रुविज्जइ–રડાય છે–रुद्यते ।(द् ना व् માટે જુઓ ૮।૪।૨૨૬)
लभ्+क्य+ते–लब्भइ, लहिज्जइ–મેળવાય છે–लभ्यते ।
कथ्+क्य+ते–कत्थइ, कहिज्जइ–કહેવાય છે–कथ्यते ।
भुज्+क्य+ते–भुज्जइ, भुंजिज्जइ–ખવાય છે–भुज्यते ।
ભવિષ્ય કા૰–गम्मिहिइ, गमिहिइ–જવાશે–गमिष्यते ઇત્યાદિ

गम्म નાં ભાવનાં તથા કર્મનાં ભવિષ્યકાળનાં રૂપોની પેઠે हस् વગેરે ધાતુઓનાં પણ ભાવ–કર્મમાં ભવિષ્યકાળનાં રૂપો સાધી લેવાં.

## हृ–कृ–तॄ–ज्राम् ईरः ॥८।४।२५०॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે हृ, कृ, तॄ અને जॄ ધાતુના ऋ વર્ણનો ईर થાય છે અને ईर થાય ત્યારે क्य નો લોપ થાય છે,

हृ+क्य+ते–हीरइ, हरिज्जइ–હરાય છે–હરી જવાય છે–ह्रियते ।
कृ+क्य+ते–कीरइ, करिज्जइ–કરાય છે–क्रियते ।
तॄ+क्य+ते–तीरइ, तरिज्जइ–તરાય છે–तीर्यते ।
जॄ+क्य+ते–जीरइ, जरिज्जइ–ઘરડા થવાય છે–જીર્ણ થવાય છે–जीर्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अर्जेर्विढप्पः ॥८।४।२५१॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે अर्ज् ધાતુને બદલે विढप्प ધાતુ વિકલ્પે વપરાય છે અને विढप्प થાય ત્યારે क्यनो લોપ થઈ જાય છે.

अर्ज्+क्य+ते–विढप्पइ, विढविज्जइ, अज्जिज्जइ–अर्ज्यते ઉપાર્જન કરાય છે.
विढविज्जइ ના विढव માટે જુઓ–૮।૪।૧૦૮॥

## ज्ञः णव्व-णज्जौ ॥८।४।२५२॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે ज्ञा ધાતુને બદલે णव्व અને णज्ज ધાતુઓ વપરાય છે અને णव्व તથા णज्ज વપરાય ત્યારે क्य નો લોપ થાય છે.

ज्ञा+क्य+ते-णव्वइ, णज्जइ, जाणिज्जइ, मुणिज्जइ–જણાય છે–ज्ञायते ।

ज्ञायते રૂપમાં ज्ञ નો ण કરીએ તો णाईअइ, णाइज्जइ–ज्ञायते રૂપો થાય છે. नञ् લગાડીએ તો न નો अ થઈ જતાં अ+णाइज्जइ–अणाइज्जइ–જણાતું નથી–એવું રૂપ થાય છે–न ज्ञायते

## व्याहृगेः वाहिप्पः ॥८।४।२५३॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગે ત્યારે वि+आ સાથેના हृ ધાતુને બદલે वाहिप्प ધાતુ વિકલ્પે વપરાય છે અને वाहिप्प થયા પછી क्य નો લોપ થાય છે.

वि+आ+हृ+क्य+ते–वाहिप्पइ, वाहरिज्जइ–બોલાવવામાં આવે છે–व्याह्रियते ।

## आरभेः आढप्पः ॥८।४।२५४॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગે ત્યારે आङ् ઉપસર્ગ સાથેના रम् ધાતુને બદલે आढप्प એવો ધાતુ વિકલ્પે વપરાય છે અને आढप्प થયા પછી क्य નો લોપ થાય છે.

आ+रम्+क्य–आढप्प्–आढप्पइ, आढविज्जइ, आढवीअइ–અઢાય છે–આરંભ કરાય છે-आरभ्यते । आढवीअइना आढव માટે જુઓ ૮।૪।૧૫૫।

## स्निह-सिचोः सिप्पः ॥८।४।२५५॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે स्निह અને सिच् ધાતુઓને બદલે सिप्प ધાતુ વપરાય છે અને सिप्प થતાં क्यनो લોપ થાય છે.

स्निह्+क्य–सिप्प–सिप्पइ–સ્નેહ કરાય છે–स्निह्यते ।
सिच्+क्य– ,, ,, –સિંચાય છે–છંટકાય છે–सिच्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्रहेः घेप्पः ॥८।४।२५६॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે ग्रह् ધાતુને બદલે घेप्प ધાતુ વિકલ્પે વપરાય છે અને घेप्प થાય ત્યારે क्य નો લોપ થાય છે.

ग्रह्+क्य–घेप्पइ; गण्हिज्जइ–ગ્રહાય છે–ગ્રહણ કરવામાં આવે છે–गृह्यते ।

## स्पृशेः छिप्पः ॥८।४।२५७॥

ભાવનો અને કર્મનો क्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે स्पृश् ધાતુને બદલે छिप्प ધાતુ વિકલ્પે વપરાય છે અને छिप्प વપરાય ત્યારે क्य નો લોપ થાય છે.

स्पृश्+क्य–छिप्प–छिप्पइ–छिविज्जइ–છબાય છે–સ્પર્શ કરાય છે–અડકાય છે–स्पृश्यते ।

## क्तेन 'अप्फुण्ण' आदयः ॥८।४।२५८॥

'आक्रान्त' વગેરે क्त પ્રત્યયવાળા શબ્દોનો અર્થ બતાવવા માટે अप्फुण्ण આદિ क्त પ્રત્યયવાળા શબ્દો વિકલ્પે વપરાય છે.

આક્રાંત અર્થમાં–अप्फुण्णो, अक्कंतो–આક્રુડો–દબાયેલો.
ઉત્કૃષ્ટ અર્થમાં–उक्कोसं, उक्किट्ठं–ઉત્કૃષ્ટ–ઉત્કર્ષ પામેલ.
સ્પષ્ટ અર્થમાં–फुडं–સ્ફુટ–સ્પષ્ટ.
અતિક્રાંત અર્થમાં–वोलीणो, अइक्कंतो–ઉલ્લંઘેલ–ઉલ્લંઘન કરેલ–વીતી ગયેલ કે ટપી ગયેલ કે ચડીયાતો થયેલ
વિકસિત અર્થમાં–वोसट्टो–વિકસિત.
નિપાતિત અર્થમાં–निसुढ्ढो–નીચે પાડેલો.
રુગ્ણ અર્થમાં–लुग्गो, लुक्को–રુગ્ણ–રોગવાળો–થયેલો.
क्क માટે જુઓ ૮।૨।૨ સૂત્ર
નષ્ટ અર્થમાં–ल्हिक्को–નાશ પામેલ.
પ્રમૃષ્ટ અર્થમાં–पम्हुट्ठो–સહન કરેલ.
પ્રમુષિત અર્થમાં–पम्हुट्ठो–ચોરાયેલ.
અર્જિત અર્થમાં–विढत्तं–અર્જન કરેલ–કમાયેલ.
સ્પૃષ્ટ અર્થમાં–छित्तं–સ્પર્શ કરેલ.
સ્થાપિત અર્થમાં–निमियं–સ્થાપન કરેલ.
આસ્વાદિત અર્થમાં–चक्खियं ચાખેલ–સરખાવો–जक्षितम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લૂન અર્થમાં–लुअं–લણેલ–કાપેલ.
ત્યક્ત અર્થમાં–झढं–ત્યજેલું–છોડી દીધેલું.
ક્ષિપ્ત અર્થમાં–झोसिअं–ઓસેલ–ફેંકી દીધેલું.
ઉદ્‌વૃત્ત અર્થમાં–निच्छूढं–બાકી રહેલ–વધેલ.
પર્યસ્ત અર્થમાં–पल्हत्थं. पल्लोट्टं–પાલટેલ–બદલેલ.
હેષિત અર્થમાં–हीसमणं–હણહણાટી કરેલ.
ઇત્યાદિ એટલે આ સિવાયના આવા બીજા પણ શબ્દો સમજવાના છે.

## धातवः अर्थान्तरे अपि ॥८॥४॥२५९॥

જે ધાતુઓ જે અર્થમાં જણાવેલા છે તે ધાતુઓ પ્રાકૃતમાં જુદા અર્થને પણ જણાવે છે.

| | મૂળ અર્થ | બદલાયેલો અર્થ |
|---|---|---|
| बलि–बलइ– | જીવે છે– | ખાય છે. |
| कलि–कलइ– | ગણે છે– | જાણે છે. |
| रिगि–रिगइ– | જાય છે– | પ્રવેશ કરે છે. |
| काङ्क्ष्–वम्फ (૮।૪।૧૯૨)–वम्फइ– | ઇચ્છે છે | ખાય છે. |
| फक्क–थक्क (૮।૪।૮૭)–थक्कइ– | નીચાણમાં જાય છે. ઢાળમાં જાય છે. | વિલંબ કરે છે. |
| विलपि–झङ्ख (૮।૪।૧૪૮)–झङ्खइ– | વિલાપ કરે છે. | બોલે છે. |
| उप+आ+लम्–उपालभ–(૮।૪।૧૫૬)–झङ्खइ– | ઠપકો આપે છે. | બોલે છે. |

એ જ રીતે—

| | | |
|---|---|---|
| प्रतिपाल्–पडिवाल्–पडिवालइ– | વાટ જુએ છે. | રક્ષણ કરે છે. |

એ જ પ્રકારે કેટલાક ધાતુઓ, કેટલાક ઉપસર્ગો સાથે ચોક્કસ અર્થમાં જ નિત્ય વપરાય છે.—

पहरइ–પ્રહાર કરે છે, યુદ્ધ કરે છે.
संहरइ–સંવરણ કરે છે, ઢાંકે છે, સંહાર કરે છે.
अणुहरइ–અનુકરણ કરે છે
नीहरइ–શૌચ જાય છે
विहरइ–ક્રીડા કરે છે.
आहरइ–આહાર કરે છે–ખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रति–परि–पडिहरइ ફરીથી ભરે છે–પૂરે છે
परि–पडिहरइ–છોડે છે.
उवहरइ–પૂજે છે.
बाहरइ–બોલાવે છે.
पवसइ–પરદેશ જાય છે–પ્રવાસ કરે છે.
उच्चुपइ–ચડે છે.
उल्लुहइ–નીકળે છે.

સંસ્કૃતની સાથે શબ્દોની અપેક્ષાએ મળતી આવતી અને
પ્રથમ એવી પ્રાકૃત ભાષા સંબંધી વ્યાકરણનો
વિચાર સમાપ્ત.

इति प्रथमं 'अथ प्राकृतम् समाप्त।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्राकृत भाषाने मळती आवती बीजी बीजी भाषाओनां

एटले २. शौरसेनी, ३. मागधी, ४. पैशाची

५. चूलिकापैशाची अने ६. अपभ्रंश

भाषाओनां व्याकरणोनो प्रारंभ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દ્વિતીય એવી શૌરસેની ભાષાનું વ્યાકરણ

### જે દેશની મથુરા રાજધાની કહેવાતી એવા પ્રાચીન શૂરસેન દેશની ભાષાનું વ્યાકરણ

### અથ શૌરસેની

### तः दः अनादौ शौरसेन्याम् अयुक्तस्य ॥८।४।२६०॥

અસંયુક્ત त જો પદની આદિમાં ન હોય તો તેને બદલે શૌરસેની ભાષામાં द વપરાય છે.

तदो पूरिद-पदिञ्ञेन मारुदिणा मंतिदो-જેણે પ્રતિજ્ઞા પૂરી કરી છે એવા મારુતિએ તે પછી મંત્રણા કરાયેલો

तदो-त+दो-ततः ।

पूरित-पूरि+द-पूरिद ।

पदि-प+दि-प्रति ।

मारुदिणा-मारु+दिणा-मारुतिना ।

मंतिदो मंति+दो-मन्त्रितः ।

एदाहि-પ્રા૦-एताहि-સં૦ एतस्मात् એનાથી

एदाओ-પ્રા૦-एताओ સં૦ एतस्मात् ,,

तधा-तहा । तधा करेध, तस्स राइणो अणुकम्पणीआ भोमि-તે રીતે કરો જે રીતે તે રાજાની કૃપાપાત્ર થાઉં—આ પ્રયોગમાં तधाનો અને तस्सનો त પદની આદિમાં છે તેથી આ નિયમ ન લાગે.

અહીં નીચેના પ્રયોગોમાં त સંયુક્ત અક્ષર છે તેથી આ નિયમ ન લાગે:

मत्तो-मत्तः

अज्जउत्तो, अय्यउत्तो-आर्यपुत्रः- ,, ,, ,,

सक्कारं-सत्कारम् ,, ,, ,,

हला ! सउन्तले-हला ! शकुन्तले !-હે અલી ! શકુન્તલા !

असंभाविद-सक्कारं-જ્યાં સત્કારની સંભાવના નથી-असंभावितसत्कारम् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अधः क्वचित् ॥८।४।२६१॥

શૌરસેની ભાષામાં કોઈ કોઈ પ્રયોગોમાં સંયુક્ત અક્ષરમાં પાછળ રહેલા त નો द થાય છે.

| પ્રાકૃત | શૌરસેની | અર્થ | સંસ્કૃત |
|---|---|---|---|
| महंतो | महंदो | મહાન્ | महान् |
| निच्चिंतो | निच्चिंदो | નિશ્ચિંત | निश्चिन्तः |
| अन्तेउरं | अन्देउरं | અંતઃપુર | अन्तःपुरम् |

## वा आदेः तावति ॥८।४।२६२॥

શૌરસેની ભાષામાં तावत् શબ્દને બદલે दाव અને ताव એમ બન્ને રૂપો વપરાય છે અર્થાત્ तावत् શબ્દના આદિના त નો પણ द વિકલ્પે બોલાય છે.

ताव–दाव, ताव–ત્યાં સુધી–तावत् ।

## आ आमन्त्र्ये सौ वा इनः नः ॥८।४।२६३॥

इन् પ્રત્યયવાળા નામના સંબોધનના એકવચનમાં અંતના न् ને બદલે શૌરસેની ભાષામાં आ વિકલ્પે વપરાય છે.

भो कंचुइन्–कंचुइआ–હે કચુંકી–અંતઃપુરમાં રહેનારા !–भोः कञ्चुकिन्!

भो सुहिन्–भो सुहिआ–હે સુખી !–भोः सुखिन् !

આ સૂત્રમાં બતાવેલ વિકલ્પ, બધે પ્રવર્તતો નથી પણ પ્રયોગ પ્રમાણે વ્યવસ્થિતરૂપે રૂપે વપરાય છે. એટલે કોઈ એક પ્રયોગમાં आ થાય અને બીજા કોઈ પ્રયોગમાં आ ન થાય. તેથી

भो तवस्सि–હે તપસ્વી–भोः तपस्विन् !

भो मणस्सि–હે મનસ્વી–भो मनस्विन् !

આ બન્ને ઉદાહરણોમાં इन् ના न् નો आ ન થયો.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

## मः वा ॥८।४।२६४॥

न કારાંત નામના સંબોધનના એકવચનમાં न् ને બદલે શૌરસેની ભાષામાં म् વિકલ્પે વપરાય છે.

भो राय !–भो रायं–હે રાજન્–भो राजन् !
भो विअयवम्म !–भो विअयवम्म !–હે વિગતવર્મન્–હે બખ્તર વગરના !–
भो विगतवर्मन् અથવા विजयवर्मन् ! વિશેષ નામ પણ થઈ શકે.
भो सुकम्म–भो सुकम्मं–હે સુકર્મન્–સુકર્મી–સત્કર્મી !–भोः सुकर्मन् !
भो भगवंत–भो भयवं–હે ભગવાન્–भो भगवन् !
भो भगवंत ! कुसुमाउह !–भो भयवं ! कुसुमाउह!–હે ભગવન્ ! કુસુમાયુધ –કામદેવ ! हे भगवन् कुसुमायुध !
भयवं! तित्थं पवत्तेह–હે ભગવન્ ! તીર્થને પ્રવર્તાવો–हे भगवन् ! तीर्थं प्रवर्तयत—આ વાક્ય લોકાંતિક દેવો બોલે છે અને જૈન ગ્રંથનું વાક્ય છે.

પક્ષમાં એટલે જ્યારે म् ન થયો ત્યારે–

सयललोअअंतेआरि ! भयव ! हुदवह ! સમગ્ર લોકની અંદર ચરનારા–રહેનારા –હે ભગવન્ ! અગ્નિ !–सकललोकान्तश्चारिन् ! भगवन् ! हुतवह ! ।

## भवद्-भगवतोः ॥८।४।२६५॥

भवत् અને भगवत् શબ્દોના પ્રથમાના એકવચનમાં न् નો શૌરસેની ભાષામાં म् બોલાય છે. અહીં સંબોધનનું એકવચન સમજવું નહીં.

एत्थभवं–આપ પ્રા० एत्थभवंतो अत्रभवान्
किं एत्थभवं हिदएण चिंतेदि ?–અત્રભવાન્–આપ–અહીં હૃદયથી શું ચિંતવો છો–किम् अत्रभवान् हृदयेन चिन्तयति ?
एदु भवं–આપ આવો પ્રા० एउ भवन्तो एतु भवान् ।
भगवंतो–भयवं–ભગવાન્–भगवन् !
कयवंतो–कयवं–જેણે કરેલ છે એવા હે–कृतवन् !
समणो भगवंतो महावीरो–समणे भयवं महावीरे–શ્રમણ ભગવાન્ મહાવીર श्रमणो भगवान् महावीरः
पज्जलिओ भगवंतो हुतासणो–पज्जलिदो भयवं हुदासणो–ભગવાન અગ્નિ પ્રજ્વલિત થયા—प्रज्वलितः भगवान् हुताशनः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवत् અને भगवत् શબ્દો સિવાય પણ કોઈ કોઈ પ્રયોગમાં બીજા શબ્દોનો પણ આ નિયમ લાગે છે.—

मघवानो पाकसासणो–मघवं पागसासणे–મઘવાન્ ઇંદ્ર –मघवान् पाकशासन: ।
संपाइअंतो सीसो–संपाइअवं सीसो–શિષ્યે સંપન્ન કર્યું–संपादितवान् शिष्य: ।
कयवं, करेमि, काहं च–કર્યું, કરું છું અને કરીશ.–कृतवान्, करोमि, करिष्यामि च

## न वा र्यः य्यः ॥૮।૪।૨૬૬॥

શૌરસેની ભાષામાં र्य ને બદલે य्य વિકલ્પે વપરાય છે.

अज्जउत्त ! पज्जाकुलीकय म्हि–अय्यउत्त ! पय्याकुलीकद म्हि–આર્યપુત્ર ! મને વિશેષ વ્યાકુળ કરવામાં આવેલ છે–હું મુંઝાઈ ગઈ છું–आर्यपुत्र ! पर्याकुलीकृता अस्मि ।
सुज्जो–सुय्यो–સૂર્ય–सूर्य: ।
०कज्ज– ०कय्य– કાર્ય ०कार्य– ।

જ્યારે य्य ન થાય ત્યારે ज्ज વપરાય છે.—૮।૨।૨૪।–अज्जो । पज्जाउलो । कज्जपरवसो–કાર્યને લીધે પરવશ–કાર્યમાં લાગેલો–कार्यपरवश:

શબ્દની પાસેનું ० આ પ્રકારનું નિશાન, શબ્દની સામાસિકતાનું સૂચન કરે છે. નિશાન, શબ્દની આદિમાં હોય તો તે શબ્દ, પૂર્વપદનો સમજવો અને નિશાન, શબ્દની પછી હોય તો તે શબ્દને ઉત્તરપદનો સમજવો.

## थः धः ॥૮।૪।૨૬૭॥

પદની આદિમાં ન હોય એવા थ નો શૌરસેની ભાષામાં ध વિકલ્પે બોલાય છે.

कहेइ–कधेदि, कहेदि–કહે છે. कथयति ।
नाहो–णाधो, णाहो–નાથ–नाथ: ।
कहं–कधं, कहं–કેમ–कथम् ।
राजपहो–राजपधो, राजपहो–રાજપથ–રાજમાર્ગ–राजपथ: ।

थामं–બળ–સ્થામ
थेओ–શ્રદ્ધેય–વિશ્વાસપાત્ર–સ્થેય:

**આ બન્ને પ્રયોગોમાં थ પદની આદિમાં છે તેથી આ નિયમ ન લાગે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इह-हचोः हस्य ॥८।४।२६८॥

इह ના 'ह' ને બદલે અને બીજા પુરુષના બહુવચનના हच् પ્રત્યયના 'ह' ને બદલે શૌરસેની ભાષામાં ध વિકલ્પે વપરાય છે. हच् માટે જુઓ—૮।૩।૧૪૩।

इह–इध, इह–અહીં–इह ।

होह–होध, होह–તમે થાઓ છો.–भवथ ।

परित्तायह–परित्तायध, परित्तायह–તમે રક્ષણ કરો– परित्रायध्वम् ।

## भुवः भः ॥८।४।२६९॥

भू ધાતુના ह કારને બદલે શૌરસેની ભાષામાં भ વિકલ્પે વપરાય છે.

होइ–भोदि, होदि–થાય છે भवति ।

हुवइ–भुवदि, हुवदि– ,, ,,

भवइ–भवदि, हवदि– ,, ,, જુઓ ૮।૪।૬૦।

## पूर्वस्य पुरवः ॥८।४।२७०॥

पूर्व શબ્દને બદલે શૌરસેની ભાષામાં पुरव શબ્દ વિકલ્પે વપરાય છે.

अपुव्वं नाडयं–अपुरवं, अपुव्वं नाडयं–અપૂર્વ નાટક–अपूर्वं नाटकम् ।

अपुव्वागयं–अपुरवागदं, अपुव्वागदं–અપૂર્વ આગમન–अपूर्वागतम् ।

अपुव्वं पदं–अपुरवं पदं, अपुव्वं पदं–અપૂર્વ પદ–अपूर्वं पदम् ।

"अपुरवं नाडयं" [ अभिज्ञानशाकुन्तलम्–અં० १, पृ० १३]

## क्त्वः इय-दूणौ ॥८।४।२७१॥

क्त्वा પ્રત્યયને બદલે શૌરસેની ભાષામાં इय અને दूण પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

भू+त्वा–भू+इय–भविय, भू+दूण–भोदूण–થઈ ને भूत्वा ।

हु+इय–हुविय, हु+दूण–होदूण– ,, ,,

पढ्+त्वा–पढ्+इय–पढिय, पढ्+दूण–पढ्+इ+दूण–पढिदूण–ભણીને पठित्वा ।

रम्+त्वा–रम्+इय–रमिय, रम्+दूण–रंदूण–રમીને रन्त्वा ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે इय અને दूण ન લાગે ત્યારે—

भू+त्वा–भो+त्ता–भोत्ता ।

हु+त्वा–हो+त्ता–होत्ता ।

पठ्+त्वा–पठ्+इ+त्ता=पठित्ता ।

रम्+त्वा–रम्+ता–रन्ता ।

## कृ-गमः डडुअः ॥८।४।२७२॥

कृ અને गम् ધાતુઓને લાગેલા क्त्वा પ્રત્યયને બદલે શૌરસેની ભાષામાં डित् -ड् નિશાનવાળો–એવો अडुअ પ્રત્યય વિકલ્પે વપરાય છે.

कृ+त्वा–कृ+अडुअ–कडुअ, करिय, करिदूण- કરીને–कृत्वा ।

गम्+त्वा–गम्+अडुअ–गडुअ, गच्छिय, गच्छिदूण–જઈને–गत्वा ।

## दिः इच्-एचोः ॥८।४।२७३॥

૮।૩।૧૩૯ મા સૂત્રમાં સૂચવેલા इच् અને एच् પ્રત્યયોને બદલે શૌરસેની ભાષામાં दि પ્રત્યય વપરાય છે.

नी+ति–नी+इ–नेइ–ने+दि–नेदि–લઈ જાય છે–नयति

दा+ति–दा+इ–देइ–दे+दि–देदि–આપે છે–હિંદી देद ગુજ. દ્યદે–ददाति

भू+ति–भू+इ–भोइ–भो+दि–भोदि–થાય છે–भवति

हू+ति–हू+इ–होइ–हो+दि–होदि ,, ,,

ઉપરના ૨૭૨મા સૂત્રમાં 'વિકલ્પ'નો અર્થ છે તે આ સૂત્રથી બંધ થાય છે એટલે અહીંથી 'વિકલ્પ' અર્થ ન સમજવો.

## अतः देः च ॥८।४।२७४॥

अ કારાંત ધાતુને લાગેલા इच् ને બદલે શૌરસેની ભાષામાં दि અને दे પ્રત્યય લાગે છે. અને अકારાંત ધાતુને લાગેલા एच् ને બદલે શૌરસેની ભાષામાં दे અને दि પ્રત્યયો લાગે છે.

अच्छइ, अच्छए–अच्छदि, अच्छदे–બેસે છે–आस्ते

गच्छइ, गच्छए–गच्छदि, गच्छदे–જાય છે.–गच्छति

रमइ, रमए–रमदि, रमदे–રમે છે–रमते

किज्जइ, किज्जए–किज्जदि, किज्जदे–કરાય છે–क्रियते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वसुआदि માં वसुआ ધાતુ आ કારાંત છે, नेदि માં नी ધાતુ ઈકારાંત ધાતુ છે. અને मोदि માં मू ધાતુ ऊ કારાંત છે—આ ત્રણે પ્રયોગમાં ધાતુ अ કારાંત નથી તેથી આ નિયમથી दे અને दि ન થયાં પણ ઉપરના સૂત્ર દ્વારા એકલો 'दि' પ્રત્યય જ લાગ્યો.

## भविष्यति स्सिः ८।४।२७५॥

ભવિષ્યકાળમાં इ અને ए ની પહેલાં લાગનારા हि, स्सा અને हा ને બદલે શૌરસેની ભાષામાં એકલો स्सि વપરાય છે.

भवि+हि+इ–भविहिइ–भवि+स्सि+इ–भविस्सिइ–થશે–भविष्यति

करि+हि+इ–करिहिइ–करि+स्सि+इ–करिस्सिइ–કરશે, કરશે–करिष्यति

गच्छि+हि+इ–गच्छिहिइ–गच्छि+स्सि+इ–गच्छिस्सिइ–જશે–गमिष्यति । શૌરસેની ભાષામાં ભવિષ્યકાળમાં हिस्सा વાળાં અને हा વાળાં રૂપો નહીં થાય.

## अतः ङसेः डादो–डादु ॥८।४।२७६॥

અકારાંત નામને લાગેલા પંચમી વિભક્તિના એકવચન ङसि ને બદલે શૌરસેની ભાષામાં आदो અને आदु પ્રત્યયો વપરાય છે.

दूर+ङसि–दूरा एव–दूरादो य्येव, दूरादु य्येव દૂરથી જ–दूराद् एव.

## इदानीमः दाणिं ॥८।४।२७७॥

इदानीम् ને બદલે શૌરસેની ભાષામાં दाणिं રૂપ વપરાય છે.

इयाणिं–दाणिं–હમણાં–इदानीम् ।

"अणंतरकरणिज्जं दाणिं आणवेदु अय्यो" પછી તરત કરવાના કાર્યની હવે આર્ય આજ્ઞા કરો.—[अभिज्ञानशाकु० અં૦ ૧, પૃ૦ ૧૦]

अनन्तरकरणीयम् इदानीम् आज्ञापयतु आर्यः ।

अन्न, दाणिं बोहिं–બીજું, હમણાં બોધિ–अन्यत्, इदानीं बोधिम् ।

दाणिं માટે જુઓ–॥८।१।२९॥

## तस्मात् ताः ॥८।४।२७८॥

तस्मात् રૂપને બદલે શૌરસેની ભાષામાં ता રૂપ વપરાય છે

तम्हा–ता–તેનાથી, તેથી–तस्मात् ।

तम्हा जाव पविसामि-ता जाव पविसामि–તેથી જ્યાં સુધી હું પ્રવેશ કરું–तस्माद् यावत् प्रविशामि.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तम्हा अलं-ता अलं एदिणा माणेण-तेथी એ માનથી સર્યું-तस्माद् अलम् एतेन मानेन

## मः अन्त्याद् णः वा इद्-एतोः ॥८।४।२७९॥

નામને છેડે રહેલા म् પછી इ કે ए આવ્યા હોય તો શૌરસેની ભાષામાં તે म् પછી ण् વિકલ્પે ઉમેરાય છે.

इ—जुत्तं इमं-जुत्तं+ण्+इमं-जुत्तं णिमं, जुत्तमिणं-આ યુક્ત છે-युक्तम् इदम् ।
सरिसं इमं-सरिसं+ण्+इमं-सरिसं णिमं, सरिसमिणं-આ સરખું છે-सदृशम् इदम् ।
ए—किं एयं-किं+ण्+एयं-किं णेदं-किमेदं-આ શું છે?-किम् एतत् ।
एवं एयं-एवं+ण्+एयं-एवं णेदं-एवमेदं-આ એમ છે-एवम् एतत् ।
''एवं णेदं'' [-अभिज्ञानशाकु० अं० ६, पृ० २०।]

## एवार्थे य्येव ॥८।४।२८०॥

एव ના અર્થમાં શૌરસેની ભાષામાં य्येव વપરાય છે.
मम य्येव बंमणस्स-બ્રાહ્મણ એવા મારું જ-मम एव ब्राह्मणस्य ।
सो य्येव एसो-તે જ આ છે-सः एव एषः ।

## हंजे चेटयाह्वाने ॥८।४।२८१॥

દાસીને બોલાવવાના અર્થમાં શૌરસેની ભાષામાં हञ्जे શબ્દ વપરાય છે.
हञ्जे चदुरिके ! હે ચતુરિકા-हे चतुरिके ! ।

## हीमाणहे विस्मय-निर्वेदे ॥८।४।२८२॥

વિસ્મયના અને નિર્વેદના અર્થમાં શૌરસેની ભાષામાં हीमाणहे અવ્યય વપરાય છે.

विस्मय-हीमाणहे ! जीवन्तवच्छा मे जणणी-આશ્ચર્ય છે કે મારી માતા જીવતા છોકરાવાળી છે.-हीमाणहे (आश्चर्यं यत्) जीवद्वत्सा मे जननी ।
निर्वेद-हीमाणहे पलिस्संता हगे एदेण नियविधिणो दुव्ववसिदेण-પોતાના ભાગ્યના આ દુર્વ્યવસાયને લીધે हगे-અમે-થાકી ગયા છીએ-हीमाणहे (दुःखं यत्) परिश्रान्ताः वयम् एतेन निजविधेः दुर्व्यवसितेन ।

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## णं नन्वर्थे ॥८।४।२८३॥

ननु અર્થમાં णं અવ્યય શૌરસેની ભાષામાં વપરાય છે.

णं अफलोदया—ખરેખર, ફળના ઉદય વગરની આ પ્રવૃત્તિ છે—ननु अफलोदया
णं अय्यमिस्सेहिं पढमं य्येव आणत्तं—સાચે જ, આર્યમિશ્રે પહેલાં જ આજ્ઞા કરી હતી—ननु आर्यमिश्रैः प्रथमम् एव आज्ञप्तम्
णं भवं मे अग्गदो चलदि—ખરેખર, આપ મારી આગળ ચાલો છો—ननु भवान् मम अग्रतः चलति

આર્ષ પ્રાકૃતમાં વાક્યની શોભા માટે પણ णं નો પ્રયોગ જણાય છે—
नमोऽत्थु णं—નમસ્કાર હો—नमोऽस्तु
जया णं—જ્યારે—यदा
तया णं—ત્યારે—तदा

આ ત્રણે ઉદાહરણોમાં વપરાયેલા णं નો કંઈ જ અર્થ નથી પણ તે માત્ર વાક્યમાં શોભારૂપ છે.

## अम्महे हर्षे ॥८।४।२८४॥

'હર્ષ' અર્થ માટે શૌરસેની ભાષામાં अम्महे અવ્યય વપરાય છે.

अम्महे एआए सुम्मिलाए सुपलिगढिदो भवं—હર્ષની વાત છે કે આ સૂર્મિલામાં તમે આસક્ત થયા છો—अम्महे—હર્ષઃ यत्—एतस्यां सूर्मिलायां सुपरिगृद्धः भवान्

## हीही विदूषकस्य ॥८।४।२८५॥

વિદૂષકનો હર્ષ બતાવવો હોય ત્યારે શૌરસેની ભાષામાં हीही અવ્યય વપરાય છે.

हीही भो संपन्ना मणोरधा पियवयस्सस्स—હર્ષની વાત છે કે, પ્રિય મિત્રના મનોરથો પૂરા થયા.—हीही—हर्षः यत्—भोः संपन्नाः मनोरथाः प्रियवयस्यस्य.

## शेषं प्राकृतवत् ॥८।४।२८६॥

૮।૪।૨૬૦થી ૮।૪।૨૮૫ સુધી શૌરસેની ભાષાની વિશેષતા બતાવી છે. આ સિવાયનું બીજું બધું પ્રાકૃતમાં જણાવ્યા પ્રમાણે જાણવું. એટલે કે ૮।૧।૪ થી માંડીને ૮।૪।૨૫૯ સૂત્રો સુધીમાં પ્રાકૃત ભાષા સંબંધે જે જે વિધાનો કરેલાં છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવાં જ શૌરસેની ભાષામાં લાગુ કરવાનાં છે. બીજાં કેટલાંક વિશેષ વિધાનો દ્વારા ૮।૪।૨૬૦ થી માંડીને ૮।૪।૨૮૫ સુધી શૌરસેની ભાષા અંગે જે ફેરફાર બતાવ્યો છે તે શૌરસેની ભાષાને લાગુ કરવાનો છે અને એ પ્રમાણે ઉદાહરણો ગોઠવી લેવાનાં છે.

શૌરસેની ભાષામાં લાગુ કરવાનાં જે વિધાનોમાં ખાસ ફેરફાર કરવાનો નથી તે વિધાનો આ પ્રકારે છે—

ट નો ड, ठ નો ढ, प નો व, ऋ નો अ, ऋ નો इ, ऋનો उ વગેરે અનેક વિધાનો જેમનાં તેમ જ શૌરસેનીમાં ચાલુ રહે છે અને त સંબંધી વિધાન અંગે, र्य સંબંધી વિધાન અંગે, थ સંબંધી વિધાન અંગે અને ह સબંધી વિધાન વગેરે અંગે શૌરસેની ભાષાના નિયમો લગાડીને ફેરફારો કરવાના છે તે ઉપર મુજબ જણાવેલ જ છે, જેમકે—

अन्तावेई–अन्दावेदी–अन्तर्वेदिः

जुवइजणो–जुवदिजणो–युवतिजनः

ઉપર્યુક્ત ઉદાહરણોમાં પ્રાકૃતનો ૮।૧।૪ નો નિયમ લાગેલ છે અને શૌરસેની પ્રમાણે ૮।૪।૨૬૧ તથા ૨૬૦ સૂત્રથી त નો द પણ થયેલો છે. આ રીતે તમામ વિધાનોમાં જ્યાં કશો ફેરફાર થવાનો નથી ત્યાં તે વિધાનોને જેમનાં તેમ પ્રાકૃત પ્રમાણે સમજી લેવાનાં છે અને જ્યાં શૌરસેનીના નિયમ પ્રમાણે ફેરફાર થાય છે ત્યાં તે પ્રમાણે ફેરફાર કરીને શૌરસેની ભાષાનાં રૂપો સાધી લેવાનાં છે.

શૌરસેની ભાષાનું વ્યાકરણ જોતાં પ્રાકૃત અને શૌરસેની ભાષા વચ્ચે ઘણો ઓછો ફેર છે. શૌરસેનીના વધારે પ્રયોગો સામાન્ય પ્રાકૃતના નિયમ પ્રમાણે સાધી શકાય છે.

## શૌરસેનીનું વ્યાકરણ સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃતીય એવી માગધી ભાષાનું વ્યાકરણ

## ૩. માગધી ભાષા :

પ્રાકૃત ભાષા કરતાં તથા શૌરસેની ભાષા કરતાં માગધી ભાષામાં જે કાંઈ વિશેષતા છે તે આ નીચેનાં સૂત્રોથી બતાવવામાં આવે છે :

### अतः एत् सौ पुंसि मागध्याम् ॥૮।૪।૨૮૭॥

પહેલી વિભક્તિનું એકવચન सि પ્રત્યય લાગ્યો હોય ત્યારે નરજાતિમાં અકારાંત નામના અકારનો માગધી ભાષામાં एकार કરવો.

| પ્રાકૃત | માગધી | અર્થ | સંસ્કૃત |
|---|---|---|---|
| एसो मेसो– | एशे मेशे– | આ ઘેટો– | एषः मेषः |
| एसो पुरिसो– | एशे पुलिशे– | આ પુરુષ– | एषः पुरुषः |
| | करेमि भंते ! | હે ભગવંત ! | करोमि भदन्त ! |
| | करेमि भंत ! | હું કરું છું | |
| | करेमि भंता ! | | |

निही–णिही–નિધિ–निधिः ।
करी–कली–હાથી–करी ।
गिरी–गिली–પર્વત–गिरिः ।

આ ત્રણે ઉદાહરણોમાં શબ્દ अ કારાંત નથી તેથી આ નિયમ ન લાગે.
जलं–जलं–પાણી–जलम्–આ શબ્દ अ કારાંત તો છે પણ પુંલિંગમાં નથી તેથી આ નિયમ ન લાગે.

આર્ષ ગ્રંથોમાં વૃદ્ધ પુરુષોએ કહ્યું છે કે पोराणमद्धमागहभासानिययं हवइ सुत्तं–પુરાતન–પુરાણાં–સૂત્રો અર્ધમાગધી ભાષામાં નિયત છે—એ વિધાન, પ્રાયઃ કરીને अ નો ए કરવાના વિધાનને અનુલક્ષીને સમજવાનું છે પણ ૮।૪।૨૮૮ સૂત્રથી માગધી ભાષા અંગે જે જે વિધાનો કરવાનાં છે તે વિધાનોને આશ્રયીને વૃદ્ધોનું ઉપર્યુક્ત વિધાન સમજવાનું નથી. એટલે કે र નો ल, स નો श, ट्ट તથા ष्ठ નો स्ट તથા स्थ અને र्थ નો स्त વગેરે વિધાનોને લક્ષ્યમાં રાખીને ઉપરનું આર્ષ વિધાન નથી એમ સમજવાનું છે અર્થાત એક ए સિવાયનાં માગધી ભાષા માટેનાં બીજા વિધાનો અર્ધમાગધી ભાષામાં પ્રાયઃ વપરાયાં જણાતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્ધમાગધી ભાષામાં રચાયેલ જૈન આગમોમાં સૂત્રોમાં પ્રથમાના એકવચનમાં ઘણે સ્થળે ए કારનો પ્રયોગ મળે છે તે આ પ્રમાણે છે—

कयरे आगच्छइ—કયો જન આવે છે ?—कतरः आगच्छति ?

से तारिसे दुक्खसहे जिइंदिए—તે એવા પ્રકારનો દુઃખને સહન કરનારો જિતેંદ્રિય છે—स तादृशः दुःखसहः जितेन्द्रियः ।

समणे महावीरे—શ્રમણ મહાવીર—श्रमणः महावीरः ।

अणगारे અણગાર—સાધુ—अनगारः ।

વગેરે અનેક પ્રયોગો પ્રાચીન સૂત્રગ્રંથોમાં નરજાતિમાં ए કારવાળા મળે છે. આ ए કારવાળો પ્રયોગ પ્રાચીન સૂત્રગ્રંથોમાં વારંવાર મળતો હોવાથી અને र ના ल વાળા તથા स ના श વાળા ह तथा छ ना स्ट વાળા અને स्थ તથા र्थ ના स्त વાળા વગેરે માગધી ભાષાના બીજા પ્રયોગો વર્તમાન પ્રાચીન સૂત્રગ્રંથોમાં વપરાયેલા દેખાતા ન હોવાથી આ સૂત્રમાં બતાવેલ માગધી ભાષાનું એક જ લક્ષણ વર્તમાન જૈન આગમોમાં—સૂત્રોમાં—દેખાય છે એટલે 'એ એક લક્ષણને લઈને પુરાતન સૂત્રો અર્ધમાગધી ભાષામાં નિયત છે' એવો આશય ઉપરના આર્ષ વચનનો સમજવો.

## र-सोः ल-शौ ॥८।४।२८८॥

र કારને બદલે માગધી ભાષામાં ल બોલાય છે અને દંત્ય स કારને બદલે એટલે श, ष અને स ને બદલે માગધી ભાષામાં તાલવ્ય श બોલાય છે.

र નો ल—नरो—नले—નર, માણુસ—नरः ।

करो—कले—હાથ—करः ।

स નો श—हंसो—हंशे—હંસ—हसः ।

[1]सुतं, सुअं—शुदं—श्रुत—श्रुतम् ।

सोहणं—शोभण—શોભન—शोभनम् ।

બન્ને स નો श—सारसः—शालशे—સારસ—सारसः ।

મૂર્ધન્ય ष નો श—[2]पुरिसो—पुलिशे—પુરુષ—पुरुषः ।

---

१. શ્રુત અને શોભન શબ્દોમાં "श-षोः सः" ८।१।२६०। નિયમાનુસાર श નો स કરવો અને પછી આ નિયમ લગાડવો.

२. એ જ પ્રમાણે "श-षो: सः" ८।१।२६० નિયમ અનુસાર पुरुष શબ્દના મૂર્ધન્ય ष નો स કરવો અને પછી આ નિયમ લગાડવો.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

પ્રા. રૂપ–रहस મા. રૂપ–लहश । પ્રા.રૂપ–राइत મા.રૂપ–लायिद ।

| | | |
|---|---|---|
| वस– | वश । | अंहिजुगो–अंह्यियुगे । |
| नमिर– | नमिल । | वीर–वील । |
| सुर– | सुल । | जिणो–यिणे । |
| सिर– | सिल । | सयल–शयल । |
| विगलित– | वियलिद । | अवज्ज–अवय्य । |
| मंदार– | मंदाल । | जंबाल–यंबालं । |

પ્રાકૃત–रहस–वस–नमिर–सुर–सिर–विगलित–मंदार–राइत–अंहिजुगो ।
वीर–जिणो पक्खालउ मम सयलं अवज्जजंबालं ॥

માગધી–लहश–वश–नमिल–शुल–शिल–विगलिद–मन्दाल–लायिद–अंहियुगे ।
वील–यिणे पस्खालदु मम शयलमवय्ययम्बालं ॥

**અર્થ**–ભક્તિના આવેગથી નમ્ર બનેલા દેવોના મસ્તકમાંથી સરી પડેલાં મંદાર પુષ્પોથી જેમના બે ચરણો શોભેલ છે તે વીર જિનેશ્વર મારાં સમગ્ર પાપરૂપ કાદવને પખાળો–ધોઈ નાખો.

સંસ્કૃત–रभस–वश–नमिर(नम्र)–सुर–शिरः–विगलित–मन्दार–राजितांह्रियुगः ।
वीरजिनः प्रक्षालयतु मम सकलमवद्यजम्बालम् ॥

## स-षोः संयोगे सः अग्रीष्मे ॥८।४।२८९॥

સંયુક્ત स અને ष ને બદલે માગધી ભાષામાં स વપરાય છે, ફક્ત ગ્રીષ્મ શબ્દમાં આ નિયમ લાગતો નથી. આ નિયમ ૮।૨।૭૪, ૮।૨।૪૫, ૮।૨।૫૩, ૮।૨।૭૪ તથા ૮।૨।૭૭ વગેરે સૂત્રોના અપવાદરૂપ છે. એ નિયમો માગધી ભાષામાં લાગતા નથી.

स—पक्खलइ हत्थी–पस्खलदि हस्ती–હાથી સ્ખલના પામે છે–प्रस्खलति हस्ती
बिहप्फइ–बिहस्पदी–બૃહસ્પતિ- દેવોના ગુરુ–बृहस्पतिः હિંદી बीफे ।
मक्खली–मस्कली–એ નામ છે અગર એક જાતનો શ્રમણ–मस्करी ।
विम्हओ–विस्मये–વિસ્મય–આશ્ચર્ય–विस्मयः ।

ष—सुक्खदारु–शुस्कदालु–સૂકું લાકડું–शुष्कदारु ।
कट्ठं–कस्टं–કષ્ટ–कष्टम् ।
विण्हुं–विस्नुं–વિષ્ણુને–विष्णुम् ।
सप्फकवलो–शश्पकवले–કુમળા ઘાસનો કોળિયો–शष्पकवलः ।
उम्हा–उस्मा–ગરમી–ऊष्मा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निप्फलं–निस्फलं–નિષ્ફલ–निष्फलम् ।

धणुक्खंडं–धनुस्खंडं–ધનુષ્યનો ભાગ–धनुष्खण्डम् ।

गिम्हवासरो–गिम्हवाशले–ગ્રીષ્મનો દિવસ–ग्रीष्मवासरः ।

આ નિયમમાં ग्रीष्म શબ્દને વર્જેલો હોવાથી ग्रीष्म ને આ નિયમ લાગતો નથી એટલે ग्रीष्म નું गिस्म રૂપ ન થાય.

## ट्ट–ष्ठयोः स्टः ॥८।४।२९०॥

ट्ट અને ष्ठ આ બે સંયુક્ત વ્યંજનોને બદલે માગધી ભાષામાં स्ट બોલાય છે.

ट्ट—पट्टो–पस्टे–પટ્ટો કે પાટલો–पट्टः

भट्टारिआ–भस्टालिका–ભટ્ટારિકા–भट्टारिका–આદરણીય સ્ત્રી

भट्टिणी–भस्टिणी–ભટ્ટિની–भट्टिनी ,,

ष्ठ—सुट्ठुकयं–शुस्टु कदं–સારું કર્યું–सुष्ठु कृतम्

कोट्ठागारं–कोस्टागालं–કોષ્ઠાગાર–કોઠાર–कोष्ठागारम् .

## स्थ–र्थयोः स्तः ॥८।४।२९१॥

स्थ અને र्थ ને બદલે માગધી ભાષામાં स्त બોલાય છે.

स्थ–उवट्ठिओ–उवस्तिदे–હાજર થયેલ–उपस्थितः

सुट्ठिओ–शुस्तिदे–સારી રીતે સ્થિર થયેલ–सुस्थितः

र्थ—अत्थवई–अस्तवदी–ધનવાન–अर्थपतिः

सत्थवाहो–शस्तवाहे–સાર્થવાહ–सार्थवाहः–મોટા ટોળા સાથે દેશ-પરદેશ પ્રવાસ કરીને વેપાર કરનાર.

## ज–द्य–यां यः ॥८।४।२९२॥

ज, द्य અને य ને બદલે માગધી ભાષામાં य બોલાય છે.

ज—जाणइ–याणदि–જાણે છે–जानाति

जणवओ–यणवदे–જનપદ–દેશ–जनपदः

अज्जुणो–अय्युणे–અર્જુન–अर्जुनः

दुज्जणो–दुय्यणे–દુર્જન–दुर्जनः

गज्जति–गय्यदि–ગર્જે છે–गर्जति

गुणवज्जिओ–गुणवय्यिदे–ગુણવર્જિત–गुणवर्जितः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्य—मज्जं–मय्यं–मद्य–सुरा–मद्यम्

अज्ज–अय्य–આજ–अद्य

विज्जाहरो–विय्याहले–વિદ્યાધર–विद्याधरः

अय्य किल विय्याहले आगदे–આજે ખરેખર, વિદ્યાધર આવ્યો.

य—जाति–यादि–જાય છે–याति

जहासरूवं–यधाशलूवं–જેવું સ્વરૂપ હોય તે પ્રમાણે–यथास्वरूपम्

जाणवत्तं–यागवत्तं–યાનપાત્ર–વહાણ–यानपात्रम्

जइ–यदि–જો–यदि

પ્રાકૃત ભાષામાં આદિના य નો ज થઈ જાય છે. માગધી ભાષામાં આદિમાં य નો य કાયમ રહે છે એટલે यને અંગે 'य'ના 'ज' કરવાનો પ્રાકૃતનો ૮।૧।૨૪૫મો નિયમ માગધીમાં ન લાગે માટે यને બદલે પણ ફરી यનું વિધાન કરેલું છે.

## न्य–ण्य–ज्ञ–ञ्जां ञ्ञः ॥८।४।२९३॥

न्य, ण्य, ज्ञ, ञ्ज એ ચાર વ્યંજનોને બદલે માગધી ભાષામાં ડબ્બલ ञ्ञ વપરાય છે.

न्य—अभिमन्नुकुमारो–अहिमञ्ञुकुमाले–અભિમન્યુકુમાર–अभिमन्युकुमारः

अन्नदिसं–अञ्ञदिशं–બીજી દિશા તરફ–अन्यदिशम्

सामन्नगुणो–शामञ्ञगुणे–સામાન્ય ગુણ–सामान्यगुणः

कन्नकावरणं–कञ्ञकावलणं–કન્યાનું વરણ કરવું તે–कन्यकावरणम्

ण्य—पुण्णवंतो–पुञ्ञवंते–પુણ્યવાન–पुण्यवान्

अबम्भण्णं–अबम्हञ्ञं–અબ્રહ્મણ્ય–પાપ–अब्रह्मण्यम्

पुण्णाहं–पुञ्ञाहं–પુણ્ય દિવસ–पुण्याहम्

पुण्णं–पुञ्ञं–પુણ્ય–पुण्यम्

ज्ञ—पण्णाविसालो–पञ्ञाविशाले–પ્રજ્ઞાથી વિશાળ–प्रज्ञाविशालः

सव्वण्णू–शव्वञ्ञू–સર્વજ્ઞ–सर्वज्ञः

अवण्णा–अवञ्ञा–અવજ્ઞા–તિરસ્કાર–अवज्ञा

ञ्ज—अञ्जली–अञ्ञली–અંજલિ–अञ्जलिः

धणञ्जओ–धणञ्ञए–ધનંજય–धनञ्जयः

पञ्जलो–पञ्ञले–સરળ–प्राञ्जलः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## व्रजः जः ॥૮।૪।૨૯૪॥

व्रज् ધાતુના ज નો માગધી ભાષમાં ञ्ञ થાય છે.

वञ्चइ–वञ्ञदि–જાય છે–व्रजति કચ્છી ભાષામાં વઞ્ઞાતો રૂપ સાંભળવામાં આવેલ છે

व्रज् ધાતુમાં ૮।૪।૨૯૨ નો નિયમ ન લાગે માટે આ નિયમ બનાવેલો છે.

## छस्य श्चः अनादौ ॥૮।૪।૨૯૫॥

જ્યાં અનાદિમાં छ કે च्छ હોય ત્યાં માગધી ભાષામાં તે બન્નેને બદલે श्च બોલવો.

गच्छ गच्छ–गश्च गश्च–જા જા–गच्छ गच्छ

उच्छलइ–उश्चलदि–ઉછળે છે–उच्छलति

पिच्छिलो–पिश्चिले–ચીકણો–पिच्छिल:

पुच्छइ–पुश्चदि–પૂછે છે–पृच्छति

૮।૨।૨૧ નિયમ દ્વારા પ્રાકૃતમાં જ્યાં थ्य, श्च અને त्स તથા प्स ને બદલે छ બોલાય છે તેવો छ પણ અહીં લેવાનો છે એટલે જે મૂળ छ ન હોય પણ નિયમને લીધે छ થયેલ હોય તેવો લાક્ષણિક छ પણ અહીં લેવાનો છે.

आपन्नवच्छलो–आवन्नवश्चले–જેને વર્ષ જેટલો સમય પ્રાપ્ત છે–आपन्नवत्सर:

तिरिच्छि पेच्छइ–तिरिश्चि ॥૮।૨।૧૪૩॥ पेस्कदि–વાંકું જૂએ છે–तिर्यक् प्रेक्षते

छालो–छाले–બકરો–छाग;–અહીં આદિમાં छ છે માટે આ નિયમ ન લાગે. ગ્રામ્ય ગુજરાતીમાં 'બકરા'ને 'છાળાં' કહે છે.

## क्षस्य ≍कः ॥૮।૪।૨૯૬॥

क्ष ને બદલે માગધી ભાષામાં જિહ્વામૂલીય વજ્રાકૃતિ–વજ્રની જેવી આકૃતિવાળો ≍क થઈ જાય છે.

जक्खो–य≍के–યક્ષ–यक्ष:

रक्खसो–ल≍कशे–રાક્ષસ–राक्षस:

खयजलहरा–खययलहला–क्षयजलधरा:–પ્રલય કાળના મેઘો— આ પ્રયોગમાં ख આદિમાં છે તેથી આ નિયમ ન લાગે.

## स्कः प्रेक्ष-आचक्षोः ॥૮।૪।૨૯૭॥

प्रेक्ष અને आचक्ष ના क्ष ને બદલે માગધી ભાષામાં स्क બોલાય છે.

पेक्खति–पेस्कदि–જૂએ છે–प्रेक्षते

आचक्खति–आचस्कदि–બોલે છે–आचष्टे

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## तिष्ठः चिष्ठः ॥८।४।२९८॥

तिष्ठ ને બદલે માગધી ભાષામાં चिष्ठ બોલાય છે.

तिट्ठइ–चिष्ठदि–ઊભો રહે છે–तिष्ठति ।

## अवर्णाद् वा ङसः डाहः ॥८।४।२९९॥

अ વર્ણાંત નામને લાગેલા છઠ્ઠી વિભક્તિના એકવચન ङस् ને બદલે માગધી ભાષામાં आह વિકલ્પે બોલાય છે.

अहं न एरिसस्स कम्मणो कारी–हगे न एलिशाह कम्माह काली–

હું આવા કામનો કરનાર નથી––अहं न ईदृशस्य कर्मण: कारी

भगदत्तसोणितस्स कुम्भो–भगदत्तशोणिदाह कुम्मे–ભગદત્તના લોહીનો ઘડો।

–भगदत्तशोणितस्य कुम्भ:

આહ ન થાય ત્યારે—

भीमसेणस्स पश्चादो हिण्डीअदि–ભીમસેનની પાછળ હેંડાય છે–ચલાય છે–भीमसेनस्य पश्चात् हिण्डयते ।

हिडिम्बाए घडुक्कयसोको न उवसमति–हिडिम्बाए घडुक्कयशोके ण उवशमदि–હિડિમ્બાને થયેલો તેના પુત્ર ઘટોત્કચનો શોક શાંત થતો નથી–हिडिम्बाया घटोत्कचशोको न उपशाम्यति ।

## आमः डाहँ वा ॥८।४।३००॥

अ વર્ણાંત નામ પછી લાગેલા ષષ્ઠી વિભક્તિના બહુવચન आम् ને બદલે માગધી ભાષામાં છેડે અનુનાસિકવાળો डाहँ વિકલ્પે વપરાય છે.

सज्जणाण मुहं–शय्यणाहँ मुहं–સજ્જનોનું મુખ–सज्जनानां मुखम्

आहँ ન થાય ત્યારે—नरिंदाणं–नलिन्दाणं–નરેંદ્રોનું–રાજાઓનું–नरेन्द्राणाम्

॥८।४।४४७॥ ના વ્યત્યય થવાના નિયમને લીધે પ્રાકૃત ભાષામાં પણ आम् ને બદલે डाहँ વપરાય છે.

ताहँ, तेसिं–તેઓનું–तेषाम्

तुम्हाहँ, तुम्हाकं–તમારું–युष्माकम्

अम्हाहँ, अम्हाकं–અમારું–अस्माकम्

सरिआहँ, सरिआण–નદીઓનું–सरिताम्

कम्माहँ, कम्माण–કર્મોનું–कर्मणाम्



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अहं-वयमोः हगे ॥८।४।३०१॥

अहम् કે अहकम् ને બદલે માગધી ભાષામાં हगे વપરાય છે. તથા वयम् ને બદલે પણ हगे વપરાય છે.

अहं सक्कावयारतित्थणिवासी धीवरो–हगे शक्कावदालतिस्तणिवाशी धीवले–હું, શક્રાવતાર નામના તીર્થનો નિવાસી ધીવર–માછીમાર–છું–अहं शक्रावतारतीर्थनिवासी धीवरः

वयं संपत्ता–हगे शंपत्ता–અમે આવી પહોંચ્યા–वयं संप्राप्ताः ।

## शेषं शौरसेनीवत् ॥८।४।३०२॥

માગધી ભાષા માટે જે વિશેષ વિધાનો કર્યાં છે તે સિવાયનાં બાકીનાં વિધાનો શૌરસેની ભાષાની જેમ માગધી ભાષામાં સમજી લેવાં.

આચાર્યના આ સૂચનથી એવું માલૂમ પડે છે કે માગધી ભાષા, શૌરસેની ભાષાની વધારે નજીકની છે. શૌરસેનીમાં જે રીતે ૮।૪।૨૬૦ સૂત્રથી त નો द કહેલો છે તે રીતે માગધી ભાષામાં પણ થઈ જાય છે–

त નો द–पविशदु–पविसतु–प्रविशतु–પેસો.

पशादाय–पसादाय–प्रसादाय–પ્રસાદ માટે

"पविशदु आवुत्ते शामिपशादाय" ॥८।४।२६०॥–अभिज्ञानशाकु० अंक ६ પૃ૦ ૧૮૫ નિર્ણય સા૦ ઈ.સ. ૧૯૩૩.

સ્વામીના પ્રસાદ માટે—

બનેવી પ્રવેશ કરો–प्रविशतु आवुत्तः–भगिनीपतिः–स्वामिप्रसादाय ।

,, ,,–८४।२६१–महंदे–महंतो–महान्

अले ! किं एशे महं कलयले–અરે ! શું આ મોટો કકળાટ છે ? अरे ! किम् एष महान् कलकलः ?

,, ,,–॥८।४।२६२॥–दाव, ताव–तावत्

"मालेध वा धलेध वा, अयं दाव शे आगमे"–अभिज्ञानशाकु० अंक ६ પૃ૦ ૧૮૪. મારો કે બચાવો, આ તો તેમનું આગમન થયું.–मारयत वा धरत वा, अयं तावत् तस्य आगमः

न् નો आ–८।४।२६३–भो कञ्चुइआ ! भो कंचुई–હે કંચુકી !–भोः कञ्चुकिन्–અભિજ્ઞાન શા૦ ૧૯૬૩ ની નિર્ણયસાગરની આવૃત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न् નો म्–૮।૪।૨૬૪–रायं !–रायो !–राजन् !

भो राय !–હે રાજન્–भो राजन् !

,, ,, ૮।૪।૨૬૫–भवं–भवंतो–भवान्–પોતે

एदु भवं शमणे भयवं महावीले–આપ શ્રમણ ભગવાન મહાવીર આવો. एतु भवान् श्रमणः भगवान् महावीरः

भयवं–भगवंतो–भगवान्

भयवं कदन्ते ये अप्पणो प॒कं उज्झिय पलस्स प॒कं पमाणीकलेशि ભગવાન્ કૃતાંત જે પોતાનો પક્ષ છોડીને બીજાના પક્ષને પ્રમાણભૂત કરે છે–भगवान् कृतान्तः यः आत्मनः पक्षं उज्झित्वा परस्य पक्षं प्रमाणीकरोषि

र्य નો य्य–૮।૪।૨૬૬–अय्यो–अज्जो–आर्यः

अय्य ! एशे खु कुमाले मलयकेदू–હે આર્ય ! આ ખરેખર કુમાર મલયકેતુ છે–आर्य ! एषः खलु कुमारः मलयकेतुः

थ નો ध–૮।૪।૨૬૭–"कधेहि" [अभिज्ञानशाकु० अंक ६, पृ० १८३]–कहेहि–कथय–તું કહે

अले कुंभिला ! कधेहि–હે કુંભિલ ! તું કહે–अरे ! कुम्भिल ! कथय

ह નો ध–૮।૪।૨૬૮–ओशलध–ओसरह–अपसरत–એોહર–પાછા ફરો.

ओशलध अय्या ! ओशलध–હે આર્ય ! પાછા ફરો–પાછા ફરો–अपसरत आर्याः ! अपसरत

इध इह–અહીં

વિકલ્પે ह નો भ– ૮।૪।૨૬૯–भोदि, होदि, भोति–भवति

पूर्व નો पुरव–૮।૪।૨૭૦–अपुरवे–अपुव्वो–अपूर्वः

क्त्वा નો इय, दूण–૮।૪।૨૭૧–कलिय–करिय–कृत्वा

किं खु शोभणे बम्हणे शि त्ति कलिय लञ्ञा पलिग्गहे दिण्णे–'શું ખરેખર સારો બ્રાહ્મણ છે' એમ કરીને રાજાએ તને પરિગ્રહ–સ્ત્રી–આપેલ છે–किं खलु शोभनः ब्राह्मणः असि इति कृत्वा राज्ञा परिग्रहो दत्तः ?

कृत्वा નો डडुअ–૮।૪।૨૭૨ कडुअ–करिय–कृत्वा

गडुय–गमिय–गत्वा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ति પ્રત્યયનો दि—૮।૪।૨૭૩—आगच्छदि—आगच्छति

अमच्चलक्खसं पिक्खिदुं इदो य्येव आगश्चदि—અમાત્ય રાક્ષસને જોવાને માટે આ તરફ જ આવે છે—अमात्यराक्षसं प्रेक्षितुम् इत एव आगच्छति

અ કારાંત ક્રિયાપદને दे, दि—૮।૪।૨૭૪—शुणीअदे, शुणीअदि—सुणीअति—श्रूयते—સંભળાય છે

अले ! किं एशे महंदे कलयले शुणीअदे—અરે, આ મોટો કકળાટ કેમ સંભળાય છે ?—अरे ! किम् एष: महान् कलकल: श्रूयते

ભવિષ્યકાળનો स्सि— ૮।૪।૨૭૫—भविस्सिदि—भविस्सति—भविष्यति

ता कहिं नु गदे लुहिलप्पिए भविस्सिदि—તો ક્યાં ગયેલો રુધિરપ્રિય થશે ?—तस्मात् कुत्र नु गतः रुधिरप्रियो भविष्यति

ङसि નો आदो, आदु—૮।૪।૨૭૬—भागुलायणादो—भागुरायणा—भागुरायणात् ।

अहं पि भागुलायणादो मुद्दं पावेमि—હું પણ ભાગુરાયણ પાસેથી મુદ્રા પામું છું—अहमपि भागुरायणाद् मुद्रां प्राप्नोमि ।

इदानीम् નો दाणिं—૮।૪।૨૭૭—दाणिं—एण्हिं—इदानीम् ।

शुणध दाणिं हगे शक्कावयाल—तित्त—णिवाशी धीवले—સાંભળો, હવે હું શક્રાવતાર તીર્થનો નિવાસી ધીવર—માછીમાર—शृणुत, इदानीम् अहं शक्रावतारतीर्थनिवासी धीवर:

तस्मात् નો ता—૮।૪।૨૭૮—ता—तम्हा—तस्मात् ।

ता याव पविशामि—તેથી હું જો પ્રવેશ કરું છું—तस्माद् यावत् प्रविशामि ।

मः अन्त्यात् णः वा इत्—एतोः ॥૮।૪।૨૭૯॥ અંત્ય म् પછી इ કે ए આવે તો म् પછી ण् નો આગમ વિકલ્પે ઉમેરાય છે—

युत्तम्+इदम्—युत्तं णिमं, युत्तं इणं—આ યુક્ત છે—युक्तम् इदम् ।

शलिशं+इदं—शलिशं+इणं—शलिशं णिणं—सरिसं इणं—આ સદૃશ—સરખું—છે—सदृशम् इदम् ।

किम्+एदं—किं णेदं, किं एदं—શું એ ? किम् एतत् ।

एव નો य्येव—૮।૪।૨૮૦—मम य्येव—મારું જ—मम एव ।

हञ्जे નિપાત—૮।૪।૨૮૧—हे चउरिए !—हञ्जे चदुलिके ! હે ચતુરિકા—हे चतुरिके !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हीमाणहे निपात–૮।૪।૨૮૨–हीमाणहे–विन्हओ–વિસ્મય !!!–विस्मयः

हीमाणहे ! ! जीवंतवश्चा मे जणणी–'ઉદાત્તરાઘવ' નામના નાટકમાં રાક્ષસ આ વાક્યને બોલે છે—વિસ્મય છે કે મારી માતા જીવંત વત્સવાળી છે–विस्मयः जीवद्वत्सा मम जननी !!!

हीमाणहे निर्वेदे–,, हीमाणहे पलिस्संता हगे एदेण नियविधिणो दुव्ववशिदेण–'વિક્રાંતભીમ' નામના નાટકમાં આ વાક્યને રાક્ષસ બોલે છે–નિર્વેદ–ખેદ–છે કે અમે પોતાની વિધિના દુર્વ્યવહારથી થાકી ગયા છીએ–કંટાળી ગયા છીએ–निर्वेदः परिश्रान्ताः वयम् एतेन निजविधेः दुर्व्यवसितेन ।

णं–ननु अर्थे–૮।૪।૨૮૩–णं–णु–ननु

णं अवशलोपशप्पणीया लायाणो–રાજાઓ ગમે ત્યારે નહીં પણ અવસરે મળવા યોગ્ય છે–ननु अवसरोपसर्पणीया राजानः ।

अम्महे–૮।૪।૨૮૪–अम्महे–हरिसो–विदूषकस्य हर्षः ।

શૌરસેની ભાષામાં अम्महे શબ્દ વિદૂષકના હર્ષનો સૂચક છે.

अम्महे, एआए शुम्मिलाए शुपलिगढिदे भवं–હર્ષ છે કે, તમે આ સૂર્મિલામાં આસક્ત થયા છો–हर्षः एतस्यां सूर्मिलायां सुपरिगृद्धो भवान्

हीही–૮।૪।૨૮૫–हीही–हरिसो–हर्षः ।

શૌરસેની ભાષામાં 'हीही' શબ્દ વિદૂષકના હર્ષનો સૂચક છે. हीही संपन्ना मे मणोलधा पियवयस्सस्स–'હીહી' એટલે 'ખીખી' એમ હસતાં હસતાં વિદૂષક બોલે છે કે, મારા પ્રિય મિત્રના મનોરથો પૂરા થયા. હીહી એટલે એ હર્ષની વાત છે—हर्षः, संपन्ना मम मनोरथाः प्रियवयस्यस्य ।

આ સિવાયનું બધું પ્રાકૃત ભાષાની પેઠે માગધી ભાષામાં પણ સમજવું.

આ રીતે ૮।૪।૨૬૦ થી જે જે વિધાનો શૌરસેની ભાષામાં કરેલાં છે તે બધાં માગધીમાં પણ લાગુ પાડીને અહીં બતાવેલાં છે. આ સિવાયનાં બીજાં વિધાનો પ્રાકૃતની પેઠે સમજવાનાં છે. ૮।૧।૪ થી માંડીને ૮।૪।૨૬૦ સુધીનાં જે વિધાનો પ્રાકૃતમાં કર્યાં છે તે વિધાનો પણ માગધીની વિશેષતાને ધ્યાનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખીને માગધી ભાષામાં લગાડવાનાં છે એટલે જે જે વ્યંજનો વગેરે અંગે માગધીમાં જે ખાસ ફેરફાર સૂચવેલ છે, તે સિવાય બાકીનું વ્યંજનો વગેરેને અંગેનું જે કાંઈ પરિવર્તન કરવાનું હોય તે બધું શૌરસેની ભાષાની પેઠે સમજવાનું છે. તે બધું તો બતાવી દીધેલ છે. અને બાકીનું જે કાંઈ પ્રાકૃત ભાષાની પેઠે સમજવાનું છે તે બધું જાતે સમજી લેવાનું છે અને તેનાં ઉદાહરણો પણ જાતે સમજી લેવાનાં છે. જેમકે ૮।૧।૪ નું ઉદાહરણ—

પ્રા० सत्तावीसा–મા० शत्तावीशा ।

,, जुवइजणो– ,, युवदियणे ।

,, वारीमई – ,, वालीमदी । વગેરે.

આ ઉદાહરણ ફક્ત નમૂનારૂપે આપેલ છે, પણ આવાં બીજાં અનેક ઉદાહરણો પોતે જાતે સમજી લેવાનાં છે અને તે ૮।૧।૪ થી માંડીને ૮।૪।૨૬૦ સુધીનાં સૂત્રોનાં વિધાનોને ધ્યાનમાં રાખીને માગધી ભાષાનાં ઉદાહરણો સમજી લેવાનાં છે. એ બધાં ઉદાહરણો અહીં તો લખી જ ન શકાય અથવા એ બધાં ઉદાહરણો અધ્યાપકે પોતે સમજીને વિદ્યાર્થીને બતાવવાનાં છે.

**માગધી ભાષાનું વ્યાકરણ સમાપ્ત.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩. પૈશાચી ભાષા

## પૈશાચી ભાષાનું વ્યાકરણ

પૈશાચી ભાષા એટલે અમુક પ્રકારના લોકોની ભાષા. માર્કંડેયના **પ્રાકૃત સર્વસ્વ** વ્યાકરણમાં અમુક અમુક દેશોને પિશાચ દેશોરૂપે ગણાવેલા છે—જેમકે પાંડય દેશ, કેકય દેશ, બાલ્હીક દેશ વગેરે.

વર્તમાનમાં આ દેશો કયાં આવેલ છે તે બાબત, સંપૂર્ણ ભૂગોળના જાણકારો પાસેથી જાણી લેવી.

### ज्ञः ञ्ञः पैशाच्याम् ॥८।४।३०३॥

પૈશાચી ભાષામાં ज्ञ ને બદલે સર્વત્ર ञ्ञ એટલે બેવડો ञ બોલાય છે.

पञ्ञा–पण्णा–બુદ્ધિ–प्रज्ञा ।

सञ्ञा–सण्णा–સંજ્ઞા–સાન–संज्ञा ।

सव्वञ्ञू–सव्वण्णू–સર્વજ્ઞ–सर्वज्ञः ।

ञानं–णाणं–જ્ઞાન–ज्ञानम् ।

विञ्ञानं–विण्णाणं–વિજ્ઞાન–विज्ञानम् ।

### राज्ञः वा चिञ् ॥८।४।३०४॥

राजन् શબ્દના રૂપમાં જ્યાં જ્યાં ज्ञ આવે છે ત્યાં ત્યાં પૈશાચી ભાષામાં चिञ् વિકલ્પે બોલાય છે.

राचिञ्ञा लपितं, रञ्ञा लपितं–रण्णा लविअं–રાજા વડે બોલાયેલ–બોલ્યો–राज्ञा लपितम् ।

राचिञ्ञो धनं, रञ्ञो धणं–रण्णो धणं–રાજાનું ધન–राज्ञः धनम् ।

राजा રૂપમાં ज्ञ નથી તેથી આ નિયમ ન લાગે એટલે ज નો ञ ન થાય.

### न्य–ण्योः ञ्ञः ॥८।४।३०५॥

न्य અને ण्य ને બદલે પૈશાચી ભાષામાં ञ्ञ બોલાય છે.

कञ्ञका–कन्नका કન્યા–कन्यका ।

अभिमञ्ञू–अहिमन्नू અભિમન્યુ–अभिमन्युः ।

पुञ्ञकम्मो–पुण्णकम्मो પુણ્યકર્મી–पुण्यकर्मा ।

पुञ्ञाहं–पुण्णाहं પુણ્ય–પવિત્ર–દિવસ–पुण्याहम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## णः नः ॥८।४।३०६॥

ण ને સ્થાને પૈશાચી ભાષામાં न બોલાય છે.

गुनगनयुत्तो–गुणगणजुत्तो–ગુણોના સમૂહથી યુક્ત–गुणगणयुक्तः ।
गुनेन–गुणेण–ગુણ વડે–गुणेन ।

## त-दोः तः ॥८।४।३०७॥

તકારને બદલે અને દકારને બદલે પૈશાચી ભાષામાં त બોલાય છે.

त–भगवती–શક્તિશાળી–ઐશ્વર્યશાલી–भगवती ।
पव्वती–पव्वती–પાર્વતી–पार्वती ।
सतं–सतं–શત–સો–शतम् ।

द–मतनपरवसो–मदणपरवसो–કામદેવને આધીન–मदनपरवशः ।
सतनं–सदनं–ઘર–सदनम् ।
तामोतरो-दामोदरो-જેના ઉદર-પેટ-ઉપર માળા છે તે દામોદર–શ્રીકૃષ્ણ–दामोदर
पतेसो–पदेसो– પ્રદેશ–प्रदेशः ।
वतनकं–वदणकं–મુખ–वदनकम् ।
होतु–होतु–થાઓ–भवतु ।
रमतु–रमतु–રમો–रमताम् ।

તકારનો પણ જે તકાર કરવાનું કહેલું છે તેનો આશય એ છે કે તેન એટલે તકારનાં બીજાં વિશેષ રૂપાંતરો ન થાય પણ त જ કાયમ રહે. એથી पताका નું पडाया ન થાય પણ પૈશાચીમાં पताका જ થાય. वेतसः નું वेडिसो ન થાય પણ પૈશાચીમાં वेतिसो જ થાય. તાત્પર્ય એ કે પ્રાકૃતમાં જ્યાં જ્યાં त કારને સ્થાને બીજાં બીજાં વિશેષ વિધાનો બતાવેલાં છે તથા શૌરસેનીમાં કે માગધીમાં જે કોઈ વિધાન તકારને અંગે કરેલું છે તેમાંનું એક પણ વિધાન પૈશાચીમાં લાગુ ન કરવું. તેમ ક્યાંય વિશેષરૂપે તકારનો લોપ પણ ન કરવો અને જ્યાં જ્યાં त કે द દેખાય ત્યાં બધે જ પૈશાચી ભાષામાં તકારનો જ પ્રયોગ કરવો.

## लः ळः ॥८।४।३०८॥

ल ને સ્થાને પૈશાચી ભાષામાં ळ બોલાય છે.

सीळं–सीलं–શીલ–शीलम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुळं–कुलं–કુળ–कुलम्
जळं–जलं–જળ–जलम् ।
सलिळं–सलिलं–જળ–સરતું રહે તે सलिलम् ।
कमळं–कमलं–कमलम्–કમળ ।

## श–षोः सः ॥८।४।३०९॥

श ને સ્થાને અને ष ને સ્થાને પૈશાચી ભાષામાં स બોલાય છે.

श–सोभति–सोहइ–શોભે છે–शोभते ।
सोभनं–सोहणं–શોભન–સુંદર–शोभनम् ।
ससी–ससी–ચંદ્ર–शशी ।
सक्को–सक्को–શક્ર–ઇંદ્ર–शक्रः । અથવા सक्को–शक्यः, શક્ય અથવા શક્ત–સમર્થ–शक्तः ।
संखो–संखो–શંખ–शङ्खः ।

ष–विसमो–विसमो–વિષમ–विषमः ।
विसानो–विसाणो–હાથીનો દાંત, શીંગડું–विषाणः ।

પ્ર૦—પ્રાકૃત ભાષામાં श ને બદલે અને ष ને બદલે स બોલવાનું વિધાન કરેલું જ છે. તેથી એ વિધાન પ્રમાણે પૈશાચી ભાષામાં પણ श નો અને षનો स થઈ જ જવાનો છે તો પછી આ વિધાન શા માટે કર્યું ?

ઉ૦—આ પ્રશ્નનું સમાધાન એ છે કે, પ્રાકૃતમાં श ને અને षને બદલે सનું વિધાન તો કરેલું છે પણ અપવાદરૂપે અમુક શબ્દોમાં श અને षનો ह (૮।૧।૨૬૨) કરેલો છે અને અમુક વિધાનમાં श નો અને षનો (૮।૧।૨૬૫, ૮।૧।૨૬૬) छ કરેલો છે. એ આપવાદિક વિધાન પૈશાચીમાં ન જ લાગે અને તમામ શબ્દોના श નો અને षનો स જ થઈ જાય એવું નિરપવાદ વિધાન સૂચવવા માટે આ નિયમ ખાસ કરેલો છે અર્થાત્ ૮।૧।૨૬૨, ૮।૧।૨૬૫ તથા ૮।૧।૨૬૬ સૂત્રોમાં બતાવેલાં વિધાનો પૈશાચીમાં લાગે જ નહીં એ એક વાત. બીજી વાત પણ એ છે કે ૮।૪।૩૨૪ મા નિયમમાં એમ જણાવેલ છે કે "क–ग–च–ज–त–द–प–य–वां प्रायो लुक्" (૮।૧।૧૭૭) એ સૂત્રથી માંડીને "षट्–शमी–शाव–सुधा–सप्तपर्णेषु आदेः छः" (૮।૧।૨૬૫) સૂત્ર સુધીમાં પ્રાકૃત ભાષામાં જે જે વિધાનો બતાવેલાં છે તેમાંનું એક પણ વિધાન પૈશાચી ભાષામાં ન લાગે એમ કહેવાથી "श–षोः सः" (૮।૧।૨૬૦)મા સૂત્રમાં બતાવેલું सનું વિધાન પણ પૈશાચીમાં નહીં લાગે તેથી પૈશાચી ભાષામાં श ને અને षને બદલે स જ વાપરવો એવા વિધાનની જરૂર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે આ વિધાન કરવામાં ન આવે તો श અને ष પૈશાચી ભાષામાં જેમ છે તેમ જ રહેશે અને તેમનો स નહીં થાય માટે આ વિધાન ૮।૪।૩૨૪ સૂત્રરૂપ બાધક નિયમનો પણ બાધ કરવા માટે જરૂરી છે.

## हृदये यस्य पः ॥८।४।३१०॥

हृदय શબ્દમાં રહેલા य નો પૈશાચી ભાષામાં प બોલવો.

हितपकं–हिययं––હૃદય–हृदयकम् ।

हितपके–हियये–હૃદયમાં–हृदयके ।

किं पि किं पि हितपके अत्थं चिन्तयमानी–किं पि किं पि हिअयये अत्थं चिंतयमाणी–હૃદયમાં કાંઈ ને કાંઈ અર્થનો એટલે કોઈ પણ જાતનો વિચાર કરતી–किमपि किमपि हृदयके अर्थं चिन्तयमाना ।

## टोः तुः वा ॥८।४।३११॥

टु ને બદલે પૈશાચી ભાષામાં तु વિકલ્પે બોલાય છે.

कुतुम्बकं, कुटुम्बकं–कुडुंबकं–કુટુંબ–कुटुम्बकम्

એ જ રીતે पटु पतू, पडू, पटुः । चाडु चातु, चाडु, चाटु । कडु कडु, कतु, कटु કડવું ।

## क्त्वः तूनः ॥८।४।३१२॥

क्त्वा પ્રત્યયને બદલે પૈશાચી ભાષામાં तून થઈ જાય છે.

गन्तून–गमिऊण––જઈને–गत्वा

रन्तून–रमिऊण–રમીને–रन्त्वा

हसितून–हसिऊण–હસીને–हसित्वा

पठितून–पढिऊण–પઢીને–ભણીને–पठित्वा

कधितून–कहिऊण–કહીને–कथयित्वा

## द्धून–त्थूनौ ष्ट्वः ॥८।४।३१३॥

સંસ્કૃત ભાષામાં સંબંધક ભૂતકૃદંતના क्त्वा નું જ્યાં ष्ट्वा રૂપ થયેલ હોય ત્યાં તે ष्ट्वा ને બદલે પૈશાચી ભાષામાં द्धून અને त्थून રૂપ વપરાય છે.

नद्धून અથવા नत्थून–नसिऊण–નાસીને–नंष्ट्वा

तद्धून અથવા तत्थून–दट्ठूण–જોઈને–दृष्ट्वा.

तद्धून ,, तत्थून–तक्खिऊण–પાતળું કરીને तष्ट्वा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## र्य-स्न-ष्टां रिय-सिन-सटाः क्वचित् ॥८।४।३१४॥

र्य ને બદલે ક્વચિત્ रिय, स्न ને બદલે ક્વચિત્ सिन અને ष्ट ને બદલે ચિત્ सट પૈશાચી ભાષામાં બોલાય છે.

भारिया–भज्जा–ભાર્યા–સ્ત્રી–भार्या

सिनातं–ण्हायं–ન્હાયેલું–સ્નાન કરેલું–स्नातम्

कसटं–कट्ठं–કષ્ટ–कष्टम्

क्वचित् કહેવાથી सूर्यः નું सुज्जो, स्नुषा નું सुनुषा અને दृष्टः નું तिट्ठो થયું ર્થાત્ આ ઉદાહરણોમાં આ નિયમ ન લાગ્યો.

## क्यस्य इय्यः ॥८।४।३१५॥

સંસ્કૃતમાં 'ભાવ' ના અર્થમાં અને 'કર્મ'ના અર્થમાં જે क्य પ્રત્યય વપરાય છે । બદલે પૈશાચી ભાષામાં इय्य વપરાય છે.

गिय्यते–गिज्जते–ગવાય છે–गीयते

दिय्यते–दिज्जते–દેવાય છે–અપાય છે–दीयते

रमिय्यते–रमिज्जते–રમાય છે–रम्यते

पढिय्यते–पढिज्जते–પઢાય છે–ભણાય છે–पठयते

## कृगः डीरः ॥८।४।३१६॥

कृ ધાતુને 'ભાવ'માં અને 'કર્મ'માં લાગેલા क्य પ્રત્યયને બદલે પૈશાચી ભાષામાં (ડીર) વપરાય છે.

कीरते–करिज्जते–કરાય છે–क्रियते

पुधुमतंसने सब्बस्स य्येव संमानं कीरते–पढमदंसणे सव्वस्स चिय संमानं ज्जते–પ્રથમ દર્શનમાં તમામનું જ સમ્માન કરાય છે–કરવામાં આવે છે. मदर्शने सर्वस्य एव सम्मानं क्रियते ।

## यादृशादेः दुः तिः ॥८।४।३१७॥

यादृश यादृक् यादृक्ष, तादृश तादृक् तादृक्ष, कीदृश कीदृक्, कीदृक्ष, ईदृश ईदृक् ईदृक्ष,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतादृश एतादृक् एतादृक्ष, भवादृश भवादृक् भवादृक्ष, अन्यादृश अन्यादृक् अन्यादृक्ष, युष्मादृश युष्मादृक् युष्मादृक्ष, त्वादृश त्वादृक् त्वादृक्ष, अस्मादृश अस्मादृक् अस्मादृक्ष, मादृश मादृक् मादृक्ष વગેરે શબ્દોમાંના दृ ને બદલે પૈશાચી ભાષામાં ति વપરાય છે.

यातिसो–जारिसो–જેવો–यादृशः ।

यातिक्खो––जारिक्खो यादृक्षः

तातिसो–तारिसो–તેવો–तादृशः ।

तातिक्खो तारिक्खो–તેવો–तादृक्षः ।

केतिसो··केरिसो–કેવો–कीदृशः ।

एतिसो–एरिसो–એવો–ईदृशः

एतातिसो–एतारिसो–એવો–एतादृशः

भवातिसो–भवारिसो–તમારા જેવો–भवादृशः

अन्नातिसो–अन्नारिसो–બીજા જેવો–अन्यादृशः

तातिसो-तारिसो–તારા જેવાં–त्वादृशः

युम्हातिसो–तुम्हारिसो–તમારા જેવો–युष्मादृशः

मातिसो–मारिसो–મારા જેવો–मादृशः

अम्हातिसो–अम्हारिसो–અમારા જેવો–अस्मादृशः ।

याति–जादि જેવો यादृक् । આ જ રીતે तादृक् વગેરેનાં પણ રૂપો સાધી લેવાં. જેને છેડે क्ष છે એવાં कीदृक्ष વગેરેનાં રૂપો यातिक्ख વગેરેની પેઠે સમજી લેવાં.

## इच्–एचः ॥८।४।३१८॥

પ્રાકૃત ભાષામાં ક્રિયાપદના ત્રીજા પુરુષના એકવચનમાં જે इच् અને एच् (૮।૩।૧૩૯) પ્રત્યયો બતાવેલા છે તેને બદલે પૈશાચી ભાષામાં ति પ્રત્યય વપરાય છે.

वसुआति–वसुआति–સુકાય છે–उद्वाति

भोति–भोति–થાય છે–भवति

नेति–नेति–લઈ જાય છે–नयति

तेति–देति–દે છે–ददाति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आत् तेः च ॥८।४।३१९॥

અકારાંત ધાતુને માટે પ્રાકૃતમાં इच् અને एच् નું વિધાન કરેલું છે તેને બદલે પૈશાચી ભાષામાં इच् ને બદલે ति અને एच् ને બદલે ते પ્રત્યયો સમજવા.

लपते, लपति–लवते, लवति–લવે છે–બોલે છે–लपति

अच्छते, अच्छति–अच्छते, अच्छति–બેસે છે–आस्ते

गच्छते, गच्छति–गच्छते, गच्छति–જાય છે–गच्छति

रमते, रमति–रमते, रमति–રમે છે–रमते

होति અને नेति માં ધાતુ અકારાંત નથી તેથી આ નિયમ ન લાગે.

## भविष्यति एय्यः एव ॥८।४।३२०॥

પ્રાકૃત ભાષામાં ભવિષ્યકાળમાં જે इच् અને एच् પ્રત્યયો બતાવેલા છે તેને બદલે પૈશાચી ભાષામાં एय्य પ્રત્યય જ વપરાય છે.

હવે પછી એમ કહેવાનું છે કે બાકી બધું શૌરસેની ભાષાની પેઠે સમજવું. એ કથનને આધારે ॥૮।૪।૨૭૫॥ સૂત્ર દ્વારા પૈશાચી ભાષામાં ભવિષ્યકાળમાં स्सि પ્રત્યય થવાનો સંભવ છે. તેનો નિષેધ કરવા આ સૂત્રમાં एव પદ મૂકેલ છે અર્થાત્ પૈશાચી ભાષામાં एय्य વપરાય પણ स्सि ન વપરાય.

हुवेय्य–भविस्सति–भविष्यति

तं तद्धून चिन्तितं रञ्ञा का एसा हुवेय्य–तं दट्ठूण चिन्तितं रण्णा का एसा भविस्सति–

તેને જોઈને રાજાએ વિચાર્યું કે આ કોણ હશે? तां दृष्ट्वा चिन्तितं राज्ञा का एसा भविष्यति ?

## अतः ङसेः डातो–डातू ॥८।४।३२१॥

અકારાંત નામને લાગેલા પંચમીના એકવચનના ङसि પ્રત્યયને બદલે પૈશાચી ભાષામાં ડિત્ એવા आतो અને आतु પ્રત્યયો લાગે છે.

तूरातो, तूरातु–दूराओ, दूराउ–દૂરથી–दूरात्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताव च तीए तूरातो य्येव तिट्ठो–ताव च तीए दूराओ चिय दिट्ठो–અને એટલામાં તેણીએ દૂરથી જ જોયો—तावच्च तया दूरादेव दृष्टः

तूरातु–दूराउ–દૂરથી–दूरात्

तुमातो–तुमाओ–તારાથી–त्वत्

तुमातु–तुमाउ–તમારાથી–युष्मत्

ममातो–ममाउ–મારાથી–मत्

ममातु–ममाउ–અમારાથી–अस्मत् ।

## तद्–इदमोः टा नेन स्त्रियां तु नाए ॥८।४।३२२॥

સંસ્કૃતના (तद्–टा) तेन રૂપને બદલે પૈશાચી ભાષામાં नेन રૂપ વપરાય છે તથા સ્ત્રીલિંગમાં तया રૂપને બદલે પૈશાચી ભાષામાં नाए રૂપ વપરાય છે. વળી, સંસ્કૃતમાં (इदम्–टा) अनेन રૂપને બદલે પૈશાચી ભાષામાં नेन રૂપ વપરાય છે તથા સ્ત્રીલિંગમાં अनया રૂપને બદલે પૈશાચી ભાષામાં नाए રૂપ વપરાય છે.

પુંલિંગ–नेन–णेण તે વડે, तेन तेन

नेन–इमेण–આણે–अनेन

तत्थ च नेन कतसिनानेन–तत्थ च णेण અથવા इमेण कयण्हाणेण–અને ત્યાં જેણે સ્નાન કરેલ છે એવા તેણે અથવા એણે–तत्र च तेन અથવા अनेन कृतस्नानेन ।

સ્ત્રીલિંગ–नाए–णाए તેણીએ–तया અથવા એવીએ–अनया ।

पूजितो च नाए पातग्गकुसुमप्पतानेन–पूजितो च णाए અથવા इमीए पायग्ग–कुसुमप्पदाणेण–અને તેણીએ અથવા એણીએ પગના અગ્રભાગ પાસે ફૂલો મૂકીને પૂજ્યો–પૂજા કરી–पूजितश्च तया અથવા अनया पादाग्र-कुसुमप्रदानेन ।

तीए समीपं–તેણીની નજીક–तस्याः समीपम्–આ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિ છે તેથી આ નિયમ ન લાગ્યો.

एवं चिंतयंतो गतो सो ताए समीपं–एवं चिंतयंतो गतो सो ताए समीवं–એ પ્રમાણે વિચાર કરતો તે તેણીની પાસે ગયો–एवं चिन्तयन् गतः स तस्याः समीपम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शेषं शौरसेनीवत् ॥८।४।३२३॥

ઉપર જે જે વિધાનો કરેલાં છે તે સિવાયનાં બાકીનાં બીજાં વિધાનો શૌરસેની ભાષાની જેમ પૈશાચી ભાષામાં સમજી લેવાં.

શૌર-૮।૪।૨૬૫—भगवं-भगवंतो-ભગવાન-भगवान् ।

अध ससरीरो भगवं मकरधजो एत्थ परिब्भमंतो हुवेय्य-अह (८।३।८७)

अह ससरीरो भगवंतो मकरद्धजो एत्थ परिब्भमंतो भविस्सति—આ ભગવાન મકરધ્વજ શરીરવાળો થઈને અહીં ભમતો હશે. असौ सशरीरः भगवान् मकरध्वजः अत्र परिभ्रमन् भविष्यति ।

શૌર૦ ૮।૪।૨૬૭ । कधं-कहं-कथम् ।

एवंविधाए भगवतीए कधं तावसवेसगहणं कतं ?—આ પ્રકારની (યુવતિરૂપ) ભગવતીએ તાપસ વેશને શા માટે ગ્રહણ કર્યો ? एवंविधया भगवत्या कथं तापसवेशग्रहणं कृतम् ?

શૌર૦ ૮।૪।૨૭૦ पुरवं-पुव्वं-पूर्वम् ।

एतिसं अतिट्ठ-पुरवं महाधनं तद्धून-एरिसं अदिट्ठपुव्वं महाधणं दट्ठूण—પહેલાં કોઈ વાર નહીં જોયેલા એવા મહાધનવાળાને જોઈને-ईदृशम् अदृष्ट-पूर्वं महाधनं दृष्ट्वा

શૌર૦ ૮।૪।૨૬૪ भगवं !-भगवंतो-भगवन् !

राजं !-राया !-राजन् !

શૌર૦ ૮।૪।૨૬૨ ताव, दाव-ताव, दाव-ताव-तावत् ।

શૌર૦ ૮।૪।૨૬૪। भगवं ! यति मं वरं पयच्छसि—હે ભગવાન ! જો મને વર આપે-भगवन् ! यदि मम वरं प्रयच्छसि ।

શૌર૦ ૮।૪।૨૬૪। राया ! च दाव लोके—અને તો હે રાજા લોકમાં-राजन् ! च तावत् लोके ।

૮।૪।૨૮૦। य्येव-चिय-एव ।

ताव च तीए तूरातो य्येव तिट्ठो सो आगच्छमानो राजा—ताव च तीए दूराओ चिय दिट्ठो सो आगच्छमाणो राया—ત્યારે તેણીએ દૂરથી જ આવતા તે રાજાને જોયો-तावच्च तया दूराद् एव दृष्टः आगच्छन् राजा ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## न क-ग-च-जादि-षट्-शम्यन्तसूत्रोक्तम् ॥८।४।३२४॥

પ્રાકૃત ભાષામાં ૮।૧।૧૭૭ સૂત્રથી લઈને ૮।૧।૨૬૫।। સૂત્ર સુધીમાં શબ્દોનાં રૂપોની સાધના માટે જે જે વિધાનો કર્યાં છે તેમાંનું એક પણ વિધાન પૈશાચી ભાષામાં લાગતું નથી.

मकरकेतू–मयरकेऊ–કામદેવ मकरकेतु: અહીં क તથા त નો લોપ ન થયો.

सगरपुत्तवचनं–सयरपुत्तवयणं–સગર રાજાના પુત્રનું વચન–सगरपुत्रवचनम् ।
અહીં ग, प, व, તથા च નો લોપ ન થયો તથા न નો ण ન થયો.

विजयसेनेन लपितं–विजयसेणेण लविअं–વિજયસેન લવ્યો-બોલ્યો-विजयसेनेन लपितम् ।

અહીં ज य તથા त નો લોપ ન થયો અને प નો व પણ ન થયો તથા न નો ण ન થયો.

मतनं–मयणं–મદન–કામદેવને–मदनम् । અહીં नનો ण ન થયો. તથા दનો લોપ ન થતાં दનો त થયો.

पापं–पावं–પાપ–पापम् । અહીં प નો व ન થયો.

आयुधं–आउहं–શસ્ત્ર–आयुधम् । અહીં यનો લોપ ન થયો તથા ध નો ह પણ ન થયો.

तेवरो–दिअरो / देवरो–દિયર–દિયોર–देवरः । અહીં व નો લોપ ન થયો. તથા देनो दि ન થયો.

આ પ્રમાણે બીજાં બીજાં સૂત્રોને લગતાં બીજાં પણ ઉદાહરણો સમજી લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૪. ચૂલિકાપૈશાચી ભાષા

## चूलिकापैशाचिके तृतीय-तुर्ययोः आद्य-द्वितीयौ ॥८।४।३२५॥

ચૂલિકાપૈશાચી ભાષામાં ત્રીજા વ્યંજનને બદલે તેના વર્ગનો પહેલો વ્યંજન બોલાય છે તથા ચોથા વ્યંજનને બદલે તેના વર્ગનો બીજો વ્યંજન બોલાય છે.

ત્રીજાનો પહેલો—नकरं-नयरं-નગર-नगरम्

मक्कनो-मग्गणो-શર, બાણ-मार्गणः

किरितटं-गिरितडं-પર્વતનું તટ-गिरितटम्

राचा-राया-રાજા-राजा

चच्चरं-जज्जरं-જીર્ણ-जर्जरम्

चीमूओ-મેઘ-जीमूतः

तटाकं-तलायं-તળાવ-तडागम्

मंटलं-मंडलं-મંડલ-मण्डलम् ।

टमरुको-डमरुओ-ડમરુ-डमरुकः

मतनो-मदणो-કામદેવ-मदनः

कंतप्पो-कंदप्पो- ,, कन्दर्पः

तामोतरो-दामोदरो-શ્રીકૃષ્ણ-દામોદર दामोदरः

पालको-बालओ-બાળક-बालकः ।

ચોથાનો બીજો—मखो-मेघो-મેઘ-मेघः

वक्खो-वग्घो-વાઘ-व्याघ्रः

खम्मो-घम्मो-ઘામ-ગરમી-घर्मः

निच्छरो-निज्झरो-ઝરણું-निर्झरः

छच्छरो-झज्झरो-એક પ્રકારનું ઘડા જેવું વાજું झर्झरः

काठं-गाढं-ગાઢું-ગીચ કે ઘીચ-गाढम्

संठो-संढो-સાંઢ-षण्ढः

ठक्का-ढक्का-ઢોલ-ढक्का

मथुरं-मधुरं-મધુર-मधुरम्



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पन्थवो–बन्धवो–બાંધવ–ભાઈ–बान्धवः
थूली–धूली–ધૂળ–धूली
रफसो–रभसो–વેગ–रभसः
रम्फा–रम्भा–રંભા–કેળ–रम्भा
फकवती–भगवती–ભગવતી भगवती
नियोचितं–नियोजितं–નિયોજિત–નક્કી કરેલું नियोजितम् ।

મૂળરૂપે જ્યાં ત્રીજો વ્યંજન ન હોય પણ ત્રીજો વ્યંજન કોઈ નિયમથી થયેલ હોય ત્યાં પણ તથા મૂળરૂપે જ્યાં ચોથો વ્યંજન ન હોય પણ ચોથો વ્યંજન કોઈ નિયમથી થયેલ હોય ત્યાં પણ આ નિયમ લાગે છે—

पटिमा–पडिमा (૮।૧।૨૦૬)–પ્રતિમા–મૂર્તિ प्रतिमा–અહીં મૂળરૂપે ड નથી. પણ त નો ड થયેલ છે

ताठा–दाढा (૮।૨।૧૩૯) દાઢ–दंष्ट्रा–અહીં મૂળરૂપે ड નથી પણ ष्ट्र નો ढ થયેલ છે

## रस्य लः वा ॥८।४।३२६॥

र નો ચૂલિકાપૈશાચીમાં ल વિકલ્પે બોલાય છે.

गोली–गोरी–गौरी
चलनग्ग–चरणग्ग–चरणाग्र
तनुथलं–तनुहरं–तनुधरम्
लुद्दं–रुद्दं–रुद्रम्
हलं–हरं–हरम् ।

ચૂલિકાપૈશાચી ભાષાના પદ્યનો નમૂનો—

पनमथ पनय–पकुप्पित–गोली–चलनग्ग–लग्ग–पतिबिंबं ।
तससु नख–तप्पनेसुं एकातसतनुथलं लुद्दं ॥

પ્રાકૃત—पणमह पणय–प्पकुविअ–गोरी–चरणग्ग–लग्ग–पडिबिंब ।
दससु नह–दप्पणेसुं एआरह–तनुहरं रुद्दं ॥

અર્થ—સ્નેહથી વિશેષ કુપિત થયેલી ગૌરીના ચરણના અગ્ર ભાગમાં જેમનું પ્રતિબિંબ પડેલું છે તેથી જ દશ નખરૂપ દર્પણોમાં દેખાતા એટલે જ અગિયાર શરીરોને ધારણ કરનારા એવા રુદ્રને નમસ્કાર કરો.

સંસ્કૃત—प्रणमत प्रणय–प्रकुपित–गौरी–चरणाग्र–लग्नप्रतिबिम्बम् ।
दशसु नख–दर्पणेषु अेकादश–तनुधरं रुद्रम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂલિકાપૈશાચી—नच्चंतस्स य लीला-पातुक्खेवेन कंपिता वसुथा ।

उच्छलंति समुद्दा, सइला निपतंति तं हलं नमथ ।।

પ્રાકૃત—नच्चंतस्स च लीला-पाउक्खेवेण कंपिता वसुहा ।

उच्छलंति समुद्दा, सइला निवडंति तं हरं नमह ।।

અર્થ—લીલાપૂર્વક પગને ઊંચો-નીચો કરીને એટલે જેમણે પોતાના પગના ઠમકા વડે નાચ કરતાં પૃથ્વી કંપી ગઈ છે, સમુદ્રો ઊછળી રહ્યા છે અને પહાડો નીચે પડી ગયા છે તેવા હરને-મહાદેવને-નમસ્કાર કરો.

સંસ્કૃત—नृत्यतश्च लीला-पादोत्क्षेपेण कम्पिता वसुधा ।

उच्छलन्ति समुद्राः, शैलाः निपतन्ति तं हरं नमत ।।

## न आदि-युज्योः अन्येषाम् ।।८।४।३२७।।

अन्येषाम् બીજા કેટલાક વૈયાકરણોના મતમાં ચૂલિકાપૈશાચીમાં પણ युज् ના ज नो च થતો નથી એટલે नियोजित શબ્દના ज નો च થતો નથી તથા આદિમાં આવેલા વર્ગના ત્રીજા વ્યંજનને બદલે ચૂલિકાપૈશાચીમાં પણ વર્ગનો પહેલો વ્યંજન થતો નથી અને આદિમાં આવેલા વર્ગના ચોથા વ્યંજનને બદલે ચૂલિકાપૈશાચીમાં પણ વર્ગનો બીજો વ્યંજન થતો નથી.

આદિમાં આવેલા-વર્ગના-ત્રીજા વ્યંજનને બદલે વર્ગનો પહેલો વ્યંજન ન થયો—

गती-गती-ગતિ-ગમન-गतिः

जीमूतो-जीमूतो-મેઘ-जीमूतः

डमरुको-डमरुओ-ડમરુ-डमरुकः

दामोतरो-दामोदरो-દામોદર-दामोदरः

बालको-बालको-બાળક-बालकः ।

આદિમાં આવેલા-વર્ગના-ચોથા વ્યંજનને બદલે વર્ગનો બીજો વ્યંજન ન થયો—

घम्मो-घम्मो-ધામ ગરમી-घर्मः

झच्छरो-झज्झरो-ઘડા જેવું વાજું-झर्झरः

ढक्का-ढक्का-ઢોલ-ढक्का

धुणी-धुणी-નદી-धुनी

भकवती-भगवती-ભગવતી-भगवती ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शेषं प्राग्वत् ॥८।४।३२८॥

ચૂલિકાપૈશાચીમાં જે વિધાનો કર્યાં છે તે સિવાયનાં બાકીનાં વિધાનો બાબત પૈશાચી ભાષાની પેઠે સમજી લેવું.

| | |
|---|---|
| नकरं—नयरं—નગર—नगरम् । मक्कनो—मग्गणो—શર—બાણ—मार्गणः । | આ બન્ને પ્રયોગોમાં न નો ण न થાય પણ न જ રહે. |

આ રીતે અહીં બીજાં વિધાનો બાબત પણ સમજી લેવું.

અહીં નો 'प्राग्वत्' શબ્દ પૈશાચી ભાષાના વિશેષ નિકટ હોવાથી માત્ર પૈશાચી ભાષાનો નિર્દેશ કરે છે. બીજું એ કે, પૈશાચીમાં પણ કેટલાંક વિધાનો શૌરસેનીની પેઠે સમજવાનાં છે એમ પૈશાચીના નિયમોમાં જણાવેલ છે તે પણ અહીં સમજવાનું છે. પૈશાચી ભાષા શૌરસેનીની વિશેષ નિકટ છે છતાં તેમાંય પ્રાકૃતનું કોઈ કોઈ વિધાન ન જ લાગે એમ ન સમજવું. વળી, "शेषं पैशाचीवत्" એમ ન કહેતાં સૂત્રકારે "शेषं प्राग्वत्" એમ જે મોઘમ વિધાન કરેલ છે તેથી પૈશાચીમાં પણ કોઈ કોઈ પ્રયોગમાં प्राकृतवत्, शौरसेनीवत् અને मागधीवत् વ્યંજનપરિવર્તન વગેરે ન જ થાય એમ ન સમજવું. વળી, बहुलम् નો અધિકાર તો સર્વત્ર છે જ એટલે પણ 'प्राग्वत्' નો વ્યાપક અર્થ સમજવાની વાતને ટેકો મળવો સહજ અને સરળ છે.

### પૈશાચી ભાષાનું વ્યાકરણ સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અપભ્રંશ ભાષા

## અપભ્રંશ ભાષાનું વ્યાકરણ

### स्वराणां स्वराः प्रायः अपभ्रंशे ॥८।४।३२९॥

અપભ્રંશ ભાષામાં સ્વરોને બદલે પ્રાયઃ બીજા સ્વરો—

અપભ્રંશ ભાષામાં સ્વરોના ઉચ્ચારણોમાં પ્રાયઃ કરીને ઘણી બદલી થાય છે, એટલે કે એક સ્વરને બદલે પ્રાયઃ કરીને બીજો સ્વર બોલાય છે.

આ નો अ–काच–कच्चु, काच्च–ઉદાહરણરૂપ પ્રયોગ–કચ્ચોલ–કચોળું

ई નો ए–वीणा–वेण, वीण–वीणा–વીણા

उ નો अ, आ, उ–बाहु–बाह, बाहा, बाहु–બાંય–બાહુ–હાથ,

ऋ નો अ, इ, उ–पृष्ठि–पट्ठि, पिट्ठि, पुट्ठि–પીઠ–પુંઠી, પુંઠ, પુંઠું. પાઠું નામનો રોગ. 'પાઠું' પીઠ ઉપર થાય છે માટે તેનો સંબંધ पृष्ठ શબ્દ સાથે છે.

ઘણી વાર માંદા માણસને લાંબો વખત પથારીમાં સૂઈ રહેવું પડે છે તેથી તેની પીઠમાં 'ચાઠાં' પડે તેને 'ચાઠાં' પણ કહેવાય છે. તેમ જ ઘોડા વગેરે પશુઓની પીઠ ઉપર 'ભાઠું' પડી જાય છે તે માઠું અને પ્રસ્તુત પાઠું એ બન્ને શબ્દોને સરખાવવા જેવા છે.

ऋ નો अ इ, ऋ–तृण–तणु, तिणु, तृणु–તૃણ–તરણું

ऋ નો इ, ऋ–सुकृत–सुकिदु–सुकिउ, सुकृदु सुकृत–સુકૃત

ऌ નો इ–क्लृन्न–किन्नओ, किलिन्नओ–ભીનું–ભીંજાયેલ

ए નો इ, ई, ए–लेखा–लिह, लीह, लेह–રેખા–લેખા–લીટો.

औ નો अउ, ओ–गौरी–गउरि, गोरि–ગોરી–સ્ત્રી અથવા પાર્વતી

અપભ્રંશ ભાષામાં વ્યંજનના ફેરફારો માટે કે સ્વરના ફેરફારો માટે જે ખાસ વિધાનો બતાવવાનાં છે અને શબ્દના રૂપમાં ફેરફાર માટે બીજાં પણ જે ખાસ વિધાનો બતાવવાનાં છે તે તમામ વિધાનોમાં કોઈ કોઈ ઠેકાણે પ્રાકૃત ભાષાની પેઠે અને શૌરસેની ભાષાની પેઠે પણ ફેરફારો થઈ જાય છે એ હકીકતને સૂચવવા માટે સૂત્રકારે આ સૂત્રમાં 'प्रायः' શબ્દનો નિર્દેશ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्यादौ दीर्घ-ह्रस्वौ ॥८।४।३३०॥

નામને જ્યારે स्यादि વિભક્તિ લાગે ત્યારે નામનો અંત્ય સ્વર જો હ્રસ્વ હોય તો અપભ્રંશ ભાષામાં પ્રાય: દીર્ઘ થઈ જાય છે અને દીર્ઘ હોય તો અપભ્રંશ ભાષામાં પ્રાય: હ્રસ્વ થઈ જાય છે.

અ નો આ–ढोल्ल+सि–ढोल्ला–धव–धवल+क–धवलकु -धवलउ–ढोलउ–ढोल्लउ–ढोल्लो–નાયક–પતિ–પ્રથમા વિભક્તિ

ભાષામાં 'મોટો ઢોલો થયો છે પણ અક્કલ નથી' એવા પ્રયોગોમાં તથા વગાડવાનો ઢોલ અને ઢોલી, ઢોલીયો વગેરે શબ્દોમાં ઢોલ શબ્દ પ્રચલિત છે.

सामल–सामला–શ્યામ–સાંવરિયો ,,

આ નો અ–रेहा–रेह–રેખા–આંકો–લીસોટો ,,

સંબોધન–ढोल्ल !–ढोल्ला !–હે નાયક !–પતિ !

दीह–दीहा–दीर्घम् લાંબા વખત સુધી. બીજી વિભક્તિ

સ્ત્રીલિંગ–भणिया–भणिय–જેને કહેવામાં આવેલ છે—જે કહેવાયેલી છે તે भणिता પ્રથમા વિભક્તિ

पुत्ती !–पुत्ति !–હે પુત્રી ! पुत्रि ! સંબોધન વિભક્તિ

मल्ली–मल्लि–ભાલા જેવી. પ્રથમા વિભક્તિ

पइट्ठी–पइट्ठि–પેઠી प्रविष्टा ,,

પ્રથમા બહુવચન–घोड–घोडा–घोटका:–ઘોડા

निसिअ–निसिआ–निशिता:–તીક્ષ્ણ–તેજીલી.

खग्ग–खग्गा–खड्गा:–ખડગો–તરવારો

'થોડું વાંકું હોય' તે અર્થને સૂચવવા ભાષામાં 'ખાંગું' શબ્દ પ્રચલિત છે, ખાંગાને પ્રસ્તુત खग्ग સાથે સરખાવી શકાય. 'તરવાર' જેવું થોડું વળેલું–વાંકું–તે ખાંગું, એ રીતે અર્થસાદૃશ્યને લીધે खड्गकम्–खग्गअं–खग्गउं–खांगु પ્રચલિત થયેલ હોય.

ढोल्ला सामला, धण चंपा–वण्णी । नाइ सुवण्ण–रेह कसवट्टइ दिण्णो ॥ १

धवल:–पति: श्यामल:, धन्या चम्पावर्णा । ज्ञायते सुवर्णरेखा कषपट्टके दत्ता ॥ १

પતિ શ્યામ છે અને ધણ–સ્ત્રી–ચંપાના વર્ણ જેવી–પીળી છે. જાણે કે કાળા કસોટીના પથ્થરની ઉપર સોનાની રેખા દીધેલી–કરેલી હોય.

દોધક વૃત્તિમાં જણાવેલ છે કે અહીં 'ધવ'ને કસોટીના પથ્થર સાથે તથા 'ધણ'ને સોનાની રેખા–આંકા–સાથે જે સરખાવેલ છે તે વિપરીત રતને પ્રસંગે સંગત થઈ શકે એમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"विपरीतरतौ एतद् उपमानं संभाव्यते"-दोघकवृत्ति पृ० १

ધણ-માતા થવાને યોગ્ય સ્ત્રી—જ્યારે સ્ત્રીને 'અધરણી'નો પ્રસંગ હોય છે ત્યારે ગીતોમાં જેણીની અધરણી હોય છે તેણીને धण શબ્દથી સૂચવાયેલ છે.

ज्ञायते-नायइ-नाइ એટલે જાણે કે

ढोल्ला ! मइँ तुहुँ वारिआ मा कुरु दीहा माणु ।
निद्दए गमिही रत्तडी दडवड होइ विहाणु ॥

धव ! मया त्वं वारितः मा कुरु दीर्घम् मानम् ।
निद्रया गमिष्यति रात्रिका शीघ्रं भवति विभानम्-प्रभातम् ।

निद्दए-નિદ્રા વડે-નિંદમાં, गमिही ગમાઈ જશે-ચાલી જશે—વીતી જશે

સંસ્કૃત विमान એટલે પ્રકાશ, તે શબ્દની સાથે विहाण-विहाणु વહાણું શબ્દને સરખાવો.

बिट्टीए ! मइं भणिय तुहुं 'मा कुरु वंकी दिट्ठि' ।
पुत्ति ! सकण्णी भल्लि जिवँ मारइ हिअइ पइट्ठि ॥३॥

पुत्रिके ! मया भणिता त्वम् 'मा कुरु वक्राम् दृष्टिम्' ।
पुत्रि ! सकर्णा भल्लिः यथा मारयति हृदये प्रविष्टा ।

ભણેલું-કહેલું-મરાઠી-म्हणाला । પુત્રી શબ્દ સાથે बिट्टी ને સરખાવો. આ નિયમ દ્વારા પુત્રીના પુ નો બિ થયા પછી पित्ती-वेत्ती-वेत्ती-बिट्टी-એમ પરિવર્તન થઈ શકે છે. અહીં ભાષામાં પ્રચલિત બેટો, બેટી શબ્દોને સરખાવવા.

આવી રીતે બીજી બીજી વિભક્તિઓમાં પણ આવાં ઉદાહરણો સમજી લેવાં.

ઉપર જણાવેલાં બધાં ઉદાહરણોમાં નામને લાગેલી વિભક્તિઓ લોપાઈ ગયેલી છે. જુઓ ૮।૪।૩૪૪

बहुल અધિકારને લીધે ૮।૨।૭૭ નિયમ દ્વારા खड्गशબ્દનો ग લોપ પામે ત્યારે खड्ड થાય, એની સાથે ભાષામાં પ્રચલિત 'ખાંડું' શબ્દ સરખાવી શકાય.

वग्ग-वल्गाम् આ પદ वालइ ક્રિયાપદનું કર્મ છે.

ભાષાના वागदोर કે बागडोर શબ્દમાંના वाग શબ્દને बल्गा શબ્દ સાથે સરખાવો. સમર્થન માટે પાસેનો 'ડોર' કે दोर શબ્દ પૂરતો છે.

भल्लि શબ્દ હિંસા અર્થના સૂચક भल्ल ધાતુ દ્વારા આવેલ છે. ધાતુપાઠમાં भल्ल ધાતુનો નંબર ૮૧૩ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેટી શબ્દ પુત્રીનો સૂચક છે અને બેટા શબ્દ પુત્રનો સૂચક છે.

નિરુક્તની અપેક્ષાએ એમ વિચારી શકાય કે बिट्ठ–द्विष्ट એટલે જેનો સંબંધ બેમાં–માતામાં અને પિતામાં રહે–છે તે द्विष्ठ–दिट्ठ–बिट्ठ–बिट्ट–આ રીતે બિટ્ટ સાથે પણ બેટા કે બેટીને સરખાવી શકાય અને પુત્ર સાથે પણ સરખાવી શકાય. પણ ૩૨૯મા નિયમ દ્વારા પુત્રના પુનો પિ કરવો જરૂરી છે અથવા पैत्रिकी શબ્દ સાથે પણ बिट्टी–बेटी–ને સરખાવી શકાય પિતાનું તે पैत्रिक.

## सि–अमोः अस्य उत् ॥८।४।३३१॥

પહેલી વિભક્તિનું એકવચન सि અને બીજી વિભક્તિનું એકવચન अम् લાગ્યા હોય ત્યારે અકારાંત નામના अનો અપભ્રંશ ભાષામાં उ થઈ જાય છે.

दहमुह+सि–दहमुह+उ–दहमुहु–જેને દશ મોં છે એવો રાવણ दशमुखः
भयंकर+सि–भयंकर+उ–भयंकरु–ભયંકર भयंकरः
संकर+सि–संकर+उ–संकरु–શંકર–મહાદેવ–शंकरः
निग्गयय+सि–निग्गयय+उ–निग्गयउ–निग्गउ–નીકળ્યો. निर्गतकः
चडिअअ+सि–चडिअअ+उ–चडिअउ–ચડેલો चटितकः
चुर આદિ ગણના ૧૭૩૪ નંબરના चट धातुने इ+त+क લગાડવાથી તે દ્વારા चटितक–चडिअउ શબ્દ બનેલ છે
चउमुह+अम्–चउमुह+उ–चउमुहु–ચાર મોંવાળાને–બ્રહ્માને चतुर्मुखम्
छम्मुह+अम्–छम्मुह+उ–छम्मुहु–૭ મોંવાળાને–કાર્તિકેયને षण्मुखम्
घडिअअ+सि–घडिअअ–उ–घडिअउ–ઘડેલો–સરજેલો. घटितकः
दहमुहु भुवणभयंकरु तोसिअ–संकरु निग्गउ रहवरि चडिअउ ।
चउमुहु छम्मुहु झाइवि एक्कहिं लाइवि नावइ दइवें घडिअउ ॥ ५
दशमुखः भुवनभयंकरः तोषितशंकरः निर्गतः रथवरं चटितकः ।
चतुर्मुखम् षण्मुखं ध्यात्वा, एकस्मिन् लात्वा, ज्ञायते दैवेन चटितकः ॥

સામાન્ય માણસને તો એક જ મુખ હોય છે તેમ છતાં માણસરૂપ એ રાવણને દસ મુખ કેમ? એનો ખુલાસો કરવા આ દોહાના ઉત્તરાર્ધમાં જ ગ્રંથકાર એ અંગે ઉત્પ્રેક્ષા કરતાં સૂચવે છે કે રાવણને ઘડતી વખતે દૈવે–સરજનહારે–ચતુર્મુખ–બ્રહ્મા–ના ચાર મુખ તથા ષણ્મુખ–કાર્તિકેય–ના ૭ મુખ એમ એ બન્નેનાં ૪+૬=દસ મુખો ભેગાં કરીને કેમ જાણે દસમુખા રાવણનું ઘડતર ન કર્યું હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર જણાવેલ ઉદાહરણો ઉપરાંત આ ગાથામાં નીચેના જે શબ્દો છે તેમનો અર્થ આ પ્રમાણે છે.

भुवण–ભુવન–જગત

तोसिअ–તોષિત–ખુશમાન કરેલ

रहवरि–रथवर ઉત્તમ રથ ઉપર

चउमुहु–चतुर्मुखम्–ચાર મુખવાળા બ્રહ્માને

छम्मुहु–षण्मुखम्–છ મુખવાળા કાર્તિકેયને

झाइवि–ધ્યાત્વા–ધ્યાન કરીને

एक्कहिं–एकस्मिन्–એકની અંદર

लाइवि–लात्वा કે लगयित्वा–ગ્રહણ કરીને કે લગાડીને

नावइ–ज्ञायते–જણાય છે કે

दइवें–दैवेन- દૈવે–સરજનહારે.

## सौ पुंसि ओद् वा ॥ ८।४।३३२॥

सि પ્રત્યય લાગ્યો હોય ત્યારે પુંલિંગી અકારાંત નામના અનો અપભ્રંશ ભાષામાં ओ વિકલ્પે થઈ જાય છે.

ज+स्–ज+ओ–जो–જે सः ओ ન થાય ત્યારે ઉપરના નિયમથી जु.

स+स्–स+ओ–सो–તે. ,, ,, सु.

अङ्ग । मिलिउ । सुरउ । समत्तु ।

अङ्ग –અંગ–શબ્દ નરજાતિમાં નથી માટે તેનું अंगो રૂપ ન થયું પણ अंगु થયું. એ રીતે मिलिय–મળ્યું–શબ્દ अंगનું વિશેષણ હોવાથી નરજાતિમાં નથી તેથી તેનું मिलिओ રૂપ ન થયું પણ मिलिउ થયું. એ જ રીતે सुरउ –सुरत અને समत्तु–પૂરું થયું–શબ્દો નરજાતિમાં નથી તેથી તેના अ નો ओ ન થયો એટલે सुरओ અને समत्ते રૂપ ન થયાં.

अगलिअ–नेह निवट्टाहं जोअण–लक्खु वि जाउ ।

वरिस–सएण वि जो मिलइ सहि ! सोक्खहं सो ठाउ ॥ १

अगलितस्नेहानां निवृत्तानां योजनलक्षम् अपि यातु ।

वर्षशतेन अपि: यः मिलति सखि ! सौख्यानां स स्थायः । સ્થાય એટલે સ્થાન.

જેમનો સ્નેહ–પ્રેમ–અગલિત છે–ગળી ગયો નથી–નાશ પામ્યો નથી–પણ ટકી રહેલ છે એવા લોકોમાંથી કોઈ લાખ જોજન એટલે લાંબે દૂર જઈને પણ સો વરસ જેટલા લાંબા વખતે निवट्ट–નિવૃત્ત–ભલે પાછો આવેલો હોય તો પણ હે સખી ! ટકેલા સ્નેહવાળો એ જ લોક, સુખના સ્થાનરૂપ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंगहिं अंगु न मिलिउ हलि ! अहरें अहरु न पत्तु ।
पिअ जोअंतिहे मुह-कमलु एम्वइ सुरउ समत्तु ॥ ७

अङ्गैः अङ्गं न मिलितम् हे आले ! हे सखि ! अधरेण अधरः न प्राप्तः ।
प्रियस्य द्योतनयाः पश्यनयाः मुखकमलम् एवम् सुरतं समाप्तम् ॥

સુરતપ્રિય–કામક્રીડા જેને પ્રિય છે–એવી એક સખી સ્ત્રી પોતાની સખીને કહે છે કે, હે સખી ! હજી તો અંગો સાથે અંગ મળ્યાં નથી. ઓઠ સુધી ઓઠ પહોંચ્યો નથી. હું તો મારા પ્રિયનું મુખકમળ જોતી જ રહી–જોતી જ રહી એટલામાં એમ ને એમ જ–સુરત–રતિક્રીડન–પૂરું થઈ ગયું.

## एत् टि ॥८।४।३३३॥

टा પ્રત્યય એટલે ત્રીજી વિભક્તિનું એકવચન લાગ્યું હોય ત્યારે અકારાંત નામના છેડાના અકારનો एકાર થાય છે.

दइअ+टा–दइए+आ–दइए, दइएं–दायेतेन–દયિત વડે–પતિએ–बहुलम्॥८।१।२॥થી आ નો લોપ થયેલ છે. અને ८।४।३४२થી ए કાર ઉપર અનુસ્વાર થયેલ છે.

ગુજરાતી ભાષામાં પણ ત્રીજી વિભક્તિનો ए કે एं પ્રત્યય છે જ.

पवसंत+टा–पवसंते+आ–पवसंते+ण–पवसंतेण–प्रवसता–પ્રવાસ કરતા–વડે ८–४–३४२થી ण થયો.

नह+टा–नहे+आ–नहे+ण–नहेण–નખ વડે.

जे महु दिण्णा दिअहडा दइएं पवसंतेण ।
ताण गणंतिए अंगुलिउ जज्जरियाउ नहेण ॥ ८

ये मम दत्ताः दिवसकाः दयितेन प्रवसता ।
तेषां गणयन्त्याः अङ्गुल्यः जर्जरिताः नखेन ॥

પ્રવાસ કરતા પતિએ મને જે દિવસો દીધા હતા એટલે જે દિવસોમાં આવવાનું કહ્યું હતું તે દિવસોને ગણતાં–ગણતાં તો મારી આંગળીઓ જર્જર થઈ ગઈ–ખરી પડી અર્થાત્ તોપણ હજી સુધી તે આવ્યો નથી

## ङिना इत् च ॥८।४।३३४॥

સપ્તમીનો એકવચન इ–ङि–પ્રત્યય લાગ્યો હોય ત્યારે અકારાંત નામના અકારનો સપ્તમી એકવચનના इ પ્રત્યય સાથે જ અપભ્રંશ ભાષામાં इકાર થાય છે અને एકાર પણ થાય છે.

तल+इ ] तल+इ–तलि / तल+ए–तले ] तले–તળિયે

सायरु उप्परि तणु धरइ तलि घल्लइ रयणाइं ।
सामि सुभिच्चु वि परिहरइ सम्माणेइ खलाइं ॥ ९
सागरः उपरि तृणम् धरति, तले क्षिपति रत्नानि ।
स्वामी सुभृत्यम् अपि परिहरति सम्मानयति खलान् ॥

सायरु–સાગર, उप्परि–ઉપર, तणु–તણખલું–તણખલાને. धरइ–ધારણ કરે છે. तलि–તળે–તળિયામાં. घल्लइ–ઘાલે છે. रयणाइं–રતનોને. सामि–સ્વામી, सुभिच्चु–સારા સેવકને. वि–પણ. परिहरइ–પરહરે છે. सम्माणेइ–સન્માને છે–સન્માન કરે છે. खलाइं–ખલ વૃત્તિવાળા લોકોનું અર્થાત્ લુચ્ચા લોકોનું સન્માન કરે છે.

## भिसि एद् वा ॥ ८।४।३३५॥

ત્રીજી વિભક્તિ બહુવચનનો भिस् પ્રત્યય લાગ્યો હોય ત્યારે અકારાંત નામના અકારનો एકાર વિકલ્પે થાય છે.

गुण+भिस्–गुणे+हिं–गुणेहिं, गुणहिं–ગુણો વડે.
लक्ख+भिस्–लक्ख+हिं–लक्खेहिं, लक्खहिं–લાખો વડે.
गुणहिं न संपय, कित्ति पर फल लिहिआ भुंजंति ।
केसरि न लहइ बोड्डिअ वि, गय लक्खेहि घेप्पंति ॥१०
गुणैः न संपदा, कीर्तिः परम् फलानि लिखितानि भुञ्जन्ति ।
केसरी न लभते बोड्डिकाम् अपि गजाः लक्षैः गृह्यन्ते ॥

ગુણો વડે સંપદા–લક્ષ્મી નથી મળતી, પર–પણ–કીર્તિ મળે છે ભાગ્યમાં જેવાં લખેલાં હોય તેવાં ફળો જીવો ભોગવે છે. જ્યારે કેસરી સિંહની બોદી કે કાણી કોડી પણ લાભતી–મળતી–ઊપજતી નથી ત્યારે હાથીઓને લાખો વડે ગ્રહણ કરવામાં આવે છે–ખરીદવામાં આવે છે.

મરેલા સિંહની કશી કિંમત ઊપજતી નથી ત્યારે મરેલા હાથીની પણ ઘણી ઘણી કિંમત ઊપજે છે એમ લોકોમાં જાણીતું છે.

## ङसेः हे–हू ॥ ८।४।३३६॥

ઉપરનાં સૂત્રોમાં 'અકારાંત નામના' એ રીતે 'અકારાંત' શબ્દ ષષ્ઠી વિભક્તિના અર્થનો સૂચક હતો તેને બદલે અહીં 'અકારાંત નામથી' એ પ્રકારે અકારાંત શબ્દ પાંચમી વિભક્તિમાં બદલાઇ જાય છે, તેથી અહીં તેને પાંચમી વિભક્તિ-વાળો સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકારાંત નામથી લાગેલા પાંચમી વિભક્તિના એકવચન असू-ङसि-ને બદલે અપભ્રંશમાં हे અને हु એમ બે પ્રત્યયો વપરાય છે.

वच्छ+ङसि–वच्छ+हे–वच्छहे વૃક્ષ પાસેથી

वच्छ+ङसि–वच्छ+हु–वच्छहु. वच्छहु गृण्हइ–વૃક્ષ પાસેથી ગ્રહણ કરે છે.

હિંદી ભાષામાં 'पेडसे फल लेता है' એવા વાક્યોમાં पेड શબ્દને જે से પ્રત્યય લાગેલ છે તે પ્રસ્તુત हे પ્રત્યય સાથે સરખાવવા જેવો છે,

वच्छहे गृण्हइ फलइं जणु कड्डु पल्लव वज्जेइ ।

तो वि महद्दुमु सुअणु जिम्व ते उच्छंगि धरेइ ॥११

वृक्षाद् गृण्हाति फलानि जनः कटून् पल्लवान् वर्जयति ।

तद् अपि महाद्रुमः सुजनो यथा तान् उत्सङ्गे धरति ॥

જણુ–માણસ– વૃક્ષ ઉપરથી ફળોને તો ગ્રહણ કરી લે છે–તોડી લે છે અને તે ફળવાળાં વૃક્ષનાં કડવાં પાંદડાંને લેતો નથી. પાંદડાં ભલે કડવાં છે પણ સજ્જન–સુજન–પુરુષની જેમ તે મહાવૃક્ષ, કડવાં પાંદડાંને પણ પોતાના ખોળામાં જ રાખે છે–જેમ સુજન માણસો, કડવી પ્રકૃતિના લોકો તરફ પણ તિરસ્કારની નજરે જોતા નથી પણ સ્નેહભાવે—સહાનુભૂતિની દૃષ્ટિએ–જુએ છે. તેમ વૃક્ષ પણ કડવાં પાંદડાંને પણ ખોળામાં જ રાખે છે.

## भ्यसः हुं ॥ ८।४।३३७॥

અકારાંત નામથી લાગેલા પંચમી વિભક્તિના બહુવચનના भ्यस् પ્રત્યયને બદલે અપભ્રંશમાં हुं વપરાય છે.

गिरिसिंग+भ्यस्–गिरिसिंगहुं–ગિરિના શૃંગો–શિખરો–ઉપરથી गिरिशृङ्गेभ्यः

दूरुड्डाणें पडिउ खलु अप्पणु जणु मारेइ ।

जिह गिरिसिंगहुं पडिअ सिल अन्नु वि चूरु करेइ ॥१२

दूरोड्डयनेन पतितः खलः आत्मानं जनं मारयति ।

यथा शृङ्गेभ्यपतिता शिला अन्यम् अपि चूरम्–चूर्णं–करोति

दूरुड्डाणें તૃતી. વિભ. દૂર ઊંચે ઊડવાને લીધે पडिउ પ્રથમા વિભ. खलु પ્રથમા વિભ. अप्पणु દ્વિતીયા વિભ. जणु દ્વિતીયા વિભ. मारेइ ક્રિયાપદ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન. जिह–यथा અવ્યય. गिरिसिंगहुं પંચમી વિ. पडिअ પ્રથમા सिल પ્રથમા. अन्नु દ્વિતીયા. वि અવ્યય. चूरु દ્વિતીયા. करेइ ક્રિયાપદ.

દૂર ઊંચે ઊડવાને લીધે નીચે પડેલ ખલ–દુષ્ટ–માણસ પોતાને મારે છે અને બીજા માણસને પણ મારે છે. જેમ પર્વતનાં શિખરો ઉપરથી ગબડી પડેલ શલ્યા–શિલા–પથ્થર–પોતાનો ચૂરો કરી નાખે છે અને બીજાનો પણ ચૂરો કરી નાખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङसः सु-हो-स्सवः ॥८।४।३३८॥

અકારાંત નામથી લાગેલા ષષ્ઠીના એકવચન ઙસ્-ङस्-ને બદલે અપભ્રંશમાં सु, हो અને स्सु એ ત્રણ પ્રત્યયો વારાફરતી વપરાય છે.

सु-त+ङस्-त+सु-तसु-તેના तस्य

हो-दुल्लह-ङस्-दुल्लह+हो-दुल्लहहो-દુર્લભના दुर्लभस्य

स्सु-पर+ङस्-पर+स्सु-પારકાના-બીજાના परस्य

सुअण+ङस्-सुअण+स्सु-सुअणस्सु-સુજનના.

जो गुण गोवइ अप्पणा पयडा करइ **परस्सु** ।

**तसु** हउं कलिजुगि **दुल्लहहो** बलि किज्जउं **सुअणस्सु** ॥ १३

यः गुणान् गोपते आत्मत्यान् प्रकटान् करोति परस्य ।

तस्य अहम् कलियुगे दुर्लभस्य बलिम् करोमि सुजनस्य ॥

जो પ્રથમા. गुण દ્વિતીયા. गोवइ ક્રિયાપદ अप्पणा દ્વિતીયા. पयडा દ્વિ૦ करेइ ક્રિયાપદ. परस्सु ષષ્ઠી तसु ષષ્ઠી हउं પ્રથમા. कलिजुगे સપ્તમી दुल्लहहो ષષ્ઠી बलि બીજી किज्जउं ક્રિયાપદ. सुअणस्सु ષષ્ઠી.

જે માણસ પોતાના ગુણોને ગુપ્ત રાખે છે-જાહેર કરતો નથી અને બીજાના ગુણોને પ્રગટ કરે છે-જાહેર કરે છે-તેવા કલિયુગમાં ન મળી શકે એવા સુજન માણસને માટે હું મારું બલિદાન કરું છું.

## आमः हं ॥८।४।३३९॥

અકારાંત નામથી લાગેલા ષષ્ઠીના બહુવચન આમ્‌ને બદલે અપભ્રંશ ભાષામાં हं પ્રત્યય વપરાય છે.

तण+आम्-तण+हं-तणहं-તણખલાંઓની तृणानाम्

तणहं પછી બ૦ तइज्जी પ્રથમા भंगि પ્રથમા न वि અવ્યય तें તૃતીયા अवड-यडि સપ્તમી એકવ૦ वसंति ક્રિયાપદ अह અવ્યય जणु પ્રથમા लग्गिवि સંબંધક ભૂતકૃ૦ उत्तरइ ક્રિયાપદ अह, सह અવ્યયો सइं અવ્યય. मज्जंति ક્રિયાપદ.

तणहं तइज्जी भंगि न वि तें अवडयडि वसंति ।

अह जणु लग्गिवि उत्तरइ अह सह सइं मज्जंति ॥१४॥

तृणानां तृतीया भङ्गी न अपि तेन अवटतटे वसन्ति ।

अथ जनः लगित्वा उत्तरति अथ सह स्वयं मज्जन्ति ॥

કૂવાને કાંઠે ઊગેલાં તૃણોની કોઈ ત્રીજી રીત નથી, તેથી તે કૂવાને કાંઠે રહે છે. કાં તો તેને લાગીને—તેનો ટેકો લઈને માણસ કૂવામાં ઊતરે છે અને કાં તો તેમની સાથે પોતે કૂવામાં મગ્ન થઈ જાય છે-બૂડી જાય છે-ડૂબી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ધર્મના પ્રતિક્રમણ સૂત્રમાં अरिहंतहं सिद्धहं आचार्यहं उवज्झायहं सर्वसाधुहं એવા જે પાંચ નમસ્કાર આવે છે તેમાં अरिहंतहं વગેરેમાં જે हं પ્રત્યય છે તે આ ષષ્ઠીના બહુવચનનો જ છે. નમો અરિહંતહં એટલે અરિહંતોને નમસ્કાર.

## हुं च इदु-उद्भ्याम् ॥८।४।३४०॥

ઇકારાંત તથા ઉકારાંત નામથી લાગેલા ષષ્ઠીના બહુવચનના आम् પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં हुं અને हं એ બે પ્રત્યયો વપરાય છે.

सउणी+आम्-सउणि+हं-सउणिहं-પક્ષીઓનું-शकुनी नाम्

तरु+आम्-तरु+हुं-तरुहुं-તરુઓનું-વૃક્ષોનું-વૃક્ષોની ઉપર-तरूणाम्

दइवु घडावइ वणि तरुहुं सउणिहं पक्क-फलाइं ।

सो वरि सुक्खु, पइट्ठ न वि कण्णहिं खल-वयणाइं ॥१५

दैवं घटयति वने तरूणाम् शकुनीनाम् पक्वफलानि ।

तद् वरम् सौख्यम्, प्रविष्टानि न अपि कर्णे खलवचनानि ।

વિધાતા પક્ષીઓ માટે વનમાં વૃક્ષો ઉપર પાકાં ફળો ઘડે છે-સરજે છે તે ઉત્તમ સુખ છે પણ માત્ર પેટ ભરવા માટે; કાનમાં જે ખલ માણસોનાં વચનો પ્રવિષ્ટ થાય છે તે ઠીક નથી અર્થાત્ ફળ ખાઈને રહેવું સારું છે પણ મેણાં-ટૂણાં સાંભળ્યા કરીને અપમાન સાથે પેટ ભરવું એ ઠીક નથી.

प्रायः નો અધિકાર હોવાથી કોઈ કોઈ પ્રયોગમાં સપ્તમીના બહુવચનના सुप् ને બદલે પણ हुं વપરાય છે.

दु+सु-दु+हुं-दुहुं-द्वयोः-બન્નેમાં-બંને તરફ.

धवलु विसूरइ सामिअहो गरुआ भरु पिक्खेवि ।

हउं किं न जुत्तउ दुहुं दिसिहिं खंडइं दोण्णि करेवि ॥ १६

સ્વામીનો-પોતાના શેઠનો-ભારે ભાર જોઈને ઉત્તમ બળદ ખેદ કરે છે કે સ્વામીએ મારા બે ખંડ-ટુકડા-કરીને બન્ને દિશામાં-બન્ને બાજુમાં-મને શા માટે ન જોતર્યો-ન જોડ્યો ?

## ङसि-भ्यस्-ङीनां हे-हुं-हयः ॥८।४।३४१॥

ઇકારાંત અને ઉકારાંત નામથી લાગેલા પંચમી એકવચનના अस्-ङसि-ને બદલે અપભ્રંશ ભાષામાં हे પ્રત્યય વપરાય છે. ચતુર્થીના તથા પંચમીના બહુવચનના भ्यस्‌ને બદલે हुं પ્રત્યય વપરાય છે અને સપ્તમીના એકવચન इ-ङि-ને બદલે हि પ્રત્યય વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङसि—गिरि+ङसि-गिरि+हे-गिरिहे-પર્વત પાસેથી गिरेः

तरु+ङसि-तरु+हे-तरुहे-વૃક્ષ પાસેથી तरोः

भ्यस्—सामि+भ्यस्-सामि+हुं-सामिहुं-સ્વામીઓ પાસેથી स्वामिभ्यः

કૂવાને કાંઠે ઊગેલાં ઘાસની બીજી કોઈ ભંગી-રીત-નથી તે કૂવાને કાંઠે રહે છે કાં તો માણસ તે ઘાસને પકડીને ઊતરી શકે છે અને કાં તો તેની સાથે કૂવામાં મગ્ન થઈ જાય છે-ડૂબી જાય છે-બૂડી જાય છે.

तरु+भ्यस्-तरु+हुं-तरुहुं-વૃક્ષો પાસેથી-तरुभ्यः

ङि—कलि+ङि—कलि+हि-कलिहि-કળિયુગમાં कलौ

ङसि—गिरिहे सिलायलु, तरुहे फलु घेप्पइ नीसावण्णु ।

घरु मेल्लेप्पिणु माणुसहं तो वि न रुच्चइ रण्णु ।। १७

गिरेः शिलातलम् तरोः फलानि गृह्य निःसामान्यम् ।

गृहम् मुक्त्वा मनुष्याणां तद् अपि न रोचते अरण्यम् ।।

માણસ પોતાનાં ઘર ચણવા સારુ પહાડ પાસેથી શિલાઓને-પથ્થરોને-મેળવે છે અને વૃક્ષો પાસેથી ખાવા સારુ ફળ મેળવે છે-આ હકીકત સર્વ સામાન્ય છે તો પણ માણસોને ઘર મેલીને-છોડીને-જંગલમાં રહેવું રુચતું નથી-ગમતું નથી અર્થાત્ ઘર ચણવા સારુ પહાડોમાંથી પથ્થરો લાવવા અને ખાવા સારુ વૃક્ષો ઉપરથી ફળો મેળવવાં કબૂલ છે પણ જ્યાં પથ્થરો છે અને ફળો છે તે જંગલમાં રહેવું માણસને રુચતું નથી. ૧૭

भ्यस्—तरुहुं वि वक्कलु फलु मुणि वि परिहणु असणु लहंति ।

सामिहुं एत्तिउ अग्गलउं आयरु भिच्च गृहंति ।।

तरुतः अपि वल्कलम्, फलं मुनिः अपि परिधानम्, अशनं लभते ।

स्वामिभ्यः एतावद् अग्रलम्, आदरं भृत्या गृह्णन्ति ।।

મુનિઓ વૃક્ષો પાસેથી પણ પહેરવા વલ્કલ-ઝાડની છાલ-મેળવે છે અને ખાવા માટે ફળો મેળવે છે તેમ નોકરો પણ પોતાના સ્વામી એવા શેઠિયાઓ પાસેથી પહેરવા સારુ કપડાં મેળવે છે અને પેટ માટે-ભોજન માટે-રોટલા મેળવે છે એમાં માત્ર એટલું આગળ છે એટલે વધારે છે કે શેઠિયાઓ પાસેથી નોકરોને આદર મળે છે જ્યારે વૃક્ષો પાસેથી મુનિઓને આદર કે એવું કાંઈ મળતું નથી.

अह विरल-पहाउ जि कलिहि धम्मु १८

धर्मः अद्य विरलप्रभाव एव ।

હવે આજકાલ કળિયુગમાં ધર્મનો પ્રભાવ ઓછો જ છે-વિરલ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आत् टः ण–अनुस्वारौ ॥८।४।३४२॥

અકારાંત નામથી લાગેલા ત્રીજી વિભક્તિના એકવચન આ ( टा )ને બદલે અપભ્રંશભાષામાં ण વપરાય છે અને અનુસ્વાર પણ વપરાય છે.

ण—पवसंत+टा–पवसंते+टा+पवसंतेण–પ્રવાસ કરતા–વડે–प्रवसता

अनुस्वार–दइअ+टा–दइए–दइएं–સ્વામી વડે दयितेन

અનુસ્વારનો પ્રયોગ સ્વર ઉપર જ થાય છે તેથી ટાને બદલે થયેલો અનુસ્વાર दइए ના ए ઉપર લાગેલો છે.

दइएं पवसंतेण ।। જુઓ ८।४।३३३.

## एं च इदुतः ॥८।४।३४३॥

इકારાંત અને उકારાંત નામ પછી આવેલા ટાને બદલે અપભ્રંશ ભાષામાં એક एं, બીજો ण અને ત્રીજો અનુસ્વાર વપરાય છે.

एं–अग्गि+टा–अग्गि+एं–अग्गिएं–અગ્નિ વડે अग्निना

ण–पवसंत+टा–पवसंतेण પ્રવાસ કરતા વડે–प्रवसता

अनुस्वार–अग्गि+टा=अग्गिं अग्निना અગ્નિ વડે

આ સૂત્રમાં णानुस्मरौनो बताणाण અરે अनुस्तर પણ થાય અને णा અને अनुस्वार એમ થાય એટલે इકારાંત અને उકારાત નામને હાને બદલે પણ લાગે તેવી એવાં રૂપો પણ રચાઈ શકાય.

अग्गिएं ऊण्हउं होइ जगु, बाएं सीअलु तेम्व ।
जो पुणु अग्गिं सीअला तसु उण्हत्तणु केम्व ॥२०

અગ્નિ વડે જગત ઊનું થાય છે અને તેમજ વાત વડે જગત શીતલ થાય છે. જો વળી, અગ્નિ વડે વસ્તુ શીતળ થતી હોય તો પછી તે ઉષ્ણ કેમ થાય? એટલે અગ્નિ વડે પણ ઠંડી થનારી વસ્તુ ગરમ કેવી રીતે થાય? એટલે જો વસ્તુ અગ્નિ વડે પણ ઠંડી થતી હોય તો તેને ગરમ કેવી રીતે કરવી?

આ રીતે उકારાંત નામનાં પણ ઉદાહરણો સમજી લેવાં.

तरु+टा–तरु+एं–तरुएं–तरुवडे–ઝાડ વડે तरुणा

तरु+टा–तरु+ण–तरुण– ,, ,,

तरु+णा–तरूण

तरु+टा–तरुं–वृक्ष वडे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચેના આ પદ્યમાં अग्गिण ૩૫માં ण પ્રત્યય છે અને अग्गिं ૩૫માં અનુસ્વાર પ્રત્યય છે.

विप्पिअयारउ जइ वि पिउ तो वि तं आणहि अज्जु ।
अग्गिण दड्ढा जइ वि घरु तो तें अग्गि कज्जु ।। २१
विप्रियकारकः यदि अपि प्रियः तद् अपि तम् आनय अद्य ।
अग्निना दग्धं यदि अपि गृहं ततः तेन अग्निना कार्यम् ॥

એક સખી બીજી સખીને કહે છે—જો કે મારો પિયુ-સ્વામી—વિપ્રિય કરનારો છે—અણગમતું કરનારો છે—મને ગમતું કરનારો નથી તોપણ તેને આજે મારી પાસે તેડી લાવ. જો કે અગ્નિ વડે ઘર બળી જાય છે તોપણ તે અગ્નિ સાથે કામ તો પાડવું જ પડે છે.

## सि-अम्-जस्-शसां लुक् ॥८।४।३४४॥

નામને લાગેલા सि (પ્રથમા એ૦વ૦), अम् (દ્વિતીયા એ૦વ૦), जस् (પ્રથમા બ૦વ૦) અને शस् (દ્વિતીયા બ૦વ૦) પ્રત્યયોનો અપભ્રંશ ભાષામાં લોપ થાય છે.

सि—

| | | |
|---|---|---|
| एह+सि-एह— | સિનો લોપ થયો છે. | એ एषा |
| थलि+सि-थलि— | ,, ,, | થળ स्थली |
| मुणीसिम+सि-मुणीसिम— | ,, ,, | મનુષ્યપણું मनुष्यत्वम् |
| सामलि+सि-सामलि— | ,, ,, | શ્યામા श्यामला |
| वम्महु+सि-वम्महु— | ,, ,, | મન્મથ—કામદેવ मन्मथः |

अम्—

| | | |
|---|---|---|
| वग्गा+अम्-वग्ग— | અહીં अम् નો લોપ થયો છે. | વલ્ગાને—વાગને—ચોકડાને वल्गाम् |
| वंकिम+अम्-वंकिम— | ,, ,, | વક્રતાને—વાંકાપણાને— ને वक्रिमाणम् નેત્રના કટાક્ષો |

जस्—

| | | |
|---|---|---|
| निसिआ+जस्-निसिआ- | અહીં जस्નો લોપ થયો છે. | નિશિત-તીક્ષ્ણ-ધારદાર निशिताः |
| खग्ग+जस्-खग्ग— | ,, ,, | ખડ્ગો—તરવારો खड्गाः |
| एइ+जस्-एइ— | ,, ,, | એઓ—એ एते |
| ति+जस्-ति— | ,, ,, | તે ते |
| घोडा+जस्-घोडा— | ,, ,, | ઘોડા घोटकाः |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शस्–निअयसर+शस्–निअय–सरु–અહીં शस्નો લોપ થયો છે. નિજક શરોને–પોતાના બાણોને निजकशरान्

एइ ति घोडा एह थलि एइ ति निसिआ खग्ग ।

एत्थु मुणीसिम जाणीअइ जो न वि वालइ वग्ग ॥२२ જુઓ, ८।४।३३० ॥

આ પદ્ય ૩૩૦માં સૂત્રમાં પણ દીર્ઘનો હ્રસ્વ કરવાના અને હ્રસ્વનો દીર્ઘ કરવાના ઉદાહરણ માટે આવેલ છે. પણ પ્રેસની સરતચૂકને લીધે તે પદ્ય ત્યાં રહી ગયેલ છે, તે જ પદ્યને લોપને લગતાં ઉદાહરણો સમજવા સારુ અહીં આપેલ છે.

एते ते घोटकाः एषा स्थली एते ते निशिताः खड्गाः ।

अत्र मनुष्यता ज्ञायते यः न अपि–नैव–वालयति वल्गाम् ॥

जिवँ जिवँ वंकिम लोअणहं निरु सामलि सिक्खेइ ।

तिवँ तिवँ वम्महु नियय सरु खर–पत्थरि तिक्खेइ ॥ २३

यथा यथा वक्रिमाणं लोचनानां निश्चितं श्यामली शिक्षते ।

तथा तथा मन्मथः निजकशरान् खरप्रस्तरे तीक्ष्णयति ॥

જેમ જેમ શ્યામા–જુવાનડી–સ્ત્રી આંખની વાંકાઈને–આંખના કટાક્ષોને–આંખના સનકારા કરવાની કળાને ખરેખર શીખે છે એટલે બીજાઓની સામે આંખના ચાળા કરવાનું શીખે છે તેમ તેમ કામદેવ, પોતાનાં બાણોની અણીને તેજ કરવા ખરબચડા પથ્થર ઉપર બાણોને ઘસીને તીખાં કરે છે–તીક્ષ્ણ અણીવાળાં બનાવે છે. એટલે કામદેવ, માનવ ઉપર આક્રમણ કરવાની તૈયારી કરે છે.

## षष्ठ्याः ॥८।४।३४५॥

અપભ્રંશ ભાષામાં ષષ્ઠી વિભક્તિનો પ્રાયઃ લોપ થાય છે.

गअ+आम्–गय હાથીઓના. અહીં आम्નો લોપ થયેલ છે. એથી પદ્યમાં गयाणं પ્રયોગ ન થયો પણ गय એવો જ પ્રયોગ થયો.

संगर–सएहिं जु वण्णीअइ देक्खु अम्हारा कंतु ।

अइमत्तहं चत्तंकुसहं गय कुंभइं दारंतु ॥ २३

संगरशतैः यः वर्ण्यते पश्य अस्मदीयं कान्तम् ।

अतिमत्तानां त्यक्ताङ्कुशानां गजानां कुम्भान् दारयन्तम् ॥

સેંકડો સંગ્રામોમાં જવાને લીધે જે વખણાતો આવેલ છે તેવા અમારા કંથને, અંકુશને નહીં ગણકારતા એવા મદોન્મત્ત હાથીઓનાં કુંભસ્થળોને ચીરી નાખતો–ફાડી નાખતો–દેખ–જો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—આ સૂત્રનો સમાવેશ ઉપરના સૂત્રમાં થઈ શકતો હતો એટલે सि–अम्–जस्–शस्–षष्ठीनां लुक् એમ સૂત્ર રચવાથી કામ સધાતું હતું તોપણ આ સૂત્ર જુદું કેમ કર્યું ?

ઉ૦—'ઉપરનું સૂત્ર વ્યાપક છે એટલે તે તમામ પ્રયોગોમાં લાગે છે, જ્યારે આ સૂત્ર ફક્ત પ્રયોગોને અનુસરીને જ ચાલે છે એથી આ સૂત્ર પ્રમાણે તો કોક કોક જ પ્રયોગમાં ષષ્ઠીનો લોપ થાય છે પણ એકેએક પ્રયોગમાં આ નિયમ લાગતો નથી' તે હકીકતને સૂચવવા સારૂ ૩૪૪ મા સૂત્રથી આ ૩૪૫ મું સૂત્ર જુદું કર્યું છે.

## आमन्त्र्ये जसः होः ॥८।४।३४६॥

સંબોધનના બહુવચનના जस् નો અપભ્રંશ ભાષામાં हो થાય છે.

૮।૪।૩૪૪ માં સૂત્રથી जस् નો લોપ જ થવાનો પ્રસંગ હતો તેથી આ સૂત્ર કર્યું છે. અર્થાત્ સંબોધનમાં जस् નો 'ह्रो' પણ થઈ શકે છે.

तरुण+जस्–तरुण+हो–तरुणहो ! હે તરુણો–જુવાનડાઓ ! तरुणाः !

तरुणि+जस्–तरुणि+हो–तरुणिहो ! હે તરુણીઓ–જુવાનડીઓ ! तरुण्यः !

तरुणहो ! तरुणिहो ! मुणिउं मइं 'करहु म अप्पहो घाउ' ।

तरुणाः ! तरुण्यः ! ज्ञातं मया 'करत–कुरुत–मा आत्मनः घातम्' ॥ २४

હે તરુણો–જુવાનો ! હે તરુણીઓ–જુવાનડીઓ ! મારી જાણમાં એમ આવેલ છે કે તમે આત્માનો ઘાત–આત્મઘાત–ન કરો.

## भिस्–सुपोः हिं ॥८।४।३४७॥

તૃતીયા વિભક્તિના બહુવચન भिस् ને બદલે અને સપ્તમી વિભક્તિના બહુવચનના सुप् પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં हिं વપરાય છે,

गुण+भिस्–गुण+हिं–गुणहिं–ગુણો વડે गुणैः

मग्ग+सुप्–मग्ग+हिं–मग्गहिं–માર્ગોમાં मार्गेषु

ति+सुप्+ति+हिं–ત્રણેમાં त्रिषु

गुणहिं न संपय, कित्ति पर । જુઓ, ૮।૪।૩૩૫ ॥

भाईरहि जिवं भारइ मग्गहिं तिहिं वि पयट्टइ । २५

भागीरथी यथा भारती मार्गेषु त्रिषु अपि प्रवर्तते ।

જેમ ભાગીરથી સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાળલોક એમ ત્રણેના માર્ગોમાં પ્રવર્તે છે–એ ત્રણેના માર્ગોમાં વહેતી રહે છે તેમ ભારતી–સરસ્વતી–પણ ત્રણેના માર્ગોમાં પ્રવર્તે છે–વહેતી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીલિંગી નામ—

## स्त्रियां जस्–शसोः उद्–ओत् ॥८।४।३४८॥

સ્ત્રીલિંગી નામને લાગેલા પ્રથમાના બહુવચનના जस् ને બદલે અપભ્રંશ ભાષામાં उ અને ओ વપરાય છે. અને દ્વિતીયાના બહુવચનના शस् ને બદલે પણ અપભ્રંશ ભાષામાં उ અને ओ વપરાય છે.

સૂત્રમાં ઉદ્દેશ્યમાં તથા વિધેયમાં વિભક્તિનાં વચનોના ભેદ છે એટલે જે વચન ઉદ્દેશ્યનું છે તે જ વચન વિધેયનું નથી તેથી અનુક્રમ ન કરવો.

સૂત્રના નિર્દેશમાં જ્યાં ઉદ્દેશ્યમાં અને વિધેયમાં સંખ્યા સરખી હોય અને વચન પણ સરખાં હોય ત્યાં અનુક્રમ સમજવાનો છે એવો વ્યાકરણ શાસ્ત્રનો નિયમ છે.

આ સૂત્રમાં जस्–शसोः એ ષષ્ઠીનું દ્વિવચન છે અને उत्–ओत् એ પ્રથમાનું એકવચન છે.

'આ સૂત્રમાં 'जस्–शसो:' એ દ્વિવચન છે અને जस् અને शस् એમ બે પ્રત્યય હોવાથી તેમની બે સંખ્યા છે તથા એ ઉદ્દેશ્ય વચન છે અને 'उद्–ओत्' એ વિધેય વચન છે, તેમાં પણ उत्–ओत् એમ બે સંખ્યા છે પણ उत्–ओत् એ એકવચન છે તેથી આ સૂત્રમાં ઉદ્દેશ્યમાં અને વિધેયમાં સંખ્યા સરખી હોવા છતાં આગળ જણાવ્યા પ્રમાણે વિભક્તિનાં વચન સરખાં નથી એટલે जस् ના उ અને शस् ના ओ થાય એવો અનુક્રમ થઈ ન શકે એવી હકીકત જણાવવા માટે આચાર્યે લખ્યું છે કે, આ સૂત્રમાં વિભક્તિનાં વચનનો ભેદ હોવાથી અનુક્રમ લેવાનો નથી.

जस्–

अंगुलि+जस्–अंगुलि+उ–अंगुलिउ–આંગળીઓ

जज्जरिआ+जस्–जज्जरिआ+उ–जज्जरियाउ–જર્જરિત–ગળી ગયેલી.

अंगुलिउ जज्जरियाओ नहेण । જુઓ, ૮।૪।૩૩૩॥

शस्–

सुंदरसव्वंगा+शस्–सुंदरसव्वंगा+उ–सुंदरसव्वंगाउ–જેનાં સર્વ અંગો સુંદર છે એવી વિલાસિનીઓને-વેશ્યાઓને–જોતા રહેનારાઓના

सुंदरसव्वंगाओ विलासिणीओ पेच्छंताण ।२६

सुन्दरसर्वाङ्गाः विलासिनीः प्रेक्षमाणानाम् ।

विलासिणी+शस्–विलासिणी+उ–विलासिणीउ–વિલાસ કરનારીઓને

सुंदरसव्वंगा+शस्–सुंदरसव्वंगा+ओ–सुंदरसव्वंगाओ–સર્વાંગ–સુંદરને–સુંદરીઓને

विलासिणी+शस्–विलासिणी+ओ-विलासिणीओ–વિલાસવતી સ્ત્રીઓને–વેશ્યાઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## टः ए ॥८।४।३४९॥

સ્ત્રીલિંગી નામને લાગેલા टा ને બદલે અપભ્રંશ ભાષામાં ए થાય છે.

चंदिमा+टा—चंदिम+ए—चंदिमए—ચંદ્રિકા વડે.
कन्ति+टा—कन्तिए—કાંતિ વડે

निअ—मुह—करहिं वि मुद्ध किर अंधारइ पडिपेक्खइ ।
ससि—मंडल—चंदिमए पुणु काइं न दूरे देक्खइ ? ॥ २७

निजमुखकरैः अपि मुग्धा किल अन्धकारके प्रतिप्रेक्षते ।
शशिमण्डल—चन्द्रिकया पुनः किं न दूरे पश्यति ? ॥

મુગ્ધ સ્ત્રી પોતાના જ મુખનાં કિરણોના પ્રકાશ વડે પણ અંધારામાં સામેની વસ્તુને ખરેખર જોઈ શકે છે તો પછી જ્યારે ચંદ્રમંડળની ચંદ્રિકા ફેલાયેલી હોય ત્યારે વળી દૂર દૂર કેમ ન દેખી શકે ?

जहिं मरगयकंतिए संवलिअं ।२८—यत्र मरकतकान्त्या संवलितम्

જ્યાં મરકતની કાંતિ સંવલિત—મિશ્ર—દેખાય છે.

એ જ રીતે આ નીચેનાં બીજાં ઉદાહરણો સમજી લેવાં—

घेणु+टा—घेणु+ए-घेणुए-ધેન વડે-ગાય વડે धेन्वा

नदी+टा—नदी+ए—नदीए—નદી વડે नद्या

वहू+टा—वहू+ए—वहूए—વહૂ વડે वध्वा

## ङस्—ङस्योः हे ॥८।४।३५०॥

સ્ત્રીલિંગી નામને લાગેલા પષ્ઠીના એકવચન ङस् અને પંચમીના એકવચન ङसि ને બદલે અપભ્રંશ ભાષામાં हे વપરાય છે.

નીચેના બધા શબ્દો સાથે જોડાયેલ तुच्छ શબ્દનો અર્થ અલ્પ 'થોડું' સમજવાનો છે

ङस्— ०मज्झा+ङस्-मज्झ+हे-मज्झहे-શરીરના મધ્યભાગવાળીનું—પાતળી કેડવાળીનું
,, ०जंपिरा+ङस्—जंपिर+हे—जंपिरहे—બોલનારીનું
,, ०रोमावलि+ङस्—रोमावलि+हे—रोमावलिहे—રોમાવલીવાળીનું
,, ०हासा+ङस्—हास+हे—हासहे—હાસ્યવાળીનું
,, अलहंतिआ+ङस्—अलहंतिअ+हे—अलहंतिअहे—નહિ પામતીનું
,, ०निवासा+ङस्—निवास+हे—निवासहे—નિવાસવાળીનું
,, धणा+ङस्—धण+हे—धणहे—ધન્યાનું—ધણીયાણીનું—સ્ત્રીનુ
,, मुद्धडा+ङस्—मुद्धड+हे—मुद्धडहे—મુગ્ધ સ્ત્રીનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङसि—बाला+ङसि–बाल+हे–बालहे–બાલાથી.

तुच्छ–मज्झहे तुच्छ–जंपिरहे ।
तुच्छ–अच्छ–रोमावलिहे तुच्छ–राय ! तुच्छयर–हासहे ।
पिअ–वयणु अलहंतिअहे तुच्छ–काय–वम्महि–निवासहे ।। २९

अन्नु जु तुच्छउं तहे धणहे तं अक्खणह न जाइ ।
कटरि थणंतरु मुद्धडहे जें मणु विच्चि न माइ ।। ३०

तुच्छमध्यायाः तुच्छजल्पनशीलायाः ।
तुच्छअच्छरोमावल्याः तुच्छराग ! तुच्छतरहासायाः ।
प्रियवचनम् અથવા प्रियवदनम् अलभमानायाः तुच्छकायमन्मथनिवासायाः ।।
अन्यत् यत् तुच्छकं तस्या धन्यायाः तत् आख्यातुं न याति ।
कटरे स्तनान्तरम् मुग्धिकायाः येन मनः वर्त्मनि અથવા मध्ये न माति ।।

કોઈ સખી નાયકને કહે છે કે હે તુચ્છરાગ !–ઓછા રાગવાળા ! તેં રાગ ઓછો કર્યો તેથી તારી પ્રિય સ્ત્રીને આમંત્રણ ન આપ્યું, એને લીધે એ સ્ત્રીનો મધ્યભાગ કેડનો પ્રદેશ–ખૂબ પાતળો બન્યો છે, તેણી હવે ઘણું ઓછું બોલે છે–ખેદને લીધે તેણીને વધારે બોલવું ગમતું નથી. અચ્છી રોમરાજી તુચ્છ થઈ ગઈ છે–પહેલાં જે રોમાંચ થતો હતો તે હવે ઓસરી ગયો છે. હાસ્ય પણ વધારે ઓછું થઈ ગયું છે. पियवयणु એટલે પ્રિયના વદન–મુખ–ને અથવા પ્રિયના વચનને તેણી પામતી નથી. તેણીના તુચ્છ–પાતળા–શરીરમાં કામદેવનો નિવાસ તો છે જ. આમ તેનાં બધાં અંગો તુચ્છ–પાતળાં–દુર્બળ થઈ ગયાં છે અને વળી, બીજું જે તેણીનું તુચ્છ–પાતળું–થઈ ગયું છે તે કહ્યું જાય તેમ નથી–તે કહી શકાય એમ નથી. આશ્ચર્ય એ છે કે તે મુગ્ધ સ્ત્રીનાં બે સ્તનો વચ્ચેનો ખાલી ભાગ એવો તુચ્છ–સાંકડો–થઈ ગયેલ છે કે જેથી એ સાંકડા ભાગની વચ્ચે તેણીનું હૃદય–મન–માઈ શકતું નથી. ઉપર જણાવેલ સ્ત્રીનું સ્તનાંતર–બે સ્તનો વચ્ચેનું આંતરું–ઘણું જ સાંકડું હોવાને લીધે તેણીનું મન–હૃદય–તેમાં સમાઈ શકતું નથી અર્થાત્ તેણીનું હૃદય તેના બે સ્તનો વચ્ચેના માર્ગમાં વિશેષ ઉછાળા મારે છે–એટલે હૃદયના ધબકારા વધી ગયા છે અર્થાત્ હૃદય બહાર નિકળવા મથતું ન હોય ?

આ દોહામાં कटरि અવ્યય છે અને તે 'આશ્ચર્ય' અર્થનું સૂચક છે :

फोडेंति जे हियडउं अप्पणउं ताहं पराई कवण घण ? ।
रक्खेज्जहु लोअहो ! अप्पणा बालहे जाया विसम थण ।। ३१

स्फोटयन्ति ये हृदयम् आत्मीयं तेषां परकीया का घृणा–दया ।
रक्षत लोकाः ! आत्मना बालायाः जाता विषमाः स्तनाः ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરમાં જ્યાં હૃદયનું સ્થાન છે તે ભાગમાંથી જ સ્તનો બહાર નીકળ્યા છે એટલે આ નીચેના દોહામાં આવી કલ્પના કરેલ છે—

હે લોકો! જે સ્તનો પોતાના જ હૃદયને ફોડી નાખીને બહાર આવેલ છે તેમને પરાઈ—પારકાની—બીજાની—દયા શેની આવે? માટે તમે પોતે જાતે જ તે બાલાથી—જુવાનડીથી—ચેતજો અર્થાત્ તમે પોતા વડે પોતાની જાતને સંભાળી રાખજો. કારણ કે હવે બાલાનાં સ્તનો વિષમ થઈ ગયાં છે—વિશાળ થઈ ગયાં છે—મર્યાદા બહાર ગયાં છે.

## भ्यस्–आमोः हुः ॥८।४।३५१॥

સ્ત્રીલિંગી નામને લાગેલા પંચમી બહુવચનના भ्यस् ને બદલે અને ષષ્ઠી બહુવચનના आम् ને બદલે અપભ્રંશ ભાષામાં हु પ્રત્યય વપરાય છે.

वयंसिआ+भ्यस्–वयंसिअ+हु–वयंसिअहु–સરખી ઉંમરની સખીઓથી वयस्याभ्यः

वयंसिआ+आम्–वयंसिअ+हु–वयंसिअहु–સરખી ઉંમરની સખીઓની વચ્ચે वयस्यानाम्

भल्ला हुआ जु मारिआ बहिणि ! महारा कंतु ।
लज्जेज्जंतु वयंसिअहु जइ भग्गा घरु एंतु ॥ ३२
भद्रं भूतं यत् मारितः भगिनि ! मदीयः कान्तः ।
अलज्जिष्ये वयस्यानां यदि भग्नः गृहम् ऐष्यत् ॥

જેણીના પતિને યુદ્ધમાં મારી નાખવામાં આવેલ છે તેણી પોતાની સખીને કહે છે—હે બહેન! ભલું થયું કે, મારો પતિ લડાઈમાં જ મરાઈ ગયો—મારા પતિને લડાઈમાં જ મારી નાંખવામાં આવ્યો. જો મારો પતિ લડાઈમાંથી ભાગીને ઘર તરફ આવત તો હું સરખેસરખી વયવાળી સખીઓથી કે સખીઓ વચ્ચે લાજી મરત—શરમની મારી મરી જાત.

આ દોહામાં 'लज्जेज्जंतु' અને 'एंतु' એ બન્ને ક્રિયાપદો ક્રિયાતિપત્તિનાં રૂપો છે. જુઓ ૮।૩।૧૮૦।

## ङेः हिं ॥८।४।३५२॥

સ્ત્રીલિંગી નામને લાગેલા સપ્તમીના એકવચન ङि ને બદલે અપભ્રંશ ભાષામાં हि પ્રત્યય વપરાય છે.

महि+ङि–महि+हिं–महिहिं–મહિમાં—પૃથ્વીમાં—પૃથ્વી ઉપર—જમીન ઉપર.

એ જ રીતે બીજાં ઉદાહરણો આ પ્રકારે સમજી લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गंगा+ङि–गंग+हि–गंगहि–ગંગામાં.

धेणु+ङि–धेणु+हि–धेणुहि–ધેનમાં–ગાયમાં.

नारी+ङि–नारी+हि–नारीहि––નારીમાં.

वहू+ङि–वहू+हि–वहूहि–વહૂમાં.

वायसु उड्डावंतिअए पिउ दिट्ठउ सहस त्ति ।
अद्धा वलया महिहि गय अद्धा फुट्ट 'तड' त्ति ।। ३३

वायसम् उड्डाययन्त्या प्रिय: दृष्टक: सहसा इति,
अर्धानि वलयानि मह्यां गतानि अर्धानि स्फुटितानि 'तड' इति ।।

આંગણામાં કાગડાને 'કા કા' કરતો જોઇને તે કાગડાને ઉડાડતી કોઈ સ્ત્રીએ એકદમ–અચાનક–પોતાના પ્રિયને આવતો દીઠો–જોયો. તેને જોતાં જ તે સ્ત્રીનાં અડધાં બલોયાં જમીન ઉપર પડી ગયાં અને બાકીનાં અડધાં 'તડ' દઇને તુટી ગયાં. કાગડાને ઉડાડનારી સ્ત્રી પ્રિયના વિરહથી વિશેષ દુબળી થઈ જવાને લીધે તેના હાથ એટલા બધા પાતળા થઈ ગયા હતા જેથી તેનાં અડધાં બલોયાં સરકીને નીચે પડી ગયાં અને અચાનક પ્રિયને આવતો જોઈને તેને એટલો બધો હરખ થવાથી તેના હાથનું કાંડું ફૂલી જતાં, એ હાથ ઉપરનાં બાકીનાં અડધાં બલોયાં સાંકડાં પડવાથી તેમાં હાથ ન માતાં 'તડ' દઈને તૂટી ગયાં

આ દોહામાં उड्डावंतिअए એ પદને તૃતીયા વિભક્તિવાળું સમજવું અને એ પદને दिट्ठउનો કર્તા માનીએ ત્યારે તેની તૃતીયા વિભક્તિ છે અને 'ઉડાડતીનાં બલોયાં' એવું સમજવું હોય ત્યારે તે પદને છઠ્ઠી વિભક્તિવાળું સમજવું. તથા 'ઉડાડતી હતી ત્યાં તો' એવો અર્થ ઘટાવવો હોય ત્યારે એ પદને સપ્તમીનું એકવચન પણ સમજી શકાય.

**નપુંસકલિંગી નામ—**

## क्लीबे जस्-शसोः इं ।।८।४।३५३।।

નપુંસકલિંગવાળાં નામને લાગેલા પ્રથમાના બહુવચનના जस्‌ને બદલે અને દ્વિતીયાના બહુવચનના शस्‌ને બદલે અપભ્રંશ ભાષામાં इं વપરાય છે.

अलिउल+जस्–अलिउल+इं=अलिउलइं–ભમરાઓનાં ટોળેટોળાં

कमल+शस्–कमल+इं=कमलइं–કમળોને.

करिगंड+शस्–करिगंडा+इं–करिगंडाइं–હાથીનાં કુંભસ્થળોને

मेल्लवि–સંબંધક ભૂતકૃદંત–મેલીને–છોડીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महंति-ક્રિયાપદ-ઇચ્છે છે ॥૮।૪।૧૯૨॥

कमलइं मेल्लवि अलि-उलइं करिगंडाइं महंति ।
असुलहं एच्छण जाहं भलि ते ण वि दूर गणंति ॥ ३४
कमलानि मुक्त्वा अलिकुलानि करिगण्डान् महन्ति-वाञ्छन्ति ।
असुलभम् एषितुं येयां स्वभाव: ते न अपि दूरं गणयन्ति ॥

ભમરાઓનું ટોળું પાસેનાં કમળોને મેલીને-છોડીને-હાથીઓનાં મદથી ભરેલાં-પણ દૂર રહેલાં કુંભસ્થળોને ઇચ્છે છે. જેઓ અસુલભ વસ્તુને મેળવવાના આગ્રહી હોય-એવી જ ટેવવાળા હોય-તેઓ 'વધારે દૂર જવું પડશે' એવી વાતને ગણકારતા નથી; અર્થાત્ એવા રસિક લોકોને મન દૂરનો કે નજીકનો કોઈ હિસાબ જ હોતો નથી.

## कान्तस्य अत उं सि-अमोः ॥८।४।३५४॥

જે નપુંસકલિંગી નામને છેડે क છે એવા નામને લાગેલા सि પ્રત્યયનો અને अम् પ્રત્યયનો અપભ્રંશ ભાષામાં उं થાય છે.

तुच्छक-तुच्छअ+सि-तुच्छउं-सि નો લોપ, જુઓ ૮।૪।૩૪૪.
भग्नक-भग्गअ+अम्-भग्गउं-अम् નો લોપ, જુઓ ,,
प्रसृतक-पसरिअ+अम्-पसरिअउं ,, ,, ,,
अन्नु जु तुच्छउँ तहे धणहे । જુઓ, ૮।૪।૩૫૦ ।

भग्गउं देक्खिवि निअय-बलु पसरिअउं परस्सु ।
उम्मिल्लइ ससि-रेह जिवँ करि करवालु पिअस्सु ॥ ३५
भग्नकं दृष्ट्वा निजकबलं प्रसृतकं परस्य ।
उन्मिलति शशिरेखा यथा करे करवाल: प्रियस्य ॥

પોતાના લશ્કરને ભાંગેલું કે ભાગી ગયેલું દેખીને અને परस्सु-શત્રુના લશ્કરને ફેલાયેલું દેખીને બીજના ચંદ્રની કલાની જેમ પ્રિયના હાથમાં તલવાર ઝગમગી રહી છે-ચમકી રહી છે.

### સર્વાદિ સર્વનામ—

## सर्वादेः ङसेः हां ॥८।४।३५५॥

सर्वादि-सर्व વગેરે-અકારાંત નામને લાગેલા પંચમીના એકવચન ङसिને બદલે અપભ્રંશ ભાષામાં हां પ્રત્યય વપરાય છે.

ज-ङसि-ज+हां-जहां-જયાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त+ङसि–त+हां–तहां–ત્યાંથી
क+ङसि–क+हां–कुहां–ક્યાંથી
जहां होंतउ आगदो—જ્યાંથી થતો આવેલો यस्माद् भवन् आगत:
तहां होंतउ आगदो—ત્યાંથી થતો આવેલો तस्माद् भवन् आगत:
कहां होंतउ आगदो—ક્યાંથી થતો આવેલો कस्माद् भवन् आगत:

## किमः डिहे वा ॥८।४।३५६॥

સર્વાદિમાં ગણાવેલા અકારાંત किम् શબ્દને લાગેલા પંચમી એકવચન ङसिने બદલે અપભ્રંશ ભાષામાં इहे (डिहे) પ્રત્યય બોલાય છે.

किम्–क+अस्–क+इहे–किहे–શાથી–શા હેતુથી–શા કારણને લીધે અથવા ક્યાંથી: कस्मात्

जइ तहो तुट्टिउ नेहडा मइँ सहुँ न वि तिल–तार ! ।
तं किहे वंकेहिँ लोअणेहिँ जोइज्जउँ सय–वार ॥ ३६
यदि तस्य त्रुटित: स्नेहक: मया सह न अपि तिलतार ! ।
तत् कस्माद् वक्रैः लोचनैः द्योत्ये–दृश्ये–शतवारान् ।

હે તિલતાર !—જેની આંખની તારા–કીકી–તલ જેવી સ્નિગ્ધ છે—જેની આંખમાં સ્નેહ છે એવા—હે દિલદાર ! જો મારી સાથે તેનો સ્નેહ નથી તૂટયો તો મારા તરફ સેંકડોવાર વાંકી–કટાક્ષમય–નજરો શા માટે ફેરવવામાં આવે છે–એવી ડંખીલી નજરો વડે હું શા માટે વારવાર જોવાઉં છું.

આ દોહામાં વપરાયેલ तिलतार શબ્દ સાથે ભાષાનો 'દિલદાર' શબ્દ સરખાવવા જેવો છે.

## ङेः हिं ॥८।४।३५७॥

સર્વાદિ અકારાંત નામને લાગેલા સપ્તમીના એકવચન ङि પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં हिं પ્રત્યય બોલાય છે.

ज+इ–ज+हिं–जहिं–જ્યાં यस्मिन्
त+इ–त+हिं–तहिं–ત્યાં तस्मिन्
एक+इ–एक+हिं–एक्कहिं–એકમાં एकस्मिन्
अन्न+इ–अन्न+हिं–अन्नहिं–બીજામાં अन्यस्मिन्
क+इ–क+हिं–कहिं–કહીં–ક્યાં कस्मिन्

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

जहि [1]कप्पिज्जइ सरिण सरु छिज्जइ खग्गिण खग्गु ।
तहिं तेहइ भड–घड–निवहि कंतु पयासइ मग्गु ॥
यत्र कल्प्यते–कृत्यते–शरेण शरम् छिद्यते खड्गेन खड्गः ।
तस्मिन् तादृशे भटघटानिवहे कान्तः प्रकाशते मार्गम् ।

જે રણસંગ્રામમાં બાણ વડે બાણ કપાય છે તથા ખાંડા વડે ખાંડું છેદાય છે તેવા પ્રકારના સૈનિકોની ઘટાવાળા ટોળામાં–તેવા પ્રકારના સૈનિકોની ભારે ભીંસવાળા તે રણસંગ્રામમાં–કંથ માર્ગને પ્રકાશિત કરે છે એટલે તેવી કાપાકાપીની ભીડમાં પણ તે માર્ગને કાઢતો ચાલ્યો જાય છે.

एक्कहिं अक्खिहिं सावणु, अन्नहिं भद्दवउ ।
माहउ महिअल–सत्थरि, गंड–त्थले सरउ ॥ ३८
अंगिहिं गिम्हु, सुहच्छीतिलवणि मग्गसिरु ।
तहें मुद्धहे मुह–पंकइ आवासिउ सिसिरु ॥ ३९
एकस्मिन् अक्ष्णि श्रावणः अन्यस्मिन् भाद्रपदः ।
माधकः महितलस्रस्तरे गण्डस्थले शरत् ।
अङ्गे ग्रीष्मः सुखासिकातिलवने मार्गशिराः ।
तस्या मुग्धाया मुखपङ्कजे आवासितः शिशिरः ।

વિજોગણ નારીની એક આંખમાં શ્રાવણ–વર્ષાઋતુ–અને છે બીજી આંખમાં ભાદરવો–શરદ–છે એમ બન્ને આંખોમાંથી પાણી ટપકયા કરે છે. પથારીમાં–મહિતળ–ભોંયતળ–ઉપર બિછાવેલ પથારીમાં એટલે ભોંયપથારીમાં મહામાસ–શિશિર–છે, ગાલ, કાંસના ફૂલની પેઠે ફિક્કા પડી ગયેલા છે તથા ત્યાં–ગાલની આસપાસના ભાગ ઉપર–શરદ્ ઋતુ છે. અંગમાં કામનો તાપ છે તેથી ત્યાં ગ્રીષ્મ–ઉનાળો–છે. સુખાસનરૂપ તલના વનમાં માગશર–હેમંત–છે એટલે જેમ માગશર મહિનામાં તલનાં વન બધાં જ વઢાઈ જાય છે તેમ આ વિયોગી મુગ્ધા સ્ત્રીના સુખાસનનો–સુખે બેસવાની સ્થિતિનો–ઉચ્છેદ જ થઈ જવાથી–સુખનો નાશ થઈ જવાથી તે થરથરતી રહે છે–તેથી તે–મુગ્ધા સ્ત્રી–ના મુખકમળ ઉપર શિશિર ઋતુનો આવાસ છે એટલે તે મુગ્ધા સ્ત્રીનું મુખડું કરમાઈ ગયેલ છે.

---

૧. સં૦ कृप्—कर्प्–कल्प् ધાતુ સાથે कप्प् રૂપની સરખામણી કરી શકાય પણ कल्प् ના અર્થ સાથે 'કાપવા' અર્થનો મેળ બેસે નહીં. તેમ છતાં ।।૮।૪।૨૫૯।। સૂત્ર પ્રમાણે 'ધાતુના અનેક અર્થો હોય છે' એ ન્યાયે कल्प्यते પદ પણ વાપરી શકાય. पाइअसद्दमहण्णव કોશમાં कप्प्–कल्प् ધાતુનો અર્થ 'કાપવું' પણ આપેલ છે તેથી અહીં कल्प्यते પણ બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પદ્યોમાં વિજોગણ સ્ત્રીના શરીરમાં વર્ષા, શરદ, ગ્રીષ્મ, માગશર માસ એટલે હેમંત અને શિશિર એમ પાંચ ઋતુઓ દેખાય છે એટલે આનંદદાયી વસંત સિવાયની બધી ઋતુઓ વરતાય છે એમ બતાવવામાં આવેલ છે.

નીચેના દોહામાં સ્ત્રીના દુઃખની પરાકાષ્ઠા બતાવેલ છે :

हिअडा ! फुट्टि 'तड' त्ति करि कालक्खेवें काइं ।
देक्खउं हयविहि कहिं ठवइ पइं विणु दुक्खसयाइं ? ॥
हृदय ! स्फुट 'तड' इति कृत्वा कालक्षेपेण किम् ? ।
पश्यामि हतविधिः कुत्र स्थापयति त्वां विना दुःखशतानि ॥

હે હૃદય ! આવી દુઃખમય દશામાં તું 'તડ' કરીને–'તડ' દઈને ફૂટી જા. હવે કાલક્ષેપ કરવાથી શું ?–વિલંબ કરવાથી શું ? હું જોઉં છું કે તે હત–કાળમુખો વિધિ–તારા વિના સેંકડો દુઃખોને ક્યાં સ્થાપન કરે છે ? ક્યાં રાખવાનો છે ?

## यत्–तत्–किम्भ्यः ङसः डासुः न वा ॥८।४।३५८॥

સર્વાદિમાં આવેલા यत्, तत् અને किम् શબ્દો પછી આવેલા ષષ્ઠી એકવચન ङस् ને બદલે અપભ્રંશ ભાષામાં आसु–डासु–વિકલ્પે વપરાય છે.

यत्–ज+ङस्–ज+आसु–जासु–જેને, જેનું यस्य
तत्–त+ङस्–त+आसु–तासु–તેને, તેનું तस्य
किम्–क+ङस्–क+आसु–कासु–કોને, કોનું कस्य

कंतु महारउ, हलि ! सहिए ! निच्छइं रूसइ जासु ।
अत्थिहिं सत्थिहिं हत्थिहिं वि ठाउ वि फेडइ तासु ॥ ३८
कान्तः मदीयः हे अले ! सखिके ! निश्चयेन रुष्यति यस्य ।

अस्त्रैः અથવા अर्थैः शस्त्रैः અથવા शास्त्रैः, हस्तैः અથવા हस्तिभिः अपि स्थाय–स्थानम् अपि स्फेटयति तस्य ॥

પોતાના પતિનું ગૌરવ કરતી કોઈ સ્ત્રી પોતાની સખીને કહે છે—હે અલી સખી ! મારો કંથ જેના ઉપર નક્કી–ખરેખર–રુઠે છે તેના રહેવાના સ્થાનને અથવા લોકોમાં તેણે મેળવેલ સ્થાનને–તેની પ્રતિષ્ઠાને–ધન વડે અથવા અસ્ત્રો વડે, શસ્ત્રો વડે–હથિયારો વડે–અથવા શાસ્ત્રો વડે–શાસ્ત્રાર્થ કરીને–વાદવિવાદ કરીને–અને છેવટે પોતાને હાથે અથવા પોતાના હાથીઓ વડે પણ ફેડી નાખે છે–તોડી નાખે છે અથવા નીચું કરી નાખે છે.

जीविउ कासु न वल्लहउं धणु पुणु कासु न इट्ठु ।
दोण्णि वि अवसरि निवडिअइं तिण–सम गणइ विसिट्ठु ॥ ३९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवितं कस्य न वल्लभकं धनं पुनः कस्य न इष्टम् ।
द्वे अपि अवसरे निपतिते तृणसमे गणयति विशिष्टः ।।

જીવન કોને વહાલું નથી? વળી, ધન કોને ઇષ્ટ-પ્રિય-નથી? પણ એ બન્નેને એટલે જીવનને અને ધનને વખત આવતાં વિશિષ્ટ મનુષ્ય તણખલાં જેવાં સમજે છે અર્થાત્ એવો કોઈ વખત આવી પડે-એવો કોઈ પ્રસંગ આવી પડે ત્યારે તે બન્નેને વિશેષ શિષ્ટ મનુષ્ય, એ બન્નેને વળગી રહેતો નથી, પણ તણખલાં સમાન સમજીને—ઘાસફુસ જેવાં માનીને-છોડી દે છે.

## स्त्रियां डहे ॥८।४।३५९॥

સ્ત્રીલિંગી એવા यत्, तत् અને किम् શબ્દોને લાગેલા ષષ્ઠીના એકવચન ङस् ને બદલે અપભ્રંશ ભાષામાં अहे-डहे પ્રત્યય વિકલ્પે વપરાય છે.

यत्–जा+ङस्–जा+अहे–जहे જેણીનું
तत्–ता+ङस्–ता+अहे–तहे–તેણીનું.
किम्–का+ङस्–का+अहे-कहे–કેણીનું.

जहे केरउं यस्याः संबन्धि જેણીના સંબંધનું
तहे केरउं तस्याः संबन्धि તેણીના સંબંધનું
कहे केरउं कस्याः संबन्धि કેણીના સંબંધનું

## यत्–तदः सि–अमोः ध्रुं त्रं ८॥४॥३६०॥

सि અને अम् પ્રત્યયો લાગેલા હોય તો સર્વાદિ यत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં ध्रुं રૂપ વિકલ્પે વપરાય છે તથા सि અને अम् પ્રત્યયો લાગેલા હોય તો સર્વાદિ तत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં त्रं રૂપ વિકલ્પે વપરાય છે.

ध्रुं અને त्रं ને લાગેલા सि અને अम् નો લોપ ૮।૪।૩૪૪ સૂત્રથી થાય છે.

सि–

નરજાતિ–यत्—

यत्–ज+सि–ध्रुं–જે, અથવા जु

નારીજાતિ—

„ जा+सि–ध्रुं–જેણી, „ जा

નપુંસકલિંગ—
यत् ज+सि-ध्रुं-જે કુલ, અથવા जं
सि-
નર૦—तत्-
तत्-त+सि-त्रं-ते ,, सु
નારી૦
,, ता+सि-त्रं-તેણી ,, सा
નપુંસક૦—
,, त+सि-त्रं-ते કુળ ,, तं
अम्-
નરજાતિ—यत्-
यत्-ज+अम्-ध्रुं+ ,, जं જેને
નારી૦—
,, जा+अम्-ध्रुं- ,, जं જેણીને
નપુંસક૦—
,, ज+अम्-ध्रुं- ,, ,,-જે કુળને
નર૦—तत्-
तत्-त+अम्-त्रं ,, तं-તેને
નારી૦—
,, ता+अम्-त्रं ,, ,,-તેણીને
નપુંસક૦—
,, त+अम्-त्रं- ,, ,,-તે કુળને

प्रङ्गणि चिट्ठदि नाहु ध्रुं त्रं रणि करदि न भ्रंत्रि ।
प्राङ्गणे तिष्ठति नाथः यः सः रणे करोति न भ्रान्तिः ।

જે નાથ આંગણામાં ઊભો છે તે જ રણમાં-રણભૂમિમાં-સંગ્રામ કરે છે, એ બાબત ભ્રાંતિ નથી.

સૈનિક ઘરે આવે છે ત્યારે પોતાના સ્વજનો અને પત્ની સાથે વિશેષ હેતાળ રીતે વર્તે છે એટલે એમ થાય છે કે આવો હેતાળ પુરુષ રણસંગ્રામમાં યુદ્ધ શી રીતે કરી શકે? તે શંકાનો ઉત્તર આ પદ્યમાં છે અર્થાત્ આંગણામાં જે આ પ્રત્યક્ષ ઊભો છે તે નાથ-સ્વામી-પોતે જ રણમાં જઈને યુદ્ધ કરે છે એમાં જરા પણ ભ્રાંતિ નથી.

तं बोल्लीअइ जु निव्वहइ । तद् उच्यते यत् निर्वहति-તે બોલવું જોઈએ જે નભી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इदमः इमुः क्लीबे ॥८।४।३६१॥

सि અને अम् પ્રત્યયો લાગતાં નપુંસકલિંગી इदम् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં इमु રૂપ વપરાય છે.

इदम्+सि-इमु-આ કુળ इदम्
इदम्+अम्-इमु-આ કુળને इदम्

इमु कुलु तुह तणउं । આ કુળ તારાતણું-તારું-છે. પ્રથમા વિભક્તિ इदं कुलं तव ।
इमु कुलु देक्खु । આ કુળને દેખ-જો. દ્વિતીયા વિભક્તિ इदं कुलं पश्य।

## एतदः स्त्री-पु-क्लीबे एह एहो एहु ॥८।४।३६२॥

પ્રથમાના એકવચનનો सि અને દ્વિતીયાના એકવચનનો अम् પ્રત્યય લાગતાં સર્વાદિના સ્ત્રીલિંગી एतत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં एह બોલાય છે તથા પુંલિંગી एतत् શબ્દને બદલે एहो બોલાય છે અને નપુંસકલિંગી एतत् શબ્દને બદલે एहु બોલાય છે.

સ્ત્રીલિંગ-एतत-सू-एह-એણી एषा
एतत्+अम्-एह-એણીને एताम्
પુંલિંગ-एतत्+सि-एहो-એ एषः
एतत्+अम्-एहो-એને एतम्
નપુંસક-एतत्+सि-एहु-એ કુળ एतत्
एतत्+अम्-एहु-એ કુળને एतत्

एह कुमारी, एहो नरु, एहु मणोरहठाणु-।१
एहउं वढ ! चिंतंताहं. पच्छइ होइ विहाणु ॥४

एषा कुमारी एष नरः एतत् मनोरथस्थानम् ।
ईदृशं मूढ ! चिन्तयताम् पश्चात् भवति विभानम् ॥

वि+भा+अन+सू=विभानं प्रातःकालः ।

આ કુમારી છે, આ પુરુષ છે અને આ મનોરથ કરવાનું સ્થાન છે. હે મૂઢ ! એવું ચિંતવતાં તો પછી વહાણું વાઈ જાય છે-સવાર પડી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## एइः जस्-शसोः ॥८।४।३६३॥

પ્રથમાનું બહુવચન जस् પ્રત્યય અને દ્વિતીયાનું બહુવચન शस् પ્રત્યય લાગતાં एतत् શબ્દને બદલે एइ બોલાય છે.

जस्–एतत्+जस्-एइ–એઓ। एते

शस्–एतत्+शस्-एइ–એઓને एतान्

एइ ति घोडा एह थलि । જુઓ। ८।४।३३०।

एइ पेच्छ । એઓને જો. एतान् प्रेक्षस्व

## अदसः ओइ ॥८।४।३६४॥

પ્રથમાનું બહુવચન जस् પ્રત્યય લાગતાં અને દ્વિતીયાનું બહુવચન शस् પ્રત્યય લાગતાં अदस् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં ओइ બોલાય છે.

अदस्+जस्–ओइ–ઓલ્યાં–આ–છે.–પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકમાં વપરાય છે.
अदस्+शस्–ओइ–ઓલ્યાંઓને–એમને–पुच्छ પૂછ ,, ,, ,,

जइ पुच्छह घर वड्डाइं तो वड्डा घर ओइ ।
विहलिअ-जण-अब्भुद्धरणु कंतु कुडीरइ जोइ ॥ ४२

यदि पृच्छत गृहाणि वृद्धानि–महान्ति ततः वृद्धानि गृहाणि ।
विफलितजन–अभ्युद्धरणं कान्तं कुटीरके पश्य ॥

મોટાં ઘર વિશે પૂછતા હો તો મોટાં ઘર ઓલ્યાં છે કે, જ્યાં નિરાશ થયેલા મનુષ્યનો ઉદ્ધાર કરનાર કંથ જે કોટડીમાં બેઠેલ છે તે કોટડીને જુઓ. અર્થાત્ કોટડી છતાં ત્યાં નિરાશ થયેલાનો આધાર બેઠેલ છે તેથી એ મોટું ઘર છે.

## इदमः आयः ॥८।४।३६५॥

નામને લગતી કોઈ પણ વિભક્તિનો એકવચનનો કે બહુવચનનો પ્રત્યય લાગતાં इदम् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં आय બોલાય છે.

પ્ર૦બ૦વ૦–इदम्+जस्–आय+इं–आयइं–આઓ. इमानि

દ્વિ૦બ૦વ–इदम्–शस्–आय+इं–आयइं–આઓને. ,,

તૃ૦એ૦વ૦–इदम्+टा–आय+आ–आएण–આ વડે इमेन

ષ૦એ૦વ૦–इदम्+ङस्–आय–हो–आयहो–આનું इमस्य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयइं लोअहो ! लोअणइँ जाइ-सरइँ, न भंति ।
अप्पिए दिट्ठइ मउलिअहिं, पिए दिट्ठइ विहसंति ॥

इमानि लोका: ! लोचनानि जातिस्मराणि न भ्रान्ति: ।
अप्रिये दृष्टके मुकुलयन्ति, प्रिये दृष्टके विहसन्ति ॥

હે લોકો ! આ આંખોને પોતાના પૂર્વ ભવનું સ્મરણ હોય-એમ લાગે છે. કેમકે અણગમતી વસ્તુને જોતાં જ આંખો બિડાઈ-મીંચાઈ-જાય છે અને ગમતી વસ્તુને જોતાં જ આંખો હસી ઊઠે છે-ખીલી ઊઠે છે.

लोअहो પદ ષષ્ઠીનું એકવચન પણ થાય છે. તે વખતે 'લોકોની આ આંખો' એમ પણ અર્થ સમજવો,

सोसउ म सोसउ च्चिअ उअही वडवानलस्स किं तेण ? ।
जं जलइ जले जलणो आएण वि किं न पज्जत्तं ? ॥

शुष्यतु मा शुष्यतु एव उदधि: वडवानलस्य किं तेन ? ।
यद् ज्वलति जले ज्वलन: अनेन अपि किं न पर्याप्तम् ? ॥

દરિયો સુકાઈ-શોષાઈ-જાય કે ન જ શોષાય તેથી વડવાનલને શું ? અર્થાત્ વડવાનલને એવી ચિંતાનું કાંઈ કારણ નથી પણ એ જ્વલન-આગ-પાણીમાં ભડકે બળી રહ્યો છે એને લીધે વડવાનલનું સામર્થ્ય શું પૂરતું નથી ? એટલે એ શું ઓછું છે ? અર્થાત્ પાણીમાં આગ બળી રહેલ છે તે શું ઓછો ચમત્કાર છે ?

आयहो दड्ढ-कलेवरहो जं वाहिउ तं सारु ।
जइ उट्टब्भइ तो कुहइ अह डज्झइ तो छारु ॥
अस्य दग्धकलेवरस्य यद् वाहितं तत् सारम् ।
यदि उत्तभ्नाति तत: कुथ्यति अथ दह्यते तत: क्षार: ॥

આ બળયા શરીરમાંથી જે કંઈ વહેવડાવી શકાય-મેળવી શકાય-તે મેળવી લેવું એ સારું-સારરૂપ-છે. જો તે મુડદાને ઢાંકી રાખવામાં આવે તે તો કહોવા માંડે છે-સડે છે અને બાળી દેવામાં આવે તો તે રાખ થઈ જાય છે, અર્થાત્ જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી તેમાંથી જેટલો લાભ લઈ શકાય એટલો લઈ લેવો.

શરીરને આપેલ ' દગ્ધ ' વિશેષણ તેની ગર્હા બતાવનાર છે. લોકભાષા ગુજરાતીમાં અણગમો સૂચવવા 'બળ્યું' એમ બોલવાનો રિવાજ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सर्वस्य साहः वा ॥८।४।३६६॥

सर्व शબ્દને બદલે અપભ્રંશ ભાષામાં साह શબ્દ વિકલ્પે વપરાય છે. साहु અને सउ તથા सौ એ રૂપો સરખાવવાં જેવાં છે.

सर्व–साह+सि–साह+उ–साहु, सव्वु–બધા सर्वः
साहु वि लोउ तडप्फडइ वड्डत्तणहो तणेण ।
वड्डप्पणु पर पाविअइ हत्थें मोक्कलडेण ॥ ४६

सर्वोऽपि लोकः तडप्फडइ–प्रस्पन्दते वृद्धत्वस्य–महत्त्वस्य संबन्धाय–हेतवे ।
वृद्धात्मत्वं–महत्त्वं–परं प्राप्यते हस्तेन मुत्कलेन—मुक्तेन ॥

બધાય લોકો વડાઈ–મોટાઈ–મેળવવાના હેતુને લીધે તરફડે છે પણ જો હાથ મોકળો–ઉદાર–હોય તો મોટાઈ પામી શકાય છે.

દોહામાં वड्डत्तणहो तणेण આ બે પદમાં પહેલું પદ ષષ્ઠી વિભક્તિવાળું છે અને બીજું સબંધસૂચક तणेण પદ તૃતીયા વિભક્તિવાળું છે. તૃતીયા 'હેતુ'ના અર્થની સૂચક છે તેથી અહીં 'હેતુને લીધે' અર્થ દર્શાવેલ છે.

તાત્પર્ય એ છે કે મોટાઈ મેળવવાના હેતુને આગળ કરીને બધા લોકો તરફડે છે અર્થાત્ મોટાઈ મેળવવા સારુ બધા જ ઉપરતળે થાય છે–ફાંફા મારે છે. પણ મોટાઈ મેળવવાનું મુખ્ય સાધન ઉદારતાનો ગુણ છે છતાં તે ગુણને કોઈ ભાગ્યે જ અપનાવે છે.

## किमः काइं–कवणौ वा ॥८।४।३६७॥

किम् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં काइं અને कवण એવાં બે રૂપો વિકલ્પે બને છે.

પ્રથમા–किम्+सु–काइं, किं–કોણ ? कः
किम्+सु–कवणु, किं અથવા को–કોણ ? ,,
દ્વિતીયા–किम्+अम्–काइं, किं–કોને ? कम्
किम्+अम्–कवण, किं– ,, ,,
તૃતીયા–किम्+आ–काइं, किम् केन–કોના વડે, કયા હેતુ વડે.
किम्+आ–कवणेण

'જ્યારે कवण અને काइं પ્રયોગ ન થાય ત્યારે સર્વત્ર किं થાય'—એ હકીકત જણાવવા તમામ રૂપો સાથે किम् રૂપ બતાવેલ છે.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

जइ न सु आवइ, दूइ! घरु, काइं अहोमुहु तुज्झु ?।
वयणु जु खंडइ तउ, सहिए! सो पिउ होइ न मज्झु ॥
यदि न स आवति–आगच्छति–दूति ! गृहम् किम् अधोमुखं तव ? ।
वचनं यः खण्डयति तव सखिके ! सः प्रियः भवति न मम ॥

હે દૂતી! જો તે ઘરે ન આવે તો તેથી તારે નીચું મુખ શા માટે કરવું? હે સખી! જે તારું વચન ખંડે તે મારો પ્રિય ન હોય–ન જણાય.

काइं न दूरे देक्खइ । જુઓ, ૮।૪।૩૪૯
फोडंति जे हिअडउं अप्पणउं ताहं पराई कवण घण ?। જુઓ, ૮।૪।૩૫૦
सुपुरिस कंगुहे अणुहरहिं भण, कज्जें कवणेण ? ।
जिवं जिवं वड्डत्तणु लहहिं तिवं तिवं नवहिं सिरेण ॥
सुपुरुषाः कङ्गूः अनुहरन्ति भण, कार्येण केन ? ।
यथा यथा वृद्धत्वम्–महत्त्वम्–लभन्ते तथा तथा नमन्ति शिरसा ॥

સારા પુરુષો કાંગના છોડનું અનુકરણ કયા હેતુને લીધે કરે છે? તે તું કહે. જેમ જેમ વડાઈ–વડપણ–મોટાઈ–મળે છે તેમ તેમ સારા પુરુષો માથા વડે નમે છે.–કાંગના છોડને ફળ આવતાં તે છોડ નમી જાય છે તેમ સારા માણસો જેમ જેમ મોટાઈ મેળવે છે તેમ તેમ નમ્ર બની જાય છે.

जइ ससणेही, तो मुइअ, अह जीवइ निन्नेह ।
बिहिं वि पयारेहिं धण गइअ, किं गज्जहि, खल ! मेह ! ॥
यदि सस्नेहा तदा मृता, अथ जीवति निःस्नेहा ।
द्वाभ्याम् अपि प्रकाराभ्यां धन्या गता, किं गर्जसि खल ! मेघ ! ॥

કોઈ વિરહી પ્રવાસી કહે છે કે મારા પ્રવાસ પછી જો મારી પ્રિયા સ્નેહવાળી હશે તો મરીગઈ હશે અને જો તે જીવે છે–જીવતી હશે–તો સ્નેહ વગરની હશે, એમ બન્ને પ્રકારે તે સ્ત્રી ગયેલી છે, તો હે લુચ્ચા મેઘ! તું શા માટે ગરજે છે?

યુષ્મદ્‌નાં રૂપો—

## युष्मदः सौ तुहुं ॥८।४।३६८॥

પ્રથમાના એકવચનનો सि પ્રત્યય લાગતાં युष्मत् શબ્દને બદલે અપભ્રંશમાં तुहुं રૂપ વાપરવું.

પ્ર૦એ૦વ૦
युष्मत्+सि–तुहुं–तुं–त्वम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भमर, म रुणझुणि[1] रण्णडइ सा दिसि जोइ म रोइ ।
सा मालइ देसंतरिअ जसु तुहुं मरहि विओइ ॥

भ्रमर ! मा रणध्वन अरण्यके तां दिशं ग्रोतित्वा–दृष्ट्वा–मा रुदिहि ।
सा मालती देशान्तरिता यस्याः त्वं म्रियसे वियोगेन ॥

હે ભમરા ! તું અરણ્યમાં–જંગલમાં–રોવાનો અવાજ ન કર અને તે દિશાને જોઈને રડ નહીં, જેના વિયોગે તું મરી રહ્યો છે તે માલતી દેશાંતરિત છે–દેશાંતર ચાલી ગઈ છે. ભમરાને ઉદ્દેશીને, કોઈ પુરુષને કહેલા આ વચનનો સાર એ છે કે, હે પુરુષ ! તારી પ્રિયતમા તો ચાલી ગઈ છે તેથી તે દિશાને જોઈને રડ નહીં.

## जस–शसोः तुम्हे–तुम्हइं ॥८।४।३६९॥

પ્રથમા બહુવચનનો जस् પ્રત્યય અને દ્વિતીયા બહુવચનનો शस् પ્રત્યય લાગતાં युष्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં तुम्हे અને तुम्हइं એવાં બે રૂપો વપરાય છે. અને जस्‌તથા शस्‌નો લોપ થાય છે.

અહીં પણ ઉદ્દેશ અને વિધેયમાં વચનભેદ સૂત્રમાં બતાવેલો છે એટલે जस्–शसोः દ્વિવચન છે અને तुम्हे–तुम्हइं એ એકવચન છે એટલે ઉદ્દેશમાં અને વિધેયમાં અહીં બે સંખ્યા સરખી છે છતાં વચનના ભેદને લીધે અહીં અનુક્રમ સમજવો નહીં એટલે जस्‌નો तुम्हे અને शस्‌નો तुम्हइं એવો અનુક્રમ ન સમજવો.

જુઓ સૂત્ર ૩૪૮

युष्मत्+जस्–तुम्हे, तुम्हइं–તમે–यूयम्
युष्मत्+शस्–तुम्हे, तुम्हइं–તમને–युष्मान्

પ્રથમા–तुम्हे કે तुम्हइं जाणह । તમે જાણો यूयम् जानीत
દ્વિતીયા–तुम्हे કે तुम्हइं पेच्छइ તમને જુએ છે युष्मान् प्रेक्षते

## टा–ङि–अमा पइं तइं ॥८।४।३७०॥

ત્રીજી વિભક્તિના એકવચનનો टा, સપ્તમી વિભક્તિના એકવચનનો ङि અને દ્વિતીયા વિભક્તિના એકવચનનો अम् પ્રત્યય લાગતાં युष्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં पइं અને तइं એવાં બે રૂપો વપરાય છે અને એ ત્રણે પ્રત્યયો પ્રત્યેક રૂપમાં સમાઈ જાય છે.

---

૧. પડેલા ગણનો रण ધાતુ અને ध्वन ધાતુ એ બે ધાતુઓ મળીને रुणझुणण એવો શબ્દના અનુકરણરૂપ એક ધાતુ બનેલ છે. તેનું આ બીજા પુરુષનું એકવચન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

युष्मत्+टा-पइं, तइं-તારા વડે-તેં त्वया
युष्मत्+ङि-पइं, तइं-તારામાં त्वयि
युष्मत्-अम्-पइं, तइं-તને त्वाम्

पइं मुक्काहं वि वरतरु ! फिट्टइ पत्तत्तणं न पत्ताणं ।
तुह पुणु छाया जइ होज्ज कह वि ता तेहिं पत्तेहिं ।।
त्वया मुक्तानाम् अपि वरतरो ! स्फेटयति पत्रत्वं न पत्राणाम् ।
तव पुनर् छाया यदि भवेत् कथमपि तावत् तैः पत्रैः ।।

હે ઉત્તમ વૃક્ષ ? તારાથી ખરી પડેલાં પાંદડાંઓનું પણ પાંદડાંપણું ફીટતું નથી. કારણ કે જે તારી છાયા હતી તે કોઈ પણ રીતે તે પાંદડાંઓને લીધે હતી—કોઈ કુટુંબનાં પાત્રો-સભ્યો-જુદા પડી ગયા હોય તોપણ તેમની જે છાયા-કાંતિ-હતી-પ્રભાવ હતો તે તો સંયુક્ત સભ્યોને લીધે હતો. આવો પણ આશય આ પદ્યમાંથી નીકળે છે.

महु हिअउं तइं, ताए तुहुं, स वि अन्नें विणडिज्जइ ।
पिअ ! काइं करउं हउं, काइं तुहुं, मच्छें मच्छु गिलिज्जइ ।।
मम हृदयं त्वया, तया त्वम्, सा अपि अन्येन विनट्यते ।
प्रिय ! किम् करोमि अहम्, किम् त्वम्, मत्स्येन मत्स्यः गीर्यते-गील्यते ।।

કોઈ સ્ત્રી બીજી સ્ત્રીમાં આસક્ત થયેલા પોતાના પતિને કહે છે કે, તેં મારું હૃદય વિશેષ વ્યાકુલ કરેલ છે અને તેણીએ તને વિશેષ વ્યાકુળ કરેલ છે. અને તેણી પણ બીજા દ્વારા વિશેષ નડતર પામેલ છે-વિશેષ નચાવાએલ છે. આવી પરિસ્થિતિમાં હે પ્રિય ! હું શું કરું, તું શું કરે ? 'માછલાને માછલું ગળતું જ આવ્યું છે' એ ન્યાય સંસારમાં પ્રસિદ્ધ છે અર્થાત્ એકબીજાને એક બીજા ફસાવતા આવ્યા છે એ જગતની રીત જાણીતી છે.

पइं मइं बेहिं वि रण-गयहिं को जय-सिरि तक्केइ ? ।
केसहिं लेप्पिणु जम-घरणि भण, सुहु को थक्केइ ? ।।
त्वया मया द्वाभ्याम् अपि रणगताभ्यां कः जयश्रियं तर्कयति ?
केशेषु लात्वा यमगृहिणीं भण, सुखं कः तिष्ठति ? ।।

તું અને હું બન્ને રણમાં-યુદ્ધમાં-જતાં-પહોંચતાં-ઊતરતાં-વિજયલક્ષ્મીને બીજો કોણ તાકે ? અર્થાત્ જયશ્રીને બીજો કોણ વરે ? યમરાજાની ઘરવાળીને ચોટલામાંથી પકડીને કહે, કોણ સુખે રહી શકે ? અર્થાત્ આપણા બે સિવાય કદાચ બીજો કોઈ અભિલાષ કરવા જાય તો યમરાજની ઘરવાળીને ચોટલેથી પકડનારના જે હાલ થાય તેવા તેના હાલ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पइं मेल्लंतिहें महु मरणु मइं मेल्लंतहो तुज्झु ।
सारस, जसु जो वेग्गला सो वि कृदंतहो सज्झु ॥
त्वां मुञ्चन्त्याः मम मरणम् माम् मुञ्चतः तव ।
सारस ! यस्य यः विकलः-दूरस्थितः-स अपि कृतान्तस्य साध्यः ॥

તને છોડતાં મારું મરણ છે અને મને છોડતાં તારું મરણ છે. તે રીતે હે સારસ! જેનાથી જે વેગળો રહે છે–દૂર રહે છે–તે પણ યમને સાધ્ય–વશ–હોય છે એટલે યમને શરણે જાય છે–મરણ પામે છે.

આ પદ્યમાં कृदंतहो શબ્દ વાપરીને ગ્રંથકાર જણાવે છે કે અપભ્રંશમાં ऋ પણ વપરાય છે.

ઉપરનાં પદ્યમાં पइं નું જ ઉદાહરણ આપેલ છે. ગ્રંથકાર કહે છે કે એ જ રીતે तइं ના પ્રયોગમાટે પણ સમજી લેવું.

## भिसा तुम्हेहिं ॥८।४।३७१॥

તૃતીયા વિભક્તિના બહુવચનનો भिस् પ્રત્યય લાગતાં युष्मत् નું અપભ્રંશ ભાષામાં तुम्हेहिं રૂપ થાય છે અને भिस् પ્રત્યય એ રૂપમાં જ સમાઈ જાય છે. युष्मत्+भिस्=तुम्हेहिं તમે–તમોએ–તમને–તમારા વડે युष्माभिः

तुम्हेहिं अम्हेहिं जं किअउं दिट्ठउं बहुअ–जणेण ।
तं तेवडउ समर–भरु निज्जिउ अेक्क–खणेण ॥
युष्माभिः अस्माभिः यत् कृतकम् दृष्टं बहुकजनेन ।
स तावान् समरभरः निर्जितः एकक्षणेन ॥

તમેં અને અમે જે કર્યું તે ઘણા લોકોએ જોયેલ છે. તે વખતે તેટલો મોટો તે સંગ્રામનો ભાર એક ક્ષણમાં આપણે જીતી લીધો.

## ङसि–ङस्भ्यां तउ तुज्झ तुध्र ॥८।४।३७२॥

પંચમીના એક વચનનો ङसि પ્રત્યય લાગતાં અને ષષ્ઠીના એક વચનનો ङस् પ્રત્યય લાગતાં युष्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં तउ, तुज्झ, तुध्र એવાં ત્રણ રૂપો વપરાય છે અને ङसि તથા ङस् એ બે પ્રત્યયો દરેક રૂપમાં સમાઈ જાય છે.

युष्मत्+ङसि–तउ, तुज्झ, तुध्र–તારાથી–તારી પાસેથી त्वत्.

युष्मत्+ङस्–तउ, तुज्झ, तुध्र–તારું, તારી, તારો तव.

तउ होंतउ आगदो, तुज्झ होंतउ आगदो, तुध्र होंतउ आगदो તારાથી–તારી પાસેથી–થતો આવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तउ गुण-सम्पइ, तुज्झ मदि, तुध्र अणुत्तर खंति ।
जइ उप्पत्तिं अन्न जण महि-मंडलि सिक्खंति ॥

तव गुणसंपदाम् तव मतिम् तव अनुत्तरां क्षान्तिम् ।
जगति उत्पत्तिम् अन्ये जनाः महिमण्डले शिक्षन्ते ॥

જગતમાં બધું પેદા થયેલ છે ત્યારથી માંડીને એટલે જગતની ઉત્પત્તિથી માંડીને મહીમંડળમાં બીજા માણસો તારી પાસે આવીને તારી ગુણ સંપદાને, તારી મતિને-બુદ્ધિને અને તારી ઉત્તમોત્તમ ક્ષમાને શીખે છે.

આ પદ્યમાં મૂળમાં પાઠ उप्पत्तिं છપાયેલ છે, તે બાબત 'ઉત્પત્તિને આશ્રીને' 'ઉત્પતિથી માંડીને' એમ સમજીને અહીં આ પદ્યનો અર્થ કરેલ છે.

પણ આ પદ્યના મૂળમાં આવેલ 'ઉપ્પત્તિં' પદને બદલે उप्पित्तु-ઉપેત્ય-એવો પાઠ હોય તો કે उप्पज्ज એવો પાઠ હોય તો उप्पित्त-उपेत्य-આવીને એ અર્થ બરાબર સંગત થઈ શકે અથવા उप्पज्ज-उत्पद्य પેદા થઈને એ અર્થ પણ બરાબર ઘટી શકે છે. પ્રસ્તુત उप्पत्तिનો જે અર્થ બતાવેલ છે તે ઉપર જણાવેલ બન્ને અર્થોની અપેક્ષાએ બરાબર યોગ્ય જણાય એવો છે કે કેમ ? એ વિચારણીય છે.

## भ्यस्-आम्भ्यां तुम्हहं ॥८।४।३७३॥

પંચમી બહુવચનનો भ्यस् અને ષષ્ઠી બહુવચનનો आम् પ્રત્યય લાગતાં युष्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં तुम्हहं રૂપ વપરાય છે અને એ બન્ને પ્રત્યયો આ દરેક રૂપમાં સમાઈ જાય છે.

युष्मत्+भ्यस्-तुम्हहं-તમારાથી-તમારી પાસેથી युष्मत्

युष्मत्+आम्-तुम्हहं-તમારું युष्माकम्

तुम्हहं होंतउ आगदो તમારી પાસેથી થતો આવ્યો. युष्मद् भवन् आगत;

तुम्हहं केरउं धणं તમારું ધન. युष्मदीयं धनम् ।

## तुम्हासु सुपा ॥८।४।३७४॥

સપ્તમી બહુવચનનો सुप् પ્રત્યય લાગતાં युष्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં तुम्हासु રૂપ થાય છે અને सुप् પ્રત્યય એમાં સમાઈ જાય છે.

युष्मत्+सुप्-तुम्हासु-તમારામાં युष्मासु

तुम्हासु ठिअं તમારામાં રહેલું. युष्मासु स्थितम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस्मद्‌નાં રૂપો—

## सौ अस्मदः हउं ॥८।४।३७५॥

પ્રથમાના એકવચનનો सि પ્રત્યય લાગતાં અસ્મદ્ શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં हउं રૂપ વપરાય છે

अस्मत्+सि–हउं -હું.–અહીં ८।४।३४४ થી सि નો લોપ થયો છે.

तसु हउं कलि-जुगि दुल्लहहो । જુઓ ८।४।३३८.

## जस्-शसोः अम्हे–अम्हइं ॥८।४।३७६॥

પ્રથમાના બહુવચનનો जस् પ્રત્યય લાગતાં અને દ્વિતીયાના બહુવચનનો शस् પ્રત્યય લાગતાં अस्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં अम्हे અને अम्हइं રૂપો વપરાય છે. ८।४।३४४ નિયમ દ્વારા અહીં પણ जस् અને शस् નો લોપ થાય છે.

અહીં પણ ઉદ્દેશ અને વિધેયનો અનુક્રમ ન સમજવો. એ માટે ઉદ્દેશ વચન અને વિધેય વચન વચ્ચે સૂત્રમાં વચનભેદ મૂકેલો છે. ઉદ્દેશરૂપ जस्–शसोः એ દ્વિવચન છે અને વિધેયરૂપ अम्हे, अम्हइं એ એકવચન છે.

પ્ર૦ બહુ૦–अस्मद्+जस्–अम्हे–અમે, અમ, હમે, અમ્હે वयम्

„ अस्मद्+जस्–अम्हइं–અમે „ „ „

દ્વિ૦ બહુ૦ अस्मद्+शस्–अम्हे–અમને–અમોને अस्मान्

अस्मद्+शस्–अम्हइं– „ „ „

अम्हे देक्खइ, अम्हइं देक्खइ અમને જુએ છે. अस्मान् पश्यति

'अम्हे थोवा रिउ बहुअ' कायर एम्व भणंति ।
मुद्धि ! निहालहि गयणयलु, 'कइ जण जोण्ह करंति' ? ॥
'वयं स्तोकाः रिपवः बहुकाः' कातराः एवं भणन्ति ।
मुग्धे ! निभालय गगनतलं 'कति जनाः ज्योत्स्नां करन्ति–कुर्वन्ति' ॥

'અમે થોડા છીએ અને શત્રુ ઘણા છે' એમ કાયર લોકો કહે છે. હે મુગ્ધ સ્ત્રી ! તું આકાશના તળને નિહાળ તો તને જણાશે કે ત્યાં કેટલા જણ જ્યોત્સ્ના–પ્રકાશ–કરે છે–ફેલાવી રહ્યા છે. ગગનતલ ઉપર જ્યોત્સ્નાને ફેલાવનાર એવો એકલો ચંદ્ર જ પ્રકાશી રહ્યો છે એ તદ્દન સ્પષ્ટ છે.

अंबणु[1] लाइवि जे गया पहिअ पराया के वि ।
अवसु न सुअहिं सुहच्छिअहिं जिवं अम्हइं तिवं ते वि ॥

---

१. अंबणु–અમપણું–અહંપણું–મમતા      अंबणु–अम्लनम्–अंबणं–ખટસ્વાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अम्लनं लगयित्वा ये गताः पथिकाः परकीयाः के अपि ।
अवश्यम् अथवा अवशाः न स्वपन्ति सुखासिकाभिः यथा वयम् तथा ते अपि ॥

જે કોઈ પણ પરાયા-પરવશ થયેલા-પથિકો અમને મમતા લગાડીને અથવા અમને ખટસ્વાદ લગાડીને ગયા છે તેઓ સુખાસનમાં-સુખે-સૂઈ શકે જ નહીં—જેમ અમે સુખાસનની રીતે એટલે સુખે હોઈએ એ રીતે સૂઈ શકતા નથી તેમ તેઓ પણ નિરાતે સુખે સૂઈ શકે નહીં. લગાડેલી મમતાની અસર બન્નેને સુખે સૂવા દે જ નહીં.

## टा-ङि-अमा मइं ॥८।४।३७७॥

ત્રીજી વિભક્તિના એકવચનનો टा, સપ્તમી વિભક્તિના એકવચનનો ङि અને બીજી વિભક્તિના એકવચનનો अम् આ પ્રત્યયો લાગતાં अस्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં मइं રૂપ થાય છે અને તે ત્રણે પ્રત્યયો मइं રૂપમાં સમાઈ જાય છે.

अस्मत्+टा-मइं-મેં-મારા વડે-મારા લીધે-મુજ વડે मया
अस्मत्+ङि-मइं-મારામાં-મુજમાં, મેંમાં અથવા હુંમાં मयि
अस्मत्+अम्-मइं-મને, મુજને माम्

मइं जाणिउं, पिअ[1] ! विरहिअहं क वि धर होइ विआलि ।
णवर-मिअंकु वि तिह तवइ जिह दिणयरु खय-गालि ॥
मया ज्ञातम् प्रिय ! विरहितानां काऽपि धरा भवति विकाले ।
नवरम् मृगाङ्कः अपि तथा तपति यथा दिनकरः क्षयकाले ॥
पइ मइं बेहिं वि रण-गयहिं જુઓ, ।८।४।३७०।
त्वयि मयि द्वयोः अपि रणगतयोः
मइं मेल्लंतहो तुज्झु-माम् मुञ्चतः तव । જુઓ ८।४।३७०।

હે પ્રિયે અથવા હે પ્રિય ! મેં જાણ્યું કે જેઓ વિરહી છે એટલે પ્રિયથી કે પ્રિયાથી વિરહી છે તેમને વિકાળે-સંધ્યા સમયે-ચંદ્ર આવવાથી કાંઈ પણ ધર-ધરપત-નિરાંત-થાય ખરી. અહીં તો તેમ થવાને બદલે ઉલટું થયેલ છે એટલે સંધ્યાકાળે તો કેવલ ચંદ્ર પણ તેમને એવો ભયંકર સંતાપ આપે છે જેવો પ્રલયને વખતે સૂર્ય

---

૧. આ પદ્યને पियविरहिअहं એમ સમસ્ત પદ્ય પણ લઈ શકાય છે. દોધકવૃત્તિમાં પૃ. ૨૧ ઉપર સમસ્તપદ્યરૂપે નથી લીધું પણ "प्रिये ! मया ज्ञातम्" એમ જુદું પદ્ય બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अम्हेहिं भिसा ॥८।४।३७८॥

त्रीजी विभक्तिना बहुवचनने भिस् प्रत्यय लागतां अस्मत् शब्दने बदले अपभ्रंश भाषामां अम्हेहिं रूप वपराय छे अने भिस् प्रत्यय अम्हेहिं रूपमां समाई जाय छे.

अस्मत्+भिस्–अम्हेहिं–अमारा वडे–अमें–अमोए अस्माभिः

तुम्हेहिं अम्हेहिं जं किअउं । जुओ, ८।४।३७१ । युष्माभिः अस्माभिः यत् कृतकम्.

## महु मज्झु ङसि–ङस्भ्याम् ॥८।४।३७९॥

पंचमी विभक्तिना एकवचनने ङसि प्रत्यय लाग्यो होय तो अने षष्ठी विभक्तिना एकवचनने ङस् प्रत्यय लाग्यो होय तो अस्मत् शब्दने बदले अपभ्रंश भाषामां महु अने मज्झु एवां बे रूपो वपराय छे अने ए बन्ने प्रत्ययो आ रूपोमां समाई जाय छे.

अस्मत्+ङसि–महु, मज्झु–माराथी–मारी पासेथी–मुजथी. मेंथी मत्

अस्मत्+ङस्–महु, मज्झु–मुज, मारुं मम.

महु होंतउ गदो । मज्झु होंतउ गदो–मारी पासेथी थतो गयो मत् भवन् गतः

महु कंतहो बे दोसडा, हेल्लि ! म झंखहि[1] आलु ।
देंतहो हउं पर उब्बरिअ, जुज्झंतहो करवालु ॥

मम कान्तस्य द्वौ दोषकौ हे अलि ! मा झंख–वद–आलम् ।
ददतः अहम् परम् उद्वृता युध्यमानस्य करवालः ॥

हे अली ! हे सखी ! मारा कंथना बे दोष छे, पण ए बाबत तुं खोटुं आळ न बोल–खोटुं आळ न चडाव–खोटो उपालंभ न आप. ज्यारे ए दान देतो होय छे त्यारे बधुं ज आपी दे छे, मात्र दानमां 'हुं एक ज बची गई छुं' ए तेनो एक दोष अने ज्यारे ते लडतो होय छे त्यारे पण बधुं ज आपी दे छे मात्र तेनी 'करवाल–तलवार–बची रहे छे' ए तेनो बीजो दोष.

जइ भग्गा पारक्कडा तो सहि ! मज्झु पिएण ।
अह भग्गा अम्हहंतणा तो तें मारिअडेण ॥

---

१. संस्कृतमां झष धातु प्रथम गणनो छे तेनी साथे प्रस्तुत झखहि रूपने सरखावी शकाय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदि भग्ना: परकीयका: तत: सखि ! मम प्रियेण ।
अथ भग्ना: अस्मदीया: तत: तेन मारितकेन ॥

હે સખી ! જો પારકા એટલે શત્રુના સૈનિકો ભાગી ગયા કે ભાંગી ગયા—નાશ પામ્યા—તો તે મારા પ્રિયને લીધે અને અમતણા—અમારા—સૈનિકો ભાગી ગયા કે નાશ પામ્યા તો તે મારો પ્રિય મરાઈ ગયા પછી.

## अम्हहं भ्यस्–आम्भ्याम् ॥८।४।३८०॥

પંચમી વિભક્તિના બહુવચનનો भ्यस् અને ષષ્ઠી વિભક્તિના બહુવચનનો आम् પ્રત્યય લાગતાં એ પ્રત્યયોની સાથે જ अस्मत् શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં अम्हहं રૂપ વપરાય છે.

अस्मत्+भ्यस्–अम्हहं–અમારાથી–અમારી પાસેથી अस्मत्

अस्मत्+आम्–अम्हहं–અમારું–અમતણું अस्माकम्

अम्हहं होंतउ आगदो અમારી પાસે થતો આવ્યો. अस्मभ्यं भवन् आगत: ।

अह भग्गा अम्हहं तणा । જુઓ, ૮।૪।૩૭૯। अथ भग्ना: अस्मदीया:

## सुपा अम्हासु ॥८।४।३८१॥

સપ્તમી વિભક્તિના બહુવચનનો सुप् પ્રત્યય લાગતાં એ પ્રત્યયની સાથે જ अस्मत् શબ્દનું અપભ્રંશ ભાષામાં अम्हासु રૂપ વપરાય છે.

अस्मत्+सुप्–अम्हासु–અમમાં–અમેમાં–અમારામાં अस्मासु

अम्हासु ठिअं–અમારામાં રહેલું. अस्मासु स्थितम्

**ધાતુનાં રૂપોની સાધના—**

## त्यादेः आद्यत्रयस्य बहुत्वे हिं न वा ॥८।४।३८२॥

त्यादिनुं—ति આદિ વિભક્તિઓનું—જે પ્રથમ ત્રણનું ઝુમખું છે તે આ છે—तिव् तस् अन्ति અને ते आते अन्ते—આ પ્રત્યયોમાંના વર્તમાનકાળના ત્રીજા પુરુષના બહુવચનના अन्ति અને अन्ते પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં हिं વિકલ્પે વપરાય છે.

વળી, સપ્તમી એટલે વિધ્યર્થ વગેરેના સૂચક પ્રથમ ત્રણનું ઝુમખું —यात् याताम् युस् અને ईत ईयाताम् ईरन्—આ પ્રત્યયોમાના ત્રીજા પુરુષ બહુવચનના युस् અને ईरन् પ્રત્યયોને બદલે પણ અપભ્રંશ ભાષામાં हिं વિકલ્પે વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, પંચમી એટલે આજ્ઞાર્થસૂચક પ્રથમ ત્રણનું ઝુમખું -तुव् ताम् अन्तु અને ताम् आताम् अन्ताम्-આ પ્રત્યયોમાંના ત્રીજા પુરુષ બહુવચનના अन्तु અને अन्ताम् પ્રત્યયોને બદલે પણ અપભ્રંશ ભાષામાં हिं વિકલ્પે વપરાય છે.

धर्+अन्ति-धर्+अ+हिं-धरहिं, धरंति-તેઓ ધારણ કરે છે કે ધારણ કરે.

कर्+अन्ति-कर्+अ+हिं-करहिं, करंति-તેઓ કરે છે કે કરે.

सह+अन्ति-सह्+अ+हिं-सहहिं, सहंति-તેઓ સહન કરે છે કે કરે.

सह+अंति-सह्+अ+अहिं-सहहिं, सहंति राजन्ते-તેઓ શોભે છે કે શોભે.

જુઓ ૮।૪।૧૦૦।

खेल्ल्+अन्ति-खेल्ल्+अ+हिं-खेल्लहिं, खेल्लंति-તેઓ ખેલે છે કે ખેલે-રમે છે કે રમે.

मुह-कबरि-बंध तहे सोह धरहिं
नं मल्ल-जुज्झु ससि-राहु करहिं ।
तहे सहहिं कुरल भमर-उल-तुलिअ
नं तिमिर-डिंभ खेल्लंति मिलिअ ॥

તે સ્ત્રીનું ચંદ્રસમાન ધોળું મુખ અને તે ઉપરના રાહુ જેવા કાળા કેશોની ગૂંથણી એવી શોભા ધારણ કરે છે કે જાણે ચંદ્ર અને રાહુ એ બન્ને મલ્લયુદ્ધ કરી રહ્યા ન હોય? તથા તેણીના ભમરાના ટોળા સાથે સરખાવી શકાય એવા વાંકડિયા અને કાળા કેશોની લટો એવી ઊડી રહી છે કે જાણે અંધારનાં બચ્ચાં ભેગાં થઈને રમતાં ન હોય?

मुखकबरीबन्धः तस्याः शोभां धरति नं-इव-मल्लयुद्धं शशि-राहवः करन्ति-कुर्वन्ति ।
तस्याः शोभन्ते कुरलाः-वक्रकेशाः-भ्रमरकुलतुलिताः नं-इव-तिमिरडिम्भाः खेलन्ति
मिलित्वा ॥

## मध्यत्रयस्य आद्यस्य हिः ॥८।४।३८३॥

त्यादि વિભક્તિઓનું જે મધ્ય ત્રિકનું ઝુમખું છે તે-सिव् थस् थ અને से आथे ध्वे પ્રત્યયોનું બનેલ છે-આ પ્રત્યયોમાંના આદિના બીજા પુરુષના એકવચનના सि અને से પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં हि પ્રત્યય વિકલ્પે વપરાય છે.

વળી, સપ્તમીના મધ્યત્રિકનું તથા પંચમીના મધ્યત્રિકનું જે આ ઝુમખું-यास् यातं यात અને ईथास् ईयाथाम् ईध्वम् તથા हि, तं, त તથા स्व आथाम् ध्वम् તેમાંના આદિના બીજા પુરુષ એકવચનના यास् અને ईयास् તથા हि અને स्व પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં हि પ્રત્યય વિકલ્પે વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रुद्‌—रुअ+सि—रुअ+हि—रुअहि, रुअसि—તું રુએ છે કે રુએ रोदिषि કે रुद्याः કે रुदिहि
लभ्—लह+से—ल+अह+हि—लहहि, लहसे—તું મેળવે છે કે મેળવે કે મેળવ लभसे કે लमेथाः કે लभस्व

दा—दा+ज्ज+यास्—दिज्ज+यास्—दिज्ज+हि—दिज्जहि, दिज्जसि—દેજે दद्याः, देहि
दा ના दि માટે જુઓ, ૮।૩।૧૬૫. ज्ज આગમ માટે જુઓ, ૮।૩।૧૭૮.

बप्पीहा ! 'पिउ पिउ' भणवि कित्तिउ रुअहि हयास ! ?
तुह जलि, महु पुणु वल्लहइ बिहुं वि न पूरिअ आस ॥

હે ચાતક !—હે બપૈયા ! 'પિઉ પિઉ' એટલે 'પાણી પીઉં પાણી પીઉં' એમ કહીને હે નિરાશ તું કેટલી વાર રડે ? સ્ત્રીપક્ષે-હે પ્રિય ! હે પ્રિય ! એમ કહીને હે નિરાશ સ્ત્રી ! તું કેટલીવાર રડ્યા કરે ? હે બપૈયા ! પાણી વિશે—પાણી માટેની—તારી આશા પૂરી ન થઈ અને વળી, મારી આશા વલ્લભ વિશે—વલ્લભ માટેની—વલ્લભની પ્રાપ્તિ માટેની પૂરી ન થઈ એ રીતે આપણા બન્નેની આશા પૂરી ન થઈ.

बप्पीहा ! काइं बोल्लिअेण निग्घिण ! वार इ वार ।
सायरि भरिअइ विमल-जलि लहहि न अेक्क इ धार ॥

હે બપૈયા !—હે બેશરમ ! વારે વારે બોલવાથી શું ? નિર્મળ પાણી વડે દરિયો ભરેલ છે છતાં તેમાંથી તું એક પણ ધાર પામી શકતો નથી.

કોઈ મહાપંડિત હોય તથા કોઈ મહાધનવાન્ હોય પણ તે બન્ને ભારે કંજુસ હોય—પંડિત કોઈને જ્ઞાન ન આપે તેમ ધનવાન કોઈને માટે ધન પણ ન વાપરે એ અંગે પણ આ પદ્યનો ભાવ ઘટાવી શકાય.

आयहिं जम्महिं अन्नहिं वि गोरि ! सु दिज्जहि कंतु ।
गय मत्तहं चत्तंकुसहं जो अब्भिडइ हसंतु ॥

હે ગોર માતાજી ! તમે આ જન્મમાં અને બીજા જન્મમાં પણ મને તેવો કંથ આપજો, જે મદોન્મત્ત અને અંકુશને ફગાવી દેનારા એવા હાથીઓની સામે હસતો હસતો ભીડતો હોય—ભેટતો હોય.

बप्पीह ! चातक ! 'पिबामि पिबामि' અથવા સ્ત્રીપક્ષે 'प्रिय ! प्रिय !' भणित्वा क्रियत् रोदिषि हताश ! ?
तव जले मम पुनः वल्लभके द्वयोः अपि न पूरिता आशा ॥
बप्पीहा !—चातक ! किम् उक्तेन निर्घृण ! वारम् वारम् !
सागरे भृतके विमलजले लभसे न अेकाम् अपि धाराम् ॥
अस्मिन् जन्मनि अन्यस्मिन् अपि गौरि ! स दीयेत (त्वया) कान्तः ।
गजानां मत्तानां त्यक्ताङ्कुशानां यः आभिन्द्यात् हसन् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बहुत्वे हुः ॥८।४।३८४॥

त्यादि વિભક્તિઓના મધ્ય ત્રિક ઝુમખાના બીજા પુરુષના બહુવચનના थ અને ध्वे તથા यात તથા ईध्वम् અને त અને ध्वम् પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં हु પ્રત્યય વિકલ્પે વપરાય છે.

इच्छ्+थ–इच्छ+अ+हु–इच्छहु, इच्छह, इच्छेज्ज–તમે ઇચ્છો છો, તમે ઇચ્છતા હો કે તમે ઇચ્છો

दा+थ–दा+अ+हु–देहु; देह, दिज्जह–તમે દો છો કે તમે દેજો કે તમે દો

मग्ग+थ–मग्ग+अ+हु–मग्गहु, मग्गह, मग्गिज्ज–તમે માગો છો કે તમે માગજો કે તમે માગો

बलि–अब्भत्थणि महुमहणु लहुईहूआ सो इ ।

जइ इच्छहु वड्डत्तणउं देहु, म मग्गहु को इ ॥

બલિ રાજા પાસે અભ્યર્થના કરવા જતાં–ભીખ માગવા જતાં–ખુદ મધુમથન–નારાયણ–પોતે પણ લઘુ થઈ ગયા–હલકા થઈ ગયા. જો મોટાઈને ઇચ્છતા હો તો દ્યો–દાન દીધા કરો–કોઈની પાસે ભીખ ન માગો.

## अन्त्य–त्रयस्य आद्यस्य उं ॥८।४।३८५॥

त्यादि વિભક્તિઓનું જે છેલ્લું–ત્રીજું ઝુમખું તે मिव् वस् मस् અને ए वहे महे–આ પ્રત્યયોમાંથી આદિના એટલે પ્રથમ પુરુષના 'હું' અર્થના બોધક मि અને ए પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં उं વિકલ્પે વપરાય છે.

વળી, સપ્તમીના અંત્ય ત્રિકનું ઝુમખું તે–याम् याव याम અને ईय ईवहि ईमहि–આ પ્રત્યયોમાંથી આદિના પ્રથમ પુરુષ એકવચનના याम् અને ईय પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં उं પ્રત્યય વિકલ્પે વપરાય છે.

कृष्–कड्ढ्+अ+मि–कड्ढ्+अ+उं–कड्ढउं, कड्ढमि–ખેંચી કાઢું છું–ખેંચી લાવું છું કે ખેંચી કાઢું કે ખેંચી લાવું ?

कृ+मि–कि+इज+मि–किज्ज+उं–किज्जउं, किज्जमि–કરું કે કરું ?

विहि विणडउ, पीडंतु गह, मं धणि! करहि विसाउ ।

संपइ कड्ढउं वेस जिवं छुड्डु अग्घइ ववसाउ ॥

ભલેને વિધાતા વિશેષ નડતો રહે, ભલેને ગ્રહો પીડા કરતા રહે, છતાંય હે પ્રિયે!– હે ધણ! તું ખેદ ન કર. જેમ ધન વડે વેશ્યાને ખેંચી કઢાય છે–ખેંચી લવાય છે તેમ જો યોગ્ય વ્યવસાય મળી જાય તો સંપત્તિને ખેંચી કાઢું–ખેંચી કઢાય–ખેંચી લવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बहुत्वे हुं ॥८।४।३८६॥

त्यादि વિભક્તિઓના છેલ્લા ઝુમખામાં પ્રથમ પુરુષના બહુવચનનો જે मस् કે महे પ્રત્યય છે તથા यास અને ईमहि અને आम તથા आमहै પ્રત્યયો છે તે તમામ પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં हुं પ્રત્યય વિકલ્પે વપરાય છે.

या–जा+अ+मस्–जा+हुं–जाहुं, जामु–અમે જઈએ છીએ. કે જઈએ यामः કે याम વગેરે

वल्–वल+अ+मस्–वला+हुं–वलाहुं, वलिमु–વળીએ છીએ. કે વળીએ वलामहे વગેરે ८०७ वल संवरणे

लभ्–लह+अ+ईमहि–लह+हुं–लहहुं, लहिज्ज–અમે મેળવીએ लभेमहि વગેરે

खग्ग–विसाहिउ जहि लहहुं पिअ ! तहिं देसहिं जाहुं ।

रण–दुब्भिक्खें भग्गाइं, विणु जुज्झें न वलाहुं ।

હે પ્રિયે ! તલવાર વગેરે શસ્ત્રોના ઉપયોગથી–ખાંડાના ખેલ કરીને જે કંઈ જે દેશમાં મળી જાય તે દેશમાં આપણે જઈએ. હમણાં હમણાં યુદ્ધોનો દુકાળ પડ્યો છે–લડાઈઓ થતી નથી તેથી સૈનિક શૂરવીર સુભટનો ધંધો કરનારા આપણે લડવૈયાઓ ભાંગી ગયા છીએ–ભૂખે મરવાનો સમય આવ્યો છે. તેથી યુદ્ધની તક મેળવ્યા વિના પાછા નહીં ફરીએ કે પાછા નહીં ફરાય.

## हि–स्वयोः इदु–उदु–एत् ॥८।४।३८७॥

त्यादि વિભક્તિઓમાં આવતા આજ્ઞાર્થસૂચક ક્રિયાપદની વિભક્તિ પંચમીના બીજા પુરુષ એકવચનના हि અને स्व પ્રત્યયોને બદલે અપભ્રંશ ભાષામાં इ, उ અને ए પ્રત્યયો વિકલ્પે વપરાય છે.

इ–स्मृ–सुमर+हि–सुमर+इ–सुमरि, सुमरहि–તું સ્મરણ કર–યાદ કર.

मुञ्च्–मेल्ल+हि–मेल्ल+इ–मेल्लि मेल्लहि–તું મેલ–મૂક, મેલી દે.

चर–चर+हि–चर+इ–चरि, चरहि–તુ ચર કે ચરજે.

उ–वि+लम्ब्–विलंब+स्व–विलंब+उ–विलंबु, विलंबहि–વિલંબ કર કે વિલંબ કરજે.

ए–कर+हि–कर+ए–करे, करहि–કર, કરજે કે કરે–રાખ, રાખે કે રાખજે–પકડ, પકડે કે પકડજે

कुंजर ! सुमरि म सल्लइउ सरला सास म मेल्लि ।

कवल जि पाविय विहि–वसिण ते चरि माणु म मेल्लि ॥

હે હાથી ! હવે તું સલ્લકીને ન સંભાર–ન યાદ કર અને લાંબા સીધા નીસાસા ન મેલ. નસીબે તું જે કોળિયાને પામે તેનો ચારો કર અને તું તારું તેજ–માન–અભિમાન–ન છોડ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भमरा ! एत्थु वि लिंबडइ के वि दिअहडा विलंबु ।
घण-पत्तलु छाया-बहुलु फुल्लइ जाम कयंबु ॥

હે ભમરા ! તું અહીં લીંબડા ઉપર કેટલાક પણ દહાડા વિલંબ કર-વાટ જો-રહી જા. જ્યાં સુધી કદંબ, ઘણાં પાંદડાંવાળો થઈને તથા ઘટાદાર છાંયડાવાળો બનીને બરાબર ખીલે-ફૂલે-ફૂલોવાળો થાય.

पिय ! एम्वहिं करे सेल्लु करि, छड्डहि तुहुं करवालु ।
ज कावालिय बप्पुडा लेहि अभग्गु कवालु ॥

હે પ્રિય ! તું હમણાં કરમાં-હાથમાં-ભાલું કર-રાખ અને તરવારને છાંડ-મેલ-છોડી દે, જેથી બાપડા કાપાલિક પંથના બાવાઓ પોતાને સારુ ભિક્ષાપાત્ર માટે અભગ્ન-ભાગ્યા તૂટ્યા વિનાનું-આખું ખપ્પર-આખી ખોપરી-કપાળ-મેળવે. તરવાર મારવાથી ખોપરી તૂટી જતી હોવાને લીધે એ કાપાલિકો આખું ખપ્પર મેળવી શકતા નથી.

## वत्स्यति स्यस्य सः ॥८।४।३८८॥

ભવિષ્યકાળના પરસ્મૈપદ તથા આત્મનેપદના त्यादि પ્રત્યયરૂપે જે स्यति, स्यतः વગેરે અઢાર પ્રત્યયો સંસ્કૃત ભાષામાં વપરાય છે તે પ્રત્યયોના આદિ ભાગરૂપ स्य ને બદલે અપભ્રંશ ભાષામાં स બોલાય છે એટલે स्यति ને બદલે सति કે सइ, स्यन्ति ને બદલે संति, स्यसि ને બદલેससि, स्यथ ને બદલે सह. स्यामि ને બદલે सामि તથા स्याम ને બદલે साम—એ પ્રકારે પ્રત્યયો વપરાય છે.

हो+स्यति-हो+सइ-होस्सइ, हुस्सइ, होस्यइ, हुस्यइ, होसइ, होहिइ, होही-
હોશે કે હુશે કે હોહે કે હુહે-થશે-બનશે. જુઓ ૮।૩।૧૬૬.

दिअहा जंति झडप्पडहिं पडहिं मणोरह पच्छि ।
जं अच्छइ तं माणिअइ, होसइ करतु म अच्छि ॥

દિવસો તો ઝટપટ ચાલ્યા જાય છે અને મનોરથો પાછળ પડી જાય છે એટલે મનોરથો સફળ થતા નથી માટે જે કાંઈ સામે છે તેને માણી લેવું જરૂરી છે પણ 'હોશે-થશે-જોશું-શી ઉતાવળ છે?' એમ કરતો બેસી ન રહે-એમ કરીને નિરાંત ન રાખ, કેમકે વખત તો વહ્યો જાય છે, તે કાંઈ આપણને માટે થોભવાનો નથી અને આવતી કાલની કોઈને ખબર છે ખરી?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાત્વાદેશ—

## क्रियेः कीसु ॥८।४।३८९॥

પ્રથમ પુરુષ એકવચનમાં કર્મણિ પ્રયોગમાં વપરાતા એટલે 'કરાઉં છું' અર્થમાં વપરાતા સંસ્કૃતના क्रिये પ્રયોગને બદલે અપભ્રંશ ભાષામાં कीसु રૂપ વિકલ્પે વપરાય છે.

कृ–क्य+ए–किज्ज+ए–कीसु અથવા किज्जउं–કરાઉં છું.

संता भोग जु परिहरइ तसु कंतहो बलि कीसु ।

तसु दइवेण वि मुंडियउं जसु खल्लिहडउं सीसु ॥

જે કંથ પોતાની સામેના હયાત ભોગોને તજી દે છે તે કંથ માટે હું બલિરૂપ કરાઉં છું—વારી જાઉં છું–ને કંથની હું પૂજા કરું છું. ટાલિયો માણસ ત્યાગી નથી ગણાતો, એણે સંયમની દૃષ્ટિએ વાળ મુંડાવ્યા નથી અર્થાત્ તેનુ મસ્તક તો વિધાતાએ જ મુંડેલું છે. મારી જાતને તે કંથ માટે ઓળઘોળ કરી દઉં છું—પ્રાપ્ત ભોગોને પણ તજી દેનારા તે કંથ માટે મારી જાત કશા હિસાબમાં–લેખામાં–નથી અર્થાત્ એવા ત્યાગી કંથ માટે મારી જાતને હોમી દેવાનો અવસર આવે તો હોમી દેવા તૈયાર છું આવા પવિત્ર કાર્યને માટે મારી જાતનો કશો કશો હિસાબ નથી. જેને માથે ટાલ છે એવા ટાલિયાને તો હવે કશું મુંડાવાનું રહેતું નથી–માથા ઉપરના વાળ શોભારૂપ જરૂર ગણાય પણ ટાલિયા માણસે કાંઈ વાળોનો ત્યાગ તો કર્યો જ નથી એટલે ટાલિયો હોવાથી તેણે માથાના વાળની શોભાનો ત્યાગ કરેલ છે એમ કાંઈ કહી શકાય ખરું? અર્થાત્ જેની પાસે ભોગોની સામગ્રી જ નથી તેને તજવાનુ શું હોય? એટલે જેની પાસે ત્યાગ કરવા જેવું જ બાહ્ય કશું નથી એવો બાહ્ય ભોગોની સામગ્રી વિનાનો છતાં લાલચુ માનવ, ત્યાગી શી રીતે કહેવાય?

## भुवः पर्याप्तौ हुच्चः ॥८।४।३९०॥

પર્યાપ્તિ–'પૂરતું અથવા પહોંચવું' એવો અર્થ થતો હોય ત્યારે અપભ્રંશ ભાષામાં भू ધાતુને બદલે हुच्च ધાતુ વપરાય છે.

प्र+भू–प+भू+इ–प+हुच्च+इ–पहुच्चइ–પહોંચી જાય છે. પામી જાય છે.

अइतुंगत्तणु ज थणहं सो छेअउ, न हु लाहु ।

सहि ! जइ केवंइ तुडिवसेण अहरि पहुच्चइ नाहु ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે સખી! સ્તનોની અતિઊંચાઈને લીધે-ભરાવદારપણાને લીધે એક રીતે નુકસાન છે, લાભ નથી જ, કેમકે ઊંચા સ્તનો આડા આવતા હોવાથી નાથ-કંથ-ઝટ નહીં પણ વિલંબે કરીને અધર-ઓઠ-સુધી પહોંચી શકે છે.

## ब्रूगः ब्रुवः वा ॥८।४।३९१॥

ब्रू ધાતુને બદલે અપભ્રંશ ભાષામાં ब्रुव ધાતુ વિકલ્પે વપરાય છે.

ब्रू-ब्रुव+ह ब्रुवह-તમે બોલો છો કે બોલો

ब्रू+क्त्वा-ब्रू+ओप्पिणु-ब्रोप्पिणु ] બોલીને.
ब्रू+क्त्वा-ब्रू+ओप्पि-ब्रोप्पि

જ્યારે ब्रुव ન વપરાય ત્યારે મૂળ ब्रू વપરાય

ब्रू+क्त्वा-ब्रू+एप्पिणु-ब्रोएप्पिणु-બોલીને. ૮।૧।૧૨ સૂત્રથી ए નો લોપ કરી દેતાં ब्रोप्पिणु થાય.

ब्रुवह सुहासिउ किं पि-કાંઈક પણ સુભાષિત-સુવચન-તમે બોલો

इत्तउं ब्रोप्पिणु सउणि ठिउ पुणु दुसासणु ब्रोप्पि ।
तो हउं जाणउं ओहो हरि जइ महु अग्गइ ब्रोप्पि ॥

આટલું બોલીને શકુનિ ઊભો રહ્યો-અટકી ગયો. વળી, દુઃશાસન-દુર્યોધનનો નાનો ભાઈ-બોલીને અટકી ગયો પછી તો જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી મારી આગળ બોલીને 'જો આ હરિ-નારાયણ-પોતે ઊભા હોય.'

આ વાતચીત આંધળા ધૃતરાષ્ટ્ર પાસે થએલી હોઈ શકે, એ અંધ હોવાથી પ્રશ્નાર્થ એવું અનુમાન જ કરી શકે કે હવે 'હરિ વાતો કરનાર' તરીકે ઊભા હોઈ શકે?

## व्रजेः वुञः ॥८।४।३९२॥

व्रज् ધાતુને બદલે અપભ્રંશ ભાષામાં वुञ ધાતુ વપરાય છે.

व्रज-वुञ+अ+इ-वुञइ-તે જાય છે.

व्रज्-वुञ+एप्पि-वुञेप्पि-જઈને

व्रज्-वुञ+एप्पिणु-वुञेप्पिणु.

'જવા' અર્થનું સૂચક वुञने મળતું ક્રિયાપદ કચ્છી ભાષામાં પ્રચલિત છે-'वञातो'.

## दृशेः प्रस्सः ॥८।४।३९३॥

दृश् ધાતુને બદલે અપભ્રંશ ભાષામાં प्रस्स ધાતુ વપરાય છે.

दृश्-पश्य्-प्रस्स्+अ+दि-प्रस्सदि-તે જુએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्रहेः गृण्हः ॥८।४।३९४॥

ग्रह ધાતુનું સંસ્કૃત ભાષામાં અમુક પ્રયોગોમાં गृह्णा રૂપ વપરાય છે તે गृह्णा ને બદલે અપભ્રંશ ભાષામાં બધા પ્રયોગોમાં गृण्ह રૂપ વાપરવું.

ग्रह–गृह्णा–गृण्ह+एप्पिणु–गृण्हेप्पिणु–ગ્રહણ કરીને.

પઢ गृण्हेप्पिणु व्रतु-વ્રતને ગ્રહણ કરીને પઢ–અધ્યયન કર–ભણ.

## तक्षआदीनां छोल्लआदयः ॥८।४।३९५॥

तक्ष આદિ ધાતુઓને બદલે અપભ્રંશ ભાષામાં छोल्ल વગેરે ધાતુઓ વપરાય છે.

तक्ष् ધાતુનું 'तक्षवुं' ક્રિયાવાચક પદ બને અને ભાષામાં તેનું 'તાસવું' ક્રિયાપદ પ્રચલિત છે. સોની લોકો, દાગીનાને તાસીને વિશેષ ઊજળા કરી આપે છે. तक्ष् ધાતુનો મૂળ અર્થ 'તનૂકરણ છે' તનૂકરણ એટલે 'પાતળું–કરવું'. 'પાતળું' ત્યારે જ થાય જ્યારે 'તાસવા'માં–'છોલવા'માં-આવે.

મૂળ સૂત્રના 'छोल्ल' आदयः–એવા પાઠમાં छोल्ल પછી જે आदि શબ્દ જણાવેલો છે તેથી એમ સમજવાનું છે કે छोल्ल અને તેની જેવા બીજા જે ક્રિયાવાચક દેશી ક્રિયાપદો હોય તેમને બધાંને અહીં નિપાતરૂપે સાધી લેવાં.

तक्ष ને બદલે छोल्ल । छोल्ल+स्यत्–छोल्लिज्ज+अन्त+उ–छोल्लिज्जंतु–છોલ્યો હોત. ક્રિયાતિપત્તિ–સાંકેતિક ભવિષ્ય–નું રૂપ છે.

दह ને બદલે झलक्क् । झलक्क्+इअउ–झलक्किअउ–ઝળકી ગયેલ–સળગી ગયેલ સરખાવો ज्वलितकः ।

अनु+व्रज् ને બદલે अब्भडवञ्चू+त्वा–अब्भडवंचिउ–પાછળ જઈને.

अभि+अट+व्रज–अभ्यटव्रज-अब्भडवच्च–अब्भडवंच. અક્ષરોની સમાનતાને ધ્યાનમાં રાખીને अभ्यटव्रजની કલ્પના આવેલ છે. ખરો શબ્દ શોધવા જેવો છે.

शल्यायते–શલ્યની પેઠે ખટકે છે. પ્રસ્તુત शल्याय એ નામ ધાતુ છે અર્થાત્ शल्य નામ પરથી બનેલ शल्याय નામધાતુને બદલે खुड्डुक्क । खुड्डुक्क+इ–खुड्डुक्कइ ખટકે છે, આકાંક્ષા થાયછે–એવી તીવ્ર આકાંક્ષા થાય છે જે હૃદયમાં શૂળની જેમ ભોંકાય છે–ખટકે છે.

પ્રથમ भ्वादि ગણના 'આકાંક્ષા' અર્થવાળા ૧૮૬મા નંબરના ધાતુ खटના खट्टतकि રૂપ સાથે પ્રસ્તુત खुड्डुक्कને સરખાવી શકાય એમ લાગે છે खटति–अक–खट्टतकि ૭।૩।૨૯।

गर्ज ને બદલે घुड्डुक्क । घुड्डुक्क+इ–घुड्डुक्कइ- ગડગડયા કરે છે–ઘુરકયા કરે છે–ઘુડ ઘુડ એવો અવાજ કર્યા કરે છે–ગડગડે છે.

અહીં घुड्डुक्कइને બદલે धुड्डुक्कइ પાઠ હોય તો गर्ज–ગાજવાનો અર્થ બંધ બેસે છે. घुड्डुक्कइ–ધડાકા કરે છે–ધડધડ એવો અવાજ કરે છે. લિપિમાં તો घ અને ध સરખા વંચાય છે તેથી 'घुड्डुक्कइ'ને બદલે 'धुड्डुक्कइ' પાઠ સંગત થઈ શકે ખરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थाने બદલે था । था+अन्ति–थंति–ખડા રહે છે–અચલ–અટલ–ઊભા રહે છે

मञ्ज् ને બદલે–मज्ज. मज्ज–क्त्वा–मज्जिउ–ભાંગીને। मञ्ज् ધાતુનું मञ्जिउ તો વ્યાકરણના નિયમથી જ થાય છે પણ અહીં मज्जिउ પાઠ હોવાથી તેની સાધના નિપાત દ્વારા કરેલ છે.

संबाध् ને બદલે चंप । चंप्+इज्जइ–चंपिज्जइ ચંપાય છે–દબાવાય છે–તાબે કરી લેવાય છે.

घृष्ट ને બદલે घुट्ठुअ । घुट्ठुअ+इ–घुट्ठुअइ–ધૃષ્ટની જેમ વર્તે છે.

जिवं तिवं तिक्खा लेवि कर जइ ससि छोल्लिज्जन्तु ।

तो जइ गोरिहे मुहकमलि सरिसिम का वि लहन्तु ॥

તીખાં કિરણોને જેમ તેમ કરીને લઈ લઈને એટલે ચંદ્રમાંથી તીખાં કિરણોને કાઢી લઈને પછી જો ચંદ્રને છોલી નાખવામાં આવત તો તે, જગતમાં–સંસારમાં–ગોરીના મુખકમલ સાથે કોઈ પણ સરખામણી પામી શકત ખરો.

चूडुल्लउ चुण्णीहोइसइ मुद्धि ! कवोलि निहित्तउ ।

सासानल–जाल–झलक्किअउ बाह–सलिल–संसित्तउ ॥

હે મુગ્ધ સ્ત્રી ! કપોલ–ગાલ–ઉપર ટેકવી રાખેલા તારા હાથનો ચૂડલો, ઊના ઊના લાંબા નિસાસારૂપ અગ્નિની જ્વાલાઓથી તપી ગયેલો બનતાં તથા તે ચૂડલા ઊપર આંસુઓ પડતાં એટલે તે ચૂડલો આંસુઓના પાણીથી સારી રીતે છંટકાયેલ થતાં ચૂર્ણ થઈ જશે–ચૂરેચૂરા થઈ જશે. 'હાથીદાંતનો ચૂડલો ગરમ થતાં, તે ઊપર પાણી પડતાં હાથીદાંત તૂટી જાય છે એવો હાથીદાંતનો સ્વભાવ છે' એ વાત લોકોમાં પ્રચલિત છે.

अब्भडवंचिउ बे पयइं पेम्मु निअत्तइ जावँ ।

[1]सव्वासण–रिउ–संभवहो कर परिअत्ता तावँ ॥

पेम्मु—:પ્રેમ અર્થાત્ કોઈ પ્રિયને કે પ્રિયાને વળાવવા સારુ બે પગલાં પાછળ જઈને જેટલી વારમાં પાછું ફરે છે તેટલી વારમાં તો ચંદ્રનાં કિરણો ચારે બાજુ ફેલાઈ ગયાં અર્થાત્ જેને વળાવી આવ્યા તેના સમાગમની અપેક્ષા ઊભી થઈ ગઈ.

हिअइ खुडुक्कइ गोरडी गयणि घुडुक्कइ मेहु ।

वासारत्ति पवासुअहं विसमा संकडु एहु ॥

વર્ષાઋતુમાં પ્રવાસ કરનારાઓને સારુ આ એક સંકટની સ્થિતિ–વિષમ સ્થિતિ–ઊભી થતી હોય છે કે પ્રવાસીઓના હૈયામાં ગોરી–પત્ની–ખટકે છે અને બીજી તરફ ગગનમાં મેઘ ધુરકયા કરે છે–ધડાકા કર્યા કરે છે.

---

१. सर्वाशनरिपुसंभव–सर्वाशन–अग्नि, अग्निनो रिपु जल अर्थात् समुद्र. समुद्रसंभव-चंद्र.

अम्मि ! पयोहर वज्जमा निच्चु जे संमुह थंति ।
महु कंतहो समरंगणइ गय-घड भज्जिउ जंति ॥

હે માડી ! સમરાંગણમાં—લડાઈના મેદાનમાં—આવેલું શત્રુઓના હાથીઓનું ટોળું મારો કંથ સામે આવતાં એટલે મારા કંથને સામે આવેલો જોતાં ભયનું માર્યું ભંગ પામતાં ડરી જઈને ભાગી જાય છે ત્યારે મારા વજ્રમય જે બે કઠણ સ્તનો છે તે તો કશી બીક વિના તેના સામેને સામે ટટ્ટારને ટટ્ટાર જ રહે છે, અર્થાત્ જેની સામેથી હાથીઓ જેવા મોટા બળવાન પ્રાણીઓ ભાગી જાય છે ત્યારે મારાં સ્તનો ભાગતા નથી પણ બરાબર નિશ્ચળપણે કંથની સામેને સામે રહે છે એટલે મારાં કઠણ સ્તનો કંથનો બરાબર સામનો કરતા લેશ પણ ભયભીત થતા નથી.

पुत्तें जाएं कवणु गुणु अवगुणु कवणु मुएण ? ।
जा बप्पीकी भुंहडी चंपिज्जइ अवरेण ॥

જે પુત્રની હયાતીમાં વંશપરંપરાથી ચાલી આવેલી બાપુકી ભોંયને બીજો કોઈ ચાંપી બેસે—દબાવી બેસે તેવો પુત્ર જન્મ્યો તોય શો ગુણ ? અને મર્યો તોય શો અવગુણ ? અર્થાત્ જે પોતાની બાપુકી મિલકતને કદાચ વધારી ન શકે પણ સાચવી ય ન શકે એવો નમાલો પુત્ર હોય તોય શું અને ન હોય તોય શું ?

तं तेत्तिउ जलु सायरहो सो तेवडु वित्थारु ।
तिसहें निवारणु [1]पलु वि नवि पर [2]धुद्दुअइ(? घुग्घु)अइ असारु ॥
तत् तावत् जलं सागरस्य, स तावान् विस्तारः ।
तृषायाः निवारणम् पलम् अपि नैव, परम् घृष्टायते(घुग्घूयति) असारः ॥

---

१. पल શબ્દનો અર્થ 'જ્યોતિષશાસ્ત્ર'માં 'પળ, વિપળ' એમ સૂક્ષ્મકાળરૂપે પ્રસિદ્ધ છે એથી અહીં 'पल'નો અર્થ 'પળ' બતાવેલ છે તથા 'અનેકાર્થસંગ્રહ'માં આચાર્યશ્રી-હેમચંદ્રજીએ 'पल' શબ્દનો અર્થ उन्मान બતાવેલ છે. ("पलम् उन्मान- मांसयो:"—अने० सं० कां० २, શ્લો૦ ૫૦૭-ચૌખંબા સિરીઝ) અર્થાત્ पल એટલે ઊભું માપવું. જેમકે—દૂધ પળીથી મપાય છે-એ દ્રષ્ટિએ 'पल' શબ્દનો 'પળી' અર્થ પણ અહીં યોજેલ છે.

૨. આ દોહામાં 'દોધકવૃત્તિ'માં धुद्दुअइ પાઠ છાપેલ છે, તે રીતે અમે તેનો અર્થ આપેલ છે. આ દોહાવાળી બીજી આવૃત્તિમાં धुद्दुअइ પાઠ છાપેલ છે. એમ લાગે છે કે ભાષામાં 'દરિયો ઘુઘવે છે' એ પ્રયોગમાં घुग्घु ધાતુ પ્રચલિત છે એ ઉપરથી धुद्दुअइने બદલે घुग्घुअइ પાઠ વધારે ઠીક જણાય છે. घ અને ध ની સરખી લખાવટને લીધે આમ 'ध' વંચાયો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ તો ખરા, આ દરિયાનું તે પાણી તેટલું બધું છે અને એનો તે વિસ્તાર–ઘેરાવો–પણ તેટલો બધો છે છતાં તે, એક પળ જેટલા સમય માટે પણ 'તરસ'નું નિવારણ કરી શકતો નથી અથવા એક પળ–પળી–પણ પાણી આપીને તે આપણી તરસનું નિવારણ કરી શકતો નથી તેમ છતાંય બેશરમની જેવો તે અસાર સાગર ધૃષ્ટતા કર્યાં કરે છે–પોતાની મોટાઈના બરાડા પાડ્યા કરે છે અથવા ધુધવે છે–'ધુધુ' એમ ગાજ્યા કરે છે.

## अनादौ स्वराद् असंयुक्तानां क–ख–त–थ–प–फां ग–घ–द–ध–ब–भाः ॥८।४।३९६॥

અનાદિમાં રહેલા, અસંયુક્ત અને સ્વર પછી આવેલા क ને બદલે ग, खने બદલે घ, त ને બદલે द, थ ને બદલે ध, प ને બદલે ब અને फ ને બદલે भ અપભ્રંશ ભાષામાં વપરાય છે.

क નો ग–०बिच्छोहकरु–०विच्छोहगरु–વિક્ષોભ કરનારો–વચ્છો પાડનારો–વિયોગ કરનારો.

ख નો घ–सुखें–सुघें–'સુખે' કે સુખે–સુખ વડે. 'સુખે સમાધે પહોંચી ગયા'

त નો द ]–कथितम्–कधिदु–કહ્યું છે–કહેલ છે
थ નો ध ]

प નો ब–शपथु–सबधु–શપથ–સોગન–સમ

फ નો भ सफलयं–सभलउं–સફળ.

करेप्पिणु–આદિમાં क હોવાથી ग ન થાય.

गिलि गिलि राहु मियंकु—मियंकु પદમાં સ્વર પછી क નથી, અનુસ્વાર પછી છે તેથી ग ન થાય.

अेक्कहि–માં સંયુક્ત क्क છે એટલે ग ન થાય.

अेक्कहिं अक्खिहिं सावणु માં–अक्खिहिं પદમાં સંયુક્ત क्ख છે તેથી घ ન થાય.

આ વિધાન પ્રાયઃ થાય છે તેથી કેટલાક શબ્દોમાં આ નિયમ લાગતો નથી એટલે कનો ग વગેરે થતાં નથી.

अकिआ–अकिअ–અકૃત–કોઈએ નહીં કરેલું–તદ્દન નવું–અપૂર્વ–कનો ग ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कणिआरु—અહીં कणिआरुમાં મૂળ શબ્દ कर्णिकारના क નો ग થયો નથી તે જ પ્રકારે कंचण, कंति વગેરે પદોમાં પણ क નો ग થયો નથી.

पफुल्लिअउ—ફૂલ્યો ફાલ્યો. फ નો भ ન થયો તથા મૂળ શબ્દ રૂપ 'पफुल्लितउ' માં त નો द થયો નથી.

पयासु—पयासु પદમાં અનાદિ હોવા છતાં (મૂળ प्रकाश ના) कનો ग ન થયો.

विणिज्जिअउ—આ પદમાં મૂળ विणिज्जितउ ના त નો द ન થયો.

जं दिट्ठउं सोमग्गहणु असईहिं हसिउ निसंकु ।
पिअ–माणुस–विच्छोह–गरु गिलि गिलि राहु मियंकु ॥

यद् दृष्टकम् सोमग्रहणम् असतीभिः हसितम् निःशङ्कम् ।
प्रियमानुष–विक्षोभकरम् गिल गिल राहुः मृगाङ्कम् ॥

જ્યારે અસતીઓએ ચંદ્રનું ગ્રહણ જોયું ત્યારે તેઓએ ચંદ્રની હાંસી કરી. તેમણે રાહુને કહ્યું કે હે રાહો ! પ્રિય મનુષ્યો વચ્ચે વિચ્છોહ—વછો—પાડનાર—વિક્ષોભ કરનાર આ ચંદ્ર છે, માટે તું તેને ગળી જા—ગળી જા.

अम्मीए ! सत्थावत्थेहिं सुधें चिंतिज्जइ माणु ।
पिए दिट्ठे हल्लोहलेण को चेअइ अप्पाणु ? ॥

अम्ब ! स्वस्थावस्थैः सुखेन चिन्त्यते मानः ।
प्रिये दृष्टे व्याकुलत्वेन कः चेतयति आत्मानम् ? ॥

હે માડી ! જ્યારે પૂરી સ્વસ્થ દશા હોય ત્યારે અહંકારનો વિચાર કરી શકાય—'રૂસણું લઉં તો પિયુ મનાવવાને આવશે.' એવો વિચાર કરી શકાય, પણ આ તો પ્રિયને જોતાં જ હાફળા—ફાંફળા બની જવાય છે—હાલકલોળ થવા માંડે છે એવા સમયે કોણ પોતાની જાતને ચેતવી શકે ? અર્થાત્ વ્યાકુળ સ્થિતિમાં બધું ભુલી જ જવાય—રુસણાનો વિચાર શે આવે ?

सबधु करेप्पिणु कधिदु मइं 'तसु पर सभलउं जम्मु ।
जासु न चाउ, न चारहडि, न य पम्हुट्ठउ धम्मु ॥

शपथं कृत्वा कथितं मया 'तस्य परं सफलकम् जन्म' ।
यस्य न त्यागः, न चारभटी, न च प्रमुष्टकः धर्मः ॥

મેં સોગન ખાઈને કહેલું છે કે કેવળ તેનો જ જન્મ સફળ છે કે જેની ત્યાગવૃત્તિ લોપાઈ નથી, જેની ચારભટી—શૂરવીરતા—લોપાઈ નથી—જેનું શૂરાતન—લોપાયું નથી અને જેનો ધર્મ ચોરાયો નથી—લોપાયો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जइ केवँइ पावीसु पिउ अकिआ कुड्ड करीसु ।
पाणिउ नवइ सरावि जिवँ सव्वंगे पइसीसु ॥

यदि कथमपि प्राप्स्यामि प्रियम् अकृतं कौतुकं करिष्ये ।
पानीयं नवके शरावे यथा सर्वाङ्गे प्रवेक्ष्यामि ॥

જો કેમે કરીને પિયુને પામીશ તો કદી નહીં કરેલું એવું કૌતુક કરી બતાવીશ. જેમ નવા શરાવમાં–નવા–કોરા–શકોરામાં–રામપાતરમાં–નાખેલું પાણી પોતાના બધા જ અવયવો દ્વારા શરાવમાં સર્વત્ર વ્યાપી જાય છે–ફેલાઈ પેસી–જાય છે તેમ હું પિયુમાં મારાં બધાં અંગો વડે પેસી જઈશ–વ્યાપી જઈશ–ફેલાઈ જઈશ

उअ, कणिआरु पफुल्लिअउ कंचण–कंति–पयासु ।
गोरी–वयण–विणिज्जिअउ नं सेवइ वणवासु ॥

उत–पश्य, कर्णिकारः प्रफुल्लितकः काञ्चनकान्तिप्रकाशः ।
गौरीवदनविनिर्जितकः इव सेवते वनवासम् ॥

જુઓ તો ખરા, સોનાની કાંતિ જેવા ચળકતા પીળાં ફૂલોને લીધે પીળા વર્ણવાળી આ કરેણુ કેવી ફૂલીફાલી છે? જાણે કે ગોરીના મુખ પાસે જિતાઈ ગયેલી–પરાજય પામેલી–હોઈ એવી તે કરેણુ વનવાસ સેવતી હોય એમ જણાય છે. જે કોઈ પરાજય પામેલ હોય તે લોકોને પોતાનું મુખ શી રીતે બતાવે? એટલે જે કોઈ પરાજય પામે તે વનવાસ જ સેવેને?

## मः अनुनासिकः वः वा ॥८।४।३९७॥

અનાદિમાં રહેલા એવા અસંયુક્ત મકારને બદલે અપભ્રંશ ભાષામાં અનુનાસિક વકાર વિકલ્પે થાય છે.

कमलु–कवँलु–કમળ

भमरु–भवँरु–भौंरो–ભમરો–"ભવઁરલાલ"

જ્યાં શબ્દમાં મૂળ મ ન હોય અને કોઈ નિયમથી મ થયો હોય ત્યાં પણ આ નિયમ લાગે છે.

यथा–जिम–जिवँ, जिम्व–જેમ–જુઓ, ૮।૪।૪૦૧।

तथा–तिम–तिवँ, तिम्व–તેમ– ,, ,,

मयण–માં म આદિમાં હોવાથી वँ न થયો.

जम्मु–માં म સંયુક્ત હોવાથી म्व ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा अधः रः लुक् ॥८।४।३९८॥

સંયુક્ત અક્ષરમાં પાછળ રહેલા ર નો અપભ્રંશ ભાષામાં વિકલ્પે લોપ થાય છે.

પ્રિય:–પ્રિઉ પિઉ, પિયુ–પ્રિય–વહાલો–કંથ–પતિ–પ્રિય;

પ્રિયેણ–પ્રિએણ, પિએણ–પ્રિય વડે.

जइ केम्वइ પાવીસુ પિઉ । જુઓ, ૮।૪।૩૯૬॥

जइ भग्गा पारक्कडा तो सहि ! मज्झु पिएण । જુઓ, ૮।૨।૩૭૯॥

## अभूतः अपि क्वचित् ॥८।४।३९९॥

કોઈ શબ્દમાં ર ન હોય તોપણ અપભ્રંશ ભાષામાં કવચિત્ ર ઉમેરાઈ જાય છે.

વ્યાસ:–વ્રાસુ અથવા વાસુ–વ્યાસ મહર્ષિ

વ્યાસેન–વ્રાસેણ વાસેણ

व्रासु महा–रिसि એઉ भणइ 'जइ सुइ–सत्थु पमाणु ।

मायहं चलण नवंताहं दिवि दिवि गंगा–ण्हाणु ॥

व्यास: महर्षि: એतत् भणति यदि श्रुतिशास्त्रं प्रमाणम् ।

मातु: चरणान् नमतां दिवा दिवा–दिने दिने–गङ्गास्नानम् ॥

મહર્ષિ વ્યાસ એમ કહે છે કે જો વેદશાસ્ત્ર પ્રમાણરૂપ હોય તો એટલે વેદનું વચન ખરું માનીએ તો જે લોકો પોતાના માતાપિતાને રોજને રોજ પગે લાગે છે તેઓ રોજને રોજ ગંગાસ્નાન કરે છે–તેમને રોજ રોજ ઘરબેઠાં ગંગા નાહ્યાનું પુણ્ય મળે છે. તેમને ગંગામાં નહાવા માટે કાશીએ જવાની જરૂર નથી

वासेण वि भारह–खंभि वद्ध । व्यासेन अपि भारतस्तम्भे बद्धा ।

વ્યાસ મહર્ષિએ પણ મહાભારત રૂપ થાંભલા સાથે બાંધેલી કથા.

## आपद्–विपत्–सम्पदां दः इः ॥८।४।४००॥

આપદ્, વિપત્ અને સમ્પત્ શબ્દોના દને બદલે અપભ્રંશ ભાષામાં પ્રાય: इ બોલાય છે.

આપદ્–आवइ–આપત્તિ–આપદા.

વિપદ્–विवइ–વિપદા. ,,

સંપદ્–संपइ–સંપદા–સંપત્તિ.

'બહુલં'ને લીધે આ નિયમ બધે લાગતો નથી.

સંપદ્–संपया. संपइ ન થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनउ करंतहो, पुरिसहो आवइ आवइ ।

अनयं करत:–कुर्वाणस्य पुरुषस्य आपत् आगच्छति

અન્યાય કરતા પુરૂષને આપત્તિ–આફત–આવે છે.

કોઈ પ્રયોગમાં આ નિયમ લાગતો નથી—

गुणहिं न संपय कित्ति पर । જુઓ, ૮।૪।૩૩૫ ।। અહીં संपय ને બદલે संपइ ન થયું.

## कथं–यथा–तथां थादेः एम–इम–इह–इधा डितः ॥८।४।४०१॥

कथम्, यथा અને तथा શબ્દોના थम् તથા था ભાગનો અપભ્રંશ ભાષામાં एम, इम, इह અને इध રૂપે ફેરફાર થાય છે. એટલે कथम् ને બદલે केम, किम, किह અને किध રૂપો વપરાય છે. यथा ને બદલે जेम, जिम, जिह અને जिध રૂપો વપરાય છે અને तथा ને બદલે तेम, तिम, तिह અને तिध રૂપો વપરાય છે.

क+थम्–क+एम–केम–કેમ, કેમ કરીને, કેવી રીતે ? કેવું ?

क+थम्–क+इम–किम– ,, ,, ,, ,,

क+थम्–क+इह–किह– ,, ,, ,, ,,

क+थम्–क–इध–किध– ,, ,, ,, ,,

य+था–जेम, जिम, जिह, जिध–જેમ, જે રીતે, જેવી રીતે, જેવું

त+था–तेम, तिम, तिह, तिध–તેમ, તે રીતે, તેવી રીતે તેવું

केम–किध

'केम समप्पउ दुट्ठु दिणु ? किध रयणी छुडु होइ ?' ।

नववहु–दंसण–लालसउ वहइ मणोरह सोइ ॥

कथं समाप्नोतु दुष्टो दिनः ? कथं रजनी शीघ्रं भवति ? ।

नववधूदर्शन–लालसक: वहति मनोरथं स: अपि ॥

અહીં अपि શબ્દ નિશ્ચય અર્થનો સૂચક છે.

'આ દુષ્ટ દિવસ કેમ કરીને પૂરો થઈ જાય' 'રંજન કરનારી રાત કેમ કરીને ઝટ આવી જાય' આવો મનોરથ તે માણસ કરે છે કે જે નવી વહૂને જોવા માટે વિશેષ આતુર હોય–લાલચવાળો હોય–અધિક તલસતો હોય.

किवँ–

ओ गोरीमुह–निज्जिअउ वद्दलि लुक्कु मियंकु ।

अन्नु वि जो परिहविय–तणु सो किवँ भवइ निसंकु ? ॥

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

જુઓ તો ખરા કે, ગોરીના મુખની કાંતિ દ્વારા પરાજય પામેલો ચંદ્ર વાદળામાં કેવો સંતાઈ ગયો છે. બાજો પણ જે કોઈ બીજા દ્વારા પરાભવ પામેલ હોય તે નિઃશંક બનીને ખુલ્લી રીતે-બેધડક-શરમાયા વિના-જાહેરમાં કેમ કરીને ભમી-ફરી-શકે? અર્થાત્ ન ફરી શકે પણ સંતાયેલો-છૂપો-જ રહે.

किह–

बिंबाहरि तणु रयण–वणु किह ठिउ सिरि–आणंद ! ।

निरुवम–रसु पिएं पिअवि जणु सेसहो दिण्णी मुद्द ॥

बिम्बाधरे तनुः रदनव्रणः कथं स्थितः श्रीआनन्द !

निरुपमरसं प्रियेण पीत्वा इव शेषस्य दत्ता मुद्रा ॥

શ્રી આનંદ નામનો રસિક જન છે તેને કોઈ પૂછે છે કે, હે આનંદ! સ્ત્રીના પાકા ટિંડોરા જેવા લાલ હોઠ ઉપર દાંત વડે પડેલો નાનો એવો ઘા કેવો દેખાય-લાગે-છે?-જવાબમાં આનંદ કહે છે કે, પિઉએ-પ્રેમીએ-નિરુપમ અધરરસ પીને પછી તેમાં જે રસ બાકી રહ્યો છે તે બીજો કોઈ પી ન જાય કે એ રસ ઢળી ન જાય એ માટે જાણે કે હોઠરૂપ શીશી ઉપર મહોર ન મારી દીધી હોય-એ શીશીના મોં ઉપર બૂચ-સીલ-ન માર્યું હોય એમ એ નાના ઘાને વર્ણવી શકાય.

तेवँ–जेवँ

भण सहि ! निहुअउं तेवँ मइं जइ पिउ दिट्ठु स–दोसु ।

जेवँ न जाणइ मज्झु मणु पक्खावडिअं तासु ॥

भण सखि ! निभृतकम् तथा माम् यदि प्रियः दृष्टः सदोषः ।

यथा न जानाति मम मनः पक्षापतितं तस्य ॥

હે સખી! તેં જો મારો પ્રિય, દોષ સહિત જોયો હોય-મારા પ્રિયનો કોઈ દોષ જોયો હોય તો મને એ બાબત એકાંતમાં ગુપચુપ એવી રીતે કહે જેથી તેની (પતિની) પડખે જ પડેલા-રહેલા-અર્થાત્ પતિના પક્ષપાતી એવા મારા મનને ખબર ન પડે-તેનો દોષ મારા મનની જાણમાં ન આવે-એ રીતે મને તું ગુપચુપ કહે.

जिवँ जिवँ वंकिम लोअणहं ।

तिवँ तिवँ वम्महु निअय–सर...... । જુઓ, ૮।૪।૩૪૬।।

तिह–जिह

मइं जाणिउं पिअविरहिअहं क वि धर होइ विआलि ।

नवर मिअंकु वि तिह तवइ जिह दिणयरु खय–गालि ॥

धर धैर्यम् (જુઓ, ૮।૪।૩૭૭).

મેં જાણેલું કે જેને પ્રિયનો કે પ્રિયાનો વિરહ થયેલ છે તેઓને સંધ્યા ટાણે કાંઈક પણ ધીરજ થાય, પણ આ તો તેથી ઉલટું થયું જણાય છે, કેમકે સંધ્યા ટાણે ચંદ્ર પણ તેવી રીતે તપવા લાગ્યો છે કે જેમ પ્રલયકાળે સૂર્ય તપતો હોય.

ઉપરનાં પદ્યોની જેમ જેમાં जेम, जिम, जिह, जिध તથા तेम, तिम, तिह અને तिध અવ્યયો વપરાયેલ હોય તેવાં ઉદાહરણો પણ પોતાની મેળે જ સમજી લેવાં.

## याहक्-ताहक्-कीहग्-ईहशां दादेः डेहः ॥८।४।४०२॥

याद्दश्, ताद्दश्, कीद्दश् અને ईद्दश् શબ્દોમાં જે दकारादि અંશ એટલે दृश् રૂપ અંશ છે તેને બદલે અપભ્રંશ ભાષામાં 'एह' બોલાય છે.

या+दृशने બદલે जा+एह-जेह જેવું

तादृश ने બદલે ता+एह-तेह તેવું

कीदृश ने બદલે की+एह-केह-केह કેવું

ईदृशने બદલે ई+एह-एह એહવું કે એવું

मइं भणिअउ बलि-राय ! तुहुं, केहउ मग्गणु एहु ? ।
जेहु तेहु नवि होइ वढ ! सइं नारायणु एहु ॥

मया भणितकः बलिराज ! त्वम्, कीदृग् मार्गणः एषः ? ।
यादृक् तादृग् न अपि भवति मूढ ! स्वयं नारायणः एषः ॥

હે બલિરાજ ! આ માગણ એવો કેવો છે ? એ બાબત મેં તને કહ્યું કે, હે મૂઢ ! આ માગણ કોઈ જેવો તેવો-રસ્તે રખડતો આલતુફાલતુ માગણ-ભીખારી-ન હોય પણ આ તો નારાયણ પોતે જ માગણ થઈને આવેલ છે.

## अतां डइसः ॥८।४।४०३॥

यादृश, तादृश, कीदृश અને ईदृश એ ચારે અકારાંત શબ્દોના दृश અંશને બદલે અપભ્રંશ ભાષામાં अइस (डइस) રૂપ વપરાય છે.

यादृश ने બદલે ज+अइस-जइस. तादृश ने બદલે त+अइस-तइस. कीदृश ने બદલે क+अइस- कइस અને ईदृश ने બદલે ई+अइस-अइस રૂપ અપભ્રંશમાં વપરાય છે.

या+दृश-अइस-जा+अइस-जइसो-જેહવો-જેવો-જૈસો.

ता+दृश-अइस-ता+अइस-तइसो-તેહવો-તેવો-તૈસો.

की+दृश-अइस-की+अइस-कइसो-केहवो-કેવો-કૈસો.

ई+दृश-अइस-ई+अइस-अइसो-एहवो-એવો-ઐસો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यत्र-तत्रयोः त्रस्य डिद्-एत्थु-अत्तु ॥८।४।४०४॥

यत्र અને तत्र શબ્દના त्र અંશને બદલે અપભ્રંશ ભાષામાં એત્થુ અને अत्तु બોલાય છે એટલે यत्र શબ્દને બદલે जेत्थु અને जत्तु તથા तत्र શબ્દને બદલે तेत्थु અને तत्तु રૂપો અપભ્રંશમાં વપરાય છે.

य+त्र–एत्थु–ज+एत्थु–जेत्थु–જ્યાં–જે સ્થળે. મારવાડી ભાષામાં जठे પંજાબીમાં जित्थे.

त+त्र–एत्थु–त+एत्थु- तेत्थु–ત્યાં–તે સ્થળે. મારવાડીમાં तठे પંજાબીમાં तित्थे

य+त्र–अत्तु–ज+अत्तु- जत्तु–જ્યાં–જે સ્થળે.

त+त्र–अत्तु–त+अत्तु–तत्तु–ત્યાં–તે સ્થળે.

जइ सो घडदि प्रयावदी केत्थु वि लेप्पिणु सिक्खु ।
जेत्थु वि तेत्थु वि एत्थु जगि भण तो तहि सारिक्खु ? ॥

જો તે પ્રજાપતિ–વિધાતા–ક્યાંયથી શિક્ષા–વિદ્યા–લઈને–શીખીને–નવું રૂપ ઘડતો–બનાવતો–હોય તો કહે, જ્યાં–ત્યાં પણ કોઈ સ્થળે આ જગતમાં તેની સરખું કોક તો અથવા તો કાંઈક તો મળવું જોઈએ ને ?

जत्तु ठिदो જ્યાં–જે સ્થળે–રહેલો

तत्तु ठिदो ત્યાં–તે સ્થળે રહેલો.

## एत्थु कुत्र-अत्रे ॥८।४।४०५॥

कुत्र અને अत्र શબ્દોના त्र અંશને બદલે અપભ્રંશ ભાષામાં एत्थु બોલાય છે. એટલે कुत्र શબ્દને બદલે केत्थु અને अत्र શબ્દને બદલે एत्थु રૂપ અપભ્રંશમાં વપરાય છે.

कु+त्र–एत्थु–कु- एत्थु–केत्थु–ક્યાં–ક્યે સ્થળે. મરાઠી–कुठे મારવાડી कठे પંજાબી कित्थे

अ+त्र–एत्थु–अ–एत्थु–एत्थु–અહીં–આ સ્થળે. મારવાડી–अठे પંજાબી इत्थे

केत्थु वि लेप्पिणु सिक्खु । ८।४।४०४।

जेत्थु वि तेत्थु वि एत्थु जगि । જુઓ, ૮।૪।૪૦૪.

## यावत्–तावतोः 'व'आदेः म उ महिं ॥८।४।४०६॥

यावत् અને तावत् એ બે અવ્યયોમાંના वत् ભાગને બદલે અપભ્રંશ ભાષામાં म, उं અને महिं એ ત્રણમાંનો ગમે તે એક વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यावत् શબ્દને બદલે जाम, जाउं અને जामहिं

तावत् શબ્દને બદલે ताम, ताउं અને तामहिं એવા શબ્દો અપભ્રંશમાં વપરાય છે.

म—या+वत्–म–जा+म–जाम–જ્યાં સુધી

ता+वत्–म–ता+म–ताम–ત્યાં સુધી

उं—या+वत्+उं–जा+उं–जाउं–જ્યાં સુધી

ता+वत्–उं–ता+उंताउं-ત્યાં સુધી

महिं–या+वत्–महिं–जा+महिं–जामहिं–જ્યાં સુધી–જ્યારે

ता+वत्–महिं–ता+महिं–तामहिं–ત્યાં સુધી–ત્યારે.

ताम न निवडइ कुंभ–यडि सीह–चवेड चडक्क ।
ताम समत्तहं मयगलहं पइ पइ वज्जइ ढक्क ॥

यावत् न निपतति कुम्भतटे सिंहचेपटा चटक्क ।
तावत् समस्तानां मदकलानां पदे पदे वादयति ढक्का ॥

જ્યાં સુધી હાથીઓના કુંભસ્થળ ઉપર સિંહના પંજાનો સડાકો પડયો નથી ત્યાં સુધી જ મદથી છકી ગયેલા તમામ હાથીઓના પેટ નીચે લટકતો બાંધેલો ઘંટ ચાલતી વખતે પગલે પગલે વાગ્યા કરવાનો પણ સિંહની થપાટ–ફટકો–પડતાં જ એ ઘંટ વાગતો બંધ જ પડી જવાનો.

तिलहं तिलत्तणु ताउं पर जाउं न नेह गलंति ।
नेहि पणट्ठइ ते ज्जि तिल तिल फिट्टवि खल होंति ॥
तिलानां तिलत्वनं तावत् परं यावत् न स्नेहाः गलन्ति ।
स्नेहे प्रणष्टे ते एव तिलाः तिलाः स्फेटित्वा खलाः भवन्ति ॥

તલમાં તલપણું ત્યાં સુધી ટકે છે જ્યાં સુધી તે તલ સ્નેહને–ચીકાશને–છોડતા નથી. તલની અંદરનો સ્નેહ–ચીકાશ–નાશ પામતાં જ તલ, તલ મટીને ખલ–ખોળ–થઈ જાય છે. માણસ પણ પોતાની અંદરનો સ્નેહ નાશ પામતાં જ ખલ–દુર્જન–બની જાય છે.

जामहिं विसमी कज्ज–गइ जीवहं मज्झे एइ ।
तामहिं अच्छउ इयरु जणु, सुअणु वि अंतरु देइ ॥

यावद् विषमा कार्यगतिः जीवानां मध्ये एति ।
तावद् आस्ताम् इतरो जनः, सुजनः अपि अन्तरं ददाति ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોની વચ્ચે ચાલતી પરસ્પરની કામકાજની ગતિ-રીત-અરસપરસનો સંબંધયુક્ત વ્યવહાર-જ્યારે વિષમ રીતે-વક્રપણે-ચાલવા લાગે છે ત્યારે એટલે જ્યારે જીવોની ભાગ્યદશા પલટાય છે ત્યારે ઇતર-હલકો-અથવા સ્નેહ સંબંધવાળો નહીં એવો ઈતર-બીજો માણસ તો આંતરો રાખે જ પણ સુજન સુધ્ધાં આંતરો રાખે છે--પીઠ ફેરવી બેસે છે.

## वा यत्-तदः अतोः डेवडः ॥८।४।४०७॥

यत् અને तत् શબ્દને સંસ્કૃત ભાષામાં ૭।૧।૧૪૯ સૂત્રદ્વારા, 'પરિમાણ' અર્થનો સૂચક अतु પ્રત્યય લાગતાં यावत् અને तावत् શબ્દો બને છે. એ यावत् અને तावत् શબ્દોમાંના वत् ભાગને બદલે અપભ્રંશ ભાષામાં एवड (डेवड) શબ્દ વિકલ્પે બોલાય છે. એટલે यावत्‌ને બદલે जेवड અને तावत्‌ને બદલે तेवड શબ્દ અપભ્રંશમાં વિકલ્પે વપરાય છે.

या+वत्–एवड–जा+एवड+उ–जेवडु–જેવડું–જેટલું–હિંદી जितना
ता+वत्–एवड–ता+एवड+उ–तेवडु–તેવડું–તેટલુ– ,, तितना

જ્યારે एवड ન થાય ત્યારે થનારાં રૂપ—

या+वत्–एत्तुल–जा+एत्तुल+उ–जेत्तुलो–જેટલો–(જુઓ ૮।૪।૪૩૫).
ता+वत्–एत्तुल–ता+एत्तुल+उ–तेत्तुलो–તેટલો–(જુઓ ૮।૪।૪૩૫).

जेवडु अंतरु रावण-रामहं, तेवडु अंतरु पट्टण-गामहं ॥

રાવણ અને રામ વચ્ચે જેટલું અંતર-તફાવત-છે તેટલો તફાવત પાટણ શહેર અને ગામડા વચ્ચે છે. આ વાક્યમાં શહેરને રાવણ જેવું અને ગામને રામ જેવું બનાવેલ છે.

## वा इदम्-किमोः 'य' आदेः ॥८।४।४०८॥

इदम् અને किम् શબ્દને સંસ્કૃત ભાષામાં ૭।૧।૧૪૮ સૂત્ર દ્વારા 'પરિમાણ' અર્થનો સૂચક अतु પ્રત્યય લાગતાં इयत् અને कियत् શબ્દો બને છે. આ इयत् અને कियत्‌ના આદિમાં य વાળા ભાગને બદલે-यत् ભાગને-બદલે અપભ્રંશ ભાષામાં एवड વિકલ્પે બોલાય છે. એટલે इयत् ને બદલે एवड અને कियत् ને બદલે केवड પ્રયોગ અપભ્રંશમાં વિકલ્પે વપરાય છે.

इ+यत्–एवड–इ+एवड+उ–एवडउ–एवडु–એવડું–એટલું.
कि+यत्–एवड–कि+एवड+उ–केवडउ–केवडु–કેવડું–કેટલું.

एवड રૂપ ન થાય ત્યારે થનારાં રૂપ—

इ+यत्—एत्तुल–एत्तुल+उ–एत्तुलो–એટલો, એવડો.
कि+यत्–एत्तुल–कि+एत्तुल+केत्तुलो–કેટલો, કેવડો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એवड्ड अंतरु–એतावद् अन्तरम्–આટલું આંતરું–આટલો ભેદ

केवड्ड अंतरु–कियद् अन्तरम् કેટલું અંતર –કેટલો ભેદ

પ્રસ્તુત એवड પ્રત્યયના સાદૃશ્યથી એકવડું એવડું, ત્રેવડું, ચોવડું વગેરે શબ્દોમાં પણ ભાષામાં એवड्ड પ્રત્યય લાગેલ છે અને એટલો, જેટલો, કેટલો અને તેટલોમાં પ્રસ્તુત एत्तुल પ્રત્યય વપરાયેલ છે.

## परस्परस्य आदिः अः ॥८।४।४०९॥

અપભ્રંશ ભાષામાં 'परस्पर' શબ્દની આદિમાં अ ઉમેરાય છે. परस्परम्–परोप्परु–अ+परोप्परु-अपरोप्परु અને पनो व થતાં–अवरोप्परु–પરસ્પર અથવા એકબીજા–સામસામે.

ते मुग्गडा हराविआ जे परिविट्ठा ताहं ।
अवरोप्परु जोअंताहं सामिउ गंजिउ जाहं ॥
ते मुद्गका हारिता ये परिविष्टाः तेषाम् ।
परस्परम् द्योततााम्–पश्यताम्–स्वामिकः गञ्जितः येषाम् ॥

એક–બીજાની સામે જોતા રહ્યા અને જેમનો સ્વામી ગાંજી ગયો–હારી ગયો એટલે સેવકો જોતા રહ્યા અને સ્વામી હારી ગયો. સેવકોને જે મગ પીરસવામાં આવેલા તે ફોગટ ગયા અર્થાત્ સેવકોનું ખાધું–સેવકોને ખવરાવ્યું–એળે ગયું–ધૂળમાં મળ્યુ–સેવકોને ખવરાવ્યાનું કાંઈ ફળ–પરિણામ–ન આવ્યું.

## कादिस्थ-एद्-ओतोः उच्चारलाघवम् ॥८।४।४१०॥

ए અને ओ એ બન્ને સ્વરો દ્વિમાત્રિક છે એટલે તે દીર્ઘસ્વર ગણાય છે પણ જ્યારે તે બન્ને એટલે ए અને ओ क વગેરે વ્યંજનોની સાથે મળી ગયા હોય ત્યારે એટલે કે, ખે, ગે, ઘે વગેરે રૂપે થયા હોય તથા કો. છો, જો, ઝો વગેરે રૂપે થયા હોય ત્યારે અપભ્રંશ ભાષામાં તેમનું એટલે કે, खे, गे અથવા को, खो, गो વગેરેનુ લઘુ ઉચ્ચારણ પ્રાયઃ થાય છે.

सुघें શબ્દમાં घની સાથે एં છે તેનું લઘુ ઉચ્ચારણ કરવું એટલે તેને દ્વિમાત્રિક-રૂપે–દ્વિમાત્રિકની જેમ–ન બોલવો, પણ લઘુ બોલવો–એક માત્રિકની જેમ બોલવો–આ લઘુ ઉચ્ચારણનો ઉપયોગ છંદની દૃષ્ટિએ ઉપયોગી છે અથવા ઉચ્ચારણ કરનારાઓને ઉચ્ચારણ માટે અનુકૂળતા કરી આપનાર છે. જ્યારે ઉચ્ચારણ કરનારા એકમાત્રિક સ્વર કેમ બોલવો અને દ્વિમાત્રિક સ્વર કેમ બોલવો એ બાબત ઉપેક્ષા કરવા લાગ્યા ત્યારે ગ્રંથકારે તેમને માટે ઉપર જણાવેલ માર્ગ શોધી કાઢેલ હોય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुल्लहहो શબ્દમાં ह ની સાથે ओ છે તેનું લઘુ ઉચ્ચારણ કરવું એટલે તેને દ્વિમાત્રિક ન સમજવો પણ લઘુ એટલે એકમાત્રિક સમજવો.

सुघें चिंतिज्जइ माणु–सुखेन चिन्त्यते मानः સુખનું વાતાવરણ હોય તો માનનો વિચાર કરી શકાય. જુઓ, ૮।૪।૩૬૬। આ વાક્યમાં सुघें પદમાં घें અક્ષરમાં જે एं છે તેને લઘુ એટલે એકમાત્રિક સમજવો.

तसु हउं कलि–जुगि दुल्लहहो કલિયુગમાં જે દુર્લભ–દુર્મિળ–હોય એવાને માટે હું બલિદાન આપી શકું–જુઓ, ૮।૪।૩૩૮। મહાત્મા ગાંધી જેવા પુરુષોત્તમને માટે માથું આપવામાં વાંધો ન ગણાય. ઉદાહરણનું આ પાછલું વાક્ય અનુવાદકે જ પોતા તરફથી અનુવાદમાં ઉમેરેલ છે પણ ગ્રંથકાર આચાર્ય હેમચંદ્રનું નથી–એમ સમજવું.

## पदान्ते उँ-हुं-हिं-हंकाराणाम् ॥८।४।४११॥

પદને છેડે આવેલા उं, हुं, हिं અને हं એ ચાર શબ્દોનું અપભ્રંશ ભાષામાં પ્રાયઃ લઘુ ઉચ્ચારણ કરવું. જે સ્વરની પછી અનુસ્વાર આવેલો હોય તે સ્વર ગુરુ ગણાય છે પણ અપભ્રંશ ભાષામાં उं, हुं, हिं અને हं ના સ્વરને લઘુ સમજવાનો છે.

उं–तुच्छउं–उंने લઘુ સમજવો.

किज्जउं ,, ,, ,,

हुं–तरुहुं અને लहहुं– हुंને લઘુ સમજવો.

हिं–जहिं–हिंને લઘુ સમજવો.

हं–तणहं–हंને ,, ,,

अन्नु जु तुच्छउं तहे धणहे। જુઓ, ૮।૪।૩૫૦॥

वलिकिज्जउं सुअणस्सु। જુઓ, ૮।૪।૩૩૮॥

तरुहुं वि वक्कलु। જુઓ, ૮।૪।૩૪૧॥

खग्ग–विसाहिउ जहिं लहहुं। જુઓ, ૮।૪।૩૮૬॥

तणहं तइज्जी भंगि नवि। જુઓ, ૮।૪।૩૩૯॥

## म्हः म्भः वा ॥८।४।४१२॥

અપભ્રંશ ભાષામાં म्हने બદલે म्भ વિકલ્પે બોલાય છે.

સંસ્કૃત ભાષામાં આવો म्ह ક્યાંય મળતો નથી પણ પ્રાકૃત ભાષામાં म्ह ઉપલબ્ધ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાકૃત ભાષામાં ૮।૨।૭૪ સૂત્ર દ્વારા શબ્દોના क्ष्म, श्म, ष्म, स्म અને ह्मને બદલે જે म्ह થાય છે તે म्ह અહીં લેવાનો છે.

गिम्म–ग्रीष्म–गि+म्ह–गिम्भो, गिम्हो–ગ્રીષ્મ–ઉનાળો

सिम्म–श्लेष्म–सि+म्ह–सिम्भो, सिम्हो–શ્લેષ્મ–શલેષમ–સળેખમ

ब्रम्ह–ब+म्म–બ્રહ્મ–બ્રાહ્મણ

बम्भ ! ते विरला के वि नर जे सव्वंग छइल्ल ।

जे वंका ते वंचयर, जे उज्जुअ ते बइल्ल ॥

હે બ્રહ્મન્ ! બમ્ભન ! બ્રાહ્મણ ! જેઓ સર્વાંગે–સર્વ પ્રકારે–છઇલ્લ–કુશળ–હોય તેવા કોક વિરલા નર–મનુષ્ય–હોય છે પણ વધારે ભાગે જોતાં એમ જણાય છે કે જે વાંકા–હોય છે તે વધારે પડતા વાંકા–લુચ્ચા–હોય છે અને જે સરળ હોય છે તે નર્યા બળદ જેવા હોય છે–વધુ પડતા સરળ હોય છે–મૂરખ અથવા તદ્દન ભોટ–અક્કલ વિનાના ભોપા–જેવા–હોય છે.

## अन्यादृशः अन्नाइस-अवराइसौ ॥८।४।४१३॥

अन्यादृश શબ્દને બદલે અપભ્રંશ ભાષામાં अन्नाइस અને अवराइस એમ બે શબ્દો વપરાય છે.

'કોઈની સરખો' અર્થ સૂચવવા સંસ્કૃતમાં सदृश અને પ્રાકૃતમાં सरिस શબ્દ પ્રચલિત છે તેની જ પેઠે 'બીજાની જેવો' અર્થ સૂચવવા પ્રાકૃતમાં अन्नाइस શબ્દ પ્રચલિત છે અને સંસ્કૃતમાં अन्यादृश શબ્દ છે. પ્રસ્તુત अन्नाइस અને સં० अन्यादृश બન્ને શબ્દો પરસ્પર મળતા જ છે. अपरादृश શબ્દ અને अवराइस એ બન્ને શબ્દો સરખા છે અને 'अन्नाइस' શબ્દની સરખામણીમાં 'अवराइस' શબ્દ પણ પેદા થયેલ છે.

अन्यादृशः–अन्नाइसो ।

अपर+दृश–अवराइसो–अपरादृशः–अवराइसो–અપરની જેવો–અન્યની જેવો–દેખાતો–બીજાની જેવો દેખાતો. જુઓ ।૫।૧।૧૫૨।।

अन्य તથા अपर એ બન્ને શબ્દો સમાન અર્થના છે.

अन्यादृशની જેમ પ્રાચીન સંસ્કૃતમાં अपरादृश શબ્દ હોવો જોઈએ, એ હકીકત આ 'अवराइस' પ્રયોગ ઉપરથી જાણી શકાય છે.

## प्रायसः प्राउ-प्राइव-प्राइम्व-पग्गिम्वाः ॥८।४।४१४॥

प्रायस् અવ્યયને બદલે અપભ્રંશ ભાષામાં प्राउ, प्राइव, प्राइम्व અને पग्गिम्व એમ ચાર અવ્યયો વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रायस्-प्राउ-ઘણું કરીને-પ્રાયે કરીને-પ્રાય: કરીને
प्रायस्-प्राइव- ,,
प्रायस्-प्राइम्व- ,,
प्रायस्-पग्गिम्व- ,,

प्राउ-

अन्ने ते दीहर लोअण, अन्नु तं भुअजुअलु
अन्नु सु घणथण-हारु, तं अन्नु जि मुहकमलु ।
अन्नु जि केसकलावु, सु अन्नु जि प्राउ विहि
जेण निअम्बिणि घडिअ, स गुण-लायण्ण-णिहि ॥
अन्ये ते दीर्घे लोचने, अन्यत् तद् भुजयुगलम् ।
अन्यः स [1]घनस्तनभारः, तद् अन्यद् एव मुखकमलम् ।
अन्य एव केशकलापः सः अन्य एव प्रायः विधिः
येन नितम्बिनी घटिता सा गुणलावण्यनिधिः ॥

અન્ય-અનેરાં-છે તે દીર્ઘ-લાંબાં-લોચન, અનેરું છે તે ભુજા-યુગલ, અનેરો છે તે ઘટ્ટ સ્તન-ભાર, અનેરું જ છે તે મુખકમલ, તે કેશકલાપ અનેરો જ છે. તેનો વિધાતા-બનાવનારો-પણ પ્રાય: તે અનેરો જ છે જેણે ગુણનો અને લાવણ્યનો ભંડાર એવી તે નિતંબિનીને-સ્ત્રીને-ઘડેલી છે.

प्राइव-

प्राइव मुणिहं वि भ्रंतडी तें मणिअडा गणंति ।
अखइ निरामइ परमपइ अज्जु वि लउ न लहंति ॥
प्रायः मुनीनाम् अपि भ्रान्तिका तेन मणिकान् गणयन्ति ।
अक्षये निरामये परमपदे अद्यापि लयं न लभन्ते ॥

પ્રાય:—ઘણું કરીને-મુનિઓને પણ ભ્રાંતિ થઈ ગઈ લાગે છે જેને લીધે તેઓ પણ માળાના મણકા ગણ્યા કરે છે-ફેરવ્યા કરે છે, ક્ષય વિનાના અને નિરામય-રોગ વિનાના-એવા પરમ પદમાં હજી સુધી પણ તેઓ લય પામતા નથી.

प्राइम्व-

अंसु-जलें प्राइम्व गोरिअहे सहि ! उव्वत्ता नयण-सर ।
तें संमुह संपेसिआ देंति तिरिच्छी घत्त पर ॥
अश्रुजलेन प्रायः गौर्याः सखि ! उद्वृत्तौ नयनशरौ ।
तेन सम्मुखौ संप्रेषितौ ददेते तिर्यग् घातं परम् ॥

---

1. घनस्तनहारः એમ પણ થાય. 'ઘનસ્તન ઉપરનો હાર' એવો અર્થ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्राय: કરીને હે સખી ! ગોરીનાં નયનરૂપ બાણ આંસુનાં પાણીથી ભીંજાયેલાં છે તેથી સામે મોકલેલાં–સીધાં ફેંકેલાં–માત્ર તિર્યગ્–આડો–ધક્કો મારે છે.

શરના ફળાને–બાણના ફળાને–તેજ કરવા શર ઉપર પાણી ચડાવવામાં આવે છે એટલે અહીં ગોરીનાં નયનરૂપ શર ઉપર આંસુઓનું પાણી પડવાથી તે તેજ થયેલ છે.

'દોધકવૃત્તિ'માં આ દોહાનો જુદો અર્થ આ રીતે નોંધેલ છે—

" 'नयणसर' नयनसरसी, उद्‌हो उल्लसिते, तेन अपरे नयनसरसी संमुखे प्रेषिते परं केवलम्, तिर्यग् घत्तम् क्षेपं दत्तः ।"

હે સખી ! ઘણું કરીને ગોરીનાં નયનરૂપ સરોવર આંસુનાં પાણીની ધારાથી ઉલ્લસિત થયેલ છે–છલકાઈ ગયાં છે–છલોછલ ભરાયેલાં છે તેને લીધે બીજાં નયનરૂપ સરોવર સામે મોકલ્યાં, પણ માત્ર આડો ક્ષેપ કરે છે–અફળાય છે–પાણીના પ્રવાહ સામે બીજો સામો આવેલો પાણીનો પ્રવાહ અફળાય એ સ્વાભાવિક જ છે.

पग्गिव--

'एसी पिउ, रूसेसु हउं, रुट्ठी मइं अणुणेइ' ।
पग्गिम्व एइ मणोरहइं दुक्करु दइउ करेइ ॥
अेष्यति प्रिय:, रोषिष्यामि अहम्, रुष्टां माम् अनुनयति–अनुनेष्यति ।
प्राय: अेतान् मनोरथान् दुष्करान् दयित: करोति ॥

કોઈ નાયિકા વિચાર કરે છે કે 'મારો પિઉ આવશે, હું રોષ કરીશ–રીસાઈ જઈશ, રુઠેલી એવી મને પિઉ મનાવશે' પણ ઘણું કરીને દયિત–પિઉ–મારી પાસે અનુકૂળ સમયે પહોંચી જાય છે તેથી તે આ મનોરથોને દુષ્કર–ન કરી શકાય એવા–કરી મૂકે છે. અર્થાત્ મને આવા મનોરથોને કરવાનો સમય જ રહેતો નથી.

## वा अन्यथ: अनु: ॥८।४।४१५॥

अन्यथा અવ્યયને બદલે અપભ્રંશ ભાષામાં अनु અવ્યય વિકલ્પે વપરાય છે.

अन्यथा–अनु, अन्नह–બીજી કોઈ રીતે

विरहाणल–जाल–करालियउ पहिउ को वि बुड्डिवि ठिअउ ।
अनु सिसिरकालि सीअलजलहु धूमु कहंतिहु उट्ठिअउ ? ॥

કોઈ સ્થળે શિયાળામાં ઠંડા પાણીમાંથી ધુમાડો નીકળતો જણાય છે,–'અગ્નિ સિવાય ધુમાડો કેમ નીકળે ?' એવા અનુમાનથી કવિ કલ્પના કરે છે કે–ખરેખર, વિરહરૂપ અગ્નિની ઝાળ વડે દાઝેલો હોવાથી દેખાવમાં ભયાનક લાગતો કોઈ પ્રવાસી પાણીના આ ધરામાં પડીને–ડૂબકી મારીને–રહેલો હોવો જોઈએ. અન્યથા–એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન હોય તો-આવી કડકડતી ઠંડીમાં ઠંડા પાણીમાંથી ધુમાડો કઈ રીતે નીકળે ? જો દાઝેલો હોય અને પાણીમાં પડેલ હોય તો જ દાઝેલ પદાર્થમાંથી ધુમાડો નીકળવાનો સંભવ ખરો.

## कुतसः कउ कहंतिहु ॥८।४।४१६॥

कुतस् અવ્યયને બદલે અપભ્રંશ ભાષામાં कउ અને कहंतिहु એવાં બે અવ્યયો વિકલ્પે વપરાય છે.

कुत:-कउ- શાથી ? ક્યાંથી ?

कुत:-कहंतिहु ,, ,,

महु कंतहो गुट्ठ-ट्ठिअहो कउ झुंपडा बलंति ?

अह रिउ-रुहिरें उल्हवइ अह अप्पणें न भंति ॥

જ્યારે મારો કંથ પોતાના ગોઠમાં-રહેવાના સ્થાનમાં-વિદ્યમાન હોય-હયાત હોય-સ્થિત હોય-ત્યારે ઝૂંપડાં કેવી રીતે બળે ? જો કોઈ સળગાવે તો મારો કંથ કાં તો શત્રુઓનું લોહી છાંટીને ઓલવી નાખે અને કાં તો પોતાનું લોહી છાંટીને ઓલવી નાખે. એમાં ભ્રાંતિ-શંકા નથી.

धूमु कहंतिहु उट्ठिअउ । જુઓ ॥૮।૪।૪૧૫॥

## ततः-तदोः तोः ॥८।४।४१७॥

ततः અને तदा એ બન્ને અવ્યયોને બદલે અપભ્રંશ ભાષામાં तो અવ્યય વપરાય છે.

तत:-तो-તેથી

तदा-तो-ત્યારે.

जइ भग्गा पारक्कडा तो सहि ! मज्झु प्रिएण । જુઓ, ૮।૪।૩૭૯ ॥

## एवं-परं-समं-ध्रुवं-मा-मनाकः एम्ब-पर-समाणु-ध्रुवु-मं-मणाउं ॥८।४।४१८॥

एवम् ને બદલે एम्व, परम् ને બદલે पर, समम् ને બદલે समाणु, ध्रुवम् ને બદલે ध्रुवु, मा ને બદલે मं અને मनाक् ને બદલે मणाउं એવાં અવ્યયો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

एवम्-एम्व-એમ, એ રીતે, આમ एवम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परम्–पर–પણ, પરંતુ परम् ।
समम्–समाणु–સાથે समम् ।
ध्रुवम्–ध्रुवु–ધ્રુવ,, નક્કી, અફર–ચોક્કસ–ध्रुवम्
मं–મા–નહીં, મા
म– ,,
मा– ,,

'બહુલં' એટલે આ વિધાન પ્રાયિક હોવાથી मा ને બદલે मं કે म પણ વપરાય છે અને ક્યાંય मा પણ વપરાય છે.

मनाक्–मणाउं–થોડું–મણા

प्रिय–संगमि कउ निद्दडी पिअहो परोक्खहो केम्व ? ।
मइं बिन्नि वि विन्नासिआ, निद्द न एम्ब न तेम्व ॥

પિઉનો સમાગમ થતાં ઊંઘ કઈ રીતે આવે ? અને પિઉ પરોક્ષ–નજર સામે ન–હોય તોપણ ઊંઘ કઈ રીતે આવે ? આમ મારી ઊંઘ બન્ને રીતે એટલે પ્રિયના સંયોગમાં વણસી ગઈ છે અને વિયોગમાં ય વણસી ગઈ છે–ઊંઘ આમે નથી આવતી અને તેમે ય નથી આવતી.

पर–

गुणहि न संपय क्त्ति पर । જુઓ, ॥૮।૪।૩૩૫॥

समाणु–

कंतु जु सीहहो उवमिअइ तं महु खंडिउ माणु ।
सीहु निरक्खय गय हणइ पिउ पयरक्ख समाणु ॥

એક નાયિકા પાસે પોતાના પતિના પરાક્રમનું વર્ણન કરતાં બીજી નાયિકા કહે છે-પરાક્રમની બાબતમાં લોકો મારા કંથને સિંહની ઉપમા આપે છે એટલે મારો કંથ પરાક્રમમાં સિંહ જેવો છે એમ કહે છે. એમ કહેવાથી મારું માન ખંડિત થાય છે. કેમકે સિંહ તો निरक्खय–રખેવાળ વગરના હાથીઓને હણે છે જ્યારે મારો પતિ તો पयरक्ख–પ્રતિરક્ષકો સાથેના અથવા રખેવાળ એવા પાયદળ લશ્કર સાથેના હાથીઓને હણે છે. એટલે મારા કંથને સિંહ સાથે સરખાવવો, એ તેની ન્યૂનતા થઈ કહેવાય, એથી તે ઉપમા બરાબર નથી.

ध्रुवु–

चंचलु जीविउ ध्रुवु मरणु, पिअ ! रूसिज्जइ काइं ? ।
होसइं दिअहा रूसणा दिव्वइं वरिस–सयाइं ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક નાયક પોતાની પ્રિયાને કહે છે કે—જિંદગી ચંચળ-અસ્થિર-છે અને મરણ નિશ્ચિત છે માટે હે પ્રિયે ! શા માટે રીસાય છે ? રીસામણના-રૂસણાવાળા-દિવસો સેંકડો દિવ્ય વરસ જેટલા ઘણા લાંબા થઈ જશે અર્થાત્ એ દિવસો એટલા બધા લાંબા થઈ જશે કે કેમે કરીને ખૂટશે નહીં.

દિવ્ય વરસ એટલે કરોડો મહિના અથવા બ્રહ્માનું વરસ

मं–

मं धणि ! करहि विसाउ । જુઓ. ૮।૪।૩૮૫।

मा धन्ये ! कुरु विषादम् ।

આ સૂત્ર मा ને બદલે मं નો પ્રયોગ વાપરવાની હકીકત કહે છે પણ આ સૂત્રનું વિધાન બાહુલિક હોવાથી કોઈ સ્થળે मा નો તથા म નો પ્રયોગ પણ થાય છે, જેમકે—

मा–

माणि पणट्ठइ जइ न तणु तो देसडा चइज्ज ।
मा दुज्जण-कर-पल्लवेहिं दंसिज्जंतु भमिज्ज ॥

माने प्रणष्टके यदि न तनुम् ततः देशम् त्यजेत् ।
मा दुर्जनकरपल्लवैः दर्श्यमानः भ्रमेत् ॥

પોતાનું તેજ અથવા માન નાશ પામતાં શરીરને છોડી દેવું જોઈએ અર્થાત્ મૃત્યુનો જ સ્વીકાર કરી લેવો જોઈએ, પણ જો શરીરને ન છોડી શકે તો દેશને તો છોડી જ દેજે પણ નઠારા માણસોના હાથની આંગળીઓના ટેરવા વડે દેખાડાતો ન ભમજે. અર્થાત્ કોઈ તારી સામે આંગળી ચીંધે અને એમ કહે કે 'આ પેલો બિચારો રખડે છે' એમ સાંભળવું પડે એમ ન કરજે.

म–

लोणु विलिज्जइ पाणिएण अरि ! खल ! मेह ! म गज्जु ।
बालिउ गलिउ सु झुंपडा गोरि तिम्मइ अज्जु ॥

लवणं विलीयते पानीयेन अरे ! खल ! मेघ ! मा गर्ज ।
ज्वालितं गलितं तत् कुटीरं गौरी तिम्यति अद्य ॥

અરે ! ખલ મેઘ ! તું ગર્જના ન કર. પાણી પડતાં લાવણ્ય-સૌંદર્ય-વિલા જાય છે અથવા મીઠું ઓગળી જાય છે, बालिउ-બાળેલ કે બળી ગયેલ તે ઝુંપડું આજે ચુએ છે તથા ગોરી ભીંજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોધક વૃત્તિ પ્રમાણે બીજો અર્થ આ પ્રકારે છે–'રે દુર્જન બળ્યા મોંના મેઘ ! તું ગર્જના ન કર. ગોરીનું લાવણ્ય પાણી પડતાં વિલાઈ જાય છે, તે ઝુંપડું ગળે છે–ચુએ છે ને ગોરી ભીંજાય છે.

આ બીજા અર્થમાં बालिउ શબ્દ મેઘના વિશેષણરૂપે કલ્પેલ છે.

आर्द्रभाव અર્થનો સૂચક ૧૧૬૦ तिम् કે ૧૧૬૧ तीम् ધાતુ ચોથા दिवादि ગણમાં છે, જેમ तिम्यति પ્રયોગ થાય છે તેમ तीम्यति પ્રયોગ પણ થાય છે. आर्द्रभाव એટલે ભીનું થવું"–આર્દ્ર એટલે આળું–ભીનું–પલળેલ કે ભીંજાયેલ.

मणाउं–

विहवि पणट्ठइ वंकुडउ रिद्धिहिं जण-सामन्नु ।
किं पि मणाउं महु पिअहो ससि अणुहरइ न अन्नु ।

विभवे प्रणष्टके वक्रकः ऋद्धिभिः जनसामान्यः ।
किम् अपि मनाक् मम प्रियस्य शशी अनुहरति न अन्यः ॥

વૈભવ નષ્ટ થતાં વાંકો થઈ જાય છે અને ઋદ્ધિ–સંપત્તિ–વૈભવ–મળતાં સાધારણ જન જેવો રહે છે. મારા પ્રિયનું જો કોઈ થોડું ઘણું અનુકરણ–અનુસરણ–કરતું હોય તો તે એક માત્ર ચંદ્ર છે, બીજું કોઈ નહીં.

દોધકવૃત્તિ પ્રમાણે અર્થ આ પ્રકારે જણાય છે—" વૈભવનો નાશ થયા પછી જ્યારે ફરીવાર સંપત્તિ મળે છે ત્યારે સામાન્ય લોકો વાંકા થાય છે. જેમ ચંદ્ર તરફ તારાઓ વાંકા થાય છે તેમ મારા નિર્ધન પતિની તરફ લોકો વાંકા થાય છે.

શુ૦દિ૦ ના દિવસોમાં એટલે શુક્લપક્ષના દિવસોમાં બીજનો ચંદ્ર વાંકો હોય છે અને તે ધીરે ધીરે શુક્લ પક્ષને છેલ્લે દિવસે પૂરેપૂરો પ્રકાશે છે અર્થાત્ બીજના ચંદ્રનો વૈભવ નષ્ટ થયેલ છે અને પૂર્ણિમાને દિવસે તે પૂરેપૂરો ખીલેલ હોવાથી તેણે પોતાનો પૂરો વૈભવ પ્રાપ્ત કરેલ છે—આ ભાવની અપેક્ષાએ અહીં ચંદ્રની સરખામણી કરેલ જણાય છે.

કોઈએ કપડાં ઘરેણાં વગેરેનો ખુબ ઠાઠ કરેલ હોય તેને જોઈને લોકો કહે છે કે 'હવે કાંઈ 'મણા' નથી—કાંઈ 'ખામી' નથી' આ વાક્યમાં વપરાયેલ 'મણા' શબ્દને પ્રસ્તુત मणाउं સાથે સરખાવી શકાય ખરો. मनाक् નો અર્થ 'અલ્પતા' છે.

"मनाक् ईषत्" અભિધાન૦ કાં૦ ૬ શ્લો૦ ૧૫૩૬ मनाक् એટલે કાંઈક–થોડું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# किल-अथवा-दिवा-सह-नहेः किर-अहवइ-दिवे-सहुं-नाहिं ॥८।४।४१९॥

किल ને બદલે किर, अथवा ને બદલે अहवइ, दिवा ને બદલે दिवे, सह ને બદલે सहुं, અને नहि ને બદલે नाहिं એવા શબ્દો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

આ વિધાન પ્રાયિક હોવાથી કોઈ કોઈ સ્થળે अहुवा ને બદલે अहवइ ન વપરાતાં अहवा પદ પણ વપરાય છે.

किल–किर–ખરેખર–किल
अथवा–अहवइ–અથવા अथवा
अथवा–अहवा ,, ,,
दिवा–दिवे–દિવસે
सह–सहुँ–સાથે सह
नहि–नाहिं–ન–ના પાડવી. नहि

ભાષામાં 'નહીં' તથા ક્યાંય ક્યાંય नाहिं પણ બોલવામાં આવે છે.

किर–

किर न खाइ न पिअइ न वि द्दवइ धम्मि न वेच्चइ रूअडउ ।
इह किवणु न जाणइ जइ जमहो खणेण पहुच्चइ दूअडउ ॥

किल न खादति न पिबति न अपि ददाति धर्मे न व्ययति रूपकम् ।
इह कृपणः न जानाति यदि यमस्य क्षणेन प्रभवति दूतकः ॥

કંજૂસ માણસ ખરેખર ખાતો નથી, પીતો નથી, દેતો નથી તથા ધર્મના કામમાં રૂપિયો–રડો વાપરતો નથી. આવો કંજૂસ માણસ આ જગતમાં જાણતો નથી કે જો જમનો દૂત ક્ષણવારમાં તેની પાસે પહોંચવાનો છે તો આ બધું અહીં જ પડયું રહેવાનું છે.

अहवइ–

अहवइ न सुवंसहँ एह खोडि ।

અથવા સુવંશ–સારા વંશવાળા–લોકોની એ ખોડ નથી.

આ વિધાન બહુલિક હોવાને લીધે अहवा પણ વપરાય છે

जाइज्जइ तहिं देसडइ लब्भइ पिअहो पमाणु–पमाणु ।
जइ आवइ तो आणियइ अहवा तं जि निवाणु ॥

તે દેશમાં જવાનું છે જ્યાં પ્રિયનું કાંઈ પ્રમાણ–એંધાણ–મળે એટલે પ્રિયના કોઈ વાવડ મળે–સમાચાર–જાણી શકાય. જો આવી શકે તો સાથે આણવો–અથવા નહીં આવે તો તે જ મારું નિપાન થશે એટલે તે જ મારું નવાણ–એટલે ઉપકૂપ–અવેડો–થશે અર્થાત્ ત્યાં જ હું અવેડામાં પડીને મરી જઈશ.

મરવા માટે 'કૂવો અવેડો કરવો' એ પ્રયોગ લોકપ્રચલિત છે.

"आहावस्तु निपानम् उपकूपः" હેમ૦ अभिधान० શ્લો૦ ૧૦૯૨.

ઢુંઢિકાકારે निवाणु નો અર્થ નિર્વાણ કર્યો છે પણ પ્રાકૃત निवाण શબ્દ નિર્વાણના અર્થમાં ઘટી શકે નહીં.

'નિર્વાણ' માટે તો निव्वाण શબ્દ જ વપરાય

दिवे

दिवि दिवि–गंगाण्हाणु–રોજ રોજ ગંગાસ્નાન. જુઓ સૂત્ર ૩૯૯

सहुं

जउ पवसंतें सहुं न गयअ न मुअ विओएं तस्सु ।

लज्जिज्जइ संदेसडा दिंतिहिं सुहयजणस्सु ॥

જ્યારે તેણે પ્રવાસ કર્યો ત્યારે સાથે ન ગઈ અને તેનો વિયોગ થતાં મરી પણ ન ગઈ તો સુભગ માણસ બાબત અથવા સુહૃદ–મિત્રરૂપ માણસ બાબત કોઈ સંદેશો દેતાં લાજ આવે છે–ભોંઠપ લાગે છે–શરમ આવે છે અર્થાત પ્રિયની સાથે ન જવાયું તથા વિયોગમાં મરાયું પણ નહીં એવી પરિસ્થિતિમાં હવે સંદેશાનો શો અર્થ એટલે સંદેશો દેતાં લાજ આવે છે.

नाहिं–

एत्तहे मेह पिअंति जलु एत्तहे वडवानलु आवट्टइ ।

पेक्खु गहीरिम सायरहो अेक्क वि कणिअ नाहिं ओहट्टइ ॥

એક બાજુ વાદળાં દરિયામાંથી પાણી પી જાય છે અને એક બાજુ વડવાનલ તેને–દરિયાને–ઓટે છે. જુઓ તો ખરા દરિયાની ગંભીરતા કે એક કણ પણ એટલે એક કણી જેટલો પણ તે ઓછો થતો નથી–એમાં થોડી પણ ઓટ આવતી નથી.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

## पश्चाद्-एवमेव-एव-इदानीं-प्रत्युत-इतसः पच्छइ एवँइ जि एवँहिं पच्चलिउ एत्तहे ॥८।४।४२०॥

पश्चात् ने બદલે पच्छइ, एवमेव ને બદલે एम्वइ, एव ને બદલે जि, इदानीम् ને બદલે एवँहिं, प्रत्युत ને બદલે पच्चलिउ[1] અને इतः ને બદલે एत्तहे એવાં રૂપો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

पश्चात्–पच्छइ–પછી–પાછળથી કે પાછળ
एवमेव–एवँइ–એમ જ–એ જ પ્રમાણે
एव–जि–જ-ચોક્કસ
इदानीं–एवँहिं–હવે–હમણાં.
प्रत्युत–पच्चलिउ–ઊલટું–એને બદલે
इतः–एत्तहे–આ બાજુ–આ તરફ.

पच्छइ–

पच्छइ होइ विहाणु । જુઓ—૮।૪।૩૬૨॥

एवँइ–

एम्वइ सुरउ समत्तु । જુઓ—૮।૪।૩૩૨॥

जि–

जाउ, म जंतउ पल्लवह, देक्खउँ कइ पय देइ ।
हिअइ तिरिच्छी हउँ जि पर पिउ डंबरइं करेइ ॥

જવા દે-ભલે જાઓ, જતાંનો પાલવ ન પકડો–જતાને રોકો નહીં. હું જોઉં છું કે કેટલાં પગલાં આગળ દે છે હું જ હૃદયમાં આડી પડી છું. પરંતુ પ્રિય જવાનો માત્ર ડોળ–દેખાવ–કરે છે.

एवँहिं–

हरि नच्चाविउ पंगणइ विम्हइ पाडिउ लोउ ।
एम्वहिं राह–पओहरहं जं भावइ तं होउ ॥

હરિને આંગણામાં નચાવ્યો. લોકોને વિસ્મયમાં પાડ્યા–નાખ્યા. હવે રાધાના પયોધરોનું જે ભાવે–ફાવે–તે થાય અર્થાત્ રાધાને જે કરવું હતું તે તેણીએ કરી લીધું, હવે જે થવાનું હોય તે થાઓ.

---

૧. ક્યાંય 'पच्चल्लिउ' પાઠ મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पच्चलिउ–

साव–सलोणी गोरडी नवखी क वि विस–गंठि ।
भडु पच्चलिउ सो मरइ जासु न लग्गइ कंठि ॥

ગોરી–સ્ત્રી–એક જુદા જ પ્રકારની–નવા પ્રકારની–કોઈ એવી વિષગ્રંથિ છે–ઝેરીલી ગાંઠ છે કે ઊલટું તેણી જે સુભટને ગળે ન વળગે તો તે સુભટ મરવા પડે છે. વસ્તુતઃ વિષગ્રંથિ જેને વળગે તે મરી જ જાય ત્યારે આ વિષગ્રંથિ તો કોઈ અનેરી છે જે ન વળગે તો સુભટ મરવા પડે છે.

एत्तहे–

एत्तहे मेह पिअंति जलु । જુઓ, ૮।૪।૪૧૯.

## विषण्ण-उक्त-वर्त्मनः वुन्न-वुत्त-विच्चं ॥८।४।४२१॥

विषण्ण ને બદલે वुन्न, उक्त ને બદલે वुत्त અને वर्त्मन् ને બદલે विच्च એવાં રૂપો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

विषण्ण–वुन्न+उ–वुन्नउ–ખેદ પામેલો–વિષાદવાળો.
उक्त–वुत्त+उँ–वुत्तउँ–કહ્યું છે–કહેલ છે.–उक्तकम् અથવા प्रोक्तकम्
वर्त्म–विच्च+इ–विच्चि–વચ્ચે, વચમાં–મારગમાં

मइं वुत्तउं तुहुं धुरु धरहि कसरेहिं विगुत्ताइं ।
पइं विणु धवल ! न चडइ भरु एम्वइ वुन्नउ काइं ? ॥

મેં તને કહ્યું ને કે, હે ધવલ !–હે ઉત્તમ ધોળિયા–બળદ ! તું ધુરને ધારણ કર, બીજા ગળિયાઓએ તો અમને વગોવ્યા છે. તારા વિના હે ધવલ ! આ ભર–ભાર–બીજા કોઈથી ચડશે–ઊપડશે નહીં તો તું એમ જ–નકામો નકામો–વિના કારણ–ખેદ પામેલો છે.

मइं वुत्तउं । જુઓ, ૮।૪।૪૨૧ –ઉપરનું ઉદાહરણ–પદ્ય
जं मणु विच्चि न माइ । જુઓ, ૮।૪।૩૫૦.

## शीघ्रआदीनां वहिल्लआदयः ॥८।४।४२२॥

અપભ્રંશ ભાષામાં शीघ्र વગેરે શબ્દોને બદલે वहिल्ल વગેરે શબ્દો વપરાય છે. એટલે शीघ्र ને બદલે वहिल्ल, झकट ને બદલે घंघल, अस्पृश्यसंसर्ग ને બદલે विट्टाल, भय ને બદલે द्रवक्क, आत्मीय ને બદલે अप्पण, दृष्टि ને બદલે द्रेहि, गाढ ને બદલે निचट्ट, साधारण ને બદલે सड्ढल, असाधारण ને બદલે असड्ढल, कौतुक ને બદલે कोड,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्रीडा ને બદલે खेड्ड, रम्य ને બદલે रवण्ण, अद्भुत ને બદલે ढक्करि, हेसखि ને બદલે हेल्लि, पृथक्पृथक् ને બદલે जुअंजुअ, मूढ ને બદલે नालिअ તથા वढ, नव ને બદલે नवख, अवस्कन्द ને બદલે दडवड, यदि ને બદલે छुड्ड, संबन्धिन्‌ને બદલે केर અને तण, माभैषी: ને બદલે मब्भीसा, 'यद् यद् दृष्टं तत् तत्' એ આખા વાક્યને બદલે जाइट्ठिआ–यद्दृष्टिका–એવા શબ્દો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

જે શબ્દોનું પૃથક્કરણ કે વ્યુત્પત્તિ ઝટ નજરમાં ન આવે એવા શબ્દોને વૈયાકરણો નિપાત દ્વારા સિદ્ધરૂપે સૂચવે છે. સંસ્કૃતમાં જેમ मयूर, महिष, पृषोदर આદિ શબ્દોને નિપાત દ્વારા સાધી બતાવ્યા છે તેમ અહીં वहिल्ल, घंघल વગેરે શબ્દોને शीघ्र વગેરેના આદેશરૂપે નિપાત દ્વારા સૂચવ્યા છે.

આ સ્થળે ગ્રંથકારે 'ઝગડા'ને બદલે 'घंघल' એવો 'घ'વાળો શબ્દ સૂચવેલ છે. પણ ભાષામાં 'ધ'વાળો 'ધાંધલ' શબ્દ 'ઝઘડા'ના અર્થના પ્રચલિત છે.

પાલીતાણા જવા માટે જે શિહોર સ્ટેશને ગાડી બદલવી પડે છે તે શિહોરની પાસે ધાંધળા' નામે એક ગામ છે.

**જેનો આદેશ બતાવેલ છે તે શબ્દ—**

शीघ्र–

**આદેશરૂપ શબ્દ**

वहिल्ल+उ–वहिल्लउ–વહેલો–પહેલવહેલું–જલદી.

झकट–घंघल(? घंघल)+इं–घंघलइं–ઝઘડા–ધાંધલ–ધાંધલિયો.

अस्पृश्यसंसर्ग+विट्टाल+उ–विट्टालु–વટાળ–અસ્પૃશ્યનો સ્પર્શ કે સંસર્ગ–સંબંધ.

भय–द्रवक्क+उ–द्रवक्कउ––ભય–ડર.

आत्मीय–अप्पण+उँ–अप्पणउँ–આપણું–પોતાનું.

द्रष्टि–द्रेहि–दृष्टि–નજર.

गाढ–निच्चट्ट+उ–निच्चट्टु–નિશ્ચિત–ચોક્કસ.

साधारण–सड्ढल+उ–सड्ढलु–સાધારણ–સામાન્ય રૂપ

असाधारण–असड्ढलु–અસામાન્ય–વિશેષરૂપ

कौतुक–कोड्ड+इण–कोड्डेण–કૌતુક વડે.

क्रीडा–खेड्ड+कं–खेड्डयं–ખેલ–ક્રીડા

रम्य–रवण्ण+आ–रवण्णा રમણ–રમણીય–રમ્ય–સુંદર.

अद्भुत–ढक्करि–અદ્ભુત–આશ્ચર્યકારક

हे सखि–हेल्लि–હે અલી !

पृथक्पृथक्–जुअंजुअ–જુદું જુદું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूड–नालिअ–नालिउ–मूढ–અનાડી

मूढ–वढ–મૂર્ખ

नव–नवख+ई–नवखी–નોખી–નવીન–અનેરી–અનોખી

अवस्कन्द–दडवड+उ–दडवडउ–ધાડ–પાડવી–છાપો મારવો

यदि–छुडु–જો

संबन्धिन्–केर

संबन्धिन्–तण

संबन्धीसूचक केर પ્રત્યય–केर+एं–केरएं–केर પ્રત્યયયુક્ત શબ્દની ત્રીજી વિભક્તિનું એકવચન

જેવો અર્થ केर નો છે તેવો જ અર્થ तन–तण– પ્રત્યયનો છે—

अद्यतन–આજનું—નવું–તાજું

पुरातन–પુરાણું–જૂનું

મમતણું–મારું

સંબન્ધીસૂચક–तन છઠ્ઠી વિભક્તિના અર્થનો બોધક પ્રત્યય છે.

જે શબ્દને केर તથા तन–प्रा० तण–પ્રત્યય લાગેલ હોય તેવાં શબ્દરૂપ નામ વિશેષણ રૂપ બને છે અને તેને વિશેષ્ય પ્રમાણે વિભક્તિઓ લાગે છે.

संबन्धी–तण+आ–तणा–કેરા–ના–પ્રસ્તુતમાં 'અમારા'

मा भैषीः–मब्भीसा–मब्भीसडी–અભયવચન–'ડર નહીં' એવું વચન.

माभीषिका–मब्भीसडी– " " "

यद् यद् दृष्टं तत् तद् यस्यां प्रवृत्तौ सा यद्दृष्टिका–जाइट्ठिआ तस्याम् जाइट्ठिआ+ए –जाइट्ठिअए–'જે જે જોયું તે તે એવું'–જે ક્રિયાત્મક પ્રવૃત્તિમાં હોય તે ક્રિયારૂપ પ્રવૃત્તિ यद्दृष्टिका–તેમાં–તેવી પ્રવૃત્તિમાં

ઉપર બતાવેલા वहिल्ल થી માંડીને जाइट्ठिआ સુધીના શબ્દો જ્યાં જ્યાં વપરાયેલ છે તેનાં ઉદાહરણો—

वहिल्ल–

एक्कु कइअह वि न आवहि, अन्नु वहिल्लउ जाहि ।

मइं मित्तडा ! पमाणिअउ पइं जेहउ खलु नाहिं ॥

એક વાત તો એ કે, તું ક્યારેય આવતો નથી. બીજું, આવે તો વહેલો વહેલો ચાલ્યો જાય છે અર્થાત્ આવે છે તો ખરો પણ જલદી જલદી ચાલ્યો જાય છે. આવી તારી રીતભાત જોઈને હે મિત્ર ! મેં પ્રમાણિત–નક્કી–કર્યું છે કે તારા જેવો બીજો કોઈ ખલ–લુચ્ચો–નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાંધલ—

जिवँ सु-पुरिस तिवँ घंघलइं, जिम्व नइ तिम्व वलणाइं ।
जिवँ डोंगर तिवँ कोट्टरइं हिआ ! विसूरहि काइं ? ॥

'ઝગડા'ના અર્થમાં ઘંઘલ-ધાંધલ શબ્દ પ્રસિદ્ધ છે. આ જગતમાં જેમ સજ્જનો છે તેમ ધાંધલ એટલે ધાંધલિયા લોકો પણ છે. જેમ નદીઓ છે તેમ વહેળા ય છે. જેમ ઊંચે ચડવામાં કઠણ એવા ડુંગરો છે તેમ જમીન ઉપર મોટાં મોટાં કોતરો ય છે. આવી સ્થિતિ છે માટે હે હૈયા ! શા માટે ખેદ કરે છે?

તાત્પર્ય એ જણાય છે કે જગતમાં જેમ અમુક અમુક અપેક્ષાએ અમુક અમુક સારું સારું છે તેમ અમુક અમુક અપેક્ષાએ અમુક અમુક નઠારું નઠારુ પણ છે અર્થાત્ સારાનો કે નઠારાનો વ્યવહાર અમુક અપેક્ષાને આધીન છે પણ નિરપેક્ષ નથી : ગધેડો સારો ય છે અને નઠારો પણ છે તેમ હાથી સારોય છે અને નઠારો ય છે. આ અપેક્ષાનો ઉપયોગ માનવીના તમામ વ્યવહારોમાં સ્પષ્ટ પણે પ્રચલિત છે અને આ જાતના વ્યવહારનું નામ જ સાપેક્ષવાદ-સ્યાદ્વાદ-અનેકાંતવાદ-છે.

'ધાંધો' 'ધાંધી' 'ધાંધુ' શબ્દો વિશેષણ રૂપે વપરાય છે. આ 'ધાંધો' વગેરે શબ્દો 'કલહ' અર્થના સૂચક નથી જણાતા પણ 'અવ્યવસ્થિત જેવા' અર્થના સૂચક જણાય છે. આગળ જણાવ્યા પ્રમાણે 'કલહ'-'કજિયો' અર્થનો સૂચક ભાષામાં 'ધાંધલ' શબ્દ પ્રસિદ્ધ છે એટલે એમ લાગે છે કે, પ્રસ્તુતમાં ઘંઘલઇँ નહિ પણ ધંધલઇँ સમજાય તો જરાય અનુચિત નથી. ધંધલ એટલે ધાંધલ-એ શબ્દ ઝગડા અર્થનો દ્યોતક છે. લિપિમાં ઘ અને ધ સરખા જેવા લાગે છે એટલે સંભવતઃ લિપિકારે ધ ને બદલે ઘ કલ્પ્યો હોય એવી કલ્પના થાય છે. એટલે ધંધલઇँ પાઠ સમજવામાં આવે તો અર્થ-સંગતિ થઈ શકે—અથવા ઘંઘલ શબ્દ પણ 'કજિયા' અર્થનો પ્રસિદ્ધપણે સૂચક હોય તો ઘંઘલ પાઠ સમજવામાં ય હરકત નથી. બીજું એ કે જેમ 'સુપુરુષ' છે તેમ 'ધાંધલ'-ઝઘડા-છે એટલે ધાંધલ-ઝઘડા-કરનારા લોકો છે એ અર્થ અહીં સ્પષ્ટપણે અનુકૂળ થઈ શકે તેમ છે અને એ ઘ વાળા ઘંઘલ શબ્દનો કોઈ વિશેષ અર્થ જાણમાં નથી તેથી જ ધંધલ શબ્દને કલ્પવો ઠીક લાગે છે.

વિટ્ટાલુ—

जे छड्डेविणु रयणनिहि अप्पउं तडि घल्लंति ।
तहं संखहं विट्टालु पर फुक्किज्जंत भमंति ॥

રત્નનિધિ જેવા રત્નનિધિને-સમુદ્રને-છોડીને જેઓ પોતાની જાતને સમુદ્રના કાંઠા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર ફૂંકે છે–રાખે છે–તે શંખોને વટાળ થયેલ છે અર્થાત્ તે શંખો પોતાની જાતને રત્નનિધિમાં રાખતા નથી પણ કાંઠે રાખે છે તેથી તેઓને અસ્પૃશ્ય–અધમ–લોકોનો સંસર્ગ થયેલ છે. એથી અધમ–હલકા–લોકો શંખોને ફૂંકતા ઠેરઠેર ભમી રહ્યા છે. અથવા હલકા લોકો દ્વારા ફૂંકાતા શંખો ઠેરઠેર દેખાતા રહ્યા છે.

વર્તમાનમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં શંખો હિંદુમંદિરોમાં તેમ જ જૈન મંદિરોમાં પણ વગાડાય છે. સંભવ છે કે આચાર્યશ્રીના સમયમાં જૈન મંદિરોમાં ગુજરાતમાં શંખોનો ઉપયોગ ઓછો થતો હોય અને વિશેષતઃ હલકા લોકોમાં શંખ વગાડવાનો પ્રચાર હોય.

જૈન પરંપરામાં 'શ્રી નેમનાથ નામના ત્રેવીશમા તીર્થંકરે પાંચજન્ય નામનો અતિ ઉત્તમ શંખ વગાડેલો' એ કથા સુપ્રતિષ્ઠિત છે.

द्रवक्क–

दिवेहिं विढत्तउं खाहि वढ ! संचि म एक्कु वि द्रम्मु ।
को बि द्रवक्कउ सो पडइ जेण समप्पइ जम्मु ॥

હે મૂઢ ! જે કંઈ ભાગ્યવશે પેદા કરેલ છે–રળેલ છે–તેને ખા–ભોગવ. એક પણ દમડો ભેગો ન કર. સંભવ છે કે કોઈ પણ તેવો ભય આવી પડે જેને લીધે જન્મ જ પૂરો થઈ જાય અને રળેલું બધું એમનું એમ જ પડ્યું અહીં રહે.

दिवेहिं विढत्तउं दैवार्जितम् દોધકવૃત્તિ પૃ૦ ૪૨ અથવા दिवेहिं दिवसैः દિવસોની મહેનતથી પેદા કરેલું–રળેલું–એમ પણ ઘટી શકે.

अप्पण–

फोडेंति जे हियडउं अप्पणउं । જુઓ, ૮।૪।૩૫૦ ॥

द्रेहि–

एक्कमेक्कउं जइ वि जोएदि हरि सुट्ठु सव्वायरेण ।
तो वि द्रेहि जहिं कहिं वि राही । को सक्कइ संवरेवि दड्ढ–नयणा नेहे पलुट्टा ॥

જો કે હરિ એકેએકને સારી રીતે પૂરા આદર સાથે જોઈ રહ્યો છે તોપણ દૃઢ–દૃષ્ટિરાગજન્ય–સ્નેહને લીધે જોવા માટે વ્યાકુળ થયેલાં તેનાં નયનોને સંયમમાં કોણ રાખી શકે ? એની દૃષ્ટિ તો જ્યાં ક્યાંય રાધા હોય ત્યાં જ વળી જાય છે.

'દોધકવૃત્તિ'માં આ પદ્યમાં હરિ–નારાયણ–ને કર્મરૂપે અને રાધાને કર્તારૂપે સમજાવેલ છે. અર્થ આ રીતે આપેલ છે—

ખૂબ આદર સાથે રાધા નારાયણનું એકે એક અંગ જો કે જુએ છે તોપણ દૃષ્ટિરાગવાળા દૃઢ સ્નેહને લીધે અંગના જે કોઈ પ્રદેશમાં રાધાએ પોતાની દૃષ્ટિ સ્થાપેલ છે તેને ત્યાંથી કોણ સંવરી શકે–અટકાવી શકે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્થળે दड्ढ શબ્દનો 'દઢ' અર્થ પણ બતાવેલ છે અને 'દૃષ્ટિ રાગવાળો દઢ સ્નેહ' એવો આશય જણાવેલ છે.

पलोट्ट કે पलुट्ट ॥૮।૪।૨૫૮॥ શબ્દનો અર્થ 'સ્નેહને લીધે વ્યાકુળ' એવો સમજવાનો છે અને पलुट्ट 'नयन'નું વિશેષણ છે એમ સમજવાનું છે તથા दड्ढ એટલે દગ્ધ-બળેલ અર્થ પણ લેવાય અર્થાત્ સ્નેહે બળેલ એટલે સ્નેહને લીધે બળતરાવાળાં નયનોને કોણ રોકી શકે ?

निच्चट्ट

विहवे कस्सु थिरत्तणउं जोव्वणि कस्स मरट्टु ? ।
सो लेखडउ पठाविअइ जो लग्गइ निच्चट्टु ॥

વૈભવમાં કોને સ્થિરતા હોય? યૌવનમાં કોને અહંકાર હોય? તો તે લેખ પ્રસ્થાપિત કરવો-મોકલવો-જોઈએ જે બરાબર ચોંટી જાય-બરાબર હૃદયમાં લાગી જાય.

असड्ढल–

कहिं ससहरु कहिं मयरहरु, कहिं बरहिणु कहिं मेहु ? ।
दूर–ठियाह वि सज्जणहं होइ असड्ढलु नेहु ॥

ક્યાં ચંદ્ર અને ક્યાં મકરઘર-સાગર? ક્યાં મોર અને ક્યાં મેઘ? દૂર રહેલા પણ સજ્જનોની વચ્ચે અસાધારણ-વિશેષ-રૂપ-સ્નેહ હોય છે.

कुड्ड–

कुंजरु अन्नहं तरुअरहं कुड्डेण घल्लइ हत्थु ।
मणु पुणु अेक्कहिं सल्लइहिं जइ पुच्छह परमत्थु ॥

જો કે હાથી કૌતુકવડે બીજાં બીજાં મોટાં ઝાડો તરફ પોતાની સૂંઢ લંબાવીને ફેરવતો રહે છે પણ જો સાચું પૂછો તો કહેવું જોઈએ કે તેનું મન તો એક સલ્લકીની વેલ તરફ જાય છે.

खेड्डय–

खेड्डयं कयमम्हेहिं निच्छयं, किं पयंपह ।
अणुरत्ताउ भत्ताउ अम्हे मा चय सामिय! ॥

અમે તો ખરેખર આ રમત જ કરેલી, તમે શું બોલો છો? અમે તો તમારી તરફ અનુરાગવાળાં છીએ-તમારાં ભક્ત છીએ. હે સ્વામી! અમને ન તજો-ન તરછોડો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रवण्ण–

सरिहिं न सरेहिं न सरवरेहिं न वि उज्जाण-वणेहिं ।
देस रवण्णा होंति वढ ! निवसंतेहिं सुअणेहिं ॥

નહીં નદીઓને લીધે, નહીં તળાવોને લીધે, નહીં મોટાં મોટાં સરોવરોને લીધે, નહીં ઉદ્યાનોને લીધે કે નહીં વનોને લીધે દેશો રમણીય હોય છે પણ હે મૂઢ! નિવાસ કરતા સજ્જનોને લીધે દેશો રમણીય હોય છે.

ढक्करि–

हियडा ! पइँ एहु बोल्लियउ महु अग्गइ सय-वार ।
'फुट्टिसु पिए पवसंते हउं' भंडय ! ढक्करि-सार ! ॥

હે અદ્ભુત સારવાળા–કઠણમાં કઠણ! તથા ભાંડ જેવા બેશરમ! હૃદય! તેં મારી આગળ સેંકડોવાર એમ કહેલું કે જ્યારે પિઉ પ્રવાસ કરી જાય ત્યારે હું ફૂટી જઈશ–તૂટી જઈશ.

हेल्लि–

हेल्लि म झंखहि आलु । જુઓ, ૮।૪।૩૭૯.

जुअंजुअ–

एक्क कुडुल्ली पंचहिं रुद्धी तहँ पंचहँ वि जुअंजुअ बुद्धी ।
बहिणुए ! तं घरु कहि किम्व नंदउ जेत्थु कुडुंबउं अप्पणछंदउ ? ॥

એક કોટડી–ઘર–છે, તેને પાંચ જણે રોકેલી છે અને તે પાંચેની પણ મત જુદી જુદી છે. હે બહેન! તું કહે કે તે ઘર કેવી રીતે નંદે–આનંદ પામે, જ્યાં આખુંયે કુટુંબ આપમતીલું–આપમતિવાળું–સ્વચ્છંદી–હોય?

नालिअ–

जो पुणु मणि जि खसफसिहूअउ चिंतइ देइ न दम्मु न रूअउ ।
रइवस-भमिरु करग्गुल्लालिउ घरहिं जि कोंतु गुणइ सो नालिउ ॥

જે માણસ કામવાસનાની આકાંક્ષાને લીધે ભમ્યા કરે છે–મનમાં જ એ ખસફસ થયેલો–આકુળવ્યાકુળ થયેલો ચિંતા કર્યા કરે છે અને દામ ખરચતો નથી, એક રૂપિયો સરખોય દેતો નથી–રૂપિયો પણ ખરચતો નથી તે મૂઢ–અનાડી–ઘરમાં જ રહીને હાથના અગ્રભાગને ઉલાળીને જાણે પોતે ભાલું ચલાવવાનો અભ્યાસ કરે છે એમ સમજે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वढ–

दिवेहिं विढत्तउँ खाहि वढ ! જુઓ, આ ૮।૪।૪૨૨ સૂત્ર.

नवख–

नवखी क वि विस-गंठी। જુઓ, ૮।૪।૪૨૦।

दडवड–

चलेहिं चलंतेहिं लोअणेहिं जे तइं दिट्ठा बालि ! ।
तहिं मयरद्धय–दडवडउ पडइ अपूरइ कालि ॥

હે બાળા ! ચંચળ અને ચાલતાં–સનકારા કરતાં–વાંકાં લોચનો વડે તેં જેમને જોયેલા છે તેમના ઉપર અપૂરતા કાળે–કાચી અવસ્થામાં અકાળે કામદેવની ધાડ –દરોડો કે છાપો–પડે છે.

छुड्ड–

छुड्डु अग्घइ ववसाउ । જુઓ, ૮।૪।૩૮૫।

केर–

गयउ सु केसरि, पिअहु जलु निच्चिंतइं ! हरिणाइं ! ।
जसु केरएं हुंकारडएं मुहहुं पडंति तृणाइं ॥

જેનો હુંકાર સાંભળતાં જ મોંમાંથી તરણાં પડી જાય છે એવો તે કેસરી સિંહ ચાલ્યો ગયો છે તેથી હવે નચિંત થયેલાં એવાં હે હરણાં ! તમે પાણી પીઓ.

तण–

अह भग्गा अम्हहं तणा । જુઓ, ૮।૪।૩૭૯ ॥

मब्भीसा–

सत्थावत्थहं आलवणु साहु वि लोउ करेइ ।
आदन्नहं मब्भीसडी जो सज्जणु सो देइ ॥

જ્યારે લોકો સ્વસ્થ અવસ્થાવાળા–નિરાંતવાળા–હોય છે ત્યારે તેમની સાથે બધાય લોકો આલપન કરે છે–વાતચીત કરે છે પણ આદીનોને–આર્તોને–દીન દુઃખી લોકોને તો જે સજ્જન હોય તે જ અભયવચન આપે છે અર્થાત્ ગભરાવાની કે ડરવાની જરૂર નથી એવું આશ્વાસન આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाइट्टिआ–

जइ रच्चसि जाइट्टिअए हिअडा ! मुद्धसहाव !
लोहें फुट्टणएण जिवँ घणा सहेसइ ताव ॥

મુગ્ધ સ્વભાવવાળા હે હૃદય ! જે જે જોવાનું મળે–અર્થાત્ જે જે જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સુંઘવામાં કે ચાખવામાં આવે એટલે તારી સામે જે કાંઈ આવે–તે બધામાં જો તું રાચવા જઈશ તો તારે ઘણું સહન કરવુ પડશે જેમ બટકી જતા લોઢા વડે ઘણા તાપ સહેવાય છે એટલે લોઢાને જેમ તાપ સહેવા પડે છે તેમ.

## हुहुरु–घुग्घि–आदयः शब्द–चेष्टानुकरणयोः ॥८।४।४२३॥

हुहुरु વગેરે શબ્દો કોઈ શબ્દના અનુકરણરૂપ છે અને घुग्घि વગેરે શબ્દો કોઈ ચેષ્ટાના અનુકરણરૂપ છે.

કોઈના શબ્દનું અનુકરણ કરનારા શબ્દો શબ્દાનુકરણરૂપ શબ્દો કહેવાય છે. એવા શબ્દોમાં हुहुरु વગેરે શબ્દોનો સમાવેશ છે તથા કોઈની ચેષ્ટાનું અનુકરણ કરનારા શબ્દો ચેષ્ટાનુકરણરૂપ શબ્દો કહેવાય છે, એવા શબ્દોમાં घुग्घि વગેરે શબ્દોનો સમાવેશ થાય છે.

ધારો કે એક ઠેકાણે મોટું ટોળું ભેગું થયેલ છે અને એ ટોળાને પાસેના દરવાજામાં પ્રવેશ કરવો છે પણ દરવાજો બંધ છે. જ્યારે દરવાજો ઊઘડ્યો ત્યારે તરત એ આખુંય ટોળું 'હુડુડુ' કરતું દરવાજામાં પેસે છે. આ ટોળાની એકસામટી સમૂહગતિને નામ આપવું હોય તો એમ કહેવાય કે 'હુડુડુ' કરતું ટોળું દરવાજામાં ધસી ગયું. પ્રસ્તુત અપભ્રંશ ભાષાનો 'હુહુરુ' શબ્દ 'હુડુડુ'નો પર્યાય લાગે છે અને તે 'હુડુડુ'ને બદલે સાદૃશ્યથી પંડિતોએ કલ્પેલ અપભ્રંશરૂપ શબ્દ છે. લોકો કૂવામાં નહાય છે. એ વખતે કૂવામાં 'ભૂસકા' મારે છે વા 'ધૂબકા' ખાય છે. અહીં 'ભૂસકો' અને ધૂબકો' શબ્દ પણ નહાવાના શબ્દના અનુકરણરૂપ છે અને એ બન્ને શબ્દો 'હુહુરુ'ની પેઠે જ સ્નાનના અવાજના અનુકરણરૂપ છે. આ તો શબ્દનું અનુકરણ કરી બતાવનારા શબ્દોની વાત થઈ.

બીજા એવા પણ શબ્દો છે જે પ્રાણી વગેરેની ચેષ્ટાના અનુકરણરૂપ હોય છે.

જેમકે વાંદરો ઠેકતો ઠેકતો 'હુક હુક' કરે છે અથવા ઘુ ઘુ કરે છે તે વાનરની ચેષ્ટા બતાવનાર શબ્દ 'હુક હુક'ને અપભ્રંશ ભાષામાં પંડિતજનોએ 'ઘુગ્ઘિનો આકાર આપી આ શબ્દને વાંદરાની ચેષ્ટાના અનુકરણરૂપે અહીં બતાવેલ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ લંગડા માણસની ગતિનું અનુકરણ કરવું અને તે ગતિનો સૂચક જે શબ્દ બનાવીએ તેને ચેષ્ટાના અનુકરણરૂપે અહીં બતાવેલ છે.

ધારો કે કોઈ રોતું હોય, તેના રોવાની ચેષ્ટાનું અનુકરણ કરીને કોઈ માણસ 'રોઈ' બતાવે અને જે શબ્દ કાઢે તે શબ્દ ચેષ્ટાના અનુકરણરૂપે ગણાય.

તેવી જ રીતે કોઈ માણસ બૂકડો મારીને બધું ખાઈ જાય તેના બૂકડા મારવાની ચેષ્ટાને કોઈ કરી બતાવે તે ક્રિયાને ચેષ્ટાના અનુકરણરૂપે અહીં સમજવાની છે.

આ રીતે સરળતાથી સમજાય એ દૃષ્ટિએ શબ્દના અનુકરણને અને ચેષ્ટાના અનુકરણને સમજાવવા જે કલ્પના આવેલ છે તે અહીં બતાવેલ છે. ગ્રંથકારે નીચેના દોહામાં હોજમાં પડતાં જે શબ્દ થાય છે તે શબ્દનું તથા ખાતાં ખાતાં 'કસરક કસરક' એવો જે શબ્દ થાય છે તેનું અને હોકો પીતાં પીતાં હોકાની નીચેના ભાગમાં જે પાણી ભરેલ છે તેનો જે શબ્દ થાય છે તેનું ઉદાહરણ આપેલ હોય એવી કલ્પના થાય છે.

'मइं जाणिउं' વાળા દોહામાં 'हुहुरु' તથા 'खज्जइ नउ कसरक्केहिं' વાળા દોહામાં कसरक्क અને घुंट એ શબ્દોને શબ્દાનુકરણરૂપે બતાવેલ લાગે છે. તથા घुग्घि અને उट्ठबईस એ શબ્દોને 'अज्ज विना हु વાળા દોહામાં અને सिरि जरखंडी વાળા દોહામાં ચેષ્ટાના અનુકરણરૂપે દર્શાવેલ જણાય છે.

જેમ દુઃખ સુખ વગેરે મનના ભાવોને જણાવવા માટે 'અરર', 'હાયહાય' 'હાશ' વગેરે શબ્દો વપરાય છે તેમ અમુક પ્રકારના તે તે શબ્દોને સમજાવવા તે તે જ્ઞાપનીય શબ્દોના અનુકરણ રૂપ શબ્દો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

જેમ 'કોઈ ખાંસી ખાય છે' યા 'છીંક ખાય છે' તેમના શબ્દના અનુકરણરૂપ શબ્દો ભાષામાં પ્રચલિત છે તેમ બીજા પ્રકારના તે તે શબ્દોના અનુકરણરૂપ हुहुरु વગેરે શબ્દો અપભ્રંશ ભાષામાં પ્રચલિત છે તથા લોકોમાં જે જે જુદી જુદી ચેષ્ટાઓ થતી રહે છે તે તમામ ચેષ્ટાઓને સૂચન કરનારા પણ घुग्घि વગેરે શબ્દો પણ અપભ્રંશ ભાષામાં પ્રચલિત છે. જેમ કોઈ માણસ લંગડો ચાલે છે યા તોતડું બોલે છે તેની ચેષ્ટાઓને બતાવનારા ચેષ્ટાનુકરણ રૂપ શબ્દો ભાષામાં પ્રચલિત છે તેમ તે તે ચેષ્ટાને બતાવનારા અનુકરણરૂપ એટલે ચેષ્ટાનુકરણ રૂપ શબ્દો પણ અપભ્રંશ ભાષામાં પ્રચલિત છે.

घुग्घि વગેરે શબ્દો અમુક ચેષ્ટાના અનુકરણ રૂપ છે. અર્થાત્ અપભ્રંશ ભાષામાં શબ્દના અનુકરણરૂપ શબ્દો 'हुहुरु' વગેરે છે તેમ ચેષ્ટાના અનુકરણરૂપ શબ્દો घुग्घि વગેરે પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક પ્રકારની જુદી જુદી ચેષ્ટાઓને અર્થાત્ જે જે વિવિધ ચેષ્ટાઓ જોવામાં આવે છે તે તે તમામ ચેષ્ટાઓને સમજાવવા તે ચેષ્ટાઓના અનુકરણસૂચક घुग्घि-धुधु-વગેરે અમુક શબ્દોનો પ્રયોગ અપભ્રંશ ભાષામાં થાય છે એટલે ગમે તે ચેષ્ટાને શબ્દ દ્વારા વ્યક્ત કરવા સારુ તે તે ચેષ્ટાના અનુકરણરૂપ શબ્દો અપભ્રંશ ભાષામાં વપરાય છે.

પ્રસ્તુત સૂત્રનો પરમાર્થ આ છે કે શબ્દાનુકરણસૂચક 'हुहुरु' વગેરે શબ્દો અપભ્રંશ ભાષામાં વપરાય છે તથા घुग्घि વગેરે ચેષ્ટાના અનુકરણ સૂચકરૂપે અપભ્રંશ ભાષામાં વપરાય છે.

हुहुरु શબ્દનો ઉપયોગ-આ પ્રમાણે સમજવો—કોઈ મોટું ટોળું દરવાજામાં પેસી ગયું હોય તો તેના પેસવાના અવાજનું અનુકરણ કરવા માટે એમ કહેવાય છે કે ટોળું, 'હુહુરુ-હુડુડુ' કરતું પેસી ગયું.

उट्ठबईस વગેરે શબ્દો ચેષ્ટાના અનુકરણમાં અપભ્રંશ ભાષામાં વપરાય છે.

हुहुरु-કૂવામાં કે બીજા જળાશયમાં ઊંચેથી કૂદકો મારતી વખતે બોલાતો

શબ્દ-હુહુરુ—હુડુડુ-'હડડડ'.

कसरक्क-ખાતી વખતે ' કચરક કચરક ' એવો જે અવાજ થાય છે તેના અનુકરણરૂપ શબ્દ.

घुंट-પીતી વખતે 'ઘુંટ' એવો જે અવાજ નીકળે છે તેના અનુકરણરૂપ શબ્દ

घुग्घि-ડોકિયાં કરવાં—વાંદરો જેમ ડોકિયાં કરે છે તેમ કરવું તે ચેષ્ટાનું અનુકરણરૂપ શબ્દ

उट्ठबईस-ઊઠબેસ. ઊભા થવું ને બેસી જવું અને તેમ વારંવાર કરવું અર્થાત્ એવી ચેષ્ટા કરવી તે.

मइं जाणिउं बुड्डीसु हउं प्रेम्म-द्रहि 'हुहुरु' त्ति ।
नवरि अचिंतिय संपडिय विप्पिय-नाव झड त्ति ।।

'હુહુરુ-હુડુડુ' કરતીક કૂદીને હું પ્રેમના ધરામાં બૂડી જઈશ એમ મેં જાણેલું-માનેલું-પણ આ તો એથી ઊલટું થયું કે એ વખતે ઓચિંતી વિપ્રિય-વધારે પ્રતિકૂળ-પ્રવૃત્તિરૂપ નાવડી ઝટ આવીને મારી પાસે પહોંચી ગઈ એટલે પ્રતિકૂળ બનાવ બની ગયો-પ્રેમના ધરામાં બૂડવું તો દૂર રહ્યું પણ ઊલટું જ બની ગયું. અર્થાત્ પિઉના ધ્યાનમાં મારો કોઈ અપરાધ આવી ગયો અથવા મને પિઉનો જ વિયોગ થઈ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कसरक्क–કચરક કચરક

खज्जइ नउ कसरक्केहिं पिज्जइ नउ घुंटेहिं ।
एवँइ होइ सुहच्छडी पिएँ दिट्ठें नयणेहिं ॥

'કચરક કચરક' એવો અવાજ કરીને પિઉને કાંઈ ખવાતો નથી તેમ ઘુંટડે ઘુંટડે પિઉને પીવાતો ય નથી છતાં આંખો વડે દીઠેલા પિયુદ્વારા–એમ જ સુખે બેસવાનું મળે છે–આંખો ઠરીને શીતલ થાય છે.

ઘુગ્ઘિ ઘુઘુ એવી કલ્પિત ચેષ્ટા–

अज्ज वि नाहु महु जि घरि सिद्धत्था वंदेइ ।
ताउँ जि विरहु गवक्खेहिं मक्कड-घुग्घिउ देइ ॥

મારા જ ઘરમાં મારો નાથ હજી તો સરસવના દાણાને વાંદે છે એટલે પ્રવાસ કરતી વખતે મંગળ માટે 'સરસવ' મુખમાં નાખવા એ રીતને અનુસરીને 'સરસવ'ને વાંદે છે તેટલામાં તો ગોખલાઓ વડે માંકડાની જેમ વિરહ, ઘુગ્વિ–ઘુઘુ–કરે છે–ડોકિયાં કરે છે એટલે હવે વિરહ અનુભવવાની વેળા આવી પહોંચી છે એમ લાગવા માંડે છે.

उद्दबईस–

सिरि जर खंडी लोअडी गलि मणिअडा न वीस ।
तो वि गोट्ठडा कराविआ मुद्धएँ उट्ठ-बईस ॥

જુઓ તો ખરા, આ મુગ્ધા કેવી છે કે, જેને માથે જરી–જળી–ગયેલી લોબડી–બકરાંનાં વાળમાંથી બનાવેલી ઓઢણી––લોમપટી–છે; અને જેમાં પૂરા વીશ મણકા પણ નથી એવી કંઠી ગળામાં પહેરેલ છે છતાં તેણીએ ગોષ્ઠ–વાડા–માં રહેનારા બધા જણને ઊઠ–બેસ કરાવેલ છે.

## घइं आदयः अनर्थकाः ॥८।४।४२४॥

અપભ્રંશ ભાષામાં घइं આદિ–વગેરે–કેટલાક નિપાતશબ્દો પદ્યમાં પાદપૂર્તિ માટે અને ગદ્યમાં વાક્યાલંકાર માટે વપરાય છે પણ તે નિપાતો કોઈ જાતનો અર્થ સૂચવવા નથી વપરાતા–નિરર્થક–વપરાય છે. 'આદિ' એમ કહ્યું છે તેથી खाइं વગેરે શબ્દોનો પ્રયોગ પણ એ રીતે અનર્થક જ સમજવો.

વેદની ભાષામાં જે ग्विं એવો નિપાત વપરાય છે તે પણ અનર્થક જ હોય છે. પ્રસ્તુત घइं અને વેદોમાં વપરાતો ग्विं એ બન્ને શબ્દો સરખાવવા જેવા છે. "से किं खाइं ए" આ વાક્યમાં खाइं શબ્દનો કોઈ ખાસ અર્થ નથી. માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલવા ખાતર જ બોલાએલ છે.

આ खाइं શબ્દને પ્રસ્તુત घइं તથા गिंव શબ્દો સાથે સરખાવી શકાય. જુઓ **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર-ભગવતીસૂત્ર**-મૂળ સટીક અનુવાદ પૃ૦ ૩૦૭ શતક ૨, ઉદ્દેશક ૧૦ તથા पाइअसद्दमहण्णवो નામના કોશમાં પણ આ खाइ શબ્દ નોંધેલ છે.

આપણા લોકોમાં વાતચીત કરતી વખતે ઘણા લોકો વચ્ચે વચ્ચે 'સમજ્યા કે' 'સાંભળ્યું કે' 'ખબર છે ને કે' એવા શબ્દોને વારંવાર બોલવાની ટેવવાળા હોય છે અને તેમના આ શબ્દોનો કોઈ અર્થ જ નથી હોતો.

घइं – કશો અર્થ નથી–કેટલીક વખતે ટેવને લીધે બોલતી વખતે કેટલાક શબ્દો નિષ્પ્રયોજન જ વપરાય છે તેવો આ घइं શબ્દ છે.

खाइं– આ શબ્દ પણ એવો જ નિરર્થક છે છતાં અપભ્રંશ ભાષામાં બોલતાં બોલતાં વપરાય છે.

अम्मडि ! पच्छायावडा पिउ कलहिअउ विआलि ।
'घइं' विवरीरी बुद्धडी होइ विणासहो कालि ॥

હે અમ્મા ! હું સાંજને સમયે મારા પિઉની સાથે કજિયો કરી બેઠી, હવે ભારે પસ્તાવો થાય છે પણ શું થાય ?

જ્યારે વિનાશ થવાનો કાળ આવ્યો હોય ત્યારે મતિ ઊલટી થઈ જાય છે. અનુભવી પુરુષોએ કહેલું જ છે કે—

ઘો જ્યારે મરવાની થાય ત્યારે જ તે ઢેઢવાડે પહોંચી જાય છે.

## तादर्थ्ये केहिं–तेहिं–रेसि–रेसिं–तणेणाः ॥८।४।४२५॥

જ્યારે 'તેને માટે' એવો અર્થ સૂચવવો હોય ત્યારે કોઈ પણ નામની સાથે અપભ્રંશ ભાષામાં केहिं, तेहिं, रेसि, रेसिं અને तणेण નિપાતોમાંથી કોઈ પણ એક નિપાત વપરાય છે.

| | | |
|---|---|---|
| केहिं–'માટે'ના અર્થનો સૂચક નિપાત. | | तउ केहिं–તારા માટે |
| रेसि– | ,, ,, | अन्नहिं रेसि–બીજીને માટે |
| तणेण | ,, ,, | वड्डत्तणहो तणेण–વડાઈ–મોટાઈ–માટે |

આ પ્રમાણે तेहिं તથા रेसिंનાં ઉદાહરણો પણ સમજી લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ढोल्ला ! एह परिहासडी अइभन कवणहिं देसि ।

हउं झिज्झउँ तउ केहिं पिअ ! तुहुँ पुणु अन्नहे रेसि ॥

હે નાયક ! આ અદ્ભુત પરિભાષા-રીત-અથવા પરિહાસ-મશ્કરી-કયા દેશમાં છે કે તારે માટે હું ક્ષય-ક્ષીણતા-નાશ—પામું અને તું બીજી માટે ક્ષય-નાશ-પામે.

'ઢુંઢિકા'માં અને 'દોધકવૃત્તિ'માં अइभनનો 'અદ્ભુત' અર્થ કરેલો છે. કેટલાક વિદ્વાનો अइ-अयि-અને भन-मण-એમ બે શબ્દો કલ્પે છે, એ બન્નેના અર્થો અહીં બંધબેસતા થઈ જાય એમ છે.

वड्डत्तणहो तणेण । જુઓ, ૮।૪।૩૬૬ ॥

## पुनः-विनः स्वार्थे डुः ॥८।४।४२६॥

पुनर् શબ્દને તથા विना શબ્દને અપભ્રંશ ભાષામાં સ્વાર્થમાં उ-डु-પ્રત્યય લાગે છે એટલે पुनः ને બદલે पुणु અને विना ને બદલે विणु શબ્દ વપરાય છે.

पुनः-पुणु-વળી.

विना-विणु-વિના.

सुमरिज्जइ तं वल्लहउँ जं वीसरइ मणाउँ ।

जहिं पुणु सुमरणु जाउं गउ तहो नेहहो कइँ नाउँ ? ॥

વહાલું તે જ કહેવાય જે સ્મરણમાં સતત આવતું રહે અને કદાચ જ જરાક-થોડું-ભૂલી જવાય. પરંતુ જે સ્નેહસંબંધનું સ્મરણ થયું કે તરત જ તે ચાલ્યું જાય તે સ્નેહને-તેવા સ્નેહને-શું નામ આપવું ?

અથવા—વળી, જ્યાં સ્નેહનું સ્મરણ જ ચાલ્યું ગયું જણાય અને સંભારતાં છતાં ય ફરી યાદ જ ન આવે કે મહામુશીબતે યાદ આવે તો તે સ્નેહને શું નામ આપવું ? અર્થાત્ જે સ્નેહને યાદ રાખવા સારું તેને વારંવાર ગોખી રાખવો પડે તો તે શું સ્નેહ કહેવાય ખરો ?

અથવા-જે જે સ્નેહને ફરી ફરીને સ્મરણ કરીને જ યાદ રાખી શકાય તો તે સ્નેહને શું નામઆપવું ? )

विणु जुज्झें न बलाहु । જુઓ, ૮।૪।૩૮૬ । )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अवश्यमः डें-डौ ॥८।४।४२७॥

અપભ્રંશ ભાષામાં एँ–डें–અને अ–ड–પ્રત્યયો લગાડીને अवश्यम् શબ્દનો ઉપયોગ કરાય છે એટલે अवश्यम् ને બદલે अवसें અને अवस એવા બે શબ્દો વપરાય છે.

अवश्यम्+एँ–अवसें–અવશ્ય–ચોક્કસ.

अवश्यम्+अ–अवस– ,,

जिब्भिंदिउ नायगु वसिकरहु जसु अधिन्नइँ अन्नइं ।

मूलि विणट्ठइ तुंबिणिहे अवसें सुक्कहिं पण्णइं ॥

બીજી બીજી આંખ વગેરે ઇંદ્રિયો જેને આધીન છે–તાબામાં છે–એવી જીભ ઇંદ્રિયરૂપ નાયક–સરદાર–ને વશ કરો. તુંબડીની વેલનું મૂળ વિનાશ પામી જાય તો તેનાં પાનાં–પાંદડાં–તો આપોઆપ અવશ્ય–ચોક્કસ–સુકાઈ જ જાય. અર્થાત્ મૂળ નાયકનો જ નાશ કરવા ઉદ્યમ કરો.

अवस न सुअहिं सुहच्छिअहिं । જુઓ, ૮।૪।૩૭૬ ॥

## एकशसः डिः ॥८।४।४२८॥

एकशस् શબ્દને इ–डि–પ્રત્યય લગાડીને તેનું एक्कसि રૂપ અપભ્રંશ ભાષામાં વપરાય છે.

एक्कशस्+इ–एक्कसि–એકવાર.

एक्कसि सील–कलंकिअहँ दिज्जहिं पच्छित्ताइं ।

जो पुणु खंडइ अणुदिअहु तसु पच्छित्तें काइँ ? ॥

જેમનું શીલ એકવાર કલંકિત–દૂષિત–થયું હોય તેમને તો પ્રાયશ્ચિત્ત આપવું ઠીક છે પણ શીલને રોજ રોજ જે ખંડે છે–ખંડિત કરે છે–તેને પ્રાયશ્ચિત્ત દેવાથી શું ?

## अ-डड-डुल्लाः स्वार्थिकलुक् च ॥८।४।४२९॥

अ, अड–डड–અને उल्ल–डुल्ल–એ ત્રણમાંથી કોઈ એક પ્રત્યય લગાડીને પણ અપભ્રંશ ભાષામાં કોઈ પણ નામને વાપરવામાં આવે છે.

આ ત્રણ પ્રત્યયો લગાડતાં સંસ્કૃતમાં વપરાતા નામને લાગેલા સ્વાર્થિક क પ્રત્યયનો લોપ થાય છે.

આ પ્રત્યયો લગાડયા પછી નામના અર્થમાં કશો ફેર પડતો નથી તેથી આ પ્રત્યયોને સ્વાર્થિક પ્રત્યયો ગણવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अ–करालित+क–करालितक–करालिअ+अ–करालिअअ+उ–करालिअउ–વિકરાળ

दृष्ट+क–दिट्ठ+अ-दिट्ठअ+उ–दिट्ठउ–દીઠો.

अग्निष्ठ–क–अग्गिट्ठ+अ–अग्गिट्ठअ+उ–अग्गिट्ठउ–અંગીઠીરૂપ–સગડીરૂપ

अड–दोष+क–दोषक–दोस+अ–दोस+अड–दोसड+आ–दोसडा–દોષો.

उल्ल–कुटिका–कुडिआ+उल्ल–कुडुल्ल+ई–कुडुल्ली–કોટડી–નાનું ઘર

विरहाणलजालकरालिअउ पहिउ पंथि जं दिट्ठउ ।

तं मेलवि सव्वहिं पंथिअहिं सो जि किअउ अग्गिट्ठउ ॥

વિરહરૂપ અગ્નિની જ્વાળોથી તપેલા વિકરાળ લાગતા પથિકને-પ્રવાસીને-માર્ગમાં જોયો તેથી બીજા તમામ પંથીઓએ-વટેમાર્ગુઓએ ભેગા મળીને તે તપેલા વિકરાળ પથિકને જ અંગીઠીરૂપે બનાવી તાપવાની સગડીરૂપે-ઉપયોગ કર્યો.

महु कंतहो बे दोसडा । જુઓ, ૮।૪।૩૭૯ ॥

एक्क कुडुल्ली पंचहिं रुद्धी । જુઓ, ૮।૪।૪૨૨ ॥

## योगजाः च एषाम् ॥८।४।४३०॥

ઉપરના સૂત્રમાં સ્વાર્થના સૂચક જે ત્રણ પ્રત્યયો अ, अड અને उल्ल જણાવેલા છે તે પ્રત્યયોનો પરસ્પર સંયોગ કરવાથી જે પ્રત્યયો થાય તે બધા વારાફરતી અપભ્રંશ ભાષામાં નામને લગાડવામા આવે છે.

डड+अ–अडअ । डुल्ल+अ–उल्लअ । डुल्ल+अड+अ–उल्लअडअ ।

ઊપર જણાવેલા આવા ત્રણ પ્રત્યયો અપભ્રંશમાં વપરાય છે.

डडअ–अडअ–हृदय+क–हृदयक–हियय–हिय+डडअ–हियडअ+उँ–हियडउँ–હૈડું–હૃદય. અહીં हृदय શબ્દના યનો ૮।૧।૨૬૯।। સૂત્રથી લોપ કરવો અને પછી हिय+अडअ–हिअडअ પ્રયોગ બનાવવો.

उल्लअ–चूडक+उल्लअ–चूडुल्लअ+उ–चूडुल्लउ–ચૂડલો.

उल्लडअ–बलक+उल्लडअ–बलुल्लडअ+अस्–बलुल्लडा–બળને

उल्लअडअ–बाहुबल+उल्लअडअ–बाहुबलुल्लअडअ–ल्लडअ–ल्लड+अस्–बाहुबलुल्लडा–બાહુબળને.

આ છેલ્લા પ્રયોગમાં उल्लअडअ પ્રત્યય લાગ્યા પછી પ્રાકૃતમાં નામને લાગનાર દ્વિતીયાના બહુવચનનો આ પ્રત્યય લાગેલ છે. ૩૩૦ મા સૂત્રથી જ્યારે દીર્ઘ ન થાય ત્યારે बलुल्लअडअ એવું મૂળરૂપ સમજવું. આ પ્રયોગમાં ત્રણે પ્રત્યયોનો યોગ છે. उल्ल+अड+अ–डुल्लअडअ.

ખરી રીતે बलुल्लअडअ એમ પ્રયોગ થાય પણ अडअના અનો લોપ થઈ જવાથી बलुल्लडअ પ્રયોગ થયેલ છે. આ રીતે બનેલા बलुल्लडअ શબ્દને લાગેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી વિભક્તિના બહુવચન अस् પ્રત્યયનો ૩૪૪ મા સૂત્રથી લોપ કરવો અને बलुल्लडअ ના અંત્ય अ નો आ કરવો.

फोडेंति जे हिअडउँ अप्पणउँ । જુઓ, ८।४।३५०।

चूडुल्लउ चुण्णीहोसइ । જુઓ, ८।४।३९५।

सामि-पसाउ सलज्जु पिउ सीमासंधिहिं वासु ।

पेक्खिवि बाहुबलुल्लडा धण मेल्लइ नीसासु ॥

પોતાના પતિ ઉપર સ્વામીનો પ્રસાદ–કૃપા, પ્રિયતમનો શરમાળ સ્વભાવ, જ્યાં બે રાજ્યોની હદ ભેગી થાય છે ત્યાં રહેઠાણ અને સ્વામીનું બાહુબળ–એ બધું જોઈને ધણ–ધણિયાણી–સ્ત્રી–નિસાસો મૂકે છે. અર્થાત્ આ સ્થિતિમાં પ્રિયતમ કોણ જાણે ક્યારે લડાઈમાં ચાલ્યો જાય અને વિરહ સહન કરવો પડે એ વિચારથી તે શૂરવીરની સ્ત્રી નિસાસો મૂકે છે.

## स्त्रियां तदन्ताद् डीः ॥८।४।४३१॥

ઉપરનાં બે સૂત્રોમાં એટલે ८।४।४२९ અને ८।४।४३० સૂત્રોમાં કહેલા अ, डड, डुल्ल એટલે उल्ल પ્રત્યય તથા डड, डडअ, डुल्लअ અને डुल्लडअ એવા પ્રત્યયો જે નામને લાગ્યા હોય તે નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે અપભ્રંશ ભાષામાં ई–डी–પ્રત્યય લગાડવો.

गोरी+क–गोरीका-गोरी+अड--गोरड+ई–गोरडी–ગોરી

कुटी+क–कुटिका+डुल्ल-कुडुल्ल+ई–कुडुल्ली–કોટડલી–કોટડી–નાનું ઘર.

पहिआ ! दिट्ठी गोरडी ? दिट्ठी, मग्गु निअंत ।

अंसूसासेहिं कंचुआ तितुव्वाणु करंत ॥

હે પથિક ! ગોરીને દીઠી ? હા, દીઠી, પણ પોતે પહેરેલી કાંચળીને આંસુઓ વડે ભીની (तित–ભીની) કરતી અને લાંબા ઉચ્છ્વાસો વડે તે જ કાંચળીને સૂકી (उव्वाण–સૂકી) કરતી તથા તારો મારગ જોતી એટલે તારી વાટ જોતી એવી ગોરીને દીઠી.

एक्क कुडुल्ली पंचहिं रुद्धी । (જુઓ, ८।४।४२२)

## अ+अन्तात्–आन्ताद् डाः ॥८।४।४३२॥

જે પ્રત્યયને છેડે अ હોય એવા પ્રત્યયો જે નામને લાગ્યા હોય અને એવા નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે અપભ્રંશભાષામાં आ પ્રત્યય લાગે છે. જ્યાં આ નિયમ લાગે ત્યાં ઉપરનું ८।४।४३१મું સૂત્ર ન લાગે. ઉપરના સૂત્રનું આ સૂત્ર અપવાદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धूलि+क+आ–धूलिका+अड–धूलड+आ–धूलड+इ+आ–धूलडिआ–ધૂળ.

पिउ आइउ, सुअ वत्तडी, झुणि कन्नडइ पइट्ठ ।

तहो विरहहो नासंतअहो धूलडिआ वि न दिट्ठ ॥

પિઉ આવ્યો, એવી વાત સાંભળી અને એનો અવાજ મારા કાનમાં પેઠો એટલામાં તો નાશી જતા તે વિરહની ધૂળ પણ દીઠામાં ન આવી. અર્થાત્ વિરહ ઝપાટાબંધ નાશી ગયો.

कन्नडइ–कर्ण–कण्ण+डडअ–कण्णडअ+इ–कण्णडइ–આવો પ્રયોગ થવો જોઈએ છતાં વ્યાકરણમાં અને દોધકવૃત્તિમાં પણ कन्नडइ આવો એ 'न' વાળો પ્રયોગ મળે છે. ण्ण નો न्न કરવાનો કોઈ નિયમ જણાતો નથી. એથી कन्नडइ પ્રયોગ કેવી રીતે સાધવો ? એ પ્રશ્ન જરૂર વિચારણીય લાગે છે પ્રસ્તુતમાં બધે कन्नडइ આવો એ 'न' વાળો પ્રયોગ મળે છે. જેથી આ અનુવાદમાં પણ कन्नडइ પાઠ રાખેલ છે. છેવટ बहुलम् કે आर्षम्નો આશ્રય લઈ એ પ્રયોગ સાધી શકાય ખરો પણ આ સારી શિષ્ટ રીત લાગતી નથી.

## अस्य इत् ए ॥८।४।४३३॥

સ્ત્રીલિંગી નામના अ કાર પછી જો પૂર્વોક્ત ૮।૪।૪૩૨ સૂત્રથી ए[1] એટલે आ પ્રત્યય આવ્યો હોય તો તે નામના अ કારનો અપભ્રંશ ભાષામાં इ કાર થઈ જાય છે.

धूलि+अड–धूलड+आ–धूलडआ–धूलडिआ

धूलडिआ वि न दिट्ठ । જુઓ, ૮।૪।૪૩૨ ॥

कन्नड નામ નારીજાતિમાં નથી. પુંલિંગમાં છે તેથી તેને 'आ' પ્રત્યય લાગ્યો નથી અને એમ થવાથી कन्नडનું कन्नडा થયું નહીં તેથી कन्नडिआइ પણ ન થયું.

સંભવ છે કે कण्णड શબ્દમાં ण्ण અને ड એ બન્ને એકસાથે આવેલા છે અને આ શબ્દમાં સાથે આવેલા બે મૂર્ધન્યોના ઉચ્ચારણમાં એટલી સુકરતા નથી જેટલી સુકરતા क જોડેના न्न અને ड ના ઉચ્ચારણમાં છે. આ અપેક્ષાએ વિચારતાં પણ એમ જણાય છે કે કદાચ બોલનારા લોકોએ જ कण्ण ને બદલે कन्न નો પ્રચાર કરેલો હોય અથવા લિપિ કરનારા લહિયાઓએ જ कण्ण ને બદલે कन्न લખી વાળ્યું હોય.

ण्ण અને न्न એ બે વચ્ચે લિપિની અપેક્ષાએ પણ ઓછું સામ્ય નથી.

હસ્તલિખિત પોથીઓમાં अन्न ને બદલે अण्ण તથા अन्नोन्न ને બદલે अण्णोण्ण લખેલું વારંવાર વાંચવા મળે છે.

झुणि कन्नडइ पइट्ठ । જુઓ, ૮।૪।૪૩૨ ॥

---

૧. આ શબ્દનું સપ્તમીનું એકવચન ए છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## युष्मदादेः ईयस्य डारः ॥८।४।४३४॥

युष्मत्, अस्मत्, त्वत्, मत् આદિને લાગેલા સંબંધસૂચક ईय પ્રત્યયવાળા રૂપ युष्मदीय, अस्मदीय, त्वदीय, मदीय વગેરેમાંના ईय પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં आर-डार-પ્રત્યય વપરાય છે.

ईय પ્રત્યય માટે જુઓ સિદ્ધહેમ સંસ્કૃત શબ્દાનુશાસન લઘુવૃત્તિ ૬।૩।૩૨॥
त्वद्+ईय-तुह+आर-तुहार+इण-तुहारेण-તારા સંબંધી વડે પ્રસ્તુતમાં-તારા સંદેશા વડે.

अस्मद्+ईय-अम्ह+आर-अम्हार+आ—

मत्+ईय-मह+आर-महार+आ-महारा-મારા

એ જ રીતે युष्मद्+ईय-तुम्ह+आर-तुम्हार-तुम्हारो-તમારા

तुम्हार-तुम्हारो, तुम्हारं, तुम्हारे ।
तुहार-तुहारो, तुहारं तुहारे ।

युष्मद् ના तुम्ह માટે જુઓ ૮।૧।૨૪૬ તથા तुह માટે જુઓ ૮।૩।૯૯

अस्मद्+ईय નું अम्ह+आर—
अम्हार-अम्हारो, अम्हारं, अम्हारे ।
महार-महारो, महारं, महारे ।—વગેરે

अस्मद् ના अम्ह માટે તથા मह માટે જુઓ ૮।૩।૧૧૩॥

ઉપર જણાવેલ तुहार વગેરેનાં વિભક્તિવાળાં બધાં રૂપો अ કારાંત નામની જેવાં સમજી લેવાં,

નારીજાતિ હોય તો-अम्हारी, तुम्हारी। महारी, तुहारी વગેરે રૂપો સ્ત્રીલિંગી નામની જેવાં સમજી લેવાં.

નપુંસકલિંગ હોય તો-अम्हारं, महारं। तुम्हारं, तुहारं વગેરે રૂપો નપુંસકલિંગી નામની જેવાં સમજી લેવાં.

संदेसें काइँ तुहारेण? जं संगहो न मिलिज्जइ ।

सुइणंतरि पिएँ पाणिएण पिअ! पिआस किं छिज्जइ ?॥

જો સંગ કરીને મળી શકાતું ન હોય તો તારો સંદેશો મળે એથી શું વળે? પિઉ! સ્વપ્નમાં જે પાણી પીધું હોય તેનાથી પ્યાસ-તરસ-છેદાય ખરી! છીપે ખરી!

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ઉપરના પદ્યમાં पीत શબ્દનું पीअ રૂપાંતર થવું જોઈએ પણ ૪૪૭ ના નિયમથી पिअ થઈ ગયેલ છે. पिअ નું તૃતીયા એકવચન पिएं થયેલ છે. જુઓ ૮।૪।૩૩૩।। તથા ૩૪૨.

## अतोः डेत्तुलः ।।८।४।४३५।।

इदम्, किम्, यत्, तत् અને एतत् એ દરેક શબ્દને લાગતા પરિમાણ–માપ–સૂચક (૭।૧।૧૪૮ તથા ૧૪૯) अतु પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં एत्तुल–डेत्तुल–પ્રત્યય વપરાય છે.

આ एत्तुल પ્રત્યય લાગે ત્યારે इदम् વગેરે શબ્દોના આદિ અક્ષર સિવાયના બાકીના ભાગનો એટલે इदम् ના दम् નો, किम् ના इम् નો, यत् ના તથા तत् ના તેમ જ एतत् ના अत् નો લોપ થાય છે અથવા આખા एतत् નો લોપ થાય છે.

इदम्+अतु (इयतु–इयान्)–इदम्+एत्तुल-एत्तुलो એટલો।

किम+अतु (कियतु–कियान्)–किम्+एत्तुल–केत्तुलो કેટલો।

यत्+अतु (यावतु–यावान्)–यत्+एत्तुल–जेत्तुलो જેટલો।

तत्+अतु (तावतु–तावान्)–तत्+एत्तुल–तेत्तुलो તેટલો।

एतत्+अतु (एतावतु–एतावान्)–एतत्+एत्तुल–एत्तुलो એટલો।

નારીજાતિમાં–एत्तुली, केत्तुली, जेत्तुली, तेत्तुली અને एत्तुली એવાં રૂપો વપરાય છે.

નપુંસકલિંગમાં-एत्तुलं, केत्तुलं, जेत्तुलं, तेत्तुलं અને एत्तुलं એવાં રૂપો વપરાય છે.

## त्रस्य डेत्तहे ।।८।४।४३६।।

सर्व વગેરે નામોને સપ્તમીના અર્થનો સૂચક જે त्र પ્રત્યય લાગે છે તેને બદલે અપભ્રંશ ભાષામાં एत्तहे–डेत्तहे–પ્રત્યય વપરાય છે.

त्र પ્રત્યય માટે જુઓ સિદ્ધ૦ સંસ્કૃત૦ શબ્દા૦ લઘુવૃત્તિ ૭।૨।૯૨ તથા ૯૩ અને ૯૪ સૂત્ર

इदम+त्र–अत्र–इदम्+एत्तहे–एत्तहे–અહીં

तत+त्र–तत्र–तत्+एत्तहे–तेत्तहे–તહીં–ત્યાં.

આ રીતે किम् નું केत्तहे, सर्व નું सव्वेत्तहे, यत् નું जेत्तहे, एतत् નું एत्तहे पूर्व નું पुव्वेत्तहे, पर નું परेत्तहे, अपर નું अपरेत्तहे વગેરે રૂપો સમજી લેવાં.

एत्तहे तेत्तहे बारि घरि लच्छी विसंठुल धाइ ।<br>
पिअ–पब्भट्ठ व गोरडी निच्चल कहिं वि न ठाइ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણે કે પોતાના પ્રિયતમથી વિખૂટી-પડી ગયેલી-જુદી પડી ગયેલી-ગોરીની પેઠે-વિહ્વલ-અસ્થિર-લક્ષ્મી-લાછ-અહીં તહીં ગમે ત્યાં બહાર કે ઘર તરફ દોડયા કરે છે, તે ક્યાંય ઠરીને નિશ્ચલ રહેતી નથી.

## त्व-तलोः प्पणः ॥८।४।४३७॥

ભાવવાચક त्व કે तल् પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં प्पण પ્રત્યય વપરાય છે. આ प्पण પ્રત્યય ન વપરાય ત્યારે પ્રાકૃત ભાષામાં આ ૮।૨।૧૫૪ નિયમ દ્વારા त्तण પ્રત્યય અને इमा પ્રત્યય પણ વપરાય છે.

त्व અને तल् પ્રત્યય માટે જુઓ સિદ્ધહેમ૦ શબ્દા૦ લઘુ૦ ૭।૧।૫૫ વગેરે સૂત્રો.

प्पण–

वृद्ध+त्व–वुद्ध+प्पण–वड्ड+प्पण+उ–वड्डप्पणु–વડપણ–મોટાઈ. બાલપણ, ઘડપણ વગેરે શબ્દોમાં પણ पण પ્રત્યય છે.

वृद्ध+त्व–वुद्ध+त्तण–वड्डत्तण+हों–वड्डत्तणहों–વડપણનું–મોટાઈનું.

वड्डप्पणु परिपाविअइ । જુઓ ૮।૪।૩૩૭।

वड्डत्तणहो तणेण । જુઓ ૮।૪।૩૩૭।।

इमा–

इमा–पीण+इमा–पीणिमा–પીનતા–પુષ્ટતા. इमन् પ્રત્યય માટે જુઓ ૭।૧।૧૫૮।।

आत्मन् શબ્દના अप्पण રૂપ સાથે પ્રસ્તુત प्पण ને સરખાવી શકાય. સંસ્કૃતમાં 'ભાવ' અર્થના इमन् પ્રત્યયની સાથે પ્રસ્તુત इमा પ્રત્યયને સરખાવી શકાય.

त्तण માટે જુઓ ૮।૨।૧૫૪।।

## तव्यस्य इएव्वउं एव्वउं एवा ॥८।४।४३८॥

तव्य પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં इएव्वउं, एव्वउं અને एवा એમ ત્રણ પ્રત્યયોમાંથી કોઈ પણ પ્રત્યય વપરાય છે.

इएव्वउं–कृ–कर्+तव्य–कर्+इएव्वउं–करिएव्वउं કરવાનું–કરવું–કર્તવ્ય

मृ–मर्+तव्य+मर्+इएव्वउं–मरिएव्वउं મરવાનું–મરવું

एव्वउं–सह+तव्य–सह+एव्वउं–सहेव्वउं સહેવાનું–સહેવું–સહન કરવા યોગ્ય

एवा–स्वप्+तव्य–(स्वप् નો सुव् અને તે પછી તેનો सो થાય) सो+एवा–सोएवा સુવાનું–સૂવું–સૂવા યોગ્ય

जागृ+तव्य–जग्गृ+एवा–जग्गेवा જાગવાનું–જાગવું–જાગવા યોગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]एउ गृण्हेप्पिणु ध्रु मइँ जइ प्रिउ उव्वारिज्जइ ।
महु करिएव्वउँ किं पि न वि मरिएव्वउं पर देज्जइ ॥

"एतद् गृहीत्वा यदि मया प्रिय उद्वर्यते त्यज्यते तर्हि"—દોધકવૃત્તિ. એ ગ્રહણ કરીને મારે જો પ્રિયને તજી દેવાનો હોય તો મારું કાંઈ પણ કર્તવ્ય નથી પરંતુ મને મરણ દેવામાં આવે.

देसुच्चाडणु सिहिकढणु घण-कुट्टणु जं लोइ ।
मंजिट्ठए अइरत्तिअएँ सव्वु सहेव्वउँ होइ ॥

મજીઠને પોતાની જન્મભૂમિમાંથી ઊખડી જવું પડે છે એટલે પરદેશ જવું પડે છે. અગ્નિના ભયંકર તાપમાં ઊકળવું પડે છે અને પછી ઘણ વડે કુટાવું પડે છે એટલે એના ઉપર ઘણના ઘા પડે છે એટલે એ અતિશય રક્ત—રાતી—એવી મજીઠને લોકમાં ખૂબ ખૂબ સહેવું પડે છે. તાત્પર્ય એ જણાય છે કે અતિશય રક્તે—અતિશય રાગવાળાએ—કેટકેટલું સહેવું પડે છે એ સમજવાનું છે.

सोएवा पर वारिआ पुप्फवईहिं समाणु ।
जग्गेवा पुणु को धरइ, जइ सो वेउ पमाणु ? ॥

જો તે વેદવચનને પ્રમાણરૂપ માનવામાં આવે તો તેમાં તો પુષ્પવતી—રજસ્વલા—ઓ સાથે સૂવાનું પણ વારેલ છે—નિષેધેલ છે. જો સૂવાનો નિષેધ હોય તો પછી જાગવાનું—સહશયન કરવા વગેરેનું—તો કોણ રાખે ? અર્થાત્ રજસ્વલા સાથે સુવાય નહીં તેમ જગાય પણ નહીં એવું વેદવચન છે.

## क्त्व इ-इउ-इवि-अवयः ॥८।४।४३९॥

સંબંધક ભૂતકૃદંતના क्त्वा પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં इ, इउ, इवि અને अवि પ્રત્યયો વપરાય છે.

इ—मृ—मार्+त्वा—मार्+इ—मारि મારીને

इउ—भञ्ज्+त्वा—भज्ज्+इउ—भज्जिउ—ભાંગીને કે ભાગીને

१. આ દોહા અંગે 'દોધકવૃત્તિ'માં જે સંદર્ભ સૂચવેલ છે તે આ પ્રમાણે છે—કોઈ સિદ્ધપુરુષે વિદ્યા સિદ્ધ કરવા સારુ કોઈ નાયિકાને ધન વગેરે આપીને તેણીની પાસે તેના ભરથારની માગણી કરતાં તે વિદ્યાસિદ્ધ પુરુષને નાયિકા જે કાંઈ કહે છે તે આ દોહામાં આ પ્રમાણે બતાવેલ છે—આ ધન વગેરે લઈને મારે પતિને તજી દેવાનો હોય તો મારું કાંઈપણ કર્તવ્ય નથી. માત્ર મને મરવાનું જ દેવામાં આવે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इवि-चुम्ब्+त्वा-चुम्ब्+इवि-चुम्बिवि-ચુંબન કરીને.

अवि-त्रुट छेदने-वि+त्रुट-वित्रुड+त्वा-विछोड+अवि-विछोडवि વછોડીને-છૂટા પડી જઈને-છોડી દઈને.

इ-

हिअडा ! जइ वेरिअ घणा तो किं अब्भि चडाहुँ ? ।
अम्हाहँ बे हत्थडा जइ पुणु मारि मराहुँ ॥

હે હૃદય ! જો ઘણા વેરીઓ છે તો શું આભમાં ચડી જઈએ-ભાગી જઈએ ? અમારે પણ બે હાથ છે, જો વળી મરવાનું આવે તો એમને એમ નહીં, પણ મારીને મરીએ.

इउ-

गय-घड भज्जिउ जंति । જુઓ ૮।૪।૩૯૫।।

रक्खइ सा विस-हारिणी बे कर चुम्बिवि जीउ ।
पडिबिम्बिअ-मुंजालु जलु जेहिं अडोहिउ पीउ ।।

ડહોળ્યા વિનાનું અને જે મુંજવાળું છે એટલે જેમાં મુંજ નામના ઘાસનું પ્રતિબિંબ પડેલ છે અર્થાત્ જે મુંજવાળું હોય તે 'મુંજાલ' કહેવાય એવું પાણી જે બે હાથીએ પીધું છે તે પોતાના બે હાથોનું ચુંબન કરીને તે પનીહારી જીવતી રહેલ છે. અહીં પાણીને 'મુંજાલ' વિશેષણ આપીને પનીહારી આડકતરી રીતે વિશેષ રાગને લીધે-મુંજાલ ઉપર વિશેષ સ્નેહ હોવાને લીધે 'મુંજાલ' નામની વ્યક્તિનું સ્મરણ કરતી જણાય છે અર્થાત્ મુંજાલ પ્રતિ અનુરાગવાળી કોઈ સ્ત્રી 'મુંજાલ' એવા વિશેષ નામની સાથે સમાનતા રાખનાર એટલે-'મુંજ' ઘાસ જેમાં ઉગેલ છે એવા મુંજવાળા-મુંજાલ-પાણી પીને જીવતી રહેલી છે.

बाह विछोडवि जाहि तुहुँ, हउँ तेवँइ, को दोसु ?
हिययट्ठिउ जइ नीसरहि. जाणउं मुंज! सरोसु ।।

તું મારી બાંય-મારો હાથ-વછોડીને જા તો જા, હું પણ તેમ કરું તેમાં શો દોષ-વાંધો ? જો તું મારા હૃદયમાંથી જ જા-ચાલ્યો જા-નીકળી જા-તો હે મુંજ ! તને ખરા અર્થમાં રોષવાળો જાણું-સમજું.

સંભવ છે કે માલવાના રાજા મુંજની લોકપ્રસિદ્ધ કોઈ હકીકત ઉપરના બન્ને પદ્યોમાં નોંધાયેલ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## एप्पि-एप्पिणु-एवि-एविणवः ॥८।४।४४०॥

સંબંધક ભૂતકૃદંતના क्त्वा પ્રત્યયને બદલે ઉપરના ૮।૪।૪૩૯ સૂત્રમાં અપભ્રંશ ભાષામાં જે પ્રત્યયો વાપરવાનું જણાવ્યું છે તે ઉપરાંત एप्पि, एप्पिणु, एवि અને एविणु પ્રત્યયો પણ અપભ્રંશ ભાષામાં વપરાય છે.

एप्पि–जि+त्वा–जि+एप्पि–जेप्पि–જીતીને

एप्पिणु–दा+त्वा–दा+एप्पिणु–देप्पिणु–દઈને–દેઈને

एवि–ला+त्वा–ला+एवि–लेवि -લઈને–લેઈને

एविणु–ध्या+त्वा–झा+एविणु–झाएविणु–ઝાઈને--ધ્યાન કરીને.

પ્ર૦–સૂત્રકારે ૪૩૯ અને ૪૪૦ એ બન્ને સૂત્રોનું "क्त्वः इ–इउ–इवि–अवि–एप्पि–एप्पिणु–एवि–एविणवः" એવું એક સૂત્ર કેમ ન કર્યું અને એ બે સૂત્રો જુદાં જુદાં શા માટે કર્યાં ?

ઉ૦–અપભ્રંશ ભાષામાં હેત્વર્થકૃદંતના तुम् પ્રત્યયને બદલે પણ एप्पि, एप्पिणु, एवि અને एविणु પ્રત્યયો વપરાય છે એટલે નીચેના સૂત્રમાં तुम् પ્રત્યયને બદલે વપરાનારા પ્રત્યયોનો નિર્દેશ કરેલ છે તે નિર્દેશ સાથે एप्पि, एप्पिणु, एवि અને एविणु પ્રત્યયોને પણ સમજવાના છે. આ સૂત્રને જુદું કરવામાં આવે તો જ આ ૪૪૦મા સૂત્રમાંથી આ ચારે एप्पि, एप्पिणु एवि અને एविणु પ્રત્યયોનું જ નીચેના ૪૪૧મા સૂત્રમાં અનુવર્તન થઈ શકે. ઉપર જણાવ્યા પ્રમાણે બે જુદાં જુદાં સૂત્રોને બદલે એક જ સૂત્ર કર્યું હોત તો નીચેના ૪૪૧મા સૂત્રમાં અહીં જણાવેલા માત્ર ચાર પ્રત્યયોનું જ અનુવર્તન કેવી રીતે થઈ શકત? ન જ થઈ શકત.

जेप्पि असेसु कसाय–बलु, देप्पिणु अभउ जयस्सु ।
लेवि महव्वय, सिवु लहहिं झाएविणु तत्तस्सु ॥

ક્રોધ વગેરે ચારે કષાયોના અશેષ બળને જીતીને, જગતને અભય દઈને એટલે પોતા તરફથી જગતને નિર્ભય બનાવીને તથા પાંચ મહાવ્રત લઈને અને તત્ત્વનું ધ્યાન કરીને મનુષ્યો શિવપદને મેળવે છે.

## तुमः एवं–अण–अणहं–अणहिं च ॥८।४।४४१॥

હેત્વર્થકૃદંતના तुम् પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં एवं, अण, अणहं અને अणहिं એ ચારમાંનો ગમે તે પ્રત્યય વપરાય છે તથા ઉપરના ૮।૪।૪૪૦મા સૂત્રમાં જણાવેલા एप्पि, एप्पिणु, एवि અને एविणु માંનો કોઈ ગમે તે પ્રત્યય પણ વપરાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે તુમ્ ને બદલે અહીં જણાવેલા આઠ પ્રત્યયોમાંનો ગમે તે એક પ્રત્યય અપભ્રંશ ભાષામાં વપરાય છે.

एवं–दा+तुम्+दा+एवं–देवं–દેવા માટે
अण–कर्+तुम्–कर+अण–करण–કરવા માટે
अणहं–भुञ्ज्+तुम्–भुंज+अणहं–भुंजणहं–ભોગવવા માટે કે ભોજન કરવા માટે
अणहिं–भुञ्ज+तुम्–भुञ्ज+अणहिं–भुंजणहिं– ,, ,,
एप्पि–जि+तुम्–जे+एप्पि–जेप्पि–જીતવા માટે
एप्पिणु–त्यज+तुम्–चय्+एप्पिणु–चयेप्पिणु–તજી દેવા માટે
एवि–पाल्+तुम्–पाल्+एवि–पालेवि–પાળવા માટે
एविणु–ला+तुम्–ला+एविणु–लाएविणु–लेविणु–લેવા માટે

देवं दुक्करु निअय–धणु, करण न तउ पडिहाइ ।
एवँइ सुहु भुंजणहँ मणु, पर भुंजणहिं न जाइ ॥

પોતાનું ધન બીજા કોઈને દેવાનું–દેવા માટે–દુષ્કર લાગે છે, તપ કરવાનું–કરવા માટે–ફાવતું નથી છતાં એમને એમ જ–કશું કર્યા વગર–સુખ ભોગવવાનું–ભોગવવા માટે–મન છે પરંતુ એ રીતે સુખ ભોગવવાનું–ભોગવવા માટે–બનતું નથી.

जेप्पि, चएप्पिणु सयल धर, लेविणु तवु पालेवि ।
विणु संतें तित्थेसरेण को सक्कइ भुवणे वि ? ॥

આખી પૃથ્વીને જિતવા માટેનું–જિતવાનું, જિતીને તે સામ્રાજ્યનો ત્યાગ કરવા માટેનું–ત્યાગ કરવાનું, તપને લેવા માટેનું–લેવાનું અને લીધેલ તપને પાળવા માટેનું–પાળવાનું, આ બધાં કાર્ય તીર્થેશ્વર–તીર્થંકર–**શ્રીશાંતિનાથ** ભગવાન વિના આખાય જગતમાં બીજો કોણ કરી શકે ?

## गमेः एप्पिणु–एप्प्योः एः लुग् वा ॥८।४।४४२॥

જ્યારે गम् ધાતુને અપભ્રંશ ભાષામાં વપરાતા एप्पिणु અને एप्पि એ બે પ્રત્યયો લાગે ત્યારે એ બન્ને પ્રત્યયોનો આદિનો ए કાર વિકલ્પે લોપ પામે છે. વળી, 'એ'કારનો લોપ થયા પછી गम्નું गं થવાથી અનુસ્વાર પછી આવેલા બેવડા प्पનું ઉચ્ચારણ સુકરપણે થઈ શકતુ નથી તેથી બેવડા प्पને બદલે એકવડો प પણ સમજવાનો છે. અથવા एप्पिणुના તથા एप्पिના બેવડા प्पનો વિકલ્પે એકવડો प થઈ જાય છે, એમ સમજવું. જો કે એવું વિધાન સૂત્રમાં નથી બતાવ્યું પણ गंप्पिणु તથા गंपिणु અને गंप्पि તથા गंपि એવા તેના પ્રયોગો ઉપરથી ઉપર કહેલ હકીકત સમજી શકાય છે.

एप्पिणु–
गम्+एप्पिणु–गम्+पिणु–गंपिणु–જઈને–અથવા જવા માટે
,, एप्पिणु–गमेप्पिणु ,, ,,

एप्पि–

गम्+एप्पि–गम्+पि–गंपि–જઈને

„ –गमेप्पि

गंपिणु वाणारसिहिं नर अह उज्जेणिहिं गंपि ।

मुआ परावहिं परम–पउ दिव्वंतरइँ म जंपि ।।

વરુણા અને અસિ એ બે નદીઓનો જ્યાં સંગમ થાય છે તેવી વારાણસીમાં–કાશીમાં–જઈને જે માણસો મુઆ અને જેઓ જ્યાં મહાકાળનું પ્રખ્યાત મંદિર છે એવી ઉજ્જૈની નગરીમાં જઈને મુઆ તેઓ પરમપદને પામે છે. બીજાં દિવ્યોની–એટલે બીજાં દેવસ્થાનોની–બીજાં તીર્થોની–વાત 'न' બોલ–'न' કહે.

एप्पिणु અને एप्पि નો ए કાર લોપ ન પામે ત્યારે गमेप्पिणु અને गमेप्पि નો પ્રયોગ થાય છે, જેમકે—

गम्+एप्पिणु–गमेप्पिणु–જઈને–અથવા જવા માટે

गम्+एप्पि–गमेप्पि– „

गंग गमेप्पिणु जो मुअइ जो सिवतित्थु गमेप्पि ।

कोलदि तिदसावासगउ सो जमलोउ जिणेप्पि ।।

જે ગંગાકાંઠે જઈને મરે છે તથા જે શિવતીર્થમાં એટલે બદરીમાં કે કેદારમાં જઈને મરે છે તે યમલોકને–મરણને–જિતીને દેવના આવાસમાં–સ્વર્ગમાં–ગયેલો લહેર કરે છે.

## तृनः अणअः ।।८।४।४४३।।

સંસ્કૃત વ્યાકરણમાં ૫।૨।૨૭ સૂત્ર દ્વારા શીલ, ધર્મ અને સાધુ અર્થોમાં વિહિત કરેલ એવા અને 'कर्ता' અર્થના સૂચક तृन् પ્રત્યયને બદલે અપભ્રંશ ભાષામાં अणअ પ્રત્યય વપરાય છે.

मार्+तृ–मार्+अणअ–मारणअ+उ–मारणउ–મારકણો

ब्रू+तृ–बोल्ल्+अणअ–बोल्लणअ+उ–बोल्लणउ–બોલકણો

वद्+तृ–वज्ज्+अणअ–वज्जणअ+उ–वज्जणउ–વાજકણો–વાજવાના–વાગવાના–સ્વભાવવાળો

भस्+तृ–भस्+अणअ–भसणअ+उ–भसणउ–ભસકણો–ભસવાના સ્વભાવવાળો

हत्थि मारणउ–હાથી મારકણો

लोउ बोल्लणउ–લોક બોલકણો

पडहु वज्जणउ–પટહ–પડો–ઢોલ–વાજવાના–વાગવાના–સ્વભાવવાળો

सुणउ भसणउ–શુનક–કૂતરો–ભસવાના સ્વભાવવાળો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'इव' अर्थे नं–नउ–नाइ–नावइ–जणि–जणवः ॥८।४।४४४॥

इव અવ્યયનો અર્થ સૂચવવા માટે અપભ્રંશ ભાષામાં नं, नउ, नाइ, नावइ, जणि અને जणु એ છમાંનું કોઈ પણ એક અવ્યય વાપરી શકાય.

नं–नं–જાણે કે, પેઠે नं [1]नवजलहर० નવા મેઘની પેઠે

नउ–नउ– ,,

नाइ–नाइ ,,

नावइ–नावइ–,,

जणि–जणि– ,,

जणु–जणु ,,

नं–

नं मल्ल–जुज्झु ससि–राहु करहिं જુઓ, ८।४।३८२।।

नउ–

रवि–अत्थमणि समाउलेण कंठि विइण्णु, न छिण्णु ।
चक्कें खंडु मुणालिअहे नउ जीवग्गलु दिण्णु ॥

સૂર્ય આથમતાં વ્યાકુલ થયેલા ચક્રવાકે મૃણાલિકાનો એક ટુકડો કંઠમાં–ગળામાં–મૂક્યો પણ તોડ્યો નહીં. જાણે કે જીવ નીકળી ન જાય માટે જીવની આડે આગળિયો ન દીધો હોય ?

સરખાવો दिण्ण–दिना–દીધેલ

नाइ–

वलयावलि–निवडण–भएण धण उद्धब्भुअ जाइ ।
वल्लह–विरह–महादहहो थाह गवेसइ नाइ ॥

વલ્લભના–વહાલાના–વિરહને લીધે દૂબળી થઈ જવાથી પાતળા પડી ગયેલા હાથવાળી કોઈ સ્ત્રી પોતાનાં બલોયાં નીચે પડી જવાની બીકને લીધે બન્ને હાથ ઊંચા રાખીને ચાલી જાય છે. જાણે કે એ સ્ત્રી પોતાના પ્રિયનો વિરહરૂપ મોટો ધરો કેટલો ઊંડો છે તેનો તાગ શોધતી ન હોય ?

---

૧. આ સંપૂર્ણ વાક્ય આ પ્રમાણે છે—नं नवजलहरतडिल्लयलंछिउ–"मानो के बिजली की चमकसहित नया मेघ हो" આ વિશેષણ શ્રીપાર્શ્વનાથ નામના ત્રેવીશમા તીર્થંકર માટે વપરાયેલ છે. ડી. લિટ્ એટલે विद्यावारिधि स्व. पंडित श्री सुखलालजी સંપાદિત हिंदी अनुवाद सहित पंचप्रतिक्रमण सूत्र—પૃ. ૧૫૦ गाथा २.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नावइ–

पेक्खेविणु मुहु जिणवरहो दीहर–नयण–सलोणु ।
नावइ गुरु–मच्छर–भरिउ जलणि पवीसइ लोणु ॥

જિન ભગવાનની આરતી કર્યા પછી લવણ–નમક–ને દેવતામાં નાખવામાં આવે છે. આ જાતની રીત જોઈને કોઈ કવિ નીચે જણાવેલ કલ્પના કરે છે.—

શ્રીજિન ભગવાનનું મુખ લાંબા નયનવાળું અને લાવણ્યથી ભરપૂર જોઈને ભારે મત્સરથી–ઈર્ષ્યાથી–ભરેલું લવણ–મીઠું–નમક-જાણે કે અગ્નિમાં પ્રવેશ કરતું ન હોય ?

जणि–

चंपय–कुसुमहो मज्झि सहि ! भसलु पइट्ठउ ।
सोहइ इंदणीलु जणि कणइ बइट्ठउ ॥

હે સખી! જાણે કે નીલમ રત્ન સોનાની વચ્ચે બેઠેલું હોય એટલે સોનાના ઘરેણામાં નંગરૂપે વચ્ચે જડેલું હોય એમ ચંપાના ફૂલની વચ્ચે પેઠેલો ભમરો શોભે છે. સોનું પીળું છે અને ઇંદ્રનીલ–નીલમ રત્ન–નો હીરો નીલો–કાળો–છે તેમ અહીં ચંપાનું ફૂલ પીળું છે અને ભમરો કાળો છે. એ રીતે સરખામણી કરેલ જણાય છે.

जणु–

निरुवम-रसु पिएँ पिअवि जणु । ૮।૪।૪૦૧।

## लिङ्गम् अतन्त्रम् ॥८।४।४४५॥

સંસ્કૃત ભાષામાં અને પ્રાકૃત ભાષામાં પણ નામના લિંગને લગતા અમુક અમુક નિયમો છે તેવા કોઈ નિયમો અપભ્રંશ ભાષામાં ચોક્કસ નથી અર્થાત્ લિંગની બાબત અપભ્રંશ ભાષામાં કોઈ ચોક્કસ તંત્ર નથી.

गय कुंभ વાક્યમાં गय શબ્દ ષષ્ઠી વિભક્તિવાળો છે પણ તેની તે વિભક્તિ લોપ પામેલ છે અને कुंभ શબ્દ સંસ્કૃત–પ્રાકૃત ભાષામા પુંલિંગમાં છે તેથી તેનું कुंभे રૂપ થવાને બદલે અપભ્રંશ ભાષામાં गय कुंभइँ दारंतु એ રીતે कुंभ શબ્દ નપુંસકલિંગમાં વપરાયો છે.

अभ्र–अब्भ–શબ્દ નપુંસકલિંગમાં વપરાય છે ત્યારે અપભ્રંશ ભાષામાં તે अब्भ શબ્દ अब्भाइं ને બદલે अब्भा એ રીતે નરજાતિમાં વપરાયો છે.

अन्त्र–अन्त्र+डी–अन्त्रडी–આંતરડું–એ વાક્યનો अन्त्र શબ્દ નપુંસકલિંગમાં છે પણ અપભ્રંશ ભાષામાં તે अंत्रे એમ વપરાવાને બદલે अंत्रडी એમ નારીજાતિમાં વપરાયો છે.

શાખાવાચક डाल શબ્દ નારીજાતિમાં डाला એમ વપરાય છે પણ તે શબ્દ અપભ્રંશ ભાષામાં डालइं એમ નપુંસકલિંગમાં વપરાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गय कुंभइँ दारंतु । જુઓ, ૮।૪।૩૪૫।

अब्भा लग्गा डुंगरेहिं पहिउ रडंतउ जाइ ।

जो एहा गिरि–गिलण–मणु सो किं धणहे धणाइ ? ॥

વાદળાં, ડુંગરો સાથે લાગેલાં છે એટલે વાદળાં અને ડુંગરો પાસે પાસે આવી ગયાં છે. અને પ્રવાસી રડતો જાય છે. આવાં જે વાદળો, ડુંગરોને ગળી જવાની મનોવૃત્તિવાળાં છે તે શું ધણ–ધણિયાણી–સ્ત્રી માટે ધનની જેવું આચરણ કરે ખરાં ? અર્થાત્ જેમ ધન સ્ત્રીનું રક્ષણ કરે છે તેમ આ વાદળાં શું સ્ત્રીની રક્ષા કરે ખરાં ?

અહીં ધન શબ્દ ઉપરથી બનેલું પ્રસ્તુત धणाइ ક્રિયાપદ વપરાયેલ છે. એનું સંસ્કૃત રૂપાંતર धनायते થાય છે.

पाइ विलग्गी अंत्रडी सिरु ल्हसिउ खंधस्सु ।

तो वि कटारइ हत्थडउ वलिकिज्जउँ कंतस्सु ॥

પગે આંતરડાં વળગ્યાં છે–વીંટળાઈ ગયાં છે, માથું ખભા ઉપર ઢળી પડ્યું છે, તો પણ મારા કંથનો હાથ કટારી ઉપર છે. એવા કંથ ઉપર મારી જાતને ઓળઘોળ કરી દઉં છું–એવા કંથ ઉપર વારી જાઉં છું–એવા કંથને માટે મરવા તૈયાર છું.

सिरि चडिआ खंति प्फलइँ पुणु डालइँ मोडंति ।

तो वि महद्दुम सउणाहँ अवराहिउ न करंति ॥

મોટાં મોટાં વૃક્ષોનાં શિર–ટોચ–ઉપર ચડેલાં પક્ષીઓ ફળોને ખાય છે અને વળી, વૃક્ષોની ડાળોને મરડી નાખે છે–વાંકી કરી નાખે છે છતાં તે મહાદ્રુમો–મોટાં વૃક્ષો-પક્ષીઓનો અપરાધ કરતા નથી એટલે પક્ષીઓને કોઈ તકલીફ આપતા નથી. તાત્પર્ય એ છે કે પક્ષીઓ ફળો ખાઈને અને ડાળોને વાંકી કરીને વૃક્ષોનો તો અપરાધ કરે છે પણ તે મહાદ્રુમો પક્ષીઓએ કરેલ અપરાધને બદલે સામો અપરાધ કરતા નથી.

## शौरसेनीवत् ॥८।४।४४६॥

અપભ્રંશ ભાષામાં ઘણુંખરું પરિવર્તન શૌરસેનીના પરિવર્તનની પેઠે પ્રાયઃ થાય છે.

त નો द–विणिम्मवितु ને બદલે विणिम्मविदु વિનિર્મિત કર્યું–બનાવ્યું

,, –कितु ને બદલે किदु કરેલું

,, रतिए ને બદલે रदिए રતિએ

,, विहितु ને બદલે विहिदु કરેલું

શૌરસેની ભાષામાં અસંયુક્ત त નો द થાય છે તેમ ઉપરના બધા શબ્દોમાં त નો द થયેલ છે. જુઓ સૂત્ર ૮।૪।૨૬૦।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सीसि सेहरु खणु विणिम्मविदु
खणु कंठि पालंबु किदु रदिए विहिदु खणु मुंडमालिए ।
जं पणएण तं नमहु कुसुम-दाम-कोदंडु कामहो ॥

કામદેવના-કુસુમાયુધના-ફૂલમાલારૂપ અથવા ફૂલમાલા સહિત કોદંડને-ધનુષને-કામદેવની સ્ત્રી રતિએ સ્નેહપૂર્વક ક્ષણમાં માથા ઉપર છોગારૂપે ધારેલ છે, ક્ષણમાં કંઠ ઉપર-ગળામાં-પ્રાલંબ-ઝૂમણા-રૂપે પહેરેલ છે અને ક્ષણમાં મુંડમાલિકારૂપે ધારણ કરેલ છે એવા કામદેવના ફૂલમાલારૂપ તે કોદંડને-ધનુષને નમો-નમસ્કાર કરો.

## व्यत्ययः च ॥८।४।४४७॥

આ આઠમા અધ્યાયમાં પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી તથા અપભ્રંશ એ બધી ભાષાઓમાં જે જે વિધાનો કરેલાં છે તેમાં વ્યત્યય-ઊલટાસૂલટું—પણ થઈ જાય છે—જે વિધાન પ્રાકૃતમાં કરેલ છે તે શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશમાં પણ થાય છે. તથા જે વિધાન માગધીમાં કરેલ છે તે પ્રાકૃત, શૌરસેની અને પૈશાચીમાં પણ થઈ જાય છે. જેમકે—

૧. માગધી ભાષામાં तिष्ठ ને બદલે चिष्ठ ૮।૪।૨૯૮।। વાપરવાનું વિધાન કરેલું છે તે વિધાન પ્રાકૃતમાં, શૌરસેનીમાં અને પૈશાચીમાં પણ થાય છે. એટલે चिष्ठदि-ઊભો રહે છે-રૂપનો પ્રયોગ પ્રાકૃતમાં, શૌરસેનીમાં તથા પૈશાચીમાં એમ ત્રણે ભાષાઓમાં પણ થઈ શકે છે.

૨. क्र, स्र વગેરે જેવા સંયુક્ત અક્ષરોમાં જ્યાં રેફ પાછળ આવે છે તેનો વિકલ્પે લોપ કરવાનું વિધાન ।૮।૪।૩૯૮।। અપભ્રંશ ભાષામાં કરેલું છે ને માગધી ભાષામાં પણ થઈ શકે છે. જેમકે; માગધી ભાષામાં सहस्स ને બદલે 'र' કારવાળું शहश्र રૂપ વપરાયેલ છે: સં. सहस्र પ્રા૦ सहस्स મા૦ शहश्र

૩. માત્ર ભિન્ન ભાષાઓના સ્વરોનાં કે વ્યંજનોનાં રૂપાંતરોની બાબત પરસ્પર પરિવર્તનો થઈ જાય છે એટલું જ નહીં પણ ક્રિયાપદના પ્રત્યયોના જે આદેશો જે કાળમાં બતાવેલા છે તે આદેશો બતાવેલા કાળ સિવાય બીજા કાળમાં પણ વપરાય છે. એ પણ એ પ્રકારનું ઊલટસૂલટ પરિવર્તન જ છે. એટલે જે આદેશો વર્તમાનકાળમાં બતાવેલ છે તેમનો પ્રયોગ ભૂતકાળમાં પણ થઈ જાય છે અને ભૂતકાળમાં બતાવેલ આદેશો હોય તેમનો પ્રયોગ વર્તમાનકાળમાં પણ થઈ જાય છે:

૧. વર્તમાનનો ભૂત-

पेच्छइ તથા आभासइ ક્રિયાપદને લાગેલ વર્તમાનકાળનો સૂચક 'इ' ભૂતકાળનો અર્થ બતાવે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रा० पेच्छइ–'જુએ છે'–અર્થને બદલે 'જોયું' એવો ભૂતકાળનો અર્થ.

प्रा० आभासइ–'બોલે છે'–અર્થને બદલે 'બોલ્યો' એવો ભૂતકાળનો અર્થ.

૨. ભૂતકાળનો વર્તમાન—

सोहीअ ક્રિયાપદને લાગેલો ભૂતકાળસૂચક 'हीअ' પ્રત્યય વર્તમાનકાળને બતાવે છે.

प्रा० सोहीअ–'સાંભળ્યું'–ને બદલે 'સાંભળે છે' એવો વર્તમાનકાળનો અર્થ.

૩ અપભ્રંશ ભાષામાં પ્રચલિત સંયુક્ત 'ર' નો માગધીમાં પણ પ્રયોગ.

शद–माणुश–मंश–भालके कुंभ–शहश्र–वशाहे शंचिदे

शत–मानुष–मांस–भारकः कुम्भ–सहस्र–वसाया: संचितः

સેંકડો મનુષ્યોના માંસથી ભારે થયેલો–માંસથી ભરેલો, ચરબીના સહસ્ર કુંભના–હજાર ઘડાના–સંચયવાળો.

અપભ્રંશના ૮।૪।૩૯૮ના નિયમ દ્વારા સધાયેલ 'ર'કારવાળું शहश्र રૂપ માગધી ભાષાના આ વાક્યમાં વપરાયેલ છે.

૪ કાળ પરિવર્તનનાં ઉદાહરણો—

अह पेच्छइ रहुतणओ । अथ प्रेक्षांचक्रे रघुतनयः

'રઘુતનયે–રામે–જોયું'–અહીં पेच्छइ વર્તમાનકાળ છે પણ તેનો અર્થ પરોક્ષ ભૂતકાળનો 'જોયું' એવો સમજવો.

आभासइ रयणीअरे । आबभाषे रजनीचरान्

રાક્ષસોને કહ્યું.–અહીં आभासइ એ વર્તમાન કાળનો પ્રયોગ છે છતાં તેનો અર્થ અહીં 'કહ્યું' એમ પરોક્ષ ભૂતકાળનો સમજવો.

सोहीअ एस वंठो । शृणोति एषः वण्ठः

આ વંઠ–વાંઢો–સાંભળે છે–અહીં सो–श्रु–ધાતુ પછી લાગેલો हीअ પ્રત્યય ભૂતકાળનો છે છતાં તેનો અર્થ વર્તમાનકાળરૂપે સમજવાનો છે.

## शेषं संस्कृतवत् सिद्धम् ॥८।४।४४८॥

પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશ ભાષાના સંબંધમાં જે કંઈ વિધાન કરવાનું બાકી રહી ગયું હોય તે બધું, સંસ્કૃત ભાષાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેઠે જાણવું એટલે સાત અધ્યાયોમાં બતાવેલા સંસ્કૃત વ્યાકરણમાં કરેલાં વિધાનોની પેઠે સમજવું.

૧. સંસ્કૃત ભાષામાં ચતુર્થીના એકવચનનો આય આદેશ બતાવેલો છે તેનું વિધાન પ્રાકૃત વગેરે ભાષાઓના વ્યાકરણમાં કરેલ નથી છતાં તે આય આદેશને પ્રાકૃત વગેરે ભાષાઓમાં પણ સમજી લેવો. જેમકે निवारण શબ્દનું निवारणाय એવું ચતુર્થીના એકવચનનું રૂપ પ્રાકૃત વગેરે ભાષાઓમાં પણ સમજવું.

૨. વળી, નામનાં અથવા ક્રિયાપદનાં જે રૂપો સંસ્કૃતમાં વપરાય છે તેવાં જ રૂપોમાં થોડોક ફેરફાર કરીને તૈયાર થયેલાં રૂપો પણ પ્રાકૃત ભાષામાં વપરાય છે.

નામરૂપો—

उरस् નામનાં उरम्मि અને उरे એવાં બે રૂપો કરવાનું વિધાન પ્રાકૃતમાં છે. તો તે ઉપરાંત उरसि એવું ત્રીજું રૂપ પણ સંસ્કૃતની જેવું જ પ્રાકૃતમાં પણ સમજી લેવું. એ જ રીતે सिर—शिरस्—નામનાં તૃતીયા એકવચન सिरसा તથા સપ્તમી એકવચન सिरे, सिरम्मि, सिरसि તથા सर—सरस्—શબ્દનાં सरे, सरम्मि, सरसि એવાં ત્રણ ત્રણ રૂપો પણ પ્રાકૃતમાં સમજી લેવાં.

અનુવાદકે ઉમેરેલું—

નામરૂપો—

૩. સંસ્કૃતમાં कर्मणा એવું તૃતીયાંત રૂપ થાય છે. તેની જેવું જ આર્ષ પ્રાકૃતમાં कम्मुणा રૂપ પણ સમજી લેવું. પાલિભાષામાં कम्मना તથા कम्मुना એવાં બે રૂપો થાય છે.

ક્રિયાપદરૂપો—

સં० अब्रवीत् आर्ष प्रा० अब्बवी । સં० अवोचत् आर्ष प्रा० अवोच । સં० आसीत् प्रा० आसी અથવા आसि । આ રીતે સંસ્કૃતની જેવાં અહીં જણાવેલાં ક્રિયાપદો પણ અંતના त्‌નો લોપ કરવાથી आर्ष પ્રાકૃતમાં વપરાયેલાં છે.

બીજા પણ સંસ્કૃતની જેવા આવા કેટલાક પ્રયોગો થાય છે તે આ રીતે જ સમજી લેવા.

हेट्ठ–ट्ठिय–सूर–निवारणाय छत्तं अहो इव वहंती ।
जयइ ससेसा वराह–सास–दूरुक्खया पुहवी ॥

નીચે રહેલા સૂર્યના તાપના નિવારણ માટે જાણે કે નીચે છત્રને વહન કરતી હોય એવી લાગતી તથા વરાહના જોરદાર શ્વાસના ફૂંફાડાથી પેદા થયેલ પવનને લીધે દૂર સુધી ઊંચી ફેંકાયેલી એવી શેષસહિત—શેષનાગસહિત—પૃથ્વી જયવંતી વર્તે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રમાં મૂકેલ सिद्ध શબ્દ મંગળનો સૂચક છે.

તે મંગળને લીધે શ્રોતાઓનું એટલે આ ગ્રંથને સાંભળનારાઓનું તથા ભણનારાઓનું તથા વાંચનારાઓનુ દીર્ઘ આયુષ્ય થાઓ તથા તેમનો અભ્યુદય થાઓ એ રીતે ગ્રંથકાર શ્રીહેમચંદ્રસૂરિ આશીર્વાદનું સૂચન કરે છે.

इति आचार्यश्रीहेमचन्द्रसूरिविरचितायां सिद्धहेमचन्द्राभिधानस्वोपज्ञ–शब्दानुशासनलघुवृत्तौ अष्टमस्य अध्यायस्य चतुर्थः पादः समाप्तः ।

तत्समाप्तौ च समाप्तः अष्टमः अध्यायः ।

समाप्तम् च प्राकृतभाषाप्रभृतिअपभ्रंशभाषापर्यन्तानाम्

षण्णां भाषाणां व्याकरणम् ।

**એ પ્રમાણે આચાર્ય શ્રી હેમચંદ્રે પોતે બનાવેલ 'सिद्धहेमचंद्र' નામના શબ્દાનુશાસનની પોતે જ બનાવેલ प्रकाशिका નામની વૃત્તિના આઠમા અધ્યાયનો ચોથો પાદ પૂરો થયો. તેની સમાપ્તિ સાથે આઠમો અધ્યાય પૂરો થયો. અને સાથે જ પ્રાકૃત વગેરે અપભ્રંશ સુધીની છએ ભાષાઓનું વ્યાકરણ પૂરું થયું. તથા પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ ગુજરાતી ભાષામાં કરેલો સમગ્ર આઠમા અધ્યાયનો સવિવેચન અનુવાદ પણ સમાપ્ત થયો.**

। कल्याणम् मङ्गलम् शिवम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्रन्थकारकृता प्रशस्तिः

आसीद् विशां पतिरमुद्रचतुःसमुद्र-
मुद्राङ्कितक्षितिभरक्षमबाहुदण्डः ।
**श्रीमूलराज** इति दुर्धरवैरिकुम्भि-
कण्ठीरवः शुचि**चुलुक्य**कुलावतंसः ॥१

तस्यान्वये समजनि प्रबलप्रताप-
तिग्मद्युतिः क्षितिपति**र्जयसिंहदेवः** ।
येन स्ववंशसवितर्यपरं सुधांशौ
**श्रीसिद्धराज** इति नाम निजं व्यलेखि ॥२

सम्यग् निषेव्य चतुरश्चतुरोऽप्युपायान्
जित्वोपभुज्य च भुवं चतुरब्धिकाञ्चीम् ।
विद्याचतुष्टयविनीतमतिर्जितात्मा
काष्ठामवाप पुरुषार्थचतुष्टये यः ॥३

तेनातिविस्तृतदुरागमविप्रकीर्ण-
शब्दानुशासनसमूहकदर्थितेन ।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त
शब्दानुशासनमिदं **मुनिहेमचन्द्रः** ॥४

પ્રથમ શ્લોકમાં આચાર્યે સોલંકી વંશના મૂળપુરુષ રાજા **મૂલરાજ**ની જે વર્ણન કરેલ છે તે આ પ્રમાણે છે :

રાજા **મૂળરાજ** એ નામનો નૃપતિ હતો, મૂળરાજનો બાહુદંડ ચાર[1] સમુદ્રોથી

---

૧. ભારતવર્ષની ત્રણ બાજુ સમુદ્ર છે અને ઉત્તરની બાજુ હિમાલય છે. ધારો કે રાજા મૂલરાજ ભારતની સમસ્ત પૃથ્વીનો રાજા હોય તો પણ ભારતવર્ષની પૃથ્વી કદી પણ ચાર સમુદ્રો વડે વીંટાયેલી ન હતી એ તો પ્રત્યક્ષ વાત છે એટલે જેમ કવિઓએ સમૂળગા ન હોવા છતાં ચાર દિગ્ગજો કલ્પેલા છે તેમ આચાર્યશ્રીએ આ ચાર સમુદ્રોની પણ રોચક કલ્પના કરેલી જણાય છે. આચાર્યશ્રીના નિવાસનાં મુખ્ય સ્થાનોમાં પાટણ અને ખંભાત પ્રધાનરૂપે છે. બાકી તેઓ શત્રુંજયની યાત્રાએ ગયા હોય તો વલભીપુર પણ તેમણે જોયું જ હોય અને ધંધુકા તો તેમની જન્મભૂમિ ગણાય છે. આચાર્યનાં વિહારસ્થાનો તથા નિવાસસ્થાનો વિશેષ સુપ્રસિદ્ધ છે. તેમાં વસનારા આ આચાર્યશ્રીએ ચાર સમુદ્રોની જે કલ્પના કરેલ છે તે વિશેષ ચમત્કાર પેદા કરે તેવી નથી લાગતી ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંકિત સમસ્ત પૃથ્વીના ભારને વહેવા માટે સમર્થ હતો, જે મૂળરાજ પોતાના મહાબળવાન અને જેઓ કોઈથી પણ દબાઈ ન શકે એવા શત્રુઓના હાથીઓનો નાશ કરવામાં સિંહ સમાન હતો અથવા શત્રુરૂપ હાથીઓનો નાશ કરવા માટે સિંહ જેવો હતો તથા જે મૂળરાજ પવિત્ર એવા ચુલુકય કુળમાં શિખરરૂપ હતો. (૧)

તે મૂળરાજના વંશમાં **જયસિંહદેવ** નામનો પૃથ્વીપતિ થયેલ છે. તે જયસિંહદેવનો પ્રબળ પ્રતાપ, સૂર્ય સમાન હતો. તથા પોતાના વંશના ઉત્પાદક પૂર્વ પુરુષોરૂપ ચંદ્રમાના ફલક ઉપર જે જયસિંહદેવે 'પોતાનું બીજું નામ **સિદ્ધરાજ** છે' એમ લખી રાખેલું. (૨)

આ ચતુર એવા સિદ્ધરાજ જયસિંહ નરેશ્વરે, ધર્મ અર્થ કામ અને વિદ્યા અથવા મોક્ષરૂપ ચારે ઉપાયોને એટલે ચારે પુરુષાર્થોને સારી રીતે સેવીને તથા જેની ફરતો ચાર સમુદ્રોરૂપ કંદોરો છે એવી સમગ્ર પૃથ્વીને જીતીને તથા તેનો ઉપભોગ કરીને તથા ચારે વિદ્યા દ્વારા જેણે પોતાની બુદ્ધિને કેળવેલ છે તથા જે રાજા સિદ્ધરાજે પોતાના આત્મા ઉપર પણ જય મેળવેલ છે એવા એ સિદ્ધરાજે ચારે પુરુષાર્થની સાધનામાં પરાકાષ્ઠા મેળવેલ છે એટલે સર્વોત્કૃષ્ટતા પ્રાપ્ત કરેલી છે. (૩)

રાજા સિદ્ધરાજના વખતમાં રાજ્યાશ્રિત પાઠશાળાઓમાં સંસ્કૃત તથા પ્રાકૃત વગેરે ભાષાઓને ભણતા વિદ્યાર્થીઓ માટે ભણવાનાં જુદાં જુદાં વ્યાકરણો તો ઘણાં હતાં, પણ તેમાંનાં કેટલાંક તો ઘણાં લાંબાં લાંબાં હતાં, વિદ્યાર્થીઓને માટે ભારે દુર્બોધ હતાં, કેટલાંક પરચૂરણિયાં જેવાં હતાં એટલે વ્યાકરણવિષયક બોધને બરાબર ચર્ચનારાં એટલે આપનારાં ન હતાં એટલે તેવાં વ્યાકરણોને ભણનારા વિદ્યાર્થી વ્યાકરણનું પૂરું જ્ઞાન મેળવી ન શકતા. આવી પરિસ્થિતિમાં સિદ્ધરાજે સ્થાપેલ પાઠશાળાઓમાં ભણનારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ 'પોતાને માટે સંસ્કૃત તથા પ્રાકૃત, શૌરસેની વગેરે ભાષાઓને શીખવા કે શીખવવા સારુ કોઈ સારું વ્યાકરણ ઉપલબ્ધ નથી અને જે છે તે દુર્બોધ છે તથા ઘણાં લાંબાં લાંબાં છે, કોઈમાં વ્યાકરણની પૂરી માહિતી જ હોતી નથી' ઇત્યાદિરૂપે વ્યાકરણ સંબંધી અનેક ફરિયાદો કરવા લાગ્યા તથા એમ પણ કહેવા લાગ્યા કે 'મહારાજ ! આપણી પાઠશાળાઓમાં અમે જે જુદાં જુદાં સંસ્કૃત વગેરે ભાષાનાં વ્યાકરણો ભણીએ છીએ તે વ્યાકરણો દુર્બોધ છે, ઘણાં લાંબાં છે, કેટલાંકમાં વ્યાકરણનો વિષય પૂરો આપેલ નથી અને કેટલાંકમાં કોઈ જાતનો ક્રમ નથી.' આવી પરિસ્થિતિમાં અમે આપે સ્થાપેલ પાઠશાળાઓમાં સંસ્કૃત વગેરે ભાષાઓને શીઘ્ર અને સુબોધ થાય એ રીતે શી રીતે શીખી શકીએ ? એટલે અમને ભણવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ઉત્તમ વ્યાકરણનાં પુસ્તકો મળતાં નથી. આ હકીકત સાંભળીને તથા વિદ્યાર્થીઓની તકલીફોને ધ્યાનમાં લઈને રાજા સિદ્ધરાજ જયસિંહદેવ વિશેષ ખેદ પામ્યા. અને એ દુઃખરૂપ વાતની પોતાના મિત્રરૂપ આચાર્ય હેમચંદ્રને જાણ કરી અને વિનંતિ કરી કે 'આપ એવું કોઈ સરળ રીતવાળું અને ક્રમબદ્ધ તથા બહુ લાંબું નહીં કે બહુ ટૂંકું નહીં અને જેમાં છએ ભાષાનાં વ્યાકરણોનો વિષય બરાબર સમાઈ જાય અને આપણા દેશની પાઠશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને ભણવાનું સુગમ સાધન મળી જાય એ રીતે એક વ્યાકરણ તૈયાર કરી આપો તો મને ( સિદ્ધરાજને ) ઘણો આનંદ થશે.'

આ જાતની રાજાએ વારંવાર વિનંતિ કરી તેથી આચાર્ય શ્રી હેમચંદ્રે બરાબર વિધિપૂર્વક આ શબ્દાનુશાસન બનાવેલ છે અર્થાત્ સંસ્કૃતના સાત અધ્યાય સહિત પ્રાકૃત વગેરે ભાષાઓના આઠમા અધ્યાયવાળું આ, છએ ભાષાનું વ્યાકરણ શ્રી હેમચંદ્રસૂરિએ બનાવેલ છે. (૪)

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિદ્ધહેમ શબ્દાનુશાસન (લઘુવૃત્તિ) ખંડ ૩
## ના
## પરિચય

આ ખંડ ૩માં આઠમા અધ્યાયનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં પ્રાકૃત વ્યાકરણની ચર્ચા છે. તેમાં પ્રથમ ત્રણ પાદમાં શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી તથા અપભ્રંશ ભાષાનું વ્યાકરણ છે અને ચોથા પાદમાં પણ અપભ્રંશ ભાષાનું વ્યાકરણ છે. તે વર્તમાન કાળની ગુજરાતી, હિંદી, મરાઠી, બંગાળી વગેરે ભાષાના ઇતિહાસ વિશે વિશેષ પ્રકાશ નાંખે છે. અપભ્રંશના વ્યાકરણમાં ગ્રંથકારે પોતાના સમયમાં પ્રચલિત ભાષાનાં ઘણાં પદ્યો ઉદાહરણરૂપે આપેલાં છે તેથી આ ભાષાના સ્વરૂપનો વિશદ ખ્યાલ આવે છે.

અનુવાદમાં દરેક ઉદાહરણની પૂર્વાવસ્થા, સાધ્યાવસ્થા અને પછી સિદ્ધ ઉદાહરણ અર્થ સાથે આપવા ગોઠવણ કરેલ છે અને યથાસ્થાન જરૂરી સ્પષ્ટતા અપાયેલ છે.

## સિદ્ધહેમ શબ્દાનુશાસન (લઘુવૃત્તિ) ખંડ ૩

રૂ. ૨૫–૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org